॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥



અ.મૂ. સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ

સ્વામીની વાતો



:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ "ભક્તિનગર" કંડારી



આશીર્વચન

ભગવાન શ્રી સ્વામિનારાયણે યાવચ્ચંદ્રદિવાકરૌ આત્યંતિક કલ્યાણના માર્ગરૂપ આ પડંગી સમ્પ્રદાય પ્રવર્તાવ્યો...આ પડંગી સતુસંગબાગના માળીનું કામસંતોને સોંપ્યું. સંતોએ ક્ષુધા-પિપાસા માનાપમાનની પરવા કર્યા વિના સતત આ સત્સંગને કથાવાર્તા દ્વારા પોષણ આપ્યું. સાક્ષાદનુભૂતિના અર્કથી ભીંજાયેલા તેમના શબ્દો સાંભળનારાના હૃદયને પરિવર્તિત કરી શકતા.. એમાં પણ સ્વામીની વાતો એક એવી આધારશીલા છે જેના પર સર્વોપરી ઉપાસનાની ઈમારત ઉભી થઈ છે. સ્વામીએ સમગ્ર સોરઠને સર્વોપરી ઉપાસનાનું અમૃત પાયુ .નિઃસંદેહ આ વાતો આશ્ચર્યજનક છે. સમગ્ર સત્સંગમાં સર્વોપરીપણાનો ધ્વજ ફરકતો હોય તો આ વાતોના પ્રતાપે છે. સર્વોપરી નિષ્ઠાના પ્રતાપે સંસ્કાર ચેતનાનો શંખનાદ કરતા યુવકો; આ વાતોથી જ તૈયાર થાય છે એ માત્ર આસ્થા નહિ પણ અનુભૂતિ છે. સત્સંગના ઉજ્જવળ ભવિષ્ય માટે આ વાતો દીપ મશાલ નહિ ચેતનાનો સૂરજ છે.

અ.મૂ.સદ્‌ગુરૂશ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોના વિશ્વાસે અનેક આત્માઓને અવિનાશીનો સાક્ષાત્કાર થયો છે; યથેષ્ટ ફલપ્રાપ્તિ થતી હોય પછી સત્યાસત્યનો નિર્ણય સ્વતઃ થઈ જતો હોય છે.

આ વાતો આપણા મોક્ષમાર્ગને નિર્વિઘ્ન કરનારી છે. મોક્ષનું રસાયણ છે. જેમજેમવાતોનો અભ્યાસ મનન-નિદિધ્યાસ વધશે તેમતેમમાહાત્મ્યરૂપી કેફ ચડશે-શાંતિ થશે અને મૂર્તિનું સુખ મળશે.

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી દ્વારા આ વાતો છપાય રહી છે તેમાં સેવાકાર્ય કરતા શા.સંતવલ્લભદાસ વિગેરે સંતો-અને અમારા કૃપાપાત્ર ભક્તરાજ શ્રી અરવિંદભાઈ ડુંગરાણી તથા પરિવારના ભક્તજનો ઉપર શ્રીહરિનો રાજીપો થાય એવા શુભાશિષ સાથે.

[illegible]




સદ્. શ્રી આધારાનંદ સ્વામીની કરેલ પ્રસાદીની મૂર્તિ



અ.મૂ. સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

પ્રાદુર્ભાવ : વિ.સં. ૧૮૪૧ આસો સુદ-૧૫ મંગળવાર ❖ તિરોધાન : વિ. સં. ૧૯૨૩ આસો સુદ-૧૩ ગુરૂવાર



સમર્પણ

જેમણે સમ્પ્રદાયના સ્થાપક અને પ્રવર્તકના આદર્શ શિષ્યત્ત્વને પ્રાપ્ત કર્યુ હતું એવા સદ્‌ગુરૂશ્રી મુક્તમુનિની ગૌરવવંતી ઉજ્વળ શિષ્ય પરંપરામાં દીક્ષા પ્રાપ્ત કરી છે.

જેમણે મમતા-કારૂણ્ય-વાત્સલ્ય જેવા સદ્‌ગુણો દ્વારા પોતાના જીવનમાં આદિગુરૂ મુક્તમુનિની ઝાંખી કરાવી છે.

જેમણે ધોલેરા-સુરત મુંબઈ જેવા મંદિરોમાં વર્ષો સુધી મહંત પદે રહેવા છતા દાસત્ત્વના દસ્તાવેજ જેવી સરળતા, સાધુતા મૂર્તિમંત કરી આપી છે. વિકાસના ઈતિહાસમાં યાદગાર કાર્યો કર્યા છે. સંસ્મરણીય સમૈયાઓ કર્યા છે.

જેમણે પોતાની જીંદગી ચંદનની જેમ સત્સંગને માટે ઘસી છે. જેઓની સેવાએ ધૂપસળીની જેમસુગંધ પ્રસરાવી છે. જેમણે દીપકની જેમ સદૈવ બીજાને માટે પ્રકાશ પાથર્યો છે.

જેમના જીવન મંદિરના જ્ઞાનશિખરો પર ભક્તિ સૌંદર્યના કળશોની સાથે ધર્મની ધજા ફરકે છે.

એવા અજાતશત્રુ, આજાનુબાહુ, અદ્‌ભૂત ઓજસ્વી, વિરલવિભૂતિસ્વરૂપ મારા દાદાગુરૂ પ.પૂ.સદ્‌ગુરૂ કોઠારીશ્રી નંદકિશોરદાસજી સ્વામીના કરકમળોમાં "સ્વામીની વાતો" રૂપી કુસુમાંજલિ સમર્પિત કરતા આનંદ અનુભવું છું.

સેવક - સંતવલ્લભદાસ

અ.મૂ.સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ

સ્વામીની વાતો

આધારાનંદ ગ્રંથમાળા-૧૫

ભગવન્મહિમા, ભગવન્નિશ્ચય, સંત સમાગમ, અસાધારણ
ઐશ્વર્ય અને સર્વદેશી સમજણ વિશે સ્વામીશ્રીએ
કરેલી વાતોનો સંગ્રહ

એ વક્તા સૌથી શ્રેષ્ઠ વક્તા છે
જે પોતાના શ્રોતાઓને
ખૂબ જ ઓછા
સમયમાં
સૌથી વધુ હરિજ્ઞાન આપે છે.

અ.મૂ.સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ

સ્વામીની વાતો

આધારાનંદ ગ્રંથમાળા-૧૫

જેમનો કયારેય જન્મ નથી થયો ને મૃત્યુ પણ નહિ
માત્ર અને માત્ર આ પૃથ્વી પર પરબ્રહ્મની સાથે
આપણને પુરૂષોત્તમની ઓળખાણ કરાવવા અતિથિની જેમ
વિક્રમ સંવત્ ૧૮૪૧ આસો સુદ-૧૫ મંગળવાર થી
વિક્રમ સંવત્ ૧૯૨૩ આસો સુદ-૧૩ ગુરૂવાર સુધી
આ પૃથ્વીને પાવન કરવા પધાર્યા હતા.

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

અ.મૂ.સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ

સ્વામીની વાતો

આધારાનંદ ગ્રંથમાળા-૧૫

:: સંપાદન ::

શાસ્ત્રી સંતવલ્લભદાસ

:: પ્રેરણા ::

પ.પૂ.સદ્‌ગુરૂ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી

મુ.પો.કંડારી તા.કરજણ જી.વડોદરા - ૩૯૧૨૧૦

ગ્રંથ : અ.મૂ.સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો (પાંચ પ્રકરણ)
આધારાનંદ ગ્રંથમાળા-૧૫

પ્રેરણા : પ.પૂ.સદ્‌ગુરૂ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

સંપાદન : શા.સંતવલ્લભદાસ

પ્રકાશન : હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ-૨; ૧ થી ૮ મે, ૨૦૧૧

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ - કંડારી

ISBN : 978-81-904548-6-5

આવૃત્તિ : દ્વિતીય

પ્રત : ૩૦૦૦

પડતર કિંમત : ૫૮/-

વેચાણ કિંમત : ૪૦/- સૌજન્યને આભારી

પ્રાપ્તિ સ્થાન :

(૧) લોયાધામ : ૯૯૨૫૨૦૭૫૦૧/૫૦૭

(૨) કંડારી ગુરુકુલ : (૦૨૬૬૬) ૨૩૨૩૩૪,૨૩૨૭૩૪

(૩) વડોદરા ગુરુકુલ : (૦૨૬૫) ૨૫૭૧૧૭૭,
મો. ૯૯૨૫૨ ૦૫૬૧૧

(૪) નાવલી ગુરુકુલ : (૦૨૬૯૨) ૨૮૩૬૪૫

(૫) લોયાધામ ન્યૂજર્સી : (૦૦૧) ૪૭૮૭૩૭૯૬૮૧

(૬) લોયાધામ મેકન : જ્યોર્જિયા

મુદ્રક :

શ્રીજી આર્ટ, અમદાવાદ
ફોન. (૦૭૯) ૨૬૫૮૦૯૧૬. મો. ૯૮૭૯૬૦૬૬૮૬

પ્રકાશકીયમ્

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરિપણાનો ડિંડિમઘોષ કરીને ઉપાસ્યની નિષ્ઠા દ્રઢ કરાવનાર **સદ્‌ગુરૂશ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાધકોનું અમૃત રસાયણ છે.** ૫૦૦ પરમહંસો સાથે અવનિ પર અવતરેલ પરબ્રહ્મને સ્વામીએ નિઃશંકપણે વર્ણવ્યા છે. ગંગાના પ્રવાહની જેમ અસ્ખલિતપણે વહતા વાગ્‌પ્રવાહ બન્ને દેશના મૂર્ધન્ય સંત અને સ્વામીના કૃપાપાત્ર સેવક સંત વિભૂતિ **સદ્‌ગુરૂશ્રી બાલમુકુંદદાસજી સ્વામી** દ્વારા અક્ષરબદ્ધ અને સંકલિત થયેલ છે.

''સ્વામીની વાતો'' નામે પાંચ પ્રકરણનો આ ગ્રન્થ સૌ પ્રથમ **વિ.સં.૧૯૬૭ સને ૧૯૧૧** માં શ્રી નરનારાયણદેવ ગાદીના **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજ**ની આજ્ઞાથી મહંત સ્વામી શ્રી પુરાણી નંદકિશોરદાસજીની પ્રેરણાથી પ્રસિદ્ધ થયેલ. જુની પદ્ધતિથી આલેખાયેલ આ વાતોનું સમ્પૂર્ણ સંશોધન - સમર્થ સદ્‌ગુરૂશ્રી બાલમુકુંદદાસજી સ્વામીએ કર્યું છે એમ જાણવા મળે છે.

ઈ.સ.૧૯૧૭ થી સત્સંગ પ્રચાર પ્રસાર માટે મૌલિક સાહિત્ય પ્રકાશનની સેવા'' શ્રી સત્સંગ હિતવર્ધક મંડળ'' કરી રહ્યું હતું. આ મંડળે જયારે ''સ્વામીની વાતો'' નું પુસ્તક પ્રકાશિત કરવાનું કાર્ય આરંભ્યુ ત્યારે સદ્‌ગુરૂશ્રી બાલમુકુંદદાસજી સ્વામીના શિષ્ય પુરાણીશ્રી ગોપીનાથદાસજી સ્વામીએ અધૂરા શ્લોક-શ્લોકાર્થ-પાદટીપ વિગેરે સૂચવીને દ્વિતીય આવૃત્તિને વધુ સરળ-સર્વગ્રાહ્ય બનાવવા સૂચનો કરેલા..તેમના સૂચનો પ્રમાણે તૈયાર થયેલ આ વાતોને/પ્રકાશકને ૧૯૭૫માં **પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ**ની આજ્ઞા પણ મળેલી. આપ જે વાતો વાંચવા જઈ રહ્યા છો તે સં.૧૯૭૫માં પ.પૂ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સાથે સત્સંગ હિતવર્ધક મંડળવતી કામદાર અમૃતલાલ મુળજી દ્વારા પ્રકાશિત પ્રતના આધારે તૈયાર થયેલી વાતો છે.

ત્યારબાદ આ પ્રતના આધારે જ સં.૨૦૧૮માં સંસ્કૃત તથા હિન્દી અનુવાદના રૂપમાં જુનાગઢના જ નહિ પરંતુ સમગ્ર ભારતવર્ષના મૂર્ધન્ય વિદ્વાન પંડિતશ્રી કૃષ્ણવલ્લભાચાર્ય સ્વામીએ સ્વામીની વાતોનું પ્રકાશન કરેલું.

ત્યારબાદ રાજકોટ ગુરૂકુલ દ્વારા પણ આ દ્વિતીય આવૃત્તિના આધારે જ પ્રકાશન કાર્ય થયાનું નોંધાયું છે. ટુંકમાં સમર્થ સદ્‌ગુરૂ સંતશ્રી બાલમુકુંદદાસજી સ્વામી દ્વારા સંશોધિત, પુરાણી ગોપીનાથજી દ્વારા સંપાદિત અને પ.પૂ.આચાર્યશ્રી

શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞા સાથે પ્રસિદ્ધ થયેલ દ્વિતીય આવૃત્તિ (પાંચ પ્રકરણ) વાળી વાતો જ સમ્પ્રદાયમાં આજ સુધી પ્રચલિત પ્રકાશિત થઈ છે.

''સ્વામીની વાતો'' એ જ ગ્રન્થને આજે વિશેષ ટીપ્પણી શ્લોક સંદર્ભ-શ્લોકાર્થ-દૃષ્ટાંત-સુક્તિઓ-આદર્શપાત્રોનો ઉલ્લેખ કરીને ''વિશિષ્ટ અનુક્રમણિકા'' સાથે **કંડારી-ગુરૂકુલ દ્વારા પ્રથમાવૃત્તિના રૂપમાં પ્રકાશિત કરતા આનંદ અનુભવીએ છીએ.**

''સ્વામીની વાતો'' નો અભ્યાસ કરી- કરાવીને **પ.પૂ.બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુ શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામીએ સત્સંગીભક્તોને આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરાવી છે. મોક્ષના રસાયણ પાયા છે.** વાતોના માધ્યમથી અદના સત્સંગીઓ તૈયાર થઈ શકતા હોવાથી પૂ.સ્વામીએ આ વાતોને સંસ્થા દ્વારા પ્રકાશિત કરવાની પ્રેરણા સાથે શુભાશિષ આપ્યા. પૂજ્ય સ્વામીના અનુગ્રહની ઈચ્છાથી પૂજ્ય પાદ શાસ્ત્રીજી સ્વામીના શિષ્ય સ્વામી**શ્રી શ્યામવલ્લભદાસજી,** સ્વામી**શ્રી ભજનવલ્લભદાસજી** અને સ્વામી **શ્રી સરજુવલ્લભદાસજી**એ ખૂબ જ ભાવથી-શ્રદ્ધાથી સેવાકાર્ય કર્યું છે. **પાર્ષદશ્રી ઋષિ ભગતે** વિષયાનુક્રમણિકા બનાવવામાં ખૂબ જ પરિશ્રમ કર્યો છે સાથે સાથે ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ **બ્રિજેશ પટેલ અને ભાવેશ મિસ્ત્રીએ** પણ ઘણી જહેમત ઉઠાવી છે. તે ઉપરાંત ફાઈનલ પ્રુફ સંશોધન સાથે અમૂલ્ય સૂચનો કરનાર **ચંદુભાઈ પટેલ-સુરત**ની સેવાની નોંધ પણ અસ્થાને નહિ ગણાય.

અંતમાં ખાસ નોંધ લેવા જેવી બાબત એ છે કે **આ વાતોનું પ્રકાશન માત્ર અને માત્ર વ્યક્તિગત વાંચન, વિચારણા, અંતઃજાગૃતિ માટે જ છે. કોઈના ખંડન-મંડન કે વાદ-વિવાદ માટે હરગીજ નહિ,** માટે તમામ વાંચકોને બદ્ધાજંલિ પ્રાર્થના છે કે, સર્વપુર્વગ્રહ ભુલીને, મનની ગાંઠો છોડીને; આત્મા અને ઈષ્ટને ઓળખવાના નમ્ર પ્રયાસરૂપે; સ્વામી વાતો કરે છે ને હું સાંભળું છું. એવી ભાવના સાથે વાંચવી અને શક્ય એટલા પ્રયત્નો છતાં જે કોઈ ક્ષતિઓ રહી જવા પામી હોય તે હંસક્ષીર ન્યાયે ક્ષમ્ય ગણવા નમ્ર પ્રાર્થના.

સત્સંગ કૃપાભિલાષી
શા.સંતવલ્લભદાસના જયશ્રી સ્વામિનારાયણ

અ.મૂ.સદ્‌ગુરૂશ્રી ગુણાતીતાનંદસ્વામીની
વાતો વિશે બે શબ્દો

પરમપુમર્થ સિદ્ધયર્થ પુરૂષાર્થરત પવિત્રાત્માઓએ પરબ્રહ્મને પામવા જપ-તપ-વ્રત-યમ-નિયમ-યોગ જેવા સંખ્યાતીત સાધનોના સહારે સતત પ્રયત્નો કર્યા છે. સાધકને શબ્દજન્યજ્ઞાનથી (પરોક્ષાનુભૂતિથી) ભક્તિમાર્ગે ચાલવાનું પીઠબળ પ્રાપ્ત થાય છે; પણ સાક્ષાત્ અનુભૂતિના દૃઢ આસ્વાદ સુધી પહોંચતા

अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥ ગીતા -૬-૪૬

પ્રમાણે ઘણી લાંબી સફર કરવી પડે છે. સફર દરમ્યાન કોઈએ આંશિક ઝાંખીને ઝંખના તૃપ્તિ માટે અથવા લોક આસ્થાને દૃઢ કરવા પૂર્ણપણે ઉદ્‌ઘોષિત કરી દીધી. કોઈએ ગાયનું પૂછડું દીઠું, કોઈએ મુખ દીઠું, ખૂર દીઠો, પેટ દીઠું, સ્તન દીઠો, તે જેણે જે જે અંગ દીઠું તે ગાયનું જ દીઠું છે પણ જેવી ગાય છે તેવી કોઈએ દીઠી નથી અને એક અંગ દીઠું; માટે ગાય દીઠી પણ કહેવાય. (વચ.લો.૧૫) આવું જ કંઈક અધ્યાત્મ જગતમાં થતું રહ્યું છે- થઈ રહ્યું છે. તેથી જ ગીતાજીના ઉદ્‌ઘોષને નોંધું છું -

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ॥ ગીતા -૧૦-૨

પોતાને પૂજ્ય સમજનાર દેવતાઓ હોય કે પછી શાસ્ત્રોમાં સ્મૃતિઓમાં ડિંડિમઘોષ કરનાર ઋષિઓ પણ ભગવાનને યથાર્થ ઓળખવા સમર્થ નથી થયા; એવી જ કંઈક વિભાવના ભગવાન શ્રીકૃષ્ણની જણાય છે. માટે જ આપણે તે તત્ત્વને **Open secret** કહીએ તો કંઈ ખોટું નથી.

એક કાચ તુટી જતા તેના કેટલાય ટુકડા થઈ ગયા અને તે ટુકડાઓમાંથી જેના હાથમાં જે ટુકડો આવ્યો તેણે તેને જ પૂર્ણ કાચ માની લીધો. શ્રી ભગવાન

અચ્યુત છે-ટુકડા ન થાય પણ તેની જેને જેટલી અનુભૂતિ થઈ તેણે તેને જ પૂર્ણ ઘોષિત કર્યું. ફલતઃ શાસ્ત્રો શબ્દોના જંગલ બની ગયા એમાં કેટલાય ભૂલા પડ્યા અને કેટલાય મનપસંદ જગ્યાએ પલાંઠી વાળીને બેસી ગયા પણ પ્રત્યેક કદમ મંજીલ તરફ ધરતો મુમુક્ષુ મરતા સુધી મથતો રહે છે.

મુમુક્ષુની તત્વજિજ્ઞાસાને સંતોષવા જન્મ-જન્માંતરના પુણ્યોદયે ભગવાન તેને આ વાતોના ઉદ્ગાતા જેવા સમર્થ બ્રહ્મસાધર્મ્યાપન્ન પુરુષનો યોગ આપે છે.

यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्वतः ॥ ગીતા -૭-૨

ના સિદ્ધાંતે ''कश्चित्'' શબ્દથી જેનું ગ્રહણ થાય એવા બ્રહ્મવેત્તાઓની સભામાં

क्रियावानेष ब्रह्मविदां वरिष्ठ : ॥

પ્રમાણે સૌ પ્રથમ પંક્તિમાં પ્રથમ સ્થાને બિરાજતા સિંહની જેમ ગરજતા સંતશ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોની શ્રૃંખલા ગ્રહણીય છે.

અનુભૂતિ સાથે સાક્ષાત્કારના ઓજસભર્યા શબ્દોમાં સ્વામીએ નિરંતર મુમુક્ષુઓના હૃદયને ઢંઢોળવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

જુનાગઢના સભા મંડપમાં ફાટેલી ગોદડી પર થાંભલાના ટેકે બેઠેલા વયોવૃદ્ધ જ નહિ જ્ઞાન અને તપથી પણ વૃદ્ધ આ સંતના ઓજસ્વી શબ્દોથી અસંખ્ય સુષુપ્ત આત્માઓએ કરવટ બદલી છે. એમની વાણીમાં શબ્દાવલિનું લાલિત્ય, શૈલી સૌષ્ઠવ કે વૈચારિક વિદ્યુત્ચમકાર નથી પણ પરબ્રહ્મની પરાભક્તિનો પ્રેમપરાગ મહકતો જણાય છે, એટલે જ સૌ કોઈના દિલ ત્યાં ખેંચાતા.

કદાચ સ્વામી અક્ષરજ્ઞાન-ભણતરની દૃષ્ટિએ પાછળ હશે પણ જીવન

ઘડતરની દૃષ્ટિએ સૌથી આગળ હતા એમ કહેવું અતિશયોક્તિ નહી ગણાય. ભૌતિક ભોગ કે રાગદ્વેષના રોગથી પર અને સહજાનંદના સતત યોગથી તેમનું અંતર સતત ભીંજાયેલું રહેતું ફલતઃ તેમની જીભે વહેતો અસ્ખલિત વાગપ્રવાહ મુમુક્ષુના અંતરમળને ધોઈને અમલ-વિમલ-નિર્મળ બનાવવા સક્ષમ નિવડતો. તેમની વાતોમાં અનુભવનો હાથ અને ભગવાનનો સાથ મળેલો તેથી સાધક મુમુક્ષુને કેળવવો એ તેમને મન સહજ હતું. જુગજુગના સંશય છેદવા એ આ વાતોને સાંભળનારા-વાંચનારાને પણ સહજ થઈ જાય છે. આ કોઈ પ્રશિસ્ત નથી પણ હજારો હૈયાની અનુભૂતિ છે.

હોઠ કરતા હૈયાના શબ્દો વધુ પ્રભાવક હોય એ કહેવાની જરૂર નથી. અને જ્યાં હૈયામાંથી શબ્દો આવતા હોય ત્યાં તો પાતાળમાંથી પણ મુમુક્ષુઓ આવે. દેશ-પરદેશના અસંખ્ય આત્માઓને પરમાત્માની પરાનુભૂતિના પ્રદાતા સ્વામીએ સહજભાવે જુનાગઢના સભામંડપને બ્રહ્મપડછંદાથી ગુંજતો રાખ્યો; કયારેય સોંપો પડવા દીધો જ નહિ.

પરિણામ પ્રત્યક્ષ છે તેમના યોગથી સાધકોને સાધ્યનો વિયોગ ટળી જતો અર્થાત્ સહજાનંદનો સંયોગ થતો અને એટલે જ બસો વર્ષ પછી પણ આ વાતો એટલી જ પ્રભાવક અને પ્રિય થઈ રહી છે.

પ્રાકૃત પ્રપંચાતીત થઈને પરમાત્માને ધારવા માટેનો બ્રહ્માસ્ત્ર જેવો આદેશ

निजात्मानं ब्रह्मरुपं देहत्रय विलक्षणम् ‘ शिक्षा. ॥ ११६)

વાતોમાં ઠેર ઠેર ગુંજે છે. આત્મા-અનાત્માના વિવેકશીલ પરમહંસો-સ્વરૂપ મનનશીલ મુનિઓ અને અજ્ઞેયને જાણવા મથતા જીજ્ઞાસુ સાધકોને આ વાતો સીડી-દાદરની જેમ પળે પળે સહાયક બને છે.

જેને ક્ષણ-પ્રતિક્ષણ વિશુદ્ધાન્તઃકરણ બનવાની ઉત્સુકતા હોય તેમણે આ

વાતો સંજીવનીની જેમ જ પરમ ઉપરકારક થઈ શકે તેમ છે, પણ શ્રદ્ધાની કેડીએ અને વિશ્વાસના અજવાળે ચાલે તો જ. જો શ્વાસ...શ્વાસ..વિશ્વાસથી ભરેલા હોય તો સ્વામીના તાતાતીર જેવા શબ્દો સકલ સંશયને છેદી શકે છે. કારણ કે તેમાં તો આચરણની આકરી અણીદાર ધાર છે.

પણ દેહાભિમાનના ભાવ કે સ્વભાવને કારણે કે આકરી ધારના ઘા સૌ કોઈ સહન કરી શકતા નથી. એટલે તેમાં અશ્રદ્ધા થાય એ સહજ માનવોચિત મનોવિભાવના છે. જો બુભુક્ષા છુટે અને મુમુક્ષુતા જાગે તો આ જ શબ્દો અમૃત જેવા મીઠા લાગે....

આવો, આજે આપણે આપણા ઈષ્ટદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, આપણે આ વાતોને સમજી શકીએ.

એજ

કો.શાસ્ત્રી શુકવલ્લભદાસના

જયશ્રી સ્વામિનારાયણ

અનાદિ મૂળઅક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું

જીવનચરિત્ર

महाध्यानाभ्यासं विदधतमजस्त्रं भगवतः,
पवित्रे संप्राप्ते स्थितिमतिवरैकांतिकवृषे ।
सदानंदं सारं परमहरिवार्ता व्यसनिनम्,
गुणातीतानंदं मुनिवरमहं नौमि सततम् ॥
સ્વરૂપે તો પોતે, ત્રિગુણપર વૃત્તિ ધરી રહે,
કરે વાર્તા એવી સુણી કદી નહી સંશય રહે ।
જુઓ જીતી જેણે મનમથ અમર્ષાદિક ચમૂ,
ગુણાતીતાનંદ સકળ ગુણકંદ નમુ નમુ ॥
મને સત્સંગીના નિયમ શુભ આપી સુખી કર્યો,
દયા આણી વાણી વદિ શુભ વળી સંશય હર્યો ।
કર્યો એવો જેવો વૃષકુળ પતિને મન ગમું,
ગુણાતીતાનંદ સકળ ગુણકંદ નમું નમું ॥

— આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ

ઉપાસનાના અમીરસથી તરબતર પ્રસ્તુત વાતોના ઉદ્‌ગાતા સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી છે. ૪૨ વર્ષ સુધી જૂનાગઢ મંદિરના મહંત પદે રહીને સભામંડપને સદૈવ બ્રહ્મપડછંદાથી ગજાવનાર આ સંતની વાતો આચરણની આકરી ધાર છે, તેથી જ અનેક આત્માઓના અસંખ્ય સંશય છેદીને મૂર્તિમાં મસ્ત કરી શકે તેવી તાકાત આ વાતોમાં આવી છે.

શાસ્ત્રાર્ણવના મંથન વિના સ્વર્ગના અમૃતથી અનંતગણી ઉત્તમ આ "ઉપાસનામૃત રૂપ વાતો"નું રસપાન કરાવનાર સદ્‌ગુરુશ્રીનું જીવન પણ અધ્યાત્મ પાથેય જ છે. તો આવો, સ્વામીના જીવન ઝરણામાંથી અમૃતનું આચમન કરીએ. શબ્દોના સહારે તેમના જીવંત દર્શન કરીએ.

પૂર્વભૂમિકા :-

અધ્યાત્મની અજોડ ઈમારતોના વિકાસશિલ્પીઓને સમાજ ક્યારેય ભૂલી શકતો નથી. કોઈ પણ સમાજ કે સંસ્થાના વિકાસમાં સ્થાપક કરતા પણ વધારે બલિદાન-સમર્પણ અનન્ય ઉપાસક અનુયાયીઓના હોય છે. ઈતિહાસના પાછલા પૃષ્ઠોમાં નોંધાયું છે કે, શંકરાચાર્યજીના ચાર પટ્ટશિષ્યો હતા, બુદ્ધના પાંચ આદ્યભિક્ષુઓ હતા, વલ્લભાચાર્યના અષ્ટસખાઓ હતા, મહાવીરના ૧૧ ગણધર હતા; જેમણે આત્મબલિદાનના પાયા પર સ્વસમાજનું નિર્માણ,સંગઠન અને સંવર્ધન કર્યુ હતું.

પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય ૪,૫,૮ કે ૧૧ નહિ પણ પાંચસો પરમહંસોનાં સમર્પણથી સ્થપાયેલો છે. સૂર્ય કે ચંદ્ર ફરતી નક્ષત્રમાળની જેમ શ્રીહરિની ફરતી બ્રહ્મચર્યની મૂર્તિસમી સંતમાળા હતી.

શ્રીહરિના પ્યારા આ ૫૦૦ પરમહંસોમાં પ્રત્યેકની પોતાની આગવી વિશિષ્ટતા હતી. કોઈ કવિ, કોઈ વિદ્વાન, કોઈ જ્ઞાની, કોઈ ધ્યાની, કોઈ શિલ્પકાર, કોઈ સ્થાપત્યકાર, કોઈ ગાયક, કોઈ નર્તક હતા. આ સંતોમાં સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીનું નામ સર્વોત્તમ વક્તા તરીકે લઈ શકાય. ''वक्ता दशसहस्त्रेषु'' । વક્તા બનવાનો કોડ ઘણાને હોય પણ વક્તૃત્વ એટલું સરળ નથી. સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી અજોડ વક્તા હતા છતા તેમની આ કળા વિશિષ્ટ-અનોખી દેખાય છે. તેઓ જનમેદનીથી ચિક્કાર ભરેલા સભાખંડને ગજાવનાર-ધ્રુજાવનાર કે ડોલાવનાર વક્તા ન હતા. તેમની વાણીમાં વૈદુષ્યના વીજ ચમકારા નહિ પણ વર્તનની વિશિષ્ટ છાપ ઉપસતી. સ્વામીનું જીવન ''आचारपूत'' અને સાદી-સરળ વાણી ''मनःपूत'' હતી. અર્થાત્ મનના ગળણાથી ગળાયેલી હતી.

સ્વામીની જીભમાં તરવરાટ ન હતો, છતાં શ્રીજીના પૃથ્વી પરના પ્રાગટ્યને સમજાવવા ક્યારેય સોપો પડવા જ ન દેતા. તેમની વાણીથી કેટલાય કથીર કંચન બન્યા છે; પાપી-પુણ્યશાળી બન્યા છે; કુસંગી સત્સંગી બન્યા છે. અરે ! ભારાડી

ભગત બન્યા છે. એમની જીહ્વાનું પવિત્ર આસન પ્રાપ્ત કરીને સરસ્વતીએ ધન્યતા અનુભવી છે.

એમના વિરાટ્ વ્યક્તિત્વને વ્યક્ત કરતી કલમ વામણી લાગે છે, છતાં શબ્દબ્રહ્મને માધ્યમ બનાવી અક્ષરબ્રહ્મ સદ્ગુરુશ્રીના આદર્શ જીવન ચરિત્રામૃતનું આચમન કરીએ.

જન્મ :-

સૌરાષ્ટ્રમાં જામનગર જીલ્લાના જોડિયા તાલુકાનાં ભાદરા નામે સુંદર ગોકુળિયું ગામ આવેલું છે. આત્માનંદ સ્વામી જેવા સુપ્રસિદ્ધ સિદ્ધયોગી સંતના પગલે પાવન થયેલ અને વૈદિક વિપ્રોના સ્વર સ્પંદન અને યજ્ઞધૂમોથી ઓપતા આ ગામમાં વસિષ્ઠ વંશાવતંસ વિદ્વાન વિપ્ર ભોળાનાથજી રહેતા હતા. ભોળાનાથની ભક્તિને વશ થઈને સિદ્ધયોગી આત્માનંદજીએ આપેલા આશિષ અનુસાર વિ.સં. ૧૮૪૧માં શરદપૂર્ણિમા, મંગળવાર, ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર, ધ્રુવયોગ, બવકરણ વગેરે બળવાન યોગમાં રાત્રિના ૧૧ ઘડી અને ચાળીશ પળ જતા માતા સાકરબાઈની કૂખે એક દિવ્ય બાળકે જન્મ ધારણ કર્યો. સ્વામીએ જે સર્વભૂતોની રાત્રી છે અને જેમાં સંયમી પુરુષો જાગે છે એવી રાત્રીના સંકેત રૂપે શરદપૂનમની રાત્રી સ્વીકારી વિશ્વમંગલના સંકેતરૂપે મંગળવાર સ્વીકાર્યો. ઉત્તરોત્તર ઉર્ધ્વગતિ દ્વારા ભદ્રપદ - અક્ષરપદ આપવાના સંકેતરૂપે ઉત્તર ભાદ્રપદા નક્ષત્ર સ્વીકાર્યુ. ધ્રુવજી જેવી અચલ ભક્તિના સંકેતરૂપે ધ્રુવયોગ સ્વીકાર્યો. બહુજન સમાજના આત્યંતિક કલ્યાણના સંકેતરૂપે બળવાન બવકરણ સ્વીકાર્યુ. અને અંતે મૂળઅક્ષરના સંકેતરૂપે મુળજી નામ પણ સ્વીકાર કર્યું.

નામકરણ અને આશિષ :-

ભારતીય સંસ્કૃતિની કીર્તિધજામાં જેમના નામ છે એવા યશસ્વી યોગીઓના માત-પિતા થવા માટે તેઓએ તીવ્ર તપશ્ચર્યાની સાથે મહાપુરુષોના આશિષ પણ મેળવવા પડે છે. સંતકૃપાએ જે સંતાન થાય છે તે ૭૧ પેઢીને તારે છે. સદ્ગુરુશ્રી આત્માનંદ સ્વામીએ ભોળાનાથને વરદાન આપ્યું હતું કે, "તમારે

ત્યાં પ્રગટ થનાર પુત્ર પુરુષોત્તમના આશ્રિત થઈને સદ્ધર્મ ફેલાવશે.''

સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીના માત-પિતાના જ્યારે લગ્ન થયા ત્યારે સાકરબાઈને સદ્‌ગુરુશ્રી આત્માનંદ સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા કે, ''સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ તમારી ઘેર પધારશે અને તમારા હાથથી થાળ જમશે !''

આ જ સિદ્ધયોગી આત્માનંદ સ્વામીના શિષ્ય સદ્‌ગુરુ શ્રી રામાનંદ સ્વામી ભોળાનાથને ત્યાં બાળકના જન્મ સમયે પધાર્યા. જન્મકુંડલી જોઈને પોતાની ઈચ્છાનુસાર ''મુળજી'' નામ પાડ્યું અને આશીર્વાદ આપ્યા કે, ''તમારા પુત્ર પ્રત્યે સર્વે મનુષ્યો આકર્ષિત થશે. દેવગુરુ બૃહસ્પતિ જેવા વક્તા થઈને બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરશે. પુષ્કળ વૈભવ મળવા છતાં આ મહાયોગી વિરક્ત રહીને અખંડ મૂર્તિને ધારી રાખશે.''

બાલ્યાવસ્થા :-

બાલચંદ્રની જેમ વૃદ્ધિ પામતા મુળજી શર્મા શરીરે શ્યામ હતા પણ અંતર શ્વેત-સ્વચ્છ હતું. બાલ્યકાળથી જ રમણ-ભ્રમણ જેવી ક્રિયાઓમાં નાના ભાઈ સુંદરજી તથા સ્નેહીઓથી જુદા તરી આવતા. બાલ્યોચિત ક્રિયાઓમાં પરિવારજનોને માધુરી-મોહની, માદક સુગંધનો અહસાસ થતો. ધ્રુવ-પ્રહ્‌લાદની છબી પોતાના પુત્રમાં જોઈને ભોળાનાથને આદર્શ ભક્તપુત્રનું સ્વપ્ન આવતું.

સૌમ્ય છતાં પુષ્ટ અને શ્યામ શરીરે શોભતા મુળજી શર્માની શરીરાકૃતિ મોહક હતી. મોટી-મોટી કેરીના ફાડા જેવી આંખોમાં માત-પિતા મીટ માંડીને જોતાં, તો ક્યારેક ધ્રુવ,ક્યારેક પ્રહ્‌લાદ અને ક્યારેક શ્રવણના દર્શન થતાં. પણ તેમ છતાં ચર્મચક્ષુઓ મુળજીને માપી શકતી ન હતી.

ચાર વર્ષની ઉંમરે પહોંચેલા મુળજીએ માતા પાસે દૂધ માંગ્યું ત્યારે માતાએ ''ઠાકોરજીને ધરાવીને આપું છું.'' આ જવાબ આપ્યો. તુરંત પ્રત્યુત્તર આપતા મુળજીએ કહ્યું, ''અમે પીએ તે ભેળા ઠાકોરજી પણ પીવે છે, કારણ કે અમે તેમને અખંડ ધારી રહ્યા છીએ. અને ગર્ભમાં હતા ત્યારે ને ગર્ભમાં આવ્યા પહેલા અને અત્યારે પણ શ્રીજી મહારાજને હૃદયમાં અખંડ દેખીએ છીએ.''

વિ.સં. ૧૮૪૫માં એક વખત મુળજીએ તેમના માતાને કહ્યું કે, ''આજે જનોઈનું ગીત ગાઓ.'' માતાએ કહ્યું. આજે અને અત્યારે અને જનોઈનું ગીત ! માતાના આશ્ચર્ય સાથેના પ્રશ્નનો જવાબ વાળતા મુળજીએ ચોખવટ કરી કે- ''આજે જ અયોધ્યામાં ધર્મદેવને ત્યાં પ્રગટ ભગવાન શ્રી ઘનશ્યામને જનોઈ આપવાની મંગલ વિધિ થઈ રહી છે, તેથી તમને જનોઈના ગીત ગાવાનું કહું છું.'' માતાએ આ વાત વાયુવેગે સૌને કહેવા માંડી કે ચાર વર્ષનો મારો છોકરો આમ બોલ્યા કરે છે.

ગીત ગાવાની વાત કરતાં કરતાં મુળજી નાનાભાઈને હીચકાવવા લાગ્યા. થોડી વાર પછી ધીરે રહીને બોલ્યા, ''મા ! મારે સાધુ થવું છે અને આ સુંદરજી પણ સાધુ થશે.'' મુળજીની વાતો સાંભળીને મા મૂંઝવણમાં મુકાઈ ગયા. આ મુળજીને કોઈ બાવાની નજર પડી હશે, નહિ તો આટલી નાની ઉંમરમાં આમ તે શીદ બોલે !

આમ બાળક મુળજીની ક્રિયાઓ સતત સંસારથી વિરુદ્ધ જોઈને માતાને કૌતુક થતું.

યજ્ઞોપવિત :-

સમય પસાર થતાં મુળજી આઠ વર્ષના થયા. ''**अष्टवर्षं ब्राह्मणमुपनयीमीत**'' આ સ્મૃત્યનુસાર વિ.સં. ૧૮૪૯ના જેઠ સુદ-પના રોજ તેમનો યજ્ઞોપવીત સંસ્કાર થયો. આ વિધિમાં ગુરુ બ્રાહ્મણ બટુકને બ્રહ્મચારીનો વેશ ધારણ કરાવીને શાસ્ત્રાભ્યાસ માટે ગુરુકુલમાં જવા આદેશ આપે છે. બટુક દોડીને આશ્રમ તરફ જવા લાગે. મામા સમજાવીને પાછા લાવે છે. મુળજીને જ્યારે મામા પાછા લઈ આવે છે ત્યારે ગુરુ કટાક્ષ કરે છે : ''કેમ કાશી ન ગયા ?'' ત્યારે મુળજી કહે, ''કોટિ કાશી જેના ચરણોમાં રહે છે એવા પ્રગટ પ્રભુ થોડા દિવસમાં અહીં પધારીને આ ધરતીને ધન્ય કરશે.

પિતાનો અક્ષરવાસ :-

બ્રાહ્મણ અને સંસ્કારી પરિવારના નાતે મુળજીના જીવનને સંસાર જ સંસ્કાર મંદિર સાબિત થયેલો. તેમના ઘરમાં નિયમિત ભોળાનાથની પૂજા-પાઠ-અભિષેક થતા. વિ.સં. ૧૮૪૯ના અષાઢ સુદ-૧૦ને શુક્રવારના રોજ અચાનક જ મુળજીના

પિતાજી ભોળાનાથજી ધામમાં ગયા. બરાબર આ સમયે જ શ્રીજી મહારાજ શ્રીનીલકંઠવર્ણીરૂપે વનવિચરણ કરવા પ્રસ્થાન કરતા હતા. આથી અખંડમૂર્તિના ધારક આ મુળજી અચાનક બોલી ઉઠ્યા,''આજે પિતાજી ધામમાં ગયા અને (અક્ષર) ધામના ધણી વનમાં ગયા.''

ગુરુની શોધ :-

પિતાનું છત્ર ગુમાવ્યા પછી મુળજીએ સદ્‌ગુરુનું છત્ર શોધવા જુદા જુદા ધર્મપંથોનું નિરક્ષીરવિવેકી દૃષ્ટિથી સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું. એક ઉલ્લેખ પ્રમાણે પોરબંદરમાં નરસિંહલાલજી શસોઈ પાસે શુદ્ધાદ્વૈતનું તત્ત્વજ્ઞાન મેળવ્યું. પણ અંતર ન ઠરતાં ઘેર પાછા ફરીને ''मातृदेवो भव'' ગણીને માતાની સેવા સાથે ખેતીવાડીમાં ધ્યાન આપવા લાગ્યા. પરંતુ ''न हि कल्याणकृद् कश्चिद् दूर्गतिं तात गच्छति'' કલ્યાણ માટે કરેલી ક્રિયા વ્યર્થ નથી જતી તે જરૂર ફળદાયી થાય છે.

મુળજીની સત્સંગ રસ-પિપાસા તેમને શેખપાટ ખેંચી ગઈ. અને ત્યાં તેમને સદ્‌ગુરુશ્રી રામાનંદ સ્વામીનો સમાગમ થયો. પ્રથમ દર્શને જ અંતર વીંધાઈ ગયું અને ઈષ્ટપ્રાપ્તિનો સંતોષ અનુભવ્યો. ત્યાંના નિવાસી લાલજી સુથાર સાથે આત્મીયતા થઈ. બન્ને રાત્રે કામધંધાથી પરવારીને બન્ને ગામની વચ્ચે એક સ્થાને ભેગા થતાં ને સત્સંગની વાતો કરતાં.

શ્રીહરિના પ્રથમ દર્શન :-

શ્રી નીલકંઠવર્ણી રૂપે શ્રીહરિ લોજ પધાર્યા ત્યારબાદ પીપલાણામાં દીક્ષા મહોત્સવ પ્રસંગે સદ્‌ગુરુશ્રી રામાનંદસ્વામીએ મુળજી શર્મા અને લાલજી સુથારને ખાસ નિમંત્રણ આપી તેડાવ્યા હતા. બન્ને સાથે પીપલાણા પહોંચ્યા. નરસિંહ મહેતાના ઘેર ઉતારો કર્યો. પ્રથમ દર્શને અંતરમાં ઉજાસ થઈ ગયો. મન-ઈન્દ્રિયોની ગતિ સ્થિર થઈ ગઈ. ભાવસમાધિમાં મુગ્ધ મુળજીને ઓળખાણ આપતાં રામાનંદ સ્વામીએ કહ્યું, ''અમે જે કહેતાં હતાં તે ખરો વેશ ભજવનાર આ છે, માટે તેના શિષ્ય થઈને રહેજો ને તેની ભક્તિ કરજો.'' ત્યારે શ્રીહરિએ કહ્યું જે, ''તે તો અમારા જ છે. આ લાલજી ભક્ત ઘણા વૈરાગ્યવાન છે, તે અમારા ચરિત્ર ગાશે

અને આ મુળજી ભક્ત તે અમારો મહિમા વિસ્તારશે.'' મુળજી અને મહારાજ, એકીટશે એકબીજાની સામુ જોઈ રહ્યા અને ઓતપ્રોત-એકમેક થઈ રહ્યા.

દીક્ષા મહોત્સવ પછી ટુંક સમયમાં શ્રીહરિને ગાદી આપીને શ્રી રામાનંદસ્વામી ધામમાં ગયા. શ્રીહરિ સત્સંગમાં વિચરણ કરતાં કરતાં ભાદરા આવ્યા અને અચાનક સાકરબાને ત્યાં થાળ જમવા પધાર્યા. શ્રીહરિએ પૂછયું, ''આ મુળજી કોઈ દિવસ અમને યાદ કરે છે ?'' સાકરબા કહે, ''મુળજી તમને જ અખંડ દેખે છે.'' ''શ્રીહરિ કહે, તે અમારું ધામ છે.''

મુળજી અને સાકરબાએ પ્રેમથી આગ્રહ કરી કરીને શ્રીહરિને જમાડ્યા. આમ સદ્ગુરુશ્રી આત્માનંદ સ્વામીની આગાહી સાચી પડી.

તેજીને ટકોર :-

મુળજીએ કપિલદેવની જેમ માતાને શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરાવીને સાક્ષાત્કાર સાથે અક્ષરધામ આપ્યું. વિ.સં. ૧૮૫૬ની સાલમાં સાકરબા પાર્થિવદેહનો ત્યાગ કરીને પરમસમીપે સિધાવ્યા. માત-પિતાની વિદાય પછી પણ નાના ભાઈ સુંદરજી સાથે મુળજી ખેતરમાં જ વધુ સમય આપતા રહ્યા. એક વાર અચાનક અવિનાશીએ આશ્ચર્ય સાથે અદ્ભૂત દર્શન આપ્યા એટલું જ નહિ; અકલ્પ્ય અણસાર પણ આપ્યો. અમીઝરણાં જેવા કમળદળ નેણે ''મુળજી !''નું મીઠું સંબોધન કરીને મધઝરતા વેણે કહ્યું, ''આપણે કયા ધ્યેય સાથે પૃથ્વી પર આવ્યા છીએ અને આ શું થઈ રહ્યું છે ? શું બ્રહ્મતેજ સુકાઈ ગયું છે ?'' મુળજીને રોમે રોમે કંપારી છૂટી ગઈ. સ્તબ્ધ-અવાક્-જડવત્ જગદીશને જોઈ રહ્યા. પ્રશ્નનો પ્રત્યુત્તર શબ્દોમાં નહિ ક્રિયામાં જ આપવા મનોમન મક્કમ નિર્ણય કરીને ખેતરથી ઘેર ન જતાં સીધા જ ગઢપુરની વાટ પકડી.

ગઢપૂરમાં ઘેલા નદીમાં સ્નાન કરતાં હતાં ત્યાં જ સુંદરજી તથા સંબંધીઓ આવી પહોંચ્યા. પણ એકવાર નિર્ણય કર્યા પછી પીછેહઠ કરે તો તે મુળજી નહિ. મોહમાયાના માથા પર પગ દઈને મુળજીએ દાદાના દરબારમાં પગ મૂક્યો. મહારાજના દર્શન કર્યા અને સાધુ થવાની ઝંખના વ્યક્ત કરી.

ભાગવતી દીક્ષા :-

''**ધનંજયે હાટકસંપરીક્ષા**'' સુવર્ણની પરીક્ષા પાવક (અગ્નિ)માં જ થાય છે. સત્સંગના ભીડામાં દિન પ્રતિદિન પ્રગતિના પંથે અગ્રેસર આ ભક્તરાજ મુળજી શર્માને શ્રીજી મહારાજે ડભાણમાં યોજેલ અપૂર્વ યજ્ઞ મહારુદ્ર પ્રસંગે વિ.સં. ૧૮૬૬ના પોષી પૂનમે ભાગવતી દીક્ષા આપીને ''ગુણાતીતાનંદ'' નામ પાડ્યું. અને બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરીને જ નહિ, પણ યોગમાં આવનારને દૃષ્ટિમાત્રે બ્રાહ્મી સ્થિતિ આપીને સ્વામીએ શ્રીજીએ આપેલી સંજ્ઞા સાર્થક કરી.

સ્વામીએ દીક્ષા લીધા પછી વીશ વર્ષ સુધી શ્રીહરિની સાથે રહી સેવા-સમાગમ-દર્શનનું અપાર સુખ લીધું હતું. શ્રી શતાનંદ સ્વામીએ સત્સંગિજીવનમાં નોંધ્યું છે કે, 'ગુણાતીતાનંદ ઋષિ જેવું વર્તન રાખતાં, શ્રીહરિની સમીપે કીર્તનો બોલતાં.'

સત્સંગની સેવામાં...

સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી પોતાની તમામ મોટાઈ ભૂલીને સદૈવ સેવામાં તલ્લીન રહેતા. તેમની જીભ કરતાં જીવન વધુ ઉપદેશક હતું. તેમની ઓજસ્વી વાણી, તેજસ્વી આંખો અને યશસ્વી જીવનગાથાને શબ્દોમાં ગૂંથતા શ્રીજી સમકાલીન દાસપંક્તિના સંત માધવદાસજી સ્વામી સ્વરચિત ગ્રંથમાં નોંધ લે છે :

રાગ : ચોપાઈ

ગુણાતીતાનંદ એહ, બહુ કીર્તનીયા થયા તેહ ।
આખી રાત કીર્તન ગાય, એહ ભેળા બીજે ન ફરાય ॥
એવા બહુ મોટા સંત, તે પર રાજી થયા ભગવંત ।
જૂનાગઢમાં મંદિર કાજે, કર્યા મહંત શ્રી મહારાજે ॥
તેનું કાજ તે ઉપાડી લીધું, કર્યું મહારાજે જે જે કીધું ।
પથરા ઉપાડવા હોય જ્યારે, (માળા) ફેરવ્યા કરે નહિ ત્યારે ।
બીજા ઉપાડતા થાકી જાય, એમ વિચારે તે મનમાંય ॥
આવે ગુણાતીતાનંદ સંત, જાણે આવ્યા પોતે હનુમંત ।

હાકલ મારીને પથરો ઝાલે, ગાડી ચડાવી ગડગડ ચાલે ॥
વાતું કરીને સાધુને વળી, રાખે સંતને સુખિયા વળી ।
એવા મહા સમર્થ તે હતા, ભજે અખંડ શ્રી ભગવંતા ।
મંદિર વ્યવહાર કરવો નિત્ય, અખંડ રાખે પ્રભુજીમાં પ્રીત્ય ॥
નિત્ય કથા હરિજીની થાય, રાત દિવસ એ જ ઉપાય ।
દિવસ માંહી તે પાંચવાર, બહુ કથા કરવાનો પ્યાર ॥
કથા કરાવીને કામ લીયે, થોડીવારમાં બહુ હીરી દીયે ।

આ શબ્દ પુષ્પો માધવદાસજી કે જે સ્વામી સાથે ઘણુ રહ્યા હતા, તેના છે. તેમણે સ્વાનુભૂતિનો ટંકાર ટાંકીને પ્રશંસાના પુષ્પો વેર્યા છે.

સ્વામીએ સુરતથી અથાણું, બરફી તથા શ્રી મુક્તાનંદસ્વામી લિખિત સતીગીતા, પુસ્તક લઈને તત્કાળ ગઢપુર પહોંચાડવાની સેવા કરેલી.

સારંગપુરના ફૂલદોલોત્સવમાં ગઢપુરથી ફૂલના હાર તથા શણગાર લઈ જઈને શ્રીહરિને પહેરાવ્યા હતા.

સ્વામી મુક્તાનંદસ્વામી, કૃપાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં રહેલા.

સંતોની સેવામાં સ્વામી :-

સ્વામી જેટલા સમર્થ હતા તેના કરતાં વધુ સેવાભાવી હતા. એમાં પણ શ્રીહરિ માંદા સાધુની સેવા વિશેષ સ્વામીને જ આપતા. એકવાર વરતાલમાં બીમાર સંતોની સેવામાં સ્વામી તન-મન ઘસી રહ્યા હતા. બીમાર સંતોની ગોદડી ધોવા જતાં આ નિખાલસ સંતને કેટલાક તંદુરસ્ત સંતોએ પણ ગોદડીઓ ધોવા આપી દીધી. સ્વામી તો, સતત સેવા કરતાં સેવક જ ખરા. તેમણે ભાવથી ગોદડીઓ ધોઈ નાંખી. મનમાં કોઈ જ ઉદ્વેગ નહિ. મૂર્તિમાં મન રાખી ખંભે ગોદડીઓ નાંખી સ્વામી ચાલ્યા આવતા હતા ત્યારે શ્રીહરિને પરસેવો વળી ગયો અને અકળાઈને ભગુજીને કહ્યુ, ''પેલા સાધુએ મારા પર ભાર મૂક્યો છે. માટે જાવ, ગોદડીઓ ઉતારી અહીં લઈ આવો.'' ભગુજીએ આજ્ઞાનું પાલન કર્યું. શ્રીહરિએ

સભા ભરીને સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદસ્વામીને ઈશારો કરીને પૂછયું. ''આ સાધુને ઓળખો છો.'' ત્યારે સ્વામીએ તેમના સદ્‌ગુણ સાથે ચડતા રંગની પ્રશંસા કરી. પછી શ્રીહરિ બોલ્યા, ''એ તો છે જ; પણ જેમ સાણસામાં સાપ પકડ્યો હોય તેમ ત્રણે અવસ્થામાં અમારી મૂર્તિને અખંડ પકડી રાખે છે.''

સ્વામીની સેવા અજોડ હતી. ધર્મપુર જતા રસ્તામાં ગવૈયા દેવાનંદ સ્વામી માંદા પડ્યા ત્યારે પણ સ્વામી જ સેવામાં રહ્યા હતા. ભાવભીની સેવાથી દેવાનંદ સ્વામી ખૂબ જ રાજી થયા અને ગાનવિદ્યા શીખવવા તૈયાર થયા ત્યારે સ્વામીએ ''મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે એવા આશિષ માગ્યા.''

કારિયાણીમાં ૧૯ સંતો બીમાર થયા, તે વખતે શ્રીહરિ સમૈયો કરવા ગુજરાતમાં જવાના હતા. સર્વેને સમૈયામાં જવાની ઈચ્છા હતી તે વખતે સમૈયો અને શ્રીહરિ દર્શનનો લાભ છોડીને સ્વામી માંદા સંતોની સેવામાં રોકાયા હતા. આમ તકની સેવાઓ કરીને સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિ અને સંતોનો અપાર રાજીપો પ્રાપ્ત કરેલો.

જૂનાગઢ મંદિરના મહંત :-

નિયમ-નિષ્ઠાની દૃઢતામાં સ્વામી આસપાસ રહેતા મુમુક્ષુઓને પણ જબરુ પીઠબળ આપતા. સ્વામીએ નીચામાં નીચી સેવા કરીને ઉંચામાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરેલું. ૨૬ વર્ષની ભરયુવાનીમાં સંસારને ઠેબે ચડાવીને સ્વામીએ દેહને ચંદનની જેમ શ્રીહરિની સેવામાં ઘસી નાંખ્યો હતો. જ્યાં કોઈ જવા રાજી ન હતા તેવા જૂનાગઢ દેશમાં ૧૮૭૬-૭૭થી સતત સ્વામી ફરતા રહ્યા અને ભવરોગીઓના ભવફેરા ટાળતા રહ્યા.

શ્રીજી મહારાજે પ્રથમ કેવલાત્માનંદ, વ્રજાનંદ, તત્ત્વાનંદ, ગુણાતીતાનંદ સ્વામી અને જોરા ભગત, આ પાંચ મૂર્તિઓને આ ગિરનારનો ખોળો ખૂંદીને વિચરણ કરવા જણાવેલું.

એક દિવસ ગઢપુરની દિવ્ય સભામાં ''આજથી જુનાગઢના મહંત સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામી.'' વિ.સં. ૧૮૮૩ ચૈત્ર સુદ-૧૫ના રોજ

શ્રીહરિએ આ જાહેરાત કરીને પોતાના કંઠમાંથી કુસુમમાળા કાઢીને સ્વામીને પહેરાવી. એટલું જ નહિ પોતાના મસ્તકેથી ઉતારીને તે પાઘ સ્વામીના મસ્તકે મૂકી.

સ્વામીએ બે હાથ જોડી મસ્તક નમાવી શ્રીજીની આજ્ઞા સ્વીકારી ને પ્રાર્થના કરી હે હરે ! ગોપાળાનંદ સ્વામી દર વર્ષે એક મહિનો જૂનાગઢ આવે તો અમને વધુ અનુકૂળ રહે. શ્રીહરિએ તેમની પ્રાર્થના સ્વીકાર કરી.

આ રીતે વિ.સં. ૧૮૮૩ના ચૈત્ર સુદ-૧૫ પૂનમના પવિત્ર દિવસે શ્રીહરિની આજ્ઞાથી મહંતાઈ સ્વીકાર કરીને તત્ત્વાનંદસ્વામી સાથે ગામડે-ગામડે ફરતા સ્વામી ૧૮૮૩ વૈશાખ સુદ-૧૪ના દિવસે અર્થાત્ ૨૯ દિવસે જૂનાગઢ આવ્યા.

અને ૧૯૨૩ ભાદરવા સુદ-૨ સુધી એટલે કે ૪૦ વર્ષ ૪ માસને ચાર દિવસ સુધી સતત રાધારમણદેવની સેવા કરીને આજ્ઞા-ઉપાસનાની વાતોની ઝડી વરસાવીને સમગ્ર સોરઠને સત્સંગના અભંગ રંગથી રંગી નાંખ્યો.

મંદિરમાં બાંધકામ અને વિકાસ :-

મંદિરોના મહંતો કરતાં આ મહંત કંઈક મૂઠી ઊંચેરું વ્યક્તિત્વ ધરાવતા હતા. જૂનાગઢ મંદિરનું ઘણુંખરું બાંધકામ પણ સ્વામીની દેખરેખ નીચે જ થયેલું. જ્યાં સુધી બ્રહ્માનંદ સ્વામી હોય ત્યાં સુધી તે ધ્યાન રાખતા અને ન હોય ત્યારે તેમની તમામ જવાબદારી સ્વામી સંભાળી લેતા. ૧૮૮૬ સુધી જૂનાગઢ મંદિરનું બાંધકામ ચાલેલું. સ્વામી માળા અને ધ્યાન કરતા પણ મંદિરની સેવાને વધુ મહત્ત્વ આપતા.

૧૮૮૬માં મધ્ય શિખરના ચણતર સમયે આર્થિક કટોકટી જેવી પરિસ્થિતિ સર્જાણી. તુરંત સ્વામીએ બારપટોળી; કોવાયા વિગેરે ગામોમાં પાર્ષદ આહીર ભગતને પત્ર આપીને મોકલ્યા અને તે સમયે ૧૦૦૦ રાળની સેવા કરાવીને મધ્ય શિખરનું બાકી કામ પૂર્ણ કરેલું.

સં. ૧૯૦૬માં દેવમંદિરના દ્વારની આગળના ભાગને તથા ઘુમટના ભાગને

જૂદો પાડવા માટે લોખંડની જાળી કરાવી.

સં. ૧૯૧૧માં શ્રીહનુમાનજીની વિરાટ પ્રતિમા તથા ગણપતિની સ્થાપના પણ સ્વામીએ જ કરાવી.

સં. ૧૯૨૦માં જૂની ધર્મશાળા પાડીને ત્રણ ખંડની વિશાળ ચોકવાળી ત્રણ માળની નવી ધર્મશાળા બંધાવી.

સ્વામીશ્રીએ વિ.સં. ૧૯૧૬ ફાગણ વદ-૨ના રોજ વરતાલથી પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તેડાવીને બન્ને દેશના સંતો-ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી હરિકૃષ્ણ મહારાજની પંચધાતુની મૂર્તિ પધરાવી. આ મૂર્તિ પ્રસાદીના વાસણોમાંથી બનાવેલી છે.

સ્વામીએ બાંધકામને જ વિકાસ સમજી લેવાની ભૂલ નથી કરી. તેમણે મંદિરના સ્થૂળ વિકાસ સાથે સત્સંગબાગને નવપલ્લવિત રાખવા માટે સુવ્યવસ્થિત આયોજન કરેલું.

કથા-વાર્તા દ્વારા દરેક ભક્તજનોને વ્યવસ્થિત પોષણ મળી રહે તે માટે સ્વામીએ ગુણીયલ અને સમર્થ સંતોના ચાર મંડળ બાંધી આપેલા.

(૧) વ્રજાનંદ સ્વામીનું મંડળ ઉના વિસ્તારના નાઘેર પ્રદેશમાં સત્સંગ બાગને ભક્તિજળનું સિંચન કરતા. અને જ્ઞાનનું ખાતર નાંખતા જેથી નિષ્ઠાનું મૂળ મજબૂત થાય. નાઘેર વિસ્તારના તમામ ગામડાઓમાં વ્રજાનંદ સ્વામીએ સત્સંગના પાયા નાંખેલા છે.

(૨) રાઘવાનંદ સ્વામી આહીરોના ગુરુ બનેલા. તેમણે કોવાયા, બારપટોળી, જામકા, બાબરીયાવાડ પ્રદેશમાં સત્સંગનો ખૂબ જ ફેલાવો કરેલો અને કોઈને વશ ન થાય એવા આહીરોને સત્સંગનો રંગ લગાડ્યો હતો.

(૩) કેવળાત્માનંદ સ્વામીનું મંડળ હાલાર પ્રદેશમાં જામનગર તરફના ગામડાઓમાં રહેતું.

(૪) રામદાસ સ્વામીનું મંડળ સોરઠ અને ઘેડ પ્રદેશમાં ફરતું. વંથલી; આખા,પીપલાણા વિગેરે ગામોમાં સ્વામી ફરતા ને સત્સંગ-કથા-વાર્તા કરતા-

કરાવતા.

આમ આયોજનબદ્ધ રીતે સ્વામીએ મંદિર અને સત્સંગની પ્રણાલિકા સ્થાપીને અજોડ સેવા કરી છે.

વિદ્યા પ્રત્યે અભિરુચિ :-

વિદ્યા વિનય અને વિવેકથી શોભે છે. એવી વિદ્યાવાળો પુરુષ વિદ્વાન કહેવાય છે; તેની વાતને તર્કશાસ્ત્રીઓ પણ માન્ય રાખે છે. સ્વામી સદૈવ વિદ્વાનોને પ્રોત્સાહિત કરતા રહેતા. વિદ્વાનો સંપ્રદાયની શોભા છે. વાદી-પ્રતિવાદીને પ્રત્યુત્તર આપવા માટે વિદ્વાનોની ખાસ જરૂર પડે છે તે સ્વામી સારી રીતે સમજતા. એટલે જ શ્રીજી મહારાજને પ્રાર્થના કરીને ભાગવત-ગીતા વિગેરે સંસ્કૃત ગ્રંથો ના વક્તા વિશુદ્ધાત્માનંદ સ્વામીને સ્વામી જૂનાગઢ લઈ આવ્યા હતા.

જૂનાગઢમાં વિશુદ્ધાત્માનંદ સ્વામીને યોગ્ય સવલતો આપીને રઘુવીરચરણદાસજી, બ્રહ્મચારી અચિન્ત્યાનંદજી વિગેરેને સંસ્કૃતનો સારો એવો અભ્યાસ કરાવ્યો હતો. સ્વામીની પ્રેરણાથી જ અચિન્ત્યાનંદજી વરતાલથી જૂનાગઢ આવ્યા અને ''હરિલીલાકલ્પતરુ'' નામે વિશાળ ગ્રંથની રચના કરી.

બાલમુકુંદદાસજી સ્વામી વિગેરેને પણ સ્વામીએ સંસ્કૃતનો અભ્યાસ કરાવ્યો હતો. ટૂંકમાં, આ સંપ્રદાયને નંદસંતો પછી પ્રથમ પંક્તિના વિદ્વાન, બ્રહ્મચારી અચિન્ત્યાનંદજી જેવા કવિ મળ્યા. હરિલીલાકલ્પતરુ જેવો સર્વોપરી ગ્રંથ મળ્યો. તેનુ શ્રેય પણ સ્વામીની વિદ્યા પ્રત્યેની અભિરુચિને ફાળે જ જાય છે.

શ્રી હરિ સાથે કેટલાક પ્રસંગો :-

- સારંગપૂરમાં રાઠોડ ધાધલને ઘેર હુતાસણીનો સમૈયો કર્યો ત્યારે શ્રીહરિ મુક્તાનંદ સ્વામી, આનંદાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા મોટા સંતો સાથે રંગે રમતા રમતા ''**સો જોગિયા મેરે જુગ જુગ જીવો**'' કીર્તન બોલતા જતા હતા. ''જોગિયા'' શબ્દનું વિશેષ ભાર દઈને ઉચ્ચારણ કરીને સ્વામીની છાતીમાં લાકડી અડાડેને પાછા બોલે. આમ સ્વામી

પ્રત્યે અપાર પ્રેમભાવ દેખાડી સર્વને સ્વામીનો મહિમા કહેલો.

- પંચાળામાં ફૂલદોલોત્સવનો સમૈયો કરીને શ્રીહરિએ સંપ્રદાયના વિશિષ્ટ ચિહ્ન તરીકે સૌ પ્રથમ સ્વામીના કપાળમાં તિલક કરી આપ્યું અને સૌને બતાવીને કહ્યું કે, "જુઓ, આજથી આ પ્રમાણે સૌ તિલક-ચાંદલા કરજો."
- એક વાર સભામાં મહારાજ કહે, "આજે તો બધા જ પંચવર્તમાન પાળો છો પણ ભવિષ્યમાં પણ આવી રીતે જ પાળશો, એવી ખાતરી માટે એકબીજાના જામીન થાઓ." ત્યારે સૌ સંતોએ અરસપરસ જામીન આપ્યા. આ સમયે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું, "આ ગુણાતીતાનંદ સ્વામી એકલા જૂનાગઢ જાય છે. તેના જામીન કોણ થશે ?" ત્યારે શ્રીજી મહારાજ કહે, "તેમના તો અમે રોજના જામીન છીએ."
- એકવાર સ્વામી ગઢપુર શ્રીહરિના દર્શને આવ્યા ત્યારે શુકમુનિ આસન આપવા ઊભા થયા ત્યારે શ્રીહરિએ કહ્યું, "રહેવા દેજો." એમની મોટપ આસનથી નથી પણ અનાદિની છે."
- આવા અનેક પવિત્ર પ્રસંગો સ્વામી પ્રત્યે શ્રીહરિની અપાર પ્રીતિના દ્યોતક છે. આનાથી ઘણા વધુ પ્રસંગો લોક હૃદયમાં બિરાજે છે. અહિં ટૂંકસાર રૂપે માત્ર ઉદાહરણ પૂરતા જ પ્રસંગો આપ્યા છે.

સ્વામીનું સામર્થ્ય :

- ગામ લીલાખાના ચારણ દરબાર મૂંજા સુરૂ મહાભયંકર હતા. દારૂ-માંસ તેમને સહજ હતા. એકવાર આ પાપનો પહાડ રસ્તામાં સ્વામીને મળી ગયો. સ્વામીએ "હવે આ પાપ ક્યાં સુધી કરવા છે ?" એમ કહીને તેની સામે દૃષ્ટિ કરીને જન્મોજન્મના કર્મબંધન-સ્વભાવ વીંધી નાંખ્યા. દૃષ્ટિ માત્રથી તેના જીવનનું પરિવર્તન કરી નાંખ્યું. સિંહની ત્રાડ સાંભળીને જેમ હરણા ભાગે તેમ તેના જીવનમાંથી દુર્ગુણો જતા રહ્યા અને પરમ એકાંતિક ભક્તરાજ થયા. આ તે કેવું સામર્થ્ય !
- ગામ માણસાના મામૈયા વરૂના દીકરા વાલેરા વરૂ; તેમના ભાઈએ

ગરાસમાં ભાગ ન આપતા બહારવટે ચડેલા. બે ભાઈની વચ્ચે પ્રજા પીડાતી હતી. પ્રજાની રાડ સાંભળનાર કોઈ ન હતું પણ એક દિવસ લૂંટવા આવેલો બહારવટિયો સ્વામી પાસેથી સત્સંગ લૂંટીને ચાલ્યો ગયો અને મહાન ભક્ત બની ગયો.

- મારવાડના વતની દૈવી જીવાત્મા દેહાભાઈ ચારણ ગિરનારમાં કોઈ સિદ્ધપુરુષની શોધમાં નીકળેલા. તેને લોધિકાના દરબાર આત્મસિંહજી દ્વારા શ્રી સ્વામીનો યોગ થયો. અંતરમાં એવી અદ્‌ભૂત શાતા વળી ગઈ કે ગિરનારમાં જવાનું માંડી વાળીને સ્વામી પાસે જ રહી ગયા અને ''કૃષ્ણપ્રિયદાસ'' આજીવન મંદિરમાં સેવા કરતા રહ્યા.
- ગામ જૂના સાવરના દરબાર ઉગત ખુમાણે વચેટિયાઓની કાન ભંભેરણીથી ઉશ્કેરાઈને માર મારીને બહાર કાઢી મૂક્યા ત્યારે કોઈએ કહ્યું, ''આ પાપીને ત્યાં દીકરા ક્યાંથી હોય !'' આ સાંભળી સ્વામીએ સર્વે સંતોને માળા કરીને તેનું પુણ્ય ઉગત ખુમાણને આપવા કહ્યું. અને તેને ઘેર જીવણ ખુમાણનો જન્મ થયો. અને તેને ઘેર સંતોની ઝોળી લટકી. આ તે કેવી ક્ષમા ! કેવું સામર્થ્ય !

આવા અનેક આદર્શ પ્રસંગો સ્વામીના સામર્થ્યના દસ્તાવેજરૂપે સત્સંગમાં સર્વત્ર પ્રસિદ્ધ છે.

સ્વામીની આવરદા :-

પોતાના વ્હાલા ભક્તોને નિજ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપવા માટે શ્રીહરિએ સ્વામીને આયુષ્ય વધારી આપેલી. સ્વામી સ્વયં કહે છે કે સં. ૧૮૯૬માં કઠોદર થયું હતું તથા ૧૯૧૯માં મંદવાડ આવ્યો હતો. તે દિવસથી આવરદા છે નહિ. (પ્ર.૫ વાત-૯૭) મારો દેહ પચ્ચીસ વર્ષ થયા આવરદા વિના રહ્યો છે. તે શા સારું ! તો મુમુક્ષુના રૂડા વાસ્તે આવરદા વિના રહ્યો છે.મહારાજનું સ્વરૂપ સમજાવવું પડે તે સારું રાખ્યો છે. (પ્ર.૧, વાત-૨૦૯) અને આવરદા તો અઠાવન વર્ષથી વધુ નથી એમ જન્મોત્રીમાં લખ્યું હતું. તે વિના દેહ રહ્યો છે તે તો આ

સોરઠ દેશના હરિભક્તો ઉપર મહારાજને બહુ હેત તેને પોતાનું સુખ દેવા સારું મહારાજે મને રાખ્યો. (પ્ર.૨,વાત-૫૩) આમ શ્રીજીની મરજીથી સ્વામી આ લોકમાં સર્વોપરીપણાનો દિગંતવ્યાપી જયઘોષ કરવા ૮૨ વર્ષ સુધી આ પૃથ્વી પર રહ્યા હતા.

શ્રીહરિનો વિયોગ :-

સ્વામીને શ્રીહરિમાં અપાર પ્રીતિ હતી. અને પ્રીતિ કરતાં પણ સમજણ અધિક હતી એટલે શ્રીહરિ જ્યાં કહે ત્યાં જતા. સ્વામી જુનાગઢ જ રહેતા, છતાં સં. ૧૮૮૬માં જ્યારે શ્રીહરિએ સ્વધામગમનની ઈચ્છા કરી ત્યારે સ્વામીને તેડાવીને દર્શનનું સુખ આપેલું. છતાં શ્રીહરિ અંતર્ધાન થયા પછી સ્વામીશ્રી એક દિવસ તુંબડી લઈ ચાલ્યા જતા હતા ત્યાં વહેતાં પાણીના ધોરિયાના કાંઠે મંદ-સુમંદ સમીરના સથવારે કિલ્લોલ કરતી ધ્રો જોઈ ત્યારે સહસા વિચાર સ્ફૂર્યો કે, 'આ ધ્રોનું જીવન જળ છે તો તેને લીધે સુખી સુખી છે અને હવે મારું જીવન તો ગયું...' આ વિચાર આવતા જ અચાનક ત્યાં જ મૂર્છિત થઈને ઢળી ગયા. શ્રીજી મહારાજ તત્કાળ પ્રત્યક્ષ દર્શન આપીને સ્વામીને મીઠો ઠપકો આપતા હોય એમ કહે છે, ''સ્વામી ! શું હું જતો રહ્યો છું ? હું તો અખંડ તમારામાં રહ્યો છું.'' આમ કહી હાથ પકડીને ઊભા કરીને પ્રેમથી ભૂજાઓ ભરીને ભેટી પડ્યા અને ખૂબ જ આલિંગન આપી આશ્વાસન આપી ને પાછા અંતર્ધાન થઈ ગયા.

ધામગમન :-

જેમની વાણી છતે દેહે અક્ષરધામના સુખનો અનુભવ કરાવતી એવા અક્ષરમૂર્તિ સદ્‌ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીએ અસંખ્ય આત્માઓને બ્રહ્મરૂપ કરીને પરબ્રહ્મના સુખે સુખિયા કરી દીધા. સોરઠમાં સિંહનાદની જેમ સર્વોપરીપણાનો ડંકો ગુંજવા લાગ્યો ત્યારે સ્વામીશ્રીએ સ્વકાર્ય સિદ્ધ થયાનો સંતોષ મેળવીને સં. ૧૯૨૩ના ભાદરવા વદિ-ત્રીજને દિવસે સૌને સ્વહસ્તે કાકડીનો પ્રસાદ આપીને જૂનાગઢ મંદિરેથી સત્સંગમાં વિચરણ માટે પધાર્યા.

કાળને પણ આ વાતનો અણસાર ન હતો કે સ્વામી હવે પાછા નહી આવે.

કારણ કે સ્વામી ૨૫ વર્ષથી કાળના માથા પર પગ દઈને ભક્તોને સુખ આપી રહ્યા હતા. સ્વામી વણથલી-ઉપલેટા થઈને ગોંડલ પધાર્યા.

ગોંડલ દરબારશ્રી અભેસિંહજીને સત્સંગનું સુખ આપ્યું. રાજકુંવર ભગવતૂસિંહજીનું નામકરણ કરીને શુભાશિષ આપી મંદિરે આવ્યા.

સં. ૧૯૨૩ આસો સુદ-બારસને ગુરુવારના રોજ સ્વામીએ શરદીને આમંત્રણ આપ્યુ. સંતોએ સેક કર્યો. ગરમ ઔષધિ જાવંત્રી ખવરાવી. સગડી કરીને શેક કર્યો. સ્વામી કહે, હવે સારું છે; સૂઈ જાઓ. ''સૌ સંતો સૂઈ ગયા અને બાર વાગ્યા પછી સ્વામી સ્વયં સ્વસ્તિક આસન વાળીને ધ્યાનમાં તલ્લીન થઈ ગયા. ૧.૪૫નો સમય થતાં મંદિર અસંખ્ય દિવ્ય વિમાનો અને મુક્તોથી ભરાઈ ગયું. અને જેમ ધામ છોડીને ધરાનો સ્વીકાર કર્યો હતો તેમ શ્રીહરિની સાથે જ ધરા છોડીને ધામનો સ્વીકાર કર્યો. વૃક્ષ પરથી પીળું પાન ખરે તેમ સહજતાથી દેહનો ત્યાગ કર્યો અને સમગ્ર સત્સંગ શોકાર્ણવમાં ડૂબી ગયો. આજે આ સ્વામીની વાતો એ જાણે સાક્ષાત્ તેમનું સ્વરૂપ હોય તેમ આપણને મોક્ષમાર્ગે દોરી રહી છે. એટલે સ્વામી ધામમાં ગયા છે એ વાત કરતાં સ્વામી સત્સંગમાં સદૈવ આપણને માર્ગદર્શન આપી રહ્યા છે એવી ભાવના આપણા માટે વધુ હિતકારી છે.

અંતમાં સાગર જેવા વિરાટ વ્યક્તિત્વને વ્યક્ત કરવા અસંખ્ય શબ્દાલંકારો વામણા લાગે છે. સેંકડો શબ્દકોષ નાના પડે છે અને કદાચ નૂતન શબ્દકોષ ઊભો કરીએ તો પણ શું ? તેમના મહિમાને કલમ શબ્દમાં કેદ કરી શકે ખરી ?

છતાં તેને દ્વિશતાબ્દી મહોત્સવ ગ્રંથમાળા તથા સોરઠી સત્સંગના આધારે શબ્દોની કેદમાં પૂરવાના નિષ્ફળ પ્રયત્ન બદલ ક્ષમા સાથે આ શબ્દસુમન તેમના શ્રી ચરણોમાં સમર્પિત કરું છું.

- શાસ્ત્રી સંતવલ્લભદાસ

વિષયાનુક્રમણિકા

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
૧. સુખી થવાના ઉપાયો			
(૦૧)	૧	૨	૧
(૦૨)	૧	૫૫	૧૨
(૦૩)	૧	૫૬	૧૨
(૦૪)	૧	૬૭	૧૩
(૦૫)	૧	૧૦૦	૧૮
(૦૬)	૧	૧૦૧	૧૮
(૦૭)	૧	૧૪૬	૨૪
(૦૮)	૧	૧૪૯	૨૫
(૦૯)	૧	૧૬૦	૨૭
(૧૦)	૧	૧૭૭	૨૯
(૧૧)	૧	૧૮૩	૩૦
(૧૨)	૧	૩૦૩	૪૬
(૧૩)	૧	૩૨૭	૪૯
(૧૪)	૨	૨૮	૬૯
(૧૫)	૨	૭૦	૯૩
(૧૬)	૩	૬	૯૮
(૧૭)	૩	૬૭	૧૧૧
(૧૮)	૩	૭૧	૧૧૨
(૧૯)	૩	૮૮	૧૧૫
(૨૦)	૩	૧૭૮	૧૨૯
(૨૧)	૩	૧૮૬	૧૩૦
(૨૨)	૫	૫૨	૧૮૩
૨. દ્રવ્ય વિષે			
(૦૧)	૧	૨૩	૫
(૦૨)	૧	૩૪	૭
(૦૩)	૩	૩૨	૧૦૪
(૦૪)	૩	૧૨૭	૧૨૧
(૦૫)	૩	૧૪૧	૧૨૩
(૦૬)	૫	૭૧	૧૯૦
૩. સંગનો પ્રભાવ			
(૦૧)	૧	૧૩૩	૨૨
(૦૨)	૧	૧૭૧	૨૮
(૦૩)	૧	૨૩૯	૩૮
(૦૪)	૨	૨૧	૬૫
(૦૫)	૨	૬૯	૯૩
(૦૬)	૩	૧	૯૭
(૦૭)	૩	૧૧	૯૯
(૦૮)	૩	૧૨	૧૦૦
(૦૯)	૩	૩૪	૧૦૫
(૧૦)	૩	૧૭૮	૧૨૯
(૧૧)	૫	૧૨	૧૭૦
(૧૨)	૫	૨૭	૧૭૫
(૧૩)	૫	૫૮	૧૮૫
(૧૪)	૫	૧૪૩	૨૧૬
(૧૫)	૫	૨૭૦	૨૪૯
(૧૬)	૫	૨૯૩	૨૫૩
૪. પંચ વિષય			
(૦૧)	૧	૪૨	૯
(૦૨)	૧	૪૩	૯

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.	ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૩)	૧	૪૬	૧૦	(૩૧)	૫	૧૪૪	૨૧૬
(૦૪)	૧	૫૨	૧૧	(૩૨)	૫	૧૪૫	૨૧૭
(૦૫)	૧	૬૮	૧૩	(૩૩)	૫	૧૫૫	૨૧૯
(૦૬)	૧	૮૬	૧૬	(૩૪)	૫	૧૬૩	૨૨૧
(૦૭)	૧	૯૮	૧૮	(૩૫)	૫	૧૭૦	૨૨૩
(૦૮)	૧	૨૦૦	૩૨	(૩૬)	૫	૨૧૦	૨૩૨
(૦૯)	૧	૨૦૩	૩૨	(૩૭)	૫	૧૧૪	૨૦૮
(૧૦)	૧	૩૦૦	૪૬	(૩૮)	૫	૨૧૭	૨૩૪
(૧૧)	૨	૧૪	૬૧	(૩૯)	૫	૨૨૭	૨૩૯
(૧૨)	૨	૫૯	૮૬	(૪૦)	૫	૨૪૩	૨૪૩
(૧૩)	૩	૩	૯૮	(૪૧)	૫	૨૫૧	૨૪૬
(૧૪)	૩	૧૧	૯૯	(૪૨)	૫	૨૭૨	૨૫૦
(૧૫)	૩	૪૨	૧૦૬	(૪૩)	૫	૨૭૩	૨૫૦
(૧૬)	૩	૫૩	૧૦૮	**૫. સેવા- ખપ- શ્રદ્ધા**			
(૧૭)	૩	૬૮	૧૧૧	(૦૧)	૧	૩૩૭	૫૧
(૧૮)	૩	૯૧	૧૧૫	(૦૨)	૩	૩૬	૧૦૫
(૧૯)	૩	૧૧૪	૧૧૯	(૦૩)	૩	૯૫	૧૧૬
(૨૦)	૩	૧૧૬	૧૧૯	(૦૪)	૩	૧૩૩	૧૨૨
(૨૧)	૩	૧૩૯	૧૨૩	(૦૫)	૩	૧૩૪	૧૨૨
(૨૨)	૩	૧૬૫	૧૨૭	(૦૫)	૫	૧૪	૧૭૦
(૨૩)	૫	૯	૧૬૯	(૦૬)	૫	૫૭	૧૮૫
(૨૪)	૫	૫૯	૧૮૬	(૦૬)	૫	૫૯	૧૮૬
(૨૫)	૫	૬૬	૧૮૮	(૦૭)	૫	૮૭	૧૯૮
(૨૬)	૫	૭૫	૧૯૨	(૦૮)	૫	૧૮૫	૨૨૭
(૨૭)	૫	૮૩	૧૯૬	**૬. વ્યવહાર-પ્રવૃત્તિ**			
(૨૮)	૫	૯૬	૨૦૩	(૦૧)	૧	૧૪	૪
(૨૯)	૫	૧૦૦	૨૦૪	(૦૨)	૧	૨૫	૫
(૩૦)	૫	૧૨૩	૨૧૨	(૦૩)	૧	૨૭૪	૪૩

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૪)	૧	૩૧૮	૪૮
(૦૫)	૧	૩૩૨	૫૦
(૦૬)	૨	૧૮	૬૩
(૦૭)	૩	૧૬	૧૦૧
(૦૮)	૩	૨૨	૧૦૨
(૦૯)	૩	૩૫	૧૦૫
(૧૦)	૩	૬૯	૧૧૧
(૧૨)	૩	૯૮	૧૧૬
(૧૩)	૩	૧૦૨	૧૧૭
(૧૪)	૩	૧૨૨	૧૨૦
(૧૫)	૩	૧૩૧	૧૨૧
(૧૬)	૩	૧૭૪	૧૨૮
(૧૭)	૫	૪૭	૧૮૧
(૧૮)	૫	૧૮૦	૨૨૬
(૧૯)	૫	૧૮૪	૨૨૬
(૨૦)	૫	૨૩૧	૨૪૦
(૨૧)	૫	૨૪૯	૨૪૫
(૨૨)	૫	૨૫૨	૨૪૬
૭. કર્તવ્ય-ધ્યેય			
(૦૧)	૧	૩૦૧	૪૬
(૦૨)	૨	૩૦	૭૦
(૦૩)	૩	૮૪	૧૧૪
(૦૪)	૩	૧૩૮	૧૨૨
(૦૫)	૩	૧૪૩	૧૨૪
(૦૬)	૩	૧૮૯	૧૩૧
(૦૭)	૫	૮૮	૧૯૯
(૦૮)	૫	૮૯	૧૯૯
(૦૯)	૫	૨૫૪	૨૪૬
૮. આજ્ઞાનું મુખ્યપણું			
(૦૧)	૧	૧૧૦	૧૯
(૦૨)	૧	૧૧૯	૨૧
(૦૩)	૧	૧૨૦	૨૧
(૦૪)	૧	૨૨૪	૩૬
(૦૫)	૩	૨૬	૧૦૩
(૦૬)	૩	૪૨	૧૦૬
(૦૭)	૩	૫૭	૧૦૯
(૦૮)	૩	૮૩	૧૧૪
(૦૯)	૩	૯૯	૧૧૬
(૧૦)	૩	૧૦૦	૧૧૬
(૧૧)	૩	૧૩૭	૧૨૨
(૧૨)	૫	૬૨	૧૮૭
(૧૩)	૫	૭૩	૧૯૧
(૧૪)	૫	૧૧૪	૨૦૮
(૧૫)	૫	૧૧૫	૨૦૯
(૧૬)	૫	૧૬૮	૨૨૨
(૧૭)	૫	૨૪૦	૨૪૨
(૧૮)	૫	૨૯૦	૨૫૩
૯. પંચ વર્તમાન-ધર્મને વિષે દ્રઢતા			
(૦૧)	૧	૧૪૨	૨૩
(૦૨)	૧	૨૦૭	૩૩
(૦૩)	૨	૧૫	૬૧
(૦૪)	૨	૧૬	૬૨
(૦૫)	૨	૪૭	૭૯
(૦૬)	૨	૫૧	૮૧
(૦૭)	૨	૫૫	૮૪
(૦૮)	૩	૧૪	૧૦૦

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૯)	૩	૬૯	૧૧૧
(૧૦)	૩	૧૪૪	૧૨૪
(૧૧)	૩	૧૫૪	૧૨૫
(૧૨)	૩	૧૭૬	૧૨૯
(૧૩)	૫	૪	૧૬૯
(૧૪)	૫	૧૫	૧૭૦
(૧૫)	૫	૪૮	૧૮૧
(૧૬)	૫	૬૩	૧૮૭
(૧૭)	૫	૧૦૧	૨૦૫
(૧૮)	૫	૧૦૩	૨૦૬
(૧૯)	૫	૧૩૫	૨૧૫
(૨૦)	૫	૧૪૬	૨૧૭
(૨૧)	૫	૧૫૧	૨૧૮
(૨૨)	૫	૧૫૮	૨૨૦
(૨૩)	૫	૧૮૦	૨૨૫
(૨૪)	૫	૨૦૬	૨૩૧
(૨૫)	૫	૨૬૬	૨૪૮
(૨૬)	૫	૨૭૭	૨૫૦
૧૦. ભગવદ્ વાર્તા-કથા મહાત્મ્ય			
(૦૧)	૧	૧૫	૪
(૦૨)	૧	૩૧	૭
(૦૩)	૧	૩૩	૭
(૦૪)	૧	૫૫	૧૨
(૦૫)	૧	૧૩૨	૨૨
(૦૬)	૧	૧૩૭	૨૨
(૦૭)	૧	૧૧૫	૨૦
(૦૮)	૧	૧૭૪	૨૮
(૦૯)	૧	૧૭૮	૨૯
(૧૦)	૧	૨૨૦	૩૫
(૧૧)	૧	૨૨૭	૩૬
(૧૨)	૧	૨૩૧	૩૭
(૧૩)	૧	૨૬૯	૪૨
(૧૪)	૧	૨૭૭	૪૩
(૧૫)	૧	૨૮૧	૪૪
(૧૬)	૧	૩૦૨	૪૬
(૧૭)	૧	૩૨૩	૪૯
(૧૮)	૧	૩૩૩	૫૦
(૧૯)	૩	૭	૯૯
(૨૦)	૩	૪૫	૧૦૭
(૨૧)	૩	૪૬	૧૦૭
(૨૨)	૩	૪૮	૧૦૭
(૨૩)	૩	૫૧	૧૦૮
(૨૪)	૩	૫૫	૧૦૮
(૨૫)	૩	૧૦૯	૧૧૮
(૨૬)	૩	૧૧૦	૧૧૮
(૨૭)	૩	૧૬૦	૧૨૬
(૨૮)	૫	૧૦૫	૨૦૬
(૨૯)	૫	૧૬૯	૨૨૩
(૩૦)	૫	૨૪૭	૨૪૪
(૩૧)	૫	૨૪૮	૨૪૫
૧૧. સત્સંગ અને અસંતથી દુર રહેવું			
(૦૧)	૧	૧૭	૪
(૦૨)	૧	૨૯	૬
(૦૩)	૧	૩૫	૭
(૦૪)	૧	૮૨	૧૫

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૫)	૧	૯૭	૧૭
(૦૬)	૧	૧૬૧	૨૭
(૦૭)	૧	૧૬૭	૨૮
(૦૮)	૧	૨૨૫	૩૬
(૦૯)	૧	૨૮૮	૪૫
(૧૦)	૧	૨૯૫	૪૫
(૧૧)	૧	૩૧૯	૪૯
(૧૨)	૨	૭	૫૬
(૧૩)	૨	૨૬	૬૮
(૧૪)	૨	૬૯	૯૨
(૧૫)	૨	૩૫	૭૨
(૧૬)	૨	૪૫	૭૮
(૧૭)	૨	૪૮	૭૯
(૧૮)	૨	૫૪	૮૩
(૧૯)	૨	૬૦	૮૭
(૨૦)	૨	૭૦	૯૩
(૨૧)	૨	૭૨	૯૪
(૨૨)	૩	૫	૯૮
(૨૩)	૩	૨૩	૧૦૨
(૨૪)	૩	૨૫	૧૦૩
(૨૫)	૩	૪૧	૧૦૬
(૨૬)	૩	૪૪	૧૦૭
(૨૭)	૩	૫૯	૧૦૯
(૨૮)	૩	૬૯	૧૧૧
(૨૯)	૩	૧૧૨	૧૧૯
(૩૦)	૩	૧૧૩	૧૧૯
(૩૧)	૩	૧૫૩	૧૨૫
(૩૨)	૩	૧૬૮	૧૨૭
(૩૩)	૩	૧૭૫	૧૨૮
(૩૪)	૫	૧૯	૧૭૨
(૩૫)	૫	૩૦	૧૭૬
(૩૬)	૫	૪૬	૧૮૦
(૩૭)	૫	૫૫	૧૮૪
(૩૮)	૫	૬૩	૧૮૭
(૩૯)	૫	૬૯	૧૮૯
(૪૦)	૫	૧૨૬	૨૧૨
(૪૧)	૫	૧૭૨	૨૨૩
(૪૨)	૫	૧૭૮	૨૨૫
(૪૩)	૫	૨૦૩	૨૩૧
(૪૪)	૫	૨૯૧	૨૫૩
૧૨. સંતો ભક્તોમાં હેત			
(૦૧)	૧	૩૨	૭
(૦૨)	૧	૬૯	૧૩
(૦૩)	૧	૧૨૯	૨૨
(૦૪)	૧	૧૫૨	૨૫
(૦૫)	૧	૨૩૭	૩૮
(૦૬)	૨	૪૨	૭૬
(૦૭)	૩	૮	૯૯
(૦૮)	૩	૯૨	૧૧૬
(૦૯)	૩	૧૨૧	૧૨૦
(૧૦)	૩	૧૨૯	૧૨૧
(૧૧)	૩	૧૫૭	૧૨૬
૧૩. ભગવાનનાં ભક્તોનો મહીમા અને તેના પ્રકાર			
(૦૧)	૧	૧૫૭	૨૬
(૦૨)	૧	૮૬	૧૬

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૩)	૧	૨૦૬	૩૩
(૦૪)	૧	૨૩૧	૩૭
(૦૫)	૧	૨૫૨	૪૦
(૦૬)	૧	૨૮૨	૪૪
(૦૭)	૨	૪૧	૭૫
(૦૮)	૨	૬૦	૮૭
(૦૯)	૩	૪	૯૮
(૧૦)	૩	૬૫	૧૧૧
(૧૧)	૩	૮૦	૧૧૩
(૧૨)	૩	૮૩	૧૧૪
(૧૩)	૫	૧૩૦	૨૧૩
(૧૪)	૫	૧૬૬	૨૨૨
(૧૫)	૫	૨૨૯	૨૩૯
૧૪. માયાનું કાર્ય અને તેના ગુણ			
(૦૧)	૧	૯	૩
(૦૨)	૧	૧૧	૩
(૦૩)	૧	૧૨	૩
(૦૪)	૧	૨૮	૬
(૦૫)	૧	૬૩	૧૩
(૦૬)	૧	૬૫	૧૩
(૦૭)	૧	૭૧	૧૪
(૦૮)	૧	૯૦	૧૭
(૦૯)	૧	૯૪	૧૭
(૧૦)	૧	૨૧૫	૩૪
(૧૧)	૧	૧૩૪	૨૨
(૧૨)	૧	૧૩૮	૨૩
(૧૩)	૧	૧૮૦	૨૯
(૧૪)	૧	૨૧૯	૩૫
(૧૫)	૧	૨૨૮	૩૬
(૧૬)	૧	૨૪૦	૩૮
(૧૭)	૧	૨૪૮	૪૦
(૧૮)	૧	૨૫૭	૪૧
(૧૯)	૧	૩૧૩	૪૮
(૨૦)	૧	૩૨૪	૪૯
(૨૧)	૧	૩૨૮	૫૦
(૨૨)	૨	૮	૫૬
(૨૩)	૨	૩૯	૭૫
(૨૪)	૨	૪૦	૭૫
(૨૫)	૨	૫૮	૮૫
(૨૬)	૨	૭૩	૯૫
(૨૭)	૩	૧૪	૧૦૦
(૨૮)	૩	૫૬	૧૦૮
(૨૯)	૩	૬૧	૧૧૦
(૩૦)	૩	૧૩૫	૧૨૨
(૩૧)	૩	૧૫૨	૧૨૫
(૩૨)	૩	૧૬૨	૧૨૬
(૩૩)	૩	૧૯૨	૧૩૧
(૩૪)	૫	૧૪	૧૭૦
(૩૫)	૫	૫૩	૧૮૩
(૩૬)	૫	૧૬૨	૨૨૧
(૩૭)	૫	૨૭૫	૨૫૦
(૩૮)	૫	૨૯૦	૨૫૩
૧૫. આધ્યાત્મિક પ્રયત્નો અને તેના પ્રકાર			
(૦૧)	૧	૨૦૧	૩૨
(૦૨)	૨	૧૭	૬૨

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૩)	૩	૯	૯૯
(૦૪)	૩	૨૦	૧૦૨
(૦૫)	૩	૩૮	૧૦૫
(૦૬)	૩	૬૪	૧૧૦
(૦૭)	૩	૭૦	૧૧૨
(૦૮)	૩	૮૫	૧૧૪
(૦૯)	૩	૯૬	૧૧૬
(૧૦)	૩	૧૭૩	૧૨૮
(૧૧)	૩	૧૭૭	૧૨૯
(૧૨)	૫	૪૫	૧૮૦
(૧૩)	૫	૯૧	૨૦૧
(૧૪)	૫	૯૨	૨૦૧
(૧૫)	૫	૯૫	૨૦૨
(૧૬)	૫	૧૨૨	૨૧૨
(૧૭)	૫	૧૩૯	૨૧૫
(૧૮)	૫	૧૪૦	૨૧૫
(૧૯)	૫	૧૪૧	૨૧૬
(૨૦)	૫	૨૨૮	૨૩૯
(૨૧)	૫	૨૫૫	૨૪૬
(૨૨)	૫	૧૩૪	૨૧૪
૧૬. ગુણ અને અવગુણ			
(૦૧)	૧	૧૬૫	૨૭
(૦૨)	૧	૨૩૮	૩૮
(૦૩)	૩	૧૮	૧૦૧
(૦૪)	૩	૧૯૧	૧૩૧
૧૭. ભગવાન અને ભગવાનનાં ભક્તનો દ્રોહ			
(૦૧)	૧	૧૨૩	૨૧
(૦૨)	૧	૨૦૫	૩૩
(૦૩)	૧	૨૨૨	૩૬
(૦૪)	૫	૧૦૬	૨૦૭
(૦૫)	૫	૧૧૨	૨૦૮
૧૮. ભગવાનનું ધ્યાન અને પૂજન			
(૦૧)	૧	૧૪૦	૨૦
(૦૨)	૧	૧૪૪	૨૪
(૦૩)	૧	૨૭૬	૪૩
(૦૪)	૧	૩૧૭	૪૮
(૦૫)	૨	૨૭	૬૮
(૦૬)	૩	૧૨	૧૦૦
(૦૭)	૩	૧૫	૧૦૧
(૦૮)	૩	૨૯	૧૦૪
(૦૯)	૩	૩૦	૧૦૪
(૧૦)	૩	૧૧૯	૧૨૦
(૧૧)	૩	૧૫૮	૧૨૬
(૧૨)	૫	૩	૧૬૮
(૧૩)	૫	૫૪	૧૮૪
(૧૪)	૫	૭૬	૧૯૨
(૧૫)	૫	૭૯	૧૯૩
(૧૬)	૫	૮૫	૧૯૭
(૧૭)	૫	૮૬	૧૯૮
(૧૮)	૫	૧૧૬	૨૦૯
(૧૯)	૫	૧૩૧	૨૧૩
(૨૦)	૫	૧૩૭	૨૧૫
(૨૧)	૫	૧૭૧	૨૨૪
(૨૨)	૫	૧૭૬	૨૨૫
(૨૩)	૫	૧૯૯	૨૩૦

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૨૪)	૫	૨૩૭	૨૪૧
(૨૫)	૫	૨૩૮	૨૪૨
(૨૬)	૫	૨૫૮	૨૪૭
(૨૭)	૫	૨૫૯	૨૪૭
(૨૮)	૫	૨૬૯	૨૪૯
(૨૯)	૫	૨૭૪	૨૫૦
૧૯. જ્ઞાન-અજ્ઞાન-સમજણ			
(૦૧)	૧	૩૯	૯
(૦૨)	૧	૪૦	૯
(૦૩)	૧	૪૧	૯
(૦૪)	૧	૪૭	૧૦
(૦૫)	૧	૫૩	૧૨
(૦૬)	૧	૯૯	૧૮
(૦૭)	૧	૧૩૬	૨૨
(૦૮)	૧	૧૮૫	૩૦
(૦૯)	૧	૧૯૦	૩૧
(૧૦)	૧	૧૯૨	૩૧
(૧૧)	૧	૨૨૬	૩૬
(૧૨)	૧	૨૨૯	૩૬
(૧૩)	૧	૨૩૦	૩૭
(૧૪)	૧	૨૪૩	૩૮
(૧૫)	૧	૨૭૮	૪૩
(૧૬)	૧	૨૯૬	૪૬
(૧૭)	૧	૩૧૪	૪૮
(૧૮)	૧	૩૧૬	૪૮
(૧૯)	૧	૩૩૯	૫૧
(૨૦)	૧	૩૪૦	૫૧
(૨૧)	૨	૬૭	૯૧
(૨૨)	૩	૧૭	૧૦૧
(૨૩)	૩	૭૩	૧૧૩
(૨૪)	૩	૮૨	૧૧૪
(૨૫)	૩	૧૦૩	૧૧૭
(૨૬)	૩	૧૪૫	૧૨૪
(૨૭)	૩	૧૬૪	૧૨૬
(૨૮)	૩	૧૬૫	૧૨૭
(૨૯)	૩	૧૬૭	૧૨૭
(૩૦)	૩	૨૯	૧૦૪
(૩૧)	૫	૧૪૮	૨૧૭
(૩૨)	૫	૧૭૯	૨૨૫
૨૦. ભગવાનનો આશરો			
(૦૧)	૧	૨૨	૫
(૦૨)	૧	૧૧૫	૨૦
(૦૩)	૧	૧૬૮	૨૮
(૦૪)	૧	૭૩	૧૪
(૦૫)	૧	૨૧૧	૩૪
(૦૬)	૧	૨૪૫	૩૯
(૦૭)	૩	૫૦	૧૦૮
(૦૮)	૫	૨૧૩	૨૩૩
૨૧. સાંખ્ય જ્ઞાન			
(૦૧)	૧	૮૭	૧૬
(૦૨)	૧	૧૦૯	૧૯
(૦૩)	૧	૧૨૮	૨૧
(૦૪)	૧	૧૭૫	૨૯
(૦૫)	૧	૨૪૨	૩૮
(૦૬)	૧	૨૭૮	૪૩
(૦૭)	૨	૨૨	૬૬

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.	ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૮)	૨	૪૪	૭૭	(૦૪)	૧	૨૩૪	૩૭
(૦૯)	૨	૬૪	૮૯	(૦૫)	૧	૨૫૦	૪૦
(૧૦)	૩	૪૭	૧૦૭	(૦૬)	૧	૨૫૬	૪૧
(૧૧)	૩	૫૮	૧૦૯	(૦૭)	૧	૨૮૩	૪૪
(૧૨)	૩	૮૯	૧૧૫	(૦૮)	૧	૩૩૦	૫૦
(૧૩)	૩	૯૦	૧૧૫	(૦૯)	૧	૩૩૬	૫૧
(૧૪)	૩	૬	૯૮	(૧૦)	૧	૩૪૨	૫૧
(૧૫)	૫	૧૦	૧૬૯	(૧૧)	૨	૧૩	૬૦
(૧૬)	૫	૧૮	૧૭૧	(૧૨)	૨	૩૩	૭૧
(૧૭)	૫	૪૩	૧૭૯	(૧૩)	૨	૪૩	૭૭
(૧૮)	૫	૭૨	૧૯૧	(૧૪)	૩	૧૭	૧૦૧
(૧૯)	૫	૭૫	૧૯૨	(૧૫)	૩	૭૮	૧૧૩
(૨૦)	૫	૮૭	૧૯૮	(૧૬)	૩	૮૬	૧૧૪
(૨૧)	૫	૧૬૦	૨૨૦	(૧૭)	૩	૧૦૬	૧૧૭
(૨૨)	૫	૧૬૧	૨૨૦	(૧૮)	૩	૧૨૩	૧૨૦
(૨૩)	૫	૧૯૪	૨૨૯	(૧૯)	૩	૧૩૬	૧૨૨
(૨૪)	૫	૧૯૭	૨૨૯	(૨૦)	૩	૧૪૯	૧૨૫
(૨૫)	૫	૨૦૦	૨૩૦	(૨૧)	૩	૧૬૯	૧૨૭
૨૨. જીવ				(૨૨)	૫	૨૩	૧૭૩
(૦૧)	૧	૧૮	૪	(૨૩)	૫	૨૫	૧૭૪
(૦૨)	૧	૭૦	૧૩	(૨૪)	૫	૩૨	૧૭૬
(૦૩)	૧	૩૨૨	૪૯	(૨૫)	૫	૪૨	૧૭૯
(૦૪)	૩	૪૩	૧૦૩	(૨૬)	૫	૭૦	૧૮૯
(૦૫)	૩	૯૨	૧૧૬	(૨૭)	૫	૮૨	૧૯૫
૨૩. આત્મારૂપ થવું				(૨૮)	૫	૮૪	૧૯૬
(૦૧)	૧	૧૩	૪	(૨૯)	૫	૯૪	૨૦૨
(૦૨)	૧	૧૪૨	૨૩	(૩૦)	૫	૯૯	૨૦૪
(૦૩)	૧	૧૭૨	૨૮	(૩૧)	૫	૧૬૧	૨૨૦

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૩૨)	૫	૧૭૫	૨૨૪
(૩૩)	૫	૧૯૧	૨૨૮
(૩૪)	૫	૨૬૭	૨૪૯
(૩૫)	૫	૨૭૮	૨૫૦
૨૪. સંતનો મહીમા			
(૦૧)	૧	૬	૩
(૦૨)	૧	૭	૩
(૦૩)	૧	૭૦	૧૩
(૦૪)	૧	૨૦	૫
(૦૫)	૧	૨૭	૬
(૦૬)	૧	૩૦	૬
(૦૭)	૧	૬૪	૧૩
(૦૮)	૧	૫૭	૧૨
(૦૯)	૧	૬૦	૧૨
(૧૦)	૧	૮૭	૧૬
(૧૧)	૧	૮૮	૧૬
(૧૨)	૧	૧૦૨	૧૮
(૧૩)	૧	૧૦૫	૧૯
(૧૪)	૧	૧૨૨	૨૧
(૧૫)	૧	૧૨૮	૨૧
(૧૬)	૧	૧૪૫	૨૪
(૧૭)	૧	૧૫૯	૨૬
(૧૮)	૧	૧૬૯	૨૮
(૧૯)	૧	૧૮૪	૩૦
(૨૦)	૧	૨૧૯	૩૫
(૨૧)	૧	૨૨૨	૩૬
(૨૨)	૧	૨૪૨	૩૮
(૨૩)	૧	૨૫૭	૪૧
(૨૪)	૧	૨૭૦	૪૨
(૨૫)	૧	૨૮૮	૪૫
(૨૬)	૧	૨૮૯	૪૫
(૨૭)	૧	૨૯૦	૪૫
(૨૮)	૧	૨૯૧	૪૫
(૨૯)	૧	૨૯૪	૪૫
(૩૦)	૧	૩૧૧	૪૭
(૩૧)	૧	૩૨૫	૪૯
(૩૨)	૨	૩	૫૪
(૩૩)	૨	૧૪	૬૧
(૩૪)	૨	૨૦	૬૫
(૩૫)	૨	૨૬	૬૮
(૩૬)	૩	૧૨	૧૦૦
(૩૭)	૩	૨૧	૧૦૨
(૩૮)	૩	૩૭	૧૦૫
(૩૯)	૩	૫૯	૧૦૯
(૪૦)	૩	૬૦	૧૦૯
(૪૧)	૩	૬૬	૧૧૧
(૪૨)	૩	૭૫	૧૧૩
(૪૩)	૩	૧૧૧	૧૧૯
(૪૪)	૩	૧૧૭	૧૧૯
(૪૫)	૩	૧૨૮	૧૨૧
(૪૬)	૩	૧૩૦	૧૨૧
(૪૭)	૩	૧૮૦	૧૨૯
(૪૮)	૫	૧૨૩	૨૧૨
(૪૯)	૫	૧૪૭	૨૧૭
(૫૦)	૫	૧૬૫	૨૨૧
(૫૧)	૫	૧૭૭	૨૨૫

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૫૨)	૫	૧૮૨	૨૨૬
(૫૩)	૫	૧૯૫	૨૨૯
(૫૪)	૫	૨૦૨	૨૩૧
(૫૫)	૫	૨૧૨	૨૩૩
(૫૬)	૫	૨૧૮	૨૩૪
(૫૭)	૫	૨૨૦	૨૩૭
(૫૮)	૫	૨૪૬	૨૪૪
(૫૯)	૫	૨૫૩	૨૪૬
(૬૦)	૫	૨૬૩	૨૪૮
૨૫. શ્રેષ્ઠ પ્રાપ્તિ			
(૦૧)	૧	૭૫	૧૪
(૦૨)	૧	૯૫	૧૭
(૦૩)	૧	૧૦૪	૧૮
(૦૪)	૧	૧૨૯	૨૨
(૦૫)	૧	૧૬૩	૨૭
(૦૬)	૧	૨૧૧	૩૪
(૦૭)	૧	૨૧૫	૩૪
(૦૮)	૧	૩૦૫	૪૭
(૦૯)	૧	૩૦૬	૪૭
(૧૦)	૨	૮	૫૬
(૧૧)	૨	૨૭	૬૮
(૧૨)	૨	૬૯	૯૩
(૧૩)	૩	૭૭	૧૧૩
(૧૪)	૩	૧૫૯	૧૨૬
(૧૫)	૫	૧૭	૧૭૧
(૧૬)	૫	૧૯૮	૨૩૦
(૧૭)	૫	૧૯૩	૨૨૯
(૧૮)	૫	૨૧૬	૨૩૪
(૧૯)	૫	૨૭૯	૨૫૦
૨૬. ભગવાન ને સંતની પ્રસન્નતા			
(૦૧)	૧	૩	૨
(૦૨)	૧	૧૬૬	૨૭
(૦૩)	૨	૨૫	૬૭
(૦૪)	૨	૩૨	૭૧
(૦૫)	૨	૩૪	૭૨
(૦૬)	૨	૩૮	૭૪
(૦૭)	૩	૬૨	૧૧૦
(૦૮)	૩	૮૧	૧૧૪
(૦૯)	૩	૧૨૬	૧૨૧
(૧૦)	૩	૧૪૦	૧૨૩
(૧૧)	૩	૧૭૮	૧૨૯
(૧૨)	૫	૪૪	૧૮૦
(૧૩)	૫	૨૪૪	૨૪૪
૨૭. અક્ષરધામનું પ્રધાનપણું			
(૦૧)	૧	૮૫	૧૬
(૦૨)	૧	૨૨૧	૩૫
(૦૩)	૨	૬૨	૮૮
(૦૪)	૫	૨૯૨	૨૫૩
૨૮. ભગવાનનો મહીમા			
(૦૧)	૧	૧	૧
(૦૨)	૧	૪	૨
(૦૩)	૧	૨૬	૫
(૦૪)	૧	૪૪	૧૦
(૦૫)	૧	૧૪૬	૨૪
(૦૬)	૧	૧૭૦	૨૮

ક્રમ	પ્રકરણ	વાત	પેજ નં.
(૦૭)	૧	૧૯૮	૩૨
(૦૮)	૧	૨૭૬	૪૩
૨૯. ભગવાનની કૃપા અને દયા			
(૦૧)	૧	૭૬	૧૫
(૦૨)	૧	૭૭	૧૫
(૦૩)	૧	૧૦૬	૧૯
(૦૪)	૧	૧૩૯	૨૩
(૦૫)	૧	૧૪૩	૨૪
(૦૬)	૧	૧૭૬	૨૯
(૦૭)	૧	૧૮૭	૩૦
(૦૮)	૧	૧૯૭	૩૧
(૦૯)	૧	૨૧૭	૩૫
(૧૦)	૧	૨૪૭	૩૯
(૧૧)	૧	૨૫૩	૪૦
(૧૨)	૧	૨૬૨	૪૧
(૧૩)	૧	૨૮૬	૪૪
(૧૪)	૧	૩૦૪	૪૬
(૧૫)	૧	૩૧૦	૪૭
(૧૬)	૧	૩૨૯	૫૦
(૧૭)	૨	૬	૫૫
(૧૮)	૩	૧૨	૧૦૦
(૧૯)	૩	૧૫૫	૧૨૫
(૨૦)	૩	૧૮૩	૧૩૦
(૨૧)	૩	૧૮૪	૧૩૦
(૨૨)	૫	૧૦૯	૨૦૭
૩૦. ઉપાસના-સર્વોપરીપણુ-નિષ્ઠા			
(૦૧)	૧	૩૯	૯
(૦૨)	૧	૧૬૨	૨૭
(૦૩)	૧	૧૮૯	૩૦
(૦૪)	૧	૧૯૩	૩૧
(૦૫)	૧	૨૦૪	૩૩
(૦૬)	૧	૨૨૪	૩૬
(૦૭)	૧	૨૬૧	૪૧
(૦૮)	૧	૨૯૮	૪૬
(૦૯)	૧	૩૦૭	૪૭
(૧૦)	૧	૩૦૯	૪૭
(૧૧)	૧	૩૧૫	૪૮
(૧૨)	૨	૪	૫૫
(૧૩)	૨	૫	૫૫
(૧૪)	૨	૯	૫૭
(૧૫)	૨	૧૨	૫૯
(૧૬)	૨	૧૬	૬૨
(૧૭)	૨	૨૪	૬૭
(૧૮)	૨	૪૬	૭૮
(૧૯)	૨	૬૬	૯૦
(૨૦)	૩	૨	૯૭
(૨૧)	૩	૧૩	૧૦૦
(૨૨)	૩	૯૩	૧૧૬
(૨૩)	૫	૨૯૪	૨૫૩
૩૧. સર્વ કર્તા હર્તા ભગવાન			
(૦૧)	૧	૪૫	૧૦
(૦૨)	૧	૧૪૯	૨૫
(૦૩)	૧	૨૦૧	૩૨
(૦૪)	૧	૨૩૬	૩૭
(૦૫)	૫	૧૮૬	૨૨૭

અનુક્રમણિકા

પ્રકરણ	વિગત	પાના નં.
૧	ભગવાન તથા સંતના મહિમાનું મુખ્યપણું	૦૧
૨	ભગવાનના નિશ્ચય તથા માહાત્મ્યનું મુખ્યપણું	૬૬
૩	સંત સમાગમનું મુખ્યપણું	૧૨૨
૪	પૂર્ણ પુરૂષોત્તમ ભગવાનનાં ઐશ્વર્ય તથા સામર્થ્યનું મુખ્યપણું	૧૬૭
૫	સર્વદેશી સમજણનું મુખ્યપણું	૨૧૩
--	પરિશિષ્ટ-૧	૩૨૧
--	પરિશિષ્ટ-૨	૩૨૪
--	પરિશિષ્ટ-૩	૩૩૩

ॐ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

અ.મૂ.સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો

પ્રકરણ ૧લું

શ્રી ભગવાન તથા સંતના મહિમાનું મુખ્યપણું

પ્રથમ તો સર્વે સંકલ્પને પડ્યા મૂકીને એકાગ્રચિત્ત થઈને શ્રીજી મહારાજ પુરુષોત્તમને સંભારીને એમ ધારવું જે, સ્વામી વાતું કરે છે ને આપણે સાંભળીએ છીએ. એમ સાંભળીને તે પ્રમાણે પોતાના અંતરમાં તપાસ કરતા જાવું; ને કહ્યું છે તેમ સમજીને વર્તવું.

महाध्यानाभ्यासं विदधतमजस्रं भगवतः ।
पवित्रे संप्राप्तं स्थितिमतिवरैकांतिकवृषे ।
सदानंदं सारं परमहरिवार्ताव्यसनिनं ।
गुणातीतानंदं मुनिवरमहं नौमि सततम्[१] ॥१॥

ભગવાન ને સાધુના મહિમાની વાતું નિરંતર કરવી ને સાંભળવી. શ્રીજી મહારાજ તો પોતાનું અક્ષરધામ, પાર્ષદ ને પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને અહીં પધાર્યા છે, તે એવા ને એવા જ છે. ને દેહ મૂકીને જેને પામવા છે તે આજ દેહ છતાં જ મળ્યા છે, કાંઈ બાકી નથી. એમ ન સમજાય તેથી જીવમાં દુબળાઈ રહે છે, ને એમ સમજાય ત્યારે કોઈ દિવસ જીવમાં દુબળાઈ મનાય જ નહિ; ને જીવ બીજી રીતનો થઈ જાય. ને **મહિમા સમજવા જેવું બીજું કોઈ મોટું સાધન પણ નથી,** ને મહિમા વિના બીજાં ગમે એટલાં સાધન કરે તો પણ જીવ બળને પામે

---

૧. **અર્થ** :– નિરંતર ભગવાનના ધ્યાનનો અત્યંત અભ્યાસ કરનારા, અત્યંત શ્રેષ્ઠ એકાંતિક ધર્મમાં સ્થિતિ પામેલા, ભગવાનની અત્યંત વાતો કરવાના વ્યસનવાળા અને સત્, ચિત્ ને આનંદમય જેનું સ્વરૂપ છે એવા ગુણાતીતાનંદ નામના મોટા મુનિને હું નિરંતર નમસ્કાર કરું છું.

નહિ; ને એવો મહિમા સમજવાનું કારણ તો એવા ભગવદીયનો પ્રસંગ છે; પણ તે વિના એવો મહિમા સમજાતો નથી. ॥૧॥

સાંખ્ય વિચાર[૧] કરવા શીખવો ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ; તથા અધ્યાત્મ[૨], અધિભૂત[૩] ને અધિદૈવ[૪] એ ત્રણ તાપ એ સર્વેનું દુઃખ માટે નહિ, ને સાંખ્ય વિના અર્ધો સત્સંગ કહેવાય. માટે સુખિયા રહેવાને અર્થે સાંખ્ય વિચાર કરવો. ॥૨॥

પ્રહ્લાદજીએ[૪] નારાયણ સાથે ઘણા દિવસ સુધી યુદ્ધ કર્યું, પણ ભગવાન જીતાણા નહિ; પછી ભગવાને પ્રહ્લાદને કહ્યું જે, "એ યુદ્ધે કરીને તો હું જીતાઉં એવો નથી. મને જીતવાનો ઉપાય તો એ છે જે જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારું ચિંતવન કરવું ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી; એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ રાખવી." પછી એવી રીતે પ્રહ્લાદે અભ્યાસ કર્યો ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે, તે શીખવો. ॥૩॥

---

૧. યથાર્થ જ્ઞાન, સમ્યક્ વિચાર, અન્તર્દ્રષ્ટિ, દેહ, લોક અને ભોગને મિથ્યા સમજવા અને આત્માને સત્ય સમજવો.

૨. મનના દુઃખ

૩. દેહ સંબંધી રોગ વગેરેના દુઃખ.

૪. દેવ સંબંધી આપદા જેવી કે દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ, તીડ પડવા, રેલ આવવી વગેરે.

૫. **પ્રહ્લાદજીનું દૃષ્ટાંત** : એક વખત ચ્યવન ઋષિ સવારે બહુ વહેલા સ્નાન કરવા ગયેલા, તેને કોઈ અસુરે લઈ જઈ પાતાળમાં વાસુકી નાગના બંધનમાં રાખ્યા, પણ ઋષિના ભજનથી નાગનું ઝેર ઓછું થતું જણાયું; તેથી નાગે ઋષિને દૈત્યના રાજા પ્રહ્લાદને સોંપ્યા. પ્રહ્લાદે પોતાને મૃત્યુલોકનાં બધાં તીર્થ કરાવવાની શરતે ઋષિને મૃત્યુલોકમાં પહોંચાડ્યા. તે પછી ઋષિ અને પ્રહ્લાદ તીર્થ કરતાં કરતાં બદરિકાશ્રમમાં આવ્યા. ત્યાં નર-નારાયણને ધનુષબાણ સહિત તપ કરતા જોઈ, તે રાખવાનું કારણ પૂછતાં "તારા જેવા દૈત્યોને મારવા માટે રાખેલ છે." એવો ઉત્તર ભગવાન તરફથી મળવાથી પ્રહ્લાદે યુદ્ધ કર્યું હતું.

ભગવાનની મોટાઈ જેનાં અંતરમાં સમજાણી હોય, તેને **ગમે તેવા દેશકાળની અવળાઈ**[1] **થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે,** ઈત્યાદિકમાં પણ એમ સમજે જે, 'ભગવાનના કર્યા વિના પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી.' એમ સમજીને સુખી રહે; ને એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય. ॥૪॥

આ જીવ સાધન તે શું કરશે ? એ તો જેમ કોશ જોડીને[2] વાડી કરવી તેમાં ઘણો દાખડો કરવો પડે તેવું છે.કેમ જે તેને ઢોર ખાય,પંખી ખાય; તેમ સાધન વતે કલ્યાણ થાવું તે એવું છે.ને ભગવાનની પ્રાપ્તિ તો કેવી છે?જે આ પૃથ્વીમાં વરસાદ વરસે ને દાણા પાકે છે,પછી તેને ઢોર ખાય,પંખી ખાય ને ચોર લઈ જાય તો પણ ખૂટે નહિ. કૂવા, તળાવ ને નદીઓ ખૂટે પણ સમુદ્ર ન ખૂટે;તેમ ભગવાન વતે કલ્યાણ તે એવું છે.ને આ તો બહુ જ દુર્લભ છે,પણ મહિમા સમજાતો નથી. ॥૫॥

મોટાને સેવ્યા હોય ને તેના ગુણ આવ્યા હોય તેને દેશકાળ ન લાગે. કેની પેઠે ? તો જેમ સૂર્ય આગળ અંધારું ભેળું થઈને જાય, તો પણ ત્યાં રહેવા પામે નહિ. ॥૬॥

ભગવાનમાં જોડાણા હોય, ભગવાનની મરજીને પણ જાણતા હોય ને ભગવાનની આજ્ઞામાં રહેતા હોય એવા સાધુ સાથે પોતાના જીવને બાંધવો; તે થકી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ને મહિમા સહિત ઉપાસના;

---

૧. દેશકાળ-સ્થળ, સમય વગેરેની પરિસ્થિતિ, વ્યાપક અર્થમાં દેશકાળ શબ્દથી આઠનું ગ્રહણ થાય છે. દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને ધ્યાન (વચનામૃત).

૨. **કોશ જોડીને વાડી :** કુવામાંથી બળદ દ્વારા પાણી કાઢવામાં વપરાતા ચામડાના કે લોઢાના પાત્રને કોશ કહેવાય છે. કોશથી પાણી સિંચીને ખેતી કરે તે બહુ કઠણ છે ઘણી મહેનત પછી ઓછો પાક થાય છે. અને વરસાદ થાય ને ખેતી કરે તો ઓછી મહેનતથી બહુ પાક થાય. તેમ સાધનથી કલ્યાણ થવું તે કોશ જોડીને ખેતી કરવા જેવું છે. અને ભગવાન કૃપા કરે ને કલ્યાણ થાય તે વરસાદથી ખેતી કરવા જેવું છે એવું તાત્પર્ય છે.

એ સર્વે ગુણ પમાય પણ તે વિના ક્યાંથી પમાય ? **ને જેવા સાધુને સેવે તેવા ગુણ આવે;** તે મુમુક્ષુ હોય તે પણ ઘટી જાય ને પામર હોય તે વધી જાય; માટે સર્વેનું કારણ સંગ છે. **॥૭॥**

ઇન્દ્રિયારામ હોય તે દબાય પણ આત્મારામ હોય તે ન દબાય. કેમ જે ઇન્દ્રિયારામને તો સેવા કરીને કે પદાર્થ આપીને પણ દબાવીએ, પણ આત્મારામ હોય તે શા સારુ દબાય ? કેમજે એને તો કાંઈ જોઈએ જ નહિ; ને એ તો અનંતને દબાવી દે, પણ પોતે દબાય નહિ. **॥૮॥**

સંસાર મૂકીને ત્યાગી થાય તે દુઃખમાત્રને ટાળીને સુખિયો થઈ જાય; પરંતુ ત્યાગી થયા પછી પણ વાસનાનું દુઃખ રહે છે. તે વાસના લોભની, કામની, સ્વાદની, સ્નેહની ને માનની છે. તે વાસના ટળે તેમ તેમ સુખિયો થાય છે. **॥૯॥**

ઇન્દ્રિયો, અંતઃકરણ એ સર્વે કુસંગી છે. તે જે જે વિષયનો જોગ થાય તે તે રૂપ થઈ જાય એવો જ એ જીવનો સ્વભાવ છે. તે એવા જીવને ભગવાનના સાધુ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા, ઉપાસના એ સર્વે ગુણ આપે છે. **॥૧૦॥**

રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય ને સારી મેડી મળી તે સત્સંગીને પણ માયાનું બંધન થયું. કેમજે, એમાંથી જીવ નીકળે નહિ; માટે એ તો જેવું તેવું સાધારણ મળે તે સારું છે. **॥૧૧॥**

દોષ રહે છે ને ટળી જાતા નથી, એ તે કેવળ દોષ જ છે કે તેમાં કાંઈ ગુણ પણ છે ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે દોષ પીડે તેથી સત્સંગમાં દીન આધીન રહેવાય; ને સત્સંગની ગરજ રહે ને ભગવાનની સ્તુતિ થાય; ને દોષનો કજીયો હોય તેથી જ્ઞાન થાતું જાય. તે વિના એવી ગરજ રહે નહિ; માટે એ ગુણ છે. **॥૧૨॥**

INDEX

દેહે કરીને ક્રિયા કરતો હોય ને પોતાનું રૂપ જુદું સમજીને ભજન કરતો હોય, તો બહુ સમાસ[૧] થાતો જાય; પણ ક્રિયારૂપ થઈને તેમાં ભળી જાય તો ઠીક નહિ. ॥૧૩॥

કરોડ કામ બગાડીને પણ મોક્ષ સુધારવો; ને કદાપિ કરોડ કામ સુધાર્યા ને એક મોક્ષ બગાડ્યો તો શું કર્યું ? ॥૧૪॥

નવધા ભક્તિ[૨] આદિક સાધને કરીને જીવ શુદ્ધ તો થાય છે, પણ વાતે કરીને જેવો શુદ્ધ થાય એવો થાતો નથી; માટે શબ્દ જેવું તો કોઈ બળવાન નથી. ॥૧૫॥

શિવજી મોહિની સ્વરૂપમાં મોહ પામીને વ્યાકુળ થઈ ગયા[૩], તે પછી અંતરમાં જોયું ત્યારે જાણ્યું જે "મારા સ્વામીની માયામાં હું મોહ પામું એમાં શું ?" એમ વિચાર કર્યો ત્યારે અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે દેશકાળ તો લાગે ખરો, પણ જ્ઞાને કરીને તેનું દુઃખ મટે. ॥૧૬॥

ભગવાને તો કહ્યું છે જે, "જેવો હું સત્સંગે કરીને વશ થાઉં છું, એવો તપ, યજ્ઞ, યોગ, વ્રત, દાનાદિક સાધને કરીને પણ વશ થાતો નથી.[૪]" **તો સત્સંગ શું ? તો જે મોટા એકાંતિકને હાથ જોડવા ને તે કહે તેમ કરવું એ જ છે. ॥૧૭॥**

---

૧. પુષ્ટિ પમાય, પોષણ થાય, આગળ વધાય.

૨. કથાવાર્તા, ગુણકીર્તન, નામસ્મરણ, પાદસેવન, અર્ચન અર્થાત્ ચંદન વગેરેથી પૂજન; વંદન, દાસપણે ગુલામ ભાવે વર્તવું, સખ્યમિત્રભાવ અને આત્મનિવેદન.

૩. **શિવજી મોહ પામ્યા** : સમુદ્રમંથન સમયે અમૃત મળ્યું ત્યારે દેવ અને દાનવો વચ્ચે ખેંચતાણ અને યુદ્ધ જેવી સ્થિતિ સર્જાણી ત્યારે ભગવાને મોહિની-સૌંદર્યવાન સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. દાનવોની નજર ઠરી અને યુદ્ધ શાંત થયું.
આ વાત સાંભળતા શિવજીને તે સ્વરૂપ દર્શનની ઉત્કટ ઈચ્છા થઈ. ભગવાને ઘણી ના કહી પણ અંતે શિવજીના દુરાગ્રહને વશ થઈને ભગવાને ફરીને - મોહિનીનું સ્વરૂપ ધારણ કર્યું. તેના સૌંદર્યથી મુગ્ધ કામ વિહ્વળ શિવજી તેને મળવા વ્યાકુળ થયા અને વીર્ય સ્ખલન થઈ ગયું. (ભાગવત ૧-૩; ૮-૮)

૪. શ્રીમદ્ ભાગવત ૧૧-૧૨/૧-૨.

INDEX

જીવ તો બહુ બળિયો છે, તે સાવજના દેહમાં આવે ત્યારે કેવું બળ હોય ? ને એનો એ જીવ જ્યારે બકરાના દેહમાં આવે ત્યારે ગરીબ થઈ જાય છે. ॥૧૮॥

કરોડો રૂપિયા ખરચતાં પણ આવા સાધુ મળે નહિ, ને કરોડો રૂપિયા દેતાં પણ આ વાતું મળે નહિ, ને કરોડો રૂપિયા આપતાં પણ મનુષ્યદેહ મળે નહિ. ને આપણે પણ કરોડો જન્મ ધર્યાં છે, પણ કોઈ વખત આવો જોગ[૧] મળ્યો નથી. નીકર શું કરવા દેહ ધરવો પડે ? ॥૧૯॥

મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે. ને વૈરાગ્ય તે તો વિષય સાથે વૈર કરાવે, પણ ભગવાનનું કામ ન કરે, ને આત્મનિષ્ઠા છે તે સર્વેમાંથી પ્રીતિ તોડાવે, પણ ભગવાનનું કામ ન કરે. ને ધર્મ છે તેણે કરીને સુખી રહે, પણ ભગવાનનું કામ ન કરે; માટે મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે; માટે એનો અવગુણ ન લેવો. ॥૨૦॥

આ તો ભગવાને સહુનું સામર્થ્ય ઢાંકી રાખ્યું છે, નીકર તો શાપ દઈને બાળી મૂકે; નીકર ગાંડા થઈને ક્યાંયના ક્યાંય ચાલ્યા જાય; નીકર હાથે દેહ મૂકીને જાતા રહે, પણ આ તો કોઈનું ચાલવા દેતા નથી. ॥૨૧॥

ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. કેની પેઠે ? તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે, ને હાથ ડોકની રક્ષા કરે છે, ને માવતર છોકરાંની રક્ષા કરે છે, ને રાજા પ્રજાની રક્ષામાં છે; તેમજ ભગવાન આપણી રક્ષામાં છે. ॥૨૨॥

ભગવાન છે તે કેટલાકને સમૃદ્ધિ આપે છે ને કેટલાકને નથી આપતા. તેનું કેમ સમજવું ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, ઝાઝું ધન મળે તો વધારે ફેલ[૨] કરે, માટે થોડું મળે તે ઠીક છે. ॥૨૩॥

---

૧. સમાગમ.

૨. બિન જરૂરી ખર્ચ, ઉડાઊ સ્વભાવથી થતો ખર્ચ.

INDEX

પાંચ-દશવાર સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ જાણે અજાણે લેશે, તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે;ને આખા બહ્માંડને સત્સંગ કરાવવો છે.**॥૨૪॥**

જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ; માટે એ વાત પણ જાણી રાખવી. **॥૨૫॥**

વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે, ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ[૧] છે. **॥૨૬॥**

એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી[૨]; તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની મોટા થકી શીખાય છે. **॥૨૭॥**

હીરો છે તે કોઈ રીતે ફૂટે નહિ, પણ તે માંકડના લોહીથી ફુટે. તેમ વાસના કોઈ રીતે ટળે નહિ; પણ મોટા કહે તેમ કરે, તેનો ગુણ આવે, ને

---

૧. ઈચ્છાનુરૂપ પદાર્થ આપતું દિવ્ય રત્ન.

૨. **બુદ્ધિ લીધી** : રાજકુંવર અને પ્રધાનપુત્ર બન્ને જંગલમાં ફરવા ગયા. ફરતાં ફરતાં રાત પડી જવાથી ત્યાં જ રાત રહ્યા. સવારે જમવાનું લેવા માટે પ્રધાનપુત્ર બાજુના નગરમાં ગયો. દરવાજો બંધ હતો તેથી ત્યાં બેસી રહ્યો. ત્યાંનો રાજા નિરવંશ જવાથી પ્રજાએ નક્કી કર્યું કે, દ્વાર ખોલતા જે પ્રથમ મળે તેને રાજા બનાવવો. દ્વાર ખૂલતા પ્રધાનપુત્ર નગરમાં દાખલ થયો અને તેના નસીબના જોરે તેને રાજગાદી મળી.

રાજકુંવર પ્રધાનપુત્ર મિત્રની રાહ જોઈને થાક્યો અને તેને શોધતો-ફરતો તે જ નગરમાં આવી પહોંચ્યો. ત્યાં એક દુકાન પર બોર્ડ લખેલું,"અહીં બુદ્ધિ વેચાય છે. રાજકુમારને રસ પડતા શેઠને પૂછ્યું તો કહે, 'એકથી લાખ રૂપિયા સુધીની બુદ્ધિ મળે છે.' રાજકુમારે લાખ રૂપિયાની વીંટી કાઢીને આપી અને બુદ્ધિ ખરીદી. દુકાનદાર શેઠે લખી આપ્યું, "આપણાથી નાનાને અધિકાર મળે તોપણ તેને નમી દેવું." રાજકુંવર તેને કંઠસ્થ કરતો કરતો જતો હતો ત્યાં રાજાની સવારી નીકળી. પ્રધાનપુત્રને જોઈને તેને પ્રથમ ક્રોધ આવ્યો પણ પેલું વાક્ય યાદ આવ્યું તેથી સલામ કરી. પ્રધાનપુત્રએ આ જોયું. સવારી પૂરી થયા પછી તેને રાજદરબારમાં બોલાવીને પોતાની સત્તાથી રાજકુમારને ગાદી આપી દીધી અને પોતે પ્રધાન બની ગયો. લાખ રૂપિયાની બુદ્ધિ કામ લાગી ગઈ.

એની ક્રિયા ગમે તો તેથી ટળે. નીકર સાધન તો સૌભરિ આદિકનાં[1] કેવાં ! તો પણ વાસના ટળી નહિ. ॥૨૮॥

સત્સંગ થાય પણ સંગ વિના સત્સંગનું સુખ ન આવે; કેની પેઠે ? તો જેમ ખાધાનું મળે પણ ખાધા વિનાનું સુખ ન આવે. જેમ લુગડાં[2] ઘરેણાં[3] મળે તો પણ પેર્યા વિના તેનું સુખ ન આવે; તેમ સંગ વિના સત્સંગનું સુખ આવે નહિ. ॥૨૯॥

અને આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય. ને વાતું સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય. ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય. એમ મહિમા જાણવો. ॥૩૦॥

આથી કરોડ ગણો સત્સંગ થાશે ને આથી કરોડ ગણાં મંદિર થાશે; પણ આ વાતું ને આ કથા નહિ મળે, ને વ્યવહાર પ્રધાન થઈ જાશે. માટે સહેજે સહેજે કરવું ને આ કારખાનાં[4] તો બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી ચાલશે; માટે કથા વાર્તા કરવા સાંભળવાનો અભ્યાસ રાખવો. ને આપણે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ; એ ચારે વાત રાખવી, પણ એક જ મુખ્ય ન કરવું. ॥૩૧॥

---

૧. **સૌભરિના સાધન** :- ભાગવતજી પ્રમાણે સૌભરિ ઋષિએ ભગવત્ પ્રાપ્તિ માટે પાણીમાં ઊભાં ઊભાં ૬૦ હજાર વર્ષ કઠોર તપ કરેલુ. પણ અચાનક એક દિવસ તેમની દ્રષ્ટિ માછલા-માછલીના મૈથુન તરફ પડી અને પરણવાનો સંકલ્પ થયો. ૩૦ હજાર વર્ષની તપશ્ચર્યાના બદલામાં ચિરયૌવન મેળવ્યું ને માંધાતા રાજાની ૫૦ કન્યાઓને એકલા જ પરણ્યા. અને ૩૦ હજાર વર્ષની તપશ્ચર્યાના બદલામાં સુખ-સમૃદ્ધિ-વૈભવ મેળવ્યા. પછી થાક્યા અને વનમાં જઈને તપ કરીને સ્ત્રીઓ સહિત સદ્ગતિને પામ્યા.
(ભાગવત ૯।૬।૩૮/૫૫)

૨. કપડાં.

૩. અલંકારો,આભૂષણો

૪. મંદિરમાં થતા બાંધકામ માટે ઉપેક્ષાવૃત્તિથી અથવા ત્યાગની આગવી છટાથી સ્વામી દ્વારા પ્રયોજાયેલો શબ્દ.

INDEX

ત્યાગ, વૈરાગ્ય, નિયમ ને ધર્મની કેટલીક વાત કરીને બોલ્યા જે, ત્યાગ= વૈરાગ્યને શું કરવાં ? ગમે એવો જીવ હશે પણ ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ[૧] એ જ સત્સંગી છે. ને તે વિના તો ગમે તેટલી ભક્તિ કરે તો પણ શું ? ને કૃપાએ કરીને અખંડ મૂર્તિ દેખે તો પણ શું ? **માટે ભગવાનના ભક્તમાં આત્મબુદ્ધિ[૧] એ જ સત્સંગ છે.** ને સત્સંગ તો રાત્રિપ્રલય[૨] સુધી કરશું ત્યારે થાશે; પછી તેને દેશકાળ નહિ લાગે; એવો સત્સંગ કરવો છે. **॥૩૨॥**

આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે; ને બાળ જોબન ને વૃદ્ધ, એ ત્રણ પ્રકારની સ્ત્રીયું તથા કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે; ને કાંઈ દીઠું નહિ ગમે એવું થાશે. ત્યારે કહેશો જે વાતું સાંભળીએ છીએ ને એવું કેમ થવાતું નથી ? તે તો આજ આંબો વાવો ને કાલ કેરી કેમ થાય ? પણ એ જ આંબો દશ વર્ષનો થાય ત્યારે એમાંથી કેરીયું થાય છે. એમ થવાનું છે. **॥૩૩॥**

અને આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કે કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી, માટે તેનો તપાસ કરવો ને પાછું વળવા શીખવું. **॥૩૪॥**

આલોડ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ
ઇદમેકં સુનિષ્પન્નં ધ્યેયો નારાયણો હરિઃ[૨] ॥૨॥

એ શ્લોકમાં વ્યાસજીએ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત કહ્યો છે : જે "ભગવાનનો આશરો કરવો." તેમજ અમે તપાસ કર્યો જે સર્વનો સિદ્ધાંત તો સાધુનો સંગ જ છે. **॥૩૫॥**

---

૧. પોતાપણાની ભાવના.

૨. **અર્થ** :- સર્વ શાસ્ત્રોનું વારંવાર મનોમંથન કરીને, વારંવાર વિચાર કરીને આ એક તારણ-સાર કાઢ્યો છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ ધ્યાન કરવા યોગ્ય, ભક્તિ-ઉપાસના કરવા યોગ્ય છે. (લિંગપુરાણ ૭॥૧૧।૨.)

સર્વ કરતાં લક્ષ્મીજીની સમજણ[૧] અધિક કહી; કેમ જે તેને ભગવાનમાં નિર્દોષ બુદ્ધિ હતી તો પણ તેમાં સ્ત્રીનો ભાવ ખરો. માટે તે કરતાં ઉદ્ધવજીની સમજણ[૨] અધિક છે. કેમ જે ઉદ્ધવજી જ્ઞાની ને તેને ભગવાનમાં નિર્દોષપણું, પણ તેને ઘર મૂકતાં કઠણ પડ્યું. માટે તે કરતાં પણ જડભરત ને શુકજીની સમજણ[૩] અધિક; કેમજે એને સ્ત્રી પુરુષ એવો ભાવ નહિ. ॥૩૬॥

---

૧. **લક્ષ્મીજીની સમજણ** :- ભગવાન શ્રીકૃષ્ણની અષ્ટ પટરાણીઓમાંથી રુક્મિણી અર્થાત્ લક્ષ્મીજીને ભગવાનમાં અત્યંત નિર્દોષભાવ હતો. બીજી પટરાણીઓના રિસામણાં-મનામણાં થતાં પણ રુક્મિણીજી શ્રીકૃષ્ણને ભગવાન જાણતાં. એટલે જ શ્રીકૃષ્ણ તેમની પ્રીતિના પુષ્પમાત્રથી તોળાયા અને સત્યભામાએ શ્રીકૃષ્ણની ભારોભાર સોનું મૂક્યું છતાં ન તોળાયા. છતાં તેમાં સ્ત્રીભાવનો ઉલ્લેખ વ્યાસજીએ કર્યો છે.

જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને તેનું અપહરણ કર્યુ ત્યારે તેનો ભાઈ રુક્મી સૈન્ય લઈને પાછળ પડ્યો અને ઘમસાણ યુદ્ધ થયું. અંતે રુક્મિને મારવા તૈયાર થયા ત્યારે "રુક્મિણીએ મારો ભાઈ છે, તેને ન મારો" તેમ વિનંતી કરી. ભગવાને રુક્મિણીને મિથ્યામોહ છોડી દેવા ઉપદેશ દીધો છતાં દેહાંત દંડ ન આપવા વિનંતી કરી. અંતે તેને માથું-મુંછો મૂંડીને છોડી દીધો. (શ્રીમદ્ ભાગવત-૧૦।૫૨-૫૩).

૨. **ઉદ્ધવજીની સમજણ** : મથુરા પ્રવેશ સમયે કંસની દાસી આમ દિવ્યભાવ હતો પણ દૈહિક સંબંધીમાં પણ હેત હતું. ખાસ કુબજાને આપેલા વચન પ્રમાણે શ્રીકૃષ્ણ તેને ઘેર ગયા ત્યારે દ્વાર પર ઉદ્ધવજીને ચોકી કરવા બેસાર્યા છતાં સંશય ન થયો કે, ભગવાન તેની સાથે એકાંતમાં કેમ રહ્યા ? તેણે ભગવાનને અગ્નિ જેવા નિર્લેપ જાણ્યા. એવું જ્ઞાન થયું છતાં પોતાનું અવતારકાર્ય પૂર્ણ કરીને ભગવાન માનવ લીલા સંકેલવા તૈયાર થયા ત્યારે ઉદ્ધવને કહ્યું, હવે દ્વારકા પાણીમાં ડૂબી જશે માટે ઘર છોડીને મારું ભજન કરજે.' વારંવાર કહેવા છતાં તેમણે ગૃહત્યાગ ન કર્યો અને અંતે એકાદશ સ્કંધના ૨૯માં અધ્યાય સુધી જ્ઞાનોપદેશ આપ્યો ત્યારે બદરિકાશ્રમમાં જવા તૈયાર થયા. (ભાગવત-૧૧।૭) આમ, જ્ઞાન હોવા છતાં ગૃહત્યાગ કરવો કઠણ પડ્યો. એટલી કસર હતી એવો ભાવ છે.

૩. **જડભરત અને શુકજીની સમજણ** :- તૃતીય દૃષ્ટાંતમાં રૂક્મિણી અને ઉદ્ધવજી કરતાં જડભરત અને શુકજીની સમજણ અતિ અધિક કહી છે. કેમજે, ભગવાન

કલ્પ[૧] આખો સુધી ભગવાન સામું જોઈને બેસી રહે, તો પણ નિષેધ કર્યા વિના વિષય તો ન ટળે; ને સાધુ મળે તો ટાળે. નિર્વિકલ્પ સમાધિ થાય તો પણ વિષય ન ટળે, ને જ્ઞાનની સમાધિ થાય તો ટળે. **॥૩૭॥**

અંતઃકરણરૂપ માયાનો કજીયો[૨] બહુ ભારે છે; કેમ જે ભરતજીને કેવો વૈરાગ્ય; ને કેટલું રાજ્ય મૂક્યું ! તો પણ વિઘ્ન થયું. સૌભરિ ને પરાશર[૩] આદિક કેવા ? તેને પણ ધક્કા લાગ્યા. માટે સાધુ જ્ઞાન આપીને

ઋષભદેવના પુત્ર એવા ભરતજીએ સમગ્ર પૃથ્વીના રાજ્યનો ત્યાગ કર્યો અને વનમાં ગયા. વનમાં મૃગમાં આસક્તિના કારણે મૃગનો અવતાર આવ્યો; પણ જ્ઞાન હોવાથી તે દેહનો ત્યાગ કરીને જડભરત રૂપે ગાંડાની જેમ રહ્યા. તે જડભરતને ગાંડા જાણી ભાઈએ કાઢી મૂક્યા. ઘરબાર છોડીને વનમાં ફરતા તેને ભીલે દેવીબલિ માટે પકડ્યા છતાં મૃત્યુનો ભય રાખ્યા વિના તેઓ સ્થિતપ્રજ્ઞની જેમ ઊભા રહ્યા ત્યારે ત્યાં ભદ્રકાળીએ પ્રગટ થઈને ભીલનો નાશ કરી જડભરતની રક્ષા કરી.

વ્યાસપુત્ર શુકદેવની સ્થિતિ અતિ ઊંચી હતી. તેને સ્ત્રી-પુરૂષના ભેદનું ભાન ન હતું. એક સરોવરમાં નિર્વસ્ત્ર દેવાંગનાઓ સ્નાન કરી રહી હતી, તે જ સમયે ત્યાંથી શુકદેવજી પસાર થયા તો તેણીઓએ વસ્ત્ર ન પહેર્યાં અને વ્યાસજી આવ્યા તે ઝટપટ પહેરી લીધાં. ત્યારે વ્યાસજીએ પૂછ્યું, 'આ શું આશ્ચર્ય છે?' ત્યારે સ્ત્રીઓએ કહ્યું: ''तवास्ति स्त्रीपुंभिदो न तु सुतस्य विविक्तदृष्टेः'' સ્ત્રી પુરુષ એવો ભેદ તમારે છે, પણ તમારા પુત્ર શુકજીને નથી.''

આમ, ઉત્તરોત્તર એકબીજાની સમજણની અધિકતા કહેલી છે.

૧. કલ્પ = આપણા ચાર અબજ બત્રીસ કરોડ વર્ષ (વધુ સ્પષ્ટતા માટે જુઓ ખગોળ-ભૂગોળ વચનામૃત).

૨. ઝઘડો

૩. **પરાશર** :- શક્તિ મહર્ષિ અને અદૃશ્યન્તીના પુત્ર, જે ૧૫ હજાર શિષ્યોના ગુરુ અને જ્યોતિષ,ગણિત,બીજગણિત જેવા અનેક શાસ્ત્રોના નિષ્ણાત હતા. એકવાર સંધ્યા પૂર્વે નદી પાર કરવા તટ પર બેઠા હતા. કોઈ નાવ આવતી-જતી ન હતી. તે સમયે મત્સ્યગંધા-સત્યવતી નામની કન્યા તેમને નદીપાર લઈ જવા તૈયાર થાય છે. એકાંતમાં સ્ત્રીયોગથી ઋષિનું મન સ્ખલિત થયું અને ગાંધર્વવિવાહ કરીને કૃષ્ણદ્વૈપાયન વ્યાસરૂપ પુત્ર આપ્યો.

જન્મ આપે ને નિષેધ કરે ત્યારે એ કજિયો મટે છે, પણ તે વિના મટતો નથી. આખી ઉંમર ભગવાન ભેગો રહે તો પણ જ્ઞાન વિના કસર ટળે નહિ. ॥૩૮॥

વચનામૃત વંચાવીને તેની વાત કરી જે, કદાપિ ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય, તો પણ કેટલુંક ચોખ્ખું કેમ સમજાય ? માટે સર્વ કરતાં સમજણ અધિક છે. પછી નાડીયું તણાઓ કે ન તણાઓ; અને **સાંખ્ય ને યોગ કરતાં પણ ભગવાનનું સર્વોપરીપણું સમજવું તે શ્રેષ્ઠ છે.** ॥૩૯॥

મહારાજે કહ્યું હતું જે, "અમે અલિયા ગામમાં એક વાર દૃષ્ટિ કરીને અનંત જીવને બ્રહ્મમહોલમાં મૂકી દીધાં; પણ ત્યાં કોઈ રહ્યા નહિ." માટે જ્ઞાન દઈને જેવું થાય એવું દૃષ્ટિએ કરીને થાતું નથી. ॥૪૦॥

પ્રેમીનું હેત તો ટાંકાના પાણી જેવું છે[૧].ને જ્ઞાનીનું હેત તો પાતાળના પાણી જેવું છે.[૨] પ્રેમીનું તો ભગવાનને અને સાધુને રાખવું પડે, પણ જ્ઞાનીનું રાખવું પડે નહિ. ॥૪૧॥

કોઈક લોભ મૂકે, સ્વાદ મૂકે, સ્નેહ મૂકે, અને માન મૂકે; પણ સ્ત્રી તો હૈયામાંથી નીકળે નહિ. ને રૂપ જેવું તો કોઈ બળવાન નથી; ને એ વિષય તો જીવમાત્રમાં રહ્યો છે; તે તો મોટા અનુગ્રહ કરે ત્યારે ટળે, પણ તે વિના ટળે નહિ. ॥૪૨॥

અને તપાસીને જોયું, તો આ જીવ કોઈ દિવસ ભગવાનને માર્ગે ચાલ્યો નથી; સાવ નવો જ આદર છે. જીવમાત્રને ખાવું, સ્ત્રી અને ધન એ ત્રણનું જ ચિંતવન છે; ને એનું મનન, એની જ કથા, એનું જ કીર્તન, એની જ વાતું ને એનું જ ધ્યાન છે. તેમાં પણ દ્રવ્યનું તો એક મનુષ્ય જાતિમાં જ છે; બાકી ખાવું ને સ્ત્રી એ બેનું તો જીવ-પ્રાણીમાત્રને ચિંતવન છે. કેમ જે, ભગવાને માયાનો ફેર[૩] ચડાવી મૂક્યો છે. એનું ચિંતવન ન

૧. છીછરૂ
૨. ઊંડું
૩. કળ, ચાવી.

INDEX

થાય એ તો દેવનો દેવ છે; પણ એ મનુષ્ય નથી. ખાવું, સ્ત્રી ને ઊંઘવું; એ ત્રણ વાતમાં ગુરુ કરવો પડતો નથી. જેમ નદીયુંના પ્રવાહ સમુદ્ર સન્મુખ ચાલે છે એમ જીવને વિષય સન્મુખ ચાલવાનો ઢાળ છે; અને તેમાંથી પાછું વળાય એ તો સાધુનું લક્ષણ છે. ॥૪૩॥

આ દેહમાં ને આ લોકમાં આપણે ચોંટશું તો ભગવાન ચોટવા નહિ દે. જેમ રવજી સુતારને[૧] સ્ત્રી પરણાવીને સંસારનું સુખ લેવા દીધું નહિ; ને પછી સંસારમાંથી છોડાવીને છેલ્લી વારે સાધુ કર્યો;એમ ભગવાન બંધાવા નહિ દે. ॥૪૪॥

દેહમાં રોગાદિક દુઃખ આવી પડે તો તેના મોકલનારા ટાળે ત્યારે ટળે; પણ બીજા કોઈથી ટળે નહિ. જેમ રાજાનો મોકલેલો મોસલ[૨] આવે, તે તો તેની ચિઠ્ઠી આવે ત્યારે ઊઠે, પણ ગામના માણસથી ઊઠે નહિ; એમ સમજવું. ॥૪૫॥

વિષયનો તિરસ્કાર તો અક્ષરધામમાં છે, ને શ્વેતદ્વીપમાં છે, ને બદરિકાશ્રમમાં છે, ને આ લોકમાં મોટા એકાંતિક પાસે છે. એ ચાર ઠેકાણા વિના બાકી સર્વે ઠેકાણે વિષયનો આદર[૩] છે. ॥૪૬॥

ભગવાનનું ધામ ગુણાતીત છે; ને જીવને ગુણાતીત કરવા છે. ને આપણે આ જ્ઞાન સાંભળ્યું છે તે બીજે ક્યાંય બનશે નહિ. આપણે બીજે

---

૧. **રવજી સુતાર** :- કચ્છ ભૂજના ભક્ત હતા. તેઓને વિધુર થયા પછી ફરી લગ્ન ન કરવા માટે મહારાજે ખૂબ સમજાવ્યા છતાં માન્યા નહિ ને ફરી લગ્ન કર્યા. તે સ્ત્રી પતિવ્રતા ભક્ત હતી.એકવાર મહારાજે કહ્યું 'રવજી માથે એક અને તારે માથે બે જમપુરી!' બાઈએ કહ્યું,'કેમ ? ''ત્યારે શ્રીહરિ કહે, ''તેં અમારા ભગતને બાંધ્યો છે''!'તમે કહો તેમ કરૂં'' આવું જ્યારે તેમનાં પત્નીએ કહ્યું ત્યારે શ્રીહરિએ રવજી ભગત જે કહે તેનાથી વિપરીત કરવાનું કહ્યું. રોટલા કહે તો ખીચડી, ખીચડી કહે તો શીરો.. સ્ત્રીના આ વિપરીત વર્તનથી ટૂંક સમયમાં રવજી થાકીને સંસારથી ઉદાસ થઈને મહારાજની સેવામાં લાગી ગયો. સાધુ કરીને દીક્ષા આપી મહારાજે રામદાસ નામ આપ્યું. આમ,વાસના તોડાવી.

૨. સરકારી લેણાનો તકાદો, સરકારી હુકમ બજાવવા આવેલો માણસ, બેલિફ.

૩. આવકાર, સત્કાર

INDEX

ન રહેવાય; ને આ મળ્યા છે તે પણ મૂકે એવા નથી; એવું એને આવડે છે. ને આજનું જ્ઞાન સાંભળીને જાય છે તેને શ્વેતદ્વીપ ને તેની આણીકોર્યના[૧] કોઈ પૂગતા નથી. અને આ જ્ઞાન તો ફિરંગીની[૨] તોપું જેવું છે. ને આની આગળ બીજાનું જ્ઞાન તો ફટાકિયા જેવું છે; એ કહ્યું છે જે :—

જનના અવગુણને નાથ ગણતા નથી રે,
શરણે આવ્યાના શ્યામ સુજાણ. ૩

— એવા છે. એ પ્રકારે મહિમા બહુ કહ્યો. **॥૪૭॥**

બદરિકાશ્રમના ને શ્વેતદ્વીપના મુક્તને ત્યાગ-વૈરાગ્યનું બળ છે; ને ગોલોકના ને વૈકુંઠના મુક્તને પ્રેમ મુખ્ય છે; ને અક્ષરધામના મુક્ત બ્રહ્મરૂપ છે. **॥૪૮॥**

ભગવાનના ભક્તને વિષયસુખ મળે એ જ નરક છે. તે ભક્તનું લક્ષણ કહ્યું છે : જે—

કુંતાજી[૩] દુઃખ માગ કે લીનો, એહિ ભક્તકી રીતિ વે
વિષય આનંદ ન લહે સ્વપ્નમેં, જાહિ પ્રભુપદ પ્રીતિ વે ॥૪॥

એ ભક્તનું લક્ષણ છે. **॥૪૯॥**

આ સર્વે કામ મૂકી મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ, તે એમ સમજવું જે, કરોડ કામ કરીએ છીએ; તે શું ? જે જમપુરી, ચોરાશી ને ગર્ભવાસ; એ સર્વને માથે લીટા તાણીએ છીએ પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું. **॥૫૦॥**

---

૧. આ પક્ષમાં.

૨. પોર્ટુગીજ લોકો.

૩. **કુંતાજી** :- મહાભારતના યુદ્ધ પછી મૃતાત્માઓની શાંતિ માટે ત્રણ-ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવીને શ્રીકૃષ્ણ ભગવાન પાંડવોને રાજ્ય સોંપી દ્વારકા જવા રવાના થાય છે ત્યારે રાજકારભારમાં ગૂંથાયેલાં કુંતાજી શ્રીકૃષ્ણને મળવા પણ નવરા નથી થતાં તેથી દુઃખ સાથે પ્રાર્થના કરે છે, "વિપદઃ નઃ શશ્વદ્દસન્તુ, તત્ર તત્ર જગદ્ગુરુ। ભવતો દર્શનં યત્સ્યાદપૂનર્ભવ દર્શનમ્" અમને પળે પળે એવી શાશ્વત વિપત્તિઓ આપો, જેથી અમે વારંવાર આપના દર્શન કરતા રહીએ."(ભાગવત-૧।૮।૨૫)

INDEX

આ તો બળિયા છે તે ગમે એવી વાસના હશે તો પણ અંતકાળે હીરજીની પેઠે નસ્તર મારીને દેહની ખબર રહેવા દેશે નહિ; ને વાસના ટાળી નાખે એવા છે. **॥૫૧॥**

મોટા શહેરનું સેવન તથા અધિકાર તથા ધનનો પ્રસંગ એ આદિ જીવને બગડવાના હેતુ છે; માટે તે સમજી રાખવું. **॥૫૨॥**

નિરંતર મંદિરનું કામ કર્યા કરે તો પણ જ્ઞાન વૃદ્ધિને પામે નહિ; ને જ્ઞાન તો સાધુ સમાગમથી જ થાય. **॥૫૩॥**

શાસ્ત્રમાં ભારે ભારે પ્રાયશ્ચિત કહ્યાં છે, તે સર્વે આવા સાધુના સમાગમ અને દર્શને કરીને નિવૃત્ત થઈ જાય છે, એવું આ દર્શન છે. **॥૫૪॥**

વાછડાને દૂધનો સ્વાદ છે ને ઈતડીને[1] લોહીનો સ્વાદ છે. તેમ ખાવાપીવાનું સુખ ને માન મોટાઈનું સુખ તે લોહી જેવું છે અને –

નિજાત્માનં બ્રહ્મસ્થં દેહત્રયવિલક્ષણમ્
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥૫॥

(શિક્ષાપત્રી-૧૧૬)

– એ સુખ દૂધ જેવું છે. **॥૫૫॥**

ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય[2] જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજવું જે, ''દેહ તો પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું'' એમ સમજીને સુખીયો રહે. ॥૫૬॥

આવા સાધુ ખાસડાં મારે તોપણ અક્ષરધામમાં લઈ જાય; ને બીજા મશરૂનાં ગાદલામાં સુવારી મૂકે, તો પણ નરકમાં નાખે એમ સમજવું. **॥૫૭॥**

---

૧. ગાય-ભેંસ વગેરે પશુના શરીરે, ખાસ કરીને આવમાં લોહી પીતું માંકડ જેવું જંતુ વિશેષ. (૧/૫૪)

૨. એક કલ્પના અંતે થતો બ્રહ્માંડનો સંપૂર્ણ નાશ.

આપણા દોષ તો મહારાજે ટાળી નાખ્યા છે; ને તે દોષનું દર્શન થાય છે એ તો આપણા રૂડાને અર્થે થાય છે; નીકર જીવ તો ઉન્મત્ત થઈ જાય એવો છે. ને હવે તો આપણે ભગવાન વશ કરવા છે ને તે ભગવાન જેવું સામર્થ્ય પામવું છે, તે સારુ મંડ્યા છીએ. **॥૫૮॥**

'બ્રહ્મરૂપ માનીને ભક્તિ કરવી.' એ જ સિદ્ધાંત છે; તે જેમ ઘણાં માણસ વટલે ને એક જણ નાતમાં રહે, પણ તેણે એમ સમજવું, જે, 'હું વટલ્યો નથી; તેમ બ્રહ્મરૂપ માનવાની સમજણ છે. **॥૫૯॥**

આ કર્મક્ષેત્ર છે તે અહીં એક ઉપવાસ કરે ને બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે ને શ્વેતદ્વીપમાં હજાર ઉપવાસ કરે તે બરોબર થાય છે. **॥૬૦॥**

આ ઘડી, આ પળ અને આ સાધુ; કોટિ કલ્પે પણ મળવા દુર્લભ છે; પણ મહિમા જણાતો નથી; કેમ જે મનુષ્યાકૃતિ છે. **॥૬૧॥**

તમોગુણીને માન વધારે હોય, રજોગુણીને કામ વધારે હોય અને સત્વગુણીને જ્ઞાન વધારે હોય. **॥૬૨॥**

જ્યારે દુર્યોધનને અને પાંડવને કજીયો થવાનો આદર થયો, ત્યારે દુર્યોધન પાસે દૈત્ય સર્વે આવીને કહે જે, "અમે કૃપાચાર્યમાં, દ્રોણાચાર્યમાં, અને ભીષ્મપિતા આદિકમાં પ્રવેશ કરશું; માટે યુદ્ધ કર." એમ કહ્યું તેમાં કહેવાનું શું છે ? જે આપણામાં કામ-ક્રોધાદિક માંહિલા દોષ આવીને પ્રવેશ કરે ત્યારે મોટાનો અવગુણ આવે, ને ન કરવાનું પણ થાય; ત્યારે જાણવું જે, "મારામાં દૈત્યે પ્રવેશ કર્યો છે, પણ હું એવો નથી." એમ સમજવું. **॥૬૩॥**

કેટલીક કસર ત્યાગ વૈરાગ્યે ટળશે, કેટલીક કસર જ્ઞાને કરીને ટળશે અને કેટલીક કસર ભક્તિ કરાવીને ટળાવશું. બાકી છેલ્લી વારે રોગ પ્રેરીને પણ શુદ્ધ કરવા છે; પણ કસર રહેવા દેવી નથી. **॥૬૪॥**

ધર્મશાળા કરવાનું કામ કરાવીએ છીએ તેમાં કહીએ છીએ જે આજ્ઞાએ કરીને ધર્મશાળાઓ તો અનંત કરીએ; પણ તેમાં બંધાવું નહિ; ને **બંધાવું તો ભગવાન અને સાધુ એ બેમાં જ બંધાવું. ॥૬૫॥**

શાસ્ત્રમાં કેટલાંક વચન તો સિદ્ધાંતરૂપ હોય ને કેટલાંક વચન તો કોઈ નિમિત્ત અર્થે હોય; તે સમજી રાખવું. **॥૬૬॥**

શરદ ઋતુમાં આકાશ નિર્મળ જોઈને બોલ્યા જે, આવું અંતઃકરણ થાય ત્યારે જીવ સુખિયો થાય; તેમ સત્સંગ કરતાં કરતાં થાય છે. **॥૬૭॥**

મોટાનો મત એ છે જે, અનેક પ્રકારે દેહદમન કરવું ને ટાઢ, તડકો, ભૂખ, તરસ તેનું દુઃખ સહન કરવું; પણ કેવળ દેહનું જતન તો કરવું જ નહિ. **॥૬૮॥**

નિરંજનાનંદ સ્વામી પાસે બેસે તો અંતર ટાઢું થઈ જાય; તેમ એવા મોટા સાધુ પાસે બેસે તો સુખ આવે. તે કેને સુખ આવે ? તો જેને તેમાં હેત હોય તેને આવે. **॥૬૯॥**

કોટિ કલ્પે આ વાત હાથ આવી છે, પણ તે સત્સંગ રાજાને, નાતીલાને અને ઘરના માણસને નથી ગમતો; તેમજ દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને પણ નથી ગમતો; એક જીવને જ ગમે છે. ને માયા તો પેટ કૂટે છે[૧] જે, ''મારા હાથથી ગયો.'' **॥૭૦॥**

સાધન કરી કરીને મરી જાય તો પણ વાસના ટળે નહિ; ને મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે. **॥૭૧॥**

આપણું દર્શન કરશે તેનું પણ કલ્યાણ થાશે; પણ બહુ મહિમા કહીએ તો કોઈ વર્તમાન પાળે નહિ. ને આ તો મુક્તે દેહ ધર્યો છે; ને વાસના જેવું જણાય છે તે તો દેહ ધર્યો તેનો ભાવ જણાય છે; નીકર તો દેહ રહે નહિ. **॥૭૨॥**

---

૧. પશ્ચાત્તાપ કરે છે.

મહારાજની કહેલી વાત કરી જે મહારાજ કહે : જે, ''કરોડ વહાણે કરીને એક મનવાર[૧] ભરાય, એવી સો કરોડ મનવાર્યું ભરવી છે; એટલા જીવનું કલ્યાણ કરવું છે. એટલા જીવનું કલ્યાણ કેમ થાય ? પછી અમે વિચાર કર્યો જે, અમારું દર્શન કરે તેનું કલ્યાણ. પછી વળી એમ વિચાર કર્યો જે અમારું દર્શન તે કેટલાક જીવને થાશે ? માટે અમારા સાધુનું દર્શન કરે તેનું પણ કલ્યાણ. પછી વળી તેમાં પણ વિચાર થયો જે સાધુનું દર્શન પણ કેટલા જીવને થાશે ? માટે અમારા સત્સંગીનું દર્શન કરે તેનું પણ કલ્યાણ; ને સત્સંગીને જમાડે ને એનું જમે, ને સત્સંગીને પાણી પાય ને એનું પાણી પીએ એ સર્વેનું કલ્યાણ કરવું છે.'' **॥૭૩॥**

ગુરુનું અંગ[૨] બોલાવ્યું તેમાં પ્રશ્ન પૂછ્યું જે,''આ અંગમાં તો સર્વે વાત ગુરુ જ કરે એવું કહ્યું છે; પણ કાંઈ પુરુષ પ્રયત્ન તો કહ્યું નથી તે કેમ સમજવું ?'' એ પ્રશ્ન પૂછ્યું ત્યારે તેનો ઉત્તર કર્યો જે, સર્વે વાત ગુરુ જ આપે છે, ત્યારે અહીં અવાણું છે તે હમણાં એમ જ છે; જે સર્વે દોષ ટળી જાય તો પછી સુખે સૂઈ રહે; પછી કોઈક ટોકે તો પણ ન ખમાય ને જ્ઞાન વિના તો ઉન્મત્ત થઈ જાય; માટે સર્વ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે. **॥૭૪॥**

ભગવાન ને સાધુના મહિમાની બહુ વાત કરી; ત્યારે પ્રશ્ન પૂછ્યું : જે આવા મહિમાનો સાક્ષાત્કાર કેમ થાતો નથી ? તેનો ઉત્તર : જે સાક્ષાત્કાર થાય તો છકી જવાય; માટે ધીરે ધીરે જ્ઞાન આપે છે; ને મહિમા વૃદ્ધિ પમાડે છે. જેમ ફળ-પુષ્પ વૃદ્ધિને પામે એમ થાય છે. એ

---

૧. મોટું લશ્કરી વહાણ.

૨. **ગુરુનું અંગ** : ગુરુદેવ જનની જન કરુ સંબંધી બધું પૂરન અત્યંત સુખ ગુરુ હંસે પાયો હે નાસિક બદન બેન દિને ગુરુ દિવ્ય નેન, શોભિત શ્રવન દેકે શબ્દ સુનાયો હે, દિવ્ય ગુરુ કરપાવ શીતલતા શિષ્યભાવ, ગુરુરાય પિંડકર્મે પ્રાણ ઠેરાયો હે, કહત હે બ્રહ્માનંદ કંદ સુખ દયાસિંધુ, ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હે ॥ આ રીતે બ્રહ્માનંદ સ્વામીએ મનહર છંદમાં ગુરુનું અંગ લખ્યું છે. વિશેષ પરિશિષ્ટમાં જુઓ.

ભગવાનને જેમ ઘટે એમ આવડે છે ને જેમ ઘટે એમ કરે છે. ને ઠામુકું[૧] આપે તો ગાંડા થઈ જવાય; માટે એ ભગવાન ઠીક જ કરે છે. **॥૭૫॥**

આ તો અનંત ભગવાનના ભગવાન છે. એટલું જ કહીએ છીએ; એથી આઘું કેટલુંક કહીએ ? તે આપણા ઘરમાં આવીને બેઠા છે; આ તો કૂબામાં[૨] જેમ હાથી બાંધે તેમ છે. **॥૭૬॥**

અને આપણે તો ભગવાનનો ખપ નથી, પણ ભગવાન આવીને પરાણે આપણને વળગ્યા છે, તે મહારાજ કહે : ''ભૂત વળગે છે તે પણ નથી મૂકતું તો અમે કેમ મૂકશું ?'' **॥૭૭॥**

અને ભગવાન જીવના અવગુણ સામું જોતા નથી. તે કોઈક જીવ ભગવાનની સ્તુતિ કરીને એમ બોલે જે, ''હું ગુન્હેગાર છું' તેના ગુન્હા ભગવાન માફ કરે. **॥૭૮॥**

અમને તો એક જન્મ મરણનો રોગ ટાળતાં આવડે છે. બીજું આવડતું નથી. **॥૭૯॥**

અને સર્વ પ્રકારની આસક્તિ ટળી જાય તો આ લોક ને દેહ તે ગમે નહિ ને આ લોકમાં રહેવું પડે તે દુઃખ થાય એમ બોલ્યા તે ઉપર પ્રશ્ન પૂછ્યું જે, આસક્તિ રહે છે, તેનું દુઃખ થાય છે; તેનું કેમ સમજવું ? પછી તેનો ઉત્તર કર્યો જે, એ દુઃખ સારું કરે છે; કેમ જે નિર્માની રહેવાય. તે ભગવાન કરતા હશે તે ઠીક કરતા હશે; ને દેહનું રૂપ તો ગામ ફણેણીમાં સુરા ખાચરને કાન દેખાડ્યો તે ભેળી ઊલટી થઈ, તેમ બીજાને દેખાય તો એવું થાય. **॥૮૦॥**

વચનામૃત વંચાવીને તેમાં બહુ વાત કરીને બોલ્યા જે, આવું જ્ઞાન તો સંગે કરીને ને કાળે કરીને થાય. જેમ વિદ્યા ભણે છે તેમ થાય, પણ અનુગ્રહ થકી ન થાય; ને અનુગ્રહ કરે તો સમાધિ થાય. તે

---

૧. એક સાથે;

૨. ઘાસના બનાવેલા ગોળાકાર ઝૂંપડામાં.

વિજ્ઞાનદાસજીને અક્ષરધામ દેખાતું તો પણ બે ઘર કર્યાં. ને સાધુએ કાઢ્યા ત્યારે નીકળ્યા; માટે જ્ઞાન શ્રેષ્ઠ છે.**॥૮૧॥**

આ તો પ્રબંધે[૧] કરીને રાખીએ છીએ; પણ ધન ને સ્ત્રી ન જોઈએ એવા માણસ ઝાઝા જડે નહિ. **॥૮૨॥**

વચનામૃતની આખી પ્રતું[૨] પણ સત્સંગમાં સહાય નહિ કરે; તે તો પુસ્તક મૂકી મૂકીને પણ ચાલ્યા જાય છે; માટે સહાય તો આવા સાધુ કરશે. **॥૮૩॥**

લોયાના સાતમા વચનામૃતમાં કહ્યું છે જે, ઈન્દ્રિયો, અંતઃકરણ ને અનુભવ એ ત્રણે પૂગે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. તે ઉપર બોલ્યા જે, આપણે તો સર્વ પૂગે છે; ને નથી દેખાતું તે તો એની ઈચ્છા છે. **॥૮૪॥**

પાણીના ધરા[૩] જેવું શ્વેતદ્વીપના મુક્તને રહે છે; ને અક્ષરધામની વાત તો શી કહેવાય ? ને આ લોકમાં કેટલાક પ્રકારના વિક્ષેપ આવે છે; માટે કાંઠો મારીને મોઢું રાતું રાખવું એવું છે. **॥૮૫॥**

નંદ રાજાએ[૪] આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું અને છેલ્લી વારે એમાંથી મોત થયું. ને ચિત્રકેતુ[૫] રાજાએ કરોડ સ્ત્રીયું ભેળી કરી, ને છેલ્લી વારે એમાંથી દુઃખ થયું ત્યારે મૂકી તે માર્ગ જ એવો છે. **॥૮૬॥**

---

૧. નિયમરૂપી બંધને.

૨. પુસ્તકો.

૩. ઊંડા પાણીવાળાં તળાવમાં જેવી ઠંડક હોય તેવી આંતરિક શાંતિ.

૪. **નંદરાજા** : અતિ લોભી રાજવી. પૃથ્વીમાંથી તમામ ધન પોતે ભેગું કરી, કબરોના ખાડા ખોદાવીને પણ ધન લઈ લીધું ને પછી પોતાની પાસેના વરાહ ભગવાનના અસ્થિના પ્રતાપે સમુદ્રના તળિયે જઈને ધન મૂકેલું. પૃથ્વી પર ક્યાંય ધન ન રહેવાથી દેવતાઓની યોજના પ્રમાણે નારદજીની યુક્તિ અનુસાર "આ અગાઉની રાણીનું હાડકું છે" એમ માની લઈને તેની પત્નીએ તેને ચૂલામાં બાળી નાંખ્યું. આ સમાચાર મળતા નંદ રાજાને એટેક આવી ગયો ને મૃત્યુ પામ્યો.

૫. **ચિત્રકેતુ** : યદુવંશનો સમ્રાટ ચિત્રકેતુ નિર્વંશ હતો. અંગિરાના પ્રતાપે તેને ત્વષ્ટાદેવની પ્રસાદી મળી અને તે તેણે મુખ્ય રાણી કૃતદ્યુતિને ખવડાવી તેથી તેને

INDEX

આપણામાં ત્યાગી થઈ જાય છે ને સંસાર મૂકી દે છે, એ તો ભગવાનમાં હેત છે તે તણાઈ આવે છે; એ તો યોગ છે પણ સાંખ્ય નહિ. ને હેત તો આંગળી તૂટતું હોય, પણ સાંખ્ય નહિ. ને જેને સાંખ્ય હોય ને સાધુ થાવા આવે, તેને કહીએ જે, ''ઘરનાં માણસ સર્વે ઘરમાં સૂતાં હોય ને ઘર બાળીને આવો તો સાધુ કરીએ'' તો સાંખ્યવાળાને કઠણ ન પડે; ને યોગવાળાથી એ થાય નહિ. ॥૮૭॥

ચિંતામણિ કાંઈ રૂપાળી ન હોય, તેમ ભગવાન અને સાધુ મનુષ્ય જેવા જ હોય, પણ એ દિવ્ય છે ને કલ્યાણકારી છે. ને મનુષ્યનું દેહ ચિંતામણિ છે. ॥૮૮॥

અને જો માર માર કરતો કોઈ આવતો હોય તોપણ એમ સમજવું જે, ''મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે; પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી.'' ॥૮૯॥

ને ''વાંદરું વૈકુંઠમાં રહે નહિ'' એમ કહે છે, તે સારુ આપણે ભગવાન પાસે રહેવાય એવા સ્વભાવ કરવા; તે અહીં કરવા, કાં શ્વેતદ્વીપમાં જઈને કરવા. ॥૯૦॥

આખું બ્રહ્માંડ સ્વામિનારાયણનું ભજન કરશે ત્યારે સત્સંગ થયો કહેવાય; ને ત્યાં સુધી થાવો (થવાનો) છે. ને મહારાજના મળેલા એક સાધુની કેડે[1] લાખું માણસ ફરશે, ત્યાં સુધી સત્સંગ થાવો છે. ॥૯૧॥

સંતાન થયું. એક કરોડ સ્ત્રીઓમાંથી એકને સંતાન થવાથી તે માનીતી બની ત્યારે બીજી સ્ત્રીઓએ ઈર્ષ્યાએ કરીને તે રાજકુમારને ઝેર પાઈને મારી નાંખ્યો. આ આઘાત ચિત્રકેતુ માટે અસહ્ય હતો. ત્યારે જ નારદજીએ ઉપદેશ આપી સાચું જ્ઞાન આપ્યું. અને અંતે કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરીને ચિત્રકેતુ યમુના તટે તપ કરવા ચાલ્યો ગયો. (ભાગવત-૬-૧૪/૧૭)

૧. સાથે, પાછળ

જીવને ચોટવાનાં ઠેકાણાં બે જ છે : તે ભગવાનમાં ચોટે નીકર માયામાં ચોટે. પણ આધાર વિના કેમ રહેવાય ? ॥૯૨॥

અને દોષ કેમ ટળતા નથી ? એ પ્રશ્નનો ઉત્તર જે, એ તો ધનવંતરી વૈદ્ય[૧] છે, તે ખોટા કેમ થાશે ? ને જેમ અક્ષરાનંદ સ્વામીને ગોળી દઈ રાફી[૨] કાઢી નાખી; તેમ જ કામ, ક્રોધ આદિક ઘણી રાફીયું છે તેને કાઢી મૂકશે. આપણે તો એને બાઝી પડવું એટલું જ કરવું. ॥૯૩॥

અને ગાફલાઈ ટળવાનું કારણ એ છે જે, ખટકો રાખે તો ટળે; ને બીજો ઉપાય તે કોઈક શિક્ષા કરે ત્યારે ટળે. ॥૯૪॥

આ તો બહુ મોટો લાભ થયો છે, પણ ઊંઘમાં જાય છે. તે શું ? જે વિષયમાં સુષુપ્તિ[૩] નિરંતર વર્તે છે. આ દર્શન તો પંચમહાપાપને[૪] બાળી મૂકે એવું છે, પણ મહિમા જણાતો નથી. ॥૯૫॥

કર્મવિપાક નામે ગ્રંથ છે તે મહારાજે વંચાવ્યો હતો. તેમાં કહ્યું જે, આ પાપે કરીને આ રોગ થાય. એ પ્રકારે તેમાં ઘણો વિસ્તાર કહ્યો છે. ॥૯૬॥

અને આખી પૃથ્વીમાં એક માણસ મરે તેનો કાંઈ ખરખરો થાય છે ? તેમ અક્ષરની દૃષ્ટિને જે પામે છે તેને આખા બ્રહ્માંડનો પ્રલય થાય તો પણ થડકો[૫] ન થાય; એવી પણ એક સમજણ છે. ॥૯૭॥

અને સાંખ્યની દૃઢતા કેમ થાય ? એ પ્રશ્નનો ઉત્તર જે, માણસ મરી જાય છે ને દેહ ઘરડું થઈ જાય છે તે જોવું; ને નિત્ય પ્રલય[૬], નિમિત્ત

---

૧. વિષ્ણુનો તેરમો અવતાર અને આયુર્વેદના અધિષ્ઠાતા દેવ.

૨. રાફડા આકારનો પગ થઈ જવાનો રોગ.

૩. નિરંતર વિષયોપભોગ.

૪. બ્રહ્મહત્યા, સુવર્ણચોરી, દારૂપાન, ગુરુ સ્ત્રી સંગ અને આ ચાર કરતાં હોય તેનો સંગ.

૫. ક્ષોભ, દુઃખ, ડર.

૬. **નિત્ય પ્રલય** :- દેવ, દૈત્ય અને મનુષ્યાદિકના જે દેહ તેનો ક્ષણ ક્ષણ પ્રત્યે નાશ; તેને નિત્ય પ્રલય કહીએ. (વચ.ગ.પ્ર.૧૨) જીવ સુષુપ્તિ અવસ્થામાં જાય છે તેને પણ નિત્ય પ્રલય અમદાવાદના બીજા વચનામૃતના આધારે કહી શકાય.

INDEX

પ્રલય[૧] ને પ્રાકૃત પ્રલયનો[૨] વિચાર કરવો; અને સાંખ્ય ને યોગ સિદ્ધ કરવાનું કારણ આ સમાગમ છે. ॥૯૮॥

જેમ નાતનો, નામનો અને ગામનો નિશ્ચય થયો છે; તેમ જ એવો અભ્યાસ કરે જે, 'હું આત્મા છું, બ્રહ્મ છું, સુખરૂપ છું, ભગવાનનો ભક્ત છું પણ દેહ તે હું નહિ, એમ કરે તો તે પણ થાય. ને **આ દેહ આપણને નિત્ય નરક ચૂંથાવે છે એથી ભૂંડું શું ? પણ જ્ઞાન વિના તેની ગમ નથી.** ॥૯૯॥

અને અક્ષરધામના જેવું સુખ અહીં વર્તે છે, તેમાં પણ કેટલાક દુઃખિયા છે. તેમાં દેહનું દુઃખ થોડું ને મનનું દુઃખ ઝાઝું છે. ॥૧૦૦॥

પ્રકૃતિ પુરુષ સુધી ત્રણ તાપ[૩] છે ને ત્રણ ગુણ[૪] છે; ને તેથી પર ગુણાતીત સુખ છે. ॥૧૦૧॥

અને ભગવાન ને ભગવાનના સાધુ એ બે સામું જોવું; ને એ જ જોયા જેવા છે બીજામાં માલ નથી. ॥૧૦૨॥

મોટાને વિષે મનુષ્યભાવ નથી રહ્યો તે કેમ તપાસ કરવો ? એ પ્રશ્નનો ઉત્તર જે, એની કોઈ ક્રિયામાં દોષ ન આવે એ જ દિવ્યભાવ છે. ॥૧૦૩॥

અને ભગવાનની સ્તુતિ કરવી, પણ પોતાને પતિત કે અધમ માનવું નહિ; કેમ જે એમ માને તો જીવમાં બળ રહે નહિ ને જીવ ગ્લાનિ પામી જાય; ને આપણને તો ભગવાન મળ્યા છે માટે પતિત શા સારુ માનીએ ? આપણે તો કૃતાર્થ માનવું. ॥૧૦૪॥

---

૧. **નિમિત્ત પ્રલય** :- મૃત્યુલોકની સમય ગણનાનુસાર ચાર અબજ ને બત્રીસ કરોડ વર્ષ થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે અને જેવડો દિવસ છે તેવડી જ રાત્રી છે. જ્યારે બ્રહ્માજીનો દિવસ વીતે છે ને રાત્રી પડે છે ત્યારે ત્રિલોકીનો નાશ થાય છે. તે નિમિત્ત પ્રલય કહેવાય.

૨. **પ્રાકૃત પ્રલય** :- બ્રહ્માના ૧૦૦ વર્ષ પૂરાં થાય ત્યારે બ્રહ્માંડમાં દેહ મૂકે છે ત્યારે ચૌદલોકનો નાશ થાય છે તે પ્રાકૃત પ્રલય.

૩. આધિ-વ્યાધિ-ઉપાધિ.

૪. સત્ત્વ-રજ-તમ.

INDEX

મોહા મોહ મિલે નિજ પ્રીતમ,
કુન પતિયાર[૧] કરે પતિયા[૨] સે ॥૬॥

તેમાં શું કહ્યું ? જે કાગળના લખનારા મળ્યા, તે પછી કાગળનું શું કામ ? તેમ આપણને પ્રગટ સંત મળ્યા છે, હવે શું બાકી રહ્યું ? **॥૧૦૫॥**

અને આજ તો મહારાજ કહે કે, "સહુને ભીડામાં લેવા છે ને સહુને એકાંતિક કરવા છે; ને વાસના હશે તો સૂર્યના લોકમાં થઈને બાળીને લઈ જાશું." **॥૧૦૬॥**

અને રાજાના કુંવરને ટેટથી મરાય નહિ; તેમ ભગવાનના ભક્તને માથે કાળ, કર્મ, માયા આદિક કોઈનો ભાર નહિ, જે તેને પીડી શકે. ॥૧૦૭॥

સુલભા[૩] હતી તે સમાધિવાળી હતી ને પરકાયામાં પ્રવેશ કરતી એવી હતી; પણ વનમાં ગઈ ત્યાં સારું દેખીને એમ થયું જે, 'કોઈ પુરુષ હોય તો રમીએ !' **॥૧૦૮॥**

અને ધર્મશાળા હતી તે પાડીને ફરી કરી, તે હવે પ્રથમની દેખાતી નથી; એમ પ્રકૃતિનું કાર્ય સર્વે નાશ કરી નાખવું તેનું નામ સાંખ્ય કહેવાય. **॥૧૦૯॥**

અને પોતાને જાણે બે માણસનું કામ કરે, તેથી પણ મોટાની **આજ્ઞાએ કરીને બેસી રહે, અથવા કહે એટલું જ કરે એ શ્રેષ્ઠ છે. ॥૧૧૦॥**

---

૧. વિશ્વાસ-ભરોસો.

૨. કાગળ લખનાર.

૩. **સુલભા** :- એક પ્રસિદ્ધ બ્રહ્મવાદિની સંન્યાસિની સ્ત્રી. તેણીએ જનકની પ્રશંસા સાંભળીને યોગશક્તિથી સૌંદર્યવતી કન્યા બનીને જનકની પરીક્ષા લેવા વિચાર્યું. ભિક્ષા નિમિત્તે જનકને મળી પરંતુ જનકને તેમાં મોહ ન થયો. જનકને પ્રભાવિત કરવા માટે તેણી યોગશક્તિથી તેની બુદ્ધિમાં પ્રવેશ કરી ગઈ અને મનને બાંધી લીધુ. એક જ શરીરમાં જનક અને સુલભાનો સંવાદ થયો. પણ ગુરુ પંચશિખના પ્રતાપે જનકે સુલભાનો પરાજય કર્યો. - (મહાભારત - શાંતિપર્વ.)

INDEX

વિષય લોપી નાખતા હોય તેને મોટાને રાજી કર્યાનો શો ઉપાય ? એ પ્રશ્નનો ઉત્તર જે, મોટાની અનુવૃત્તિ ને તે જે કહે તે કરવું એ જ છે. **॥૧૧૧॥**

મોટાને શું કરવાનું તાન છે તે કેમ સમજાય ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો તેમાં વડતાલનું સોળમું વચનામૃત વંચાવીને બોલ્યા જે, આમાં કહ્યું છે તેમ કરાવવું છે. તે શું ? જે ભગવાનનું ભજન કરવું ને ભગવાનના ભક્તનો સંગ; એ બે જ રહસ્ય ને અભિપ્રાય છે. તે લઈને મંડે તો રાજી થાતાં ક્યાં વાર છે ? માટે રાજી કરવા હોય તેને મંડવું. **॥૧૧૨॥**

અને જ્ઞાની હોય તેને પણ ટાઢ, તડકો, ભૂખ, તરસ આદિક દેહના ભાવ સર્વે જણાય એ પણ સમજવું. **॥૧૧૩॥**

અને પ્રિયવ્રતને[૧] છોકરાં થયાં પણ આત્મારામ ભાગવત કહેવાણા; કેમ જે ભગવાનની કથા ને ભગવાનને વહાલા એવા જે સાધુ તેના સંગનો ત્યાગ ન કરતા હવા. તે જનકે[૨] કહ્યું જે, "મિથિલા નગરીમાં મારું કાંઈ બળતું નથી;" પણ છોકરાં થયાં. ને ગોવર્ધનભાઈ ને તો સાકર ને મીઠું એ બેય સરખાં પણ; છોકરાં થયાં. માટે ભેળા રહે તો છોકરાં થાય. **॥૧૧૪॥**

ભગવાન અને મોટા સાધુને આશરે કરીને તો વાદળ જેવાં દુઃખ આવવાનાં હોય તે પણ ટળી જાય; ને સાધને કરીને તો કૂટી કૂટીને મરી જાય તો પણ ન ટળે. **॥૧૧૫॥**

---

૧. **પ્રિયવ્રત** :- સ્વાયંભુવ મનુના પુત્ર હતા. નારદજીના ઉપદેશથી રાજપાટ છોડીને સાધુ થયા પછી બ્રહ્માજીના કહેવાથી પુનઃ સંસારમાં આવ્યા; છતાં પણ મન તો સાધુ જેવું જ હતું. તેથી તે ગૃહસ્થ હતા છતાં આત્મારામ અને ભાગવત કહેવાયા. (ભાગવત-૫/૧)

૨. **જનક** :- મિથિલાના રાજાઓનું ઉપનામ "જનક" કહેવાય છે. એટલે મિથિલાના બધા જ રાજાઓ જનક કહેવાયા. સીતાજીના પિતાજી સિરધ્વજ જનક હતા. (વિષ્ણુપુરાણ-૪।પા૨૨-૨૭)

અને હૈયામાં જ્ઞાન ભર્યું છે, એ તો હજી બહાર કાઢ્યું નથી; કેમ જે સાંભળનાર પાત્ર ન મળે. ને એ જ્ઞાન તો બ્રહ્માના આયુષ્ય પર્યંત કરીએ તો પણ તે ખૂટે નહિ; પણ તે કહ્યાની તો નિવૃત્તિ આવતી નથી. ॥૧૧૬॥

ઇન્દ્રિયો-અંતઃકરણનાં દુઃખ આવતાં હોય તેનું કેમ કરવું ? એ પ્રશ્નનો ઉત્તર જે, એ તો મોટા મોટાને પણ આવતાં; માટે તેનું સહન કરવું. એ તો સ્વભાવ કહેવાય. ॥૧૧૭॥

અને મોટા છે તે કોઈને તો વધુ સુખ આપે છે ને કોઈકને થોડું સુખ આપે છે, તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, મોટા તો સમુદ્ર જેવા છે. તે સમુદ્રમાં પાણીની ખોટ નથી, તેમ કોઈને ઓછું સુખ આપતા નથી; પણ પાત્રને લઈને એમ જણાય છે. તે ઉપરથી તો મોટા માણસનું રાખવું પડે છે, એવું ગરીબનું ન રખાય, એ તો વ્યવહાર કહેવાય; જે પર્વતભાઈ જેવા વાંસે બેસે ને મોટું માણસ હોય તે આગળ બેસે. ॥૧૧૮॥

મહારાજ ભગવાન છે તેના સ્વરૂપમાં વળગી રહેવું, ને ગૃહસ્થને અગિયાર નિયમ[1] પાળવા ને ત્યાગીને ત્રણ ગ્રંથ[2] પાળવા. એટલું જ કરવાનું છે, બીજું કાંઈ કરવું નથી ? ॥૧૧૯॥

અને કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય, ને બ્રહ્મરૂપ કરી મૂકે; જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો. ॥૧૨૦॥

કેટલેક રૂપિયે આંખ, કાન આદિક ઇન્દ્રિયો મળે નહિ; તે ભગવાને આપ્યાં છે; પણ જીવ કેવળ કૃતઘ્ની છે. ॥૧૨૧॥

અને કોટિ કલ્પે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે. ॥૧૨૨॥

અને બીજા દોષને મહારાજ ગણતા નથી. પણ ચાર દ્રોહને ગણે છેઃ તે એક ભગવાન, બીજા આચાર્યજી, ત્રીજા સાધુ ને ચોથા સત્સંગી છે; માટે એ ચારનો દ્રોહ ન કરવો. ॥૧૨૩॥

---

૧. "નિર્વિકલ્પ ઉત્તમ અતિ" આ પ્રાર્થનામાં કહ્યા છે.

૨. શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ.

ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં; બાકી કાંઈ કરવું રહ્યું નથી. ॥૧૨૪॥

અને મહારાજે કહ્યું હતું જે, 'સ્ત્રીને છોકરાં થાય તે પછી પુરુષમાં હેત ઓછું થઈ જાય'; તેમ ભગવાનની મૂર્તિ દેખાય તે પછી પ્રગટની તાણ ઝાઝી રહેતી નથી. ॥૧૨૫॥

આ લોકમાં ડાહ્યો તો કોઈ પ્રભુ ભજતો નથી; ને જે ગાંડો થાય તે ભજે છે. ॥૧૨૬॥

બાજરો ખાવો ને પ્રભુ ભજવા; બીજું કાંઈ કરવું નથી. ને રોટલા તો ભગવાનને દેવા છે તે દેશે, દેશે ને દેશે. ॥૧૨૭॥

અને ધર્મશાળાના કામમાં માણસે બહુ દાખડો કર્યો. તે અમે બહુ રાજી થઈ રહ્યા. ને આવા સાધુનું દર્શન તો પંચ મહાપાપને પણ બાળી નાખે એવું છે; પણ એવો મહિમા નથી. ને એવો મહિમા હોય તો અંતરમાંથી આનંદના ફુવારા છૂટે. ને આ તે કાંઈ વાતું છે ! આ તો અક્ષરધામની વાતું છે; પણ સાંખ્ય વિના કસર રહી જાય ને સાંખ્યવાળાને તો આ લોક નરક જેવું લાગે છે, પણ ક્યાંય માલ મનાય નહિ. ને આ કારખાનું તો ધૂળનું છે માટે તેમાં માલ માનવો નહિ. ॥૧૨૮॥

ભગવાનમાં ને સાધુમાં હેત રહેશે તેના ઉપર સહુ હેત કરશે; ને એથી પ્રતિકૂળ રહેશે તેને સહુ પ્રતિકૂળ થાશે; એ વાત સમજી રાખવી, એમાં તો કોઈ સંશય નથી. ॥૧૨૯॥

દુઃખ કોઈ માનશો નહિ, ને જે જોઈએ તે આપણને મળ્યું છે; ને ઝાઝા રૂપિયા આપે તો પ્રભુ ભજાય નહિ; તે સારુ આપતા નથી. ॥૧૩૦॥

મહાપ્રલયના અગ્નિમાં પણ વાસના બળી નહિ; તે વાસના તો કારણ શરીરરૂપ માયા છે. તેને ટાળવાનું કારણ એક તો ભગવાનની ઉપાસના ને બીજી આજ્ઞા છે. તે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, **निजात्मानं ब्रह्मास्मं** એમ માનવું; ને એ આજ્ઞા છે તે એ વચનમાં મહારાજે સહુને એકાંતિક કરી મૂક્યા. ॥૧૩૧॥

અને દુર્લભમાં દુર્લભ સત્સંગ અને દુર્લભમાં દુર્લભ એકાંતિકપણું ને દુર્લભમાં દુર્લભ ભગવાન; એ ત્રણ વાત આપણને મળી રહી છે. ને સૂકાઈ જાઓ, અન્ન મૂકી દ્યો; તે કરતાં પણ આ વાતુ સાંભળવી તે અધિક છે. ને આ વાતુ પુરુષોત્તમનાં વચન છે ને ગુણાતીત છે; ને આ વાતુંમાંથી તો અક્ષરધામ દેખાય છે. તે ભગવાન અક્ષરધામ ને મુક્તને લઈને એવા ને એવા જ અહીં આવ્યા છે. તેમાં ફેર ન સમજવો; ને મહિમા સમજાતો નથી તેથી જીવ દૂબળો રહે છે. **॥૧૩૨॥**

એક દિવસે રાજ દેવાય, પણ વિદ્યા ન દેવાય. ને રાજાનો કુંવર હોય તેને ગમે તેટલું ખવરાવે તો પણ એક દિવસે મોટો ન થાય; એ તો ધીરે ધીરે મોટો થાય. તેમ જ્ઞાન પણ સંગે કરીને ધીરે ધીરે થાય છે. **॥૧૩૩॥**

જેણે મોટાને જીવ આપી દીધો હોય, તેને પણ વાસના રહે; તેને ટાળવાનું સાધન તો મહિમા ને આત્મનિષ્ઠા છે. **॥૧૩૪॥**

અને વાસના ટળે તો પણ દેહનો ભાવ રહી જાય. ઋષભદેવ ભગવાનનો દેહ પડવાનો થયો; ત્યારે મુખમાં પાણાનો કોળિયો મૂક્યો. તે શાથી ? જે ખાવાનો અભ્યાસ ટાળવા માટે; એમ વાત સમજવી.**॥૧૩૫॥**

કદાપિ રાજી થઈને માથે હાથ મૂકીએ તો પણ જ્ઞાન કેમ થાય ? એ તો વાતે કરીને થાય. ને રાજી થાય તો બુદ્ધિ આપે, તેથી વાત સમજાય. **॥૧૩૬॥**

અને આ વાતું તો જાદુ છે; તે જે સાંભળે તે ગાંડો થાય. તે ગાંડો તે શું ? તો જે જગત ખોટું થઈ જાય; પછી તેને કોણ ડાહ્યો કહે ? **॥૧૩૭॥**

અને ઇન્દ્રિયો-અંતઃકરણ તો મુંબઈ ને સુરતનાં તળના માણસ જેવાં છે. તેને સત્સંગ થાય નહિ. ને માંહિલો કજીયો તો બહુ ભારે છે. તે જેને આડો આવે તે જાણે. એ તો મધરાસીના[1] રંગની પેઠે માયાના પાશ લાગે છે; તેથી વાત અડતી નથી. **॥૧૩૮॥**

---

૧. મદ્રાસીના.

અને સાધને કરીને કદાપિ નિર્વાસનિક થવાશે; તો પણ શું પાક્યું ? ને તેણે કરીને શું ફળ છે ? એ તો ઝાડવાં જેવો છે. ને ભગવાનની નિષ્ઠા છે, ને વાસના છે તો પણ તેની શી ફીકર છે ? ને તેનો શો ભાર છે ? ઇત્યાદિક બહુ બળની વાત કરી. **॥૧૩૯॥**

અને ભગવાનનો આશરો થયો છે, એવી તો કોઈ વાત નથી. તેને તો સર્વ વાત થઈ રહી છે, કાંઈ કરવું બાકી રહ્યું નથી ને ભગવાન તો અધમઉદ્ધારણ, પતિતપાવન ને શરણાગતવત્સલ છે, ને એ દીનબંધુ દયાળુ ભગવાન કેવા દયાળુ છે ?

'જાકા જગમેં કોઈ નહિ તાકે તુમ મહારાજ'

જે જેનું કોઈ નહિ તેના ભગવાન છે. તે ભગવાન તો ગરીબના નવાજ કહાવે છે ને :

પ્રગટને ભજી ભજી પાર પામ્યા ઘણા, ગીધ ગુનકા કપિવૃંદ કોટિ;
વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી, પ્રગટ ઉપાસના સૌથી મોટી. ॥૮॥

માટે પ્રગટના જેવી તો કોઈ વાત નથી. ને પ્રગટ સૂર્ય વતે અજવાળું થાય છે, માટે પ્રગટનો આશરો થયો છે તે બળ રાખવું. **॥૧૪૦॥**

અને તપાસીને જોયું, તે આપણે તો વિષયનો સંબધ હોય ત્યારે પ્રભુ ભજાય પણ તે વિના ભજાય નહિ; અને ખાવાનું, રહેવાનું આદિક સાનુકૂળ હોય તો ભજાય. **॥૧૪૧॥**

અને આ જીવ વિષયમાંથી નોખો પડતો નથી. આ ભજન કરાવીએ છીએ તેમાંથી પળ બે પળ જરાક નોખો પડે, તેથી નિર્ગુણ ભાવને પામી જાય. ને જીવને તો વચનામૃતમાં લંબકર્ણ[૨] જેવો કહ્યો છે. એવો હોય ને એ વર્તમાન પાળે એ તો જીવ સારો હશે. ને બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ ને એવી કોઈ સ્ત્રી નથી જે જેને પુરુષ ન

૧. ગધેડો.

જોઈએ. તેમાંથી નોખા પડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે : જે :– **निजात्मानं ब्रह्मरूपं**[૧]' જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે; એ જ ઉપાય છે. **॥૧૪૨॥**

અને મોર્ય તો ભગવાનને મુમુક્ષુ ખોળતા ને **આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે. ॥૧૪૩॥**

અને ભગવાન ભજીએ છીએ તેમાંથી બહુ જ મોટો લાભ થાશે; તે એક બ્રહ્માંડ જેટલો ન કહેવાય ને સો બ્રહ્માંડ જેટલો પણ ન કહેવાય. **॥૧૪૪॥**

અમારી ભેળા રહે છે ને બીજે માલ માને છે તેને ઓળખાય નહિ. ને આ દર્શન થાય છે એ તો બહુ જન્મને પુણ્યે થાય છે, નીકર દર્શન થાય નહિ. ને આ તો જેમ છે એમ જણાય તો આ ઘડીએ ગાંડા થાઓ, ને ગાંડું નથી થવાતું એ તો ભગવાનની ઈચ્છા છે. ને આ દર્શન તો બહુ દુર્લભ છે, પણ વરસાદ વરસે ત્યારે તેનું માહાત્મ્ય ન જણાય, પણ ન વરસે ત્યારે ખબર પડે ને વરસાદ ન વરસે તેનું તો દેહને દુઃખ થાય. ને આ યોગ ન થાય તેનું તો જીવમાં દુઃખ થાય; ને આ યોગ નહિ થાય તેને પછી રોવું પડશે. **॥૧૪૫॥**

દેહને લઈને, દેશને લઈને ને કાળને લઈને જીવ ગ્લાનિ પામી જાય છે; તે ગ્લાનિ પામવી નહિ, એનો તો એવો સ્વભાવ છે. ને કર્યું ભગવાનનું થાય છે; તે તેને ગમે તેમ કરે. ને સ્થૂળનું દુઃખ આવે[૨]; સૂક્ષ્મનું દુઃખ[૩] આવે ને કારણનું દુઃખ[૪] આવે તેને માનવું નહિ. ને મહારાજે પણ મળતું રાખીને પ્રભુ ભજાવ્યા છે. **॥૧૪૬॥**

---

૧. **અર્થ** :– પોતાનું સ્વરૂપ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ; એ ત્રણ દેહથી જુદું બ્રહ્મરૂપ સમજીને ભગવાનની ભક્તિ નિરંતર કરવી.

૨. શારીરિક મંદવાડ.

૩. માનસિક દુઃખ.

૪. વિષયભોગની પ્રબળ ઈચ્છા.

INDEX

આ કારખાનાં તો એક વર્ષનાં કરીએ તો બે વર્ષનાં ઊભાં થાય, ને બે વર્ષનું કરીએ તો ચાર વર્ષનું ઊભું થાય છે. ને સૌ મંડીએ તો જૂનાગઢથી વડતાલ સુધી સડક બાંધી દઈએ તો છાંયડે ચાલ્યા જાય ને તડકો જ ન લાગે; પણ વાતું કરવાનું ને સમજવાનું છે તે રહી જાય; ને ભગવાન વિના તો આત્મજ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ એ સર્વે અભદ્ર છે; પણ એ કોઈ કલ્યાણકર્તા નથી. **॥૧૪૭॥**

અને ત્રીશ[1] લક્ષણે યુક્ત સાધુરૂપ ભગવાન જાણવા; ને ઓગણચાળીશ[2] લક્ષણે યુક્ત રાજારૂપ ભગવાન જાણવા; બાકી **ઐશ્વર્યપણે કરીને ભગવાનપણું નથી. આ વાત પણ અવશ્ય સમજવાની છે. ॥૧૪૮॥**

અને અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે. એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું **ભગવાનને સર્વકર્તા સમજવા.**

---

૧. **અર્થ :–** ૧. કૃપા, ૨. અદ્રોહ, ૩. ક્ષમા, ૪. સત્ય, ૫. અદ્વેષ, ૬. સમાનતા, ૭. ઉપકાર, ૮. અકામ, ૯. જીતેન્દ્રિયપણું, ૧૦. કોમળતા, ૧૧. નિર્મળતા, ૧૨. અસંગ્રહ, ૧૩. સદાચાર, ૧૪. લઘુઆહાર, ૧૫. શાંતિ, ૧૬. સદ્વિચાર, ૧૭. ભગવદાશ્રય, ૧૮. સાવધાનતા, ૧૯. નિર્વિકારિતા, ૨૦. ધૈર્ય, ૨૧. ગાંભીર્ય, ૨૨. દયા, ૨૩. છ ઊર્મિ, (ભૂખ, તરસ, શોક, મોહ, જરા અને મૃત્યુ.) રહિતપણું, ૨૪. નિર્માનિતા, ૨૫. વિવેક, ૨૬. ઉપદેશ શક્તિ, ૨૭. જ્ઞાતાપણું, ૨૮. સુહૃદપણું, ૨૯. શ્રદ્ધા, ૩૦. ભગવત્ પરાયણતા. (ભાગવત ૧૧/૧૨)

૨. ૧. સત્ય, ૨. શૌચ, ૩. દયા, ૪. ક્ષમા, ૫. ત્યાગ, ૬. સંતોષ, ૭. નમ્રતા, ૮. શમ, ૯. દમ, ૧૦. તપ, ૧૧. સુખાદિમાં સમતા, ૧૨. સહનતા, ૧૩. ઉદાસીનતા, ૧૪. શાસ્ત્રાભ્યાસ, ૧૫. જ્ઞાન, ૧૬. વૈરાગ્ય, ૧૭. ઐશ્વર્ય, ૧૮. શૂરતા, ૧૯. પ્રતાપ, ૨૦. બલ, ૨૧. સ્મૃતિ, ૨૨. સ્વતંત્રતા, ૨૩. કુશળતા, ૨૪. કાન્તિ, ૨૫. ધીરજ, ૨૬. કોમળતા, ૨૭. પ્રગલ્ભતા, ૨૮. વિનય, ૨૯. શીલ, ૩૦. માનસિક શક્તિ, ૩૧. જ્ઞાનેન્દ્રિય શક્તિ, ૩૨. કર્મેન્દ્રિય શક્તિ, ૩૩. સર્વ ભોગ ૩૪. ગંભીરતા, ૩૫. દૃઢતા, ૩૬.આસ્થા,૩૭. કીર્તિ, ૩૮. માન, ૩૯. નિરાભિમાન.(શ્રી ભાગવત ૧,૧૬-૨૬,૨૮)

INDEX

ને તેમાં સુખ આવે તે સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે :

દાસના દુશ્મન હરિ કદિ હોય નહિ,
જેમ કરશે તેમ સુખ થાશે ॥૯॥ **॥૧૪૯॥**

ભગવાને મોહ તે શા સારુ કર્યો હશે ? એમ સંકલ્પ કરીને તપાસ કર્યો; તો જણાયું જે એ સમજીને કર્યું છે, નીકર બ્રહ્માંડ ચાલત નહિ. **॥૧૫૦॥**

અને મુક્તાનંદ સ્વામીમાં હેત થાય નહિ અને ભૂંડણ જેવી ડોશી હોય તેમાં હેત થાય. કેમ જે દેવની માયાનો મોહ જ એવો છે. **॥૧૫૧॥**

મોટાને વિષે સદ્ભાવ એ જ નિર્વાસનિકપણાનો હેતુ છે; ને મોટાને વિષે અસદ્ભાવ એ જ વાસનાનો હેતુ છે. અને ભગવાન ઓળખાણા, સાધુ ઓળખાણા; હવે સમજી રહ્યા. હવે કાંઈ ધ્રોડ[૧] કરવો નહિ. **॥૧૫૨॥**

અને મોક્ષને અર્થે તો ભગવાન ને સાધુ એ બે જ છે; ને બીજાં સાધનનું ફળ તો ધર્મ, અર્થ ને કામ છે. **॥૧૫૩॥**

અને સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. એ મંત્રે કાળા નાગનું ઝેર ન ચડે; એ મંત્રે વિષય ઊડી જાય; બ્રહ્મરૂપ થવાય ને કાળ, કર્મ, માયાનું બંધન છૂટી જાય છે. એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું. **॥૧૫૪॥**

અને લાકડાં, પાણા, ઈંટાળા અને માણસ; એમાં સૌને દેવની માયાનો મોહ થાય છે. ને ભગવાનની મૂર્તિ આગળ તો સર્વે કાળરૂપ છે; **ને કથા છે એ ભગવાનની મૂર્તિ છે,** તે થકી સમજણની દૃઢતા થાય છે; માટે એનો અભ્યાસ રાખવો. **॥૧૫૫॥**

---

૧. દોડાદોડ.

અને નરનારાયણાનંદ સ્વામી તો નરનારાયણ જેવા છે. એણે ત્રણ વર્ષ સુધી ડોશીયુંની સભામાં બુરાનપુરમાં વાતું કરિયું, તેથી મહારાજે તેને નરનારાયણ કહીને પૂજા કરી; ને તેના દીકરા યોગાનંદ સ્વામી ને કૃષ્ણાનંદ સ્વામી થયા હતા. માટે ગૃહસ્થાશ્રમમાં રહે તો છોકરાં પણ થાય, એ તો મોટા મોટા પણ સંસારમાં રહીને આવ્યા છે. **॥૧૫૬॥**

અને ચાર પ્રકારના સત્સંગીમાં પ્રથમ સહુ કરતાં સરસ આત્મા ને પરમાત્માના જ્ઞાનવાળો, ને તે પછી બીજો ધ્યાન ને પ્રીતિવાળો; તેણે કરીને જોડાયો હોય તે પાર પડે. ને તે કેડે ત્રીજો આજ્ઞાવાળો, તે આજ્ઞામાં રહીને માંડમાંડ પૂરું કરે; તે પણ પાર પડે તો ઠીક છે. ને તે કેડે ચોથો તે કોઈ સાધુમાં હેત થયું હોય, તેણે કરીને કોઈ રીતે નભે. એ રીતે ચાર પ્રકારના ભક્તનાં રૂપ કહ્યાં. પછી કોઈ હરિજને પ્રશ્ન પૂછ્યો જે, "એ ચાર પ્રકારના ભક્તમાં પ્રથમ કહ્યો જે જ્ઞાની તેને કોઈ પ્રકારનું વિઘ્ન આવે કે ન આવે ?" તેનો ઉત્તર કર્યો જે, "કોઈક ધક્કો મારે તે પડી જાય ને પાછો ઊભો થાય છે તેમ; વળી જેમ ચોમાસામાં પડે છે ને ઊભો થાય છે; તેમ વિચારે કરીને દેશકાળને ટાળી નાખે; ને દેશકાળ તો આવે ખરા. એ ઉત્તર છે. **॥૧૫૭॥**

અને કોટિ કલ્પે પણ જ્ઞાન કર્યા વિના છૂટકો નથી. તે શું જે '**निजात्मानं ब्रह्मास्मं**' એ શ્લોકમાં કહ્યું એમ માનવું. ગુજરાતની પૃથ્વીમાં પાણો ન આવે તેમ. હરિભક્તને તો વિષય કહેવાય નહિ. એને તો આજ્ઞા છે. **॥૧૫૮॥**

અને ભગવાન મળ્યા હોય પણ આવા સાધુ ન મળ્યા હોત, તો આટલો દાખડો કરીને કોણ સમજાવત ? ને મહારાજના સત્સંગી કરતાં પણ સાધુના સત્સંગી અધિક છે. **॥૧૫૯॥**

અને કથા વંચાવતાં વાત આવી જે, "વ્યાસજીને શાંતિ ન થઈ". તે ઉપર બોલ્યા જે આપણને ભગવાન મળ્યા તો પણ શાંતિ નથી તેનું શું કારણ છે ? જે એક તો વિષયમાં રાગે કરીને, ને બીજું ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તાય નહિ, ને ત્રીજું અજ્ઞાન, તેણે કરીને શાંતિ નથી. **॥૧૬૦॥**

અને મોટા મોટા સાધુનો સંગ કરવો; તેનું કારણ શું ? જે કોઈકમાં એક ગુણ હોય. કોઈકમાં બે ગુણ હોય, ને કોઈકમાં ત્રણ ગુણ હોય; તે સર્વેના સંગમાંથી તે તે ગુણ આવે ને સર્વે ગુણે સંપન્ન એક મળે તો કંઈ વાંધો જ ન રહે. પણ એવા ઝાઝા હોય નહિ. **॥૧૬૧॥**

અને સૂર્યની કોઈને ઉપમા દેવાય ? એ તો એક જ. તેમ ભગવાન પણ એક જ છે. ને અનંત અવતાર તે સર્વે એક ભગવાનનું દીધું ઐશ્વર્ય પામ્યા છે. આવો સમો પૃથ્વી ઉપર આવ્યો નથી ને આવશે પણ નહિ; આ સાધુ પણ આવ્યા નથી ને આવશે પણ નહિ ને આ ભગવાન પણ આવ્યા નથી ને આવશે પણ નહિ. **અનંત અવતાર થઈ ગયા ને અનંત અવતાર થાશે, પણ આ સાધુ ને આ ભગવાન તે આવ્યા નથી ને આવશે પણ નહિ. ॥૧૬૨॥**

અને અક્ષરધામમાંથી અહીં પોતે પુરુષોત્તમ જીવનાં કલ્યાણ કરવાને સ્વતંત્રપણે આવે ને અનંત જીવનો મોક્ષ કરીને ચાલ્યા જાય. ને મુક્ત તો આજ્ઞાએ કરીને આવે, ને બીજો મુક્ત તો વાસનાએ કરીને આવે; તે તો પ્રિયવ્રત જેવો, અંબરીષ[1] જેવો કે ભરતજી જેવો થાય. **॥૧૬૩॥**

અને અલભ્ય લાભ મળ્યો છે ને આત્યંતિક મુક્તિને પામ્યા છીએ. ને આજ સત્સંગની ભરજુવાની છે; ને આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ છે તે આપણને મળ્યો છે; તેમાં રસ ઘણો ને સુગમ પણ છે. **॥૧૬૪॥**

અને કામ ક્રોધાદિક દોષ છે તે તો જેમ ખીલ કે ધાધર હોય એવા છે; તે તો દેહનો ભાવ છે તે ટળી જશે. ને મોટા દૃષ્ટિ કરે તો આ ઘડીએ ટળી જાય; પણ મોટાનો અવગુણ એ તો ક્ષય રોગ જેવો છે. **॥૧૬૫॥**

એક તો ભગવાનની આજ્ઞા, અને બીજું સંતનું સ્વરૂપ, ને ત્રીજું ભગવાનનું સ્વરૂપ, એ ત્રણ વાતમાં ભગવાન રાજી, રાજીને રાજી છે; ને તેને ધન્ય છે. એ ત્રણ વાત રાખવી. **॥૧૬૬॥**

---

૧. **અંબરીષ** = સૂર્યવંશની ૨૮મી પેઢીમાં થયેલા મહાન ભક્ત રાજા. તેમની આત્મનિવેદી ભક્તિથી પ્રસન્ન થઈને વિષ્ણુએ તેમની તથા તેમના રાજ્યની રક્ષા માટે સુદર્શન ચક્ર આપ્યું હતું. (ભાગવત-૯।૪।૧૩)

અને આ સત્સંગ મળ્યો છે તે તો પારસમણિ તથા ચિંતામણિ મળી છે. તેમાં જીવ બહુ વૃદ્ધિને પામે છે. **॥૧૬૭॥**

અને આશરાનું રૂપ કેવું કહ્યું ! કે કોઈક આપણા મંદિરમાં કાલનો આવેલો હોય ને તે માંદો પડે, ને વીશ વર્ષ માંદો રહે તો પણ તેની ચાકરી કરવી પડે. વળી જેમ ગૃહસ્થનાં બાયડી છોકરાંને તેનો આશરો છે, તે દેશ પરદેશમાં જઈને તેની ખબર રાખે છે; તેમ ભગવાન પોતાના આશ્રિતની ખબર રાખે છે. **॥૧૬૮॥**

અને સર્વે વાત સાધુ વતે છે, માટે તેને મુખ્ય રાખવા; પણ સાધુ ગૌણ થાય ને જ્ઞાન પ્રધાન થઈ જાય એમ ન કરવું. ॥૧૬૯॥

અને મહિમા સમજાય છે ને ફરી ભૂલી જવાય છે; માટે સો વાર વાંચે સાંભળે તો પછી ભૂલાય નહિ. મહારાજ છતાં હેત બહુ હતું ને આજ જ્ઞાન અધિક છે; ને ઘણાક સંસ્કારી જીવ આવ્યા છે, માટે સાધુમાં હેત તુરત થઈ જાય છે. **॥૧૭૦॥**

મોટા મોટા સર્વે સાધુ હોય, શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય, બ્રહ્માના કલ્પ પર્યંત આવરદા હોય; ને સર્વેનો સંગ કરીને તેના ગુણને શીખે તો સત્સંગ થાય ને વાસના ટળે એવી છે. અને એ કહ્યા એ સર્વના ગુણ એકને વિષે હોય એવાનો સંગ મળે, તો સર્વે ગુણ આવે ને વાસના ટળી જાય; તે સંગ આજ આપણને મળ્યો છે. **॥૧૭૧॥**

એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે, તેમાં બહુ દાખડો; કેમ જે કોક બાંધે તો યજ્ઞ અધૂરો રહે; ને એક તો ફળિયામાં ઘોડો ફેરવે ને યજ્ઞ કરી લે; તેમાં શું કહ્યું ? જે ઈન્દ્રિયો-અંતઃકરણ વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે. ને વળી ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે; ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું, એ ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે. **॥૧૭૨॥**

અને તપ કરીને બળી જાય તો પણ જો ભગવાનનો આશરો ન હોય તો ભગવાન તેડવા ન આવે; અને હિંડોળા ખાટમાં સૂઈ રહે ને દૂધ, સાકર ને ચોખા જમે ને સેવાના કરનાર ને રળનાર બીજા હોય, તો પણ તેને અંત સમે વિમાનમાં બેસારીને ભગવાન તેડી જાય છે; જો ભગવાનનો દૃઢ આશરો હોય તો. માટે **મોક્ષનું કારણ આશરો છે. ॥૧૭૩॥**

નવરાશ હોય ત્યારે ભગવાનની મૂર્તિને લઈને બેસવું. તે મૂર્તિ તે શું ? જે **ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન એ ભગવાનની મૂર્તિ છે.** ને દેહ હોય ત્યાં લોભ, કામ, ક્રોધ, સ્વાદ, સ્નેહ, માન, નિદ્રા એ સર્વે હોય, તેને તો દેહ ભેળાં કરી રાખવાં; તે તો જેમ કોઈક અફીણનું વ્યસન રાખે છે તેમ. તે સુખ જેવાં જણાય છે, એ તો દેહને દુઃખ દે એવાં છે એમ સમજવું. **॥૧૭૪॥**

અને આપણે તો છેલ્લો જન્મ થઈ રહ્યો છે ને છેલ્લો જન્મ તે શું ? જે **પ્રકૃતિના કાર્યમાં મને કરીને માલ ન માનવો એ જ છેલ્લો જન્મ છે.॥૧૭૫॥**

કોઈક માણસનું કોઈકે જરાક રાખ્યું હોય તો તે પણ નથી ભૂલતો, તો ભગવાનને અર્થે આપણે કાંઈક કર્યું હોય કે કરીએ તે કેમ ભૂલે ? એ ભગવાન તો કાંઈ ભૂલે એવા નથી ને ભગવાનની દયા તો અપાર છે. સર્વે ઠેકાણે ત્યાંથી જ દયા આવી છે. **॥૧૭૬॥**

અને ભગવાન મળ્યા, સાધુ મળ્યા, હવે હૈયામાં દુઃખ આવવા દેવું નહિ; ને પ્રારબ્ધનું આવે તે ભોગવી લેવું. **॥૧૭૭॥**

જેવા શબ્દ સાંભળે તેવો જીવ થઈ જાય છે, માટે ભગવાનના બળિયા ભક્ત હોય તેના શબ્દો સાંભળીએ તો જીવમાં બળ આવે, પણ નપુંસકને સંગે બળ પમાય નહિ. **॥૧૭૮॥**

આ તો મોટાની નજર પડી ગઈ છે, તેથી વિષયની તીક્ષ્ણ વૃત્તિ ઓછી થઈ ગઈ છે; નીકર તો તે વિના રહેવાય નહિ. **॥૧૭૯॥**

અને અવિદ્યાનું[૧] પણ ભગવાન ચાલવા દે તો ચાલે, નીકર અવિદ્યાનો શો ભાર છે ? એ તો ભગવાન દૃષ્ટિ કરે તો ફાટી મરે, એ વાત પણ સમજવી.**॥૧૮૦॥**

જન અવગુણ પ્રભુ માનત નાહિ, એહી પૂરવકી રીત
દીન-બંધુ અતિ મૃદુલ સ્વભાઉ, ગાઉં નિશ દિન ગીત (-પ્રેમાનંદ કાવ્ય)

એમ કલ્યાણ થાશે જાઓ. **॥૧૮૧॥**

અને સંત છે ત્યાં નિયમ છે, ધર્મ છે, જ્ઞાન છે; ને સંત છે ત્યાં અનંત ગુણ છે ને ભગવાન પણ ત્યાં જ છે. ને તેથી જીવ પવિત્ર થાય છે. તે વચનામૃતમાં કહ્યું છે જે, "તપ, ત્યાગ, યોગ, વ્રત, દાન એ આદિક સાધને કરીને ભગવાન કહે કે હું વશ થાતો નથી, જેવો શુદ્ધ અંતઃકરણવાળા સાધુને સંગે કરીને થાઉં છું." અને જેને આ સત્સંગ મળ્યો છે તેના પુણ્યનો પાર નથી. અજામિલ મહાપાપી હતો. પણ તેને સનકાદિક મળ્યા તેને પગે લાગ્યો ને કહે જે, "મારાથી તો કાંઈ થાય નહિ. " ત્યારે સાધુ તો દયાળુ છે, તે છોકરાનું નામ નારણિયો પડાવીને પણ મોક્ષ કર્યો. **॥૧૮૨॥**

ભગવાનના ધામમાં સુખ છે તેમાંથી છાંટો નાખ્યો તે પ્રકૃતિપુરુષમાં આવ્યું, ત્યાંથી પ્રધાનપુરુષમાં આવ્યું, ત્યાંથી વૈરાટપુરુષમાં આવ્યું, ત્યાંથી દેવતામાં આવ્યું ને ત્યાંથી અહીં મનુષ્યમાં આવ્યું છે, તે સુખમાં જીવમાત્ર સુખિયા છે. માટે સુખ માત્રનું મૂળ કારણ તો ભગવાન છે. તેને સુખે સુખિયા થાવું. **॥૧૮૩॥**

ભક્તિમાતાએ મહારાજને કહ્યું જે, 'મારો સ્ત્રીનો દેહ તે મને ઝાઝું સમજાય નહિ, તેથી થોડાકમાં હોય તે કહો." પછી મહારાજે ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં ને કહ્યું : જે "એવા સાધુમાં જેણે આત્મબુદ્ધિ કરી તેને સર્વ સંપૂર્ણ થઈ રહ્યું." ને મહારાજને કહ્યું જે, "એવાનાં દર્શનને

---

૧. માયા.

અમે પણ ઇચ્છીએ છીએ'' ઇત્યાદિક બહુ મહિમા કહ્યો. **॥૧૮૪॥**

જેને જ્ઞાન ન હોય તેને તો એમ થાય જે, 'આપણે શું પામશું ને ક્યાં જાશું ?' ને જેને જ્ઞાન હોય તેને તો અહો ! અહો ! થયા કરે જે આ પ્રાપ્તિ થઈ તે હવે કાંઈ કરવું રહ્યું નથી. **॥૧૮૫॥**

અને સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ સોમવલ્લીનો[૧] પીનારો હોય, તે કરતાં પણ ભગવાનનો ભક્ત શ્વપચ[૨] હોય તે શ્રેષ્ઠ છે. એમ ભગવાનના ભક્તનો મહિમા સમજવો એમ પ્રહ્લાદનું વાક્ય છે. **॥૧૮૬॥**

અને ભગવાન જ્યારે પૃથ્વી ઉપર આવે ત્યારે રાજસી, તામસી, સાત્ત્વિકી ને અધમ, તેનો પણ ઉદ્ધાર કરી નાખે છે. કાંઈ મેળ રહે નહિ. **॥૧૮૭॥**

આ જીવ તો જેમ પરદેશમાંથી ભાઉડાં[૩] ઝાલી લાવે એવા છે. તેને કશી ગમ નહિ. પછી તેને સાધુ જ્ઞાન દઈ દઈને મનુષ્ય કરે ત્યારે મનુષ્ય થાય છે. **॥૧૮૮॥**

અને પુરુષોત્તમની ઉપાસનાએ કરીને જીવ અક્ષર જેવો થાય છે. ને મોટાને મળે તે બહુ મોટ્યપને પામે છે. જૂ વિવાય તો લીખ આવે ને હાથણી વિયાય તો બળદ જેવડું બચ્ચું આવે. તે ઉપર વચનામૃત વંચાવ્યું: જે **'જેવા ભગવાનને જાણે તેવો પોતે થાય છે.'** **॥૧૮૯॥**

અને કોટિ કલ્પના પાશ લાગ્યા છે, તે હમણાં ભગવાનમાં જોડાવા જઈએ, પણ માયામાં જોડાઈ જવાય છે. ને જ્યારે જ્ઞાન થાશે ત્યારે માયામાં જોડાવા જાશું, તો પણ ભગવાનમાં જોડાઈ જવાશે. ને હમણાં તો ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવથી મુકાઈને સાધુમાં જોડાવું; ને સાધુ ભગવાનમાં જોડશે, ને પોતાને બળે છૂટવા જાય તેમ વધુ બંધાશે. **॥૧૯૦॥**

---

૧. વેદકાલીન લતા; જેના પાનનો રસ યજ્ઞમાં વપરાતો.

૨. ચાંડાળ-પુરાણકાલિન વર્ણવ્યવસ્થામાં અતિશૂદ્રનો એક પ્રકાર.

૩. હબસી લોકો.

અને દેહનો ભાવ ન જણાય એવા તો સ્વરૂપાનંદ સ્વામી ! કેમ જે એ તો દેહમાં વર્તે નહિ ને બીજાને તો દેહના ભાવ જણાય છે. ॥૧૯૧॥

પણ એક શબ્દે કરીને તો સ્વરૂપાનંદ સ્વામીને જ્ઞાન થાય, ને આપણને તો કરોડ શબ્દ પડે ત્યારે જ્ઞાન થાય; પણ તરત ન સમજાય. ॥૧૯૨॥

પૂર્વે મોટા મોટા થયા તેમાં કોઈમાં કોઈ પ્રકારનો દોષ હોય, પણ તે દોષ કહેવાય નહિ, ને તેમાંથી તો જીવ બગડી જાય. ને એવી વાતમાં તો શિવજીના આચરણમાંથી ચિત્રકેતુને સંસ્કાર[૧] થયા. તે ચકલીનું મોત ઢેફલે[૨]. **સત્સંગની મોટપ તો નિશ્ચય વડે છે પણ સાધને કરીને નથી.** ॥૧૯૩॥

આપણું કલ્યાણ તો પ્રત્યક્ષ ભગવાનને આશરે કરીને છે. ને શાસ્ત્ર પ્રમાણે વર્તવું એ તો બીજાના કલ્યાણને અર્થે છે; કેમ જે આપણો ગુણ આવે તેનું પણ કલ્યાણ થાય. ॥૧૯૪॥

કેટલાક ધર્મમાં આકરા હોય, પણ સમજણ થોડી હોય; ને કેટલાક ધર્મમાં સામાન્ય હોય, તો પણ સમજણ સારી હોય; માટે **સમજણ હોય તે વૃદ્ધિ પામે.** ॥૧૯૫॥

અને બ્રહ્મભાવ ને મહિમાની વાત ઝાઝી કહેતા નથી; કેમ જે એમાંથી તો માણસ ગાંડા થઈ જાય છે, તે સારુ વર્તમાન ને પુરુષ પ્રયત્નની વાત કરીએ છીએ; કેમ જે અનંત જીવને પ્રભુ ભજાવવા છે માટે. ॥૧૯૬॥

---

૧. **ચિત્રકેતુને સંસ્કાર** :નારદજીના ઉપદેશથી એક કરોડ સ્ત્રીઓ અને રાજ્ય સુખનો ત્યાગ કરીને યમુનાજીના ધરામાં તીવ્ર તપ કરીને વિદ્યાધરોના અધિપતિ બનેલા ચિત્રકેતુ રાજાએ એક સમયે આકાશમાર્ગે જતા નીચે કૈલાસમાં શંકરના ખોળામાં મા પાર્વતીજીને જોઈ કટાક્ષ હાસ્ય કર્યું.ત્યારે પાર્વતીએ શાપ દીધો તે વૃત્રાસુર થવું પડ્યું. એ સંસ્કાર.

૨. **ચકલીનું મોત** : જેમ ચકલી નાના ઢેફલા એટલે કે કાંકરાથી પણ મૃત્યુ પામે તેમ નાના અપરાધે પણ રાજા અસુર થયો. (ભાગવત-૬/૧૮/૧૫)

INDEX

આપણે જાણીએ છીએ જે, આપણને ભગવાનમાં હેત છે; પણ આપણા કરતાં તો આપણા ઉપર ભગવાનને અને સાધુને ઝાઝું હેત છે. **॥૧૯૭॥**

અને જીવ માત્ર લઘુશંકાના છે; તે એનું ભજન કરે છે. ને એ વિના તો રહેવાય નહિ. તે ક્યાં સુધી ? જે વૈરાટ સુધી ન રહેવાય, ને એમાંથી તો એક સનકાદિક તર્યા. ને આ તો મહારાજે નવો ઉઠાવ[1] કર્યો છે; ને આપણે તો કોઈક લોકમાંથી આવ્યા હશું તે અહીં બેસાય છે; ને આવો યોગ મળ્યો છે; નીકર મળે નહિ. ને વિષય વિના તો જીવથી રહેવાય નહિ. તે સારુ વેદે કરીને નિયમ બાંધીને વિષયની રજા આપી; તો પણ જીવ વેદ પ્રમાણે ચાલતા નથી. તે સારાં સારાં માણસ પણ નથી ચાલતાં, કેમ જે વિષયનું બહુ બળ છે. એ પ્રકારે વાત કરી. **॥૧૯૮॥**

આ કારખાનામાં તો બ્રહ્માંડ જેટલો વ્યવહાર કરવો ને ન બંધાવું, એવા તો એક સહજાનંદ સ્વામી છે. ને આ કામ તો કેવું છે ? જે આઠ દોકડાભારની ઉંદરડી ને માથે હજાર મણનો પાટડો પડે, તે ઉંદરડી ક્યાંય દેખાય નહિ એવું છે. તે મહારાજે કહ્યું છે 'જે, ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે પણ ઊતરતા જેવા રહે કે ન રહે. માટે આપણે તો ભગવાન ને સાધુ એ બે રાખવા. ને સોનું રાખીને ઉપર રૂપિયા દેવા તે ખોટ ન આવે; ને બીજા વેપારમાં તો ખોટ પણ આવે. માટે આત્મનિષ્ઠા આદિક ગુણ છે, પણ **ભગવાન અને સાધુ જેવું કાંઈ નથી. ॥૧૯૯॥**

અને એક એક વિષય છે તે ગિરનાર જેવા છે. તે આખી પૃથ્વીના સુતાર, લુવાર, કડિયા ભેળા કરીને હજાર કે પાંચસો વર્ષ સુધી ખોદે ત્યારે ખોદાય. એમ વાર્તા કરી તે સમજવી. **॥૨૦૦॥**

સર્વ કરતાં ભજન કરવું તે અધિક છે; ને તે કરતાં સ્મૃતિ રાખવી તે અધિક છે; ને તે કરતાં ધ્યાન કરવું તે અધિક છે, ને તે કરતાં **પોતાના આત્માને વિષે ભગવાનને ધારવા તે અધિક છે. ॥૨૦૧॥**

૧. નવી ઉપસી આવે એવી અલૌકિક રીત.

INDEX

અને સર્વકર્તા તો ભગવાન છે. હમણાં આપણે ઊંઘમાં જાવું હોય તો જવાય નહિ; ને ઊંઘમાં ગયા હોઈએ ને પછી ચોર આવીને લૂંટીને લઈ જાય, પણ આપણાથી જગાય નહિ; માટે સર્વકર્તા તો ભગવાન છે. **॥૨૦૨॥**

અને વિષયરૂપી ફાંસલો જીવના ગળામાં નાંખ્યો છે તેનું બળ છે. જેમ નદીનો પ્રવાહ ચાલતો હોય ત્યાં સુધી તેનું બળ ન જણાય; પણ તેને બંધ કરે ત્યારે ખબર પડે. તેમ મોટા મોટા સૌભરિ ને પરાશર આદિક દિશાઓના જીતનાર ભારે ભારે તેને પણ પરાભવ પમાડ્યા છે. તે વાસના જે લિંગદેહ તે તો આત્યંતિક પ્રલયમાં પણ ન બળ્યું, તે આજ જ્ઞાને કરીને બળે છે. પણ મહારાજે તો સર્વ બારાં બંધ કરી દીધાં છે. તે જીવ શું કરે ? જેમ ધોરિયામાં સાલી તાણે છે[૧] તેણે બારા બંધ થઈ જાય; ને પાણી ક્યાંય જાવા પામે નહિ એમ બંધ કર્યું છે.**॥૨૦૩॥**

છેલ્લા પ્રકરણનું તેરમું વચનામૃત વંચાવીને તેમાં "દેશકાળનું બહુ પ્રકારે વિષમપણું થઈ જાય ને તેમાં પણ એકાંતિકપણુ કેમ રહે ?" એ પ્રશ્ન ઉપર વાત કરી **જે, નિશ્ચય રહે એ જ એકાંતિકપણું છે;** ને એ જ રહેવાનું. તે જેમ ચિંતામણિ રહી ને બીજું ધન સર્વે ગયું, પણ કાંઈ ગયું નથી; ને ચિંતામણિ ગઈ ને બીજું સર્વે ધન રહ્યું, પણ કાંઈ રહ્યું નથી. તેમ જ **નિશ્ચય રહ્યો તો સર્વે** રહ્યું, ને અંતે એ જ રહેવાનું છે. **॥૨૦૪॥**

છેલ્લા પ્રકરણના પાંત્રીસમા વચનામૃતમાં કહ્યું છે જે, છ લક્ષણે યુક્ત સંત હોય તેની સેવા કર્યે ભગવાનની સેવાનું ફળ થાય છે; ને તેનો દ્રોહ કર્યે ભગવાનના દ્રોહનું પાપ લાગે છે. માટે આજ તો બહુધા આખો સત્સંગ એવો છે.**॥૨૦૫॥**

અને ખરેખરા ભગવદી હોય તેને ગુણ ન વ્યાપે, એ તો જાણપણા રૂપી દરવાજે રહીને જોયા કરે છે. **॥૨૦૬॥**

---

૧. ઘાસના પૂળા પર વજન મૂકીને ધોરિયામાં ખેંચે તે.

અને મહારાજ કહે કે ''અમને સંકલ્પ થાય છે જે સર્વેને મુક્તાનંદ સ્વામી જેવા કરી મૂકીએ, પછી સાચવવા ન પડે.'' કેમ જે મુક્તાનંદ સ્વામીને તો જ્ઞાન. તે જ્ઞાને કરીને સર્વે ટાળી નાંખે; ને મુક્તાનંદ સ્વામીને તો શબ્દ આકાશનો ભાગ છે એમ કાપતાં આવડે; ને બીજાને તો એવું જ્ઞાન નહિ તે સારુ આ નિયમ કર્યા છે જે, જોવું નહિ, સાંભળવું નહિ; એ પ્રકારે નિયમ બાંધ્યા છે. **॥૨૦૭॥**

અને બ્રહ્મવેત્તાને મતે તો વેદ માર્ગ જે વિધિનિષેધ તે પણ ગણતરીમાં નથી; એમ જડભરતે રહુગણને કહ્યું. એની સમજણમાં તો આત્મા ને પરમાત્મા એ બે જ વાત રાખવી એમ કહ્યું; તે ઉપર છેલ્લા પ્રકરણનું છેલ્લું વચનામૃત વંચાવ્યું ને બોલ્યા જે, આ વચનામૃતમાં પણ **આત્મા ને પરમાત્મા એ બે વાતનો વેગ લગાડી દેવો** એમ મહારાજનો સિદ્ધાંત છે. **॥૨૦૮॥**

અને મારો દેહ પચીસ વર્ષ થયાં આવરદા વિનાનો રહ્યો છે, તે શા સારુ ? જો મુમુક્ષુના રૂડાને અર્થે રહ્યો છે; ને મહારાજનું સ્વરૂપ સમજાવવું પડે તે સારુ અમને રાખ્યા છે. **॥૨૦૯॥**

અને હાલનો આવેલો હશે તેને અક્ષરધામનું સુખ આવતું હશે; ને મહારાજનો મળેલો હશે ને મુક્તાનંદ સ્વામીને મળેલો હશે તેને અક્ષરનું સુખ આવતું નહિ હોય, એમ સમજણમાં રહ્યું છે. **॥૨૧૦॥**

આપણને જ્ઞાન તો આવડે નહિ ને વૈરાગ્ય તો છે નહિ; માટે ''હું ભગવાનનો ને એ મારા'' એમ સમજવું ને હેત તો પંદર આના[1] સંસારમાં છે ને એક આનો અમારામાં છે; ને કલ્યાણ તો એને શરણે ગયા એટલે એ સમર્થ છે તે કરશે; એ એની મોટાઈ છે. **॥૨૧૧॥**

અને જેમ છે એમ કહીએ તો ઘેર કોઈ જઈ શકે નહિ; ને ઘેર જાય તો ત્યાં રહેવાય નહિ, એમ કહીને બોલ્યા જે :

---

૧. જુના સમયમાં સોળ આનાનો રૂપિયો ગણાતો, તે ગણતરી પ્રમાણે સમજવું.

તાજી તીક્ષણ ધાર, અડતામાં અળગું કરે;
ત્યાં લેશ ન રહે સંસાર, વજ લાગ્યા કોઈ વીરનાં. ॥૨૧૨॥

રાજાને પાણી ન પાયું[1] તો પણ તેણે સંકલ્પ કર્યો હતો તેથી ગામ આપ્યું; તે જીવ પોતાના સ્વભાવ મૂકતા નથી, તેમ ભગવાન પણ પોતાનો સ્વભાવ મોક્ષ કરવાનો છે તે મૂકતા નથી. **॥૨૧૩॥**

માની હોય તેને માન આપીને જીતવો; ગર્વી[2] હોય તેની આગળ દીન થઈને જીતવો; લોભી હોય તેને પદાર્થ આપીને જીતવો; ને ગરીબ હોય તેને દબાવીને જીતવો; એમ કેટલીક જ્ઞાન કળા શીખવી. **॥૨૧૪॥**

દિવ્યભાવ અને મનુષ્યભાવ; એ બેને એક સમજે તે માયાને તરી રહ્યો છે, ને એ જ માયા છે તે જાણવી. ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે ત્યારે આનંદ થાય, ને રૂએ ત્યારે મૂંઝવણ થાય. ને દિવ્યભાવ અને મનુષ્યભાવ એક સમજે છે તેને કયું સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ નથી. **॥૨૧૫॥**

વણથળીમાં વાત કરી જે, આ વણથળી ગામ કોઈકને આપે તો તે ગાંડો થઈ જાય; ને વળી વડોદરું આપે તો વાત જ શી કહેવી ! ને આપણને તો કરોડ કરોડ વડોદરાં મળ્યાં છે; તે એમ પણ કહેવાય નહિ. હવે તો દેહ રહે ત્યાં સુધી બાજરો ખાવો ને પ્રભુ ભજવા. ને રોટલા તો ભગવાનને દેવા છે તે આપશે. ને દેહ પડશે કે ભગવાન પાસે જઈને બેસવું છે; તે જેમ અંગરખું ઉતારી મૂકે તેમ દેહ પડ્યું રહેશે. એમ વાત કરી. **॥૨૧૬॥**

જેમ ગૃહસ્થ પોતાની મા, બેન, દીકરીને ઉઘાડી દેખે તો અવળું જોઈ જાય, પણ સામું ન જુએ; તેમ **ભગવાન પણ પોતાના આશ્રિતના દોષ સામું જોતા નથી. ॥૨૧૭॥**

---

૧. **રાજાને પાણી ન પાયું** : શિકારે નીકળેલા એક રાજવીને તરસ લાગતાં ખેતરમાં કામ કરતાં ખેડૂત પાસે ગયો અને પાણીના બદલામાં એક ગામ પરગણામાં આપવાનો સંકલ્પ કર્યો. પાણી માંગ્યું પણ અવળચંડા ખેડૂતે પાણી ઢોળી નાંખ્યું પણ આગંતુક રાજાને ન પાયું છતાં રાજાએ સંકલ્પ પ્રમાણે ગામ આપ્યું.

૨. ઘમંડી.

આ પૃથ્વીના સર્વ જીવપ્રાણીમાત્ર રાજા પ્રજા આદિક છે, પણ ઇન્દ્ર વરસાદ ન વરસાવે તો સર્વે મરી જાય. ને તે ઇન્દ્ર છે તે બ્રહ્મા, વિષ્ણુ ને શિવની આગળ ગણતરીમાં નથી, ને એ સર્વે વૈરાટની આગળ ગણતરીમાં નથી; ને તે વૈરાટપુરુષ પ્રધાનપુરુષની આગળ ગણતરીમાં નથી; ને એ સર્વે અક્ષરની આગળ ગણતરીમાં નથી; ને તે અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન તે આજ આપણને સાક્ષાત મળ્યા છે. તેનું બળ રાખવું ॥૨૧૮॥

અને મોટા સાધુના સમાગમથી વિષયની વાસના ટળી ગઈ છે, તો પણ ન ટળ્યા જેવું જણાય છે તેનું કારણ એ છે જે, જેમ તરવારમાં મરિયાં[1] લાગ્યાં હોય તે સરાણે[2] ચડાવ્યાથી મટી જાય; પણ બહુ કાટ લાગીને માંહી ઊતરી ગયા હોય તો તે મટે નહિ; તે તો તરવાર ગાળીને ફરીથી ઘડે ત્યારે મટે. તેમ **આ દેહ મૂકીને બ્રહ્મરૂપ થાશે એટલે સર્વે વાસના ટળી જાશે.** ॥૨૧૯॥

આ સાધુ તો ભગવાનના હજૂરના રહેનારા છે ને પળમાત્ર છેટે રહે એવા નથી; ને છેટે રહે છે તે કોઈ જીવના કલ્યાણે અર્થે છે. ને આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા જન્માંતરમાં પણ કરી શકે નહિ; ને તે કરતાં પણ આવડે નહિ, ને જન્મારો અભ્યાસ કરે, તો પણ એવી વાત શિખાય નહિ. એમ વાત કરી. ॥૨૨૦॥

અને ભગવાનનું ને આવા સાધુનું જ્ઞાન જેને થયું છે તેને કાંઈ કરવું રહ્યું નથી; તે તો અહીં છે તો પણ અક્ષરધામમાં જ બેઠા છે. માટે **પાંચ માળા વધુ ઓછી-ફરશે તેની ચિંતા નથી. તે તો સામર્થ્ય પ્રમાણે વર્તવું; પણ ભગવાન ને આ સાધુ એ બેને જીવમાં રાખવા. ને આપણે સાધનને બળે મોટાઈ નથી; આપણે તો ઉપાસનાના બળથી મોટાઈ છે.** ॥૨૨૧॥

---

૧. કાટના ઝીણા ડાઘ.

૨. ધાર કાઢવાનું યંત્ર.

INDEX

અને આજ ભગવાન અક્ષરધામ સહિત અહીં પધાર્યા છે. તેના સ્વરૂપનો પર ભાવ સમજાતો નથી એ જ મોટું પાપ છે. માટે જાદવ[૧] જેવા ન થાવું, પણ **ઉદ્ધવજી જેવા ભક્ત થાવું.** ને મોટા સાધુ હોય તેને બીજા જેવા કહેવા તથા બીજાથી ઉતરતા જેવા કહેવા એ એનો દ્રોહ થાય છે. ને આજ તો જેવી વાતો થાય છે ને સમજાય છે, તેવી કોઈ દિવસ સમજાણી નથી. **॥૨૨૨॥**

આવાને આવા અક્ષરધામમાંથી આવ્યા કરે છે, એવો પરભાવ અખંડ જણાય તો અહો ! અહો ! સરખું રહે; પણ જેવા સાધુ છે એવા ઓળખાતા નથી.**॥૨૨૩॥**

અને જીવનો ને દેહનો વ્યવહાર નોખો સમજવો. ને એમ ન સમજે તો આ પ્રાપ્તિ ભારે થઈ છે, તો પણ દુર્બળતા મનાય. ને ભગવાનની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમ કરે તો પણ નિર્બંધ છે. **॥૨૨૪॥**

કૃપાનંદ સ્વામી આદિક મોટા મોટા સાધુના જેટલું આપણામાં બળ નહિ, માટે મોટાની બરોબર સાધન કરવાનો વાદ મૂકીને અગિયાર નિયમ પાળવા; એટલે તેમના જેવા બળિયા થવાશે. શાથી જે આ **સત્સંગમાં ઉપાસના, ધર્મ આદિક સર્વ છે; કાંઈ બાકી નથી. ॥૨૨૫॥**

ભગવાનની મૂર્તિ, ભગવાનનું ધામ, ભગવાનના પાર્ષદ ને જીવ એ ચાર અવિનાશી છે. બાકી નાશવંત છે. તેમાં જીવ છે તે બદ્ધ છે. જેમ કોઈને બેડીમાં[૨] નાખે છે તે નીકળાય નહિ. તેમ જીવને પ્રકૃતિરૂપ સ્ત્રી ને પુરુષ એ બેડી છે, તે કોઈ રીતે તૂટે તેવી નથી. તે તો જ્ઞાનથી તૂટે છે. નીકર દેહે કરીને ત્યાગ કરે, પણ તૂટતી નથી. તે ઉપર પાવૈયાનું[૩] તથા બળદનું દૃષ્ટાંત દીધું; જે એને દેહે કરીને ત્યાગ છે પણ વાસના ટળે નહિ. **॥૨૨૬॥**

---

૧. શ્રીકૃષ્ણના પુત્રો.

૨. કેદી અને હાથીના પગમાં બાંધવામાં આવતી સાંકળ.

૩. નપુંસકનું.

અને કોટિ સાધન કરે પણ આમ વાતો કરવી ને સાંભળવી તેની બરોબર થાય નહિ; ને બીજાથી તો આટલી પ્રવૃત્તિમાં વાતું થાય નહિ. ॥૨૨૭॥

આ જીવને માયાથી નિર્લેપપણું બે પ્રકારથી છે. એક જ્ઞાને કરીને અને બીજું ભગવાનની આજ્ઞાથી. બાકી તો નિયમે કરીને છે. પણ દેશકાળે તેનો ભંગ થાય તો ગ્લાનિ પામી જાય.॥૨૨૮॥

જ્ઞાને કરીને સ્થિતિ કરવી તે દેખવા કરતાં પણ અધિક છે. પર્વતભાઈ, કૃપાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી એમને સમાધિ નહોતી; ને મૂર્તિ દેખતા પણ ખરા. ને પર્વતભાઈ હમણાં આપણે સમજીએ છીએ તેમ સમજતા. માટે **બ્રહ્મરૂપ માનીને ભગવાન માંહી રહ્યા છે એમ માનવું એ જ્ઞાનની સ્થિતિ છે.** તે અધિક છે; ને તેમાં વિઘ્ન નથી. ને તે વિના તો સચ્ચિદાનંદ સ્વામી સમાધિવાળાને પણ દુઃખ આવતાં; માટે પ્રેમી ન થાવું. ને જ્ઞાની થાવું ને પોતાની સમજણને છુપાવી રાખવી, કૃપાનંદ સ્વામીની પેઠે. ॥૨૨૯॥

અને પડછાયાને પહોંચાય નહિ. તેમ વિષય તથા સાધનને પણ પહોંચાય નહિ. ને તેનો પાર આવે તેમ નથી; માટે **જ્ઞાન થાય ત્યારે સુખ થાય છે.॥૨૩૦॥**

અને આપણે ભગવાનના છીએ પણ માયાના નથી એમ માનવું; ને આ વાતું તો અનંત સંશયને છેદી નાખે એવી ભગવાન પુરુષોત્તમની છે. ॥૨૩૧॥

દેહને પોતાનું રૂપ માને તો તેમાં બધાંય દુઃખ રહ્યાં છે. ને દેહને ન માને તો તેમાં દુઃખ નહિ. ને શાસ્ત્રમાં બહુ પ્રકારના શબ્દ છે તે સાંભળીને ભ્રમી જવાય છે; ને માથું ફરી જાય છે ને બ્રહ્મરૂપ મટીને દેહરૂપ મનાઈ જવાય છે. ને શાસ્ત્રમાં તો બધાય શબ્દ સરખા હોય નહિ; બે આમ હોય ને બે આમ હોય પણ એકધારા હોય નહિ. ને જ્ઞાન થયું

છે તે કેનું નામ ? જે શાસ્ત્ર સાંભળીને તથા કોઈની વાતે કરીને અંગ ફરી જાય નહિ, તે પાકું જ્ઞાન કહેવાય. ॥૨૩૨॥

અને ભગવાનને નિર્દોષ સમજવાથી મોક્ષ થઈ રહ્યો છે, ને દોષ ટાળવાનો અભ્યાસ કરે તો ટળી જાય, નીકર દેહ રહે ત્યાં સુધી દુઃખ રહે. ને દોષ જણાય છે તે સર્વે તત્ત્વના દોષ છે. ॥૨૩૩॥

અને વ્યવહાર છે તે દેહે કરીને કરવો ને મને કરીને જુદા પડવું; મન માંહિ ભળવા આવે તો જ્ઞાને કરીને ત્યાગ કરવો. ॥૨૩૪॥

કાં તો અષ્ટાંગ યોગ ને કાં તો રોગ, તે વિના અંતરનો મેલ જાય નહિ. તે ઉપર એક ભક્તનું દૃષ્ટાંત દીધું જે, રોગ આવી ગયો તે પછી સારું થયું.॥૨૩૫॥

એક ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, ''શૂળીએ ચડાવ્યો હોય તો પણ કેમ સમજે તો સંકલ્પ ન થાય જે ભગવાન મુકાવે તો ઠીક; એવી શી સમજણ છે ?'' તેનો ઉત્તર કર્યો 'જે, એ તો ભગવાનને સર્વકર્તા જાણે જે **ભગવાન વિના બીજા કોઈનું કર્યું થાતું નથી; એમ સમજે તેને સંકલ્પ ન થાય ને ધીરજ રહે.** ને એમ ન સમજે તે તો થોડાકમાં અકળાઈ જાય ને ધીરજ રહે નહિ. આ લોકમાં મહારાજને પણ વગર વાંકે દુઃખ આવતાં; તે આ લોક જ એવો છે તેનું રૂપ જાણી રાખવું. ॥૨૩૬॥

અને આટલી વાત તો સો જન્મે પણ ન સમજાય; માટે આ વાત સહુ રાખજો; ને બે **સારા સાધુ ને ત્રણ સારા હરિભક્તની સાથે જીવ બાંધવો તે સત્સંગમાંથી ન પડાય ને** કદાપિ કામ, લોભ થોડા ઘણાં રહી ગયા હશે તો ફિકર નથી. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, ''કદાપિ કામ-લોભનો સંકલ્પ નહિ હોય પણ ભગવાનના ભક્તમાં જીવ ન બંધાણો તો શું થયું ? એવાને અભાવે અસુર થાશે.'' માટે સમજવાની વાત તો **સારા ભગવાનના ભક્તમાં જીવ બાંધવો,** એટલું જ કરવાનું છે. ને ઝાઝી વાતનો ડોળ કરીએ તેનું તો એ પ્રયોજન છે જે આ પ્રથા ચલાવવી છે ને નિયમ પળાવવાં એ સારુ કરવી પડે છે. ॥૨૩૭॥

નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે; ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.**॥૨૩૮॥**

જો મોટા પુરુષ મળે તો તેનો સંગ કરવો; નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ.॥૨૩૯॥

અને માયાનું બહુ બળ છે, તે માયા તો વૈરાગ્યને પણ ખાઈ જાય ને આત્મનિષ્ઠાને પણ ચાવી જાય; કેમ જે પૃથ્વીના જીવ તે પૃથ્વીમાં ચોંટે.**॥૨૪૦॥**

જેમ કુસંગી ને સત્સંગીમાં ભેદ છે, તેમ સાધારણમાં ને એકાંતિકમાં ભેદ છે. ને નવ યોગેશ્વર હતા તેમાં એકે વાત કરી તે આઠ ઝાંખા પડી ગયા; પછી તે સર્વે મળીને એકને મારવા તૈયાર થયા તેમ એ તો એવી વાત છે. ને **જે એકાંતિક હોય તે તો નિષ્કામ હોય;** તે એક ભગવાનનું નિરૂપણ કર્યા કરે ને બીજો સકામ હોય તે ભગવાન પાસે માગ્યા કરે. **॥૨૪૧॥**

ભગવાન અને સાધુનું માહાત્મ્ય જેમ છે તેમ ઓળખાતું નથી; તે કોઈને બે આના, કોઈને ચાર આના ને કોઈને આઠ આના; પણ જેવું છે એવું જણાતું નથી. ને સાંખ્ય તો મુદ્દલ[1] નથી; **ને સાંખ્ય વિના કસર ટળે નહિ.॥૨૪૨॥**

કેટલાકને ભગવાનનું ને સાધુના સંબંધનું સુખ આવતું હોય, તે કેની પેઠે ને કેમ સમજે તો સુખ આવે ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, એ તો સાધુતા શીખે તો આવે; ને તે વિના તો દોષ પીડે તેથી સુખ ન આવે. પછી પૂછ્યું જે, કેટલાકને સુખ સ્વપ્નમાં આવતું હોય તે કેમ આવે ?'' તેનો ઉત્તર જે એનો તો નિરધાર નહિ; કેમ જે સ્વપ્નમાં તો ભગવાન દેખાય ને બીજું પણ દેખાય; ને **જ્ઞાને કરીને થાય એ જ સાચું છે.॥૨૪૩॥**

---

૧. તદ્દન, બિલકુલ.

INDEX

અને જેમ છે એમ કહેવાય નહિ; ને કહીએ તો અર્ધી સભા ઊઠી જાય; પણ શાસ્ત્રમાં કહ્યા છે એવા **ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે, તો કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટાળી નાખે ને બ્રહ્મરૂપ કરી મૂકે.** એ તો "ગોકુલ ગામકો પૈંડો[1] હે ન્યારો" અને આ તો જીભ ઝાલીને[2] બોલીએ છીએ એમ બોલ્યા. **॥૨૪૪॥**

અને ભગવાન જેવું તો કોઈ પદાર્થ નથી તે આપણને મળ્યા છે; ને જેણે દાંત આપ્યા તે ચાવવાનું નહિ આપે ? ને આપણા કપાળમાં કાંઈ રોટલા નહિ લખ્યા હોય ? ને આપણે કાંઈ પ્રભુ વેંચી ખાધા છે ? માટે ભગવાન ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સુવાડે નહિ. ગમે તેવી રીતે પણ ખાવા આપે છે; ને પ્રભુ ભજાય તે સારુ ગરીબ રાખ્યા છે. કદાપિ પૃથ્વીનું રાજ આપ્યું હોત તો નરકમાં પડી ચૂક્યા હોત; માટે આપણને આપ્યું નથી. ને **આ દેહ તો પત્રાવળાને ઠેકાણે,** તેમાં લાડવા જમી લેવા; તે શું ? જે આ દેહે ભગવાનને મળી ચૂક્યા પછી દેહને ગમે તેમ થાઓને !

"દાસના દુશ્મન હરિ કદી હોય નહિ,
જેમ કરશે તેમ સુખ થાશે."

ને અમને તો હેત આવે છે તે વાત કરીએ છીએ; **જે સ્વામિનારાયણ નામનો મંત્ર બહુ બળિયો છે, માટે ભજન કર્યા કરવું.॥૨૪૫॥**

આ વાતોના કરનારા દુર્લભ છે. મનુષ્ય દેહ દુર્લભ છે ને દેહે સાજું રહેવું તે પણ દુર્લભ છે; એ ત્રણ વાત દુર્લભ છે તે માટે ભજન કરી લેજો. **॥૨૪૬॥**

દત્તાત્રેયે બે[3] જીવનું કલ્યાણ કર્યું. કપિલે એક[4] જીવનું કલ્યાણ કર્યું ને ઋષભદેવે સો જીવનું[5] કલ્યાણ કર્યું; ને આજ સાધુ કહે કે, "અમે દેવી

---

૧. માર્ગ.
૨. સંકોચ રાખીને.
૩. કાર્તવીર્યને અને યદુરાજાનું.
૪. પોતાના માતુશ્રીનું.
૫. પોતાના પુત્રોનું.

જીવનું કલ્યાણ કરીએ, પણ આસુરીનું કલ્યાણ અમારાથી ન થાય.'' ત્યારે ભગવાન કહે 'આસુરીનું કલ્યાણ અમે કરશું'. તે મુંજો સૂરુ[૧], માનભા[૨], જોબન પગી ને તખો પગી[૩] એ તો પાપના પર્વત કહેવાય; એને તો ભગવાન સત્સંગ કરાવે; પણ એ સાધુથી વળે નહિ. **॥૨૪૭॥**

અને દશ હજાર સૂર્યનું તેજ સુદર્શન ચક્રમાં છે; તેનો દીવા જેટલો પ્રકાશ થાય એટલું ઘાટું માયાનું તમ છે; તેનો છાંટો જીવમાં નાખ્યો છે એ સુષુપ્તિ અવસ્થા છે; તેને ટાળવા સારુ મહારાજનો અવતાર છે. **॥૨૪૮॥**

અને જેનું કર્યું થાય છે તે તો જાણીએ કાંઈ જાણતાં જ નથી; ને વચમાંથી બીજા કેટલાક મનસૂબા[૪] કરે છે. **॥૨૪૯॥**

અને કોટિ કલ્પ થયાં વિષય ભોગવ્યા છે તેનો પાસ લાગ્યો છે; તેને ટાળવાનું કારણ શિક્ષાપત્રીમાં ॥ **निजात्मानं ब्रह्मरूपं** ॥ એ શ્લોક લખ્યો છે. **॥૨૫૦॥**

શાસ્ત્રમાં ભગવાનને સમદર્શી કહ્યા છે તે ખરું નથી; **ભગવાન તો ભક્તના છે પણ અભક્તના નથી; માટે સમદર્શી નથી. ॥૨૫૧॥**

ભગવાન પોતાના ભક્તમાં રહે છે તે પણ પાત્ર પ્રમાણે રહે છે તે જેમ જેમ મોટા ભગવદી તેમ તેમ તેમાં વિશેષપણે રહે છે. **॥૨૫૨॥**

ભગવાન શૂળીનું દુઃખ કાંટે મટાડે છે; એમ કરે તે કેમ જણાય ? એનો ઉત્તર જે, એ જેવું તો આપણે કેટલુંક થાતું હશે, ને બ્રહ્માંડમાં પણ થાય, તે તપાસી જુએ તો જણાય, જે કાળમાંથી સુકાળ કર્યો ને કેટલાક ઉપદ્રવ ટાળી નાખે છે. **॥૨૫૩॥**

---

૧. સોરઠના લીલાખા ગામનો ભયંકર લૂટારો.
૨. રોજ ચકલાની જીભો ખાનાર મેંગણીનો ઉદ્ધત રાજા માનસિંહ.
૩. બામરોલીનો લૂટારો.
૪. સંકલ્પો.

અને આ લોકમાં દેશકાળ તો લાગે; ને ઓછું વર્તાય, વધુ વર્તાય પણ **રુચિ સારી રાખવી; અંતે રુચિ સહાય કરે છે.॥૨૫૪॥**

આવી વાત તો ક્યાંય થાતી નથી; માટે વિષય તો ખોટા થઈ ગયા છે ને વાસના જેવું જણાય છે તે દેહધારીને એમ હોય; તેમાં સદાશિવની હવેલીનું દૃષ્ટાંત[1] દીધું તથા ભગવાનની ઇચ્છા સમજવી.**॥૨૫૫॥**

આપણે પોતાના સ્વરૂપને અક્ષર માનવું; તે ન મનાય તો પણ સ્થૂળ દેહને પોતાનું માનવું નહિ. ને મહારાજનો મત તો ત્રણે દેહને ન માનવાં ને અક્ષર માનવું. એ તો જેમ બ્રાહ્મણને ઘેર જન્મ થયો તે બ્રાહ્મણ; તેમ આપણને ભગવાન મળ્યા તે અક્ષર માનવું. **॥૨૫૬॥**

અને લાકડાની ને લોઢાની બેડી હોય તે કરતાં પણ સ્ત્રી-ધનની બેડી મોટી છે. ને એ બેયથી મુકાય તો પછી ઇન્દ્રિયો-અંતઃકરણની બેડી મોટી છે; ને એ બેયથી ન દબાય એ તો માયાથી પર આવેલો હોય તે ન દબાય, બીજો તો દબાય. ને **ઇન્દ્રિયો, અંતઃકરણથી ન દબાય એ દેવ કે મનુષ્ય ન કહેવાય.॥૨૫૭॥**

શ્વાન, સૂકર, બિલાડ, ખર, તેના ટોળા માંહિલો જંત
તેને મૂકે સંત કરી, જો મળે સદ્‌ગુરુ સંત.

એમ કહીને કહ્યું જે, **વસ્તુ નહિ કોઈ સંત સમાના.** તે આપણને મળ્યા છે. **॥૨૫૮॥**

---

૧. **સદાશિવની હવેલીનું દૃષ્ટાંત :** ખંભાતના ધનાઢ્ય નગરશેઠ સદાશિવે લાકડાની બેનમૂન કલાકૃતિવાળી હવેલી બનાવીને પછી ગોપાળાનંદસ્વામીને તેડવા વડોદરા ગયા. ત્યાં ૧૫ દિવસ રોકીને સ્વામીએ જગત નાશવંતપણાની વાતો કરી. એવામાં ઘેરથી કાગળ આવ્યો કે હવેલી બળી ગઈ છે.ત્યારે સદાશિવ કહે,"સ્વામી! જો હું ત્યાં હોત ને હવેલી બળત તો તેની ભેગો બળી મરત,એટલી આસક્તિ હતી; તે આપની વાતોના પ્રતાપે બળી ગઈ છે."

અને મહારાજ કહેતા કે, ''નામ કેનું લઈએ પણ આગળ તો કલ્યાણ કેવાં કર્યા છે ? તો પોતાના સામર્થ્ય પ્રમાણે કર્યા છે; ને કેટલેક તો મોટા મોટા કૂવા ખોદ્યા[1] છે.'' **॥૨૫૯॥**

અને ખટ્વાંગ રાજાનું[2] બે ઘડીમાં કલ્યાણ કર્યું, તે સાધુ તો બહુ દયાળુ છે; તે એને તો ખબર ન પડે પણ સંબંધનું લખે છે એમ સમજવું. **॥૨૬૦॥**

અને મધ્યનું નવમું વચનામૃત વંચાવીને બોલ્યા જે, મહારાજને પુરુષોત્તમ જાણતો હોય, તે દેશકાળે સત્સંગમાંથી નીકળી જાય તો પણ અક્ષરધામને પામે; ને એમ ન જાણતો હોય તો બીજા ધામને પામે. **॥૨૬૧॥**

અને મહારાજ કહેતા જે, 'અમારો દ્રોહ કરે છે તે પણ અમારા પક્ષમાં બોલે છે; કેમ જે એમ જાણે છે જે 'કોઈક એક ભગવાન છે ને આ બીજો કેમ ભગવાન થાય છે ?' માટે એ અમારો દ્રોહ કરતા નથી.'' **॥૨૬૨॥**

અને દેહ મૂકીને પામવા છે તે જ આ પ્રગટ વાતો કરે છે, પણ સર્વેને સમજાય નહિ ને જે ત્યાગ વૈરાગ્યની વાતો કરીએ છીએ તે તો માર્ગે ચડાવવા સારું કરીએ છીએ; પણ સમજવાનું આટલું જ છે. **॥૨૬૩॥**

વચનામૃતના અર્થ સમજાય એવા નથી, પણ બહુ અભ્યાસ રાખે તો પોતાની મેળે સમજાય એવો મહારાજનો વર છે. ને આ જ્ઞાન મહારાજને સર્વેને આપવું છે. **॥૨૬૪॥**

---

૧. દારૂ-માંસ-વ્યભિચારને ધાર્મિક વિધિમાં ઉપયુક્ત ગણીને શરૂ કરેલા કૂંડા-શાક્ત વિગેરે પંથો.

૨. **ખટ્વાંગ રાજા** : સૂર્યવંશી ચક્રવર્તી સમ્રાટ રાજવી. દેવાસુર સંગ્રામમાં દેવપક્ષે રહીને દૈત્યનો સંહાર કરતા હતા. તે યુદ્ધમેદાનમાં તેમને ખબર પડી કે તેમનું મૃત્યુ આવ્યું છે ત્યારે દેવોના વિમાન દ્વારા તત્કાળ સરયુ કિનારે આવી ને પરિવાર, રાજ્ય સંપત્તિ બધું જ સાંખ્ય વિચાર દ્વારા ભૂલીને ભગવાનમાં મન જોડી દીધુ.

INDEX

અને પ્રકૃતિપુરુષ તે કુટસ્થ કહેવાય ને ગૃહસ્થ પણ કુટસ્થ[૧] કહેવાય; **ને સાંખ્યવિચાર ને જ્ઞાનને મતે કરીને નિર્લેપ પણ કહેવાય. ॥૨૬૫॥**

અને આજ આપણામાંથી એકડમલ[૨] કરીને કાઢી મૂક્યો હોય તો પણ જગતનો પ્રભુ છે; તે આજનાનો એવો મહિમા છે. **॥૨૬૬॥**

અને શ્રીકૃષ્ણને બાણ લાગ્યાં એ પણ ભગવાનનું કર્તવ્ય સમજવું; ને પ્રહ્લાદને ન વાગ્યાં તે પણ ભગવાનનું કર્તવ્ય સમજવું. **॥૨૬૭॥**

અને દેશકાળ આવે તો સત્સંગીના ગામડામાં પડ્યા રહીને ગુજરાન કરીએ; ને મરવાની તો બીક ન લાગે; ને **કલ્યાણ તો ત્યાગી ને ગૃહસ્થ એ બેયમાં છે. ॥૨૬૮॥**

અને હરિભક્તને વાતો કરવાની આજ્ઞા કરી કે, વાતો કરજો. તે વાતો તે શું ? જે **''સ્વામિનારાયણ ભગવાન છે. સ્વામિનારાયણ ભગવાન છે.''** એમ વાતો કરજો. **॥૨૬૯॥**

અને ભગવાન તો ત્રીસ વર્ષ સત્સંગમાં રહ્યા ને હવે સાધુરૂપે દસ-વીસ પેઢી રહેશે. **॥૨૭૦॥**

અને જૂનાગઢના જમાન[૩] મહારાજ બે વાર થયા છે. એક વાર વરતાલમાં ને બીજીવાર ગઢડામાં એમ કહ્યું. તે ઉપર એક સંતે પૂછ્યું જે, ''જમાન થયા તે શું સમજવું ?'' ત્યારે સ્વામી બોલ્યા જે, માયાનું બંધન થવા દે નહિ. પછી ફરીને સંતે પૂછ્યું જે, ''તે જમાનગરું ક્યાં સુધી રહેશે ?'' પછી સ્વામી બોલ્યા જે ''આપણે છીએ ત્યાં સુધી તો ખરું, પણ હજી તો મહારાજનું જ્ઞાન છે. ને વળી મહારાજ કહે કે, ''જૂનાગઢ જાય તેની કરોડ જન્મની કસર ટાળી નાખશું'' અને અમે ગઢડેથી આવ્યા ત્યારે એ ભાતું બંધાવ્યું હતું. **॥૨૭૧॥**

---

૧. સ્થિર, અવિચલિત.
૨. જોડ વિના એકલો ફરતો સાધુ.
૩. સાક્ષી, જામીન.

અને મૂંઝવણ આવે તો કેમ કરવું ? એ પ્રશ્ન પૂછ્યું, તેનો ઉત્તર કર્યો **જે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું તેથી મૂંઝવણ ટળી જાય. ॥૨૭૨॥**

ઝીણાભાઈએ મહારાજ પાસે જૂનાગઢમાં મંદિર કરવાનું માગ્યું તે પણ પોતે ઉપજાવ્યું હશે; તે અહીં **મંદિર કર્યું ને તેમાં સાધુ પણ એવા જ રાખ્યા છે.** તે **આ મંદિરમાં** ખરડો[1] તો હજી સુધી કર્યો નથી. **॥૨૭૩॥**

આ લોકમાં સર્વે ક્રિયા તે છોકરાંની રમત જેવું સમજવું, પણ તેમાં માલ માનવો નહિ. એમ નિરંતર જોયા કરવું. **॥૨૭૪॥**

અને મહારાજ કહેતા જે, "અમારામાં જે ગુણ ને અવગુણ છે તે કહીએ છીએ જે, અમને આખા બ્રહ્માંડના જીવ માને પણ તેનું અમને માન ન આવે, એ અમારામાં ગુણ છે. ને અમે અનેક જીવને સમાધિ કરાવીએ, પણ મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામીને સમાધિ કરાવીએ નહિ, એ અમારામાં અવગુણ છે." **॥૨૭૫॥**

કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી છે તેનાં લૂગડાં મારે ધોવરાવવાં છે ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું છે. **॥૨૭૬॥**

અને કથાવાર્તા બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ, અક્ષરધામ ને આ લોકમાં મોટા એકાંતિક પાસે એ ચાર ઠેકાણે થાય છે ને બીજે ક્યાંય થાતી નથી; ને જ્યાં વિષય છે ત્યાં કથા વાર્તા નથી. **॥૨૭૭॥**

અને આપણે કાંઈક કામ સારું કર્યું હોય ને તેનું આપણને માન આવતું હોય, તે સારુ મોટા કહે જે આ કામ બગાડ્યું, તો પણ રાજી રહેવું; કેમ જે આપણને તો પૂર્વાપર[2] સૂઝે નહિ ને મોટા તો દીર્ઘદર્શી છે તે આગળ થાવાનું દેખે છે.**॥૨૭૮॥**

---

૧. દાન ધર્માદાની માંગણી.

૨. આગળ પાછળનું.

અને સાંખ્યવિચાર કરવાની બહુ વાત કરી જે, સાંખ્ય વિચાર તો નિત્યે નિયમ રાખીને કરવો. ને સાંખ્ય વિના સુખ થાય નહિ; ને સાંખ્ય છે તે તો આંખ છે. તે આંખે કરીને સર્વે દેખાય. ને દત્તાત્રેય સાંખ્યવાળા ને સુખિયા રહેતા આવડે. માટે સાંખ્ય વિચાર કરવા માંડે તો ધીરે ધીરે સિદ્ધ થાય, તેમાં સાંખ્ય શું ? જે આ લોક, ભોગ સર્વે ખોટું છે ને આત્મા છે તે સત્ય છે ને આકાશ સરખો નિર્લેપ છે; ને દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ થકી અસંગી છે. **॥૨૭૯॥**

જેણે ભગવાનને અર્થે કર્યું હોય તેને ભગવાન પોતાના ધામમાં લઈ જાય, પણ તે ભગવાનમાં ચોટે નહિ. એ તો જેમ તરવાર સજે છે, તેમ સાધુ વાત કરીને સજે તે કેડે ભગવાનમાં ચોટે. માટે **જ્ઞાન શીખવું એ શ્રેષ્ઠ છે.॥૨૮૦॥**

અને કરોડ કામ ઠેલે[1] ત્યાર પછી **ભગવાનની વાતો થાય ને ધ્યાન તો વળી તે પછી થાય.॥૨૮૧॥**

ભગવાનના ભક્તને ત્રણ પ્રકારમાંથી એક પ્રકારનું ધ્યાન તો રહે છે. તે નિશ્ચયરૂપ ધ્યાન રહે, કે સાધુ પાસે જાવું છે એમ રહે, કે હું ભગવાનનો ભક્ત છું એમ રહે. બાકી તેલધારા મૂર્તિમાં વૃત્તિ રહે એ તો સ્વરૂપાનંદ સ્વામી આદિકની વાત છે. **॥૨૮૨॥**

આપણે તો ભગવાન મળ્યા છે તે પોતાને અક્ષર માનવું એમ બોલ્યા. તે ઉપર પ્રશ્ન પૂછ્યું જે, "વિષય પરાભવ પમાડતા હોય ને અક્ષર કેમ માનવું ? તેનો ઉત્તર કર્યો જે, વિષય તો દેહના ભાવ છે તે એક પડખે રહ્યા છે; તો પણ અક્ષર માનવું; પણ આત્માને નરકનો કીડો માનવો નહિ. ને આપણે તો જેમ વામનજી ભેળી લાકડી વધી[2] તેમ વધતા જઈએ છીએ. **॥૨૮૩॥**

---

૧. છોડે, હડસેલે.

૨. ભગવાન વામનમાંથી વિરાટ થયા ત્યારે ભગવાનના હાથમાં રહેલી નાની લાકડી પણ મોટી થઈ.

અને સૂક્ષ્મ દેહનો કજિયો બહુ ભારે છે ને તેમાંથી સ્થૂળને ધક્કો લગાડી દે છે તે કેમ કરવું ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, એ તો મોટા મોટાને પણ કજિયો છે, ને એટલું મટે ત્યારે તો સિદ્ધ થઈ રહ્યા; પછી શું કરવાનું રહ્યું ? એટલું જ કરવું છે. **॥૨૮૪॥**

અને ભગવાનને જેની કસર ટાળવી હોય તેને આ લોકમાં જન્મ ધરાવીને અજ્ઞાની કરી નાખે; ને તે અતિ દીન થઈ જાય. પછી તેને એવું થાય; જે 'મારું કલ્યાણ શી રીતે થાશે ?' એવું કરાવીને કસર ટળાવે. **॥૨૮૫॥**

એક હરિજને પૂછ્યું જે, ''આવો યોગ ન રહે ને કસર રહી જાય તો કેમ થાશે ? તેનો ઉત્તર જે, જેણે આવો યોગ આપ્યો છે તેના તે જ કસર ટળાવશે. **॥૨૮૬॥**

વરતાલનું ત્રીજું વચનામૃત વંચાવ્યું; ને તેમાં ચાર પ્રકારના ભક્તના ભેદ કહ્યા છે : તેમાં એક તો દીવા જેવા, બીજા મશાલ જેવા, ત્રીજા વીજળીના અગ્નિ જેવા ને ચોથા વડવાનળ અગ્નિ જેવા. એ વચનામૃત વંચાવીને બોલ્યા જે, આજ તો સત્સંગમાં બહુધા વડવાનળ જેવા છે. **॥૨૮૭॥**

અને ભગવાન ભેગા રહ્યા ને **ખોટ રહી ગઈ ! તે શા કારણથી જે સાધુના સમાગમ વિના. ॥૨૮૮॥**

આ ભગવાન જેવા સાધુ છે, પણ તેની પાસે રહેવાતું નથી એ મોટી ખોટ[૧] છે. **॥૨૮૯॥**

અને હવે તો મહારાજ સાધુ દ્વારે દર્શન આપે છે ને વાતો કરે છે; ને વળી મૂર્તિ દ્વારે દર્શન આપે છે. **॥૨૯૦॥**

અને અમે તો કોટિ કલ્પ થયાં જોઈએ છીએ, પણ પચાસ કોટિ યોજન પૃથ્વીમાં આવા સાધુ નથી. **॥૨૯૧॥**

---

૧. કસર, ખામી.

INDEX

અને મોટા પરોક્ષ થયા પછી આજની પેઠે પોતાના આશ્રિતની ખબર રાખે કે ન રાખે ? એ પ્રશ્નનો ઉત્તર જે, ક્યાં પરોક્ષ થાય એવા છે ? બાકી આજની પેઠે દેખાય નહિ; ને ખબર ન રાખે તો બ્રહ્માંડની સ્થિતિ કેમ રહે ? ॥૨૯૨॥

અને ઈન્દ્રે વિશ્વરૂપને માર્યો[૧] તેની ચાર બ્રહ્મહત્યા લાગી : તેમાં એક તો ગુરુની, બીજી ગોરની, ત્રીજી બ્રાહ્મણની ને ચોથી બ્રહ્મવેત્તાની. પછી તેને નારદજી મળ્યા. તેણે કહ્યું : જે "તારા ભાઈ વામનજી છે તે ભગવાનનો અવતાર છે, માટે તેનો તું આશરો કર." પછી ઈન્દ્રે વામનજીનો નિશ્ચય કર્યો, તેણે કરીને બ્રહ્મહત્યા ટળી ગઈ. એટલું વામનજીનો આશરો કરવાથી કામ થયું. માટે આશરો મોટી વાત છે. ॥૨૯૩॥

કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને પણ જે ભગવાનને અને સાધુને પામવા હતા તે આજ આપણને મળ્યા છે. ॥૨૯૪॥

અને સત્સંગ થાય તેને તો દુઃખ રહે નહિ. તે સત્સંગ શું ? **જે આત્મા ને પરમાત્મા એ બે જ છે.** ॥૨૯૫॥

નિરંતર માળા ફેરવે તે કરતાં પણ સમજણ અધિક છે; માટે મુખ્ય એ વાત રાખવી. ॥૨૯૬॥

અને ભગવાનની મૂર્તિને ચિંતામણિ કહી છે. તે એમ સમજાણું છે કે નથી ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે ચિંતામણિ તો ખરી, પણ બાળકના હાથમાં છે. ॥૨૯૭॥

અને સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે એ તો વરને ઠેકાણે છે ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે. ને વળી સમજણ છે એ તો બસે બખતરિયાને[૨] ઠેકાણે છે; ને વિષય છે એ તો એક બારવટિયાને ઠેકાણે છે. ॥૨૯૮॥

---

૧. **ઈન્દ્રે વિશ્વરૂપને માર્યો** : ત્વષ્ટા પુત્ર વિશ્વરૂપ દેવગુરુ અને રાજ્ય પુરોહિત તરીકે નિયુક્ત થયેલો હતો છતા તેનું મોસાળ દૈત્યકુળમાં હોવાથી, ઈન્દ્રે યજ્ઞ કર્યો ત્યારે વિશ્વરૂપ છુપી રીતે દૈત્યોને હવિષ્યાન્ન આપતો. આ કપટ ખુલ્લું પડી જતાં કુપિત ઈન્દ્રએ તેના ત્રણ મસ્તક કાપી નાંખ્યા.(ભાગવત-૯/૯/૪)

૨. લોખંડનું કવચ પહેરતા સૈનિકો.

અને સત્પુરુષને સંબંધે કરીને જીવને જે સંસ્કાર થાય છે તે એક જન્મે, બે જન્મે પણ ભગવાનના ધામને પમાડે એવો પ્રગટનો પ્રતાપ છે. તેની વિકિત જેઃ એનું દર્શન થાય, એનો ગુણ લે, એનો પક્ષ લે, એ આગળ હાથ જોડે, વળી સાધુ બહુ સારા છે એમ બોલે ને એને અન્નજળ આપે, ઇત્યાદિક સંબંધ થાય; વળી જે ઝાડ તળે બેસે, વળી જે ઝાડનું ફળ જમે, વળી જે ઢોરનું દૂધ - દહીં જમે, ઇત્યાદિક અનંત પ્રકારે જીવને સંબંધ થાય; તો તે સર્વે ભગવાનના ધામને પામે એવો પ્રગટનો સંબંધ બળવાન છે. અને પરોક્ષના સંસ્કારનું ફળ થાય જે ખાવા મળે, દેહે સાજો રહે, લોકમાં આબરુ વધે, ને ધર્મ રહે, એ પરોક્ષના આશરાનું ફળ છે. ॥૨૯૯॥

વિષયમાં તો વૈરાટ, પ્રધાનપુરુષ ને પ્રકૃતિપુરુષ સુધી સર્વે ગોથાં ખાય છે, પણ અક્ષરધામમાં વિષય નથી. ॥૩૦૦॥

અને આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો સંકલ્પ રાખવો.॥૩૦૧॥

અને આ વાતો તો જેના ભૂંડા આશય હશે તેને પણ દાબી દઈને ઉપર નીકળે એવી છે. ॥૩૦૨॥

આ લોકમાં અક્ષરનું સુખ તે શું ? જે શુભ સંકલ્પ થાય ને અંતરમાં સુખ વર્ત્યા કરે એ જ. ને જમપુરીના જેવું દુઃખ તે શું જે અંતરમાં ભૂંડા ઘાટ થાય ને પીડા થાય એ જ. ॥૩૦૩॥

કોટિ કલ્પ થયાં ભગવાન ખાવા આપે છે તો પણ જીવને ખબર ન મળે એ અજ્ઞાન છે; તે મહારાજ કહેતા જે, "અમને અન્નદાતા તો જાણજો વધારે મહિમા તો તે પછી." ॥૩૦૪॥

પ્રથમ પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત વંચાવીને મહિમાની વાત બહુ કરી જે, આમાં કહ્યું છે એમ સમજાય નહિ તેથી જીવ દૂબળો રહે; પણ ભગવાનને પ્રતાપે કામ, લોભ, સ્વાદ, સ્નેહ ને માન તે સમુદ્ર જેવા છે

INDEX

પણ ગાયના પગલા જેવા થઈ જાશે. માટે આવો મહિમા છે તે સારુ **કોઈ દિવસ જીવમાં દુર્બળપણું આવવા દેવું નહિ,** ને લક્ષ્મી ને ભગવાન તો આપણી સેવામાં છે. કેમ જે માબાપ તો છોકરાની સેવામાં જ હોય. ને આપણે તો કરીએ તે થાય, પણ જાણીને દબાવી રાખ્યું છે. ને આ પ્રાપ્તિ તો મોટા ઈશ્વરને પણ દુર્લભ છે. **॥૩૦૫॥**

અને અક્ષરધામમાં કેમ સુખ છે ? જે જેમ રાજાનો છોકરો ગમે તેમ ફરતો ફરે પણ રાજનો ધણી છે; એમ સુખ છે. ને કેટલાક મુક્ત તો નિર્વિકલ્પપણે જોડાઈ રહ્યા છે ને કેટલાક મુક્ત તો વાતો, મહિમા કહે છે ને સાંભળે છે; જેમ અહીં છે તેમજ ત્યાં છે એમાં લગારે[૧] પણ ફેર નથી. **॥૩૦૬॥**

આપણામાં વિષયની અરુચિ તો **નિષ્કુળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, માવો ભક્ત તથા રણછોડજી** ઉનાવાળા એવા ઘણાકને હશે; ને બાકી તો આપણું ધર્મે કરીને શોભે છે. ને મોક્ષનું કારણ તો ભગવાનની નિષ્ઠા છે.**॥૩૦૭॥**

અને ભગવાને જે જે નિરમ્યું છે તે તેમ જ થાય છે. તે ભગવાને નિરમ્યું[૨] છે તે કંચન ને સ્ત્રીમાં સહુ વધુ તણાય છે ને મનુષ્યને મૈથુનનો નિયમ નથી ને પશુ-પક્ષીને છે; એ આદિક અનેક કળ ચડાવી મૂકી છે તે તેમ જ થાય છે.**॥૩૦૮॥**

કારિયાણીનું સાતમું વચનામૃત વંચાવીને વાત કરી જે, **નિશ્ચય છે એ જ આત્યંતિક કલ્યાણ છે; ને નિશ્ચય છે** એ જ સિદ્ધદશા છે, ને દેખવાનું કહ્યું છે તે પણ જ્ઞાને સહિત જાણવું તેને જ કહે છે; ને તે વિના તો દેખાય છે તો પણ ન્યૂન છે. ને વિષય ખોટા કરવા એ તો સાંખ્ય સમજવું. ને 'એક ભગવાન ભાસે' એમ કહ્યું છે, તે પણ નિર્વિકલ્પ નિશ્ચયરૂપે ભાસે.**॥૩૦૯॥**

---

૧. થોડો, લેશ.

૨. નિર્માણ કર્યું.

અને કોઈક વાતની ચિંતા આવે તો ભગવાનને માથે નાખી દેવી; ને આપણે તો બળિયા નહિ ને એ તો બળિયા તે એને રક્ષા કરતાં આવડે; જેમ પ્રહ્લાદની રક્ષા કરી તેમ અનેક પ્રકારે રક્ષા કરે. ॥૩૧૦॥

અને સાધુનો ને સાધુના સમાગમનો મહિમા બહુ કહ્યો; ને બોલ્યા જે હવે એથી આઘી વાત નહિ ચાલે. ને **જેમ ભગવાનના ગુણનો પણ પાર ન આવે તેમ સંતના ગુણનો પણ પાર નહિ.** એમ કહીને તે ઉપર ગુરુનું અંગ બોલાવ્યું ને પોતે પણ ભેળા બોલ્યા.॥૩૧૧॥

આપણે તો સો-બસો માણસને પાંખમાં લઈને ઊડી જઈએ એવા છીએ; ને તે કરતાં બ્રહ્માંડ આખાના જીવને લઈને ઊડી જઈએ એવા છીએ; ને તે કરતાં અનંત કોટિ બ્રહ્માંડને પણ લઈ જઈએ એવા છીએ; પણ એવું મનાય નહિ; તે શાથી જે મનુષ્યાકૃતિ છે. ॥૩૧૨॥

અને જીવની અવળાઈ તે શું કહીએ ! જીવ તે જીવ જ. તે કહ્યું છે જે, 'ઊંટ તો સર્વે અંગે વાંકું.' એવો જીવ અવળો. વળી લંબકર્ણ જેવો જીવ તેનું પણ ભગવાનને સારું કરવું છે. ॥૩૧૩॥

અંતરમાં ટાઢું હોય ને કોઈક વચન મારે તો ભડકો થાય તે **સમાધાન કરવાનો ઉપાય તો જ્ઞાન છે.** ॥૩૧૪॥

અને ભગવાનનો ને મોટા સાધુનો નિશ્ચય જેને થયો હોય તે પોતાને પૂર્ણકામ માને; ને તેને બીજાના સંગની અપેક્ષા ન રહે. તેમાં દૃષ્ટાંત જે, જેના ઘરમાં સો કરોડ મણ દાણા હોય તથા સો કરોડ રૂપિયા હોય તેને કાળ પડે, તોપણ મરવાની બીક ન લાગે. વળી બીજું દૃષ્ટાંત જે, બે હજાર બખતરિયા ભેળા હોય તેને લૂંટાવાની બીક ન લાગે; તેમજ **મહિમા સહિત નિશ્ચયવાળાને બીક નહિ.** ॥૩૧૫॥

અને પૃથ્વીનું રાજ કરે ને ન બંધાય; જો જ્ઞાન થાય તો. ને તે વિના તો વનમાં જઈને રહે તો ત્યાં પણ ભરતજીની પેઠે બંધાય. માટે જ્ઞાન શ્રેષ્ઠ છે. ॥૩૧૬॥

અને નાનું છોકરું હોય તેને ભય આવે, તો પોતાનાં માવતરને કોટે બાઝી પડે. તેમજ આપણે **હરકોઈ દુઃખ આવે તો ભગવાનનું ભજન કરવું; સ્તુતિ કરવી; તે ભગવાન રક્ષા કરે. ॥૩૧૭॥**

અને અમારો મત તો અનેક પ્રકારની ક્રિયા કરાવીએ પણ ક્રિયારૂપ થાવા દઈએ નહિ ને તેમાં બંધાવા દઈએ નહિ; ને તેનો નિષેધ કર્યા કરીએ. ને બીજા ક્રિયા કરાવે તે તો તેમાં જોડી દિયે, તે ક્રિયારૂપ થઈને ક્રિયા કરે; ને ક્રિયામાંથી નિવૃત્તિ પામે તો પણ તેના મનસૂબા કરે. ને અમારો મત એવો **જે, ક્રિયા કરાવવામાં પણ ક્રિયારૂપ ન થાવું ને ક્રિયા મૂકીને પણ તેના મનસૂબા ન કરવા.** ને વ્યવહાર આવ્યો તે ક્રિયા પણ કરવી પડે, તેણે કરીને જ પૂર્ણપણું માનવું નહિ. **॥૩૧૮॥**

પ્રથમ સાધનાકાળમાં તો પૂરું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી સત્સંગનું સુખ આવે નહિ; તે કેની પેઠે ? તો જેમ પ્રથમ થોડો વરસાદ વરસે ત્યારે નદીમાં નવું- જૂનું પાણી ભેળું થાય, તે પછી જ્યારે ઘણો વરસાદ થાય ત્યારે સર્વે નવું પાણી થાય; તેમ **બહુ સમાગમ કરતાં કરતાં સત્સંગનું સુખ આવે છે.॥૩૧૯॥**

કોઈને ભગવાન પ્રધાન હોય ને કોઈને વ્યવહાર પ્રધાન હોય એ બે બરોબર ક્યાંથી મળશે ? માટે આ વાત પણ જાણી રાખવી. **॥૩૨૦॥**

અને આજ દિન સુધી તો કારખાનાં કરાવ્યાં ને હવે તો જ્ઞાન દેવું છે તે ફરે જ નહિ. ને વળી કહ્યું જે, સર્વેનાં સુખ જોવાં ને સર્વેનાં રૂપ જાણવાં; ને **એક ભગવાન વિના બીજામાં માલ નહિ એવું જ્ઞાન શીખવું.** ને વળી કહે કે ગિરનાર જેવડો કામ, મેરુ જેવડું માન ને લોકાલોક જેવડી વાસના એ સર્વેના મૂળ ઉખાડી નાખવાં છે એવું જ્ઞાન આપવું છે. **॥૩૨૧॥**

અને આપણા દેહમાં જીવ ભેળો કોટાનકોટિ સૂર્યનો પ્રકાશ છે પણ તે હમણાં જો દેખાય તો કોઈની ગણતરી ન રહે. એમ મહિમા કહ્યો. **॥૩૨૨॥**

અને મુક્તાનંદ સ્વામી જેવા સાધુ વાત કરે, તે બે હજાર માણસોની સભા બેઠી હોય તે સહુના સંકલ્પના ઉત્તર થાતા જાય, એમ મહારાજના સાધુ તો જાણે ને વાત કરે. ॥૩૨૩॥

અને મહારાજનો મત તો કથા, કીર્તન, વાર્તા, ધ્યાન એ જ કરાવવું છે. ને માણસને તો સ્વભાવ પડી ગયા તે બીજું કર્યા વિના રહેવાય નહિ; ત્યારે હવે આપણે શું કરીએ ? ને આવો યોગ છે તેમાં નહિ સમજાય ને સ્વભાવ મૂકીને મોટા સાથે નહિ જોડાય તો તે મોડો ધામમાં જાશે; એમાં કાંઈ ભગવાનને ઉતાવળ નથી. ને આ કારખાનાં તો દહાડેદહાડે વધતાં જાશે. ॥૩૨૪॥

અને આ સાધુ જેવા છે એવા જણાય, તો તેને મૂકીને છેટે ખસાય નહિ; ને કાંઈક ચમત્કાર જણાવે, તો તો વ્યાપકાનંદ સ્વામીની પેઠે બાંધી ખાનાં થાય; માટે કાંઈ નથી દેખાડતાં તે પણ ઠીક છે. ॥૩૨૫॥

અને ''વ્યવહારેણ સાધુ'' તે **એક બીજાને વ્યવહાર પડ્યાથી સાધુતાની ખબર પડે છે;** પણ તે વિના સાધુપણું જણાતું નથી. ॥૩૨૬॥

અને આજ તો મોટાનો સંબંધ છે તે સુખ વર્તે છે; પણ દેશકાળે તો આવો યોગ ન રહે તો પણ સુખ રહે એવો શો ઉપાય છે ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે મોટાના ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પ્રતાપ, ગંભીરપણું, ધીરજપણું એ આદિક **મોટાના મહિમાનો વિચાર કરીએ ને મોટા હૈયામાં સ્ફુરે તેણે કરીને સુખ વર્તે.** ॥૩૨૭॥

અને આ જીવને કોઈ દહાડો ઘડપણ આવતું હશે કે નહિ ? એમ કહીને વળી કહ્યું **જે, જીવને જ્ઞાન થાય ત્યારે ઘડપણ આવે પણ તે વિના તો ઘડપણ આવે નહિ.** ॥૩૨૮॥

અને ભગવાનને અર્થે આપણે જે જે કર્યું છે ને કરીએ છીએ તે સર્વે જાણે છે. **ને જેને ખોળે માથું મૂક્યું છે તે રક્ષા કરશે;** ને આપણું તો ભગવાન બહુ માની લે છે. ॥૩૨૯॥

અને જ્ઞાનીને ભગવાને પોતાનો આત્મા કહ્યો છે તે ઉદ્ધવ જ્ઞાની. ને પ્રેમીનું ભગવાન રાખે તો ખરા, પણ જ્ઞાન વિના અધૂરું. ને સચ્ચિદાનંદ સ્વામીને તરસ લાગી, તેથી મહારાજને તરસ છીપે નહિ; પછી સચ્ચિદાનંદ સ્વામીને પાણી પાયું, ત્યારે મહારાજને તરસ છીપી. તો પણ **મહારાજનો મત** 'નિજાત્માનં બ્રહ્મસ્મં' **માનવું એમ છે. ॥૩૩૦॥**

અને પુરુષને સ્ત્રીના જેવું હેત ભગવાનમાં થાય નહિ; એને તો જ્ઞાને કરીને હેત થાય; ને **'કૃપાનંદ સ્વામી ને નિષ્કુળાનંદ સ્વામીનું હેત સ્ત્રીના જેવું' એમ મહારાજ કહેતાં. ॥૩૩૧॥**

અને જડભરત આ લોકના વ્યવહારમાં જોડાણા નહિ. તે શા સારુ ? જે પરમેશ્વર ભજવામાં બંધન થાય તે સારુ ગાંડા કહેવાણા. ને બીજા આ લોકમાં લઈ મંડે તેને માણસ ડાહ્યા કહે છે; પણ પરમેશ્વર ભજવાના માર્ગમાં એ ડાહ્યા નથી. **॥૩૩૨॥**

અને ભગવાનની કથા તો કેવી છે ? તે ચોકિયાત આવીને કહે જે જાગો જાગો, પછી જાગે તેથી ચોરનો ભય ટળી જાય તેમ કથા એવી છે. **॥૩૩૩॥**

શિક્ષાપત્રીનો છેલ્લો શ્લોક નિત્યે બોલે છે તેમાં કહ્યું છે જે–

निजाश्रितानां सकलातिर्हन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमंगलं नः ॥

પોતાના આશ્રિત જે ભક્તજન તેમની સમગ્ર પીડાના નાશ કરનારા એવા ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા એવા જે ભગવાન તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. **॥૩૩૪॥**

એક રુચિવાળા બે જ હોઈએ તો હજારો ને લાખો છીએ; ને તે વિના હજારો ને લાખો હોઈએ તો પણ એકલા જ છીએ એમ સમજવું. **॥૩૩૫॥**

અને ભગવાનને પોતાના ભક્તને મારી-કૂટીને પણ બ્રહ્મરૂપ કરવા છે. ॥૩૩૬॥

અને શાસ્ત્રમાં કહ્યું છે જે, ''**શ્રેયાંસિ બહુવિઘ્નાનિ**'' ને લોકમાં કહે છે જે, 'સારા કામમાં સો વિઘ્ન.' માટે પરમેશ્વર ભજવામાં ને પરમેશ્વરનું સ્વરૂપ સમજવામાં બહુ અંતરાય છે; તે અંતરાયને ઓળખીને તેથી મુકાઈને બહુ ખપવાળો હોય તે પરમેશ્વર સન્મુખ ચાલે, નીકર ચલાય એવું નથી; કેમ જે આ લોકમાં અનેક અંતરાય છે. **॥૩૩૭॥**

અને પૂર્વનો સંસ્કાર એવું કહેવાય છે, તે પૂર્વનો સંસ્કાર તે પૂર્વજન્મનું કરેલું હોય તેને કહેવાય; પણ એમ ન સમજવું. ત્યારે પૂર્વેનો સંસ્કાર તે શું ? જે આજ જે ક્રિયા કરીએ તે આવતીકાલે પૂર્વે કહેવાય; એમ સમજવું. માટે આપણે મોટાનો સમાગમ થયો તે આજ આપણે ઘણું પૂર્વ થયું. **॥૩૩૮॥**

અને આ કીર્તનમાં કહ્યું છે એ વાત નિરંતર સંભારી રાખવી :જે :— ''ઉધો ! સંત સુખી રહે સંસારમેં, રાજા બી દુઃખિયા રંક બી દુઃખિયા; ધનપતિ દુઃખિત વિકારમેં, બિના વિવેક ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકારમેં-ઉધો !'' માટે **સમજણવાળાને સંત** કહે છે. તે અંબરીષ, પ્રહ્લાદ ને જનકાદિક રાજા હતા, પણ તે સાધુ કહેવાય છે એમ સમજવું. **॥૩૩૯॥**

જ્ઞાન જ્ઞાનમાં પણ ઘણા ભેદ છે. કેની પેઠે ? જે એક ગુજરાતનું ઘોડું તેની સામી લાકડી ઉગામીએ તો ભાગી જાય, ને એક તો કાઠિયાવાડનું પળોટેલું[1] ઘોડું હોય તે તો તરવારો, બરછીઓ, બંદૂકોનો વરસાદ થતો હોય તેમાં પણ સામું ચાલે. એ રીતે જ્ઞાન જ્ઞાનમાં ભેદ છે. **॥૩૪૦॥**

અને આગળ જે ભક્ત થઈ ગયા તે કોઈની આજ સત્સંગમાં ઉપમા દેવાય નહિ; કેમ જે આગળ થયા તે કોઈ અક્ષરધામના નિવાસી નથી; ને આજ તો પુરુષોત્તમના આશ્રિત છે તે સર્વે અક્ષરધામના અધિકારી છે. **॥૩૪૧॥**

---

૧. તાલીમ આપેલું ઘોડું.

અને કથા કરે, કીર્તન કરે, ને વાતો કરે; પણ **'આ દેહ હું નહિ'** એમ માને નહિ. માટે આઠ પહોર ભજન કરવું જે, **હું દેહ નહિ ને દેહમાં રહ્યો એવો જે હું તે આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું.** ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે, ને સર્વ થકી પર છે; તે પ્રગટ પ્રમાણ આ મને મળ્યા છે. આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી રહ્યા. **॥૩૪૨॥**

ઇતિશ્રી સહજાનંદ સ્વામીના શિષ્ય ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી વાતોમાં ભગવાનનો તથા સંતનો મહિમા કહ્યો એ નામે

પ્રથમ પ્રકરણ સમાપ્ત.

●●●



ૐ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

પ્રકરણ બીજું

શ્રીભગવાનનો નિશ્ચય તથા માહાત્મ્યનું મુખ્યપણું

શ્રી ધોરાજીમાં લાલવડ હેઠે મહારાજે એકાદશીનો મહોત્સવ કર્યો, તે સમયને વિષે મહારાજે પોતાનો પ્રતાપ સહુને જણાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. પછી આત્માનંદ સ્વામીએ મહારાજને કહ્યું જે, "સત્સંગ બહુ થયો." ત્યારે મહારાજે કહ્યું જે, 'એક એક સાધુ વાંસે[૧] લાખો મનુષ્ય ફરે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.' એમ કહીને કહ્યું જે, "અમે તો સો કરોડ મનવારો લઈને આવ્યા છીએ; એટલા જીવનો ઉદ્ધાર કરવો છે. તે પ્રથમ તો ચિંતામણિઓ ભરીશું, પછી પારસમણિઓ ભરીશું, પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી સોનામહોરો, પછી રાળ,[૨] પછી રૂપિયા, ને પછી છેલ્લી બાકી ગારો, એ પ્રકારે પૂરણી કરવી છે." એવી રીતે મુક્તોના અનંત પ્રકારના ભેદ છે ને કલ્યાણ પણ અનંત પ્રકારનાં છે.એવી રીતે બહુ વાર્તા કરી. ॥૧॥

પછી વળી સ્વામીએ વાત કરી : જે એક દિવસ મહારાજ નર્મદામાં નાહીને ધ્યાન કરવા બેઠા તે ઊઠે નહિ. પછી મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને બે ત્રણ વાર કહ્યું: 'જે, ટીમણ[૩] તો કરવાં છે, પણ અમારે તો વાત કરવી છે.' પછી સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે વાત કરો' પછી મહારાજ બોલ્યા જે, 'આ પચાસ કરોડ યોજન પૃથ્વી છે, તેથી દશગણું જળ છે, તેથી દશગણું તેજ છે, તેથી દશગણો વાયુ છે, તેથી દશગણો

---

૧. પાછળ.

૨. જુના સમયમાં આઠ રૂપિયાની કિંમતનો એક ચાંદીનો સુંદર સિક્કો; પોર્ટુગીઝ લોકોનું તત્કાલીન ચલણી નાણું.

૩. મુસાફરી દરમ્યાન સાથે લીધેલ જમવાનું ભાતું, નાસ્તો.

આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી દશગણા પ્રધાનપુરુષ છે, તેથી અનંતગણી પ્રકૃતિ છે, તેથી અનંતગણો પુરુષ છે, ને તેથી અનંતગણું પર અક્ષરધામ છે ને તે ધામને વિષે રહેનારા જે અનંત કોટિ મુક્ત છે, તેમને પુરુષોત્તમનો સંબંધ છે બીજાને નથી; કેટલાકને તો ઇન્દ્રાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો બ્રહ્માદિકનો સંબંધ છે; ને કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે; કેટલાકને તો પ્રધાન પુરુષાદિકનો સંબંધ છે; ને કેટલાકને તો પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે; પણ પુરુષોત્તમનો નથી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "આહીં કોઈને પુરુષોત્તમનો સંબંધ હોય તો ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'એટલી જ વાત સમજવાની છે; કેમ જે અક્ષરના મુક્તને પુરુષોત્તમનો સંબંધ કે તમારે છે; પણ બીજા અવાંતર[૧] કોઈને નથી.' એવી રીતે પોતાના પુરુષોત્તમપણાના પ્રતાપની ઘણીક વાત કરી.[૨] તેમાંથી આ તો દિશમાત્ર લખી છે. ॥૨॥

પછી વળી સ્વામીએ વાત કરી જે, **"મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું જે, "અમે જે જે ધામમાં જઈએ છીએ તે તે ધામમાં તમારાં બહુ વખાણ થાય છે;** તે તમારામાં એવી શી મોટપ છે તે સર્વે તમારાં વખાણ કરે છે ?' એમ કહીને બોલ્યા જે 'આ તૂંબડી ફૂટી જાય તો સાજી કરતાં આવડે ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, "ના મહારાજ' ત્યારે મહારાજે કહ્યું જે, "તમે તમારી મોટપને જાણતા નથી." એમ કહીને બોલ્યાં જે, 'લ્યો અમે જ કહીએ' એમ કહીને કહ્યું જે, "આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે; તેથી દશગણું જળ છે; તેથી દશગણું તેજ છે; તેથી દશગણો વાયુ છે; તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી દશગણા પ્રધાનપુરુષ છે, તેથી અનંતગણા પ્રકૃતિપુરુષ છે ને તે પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ છે; તે ધામમાંથી

---

૧. વચમાં આવેલા.

૨. શ્રીહરિએ વિ.સં. ૧૮૭૨માં ધરમપુરથી વળતા નર્મદાના કાંઠે આ વાત કરેલી.

લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ, તો, વાયુને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે ત્યારે રજ ભેળો રજ થઈ જાય; એટલું છેટું છે. પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તેને તમે એમ ધારોઃ જે આ જીવ આઠ આવરણ પાર અક્ષરધામમાં જાય, તો તત્કાળ જાય જેમ જંતરડામાં[૧] ઘાલીને પાણો ફગાવી નાખે, એવું તમારા કાંડાને વિષે બળ છે; પણ તેને તમે જાણતા નથી.''એમ કહીને કહ્યું જે, ''એવી મોટપ તમમાં આવી છે, તેનું કારણ કહું તે તમે સાંભળો : જે સર્વ થકી પર જે અક્ષરધામ તેને વિષે વિરાજમાન એવા જે ભગવાન તેનો તમારે સાક્ષાત્કાર સંબંધ થયો છે.''એવી રીતે ઘણી વાર્તા કરી.॥૩॥

અને વળી સ્વામીએ વાત કરી જે, ભગવાનના અવતારમાત્રમાં ચમત્કાર તો ચમકપાણા[૨] જેવો છે. તેમાં કેટલાક મણ જેવા છે; ને કેટલાક તો દશ મણ જેવાં છે; ને કેટલાક તો સો મણ જેવા છે; ને કેટલાક તો લાખ મણ જેવા છે. તેમાં જે મણ ચમક હોય તે આ મંદિરનું લોઢું હોય તેને તાણે; ને દશ મણ ચમક હોય તે તો આખા શહેરનાં લોઢાને તાણે; ને સો મણ ચમક હોય તો આખા દેશનાં લોઢાને તાણે, ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાનાં[૩] લોઢાને તાણે. ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે; નહિ તો બધું બ્રહ્માંડ કેમ તણાઈ જાય ? એમ વાત કરીને બોલ્યા જે, 'પૂર્વના અવતારમાં જેવું ઐશ્વર્ય છે, તેમાં તેટલા જીવ તણાણા છે ને આજ તો સર્વે અવતારના અવતારી, સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમ તે જ પધાર્યા છે; તેને જોઈને તો અનંત ધામના પતિ ને તે તે ધામના મુક્ત તે પોતાની મૂર્તિને વિષે તણાઈ ગયા ! જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ. ॥૪॥

---

૧. ગોફણ, પથ્થર અને ઢેફાં ફેંકવાનું નાના જોતર જેવું એક સાધન. ખેડૂતો પાકની રક્ષા માટે પક્ષીઓ ઉડાડવા ઉપયોગ કરે છે.

૨. લોહચૂંબક,

૩. તાલુકો.

INDEX

અને સ્વામીએ વાત કરી જે, વાદી, ફૂલવાદી ને ગારડી;[૧] તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે; ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાનાં છેડાને વળ દઈને મારી નાખે; ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે. એ તો દૃષ્ટાંત. ને સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય ને કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે; ને રામચંદ્રજી ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે; ને શ્રીજી મહારાજ તો ગારડીને ઠેકાણે છે; તેની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે હાથ જોડીને ઊભા છે.**॥૫॥**

વળી સ્વામીએ વાત કરી જે, શ્રીજી મહારાજને જેસંગભાઈએ પ્રશ્ન પૂછ્યું જે, "ભગવાનનું કર્યું સર્વે થાય છે ને તે ભગવાન રક્ષા કરે તો શું ન થાય ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "રક્ષા ભગવાન બહુ કરે છે ને જો રક્ષા ન કરતા હોય તો કાળ, કર્મ ને માયા એ કોઈને પ્રભુ ભજવા દે એવાં નથી. કેમ જે મૂળમાયાને કોઈએ છેડી નહોતી તેને આપણે છેડી છે; તે શું ? તો લાજુ કાઢીને[૨] તેનો વારંવાર તિરસ્કાર કરીએ છીએ. ને જો ભગવાન રક્ષા ન કરતા હોય, તો આ કરો[૩] પાડીને મારી નાખે ને કાં તો પૃથ્વી ફાડીને માંહી ઘાલી દે એવી માયા ખીજી છે." ત્યારે પૂછ્યું જે, "એવી ક્યાં સુધી રક્ષા કરશે ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : જે "હમણાં રક્ષા કરે છે ને પછી નહિ કરે એમ ન સમજવું." એમ કહીને બોલ્યા જે, "પૂર્વ દેશમાંથી પુરુષ ચાલ્યો આવતો હતો, તેની આગળ લાખો તાડ આવ્યા તેને જોઈને એક તાડને હડસેલો માર્યો; તે

---

૧. વાદી,ફૂલવાદી અને ગારડી = એકબીજાથી અધિક શક્તિવાળા મદારીના નામો.

૨. શ્રીહરિએ પરમહંસને કસવા માટે ફેરવેલા ૧૧૪ જેટલા વિવિધ પ્રકરણોમાં ઘૂંઘટો કાઢીને ચાલવાનું એક પ્રકરણ. રસ્તે એક મંડળધારી આગળ ચાલીને બધાને દોરે; મંડળધારી સિવાય બધા જ ઘૂંઘટો નાંખીને ચાલતા.

૩. દીવાલ.

લાખો તાડને પાડીને ચાલ્યો ગયો. તેમ અમે પૃથ્વી ઉપર આવીને કાળ, કર્મ, માયા તેમને હડસેલો માર્યો છે; તે ઊભાં થઈને દુઃખ દેવાને સમર્થ નહિ થાય એમ તમારે જાણવું.'' ॥૬॥

વળી સ્વામીએ વાત કરી જે : શ્રીજી મહારાજે એક દિવસ આનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી; એ ત્રણને પૂછ્યું જે, ''અમે તમને જે જે આજ્ઞા કરીએ જે આ પ્રવૃત્તિની ક્રિયા કરો; ત્યારે કેમ કરો ?'' ત્યારે પ્રથમ આનંદ સ્વામીએ કહ્યું જે, ''જેમ તમે કહો તેમ કરીએ.'' ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : જે ''હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય; ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.'' પછી સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું જે, 'તમે કેમ કરો ?' ત્યારે તે બોલ્યા જે, 'જે ક્રિયા કરવા ને જોવા જાઉં, તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ દેખાય' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય એ સર્વેને માન્યામાં આવતું નથી.' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, 'જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમનું કરીએ તેમનું તે તીરમાં લીંબુ દેખાય; તેમ વૃત્તિમાં ભગવાન રહ્યા છે ને તે વૃત્તિને જેમની કરીએ તેમની કોરે ભગવાન દેખાય છે.' પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''ત્રણેનાં અંગ જુદાં જુદાં જણાય છે, માટે આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો; ને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો. એમ કરે તો એકબીજાની કસર ટળે.'' એમ ઉત્તમ મધ્યમ ને કનિષ્ઠ ભેદ છે. ॥૭॥

પછી વળી સ્વામીએ વાત કરી જે, એક દિવસ સ્વરૂપાનંદ સ્વામી દેશ ફરીને આવ્યા. તેને શ્રીજી મહારાજે પૂછ્યું જે, ''દેશમાં મનુષ્ય કેવાં છે ?'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી ધીરા રહીને બોલ્યા જે, ''હે મહારાજ! મનુષ્ય તો લીમડી કે નીચે દેખા હૈ[1] ને બીજે મનુષ્ય તો નહીં હેં'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''દેશ ફરીને આવ્યા ને મનુષ્ય તો દીઠાં જ

૧. સભામાં બેઠેલા ધર્મ-નિયમવાળા ભક્તજનો.

નહિ !'' ત્યારે સર્વે સંતે પૂછ્યું જે, ''કલ્યાણ કોના કર્યાં હશે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''બીજા તો નિયમ ધરાવીને વર્તમાન પળાવે ત્યારે કલ્યાણ થાય;[૧] ને સ્વરૂપાનંદ સ્વામીને તો દર્શને કરીને કલ્યાણ થાય.'' ॥૮॥

વળી સ્વામીએ વાત કરી જે, મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામી તે દેશમાંથી ફરીને આવીને પછી શ્રીજી મહારાજની પાસે બેઠા. પછી શ્રીજી મહારાજે બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું જે, 'દેશમાં સત્સંગ કેવો થયો છે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તમે સત્સંગી થયા છો ?'' ત્યારે કહ્યું જે, ''અમે તો ખરેખરા સત્સંગી થયા છીએ, ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો, ને જો ખરેખરા સત્સંગી હો તો કહો જે, અમે ક્યાં હતા અને ક્યાંથી આવીએ છીએ ? ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'ના મહારાજ, એવા સત્સંગી તો નથી થયા.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, અમારા ખરેખરા સત્સંગી તો ગોવર્ધનભાઈ તથા પર્વતભાઈ આદિક છે; તે તો અમને ત્રણે અવસ્થામાં નિરંતર દેખે છે. પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! એવા સત્સંગી કેમ થવાય ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, એવા સત્સંગી તો, તો થવાય જો માયિક ભાવ ટાળીને પોતાને અક્ષરરૂપ માનીને મારી મૂર્તિનું ચિંતવન કરો તો એવા સત્સંગી થવાય.'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું જે, '' હે મહારાજ ! કૃપા કરો તો એવા સત્સંગી થવાય.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''હજી કૃપા જોઈએ છીએ ?' જુઓને અમે અક્ષરધામમાંથી આંહીં આવ્યા તે પ્રકૃતિપુરુષના લોકમાં પણ ન રહ્યા, ને પ્રધાનપુરુષના લોકમાં પણ ન રહ્યા, ને બીજા અનંત ધામમાંને ઈશ્વરનાં અનંત સ્થાનક તેમાં ક્યાંય ન રહ્યા; ને તમારી ભેળા આવીને રહ્યા; ને હજી કૃપા જોઈએ છીએ ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! કૃપા તો બહુ કરી; પણ અમારે માયાનું

૧. સંદર્ભ જુઓ હરિલીલામૃત

આવરણ તે સમજાય નહિ.'' ત્યારે શ્રીજી મહારાજ ઊભા થઈને પછેડી ઓઢી હતી તે પડતી મૂકીને બોલ્યા જે, ''હવે છે માયાનું આવરણ ?'' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.'[૧] **॥૯॥**

પછી વળી સ્વરૂપાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! સત્સંગી કા કૈસા કલ્યાન હોતા હૈ ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જૈસા કલ્યાન મોટા મોટા અવતારકા હોતા હે તૈસા કલ્યાન સત્સંગીકા હોતા હૈ.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''ગુરૂ સાહેબ ! તબ તો બોત બડા કલ્યાન હોતા હૈ !'' **॥૧૦॥**

પછી વળી સ્વામીએ વાત કરી જે, ગામ જાળિયામાં શ્રીજી મહારાજ બહુ વાર પોઢીને જાગ્યા; પછી સર્વે સંતે પૂછ્યું જે, ''હે મહારાજ ! આજ તો તમે બહુ વાર પોઢી રહ્યા !'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તમે બહુ તપ કર્યું, તે અમે રાજી થયાં; માટે આજે તો તમારા સારૂ અમે ધામ જોવા ગયા હતા. તે પ્રથમ તો અમે બદરિકાશ્રમમાં ગયા, તે બદરિકાશ્રમવાસીએ અમારી પૂજા આરતી સ્તુતિ કરીને બેઠા; પછી તેને અમે કહ્યું જે, ''અમારા સાધુ સારુ જાયગા જોવા આવ્યા છીએ. ત્યારે તેણે કહ્યું જે, ''હે મહારાજ ! આ ધામ તમારૂં છે માટે આંહી સાધુને રાખો. પછી અમને એમ જણાણું જે, ''આવો તો ચરોતર[૨] છે, કેમ જે કોઠાં બોરાં ત્યાં પણ મળે છે. પછી અમે ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા તે ત્યાંના વાસીએ અમને પધરાવીને પૂજા આરતિ સ્તુતિ કરીને બેઠા; પછી અમને તેણે કહ્યું જે, ''મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં.' પછી તેને અમે કહ્યું જે, ''અમારા સાધુ સારુ જાયગા જોવા આંહી આવ્યા છીએ.'' ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે, તે આંહી સાધુને રાખો.'' પછી અમને જણાણું જે સ્થાન તો બહુ સારું પણ પ્રભુ ભજવામાં સુખ જણાણું નહિ; શા માટે જે ક્ષીર સમુદ્ર[૩] એક કોરે હડુડ્યા કરે છે.

૧. આ પ્રસંગ મેવાસામાં છાપરવડી નદીના કાંઠે બનેલો છે. હરિલીલામૃત-૬।૧૫.
૨. ગુજરાત રાજ્યના આણંદ-ખેડા જિલ્લાનો હાલનો વિસ્તાર.
૩. દૂધનો સાગર. (૨/૧૧)

પછી તેને જોઈને અમે ચાલી નિસર્યા તે વૈકુંઠલોકમાં ગયા; તે વૈકુંઠવાસી રામચંદ્રજી તેણે અમારી પૂજા આરતિની સ્તુતિ કરી ને બેઠા. પછી તેને અમે કહ્યું જે, 'અમારા સાધુ સારૂ જાયગા જોવા આવ્યા છીએ, ત્યારે તેણે કહ્યું જે, ''હે મહારાજ ! આ ધામ તમારું છે માટે આંહી સાધુને રાખો; પછી અમને એમાં કાંઈ સારુ જણાણું નહિ; કેમજે ચાર ભુજા ને સ્ત્રીઓનો પ્રસંગ તે ઠીક નહિ; પછી તેને જોઈને અમે ચાલી નિસર્યા તે ગોલોકમાં ગયા; પછી ત્યાંના વાસી જે શ્રીકૃષ્ણ તેણે અમારી પૂજા આરતિ સ્તુતિ કરી ને બેઠા.'' પછી તેમને અમે કહ્યું જે, ''અમારા સાધુ સારુ જાયગા જોવા આવ્યા છીએ. ત્યારે તેણે કહ્યું જે, ''હે મહારાજ ! આ ધામ તમારું છે માટે આંહી સાધુને રાખો. પછી અમને એમાં પણ કાંઈ સારું જણાણું નહિ; કેમ જે ગોપ, ગોપીયું તેને જોઈને પ્રભુ ભજાય નહિ; અને કેટલીક જાતનો ગડબડાટ; તેને જોઈને અમે ચાલી નીકળ્યા તે પ્રકૃતિપુરૂષના લોકમાં ગયા. ને લોક જોઈને બહુ રાજી થયા જે આંહી સાધુને રાખીએ. ત્યાં તો પુરુષ ને પ્રકૃતિ દેખાણાં, તેને જોઈને અમે પ્રકૃતિને પૂછ્યું જે, ''તું ધોળી કેમ છો ને એ પુરુષ કાળો કેમ છે ?'' ત્યારે તેણે કહ્યું જે, ''એ પુરૂષ મારી સાથે જોડાણો તેણે કરીને મારામાં શ્યામતા હતી તે પુરુષમાં ગઈ ને પુરુષમાં રૂપ હતું તે મારામાં આવ્યું છે.'' પછી અમને એમ વિચાર થયો; જે આંહી સાધુને રાખવા નહિ, કેમ જે માયા કાળા કરી નાખે. પછી તેને જોઈને અમે ચાલી નીકળ્યા તે અક્ષરધામમાં ગયા. તે અક્ષરધામના મુક્તે અમને દિવ્ય સિંહાસન ઉપર પધરાવીને અમારી પૂજા આરતિ સ્તુતિ કરીને બેઠા. પછી અમે કહ્યું જે, ''અમારા સાધુ સારુ ધામ જોવા આવ્યા છીએ.'' ત્યારે તે મુક્તે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે અને અમે પણ તમારા જ છીએ માટે આંહી સાધુને રાખો ને સુખ આપો. પછી અમને એમ જણાણું જે આ ધામ જેવું કોઈ ધામ નથી માટે આંહી સાધુને રાખવા એ જ ઠીક છે.'' **॥૧૧॥**

પછી વળી સ્વામીએ વાત કરી જે, મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યું જે, "પુરુષોત્તમ કેમ જાણવા ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે સ્વામીએ કહ્યું જે, "મહારાજ તો સર્વોપરી છે ને સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ છે." તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું ૩૮મું વચનામૃત વંચાવીને કહ્યું જે, "આજ તો સત્સંગમાં આચાર્ય, મંદિર ને મૂર્તિઓ તે સર્વોપરી છે; તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે : જે આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે. તે ઉપર વડતાલનું અગિયારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, "આવા થાય ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે. એક હરિજને ચાર પાંચ વચનામૃત વાંચ્યા. તે વચનામૃતનાં નામ પ્રથમનું ૨૩ને, મધ્યનું ૩૦મું ને ૪૫મું ને અમદાવાદનું બીજું ને ત્રીજું ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા : જે, "આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં ! એમ કહીને બોલ્યા જે ફેર વાંચો. ત્યાર ફેર વાંચ્યાં, ત્યારે સ્વામી બોલ્યા જે,"આ વચનામૃત સાંભળતાં એમ જાણ્યું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે ભગવાનના નાના મોટા અવતાર હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી; કેમ જે એ પણ મહારાજનો મત છે. તે ઉપર મહારાજનો કહેલો શ્લોક છે તે બોલ્યા જે –

निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा[१] ॥१६॥

---

૧. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ દેહ થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા તેને વિષે બ્રહ્મરૂપની ભાવના કરીને, પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી.(શિક્ષાપત્રી-૧૧૬)

INDEX

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम्[૧] ॥૧૭॥
परिनिष्ठितोऽपि नैर्गुण्येउत्तमश्लोकलीलया ।
गृहितचेता राजर्षे आख्यानं यदधीतवान्[૨] ॥૧૮॥
आत्मारामश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः[૩] ॥૧૯॥

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું જે, આવા થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. **॥૧૨॥**

પછી એક હરિજન સામું જોઈને બોલ્યા જે, તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે. એમ કહીને બોલ્યા જે, આ મંદિર સારુ મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે[૪] કહ્યું જે, "કેવી મૂર્તિઓ કાઢી આપું ?" ત્યારે સાધુએ કહ્યું જે," આ નકશા પ્રમાણે

૧. જે બ્રહ્મરૂપ થયો છે અને પ્રસન્નમન છે એટલે કે ક્લેશ કર્માદિ દોષથી જેનું મન કલુષિત નથી, અને કોઈનો પણ શોક કરતો નથી તેમ કોઈ પદાર્થને ઈચ્છતો નથી, સર્વ ભૂતમાં જે સમ છે, એટલે કોઈનો પણ આદર નહીં કરનારો અર્થાત્ સર્વ વસ્તુને તૃણવત્ માને છે તે પુરૂષ મારે વિષે પરાભક્તિને પામે છે; અર્થાત્ જેને આત્માનો "બ્રહ્મરૂપે" સાક્ષાત્ અનુભવ થયો હોય તેને જ પરાભક્તિમાં અધિકાર પ્રાપ્ત થાય છે.(ગીતા)

૨. હે રાજર્ષે ! સત્ત્વાદિ ગુણના કાર્યભૂત ત્રણે દેહથી વિલક્ષણ આત્મસ્વરૂપમાં સમ્યક્ નિષ્ઠાને પામેલો એવો હું (શુક) ઉત્તમશ્લોક ભગવાનની લીલાથી આકર્ષિત ચિત્તવાળો થઈને શ્રીમદ્ ભાગવત પુરાણરૂપ જે આખ્યાન તેને ભણ્યો છું. (ભાગ. ૨।૧।૯)

૩. આત્મારૂપ અને રાગદ્વેષાદિરૂપ ગ્રંથિએ રહિત એવા મુનિઓ પણ ભગવાનની ફળાનુસંધાને રહિત - નિષ્કામ - એવી ભક્તિ કરે છે. તેવા મુનિઓ પણ ભક્તિ કરે એવા ભગવાનમાં કારુણ્ય, સૌશીલ્ય, વાત્સલ્યાદિક ગુણો રહ્યા છે. (ભા. ૧।૭।૧૦)

૪. મૂર્તિ બનાવનાર શિલ્પી. પથ્થર બેસારનાર મિસ્ત્રી.

કાઢી આપો.'' ત્યારે સલાટે કહ્યું જે, 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિઓ શોભે' પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિઓ લેવા આવ્યા છીએ' ત્યારે કહે જે, 'તો કાઢી આપું' પછી સલાટે મૂર્તિઓ કાઢી આપીયું.[૧] તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમ ભગવાન પધરાવશું ક્યાં ? માટે પુરુષોત્તમ ભગવાન પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું. એમ કહીને ઊઠ્યા. પછી એક હરિજનનું કાંડું ઝાલીને ચાલ્યા, પછી તેને કહ્યું : જે ખબરદાર સંકલ્પ કર્યો છે તો ! ત્યારે ભક્તના સંકલ્પ બંધ થઈ ગયા ! પછી તેને કહ્યું જે, આમ નિરંતર રહેવાય તો સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઈચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ, ને અહંગ્રંથિ આદિક અનેક પ્રકારની ગ્રંથિઓ નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રહેવાય છે. **॥૧૩॥**

પછી વળી સ્વામીએ વાત કરી : જે પ્રભુ ભજવા દેહ તો ધર્યો છે, પણ પંચવિષય છે તે દમઘોષના દીકરા જેવા છે; તે ભગવાનને વરવા દેતા નથી એવા ભૂંડા છે. ત્યારે પૂછ્યું જે, ''રૂકમણિજી એકવાર ભગવાનના ગુણ સાંભળીને બોલ્યા જે, 'વરૂં તો ભગવાનને વરૂં નીકર જીભ કરડીને મરૂં પણ દમઘોષનો દીકરો જે શિશુપાળ તેને ન વરૂં'' એમ બોલ્યાં, ને આજ તો મહારાજ ને મોટા સાધુ નિરંતર કહે છે; તોય ભગવાનને મૂકીને બીજાને કેમ વરાય છે ? ત્યારે સ્વામી બોલ્યા જે, ''આપણે ભગવાન વરવા દેહ ધર્યો નથી; ને રૂકમણિએ તો ભગવાનને વરવા દેહ ધર્યો હતો, ને આપણને તો મહારાજનો ને મોટા સાધુનો યોગ થયો છે; તે હમણાં તો ભગવાનમાં રહેવું કઠણ પડે છે. પણ પછી તો નીસરવું કઠણ પડશે; એવો સત્સંગનો પ્રતાપ છે. ત્યારે પૂછ્યું : જે આ દેહ મૂક્યા પછી કેવું થવાશે ? ત્યારે સ્વામી બોલ્યા : જે વ્યાપકાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી જેવા તો થવાશે; એવો મહારાજનો ને મોટા સાધુનો પ્રતાપ છે.''**॥૧૪॥**

---

૧. આ વાત ઘોઘાવદરને પાદર શંકરની ડેરીએ કરેલી છે.

INDEX

પછી સ્વામીએ વાત કરી : જે જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે, તેવા જો જણાય તો તેને સમજવાનું ને કરવાનું કાંઈ રહે નહિ. ત્યારે પૂછ્યું જે, "જેવા મહારાજ છે ને જેવા સાધુ છે તેને જાણ્યા હોય, તેની કેવી સમજણ હોય ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "**यो वेत्ति युगपत्सर्वं प्रत्येक्षण सदा स्वतः**"[૧]

એ શ્રુતિ બોલીને કહ્યું: જે એવી સમજણ હોય ત્યારે ભગવાનને ને મોટા સાધુને જાણ્યા કહેવાય." ત્યારે વળી પૂછ્યું જે, "આવી સમજણ હોય તો ભૂંડું આચરણ કેમ થાય ?" ત્યારે સ્વામી બોલ્યાં જે, "જેને આવી સમજણ હોય તેને તો ભૂંડો સંકલ્પ પણ ન થાય; તો આચરણ તો થાય જ કેમ ?' તે **જેને જેટલું ભૂંડું આચરણ થાય છે તેટલું અજ્ઞાન છે ને જેટલું અજ્ઞાન છે તેટલો જ કુસંગ થાય છે.**" ॥૧૫॥

એક દિવસે વેદાંતીની આગળ સ્વામીએ એમ વાત કરી જે, ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે, ને જાણનારા છે,ને સત્શાસ્ત્રના અર્થને અવળા કરનારા છે તે તો અનંત જન્મ સુધી ને અનંત કલ્પ સુધી કોઈ સ્થાનકને વિષે બાળો સાદ કરીને રોશે નહિ. ને સતયુગમાં લાખ વર્ષ સુધી ને ત્રેતાયુગમાં દશ હજાર વર્ષ સુધી ને દ્વાપરયુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે; પણ બાળો સાદ[૨] કાઢીને રોશે નહિ; ને એમને એમ અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે પણ સુખ તો નહિ જ થાય. એમ કહીને બોલ્યા જે, સ્વામિનારાયણે આ પૃથ્વીને વિષે આવીને પાંચ પગ રોપ્યા છે; તેને ખોટા કરીને જીવનું રૂડું થાય એમ કહી દેખાડો ? અને તે પાંચ પગ તે શું ? તો **નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન;** એ જ પાંચ

---

૧. **અર્થ** :- જે જીવ પ્રાણીમાત્રના આશયને એક સાથે પ્રત્યક્ષપણે, કોઈ પણ સાધન વિના જુવે છે—જાણે છે. (રચના શ્રીનાથમુનિ - રામાનુજ સંપ્રદાય)

૨. નવજાત બાળકનું રુદન. ભગવાનને નિરાકાર માનીને દ્રોહ કરનારા પાપિષ્ઠ પુરુષો જન્મોજન્મ ગર્ભમાં ભ્રૂણહત્યાનો ભોગ બને છે માટે.

પગ રોપ્યા તેને ફેરવવાને કોઈ સમર્થ નથી. જેમ રાવણની સભામાં અંગદે પગ રોપ્યો હતો,[૧] તે કોઈથી ઊપડ્યો નહિ; તેમ અમે પણ પગ રોપ્યા છે. તે કોઈથી ખોટા નહિ થાય. એમ કહીને નાવા પધાર્યા. ॥૧૬॥

પછી વળી સ્વામીએ વાત કરી જે, મહારાજે અનંત પ્રકારની વાતો જીવના મોક્ષને અર્થે પ્રવર્તાવી છે; પણ તેમાં ચાર વાતો છે તે તો જીવનું જીવન છે.[૨] તે શું ? તો એક તો મહારાજની **ઉપાસના,** બીજી મહારાજની **આજ્ઞા,** ત્રીજી **મોટા એકાંતિક સાથે પ્રીતિને** ચોથું **ભગવદી સાથે સુહૃદપણું;** એ ચાર વાતો તો જીવનું જીવન છે તેને તો મૂકવી જ નહિ. ને જો અશુભ દેશ, કાળ, સંગ, ક્રિયા, શાસ્ત્ર, મંત્ર ને દીક્ષા ને દેવતા એ આઠ અશુભનો યોગ થાય, તો મહારાજને ને બીજા અવતારાદિકને વિષે સમભાવ કરાવી નાખે; અને આજ્ઞાને વિષે ગૌણપણું દેખાડી દે; ને મોટા સાધુને ને સત્સંગમાં ગડબડ ગોટા વાળતો હોય એ બેયને એકપણે કરી મૂકે; ને ભગવદીને વિષે દોષ દેખાડી દે. એ દેશાદિક આઠ તો અસત્પુરુષને વિષે રહ્યા છે. માટે જેને જીવનું જીવન રાખવું હોય, તેને તો ઓળખીને જીવ જોડવો. ત્યારે એક હરિજને હાથ જોડીને કહ્યું જે, "મારે તો બહુ બંધન થયું છે તે હું તો કેમ કરું ?" ત્યારે સ્વામી બોલ્યા જે, 'હું તો ઘણોય સુખિયો કરી મૂકું, પણ તેમ તમારાથી થાય નહિ; ને હું કહું એમ જો તમે કરો તો ત્યાંથી ગાંડા થાઓ ત્યારે એ વાત થાય; પણ તે વિના તો થાય જ નહિ. ત્યારે વળી પૂછ્યું જે, "તમે કહો તેમ કરે ત્યારે ગાંડો કેમ કહેવાય ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "આ બે જણ હું કહું એમ કરે છે તો ત્યાં તો તેને ગાંડા જાણે છે; પણ જો મહારાજ ને મોટા સાધુ રાજી છે તો સર્વે રાજી થઈ રહ્યા છે." એટલી વાત કરીને મંદિરમાં પધાર્યા. ॥૧૭॥

---

૧. **અંગદે પગ રોપ્યો** : યુદ્ધ કર્યા વિના સીતાજીને મેળવવા રાવણને સમજાવવા શ્રીરામજીએ વાલીપુત્ર અંગદને મંત્રણા માટે રાવણ પાસે મોકલેલ; ત્યારે રાવણની સભામાં પગ સ્થિર કરીને અંગદે કહ્યું, "જો મારો પગ એક તસુ પણ હટાવી આપે તો રામજી સીતામાતાને હારી ગયા." પણ કોઈથી પગ ઊંચકાયો નહિ.

૨. મુખ્ય.

સ્વામીએ વાત કરી જે, સાધુ તો ક્યાં ઓળખાય છે ? એમ કહીને બોલ્યા જે, ''જે વર્ષે છત્રીયું ભાંગીયું ને પટારા કઢાવ્યા, તે દિવસે એક સાધુએ મને એમ કહ્યું: જે ''આ ભજનાનંદ સ્વામી જેવા સત્સંગમાં કોઈ સાધુ નથી; કેમ જે બીજાના પટારામાંથી નીસર્યું પણ એના પટારામાંથી કાંઈએ ન નીસર્યું.'' ત્યારે મેં કહ્યું જે, ''શું તારું કપાળ નીસરે ! ગામમાં ક્યાંય મૂક્યું હશે. ને કાંઈ ન હોય તો બે પટારા રાખવાનું શું કામ હોય ? અને સત્સંગમાં વૈદું[૧] કરી કરીને ઘણું પદાર્થ ભેગું કર્યું હતું, તે કુસંગમાં ક્યાંય રહ્યું, પણ સત્સંગના કામમાં આવ્યું નથી.'' તે જુઓને એવાને પણ બહુ મોટા માન્યા હોય, માટે સાધુ ઓળખાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે, ''પ્રથમ મહારાજે મંડળ બંધાવ્યા ત્યારે સર્વે સાધુને કહ્યું , જે ''ગુરૂ ગુરૂ હોય તે ઊઠીને એક કોરે[૨] બેસો. ત્યારે જેટલા ગુરૂ હતા તે સર્વે ઊઠીને એક કોરે બેઠા.'' પછી મહારાજે કહ્યું જે, 'જેને જ્યાં મળતું આવે તેમ બેસો' પછી જેને જેમ મળતું હતું, તેમ તે સર્વે બેઠા. પછી સ્વામી કહે, ''હું બ્રહ્માનંદસ્વામી પાસે રહેતો, તે ઊઠીને આત્માનંદ સ્વામી પાસે જઈને બેઠો. કેમ જે બ્રહ્માનંદ સ્વામી ટોકે નહિ; ને પોતે તો મહા કવિરાજ તે ખાવાનું બહુ આવે, તે જુવાન અવસ્થાવાળાને ઠીક નહિ.'' પછી મહારાજે ઊઠીને જ્યાં સંતના મંડળ બેઠા હતા, ત્યાં આવીને જોતે જોતે જ્યાં આત્માનંદ સ્વામી બેઠા હતા, ત્યાં આવીને મને કહ્યું જે, ''તમે તો બ્રહ્માનંદ સ્વામી પાસે રહેતા ને ?'' પછી મેં કહ્યું : જે આત્માનંદ સ્વામી વૃદ્ધ સાધુ છે તેની સેવાનો કરનારો કોઈ નથી તે સારુ રહ્યો છું. પછી મહારાજે કહ્યું જે, ''ઠીક.'' પછી તો સર્વેને જોઈને બોલ્યા જે, ''ગુરુ એ મૂર્ખ છે ને ચેલાએ મૂર્ખ છે; કેમ જે સત્સંગના સ્થંભ જેવા છે તેને ઓળખતા નથી, ને ઓલ્યા હિંદુસ્તાનમાં[૩] લઈ જાય એવા છે, તેની પાસે જઈને રહ્યા છે.

---

૧. વેદક, વૈદ્યનો વ્યવસાય.

૨. એક બાજુ, નોખું, અલગ

૩. ઉત્તરભારત.

ને ગુરુય મૂર્ખ છે જે સાધુની ગરજ રાખતા નથી; માટે કાંઈક ગરજ રાખવા શીખો.'' એટલી શિક્ષા કરીને ગુરુ ગુરુનાં મંડળ બંધાવ્યાં. પછી સ્વામી કહે : જે અમારી પ્રકૃતિ તો એકે સાધુ રાખીએ એવી નહોતી, પણ મહારાજની મરજી જોઈને બધાય સત્સંગની ખબર રાખવી પડે છે. નીકર તો મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જોઈએ જ નહિ. અને એક દહાડો પુસ્તક બાંધતા હાથમાંથી પડી ગયું; પાછું બાંધ્યું જ નથી; કેમ જે જ્યારે પુસ્તક બાંધીએ ત્યારે ભગવાન ક્યારે સંભારીએ ? એમ કહીને બોલ્યા : જે, એવી રીતે બાળમુકુંદાનંદ સ્વામી કહેતા : જે ''બીજા તો આ બેલાં[૧] હૈયા ઉપર ખડકે છે;[૨] ને તેને કોઈક મુકાવે તો મૃત્યુ થાય છે. ને આપણે તો બહાર જ ખડકવાં છે ને હૈયામાં તો મહારાજને રાખવા'' એ વાતો એકાંતિકની છે. **॥૧૮॥**

સ્વામીએ વાત કરી : જે, બીજે જીવ ક્યાંય અટકતો નથી; ને મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે. પછી રઘુવીરજી મહારાજે પ્રશ્ન પૂછ્યું જે, ''મહારાજના ચરિત્ર દીઠાં સાંભળ્યાં હોય, તોયે કહેતાં-લખતાં અટકે છે કેમ ?'' પછી સ્વામી બોલ્યા, જે, એક ઘોડાનો સ્વપ્નમાં પગ ભાંગ્યો. તે જ્યારે જાગ્યો ત્યારે તોળીને ઊભો, પણ પગ માંડે નહિ. પછી વૈદ્યને દેખાડ્યો, ત્યારે વૈદ્યે કહ્યું જે, ''આ ઘોડાનો પગ ભાંગ્યો નથી, તેમ કાંઈ માંદો થયો નથી, એને તો સ્વપ્ન થયું છે તે પગ તોળીને ઊભો છે. ત્યારે પૂછ્યું જે એનું કેમ કરવું ? ત્યારે તેણે કહ્યું જે, ''બસે ઘોડાં સાબદાં[૩] કરો, ને તોપોના ને બંદૂકોના ભડાકા કરવા માંડો, એટલે ચમકશે ત્યારે સ્વપ્ન થયું છે તે મૂકી દેશે. તેમ એને શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે, તે આમને આમ નિરંતર ધડાકા ને પડકારા કરશું તો મૂકી દેશે એટલી વાત કરી. ને પછી રઘુવીરજી મહારાજ

૧. ચણતરમાં વપરાતા સફેદ પથ્થરના ટુકડા.
૨. ઉપરાઉપરી ગોઠવે.
૩. સજ્જ-તૈયાર.

INDEX

ગાદી ઉપર ચંપાના ત્રણ ફૂલ મૂકીને બોલ્યા જે, કેટલાક તો આ ફૂલ સુધી પૂગે[૧] છે, ને કેટલાક તો આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા નથી. એમ મર્મમાં વાત કરી. પછી સ્વામીએ ત્રીજું ફૂલ હતું તે અચિંત્યાનંદ બ્રહ્મચારીને દીધું. પછી રઘુવીરજી મહારાજે કહ્યું જે સ્વામી ! પારસા આવ્યા કે ? (પારસી કરીને – ઈશારતથી સમજાવ્યા કે ?) એમ કહીને જમવા પધાર્યા. ॥૧૯॥

એક મોટા હરિભક્ત હતા તેણે સ્વામીને બોલાવીને કહ્યું જે, "ગાડીમાં આવો." ત્યારે સ્વામી ગાડીમાં બેઠા. પછી પ્રશ્ન પૂછ્યું : જે હૃદયમાં ટાઢું કેમ થાય ? ત્યારે સ્વામી બોલ્યા જે, "ટાઢું તો તો થાય, જે જેમ ભગવાન સામું જોઈ રહીએ છીએ તેમ જ્યારે મોટા સાધુ સામું જોઈ રહીશું ત્યારે ટાઢું થાશે. એમ કહીને વળી બોલ્યા જે, જેમ ગાયનું વાછરું હોય તે ગાયના શરીરમાં ગમે ત્યાં થબડકા મારે[૨] પણ દૂધનું સુખ આપે નહિ તે તો જ્યારે આંચળને વળગે ત્યારે દૂધનું સુખ આવે છે; તે તો દૃષ્ટાંત છે ને એનો સિદ્ધાંત તો એ છેઃ જે, આ બધોયે સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે તે દ્વારા તો મહારાજ અખંડ રહ્યા છે; તેથી જે તે સંતને વળગે છે તેને મહારાજનું સુખ આવે છે. જેમ ગાયના આંચળમાંથી દૂધ આવે છે તેમ. ॥૨૦॥

સ્વામીએ એક દિવસ શિવલાલને ગાડીમાં બેસારીને કહ્યું જે, "તારા મનમાં તું એમ જાણે છે જે, "મેં ગઢડામાં મૂર્તિ[૩] બેસારી

---

૧. પહોંચે.

૨. ધાવવા મોઢું મારે, પ્રયત્ન કરે.

૩. **ગઢડા મૂર્તિ** = હરિકૃષ્ણ મહારાજની પંચધાતુની ૧ ગાદી પર ત્રણ ફૂલ હતા. તેમાંથી પ્રથમ ફૂલ નજીક હતું એટલે કે શ્રીહરિને કોઈક દત્ત-કપિલ જેવા માને છે.બીજું સફેદ દૂર હતુ એટલે કે શ્રીહરિને કોઈ રામ કૃષ્ણાદિક જેવા જાણે છે. અને ત્રીજું વધારે દૂર હતું અર્થાત્ ત્યાં કોઈ પહોંચતું નથી અર્થાત્ સર્વોપરી કોઈ નથી જાણતું. તે માટે અચિંત્યાનંદ બ્રહ્મચારીને ત્રીજું ફૂલ આપીને સ્વામીએ 'હરિલીલા કલ્પતરૂં' ગ્રંથ રચાવ્યો.

પધરાવીને ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા[૧] એ કામ બહુ મોટું કર્યું; પણ તારા જીવ સામું જોઉં છું ત્યાં તો અર્ધો સત્સંગ રહ્યો છે.''ત્યારે હાથ જોડીને કહ્યું જે, 'હા મહારાજ !' પછી સ્વામી બોલ્યા જે, 'આવા સાધુને મૂકીને જે સુખ ઇચ્છવું, તે તો જેમ એક દિવસ ગાયનું વાછરું છુટીને ગૌશાળાએ ગયું, ને જાણે જે દૂધનું સુખ લઉં; પણ ત્યાં તો પોઠિયા ઉતરેલ, તે જ્યાં મોઢું ઘાલવા જાય ત્યાં પાટુઓ ખાય; તે પાટુ[૨] ખાઈખાઈને મોઢું સૂજી ગયું પણ દૂધનું સુખ આવ્યું નહિ. પછી પોતાની મા આવી તોયે ધાવવા સમર્થ ન થયું. તેમ આવા સાધુને મૂકીને બીજે સુખ લેવા જાય છે, તે તો પાટુઓ ખાધા જેવું છે. કેમ જે **આજ્ઞા ઉપાસનામાં ભંગ પાડશે, ત્યારે આવા સાધુ પાસે નહિ બેસાય;** જેમ ગાયનું વાછરું ગાય પાસે ન ગયું તેમ. એમ કહીને બોલ્યા જે, આમ ને આમ બે મહિના સુધી વાતો કરીશ. ત્યારે મોરે[૩] ભગવાનમાં જીવ જોડાણો હતો એવો જોડાશે; એવો સ્થૂળ ભાવ આવી ગયો છે. ને આ વાતો તો ભગવાનમાં જોડાવાની છે. **॥૨૧॥**

સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું જે, ''આજ ક્યાં ગયા હતા?'' પછી હાથ જોડીને કહ્યું જે, 'આજ તો શહેરમાં ગયો હતો, તે ત્યાંથી એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું; 'રસોઈ કેવી ?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો, પણ કોઈ દિવસ સો કરોડ મણ ઢૂંસા લઈને કમાણી કરીએ એવો સંકલ્પ થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, ''મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી તો ઢૂંસાં[૪] જ છે; પણ તેમાં કાંઈ માલ જણાતો

૧. ભવ્ય સ્વાગત સામૈયું કર્યું.

૨. લાત.

૩. પહેલાં.

૪. ડૂંડામાંથી દાણા કાઢી લીધા બાદ વધેલ ખાલી કણસલા

નથી. ને તમે એટલી ઘડી આવા સાધુના દર્શન અને વાતો મૂકીને શી કમાણી કરી ?'' એમ કહીને બુદ્ધિનો ડોડ[૧] ટાળી નાખ્યો. **॥૨૨॥**

એક હરિજને પ્રશ્ન પૂછ્યું જે, ''ગોલોક મધ્યે અક્ષરધામ છે એમ સંપ્રદાયના ગ્રંથમાં લખ્યું છે તે કેમ સમજવું ? એ પ્રશ્ન છે. પછી સ્વામી બોલ્યા જે, ''જેવી જેની સમજણ હોય ત્યાં તેણે અક્ષરધામ માન્યું હોય. તેમાં કેટલાકે તો બદરિકાશ્રમને અક્ષરધામ માન્યું હોય, કેટલાકે તો શ્વેતદ્વીપને અક્ષરધામ માન્યું હોય, કેટલાકે તો વૈકુંઠલોકને અક્ષરધામ માન્યું હોય; કેટલાકે તો ગોલોકને અક્ષરધામ માન્યું હોય; પણ જેને મહારાજનો મહિમા જણાય છે તેને જેમ છે તેમ અક્ષરધામ સમજાય છે. તે ઉપર પ્રથમનું ૬૩ મું વચનામૃત વંચાવીને કહ્યું જે, જુઓને મહારાજ લખી ગયા છે જે, 'જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી હોય તે મોટી દેખાય; ને કીડીને મધ્યે વીંછી હોય તે મોટો દેખાય; ને વીંછીને મધ્યે સાપ હોય તે મોટો દેખાય; ને સાપને મધ્યે સમળો હોય તે મોટો દેખાય; ને સમળાને મધ્યે પાડો હોય તે મોટો દેખાય; ને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય; ને હાથીને મધ્યે ગિરનાર જેવો પર્વત હોય તે મોટો દેખાય; ને તે પર્વતને મધ્યે મેરુ પર્વત મોટો દેખાય; ને મેરુ જેવા પર્વતને મધ્યે લોકાલોક પર્વત તે અતિશે મોટો જણાય છે; તેમ ગોલોકને મધ્યે અક્ષરધામ છે એમ સમજવું. પણ કાંઈ એક હાથીમાં ગિરનાર પર્વત આવી ગયો એમ નથી. અને બીજા અનંત પર્વતને મૂકીને ગિરનાર પર્વતને ગણ્યો છે ને બીજા અનંત પર્વતને મૂકીને મેરુ પર્વતને ગણ્યો છે; ને બીજા અનંત પર્વતને મૂકીને લોકાલોક પર્વતને ગણ્યો છે તેમ એવી જ રીતે અનંત ધામને મૂકીને અક્ષરધામને કહ્યું છે; પણ કાંઈ ગોલોકમાં અક્ષરધામ આવી ગયું એમ નથી. અને **બીજાં ધામની અવધિ કહી છે પણ અક્ષરધામની તો અવધિ કહી નથી. એ સિદ્ધાંત વાત છે. ॥૨૩॥**

---

૧. મદ.

સ્વામીએ વાત કરી : જે, "અમે જે જે આજ્ઞા કરીએ તે મહારાજની મૂર્તિ આપીએ; પણ જેને જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ. ને મહારાજનો ને મોટા સાધુનો એક સિદ્ધાંત છે, તે મહારાજને તો પોતાની મૂર્તિનું જ સુખ દેવું છે. પણ ઐશ્વર્યનું સુખ આપવું નથી; કેમ જે, જીવ ઐશ્વર્યાર્થી થઈ જાય. તેમજ મોટા સાધુનો પણ એ જ મત છે જે, મહારાજની મૂર્તિને વિષે જ જોડવા છે, પણ વિષયને વિષે ને દેહને વિષે જોડવા નથી. અને જે **વિષયને વિષે જોડે છે તે એકાંતિક નહિ; અને જે ઐશ્વર્યને વિષે જોડે છે તે પુરુષોત્તમ નહિ.** એ મર્મને તો પ્રહ્લાદે જાણ્યો જે, **'વિષયને આપે તે ભગવાન નહિ અને વિષયને માગે તે ભક્ત નહિ.**તે માટે જેને ભગવન્નિષ્ઠ થાવું હોય તેને મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ઇચ્છવું નહિ; એ સિદ્ધાંત વાત છે. એમ કહીને વળી બોલ્યા જે, આ ભગવાન ને આવા સાધુનું રૂપ તો સિદ્ધિઓ પણ ધરી શકતી નથી; કેમ જે, એ તો અકળ છે. ને બીજા વિભૂતિ અવતારનું રૂપ તો સિદ્ધિઓ ધરે છે, પણ આ પ્રત્યક્ષ મહારાજ ને આ પ્રત્યક્ષ સંત તેનું રૂપ સિદ્ધિઓ ધરતી જ નથી; જેમ જે રાજા ગાદીએ હોય, તેનો વેશ તરગાળો[૧] કાઢતો નથી તેમ. **॥૨૪॥**

પછી વળી સ્વામીએ વાત કરી જે, શ્રીજી મહારાજનો ને મોટા સાધુનો જે હૃદગત અભિપ્રાય જાણવો તે તો બહુ જ કઠણ છે; તે તો ક્યારે જણાય? તો એક કલ્પ સુધી જો મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદસ્વામી તથા કૃપાનંદસ્વામી એવાને સેવીએ ત્યારે જણાય; પણ તે વિના તો જણાય જ નહિ એ સિદ્ધાંત વાર્તા છે. ને તે વિના જે કાંઈ આપણને જણાય છે. તે તો શ્રીજી મહારાજની ને આ મોટા સંતની દૃષ્ટિ વડે કરીને જણાય છે ને તેની દૃષ્ટિ ક્યારે થાય ? તો દૃઢ ધર્મ હોય તથા આત્મા પરમાત્માનું અતિ દૃઢ જ્ઞાન હોય, તથા પંચ વિષયમાં અતિશે દૃઢ વૈરાગ્ય હોય, તથા પુરુષોત્તમ ભગવાનની મહાત્મ્યજ્ઞાને સહિત અનન્ય ભક્તિ હોય તેને

૧. ભવાયો, જુદાં જુદાં વેશ ભજવીને, ગાવા-નાચવાનો ધંધો કરનારો.

માથે દૃષ્ટિ થાય છે; પણ **દેહાભિમાનીને માથે દૃષ્ટિ થાતી નથી.** ને તે વિના જે કાંઈ દૃષ્ટિ જેવું જણાય છે, તે અંતે નહિ જ રહે એમાં કાંઈ સંશય નથી. **॥૨૫॥**

વળી સ્વામીએ વાત કરી જે, જેવો સત્સંગ છે તેવો જણાય જ નહિ, ને કોઈકને જણાય તો સત્સંગ કરે નહિ, ને જો કોઈક કરે તો જેવો સત્સંગ છે તેવો થાય નહિ, ને જો થાય તો જાળવવો બહુ કઠણ પડે છે. તે કાં તો બહેકી[૧] જાય, ને કાં તો ગાંડો થઈ જાય, પણ જળવાય નહિ. અને તે સત્સંગ કોણ જાળવે ? તો જેને મહારાજને વિષે ને આ મોટા સંતને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત પ્રીતિ થાય તે જ જાળવે; પણ બીજાથી તો જળવાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે, **આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે, તેને તો એક પગલું અક્ષરધામમાં છે, ને જેને આવા સાધુની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે;** પણ જેને એ વાતનું જ્ઞાન નહિ તેને એ વાત સમજાય નહિ. ને આ સત્સંગમાં તો અનંત પ્રહ્લાદ, અનંત અંબરીષ ને પર્વતભાઈ જેવા અનંત છે; પણ સાધુના સમાગમ વિના જ્ઞાન થાય નહિ; ને જ્ઞાન થયા વિના એવો મહિમા જણાય નહિ; ને મહિમા જાણ્યા વિના સુખિયો થાય નહિ; એમાં કાંઈ સંશય નથી. **॥૨૬॥**

સ્વામીએ વાત કરી જે, **ખરેખરું જ્ઞાન થાય તો તે માયાના પેચમાં[૨] આવે નહિ.** તે જેમ જળકૂકડીને જળ લોપે નહિ, તેમ એવા પુરુષ માયામાં આવે તોયે માયા લોપી શકે નહિ; તથા જેમ જળકાતરણી માછલી છે તે જાળમાં આવે નહિ; કેમ જે બેય કોરે અસ્ત્રા જેવી ધારો હોય, તે જાળને કાપીને નીસરી જાય. તેમ એવા સમર્થ પુરુષ હોય તે અનંત જીવોને માયા પર કરી મૂકે એવા છે. ને તમારે તો આ પૃથ્વીનું વેજું[૩] છે, તે શું ? તો પ્રત્યક્ષ મહારાજ ને પ્રત્યક્ષ સંત પ્રગટ વિરાજે છે એવું

૧. છકી જાય.
૨. જાળમાં, પ્રપંચમાં.
૩. નિશાન.

તમારું મોટું ભાગ્ય છે. તે ઉપર શેરડીની ગાંદળીનું દૃષ્ટાંત દીધું. જેમ શેરડીનો સાંઠો હોય તેનું થડિયું તે કઠણ હોય ને પીછું હોય તે મોળું હોય ને વચલી ગાંદળી હોય તે મીઠી હોય; તેમ તમારે પ્રભુ ભજવામાં આજ સાનુકૂળ છે; કેમ જે મોટા સંતનો યોગ છે. ને મોરે તો મારતા ને ખાવા મળતું નહિ ને આજ તો સર્વ અંગે સાનુકૂળ છે; તે પ્રભુ ભજી લેવા; પણ આળસુ થાવું નહિ. ॥૨૭॥

સ્વામીએ એમ વાત કરી જે, સો કરોડ રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ; ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ? ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, **''મહારાજની મૂર્તિ વિના ને આવા સાધુ વિના પ્રકૃતિપુરુષ સુધી રાખનાં પડીકાં જ છે.** તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ; ને ગમે તો ઈશ્વર કોટિના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટિના લોકમાં જાઓ; પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંય નથી. એમ કહીને બોલ્યા જે-

સુરપુર નરપુર, નાગપુર; એ તીનમેં સુખ નાહીં[૧] ।
કાં સુખ હરિકે ચરનમેં, કાં સંતનકે માંહીં ॥૨૮॥

સ્વામીએ એમ વાત કરી : જે, ચંદ્રમાનું પ્રતિબિંબ જળમાં પડે છે, ત્યારે તેને જોઈને માછલું રાજી થાય છે ને એમ જાણે જે આ પણ આપણા જેવું માછલું છે; પણ જેવો ચંદ્રમા છે ને જેવું તેનું મંડળ છે ને જેવું તેમાં તેજ છે ને જેવું તેનું ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને માછલું જાણી શકતું નથી. તથા જેમ સમુદ્રમાં વહાણ ચાલ્યું જતું હોય, તેને મોટા મચ્છ હોય તે જોઈને મનમાં એમ જાણે જે આપણા જેવો મચ્છ છે તે ચાલ્યો જાય છે; પણ જેવું વહાણ છે ને સમુદ્ર તારે એવું છે ને લાખો કરોડો રૂપિયાનો માલ લઈ જાય છે ને લાવે છે તેને જાણી શકતો નથી તે તો દૃષ્ટાંત છે. એનો

---

૧. ૧. સ્વર્ગલોક, ૨. મનુષ્યલોક, ૩. પાતાળલોક.

INDEX

સિદ્ધાંત તો એ છે, જે, જેવા મહારાજ છે ને જેવા મહારાજના સંત છે ને જેવા તેમના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય ને સામર્થ્ય છે તેને જાણતા નથી. તે જેમ માછલું ને મચ્છ પોતપોતા જેવા જાણે છે, તેમ જે મનુષ્ય છે તે પણ પોતા જેવા જાણે છે; પણ જેવા છે તેવા જાણતા નથી. એમ કહીને આ શ્લોક બોલ્યાં જે–

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्[૧] ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥૨૨॥

એવા જે મૂર્ખ છે ને મૂઢમતિ જીવ છે તે મનુષ્ય જેવા જાણે છે; પણ અનંત કોટિ જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં લઈ જાય એવા છે એમ તેને જાણતા નથી; એ અજ્ઞાન છે. **॥૨૯॥**

અને એક હરિજન સંસાર મૂકીને આવ્યા. તેને બોલાવીને સ્વામીએ વાત કરી જે, એક કઠિયારો હતો તે લાકડાના ભારા લાવીને વેચતો, પછી એક દિવસ હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું; તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કોઈક શાહુકાર હતો તેને આવી. પછી તે શાહુકારે પૂછ્યું જે, "આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે ? પછી સર્વે એ કહ્યું જે, આ ગામમાં તો કઠિયારા રહે છે. પછી તે શાહુકારે ત્યાં જઈને બાળતાં થોડુંક રહ્યું હતું તે લાકડું લાવીને વિષ્ણુ ભગવાને ચડાવ્યું. તે એણે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમાં ગયો. એ તો દૃષ્ટાંત છે. એનો સિદ્ધાંત તો એ છે જે, હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે, ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે; તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ ને દેહ તેને વિષે બાળી દે છે. તેમ આપણે બાળવું નહિ. આપણે તો **"अर्थं साधयामि"** કે **"देहं पातयामि"** એમ જ કરવું. એમ કહીને બોલ્યા જે-

---

૧. મનુષ્ય શરીરમાં રહેલા ભૂતપ્રાણીમાત્રનો ઈશ્વર, એવા મને, મારા પરભાવ-દિવ્યભાવને નહિ જાણનારા મૂઢ લોકો સામાન્ય મનુષ્યરૂપ જાણીને મારી અવજ્ઞા કરે છે. ગીતા.૯/૧૧.

''કોટિ જન્મ લગ રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી''

એટલી વાત કરીને ઊઠ્યા. ॥૩૦॥

એક હરિજને પ્રશ્ન પૂછ્યું જે, ''મચ્છરથી તે ગરુડ સુધી ભેદ કહ્યા છે તે મચ્છરિયું તે ગરુડની ગતિ કેમ કરે ? એમ અણવિશ્વાસનું અંગ રહે છે.'' ત્યારે સ્વામી બોલ્યા જે, 'ગરુડ પૃથ્વી ઉપર આવ્યો હોય, ને તેની પાંખમાં મચ્છરિયું બેસી જાય તો કેટલો પ્રયાસ પડે ? ત્યારે કહ્યું, ''કાંઈ પ્રયાસ પડે નહિ.'' ત્યારે સ્વામી બોલ્યાં : **જે, ગોપાળાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે તો ગરુડ જેવા છે. તેની પાંખમાં આપણે બેસી ગયા છીએ માટે કોઈ ચિંતા ન રાખવી.'** ત્યારે વળી પૂછ્યું જે, ''પાંખ તે શી સમજવી ? પછી સ્વામી બોલ્યા **જે, ''આજ્ઞા ને ઉપાસના એ બે પાંખો છે તેને મૂકવી જ નહિ.** તો સહેજે જ અક્ષરધામમાં જવાશે; એમાં કાંઈ સંશય નથી. એમ કહીને વળી બોલ્યા : જે ત્રણ પ્રકારનાં પંખી છે : તેમાં કેટલાંક પંખી તો વૃત્તિ દ્વારા ઈંડા સેવે એવાં છે; કેટલાંક પંખી તો દૃષ્ટિ દ્વારા ઈંડા સેવે એવાં છે. ને કેટલાક પંખી તો પાંખમાં રાખીને સેવે એવા છે. તેમાં વૃત્તિ દ્વારા ઈંડું સેવાતું હોય તે ઈંડુ દૃષ્ટિમાં આવે તો ગંદુ રહે ? ત્યારે કહ્યું જે, 'ન રહે,' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ ઈંડુ પાંખમાં આવીને પડે તો શું ગંદુ રહે ?' ન જ રહે. એમ કહીને બોલ્યા જે, 'એ તો દૃષ્ટાંત છે.' એનો સિદ્ધાંત તો એ છે જે વૃત્તિદ્વારે સેવે એવા તો ગોપાળાનંદ સ્વામી ને કૃપાનંદ સ્વામી જેવા છે. તેની પાંખમાં આપણે પડ્યા છીએ; માટે કાંઈ કસર રહેશે નહિ એમ જાણવું. ॥૩૧॥

સ્વામીએ વાત કરી : જે, ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે, ને તે અંતરમાં ટાઢુ જોઈને મોટા સાધુ રાજી થાય; ને **જેની ઉપર મોટા સાધુ રાજી થાય તેનો જીવ સુખિયો થઈ જાય.** ને જેનું અંતર ગંધાતું હોય તેને દેખીને શું રાજી થઈ જાય ? ત્યારે કહ્યું જે, ''ભગવાન ને સાધુ તો બહુ રાજી થયા.'' ત્યારે સ્વામી બોલ્યા જે, 'જો મહારાજ રાજી ન થયા હોય તો આવો યોગ ક્યાંથી થાય !' તે મહારાજે

INDEX

પોતે કહ્યું છે 'જે, મારો રાજીપો થાય તેને બુદ્ધિયોગ આપું છું.' ને કાં તો રૂડા સાધુનો સંગ આપું છું.' તે બુદ્ધિયોગ તે શું ? તો બુદ્ધિને વિષે એવું જ્ઞાન, જે ભગવાન રાજી થાય. ત્યારે પૂછ્યું જે, ''ભગવાન નિરંતર રાજી કેમ રહે ?'' પછી સ્વામી બોલ્યા જે, ''**ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને ભગવાનની આજ્ઞા લોપવી નહિ.**'' અને આપણને ભગવાનનું સ્વરૂપ મળ્યું છે તે વિના બીજે સુખ ઇચ્છવું નહિ. **ને ખરેખરા ભગવાનના સાધુ હોય તેનો સંગ રાખવો,** તો તેની ઉપર ભગવાન ને મોટા સાધુ નિરંતર રાજી રહે એમાં કાંઈ સંશય નથી. **॥૩૨॥**

સ્વામીએ એમ વાત કરી જે, સત્સંગમાં એમ વાત થાય છે જે જીવ બ્રહ્મરૂપ થઈ જાય; ત્યારે પૂછ્યું જે,'સત્સંગમાં વાત તો થાય છે તો પણ જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?'' પછી સ્વામી બોલ્યા જે, ''હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી; અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો પણ તેનો વિશ્વાસ ન આવે.'' ત્યારે વળી પૂછ્યું જે, ''હેતે કરીને જીવ બાંધ્યો હોય તેમનો વિશ્વાસ કેમ ન આવે ?''ત્યારે સ્વામી બોલ્યા જે, ''આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે,પણ મારો વિશ્વાસ ન આવે;[1] એમ કહીને વળી બોલ્યા જે, ''**વિશ્વાસ તો હોય તો પણ નિષ્કપટપણે વરતાય નહિ, ને નિષ્કપટપણે વરતાય તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ; એ સિદ્ધાંત વાત છે. ૩૩**

એક દિવસ સ્વામી નાના નાના સાધુ, પાળા ને બ્રહ્મચારી સામું જોઈને બોલ્યા જે –

દેશ દેશાંતર બોત ફિરા, મનુષ્યકા બોત સુકાળ; ।
જાકું દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ. ॥

---

૧. સ્વામી સાથે રહેતા જલા ભક્ત તેમની સાથે વરતાલ ગયાં; ત્યાં કોઈએ મશ્કરી કરતાં કહ્યું ''હવે સ્વામીને અહીં જ રાખવા છે.'' ત્યારે તે ખૂબ રડ્યા. એવું હેત છતાં પણ ઉપાસના કે વ્યવહાર સંબંધી વાત સ્વામી જ કહેતા છતાં તે માની શકતા નહિ.

એમ કહીને બોલ્યા જે, જેમ મહારાજને જોઈને સમાધિ થઈ જાય ને જીવ સુખિયો થઈ જાય છે; તેમ **નિરંજનાનંદ સ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વર્ત્યા કરે; એવાના દુકાળ છે.** ત્યારે પૂછ્યું જે, "જેને દર્શને કરીને છાતી ઠરે છે એવો એમાં શો ગુણ હોય જે આગલ્યાને જોઈને છાતી ઠરે છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે જેની સામું જોઈને વૃત્તિ પાછી વળી આવે તો તેને દેખીને છાતી ઠરે છે; ને જેની સામું જોઈએ ને વૃત્તિ ચળાયમાન થાય તો તેને દેખીને છાતી ઠરે નહિ." ત્યારે પૂછ્યું જે, 'જેને દેખીને છાતી ઠરે છે એવા ગુણ આવ્યાનું શું કારણ છે ?' પછી સ્વામી બોલ્યા જે, એવા ગુણ તો ન જ આવે તે ગમે તો ભેળો રહે કે સેવા કરે, ને ગમે તો કહે તેમ કરે તોપણ મોટાના ગુણ તો આવે જ નહિ. ત્યારે વળી હાથ જોડીને પૂછ્યું જે, 'હે મહારાજ ! શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરૂષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે ! ત્યારે સ્વામી બોલ્યા જે, સત્પુરૂષના ગુણ તો આવે; જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો તે સત્પુરૂષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે; પણ તે વિના તો આવે જ નહિ. **॥૩૪॥**

અમને મહારાજ એમ કહેતાં જે, "બીજા તો અભાગિયા, પણ યાદવ તો નિરંતર અભાગિયા. એમ કહીને બોલ્યા જે, **જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે તો નિરંતર અભાગિયા;**[૧] કેમજે છોંતેરાનો[૨] મેઘ વરસ્યો ને વુઠે મેએ[૩] કાળ પડ્યો.

---

૧. અભાગિયા : દૂર્ભગો બત લોકોઽયં યાદવો નિતરામપિ । યે સમ્વસન્તો ન વિદુર્હરિં મીના ઇવોડુપમ ॥ આ લોક તો દુર્ભાગી છે જ પણ યાદવો તો અત્યંત ભાગ્યફૂટલાં છે; કારણકે સ્વયં શ્રીકૃષ્ણ ભગવાનની સાથે રહેવા છતાં જેમ માછલા ચંદ્રને પોતા જેવા જાણે છે તેમ શ્રીકૃષ્ણ ભગવાનને તેમણે પોતા જેવા માનવ જ જાણ્યા પણ ભગવાન તરીકે ઓળખી શક્યા નહિ. ભા. ૩।૨।૮

૨. સંવત ૧૯૭૬નો

૩. ખૂબ વર્ષા થવા છતાં દુષ્કાળ.

INDEX

ને ગંગામાં ન્હાયો ને માથું કોરું રાખ્યું. અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરાં ને વાછડાં રહ્યાં છે; એમ રહ્યા છે. પણ જેવા છે તેવા જાણી શકતા નથી. અને સત્સંગનો મહિમા તો બહુ મોટો છે તે મહારાજ કહેતા જે, "આ સત્સંગ તો બ્રહ્મરૂપ ને મહાવિષ્ણુરૂપ[૧] છે." એમ કહીને બોલ્યા જે :—

ધન્ય ધન્ય સો જન્મ, શોધી સત્સંગતિ આયો ।
તીરથ વ્રત જપ જોગ, સબનકો ફળ સો પાયો ।
કિયો વચનમેં વાસ, ભયો તેહિ બેહદ નિવાસ ।
હરિ હરિજન રસ રુપ, રહત તહાં પ્રગટ પ્રકાશા ।
જેહી મન વચન પર વેદ, કહે તેહિ સુખમેં સતત રહે ।
જન મુકુંદ સો સત્સંગકો, મહિમા કો મુખસેં કહે ? ॥૨૪॥

એવો સત્સંગનો મહિમા કહ્યો છે. ॥૩૫॥

એક દિવસ સ્વામી સૂતા હતા તે બેઠા થઈને પ્રશ્ન પૂછ્યું જે, સારામાં સારું તે શું છે ? ને ભૂંડામાં ભૂંડું તે શું છે ? ત્યારે કોઈ બોલ્યા નહિ, ત્યારે સ્વામી બોલ્યા જે, **સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે;** તેથી કાંઈ સારું નથી; ને તેથી કાંઈ સારું સમજવાનું પણ નથી. ને ભૂંડામાં ભૂંડું શું છે ? જે આ ભગવાન ને સાધુને વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી. તે મનુષ્યભાવ શેણે કરીને આવે છે ? તો લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે. **તેમાં જેવું પક્ષપાતે કરીને જીવનું ભૂંડું થાય છે, તેવું તો પંચવિષયે કરીને પણ નથી થાતું.** તે પક્ષે કરીને તો ગોપાળાનંદ સ્વામીને માથે પાણા નાખ્યા, ને ઝોળીમાં દેવતા[૨] નાખ્યા.

---

૧. અતિ મોટો અને દિવ્ય એવો ભાવાર્થ છે.

૨. દેવતા નાંખ્યો : દ્વેષી સાધુઓએ સ્વામીની ઝોળીમાં દેવતા નાંખ્યા તેથી શ્રીહરિની પ્રસાદીની ચરણારવિંદની જોડ બળી ગયેલી. એવી વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

તે દેવતાના કાઢનાર (સ્વામી પોતે) આંહી બેઠા છે. એમ કહીને વળી બોલ્યા જે, એવો સંસ્કાર તો અમારે પણ ઘણો થયો છે. તે જીવ થકી ખમાય નહિ; ને એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના અવગુણ લીધા છે, તેણે કરીને તો ભૂતની યોનિને પામ્યા છે અને વળી કોઈ અવગુણ લેશે તે પણ પામશે; ને તે પાપે કરીને ખાવી વિષ્ટા ને પીવી લઘુશંકા એવાં દુઃખને ભોગવે છે; પણ સુખ તો ક્યાંય થાય નહિ. **॥૩૬॥**

એક દિવસ સ્વામીએ એમ વાત કરી : જે, કેટલાક એમ જાણે છે, જે સ્વામી અમારી કોર છે; ને કેટલાક એમ જાણે છે જે સ્વામી અમારી કોર છે; એમ એ સર્વે પોતપોતાના અભિપ્રાય પ્રમાણે અમારો અભિપ્રાય જાણે છે, પણ અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુ પણ જાણી શક્યા નથી તો આજ તમે શું જાણશો ? ત્યારે પૂછ્યું જે, "બહુ મોટા હોય તેનો અભિપ્રાય, નાનો હોય તે જાણે કે ન જાણે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "શું ધૂળ જાણે ! જે પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે ? નથી જાણતો. તેમ મોટાનો અભિપ્રાય તો જણાય જ નહિ. એ સિદ્ધાંત વાત છે." **॥૩૭॥**

પછી વળી સ્વામીએ વાત કરી જે, મોરે તો મહારાજનો અનેક પ્રકારનો રાજીપો હતો; અને તે પ્રથમના પ્રકરણમાં ધ્યાન કરવું, ત્યાગ રાખવો, સત્સંગ કરવો, મંદિર કરવાં ને ભણાવવાં ઇત્યાદિક અનેક પ્રકારનો રાજીપો હતોઃ અને આ વર્તમાન કાળે ભગવાનનો શેમાં રાજીપો છે ? તો નટની માયાના (પંચાળાનું સાતમું) વચનામૃતમાં ભગવાનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે, તેવી રીતે **મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો, તેની ઉપર મહારાજ રાજી રાજી રાજી જ છે.** એમ કહીને મસ્તક ઉપર કળાઈ[૧] મૂકીને તકિયા ઉપર ઢળી ગયા ને વળી એમ બોલ્યા જે, બીજું અધિક કાંઈ સમજવાનું નથી, એટલું જ

૧. આંગળાથી કોણી સુધીનો હાથનો ભાગ.

INDEX

સમજવાનું છે જે મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સંત બધાયે અક્ષર છે અને ઓલ્યા મૂળઅક્ષર છે તે પણ આંહી દેહ ધરીને આવ્યા છે. એ બે વાત પ્રથમના વચનામૃતમાં કહી છે ને એ બે વાતને તો નથી સમજ્યો ને તે વિના તો –

પિંગળ પુરાણ શીખ્યો, ગાતાં વાતાં શીખ્યો, શીખ્યો સર્વે સૂરમેં;
એક રામનામ બોલવો ના શીખ્યો, તો શીખ્યો સર્વે ગયો ધૂરમેં.

એ વાત અમદાવાદના સાધુની આગળ કહીને ગાદી ઉપર હાથ નાખ્યો. ॥૩૮॥

સ્વામીએ એમ વાત કરી જે–

આગ લગી ચહુ ઓર અવિદ્યાકિ અતિ ભારી;
અધો ઉર્ધ્વ અરુ મધ્ય દિશોદિશ ભુજા પસારી;
વિષયભોગ વિલાસ, કર્મીકો કર્મ દ્રઢાયો,
કવિ ગુની પંડિત જાન તાહિ લે તહાં ડુબાયો;
તેહી વાકજાળ ડારી વિકટ નરનારી આવૃત કિયે;
જન મુકુંદ મદમચ્છર લગ્યો યું માયા વશ કર લિયે ॥૨૬॥

ત્યારે રૂપશંકરે કહ્યું જે, "મોરે તો હું એમ જાણતો જે અવિદ્યા બીજે ઠેકાણે છે ને હવે તે એમ જણાણું જે અવિદ્યા આંહી જ રહી છે." ત્યારે સ્વામી બોલ્યાઃ જે, અવિદ્યાનું સાસરૂં જ આહીં છે. તે જ્યાં ત્યાં જઈને અવિદ્યાને પોતાનું રૂપ ઉઘાડું કરવું છે. અને અમારે ભગવાનનું ને અમારું રૂપ ઉઘાડું કરવું છે. અને બીજાના મનમાં તો એમ છે જે, જૂનાગઢના મંદિરનું તો સ્વામી નહિ હોય ત્યારે પડી ભાંગશે; પણ મહારાજની ને મોટા સાધુની દૃષ્ટિ છે તો સર્વોપરી કરવું છે. ને વીજળીનો ઝબકારો દેખીને ગધેડીએ પાટું નાખવા માંડી, તેણે કરીને વીજળી આળસવાની છે નહિ; ને પાટું નાખી નાખીને પગ તો ભાંગી જાશે; તેમ અવિદ્યાએ કરીને પોતાના જીવનું ભૂંડુ કરશે ને મહારાજનું ને મોટા સાધુનું કર્તવ્ય હશે તે તો ખોટું નહિ જ થાય. ॥૩૯॥

અને આજ તો સત્સંગમાં ભગવાન પ્રગટ બિરાજે છે. નહિ તો વીશ વીશ વર્ષના સંસાર મૂકીને કેમ ચાલ્યા આવે ? ને કામ-ક્રોધાદિક તો એવા બળિયા છે, જે શિવ બ્રહ્માદિકની પણ લાજ લીધી છે. અને એ કામાદિક જેને વિષે આવે છે તેને ગળી જાય છે. તે આજ તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ[૧] રાખ્યા છે. જે જેમ બ્રહ્માંડથી પર મહાજળ છે તેમાં મોટા મોટા મચ્છ છે. તે બ્રહ્માંડની સમીપે આવે તો આખા બ્રહ્માંડને પણ ગળી જાય એવડા મોટા છે પણ પ્રદ્યુમ્નને ચોકીમાં રાખ્યા છે; તે જો બ્રહ્માંડની સમીપે ગળવા આવે તો માથામાં ગદા મારે તે કરોડું યોજન જાતા રહે. તેમ કામ ક્રોધાદિકને તો મહારાજે ને મોટા સાધુએ ઠોઈ રાખ્યા છે નહિ તો આમાં રહેવાય નહિ. એમ કહીને બોલ્યા જે, આ ગિરનાર છે તેને ઉડાડવાનો મનસૂબો થાય છે ? ત્યારે કહ્યું જે, ના મહારાજ ! પછી સ્વામી બોલ્યા જે, મનમાં ધાર્યું નથી; નહીં તો ઉડાડી મૂકીએ. કેમ જે પૃથ્વીના મનુષ્ય સર્વેને ભેગાં કરીએ ને લુવાર માત્ર માંડે લોઢાં ઘડવા, ને આપણે માંડીએ સુરંગો દઈને ઉડાડવા; તો ચાર પાંચ વર્ષમાં ચૂરેચૂરા કરીને ઉડાડી મૂકીએ. તે કામ ક્રોધાદિક ગમે તેવા બળિયા હોય પણ જો મનમાં ધારીએ તો ઉડાડી મૂકીએ એમાં કાંઈ સંશય નથી. ॥૪૦॥

સ્વામીએ એમ વાત કરી જે, આજ તો પુરુષોત્તમ અક્ષરધામ ને મુક્તે સહિત પધાર્યા છે. તે ભેળા અનંત ધામોના ભગવાન તેના મુક્તે સહિત અહીં પધાર્યા છે. તે શા સારુ તો પોતપોતાની ખોટ કાઢવા, ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા આંહી આવ્યા છે. નહિ તો આવો ભીડો વેઠાય કેમ ? તે મહારાજે કહ્યું જે, "એ અવતારમાં ત્રણ ત્રણ ભીડામાં આવ્યા છે ને આજ તો બધાયને ભીડામાં લેવા છે." એમ કહીને વળી બોલ્યા જે, બીજાના જન્મ છે તે તો પોતપોતાની ખોટ મૂકવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા સારુ છે ને એકાંતિકના જન્મ છે તે તો

૧. દબાવી રાખવા

અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા ને પુરૂષોત્તમનું સ્વરૂપ સમજાવવા સારુ આ પૃથ્વીને વિષે પધારે છે. ને આ વાતો છે તે તો ગોપાળાનંદ સ્વામી, ને મુક્તાનંદ સ્વામી ને સ્વરૂપાનંદ સ્વામી તેના અંગની છે, તે આ સાધારણ જીવમાં નાખી દીધી છે તે પથ્ય પડતી નથી ને ઊલટી થઈ જાય છે. જેમ સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ હોય, તો પેટમાં સોમવલ્લી ઔષધિ રહે છે; ને એવો ન હોય તેના પેટમાં રહેતી નથી; તેમ અક્ષરધામનો મુક્ત હોય તેને આ વાત પથ્ય પડે છે; ને બીજાને તો ઊલટી થઈ જાય છે પણ પથ્ય પડતી નથી. ॥૪૧॥

સ્વામીએ એમ વાત કરી જે, **ભગવાનમાં જોડાવું કાં સાધુમાં જોડાવું.** ત્યારે પૂછ્યું જે, "ભગવાનમાં જોડાણો હોય તે કેમ જણાય ?" ને સાધુમાં જોડાણો હોય તે કેમ જણાય ?" પછી સ્વામી બોલ્યા જે,"ભગવાનમાં જોડાણો હોય તેને ભગવાનના ચિહ્ન ચરિત્ર ને સ્વાભાવિક ચેષ્ટા તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહિ; ને સાધુમાં જોડાણો હોય તેનાથી દર્શન, સેવા ને વાતો તે અહોરાત્રિ કર્યા-સાંભળ્યા વિના રહેવાય નહિ, ત્યારે જાણીએ જે, સાધુમાં જોડાણો છે." અને વળી એમ વાત કરી જે, જેટલો સાધુમાં જીવ બંધાણો છે તેટલો સત્સંગ છે ને જેટલો જીવ બંધાણો નથી તેટલો કુસંગ છે. ત્યારે પૂછ્યું જે, આવી રીતે સાધુમાં જીવ બંધાણો હોય તો પણ તે સત્સંગમાંથી નીકળી કેમ જાય છે ?" પછી સ્વામી બોલ્યા જે, "એવી રીતે સાધુમાં જીવ બંધાણો નથી ને જો બંધાણો હોય તો જાય નહિ. જેમ આ લીમડો[૧] છે તે જે દિવસ અમે મંદિર કરતાં હતા, તે દિવસ બે વેંતનો હતો ને એક મનુષ્ય ઊપાડે એટલું જ બળ હતું ને હવે આજ તો ગામના બધા મનુષ્ય ભેગાં થાય તો પણ ઊપડે નહિ. તેમ ઘણાં દિવસ રહીને જેણે સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચવિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહિ. એમ કહીને બોલ્યા જે :—

---

૧. લીમડો : જુનાગઢ મંદિરમાં ધર્મશાળાના દરવાજા પાસે બહાર હતો.

INDEX

*प्रसंगमजरं पाशमात्मनःकवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्[૧] ॥૨૭॥

એમ જે રહેવાય છે તેને મોક્ષનું દ્વાર ઉઘાડું છે ને એમ ન રહેવાય તો—**''મોક્ષમાર્ગે દીધાં કમાડ કડી જડી બારણે''** ॥૪૨॥

વળી સ્વામીએ એમ વાત કરી જે, ગોપાળાનંદ સ્વામીએ સર્વે સાધુને કહ્યું જે, ''કેવી રીતે ધ્યાન ને માનસી પૂજા કરો છો ?'' ત્યારે સર્વેએ કહ્યું જે, ''જ્યાં મહારાજ બેસતા તે ઠેકાણે ધ્યાન કરીએ છીએ ને જ્યાં બેસીને જમતા તે ઠેકાણે માનસી પૂજામાં જમાડીએ છીએ.''ત્યારે સ્વામીએ કહ્યું જે ''કોઈ એવું ધ્યાન શીખ્યા છો જે ત્રણ દેહને જીતવા ?'' એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે ''ધ્યાન કરવા બેસીએ ત્યારે જીવ જંતુ કરડે તોપણ સ્થૂળ દેહને હલવા દેવું નહિ એટલે સ્થૂળદેહ જીતાણું જાણવું; ને ઘાટ સંકલ્પ બંધ કરીને ધ્યાન કરવું એટલે સૂક્ષ્મ દેહ જીતાણું જાણવું; ને નિદ્રા, આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જીતાણું જાણવું. એવી રીતે ત્રણ દેહને જીતીને ધ્યાન કરવું.'' ત્યારે સિદ્ધાનંદ સ્વામી કહે જે, ''કારણ શરીર તો કાળાં પર્વત જેવું કઠણ છે, તે બહુ દાખડો કરીએ ત્યારે જીતાય, તે જેમ કૂવામાંથી કાળી છીપરને કાપવી હોય તેને ટાંકણું-હથોડો લઈને ખોદીએ ત્યારે સાંજે માંડ ટોપલી ગાળ નીકળે એવું કઠણ છે.'' ત્યારે સ્વામી બોલ્યા જે, અમે તો સુરંગો[૨] દઈએ છીએ તે બસેં બસેં ગાડાં પાણા નીસારે છે ! તે શું તો વાતરૂપી સાંગડીયે[૩] કરીને દાર દઈએ છીએ. ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ; ને ભગવાન ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ તેણે કરીને કારણ શરીરરૂપ

૧. **અર્થ** : કપિલદેવજી માતા દેવહુતિને કહે છે, ''જેવો અકાટ્ય સંબંધ-આસક્તિરૂપ પાશ-દેહના સંબંધીમાં છે એવો જ જો ધર્મ-ભક્તિ-જ્ઞાન ને વૈરાગ્યે યુક્ત એકાંતિક સત્પુરુષમાં થાય તો મોક્ષનાં દ્વાર ખુલ્લા જ છે. ભા. ૩।૨૫।૨૦.

૨. ખાણ કે કૂવા ખોદવા તેમાં વીંધ કરીને દારૂ ભરીને ફોડવુ તે.

૩. પથ્થર ખોદવા તેમજ જમીનમાં ''બોર'' કરવા વપરાતું લોખંડનું ધારદાર પાનાવાળું હથિયાર.

INDEX

જે અજ્ઞાન તે રૂપી જે કાળો પર્વત તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ તે કાંઈ કઠણ નથી.'' ॥૪૩॥

સ્વામીએ એમ વાત કરી જે,સતયુગમાં મનુષ્યને લાખ વર્ષની આવરદા ને હજાર વર્ષનો ખાટલો ને સો વર્ષ સુધી ડચકાં ખાય ત્યારે જીવ જાય; ને આજ તો આ જ્ઞાને કરીને ત્રીજે ડચકે અક્ષરધામમાં જવાય છે એવું સુગમ કરી નાખ્યું છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, મેડી, હવેલી, રાજસમૃદ્ધિ, ને રાજ્યલક્ષ્મીને વિષે માલ મનાય છે ને સુખ મનાય છે. જેમ છોકરાં ધૂળની ઘોલકીઓ[૧] કરે છે, ને ઠીકરાની[૨] ગાયો કરે છે ને ચેયાનાં[૩] ને કાચલીઓના ઘોડા કરે છે ને સુખ માને છે; તેમ એ પણ સુખ માને છે; પણ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય. જેમ ભાલ દેશમાં બ્રાહ્મણ ચાલ્યો જતો હતો, તેને સામો રબારી મળ્યો તેણે પૂછ્યું જે, ''મહારાજ રાજી કેમ થયા છો ?'' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, ''રાજી ન થઈએ ? દશ ગાઉ ચાલ્યા આવ્યા છીએ ને જળ પાસે આવ્યું છે; નાશું, ધોશું ને ટીમણ કરશું.'' ત્યારે તે રબારી બોલ્યો જે, ''હૈયું ફોડમાં, જોડા પહેરીને ચાલ્યો આવું છું, એ પાણી તો ઝાંઝવાનાં બળે છે !'' ત્યારે તે બ્રાહ્મણના મનસૂબા સર્વે ખોટા થઈ ગયા. તેમ જ્યારે જ્ઞાન થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય અને જે મૃગલાં જેવા જીવ છે તે તો વિષયને સાચા માનીને દોડ્યા કરે છે. જેમ ઝાંઝવાના જળને દેખીને મૃગલાં દોડે છે તેમ. અને મનુષ્ય છે તે દેખે છે, પણ ખોટાં જાણે છે. અને સૂર્યના રથમાં બેઠા છે તેની દૃષ્ટિમાં તો ઝાંઝવાના પાણી નથી. તેમ **જે જ્ઞાની છે તેની દૃષ્ટિમાં તો પ્રકૃતિનું કાર્ય કાંઈ આવતું નથી.** ॥૪૪॥

---

૧. નાના બાળકો રમવા માટે ધૂળની પાળ કરીને ઘર બનાવે છે તે.

૨. માટીના તૂટેલા વાસણના ટુકડાની.

૩. નીચાણવાળી જમીનમાં સતત પાણી ભરાઈ રહેવાથી, જેને માથે મોરની કલગી જેવું ઝુમખું હોય છે તેવું ઘાસ વિશેષ (મોથ)

સ્વામીએ વાત કરી જે, સત્સંગ ક્યારે થાય ? તો જ્યારે બદરિકાશ્રમ જેવું ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય; ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સ્વરૂપાનંદસ્વામી ને કૃપાનંદસ્વામી એવા મોટા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય ત્યાં સુધી જ્ઞાન ગોષ્ટિ કરીએ ત્યારે સત્સંગ થાય; પણ તે વિના ખરેખરો સત્સંગ થાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે, ક્યા ગુરુ કર્યા છે ? ને ગુરુ કર્યા હોય તેના તો ગુણ આવ્યા જોઈએ ને ?

सर्वोपनिषदो गावो, दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधिर्भोक्ता दुग्धं गीतामृतं महत्[1] ॥२८॥

એમ કોઈએ કર્યું છે ? જેમ ભગવાને ગીતાની ગાય કરીને અર્જુનને વાછડો કરીને દૂધ પાયું. એમ કોઈને ધાવ્યા છો ? અને જેને સામા ધવરાવ્યા હોય તે તો ગુડિયું વાળે નહિ. ને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડિયું વાળે છે[2] ત્યાં સુધી ગુરુ કર્યા નથી; અને ગુરુ કર્યા હોય તે તો ગુડિયું વાળે નહિ. **॥૪૫॥**

સ્વામીએ એમ વાત કરી જે વરતાલમાં ચાર પાટીદારે શ્રીજી મહારાજ સામું જોઈને કહ્યું જે, "હે મહારાજ ! તમારા ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને તમારા શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો." ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, "વૈરાટ બ્રહ્મા છે તેણે તેના પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી, ત્યારે આ બે ચરણારવિંદ પૃથ્વી ઉપર આવ્યા છે, પછી તમારે તો સૂઝે એમ સમજાય."પછી વળી પૂછ્યું જે,'ઘણે ઠેકાણે સભા દીઠી છે પણ આમ એક નજરે તમ સામું

---

૧. અર્થ :- સર્વ ઉપનિષદ્રૂપી ગાયો છે, સ્વયં ગોપાલનંદન શ્રીકૃષ્ણ દોહનારા છે, અર્જુનરૂપી વાછડો છે અને ગીતામૃત રૂપી દૂધ છે અને સદ્સદ્ વિવેકયુક્ત પંડિત-બુદ્ધિમાન પુરુષો તેના ભોક્તા છે.

૨. પાછા પડે.

જોઈ રહ્યા છે તે કેમ સમજવું?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,''હું સદ્ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું ને આ સર્વ કમળ ખીલ્યાં છે; તે મારા સામું જોઈ રહ્યા છે.'પછી તે સત્સંગ કરીને પોતાને ઘેર ગયા એમ મુમુક્ષુનાં લક્ષણ છે.॥૪૬॥

અને વરતાલે એક બાવે આવીને કહ્યું જે,''હે મહારાજ ! તમે તો બહુ ભૂંડું કર્યું. ત્યારે મહારાજે કહ્યું જે, ''શું ભૂંડું કર્યું ?'' ત્યારે તે બોલ્યો જે, 'બાઈ-ભાઈની સભા કોઈએ નોખી નહોતી કરી તે તમે કરી; એ બહુ ભૂંડું કર્યું. ત્યારે મહારાજ બોલ્યા જે, ''હું અનિર્દેશથી[૧] આવ્યો છું; કહેતાં હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું; ને સુગાળવો[૨] છું તે મારી સૂગ ચડી ગઈ છે; નીકર તો કાંઈ નોખા રહે એવા નથી.'' તે મહારાજની સૂગ છે ત્યાં સુધી નોખા રહેવાય છે, નીકર તો ભેગાં થઈ જાશે. ને વળી કોઈકે પૂછ્યું જે, ''પુરુષનું મન ક્યાં રહેતું હશે ? પછી મહારાજ બોલ્યા જે, ''આજ જ અમે વિચાર કર્યો છે જે, પુરુષનું મન સ્ત્રીના ગુહ્ય અંગમાં રહે છે ને સ્ત્રીનું મન તે પુરૂષના ગુહ્ય અંગમાં રહે છે.'' એમ સર્વેના અંતર કહી દીધાં.॥૪૭॥

સ્વામીએ વાત કરી જે, લાખ મણ લોઢાની લોઢી ધગી હોય, તેના ઉપર એક બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દશ પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે તેને એક-બે દિવસ રહીને જાણે જે ટાઢો કરી જાઉં એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દશ-પંદર દિવસ સુધી તો ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહી પેસે, પછી ટાઢું થાય છે. અને સાધુ પાસે કોણ આવે છે ? ને જે સાધુ પાસે આવે છે તેને તો કોઈ વાતની કસર રહે જ નહિ. એમ કહીને બોલ્યા જે :

---

૧. નિર્દેશ રહિત. જેનું માપ ન લઈ શકાય તેવું અસીમ. વ્યાપક.

૨. સૂગ રાખનાર.

તીન તાપકી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે,
તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે;
કહી કહી સુંદર બેન રેન, અગ્યાન નિકાસે,
પ્રગટ હોત પહિચાન, ગ્યાન ઉર ભાનુ પ્રકાસે;
વૈરાગ ત્યાગ રાજત વિમલ, ભવ દુઃખ કાટત જંતકો,
કહે બ્રહ્મ મુનિ યહ જગતમેં, સંગ અનુપમ સંતકો ॥૨૯॥

એવો સત્સંગ મળ્યો છે પણ સમાગમ વિના કોઈને ગમ પડતી નથી. ને જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું, તે ઉપર બ્રહ્માનંદ સ્વામીનો સવૈયો બોલ્યા :

રાજ ભયો કહા કાજ સર્યો, મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા બાત બઢી, પતહાસ ભયો કહા આન ફિરાઈ;
દેવ ભયે તોઉ કાહ ભયો, અહમેવ બઢ્યો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સત્સંગ બિના સબ, ઓર ભયો તો કહા ભયો ભાઈ,

એમ સત્પુરુષનો સંગ નથી કર્યો ત્યાં સુધી કાંઈ કર્યું નથી. ॥૪૮॥

સ્વામીએ સર્વે ધામોના મુક્ત સાથે પ્રશ્ન-ઉત્તર કર્યા તે મુક્ત જીત્યા નહિ. તે વાત પોતે કરી જે, પ્રથમ તો જાણીએ હું બદરિકાશ્રમમાં ગયો; તે બદરિકાશ્રમમાં મુક્ત મને પ્રશ્ન-ઉત્તરમાં જીત્યાં નહિ. પછી જાણીએ જે હું શ્વેતદ્વીપમાં ગયો; ત્યારે તે શ્વેતદ્વીપના મુક્ત પણ જીત્યા નહિ. પછી જાણીએ જે હું વૈકુંઠમાં ગયો ત્યારે તે વૈકુંઠના મુક્ત પણ જીત્યા નહિ. પછી જાણીએ જે હું ગોલોકમાં ગયો; ત્યારે તે ગોલોકના મુક્ત પણ જીત્યા નહિ. પછી જાણીએ જે હું અક્ષરધામમાં ગયો, ત્યારે તે મુક્ત સાથે મારે બરોબર પ્રશ્ન-ઉત્તરમાં ઠીક પડ્યું. પછી ગોપાળાનંદ સ્વામીને કહ્યું જે, આજ તો આમ થયું. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, "મહારાજે એમ જણાવ્યું જે, બીજાં ધામોના મુક્તનું જ્ઞાન આવું છે !" માટે ભગવાનના સ્વરૂપ સંબંધી જ્ઞાન તો અક્ષરધામના મુક્તમાં છે, કે આંહી સાધુમાં છે; પણ બીજે નથી. ને બીજે તો બીજું જ્ઞાન છે. ॥૪૯॥

INDEX

સ્વામીએ વાત કરીઃ જે, બીજે ક્યાંય જીવ અટકતો નથી ને મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં અટકે છે. જેમ ગુજરાતના ઘોડાં છે તે લાંબા બહુ ને કાંઠાળા[૧] બહુ, પણ જ્યારે ધોરિયો દેખે ત્યારે અટકે છે; તે કાપી નાંખે તોય ડગ દે નહિ; ને સામું ખાસડું[૨] ઉગામ્યું હોય તો ક્યાંય ને ક્યાંય ભાગી જાય ! ને અલૈયા ખાચરના ઘોડાને ચડાઉ કરવા હોય, તેને બસે છોકરાં ગોટા વાળીને ઊભા હોય તેમાં વચોવચ નાખીને ચડાઉ કર્યા હોય. તે ક્યાંય અટકે નહિ. જેમ સામત[૩] પતંગ પાંચસે બખતરિયા ઊભા હતા તેમાંથી મોટેરાના દીકરાને મારીને આવતા રહ્યા. એવી રીતના જે હોય તે ક્યાંય અટકે નહિ તે ઉપર છંદ બોલ્યા જે :

તુરી વેગવંતા જરીસા જઠાણં, દિયતાં ઉડાણં જેહિ મૃગડાણં;
સચે વાગરાગં નટાંજયું નચેરી, દિનં એક હોસે સબે ખાખ ઢેરી.[૪]

એવી રીતના જે હોય તે ક્યાંય અટકે નહિ. ॥૫૦॥

સ્વામીએ વાત કરી જે, ગમે તેવો પાણીનો તરિયો હોય તેને પણ ભમરી બુડાડી દે છે તે નીસરાય નહિ. ને વળી બીજું દૃષ્ટાંત જે તીરે કરીને લવિંગ વીંધે તેવો આંટુકદાર[૫] હોય તે તીરને પણ વાયુ ફગાવી દે છે, તેમ ગમે તેવો સાંખ્યવાળો કે યોગવાળો હોય તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે તે નીસરાય નહિ. તેમ જ ગમે તેવો અંતરદૃષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે તે ફગાવી નાખે છે પણ અંતરદૃષ્ટિ થાવા દે નહિ. તે ઉપર શ્લોક બોલ્યા જે :—

---

૧. ઊંચા અને મજબૂત બાંધાવાળા, કદાવર.
૨. જોડો.
૩. ઝીંઝાવદરવાળા અલૈયા ખાચરના પિતા.
૪. **અર્થ** :- કોઈની પાસે આંખના ઈશારામાત્રથી હરણની જેમ આકાશમાં ઊડતા, સાચી જરી ભરેલા શણગારયુક્ત ઘોડા હોય; જે આંખના ઈશારામાત્રથી નટની જેમ નાચતા હોય છતાં એ એક દિવસ રાખનો ઢગલો થઈ જાય છે.
૫. નિશાનબાજ.

संगं न कुर्यात्प्रमदासु जातु योगस्य पार परमास्तुक्षुः ।
मत्सेवया प्रतिलब्धात्मलाभो वदंति या निरयद्वारमस्य[૧] ॥૩૨॥

એવા એવા ઘણા શ્લોકો બોલીને કહ્યું જે, કેની બુદ્ધિ ભેદાતી નથી? તો ત્યાં કહું છું જે :—

कामादिभिर्विहीना ये सात्त्वताः क्षीणवासनाः ।
तेषां तु बुद्धिभेदाय क्वापि कालो न शक्नुते[૨] ॥૩૩॥

એ શ્લોક બોલીને કહ્યું જે, જેણે સાત્ત્વિક સેવ્યા હોય ને જે કામાદિક દોષે રહિત થયા હોય ને વાસના કુંઠિત થઈ ગઈ હોય તેની બુદ્ધિ ભેદાતી નથી; ને બીજાની તો ભેદાઈ જાય છે, તેમાં સંશય નથી. **॥૫૧॥**

અને વિષય તો બાંધે એવા છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી જણાય નહિ; કેમજે કેવા વૈરાગ્યવાન તેને પણ બાંધ્યા ! તેનાં નામ : ગોવિંદ સ્વામી તથા પરમહંસાનંદ સ્વામી તથા મહાપ્રભુ નામે સાધુ એ આદિક ઘણા ઘણાને બાંધ્યા. તેની વિક્તિ જે ગોવિંદ સ્વામીને કેવો વૈરાગ્ય ! તે સંસારનો ત્યાગ કરીને ચાલ્યા ને રસ્તામાં એક રાજાની બાની(દાસી) દશ હજાર રૂપિયાનું સોનું લઈને બેઠેલ. તે ગોવિંદ સ્વામીનું રૂપ જોઈને કહે જે, "આ સોનું ને હું તમારી છું" ત્યારે સ્વામીને વિચાર થયો જે, "પ્રભુ ભજવા નીસરે છે તેને આડી સિદ્ધિઓ આવે છે, તે મારે સિદ્ધિ આવી." પછી તો પોતાનું લૂગડું મૂકીને કહ્યું જે, "બસ, ખત્રે જઈ આવું.[૩]" એમ કહીને ચાલ્યા ગયા. એવા વૈરાગ્યવાન; તે પણ ગંગામાનાં દાળભાત ને રોટલીઓમાં બંધાણા ! તેને મહારાજે ત્રણ રાત ને ત્રણ દિવસ સુધી[૪]

૧. યોગના અત્યંત પારને પામવા અને મારી સેવાથી જ લાભ મેળવવા ઈચ્છતા પુરુષે સ્ત્રીઓનો કદી પ્રસંગ રાખવો નહિ; કારણ કે, તે તેને માટે નરકનું દ્વાર કહેવાયેલું છે.

૨. જેઓ કામાદિ દોષથી રહિત, સત્વગુણમય અને વાસના રહિત હોય છે તેઓની બુદ્ધિને ભેદવા માટે કદી પણ કાળ સમર્થ થઈ શકતો નથી.

૩. હાજતે જવું, શૌચ કરવા જવું.

૪. મઢડાથી ગઢડા જતા રસ્તામાં.

ગામ જ આવવા દીધું નહિ. ત્યારે હાથ જોડી કહ્યું જે ''હે મહારાજ ! કેમ કરવું છે ?'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''રીંગણા ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુરમાં જઈ ભિક્ષા માગો. પછી કોઈ કહેશે જે, 'ગોવિંદ સ્વામી કાંઈ જોઈશે' ત્યારે કહેવું જે, 'હાઉ ! કોઈ કહેશે,અરે ! ગોવિંદ સ્વામી, ગાંડા થયા ?' ત્યારે કહેવું જે, 'હાઉ'. એમ કરીને સ્વભાવ મુકાવ્યા. ને પરમહંસાનંદ સ્વામીએ તો ગાયોમાં બે વર્ષ આસન કર્યું તે પાછું સાધુમાં આસન થયું નહિ. ને ત્રણ વૃત્તિ તો પોતે સારસ્વત[૧] ભણ્યા હતા ને ખોજાના ગુરુ કહેવાતા તેને પણ એમ થયું. ને એક સાધુ મહાપ્રભુ નામે હતો, તે ઝોળીમાં બંધાણો. તેને મહારાજે કહ્યું જે, ''હવે નરનારાયણની ઝોળી રહેવા દિયો ને લક્ષ્મીનારાયણની ઝોળી માગો.'' પછી વરતાલ આવીને બે, ત્રણ દિવસ રહીને જાતો રહ્યો. એમ જીવ બંધાય છે. **॥૫૨॥**

સ્વામીએ વાત કરી : જે, હમણાં મુમુક્ષુએ દેહ ધર્યા છે, તે મહારાજને આવવું પડે તે સારુ આવરદા વિના મહારાજે મને રાખ્યો છે. તે અમારે પણ મહારાજનું સુખ એ મુમુક્ષુને દેવું પડે છે. ને આવરદા તો અઠાવન વર્ષથી વધુ નથી, એમ જન્મોત્રીમાં લખ્યું હતું ને તે વિના દેહ રહ્યું છે; તે તો આ સોરઠ દેશના હરિજન ઉપર મહારાજને બહુ હેત તેને પોતાનું સુખ દેવા સારુ મહારાજે મને રાખ્યો છે. તે શા સારૂ ? તો પોતાનું સુખ દેવાણું નહિ, તેને પોતાનું સુખ દેવા સારુ પોતાનું સર્વસ્વ હતું તે સાધુ સત્સંગીને અર્થે કૃષ્ણાર્પણ કરી રાખ્યું છે. તે મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે :—

ઐસે મેરે જન એકાંતિક, તેહિ સમ ઔર ન કોઈ; ।
મુક્તાનંદ કહત યું મોહન, મેરો સર્વસ્વ સોઈ ॥૩૪॥

એવા સાધુ મળ્યા છે ત્યારે શી વાતની કમી રહી ? તે ઉપર સવૈયો બોલ્યા જે—

---

૧. સંસ્કૃત વ્યાકરણગ્રંથના ત્રણ પ્રકરણ.

સાચે સંત મીલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકુંજી;
પરાપર સોઈ પરિબ્રહ્મ હે, તામેં ઠેરાવે જીવકે ચિતકુંજી;
દૃઢ આસન સાધ કે ધ્યાન ધરે, કરે ગ્યાન હરિગુન ગીતકુંજી,
બ્રહ્માનંદ કહે દાતા રામ, હું કે પ્રભુ સાથ બઢાવ પ્રીતકુંજી ॥૩૫॥

ભગવાન એવા સાધુમાં રહીને પોતાનું દર્શન દે છે, વાતો કરે છે, મળે છે, ને દૃષ્ટિ માંડીને જુએ છે. એ રીતે અનેક પ્રકારે સુખ આપે છે. એવી રીતે વાતો કરીને સુખિયા કરી નાખ્યા. ॥૫૩॥

સ્વામીએ વાત કરી જે, જુઓને એક પુરુષ ઊગ્યો. તે પચાસ કરોડ યોજનમાં અંધારું ન રહ્યું. તે જેમ સૂર્યના કિરણે કરીને રાત્રીનો નાશ થાય છે, તેમ સત્પુરુષની દૃષ્ટિ વડે કરીને તો કોઈ દેશમાં અજ્ઞાન રહે જ નહિ. અને તે સત્પુરુષ વિના તો જેમ :—

સોળ કળા શશી ઊગહી, તારાગણ સમુદાય;
સબ ગિરિ દાહ લગાઈએ, રવિ બિન રૈન ન જાય ॥૩૬॥

તેમ આવા સાધુ વિના અજ્ઞાન જાય નહિ અને અજ્ઞાન ગયા વિના સુખ પણ થાય નહિ. અરે ! અમારે તો ઘણુંયે જ્ઞાન દઈને બ્રહ્મરૂપ કરવા છે, પણ શું કરીએ ? જીવને ખપ નહિ ને વળી કારખાને ગળે ઝાલ્યા ! તે જ્ઞાન કહેવા નવરા થાતા નથી. કેમ જે, જેમ જબરા ખેડુને વેર અપરવારે ગયું,[1] તે નવરાં થાય નહિ ને વેર વળવા જાય નહિ. તેમ અમારું જ્ઞાન અપરવારે ગયું. પણ હવે સાધુ સત્સંગીને મારી પાસે રાખીને વાતો જ કરવી છે; જેણે કરીને બ્રહ્મરૂપ થઈ જાય. એમ કહીને બોલ્યા જે, વાતો સાંભળી લેજો; પછી આવો યોગ મળવો બહુ દુર્લભ છે; માટે સમાગમ તો કરી લેજો. એમ કહીને કહ્યું જે :—

ચેતનવાલા ચેતજો, કહત હું હાથ બજાય

---

૧. મોટા ખેડૂતને ખેતી કામને લીધે વર વાળવાનો સમય ન મળે, તેથી બીજે દિવસે વેર વાળવા વિચારે તેને "અપરવારે ગયું." એમ કહેવાય.

INDEX

અમે તો તાળી વજાડીને કહીએ છીએ, પછી વળી કહેશો જે કહ્યું નહિ. ॥૫૪॥

"બીજા અવતારે વર્તમાન પળાવ્યા નથી; ને કલ્યાણ તો કર્યા છે ને આજ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે ?" પછી સ્વામી બોલ્યા જે, "બીજાએ કલ્યાણ તો કર્યા છે; પણ કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યાં નથી. ને જો કારણ શરીરના ભાવને ટાળીને કલ્યાણ કર્યા હોય તો ગોલોક ને વૈકુંઠ લોકમાં કજીયા શા સારુ થાય ? માટે ગોલોકમાં રાધિકાજીએ શ્રીદામા સાથે વઢવેડ કરી[1], ને વૈકુંઠ લોકમાં જય-વિજયે સનકાદિક સાથે વઢવેડ કરી છે; તે એમ જાણવું જે ત્યાં કારણ શરીર નહિ ટળ્યું હોય. ને મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે, ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને કારણ શરીરનો નાશ થઈ જાય છે." તે ઉપર કારિયાણીનું બારમું વચનામૃત વંચાવીને કહ્યું જે આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યા છે; તે સારુ વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે; એ હેતુ છે. ॥૫૫॥

વળી સ્વામીએ વાત કરી જે, એક દિવસ મહારાજે મને કહ્યું જે, "મંડળ બાંધો" ત્યારે હું કાંઈ બોલ્યો નહિ. પછી સામું જોઈને કહ્યું જે, "સાધુ તો પાંચ રાખીએ, જેથી જીવનું કલ્યાણ થાય." એમ કહીને કહેવા માંડ્યા જે, "સાધુ તો દશ રાખીએ, વીશ રાખીએ, પચાસ રાખીએ, સો રાખીએ, ને સાધુ તો બસે પણ રાખીએ." પછી તો હું બોલ્યો નહિ, પણ અંતે એમ કર્યું; એ વાતની દીર્ઘદર્શીને ખબર પડે, આપણે તો કાંઈ જાણીએ નહિ. અરે ! એક દિવસ મહારાજે મને પૂર્વાશ્રમમાં હતો, ત્યાં આવીને કહ્યું જે, "શું કરો છો ? ને શું કરવા આવ્યા છીએ ? ને બ્રહ્મતેજ તો સુકાઈ ગયું છે !" એમ કહીને દેખાણા નહિ. તે દિવસથી જીવોના કલ્યાણ થાય

---

૧. ઝઘડો કરવો.

તેમ જ કરીએ છીએ. અને એક દિવસ મહારાજને ચાર પ્રશ્ન પૂછાવ્યા : તેમાં એક તો ધ્યાન કરવું, બીજું આત્માપણે વર્તવું, ત્રીજું માંદાની સેવા કરવી ને ચોથું ભગવાનની વાતો કરવી, એ ચારેમાં અધિક કોણ છે તે કહો ? પછી મહારાજે કહ્યું જે, "વાતો જ અધિક છે." તે દિવસથી મેં વાતો કરવા માંડી છે, તે રાત દહાડો સોપો જ પડતો નથી.[૧] જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે.**॥૫૬॥**

સ્વામીએ વાત કરી જે, કૃપાનંદ સ્વામીનો એમ મત જે, ગળામાં ઊની કોશ ઘાલે એટલી પીડા થાય, તો પણ ભગવાનની આજ્ઞા લોપવી નહિ. ને વળી કૃપાનંદ સ્વામી એમ કહેતા જે, "સ્વપ્નનો ઉપવાસ તો પડે નહિ, ને જો પડે તો દેહ પડી જાય" એવો પોતાનો ઠરાવ. ને વિષયની બીક તો કેવી રહે ? જે અલ્પ વચનમાં ફેર પડે તો મહત વચનમાં ફેર પડ્યો હોય એટલી બીક લાગે. તે મેં એક દિવસ નજરે દીઠું છે. એવા કૃપાનંદ સ્વામી તે તો ગંગાજીના જળ જેવા છે. તે જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં ચાલ્યો જાય છે તે કોઈનો હઠાવ્યો પાછો હઠે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ. તે એક દિવસ કૃપાનંદ સ્વામીની સમાધિ જોઈને સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું જે, "અમારે કૃપાનંદ સ્વામીના જેવું હેત નહિ." ને એવા હેતવાળા તે તો ગંગા જેવા, ને ગોપાળાનંદ સ્વામી તે તો દરિયા જેવા. તે તો અનંત જીવને સુખિયા કરી નાખે તેવા હતા. એમ કહીને બોલ્યા જે, જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા તેવા તો જણાણા જ નહિ ! ને આજ સાધુ હશે તેને પણ જાણતા નથી તેને બહુ ખોટ જાશે. કેમ જે એવા મોટા વિના મહારાજનો સિદ્ધાંત કોણ કહેશે ? ને બીજા તો પોતાની સમજણ પ્રમાણે સમજાવશે; પણ જેમ છે તેમ સમજાવતાં આવડશે નહિ; એ સિદ્ધાંત વાત છે. **॥૫૭॥**

---

૧. નિરંતર ચાલુ રહેવું.

પછી સ્વામીએ વાત કરી જે :

અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા, સુરનર મુનિમહીં નહિ સુખ લેશા॥

એમ કહીને બોલ્યા જે એવા અધર્મસર્ગનો શેણે કરીને પ્રવેશ થાય છે ? તો જ્યારે એકબીજાના મન નોખા પડે છે ત્યારે પ્રવેશ થાય છે. ને એકબીજામાં સંપ હોય તો અધર્મસર્ગ પેસવા આવે નહિ. તે ઉપર મહારાજની કહેલી વાત કરી જે એક રાજાએ તીરનો ભાથો મંગાવ્યો ને કહ્યું જે, "બળિયામાં બળિયો હોય તે આ તીરના ભાથાને ભાંગી નાખો." ત્યારે બળિયામાં બળિયો હતો તેથી પણ તીરનો ભાથો ભંગાણો નહિ. પછી ભાથામાંથી એક તીર કાઢીને એક ફોશીમાં ફોશી[૧] હતો તેને કહ્યું જે, "ભાંગી નાખ ત્યારે તેણે તરત ભાંગી નાખ્યો. પછી એ રાજાએ મોટા મોટા ઉમરાવને કહ્યું જે, "જો તમે આ તીરના ભાથાની પેઠે જૂથ રાખશો, તો ગમે તેવો શત્રુ હશે તોયે તમારો પરાભવ નહિ કરી શકે ને રાજ આબાદ[૨] રહેશે." એ દૃષ્ટાંત દઈને બોલ્યા જે, આ તમે સર્વે સાધુ, પાળા, બ્રહ્મચારી આમ ને આમ સંપ રાખશો, તો ગમે તેવો તમારે અંતરશત્રુનો વધારો હશે, તે પણ પરાભવ નહિ કરી શકે; ને આમ નહિ રહો તો અલ્પ જેવો દોષ હશે તે પણ સત્સંગમાંથી બહાર કાઢી નાખશે. એમ કહીને બોલ્યા જે, જુઓને કેટલાકને તો જોડ જ નથી; ને કોઈક તો પાકલ ગૂમડાં[૩] જેવા, તે કહેવાય તો નહિ ! માટે દશ મંડળમાં જેમ જેને મળતું આવે તેમ તમે સર્વે રહેજો. એટલી વાત કરી. પછી 'વાસુદેવ હરે' થયા તે જમવા પધાર્યા. ॥૫૮॥

સ્વામીએ એક દિવસ બાવળીયા સામું જોઈને કહ્યું જે, 'જેમ રેતીએ કરીને આ બાવળિયો સોરાઈ ગયો છે, પણ તે લાખ યોજનાનો સમુદ્ર

૧. કાયર.
૨. સલામત,સમૃદ્ધ.
૩. પંપાળીને રાખવા પડે તેવા.

ભર્યો છે તેના જળે કરીને લીલોપલ્લવ થાતો નથી; કેમ જે રેતીએ કરીને સોરાઈ[૧] ગયો છે. તેમ જ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ તેમાં રહીને જ્ઞાન વિના લીલો પલ્લવ થાતો નથી. ને લોક, ભોગ ને આ દેહ; તેણે કરીને તો જીવ સોરાઈ ગયો છે એમ પ્રત્યક્ષ દેખાય છે. તેમજ રૂડા ગુણ છે તે પણ ત્રણ પ્રકારના કુસંગે કરીને તો નાશ થઈ જાય છે; પણ જીવ ત્રપંખડો[૨] મૂકે નહિ ત્યાં સુધી સુખિયો પણ થાય નહિ. એમ કહીને વળી બોલ્યા જે આ જીવ તો મેવાસી[૩] થઈ બેઠો છે; પણ ભગવાનની ને મોટા સાધુની તો ગરજ રાખતો નથી. ને પોતાના જીવની તો પોતાને ખબર જ નથી. અને જેમ **'મેમણ ચડ્યો પોઠીએ, હાથમાં લીધી લાકડી ને કહે જે કેકેં હણાં ને કેકેં ન હણાં'**[૪] એમ બકે છે ! પણ પોતાનું તળ તપાસતો નથી જે મારીશ કેને ? એમ કહીને બોલ્યા જે :—

મોટા થાવાનું મનમાં રે દિલમાં ઘણો ડોડ,
તેવા ગુણ નથી તનમાં રે કાં કરે તું કોડ ? ॥૩૮॥

એમ જીવ કોડ તો બહુ કરે છે, પણ મહિનો દિવસ હાથધોણું[૫] ચાલે તો ખબર પડે. પણ આજ ઓશિયાળા કરે છે એવી રીતે વાત બહુ કરી. **॥૫૯॥**

---

૧. છોલાઈ જવું.

૨. હોલાનો માળો. હોલો કેરડાની ડાળે માળો કરે છે તેમાં ઉનાળે તાપ અને ચોમાસામાં વરસાદ પડે છે છતાં તેને છોડતો; નથી તેમ જીવ દેહ અને દેહ સંબંધી પદાર્થને છોડી શકતો નથી એવો ભાવાર્થ છે.

૩. ચોર.

૪. જૂના સમયમાં પોઠિયા પર માલ-સામાનની હેરા-ફેરી થતી. ફેરિયાનું કામ કરતો એક મુસલમાન (મેમણ) એક દિવસ પોઠિયા પર બેઠો. તેને કેફ ચડી ગયો, ભૂલી ગયો કે હું પોઠિયા પર બેઠો છું અને ઘોડા પર સવારી કરીને યુદ્ધે નીકળ્યો હોય તેમ હાથમાં લાકડી લઈને બકવાસ કરવા લાગ્યો.

૫. ઝાડા.

INDEX

સ્વામીએ વાત કરી જે, જીવ સામું જોઈએ તો મુમુક્ષુતા તો જાણીએ છે જ નહિ. કેમજે, જે મુમુક્ષુ હોય તેને તો ભગવાન કે ભગવાનના સાધુ તે વિના સુખ કે શાંતિ થાય જ નહિ. જેમ સમુદ્રમાં છીપ રહે છે, પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી. તે તો જ્યારે સ્વાતિના બુંદ[૧] પડે છે, ત્યારે ઠેકીને તેનું ગ્રહણ કરે છે, તે મોતી લાખ રૂપિયાનું થાય છે; ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરે છે તે તો અધલાખનું થાય છે; ને જે પડ્યું પડ્યું ગ્રહણ કરે છે તે તો ફટકિયું થાય છે. તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ વચને સમાગમ કરે છે, તો તે બ્રહ્મરૂપ થાય છે એમ કહીને બોલ્યા જે –

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति[૨] ॥૪૦॥

અને જેને એવી શ્રદ્ધા ન હોય તેને તો :

प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्[૩] ॥૪૧॥

એમ પણ કહ્યું છે. માટે સત્પુરુષનો સંગ તો મન, કર્મ વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે મન, કર્મ વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, કર્મ જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું; ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા; ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ, ત્યારે એમ જાણવું જે મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે. એટલી જ વાત કરીને બોલ્યા જે :–

---

૧. સ્વાતિ નક્ષત્રમાં પડતાં વરસાદનાં ટીપા.

૨. જ્ઞાન મેળવવા આતુર, ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર, શ્રદ્ધાવાન પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અને તે જ્ઞાન મેળવી થોડા જ વખતમાં શાંતિને પામે છે. ભ. ગી. ૪-૩૯

૩. યોગ સિદ્ધ કરવા પ્રયત્ન કરતો યોગી પાપ રહિત થઈ અનેક જન્મો સુધી યોગ સાધના કરીને યોગ સિદ્ધ કર્યા પછી આત્યંતિક મુક્તિને પામે છે. ભ. ગી. ૬-૪૫

INDEX

સંત સમાગમ કીજે હો નિશદિન સંતસમાગમ કીજે

એ ગોડી બોલ્યા ત્યાં આરતી થઈ તે દર્શને પધાર્યા. **॥૬૦॥**

સ્વામીએ વાત કરી જે, જેમ જેમ જ્ઞાન થાતું જાય, તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. તે ઉપર દૃષ્ટાંત દીધું જે એક રબારી ચાલ્યો જતો હતો, ત્યાં હીરો હાથ આવ્યો તે ભેંશની કોટે[૧] બાંધ્યો. પછી તે ભેંશને કોઈકે લઈને એ હીરો બસે રૂપિયામાં દીધો; ને બસેવાળે હજારમાં દીધો, ને હજારવાળે દશ હજારમાં દીધો. એમ ને એમ ચડતા લાખ રૂપિયામાં દીધો. પછી તે લાખ રૂપિયાવાળે કોઈક શાહુકાર હતો તેની પાસે જઈને કહ્યું જે, "આ હીરો તમારે રાખવો છે ?" ત્યારે શાહુકાર હીરો જોઈને બોલ્યો જે, "સો મોટલિયા[૨] કરીને દિ' ઊગ્યાથી તે આથમ્યા સુધી દ્રવ્ય લઈ જાઓ એટલું તમારું." ત્યારે ગામમાં હાહાકાર બોલ્યો ! જે શાહુકારે ખજાનો લૂંટાવી દીધો. પછી તે શાહુકારને બાપે આવીને પૂછ્યું જે શું જણંશ[૩] લીધી ?" ત્યારે તેણે કહ્યું જે, 'આ હીરો લીધો છે." ત્યારે તેણે જોઈને કહ્યું જે, 'તેં તો મફત પડાવી લીધો ! એક દિવસની કમાણી પણ દીધી નહિ.' ત્યારે તો એ સર્વે કરતા એ શાહુકારને એ હીરાનું જ્ઞાન બહુ કહેવાય. તેમ જ ભગવાનનું જ્ઞાન પણ જાણવું. તે જેમ જેમ ભગવાનના મહિમાનું જ્ઞાન થાતું જાય, તેમ તેમ મહિમા વધુ વધુ જણાતો જાય છે. તે ઉપર સારંગપુરનું સત્તરમું વચનામૃત વંચાવ્યું ત્યાં 'વાસુદેવ હરે' થયું તે જમવા પધાર્યા.**॥૬૧॥**

સ્વામીએ વાત કરી જે, મોરે તો મુમુક્ષુ ભગવાનને ખોળતા; ને હવે તો ભગવાન છે તે મુમુક્ષુને ખોળે છે. જેમ ધૂળધોયા[૪] ધૂળમાંથી ધાતુ

---

૧. ગળે.

૨. મોટા પોટલાં ઊંચકવાની મજુરી કરતો મજૂર,વેઠિયો.

૩. વસ્તુ, દાગીનો, ઘરેણું.

૪. ધૂળ ધોઈને તેમાંથી ધાતુ શોધનારા.

ખોળે છે, તેમ પામર ને વિષયીમાંથી મુમુક્ષુને ખોળે છે. અને જે મુમુક્ષુ હોય તેને તો નિરંતર એમ વર્ત્યા કરે જે—

કરું ઉપાય હવે એહનો, ડોળી દેશવિદેશજી;
કોઈ ઉગારે મુને કાળથી, સોપું તેને આ શીશજી ॥૪૨॥

એમ નિરંતર વર્ત્યા કરે. પછી વળી સ્વામીએ વાત કરી જે, ધર્મપુરવાળા કુશળકુંવરબાઈએ મહારાજને પ્રશ્ન પૂછ્યું જે, "હે મહારાજ ! તમે કાગળમાં લખ્યું છે જે, અનિર્દેશથી લિખાવીંતંગ સ્વામીશ્રી સાત સહજાનંદજી મહારાજ; તે અનિર્દેશ તે શું ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે "આ તમારો દરબાર છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર છે તે અનિર્દેશ છે. પૃથ્વી નિર્દેશ છે ને જળ અનિર્દેશ છે; જળ નિર્દેશ ને તેજ અનિર્દેશ છે; તેજ નિર્દેશ છે ને વાયુ અનિર્દેશ છે; વાયુ નિર્દેશ છે ને આકાશ અનિર્દેશ છે; આકાશ નિર્દેશ છે ને અહંકાર અનિર્દેશ છે; અહંકાર નિર્દેશ ને મહત્તત્વ અનિર્દેશ છે; મહત્તત્વ નિર્દેશ ને પ્રધાનપુરુષ અનિર્દેશ છે; પ્રધાનપુરુષ નિર્દેશ ને પ્રકૃતિપુરુષ અનિર્દેશ છે; પ્રકૃતિપુરુષ નિર્દેશ ને એ પ્રકૃતિપુરુષ થકી પર અક્ષરધામ તે અમારો અનિર્દેશ છે. ત્યાં રહીને અમે કાગળ લખાવીએ છીએ." એટલી વાત કરી ત્યાં સુધી મૂર્તિ સામું જોઈ રહ્યા ને વૃત્તિ પલટાવીને હૈયામાં ઉતારતાં ગયાં. તે આ વાત મહારાજે કહી હતી. **॥૬૨॥**

સ્વામીએ વાત કરી જે, રઘુવીરજી મહારાજ પૃથ્વી ઉપર રહ્યા ત્યાં સુધી દેશકાળાદિકનું બહુ સુખ રહ્યું; કેમ જે, મહારાજ એમને વશ તે જેમ ધારે તેમ કરે. ને હવે તો રઘુવીરજી મહારાજે દેહ ત્યાગ કર્યો છે તે દિવસથી દુઃખ ચડતું આવે છે. કેમ જે, જેમ મોટી નદીનું પૂર ચડતું આવે છે તેમ દુઃખ ચડતું આવે છે. તે જુઓને રાજાઓનું કેવું દુઃખ છે તે ભેંસજાળવાળા ને જોઈવાવાળા જે ગરાસિયા તેનો ન્યાય કર્યો જ નહિ. તેમજ અખોદડવાળો બ્રાહ્મણ ભગવદી તેને મારી નાખ્યો, તેનો પણ અન્યાય કર્યો; એવાં દુઃખ છે. તે સારુ તો અમે મહારાજને અરજી નાખી

છે જે રઘુવીરજી મહારાજ જેવા બે આચાર્ય કરો ને ગય રાજા[૧] જેવો એક રાજા કરો તો બે કરોડ મનુષ્ય પ્રભુ ભજે છે તે દશ કરોડ મનુષ્ય પ્રભુ ભજે : એમ સંકલ્પ કર્યો છે. ત્યારે સર્વે હરિજન બોલ્યા જે, ''હે મહારાજ ! તમે ધાર્યું છે તે સારું જ થાશે.'' **॥૬૩॥**

વળી સ્વામીએ વાત કરી જે, અમારી સમજણ તો કોઈને કહેવાય નહિ, પણ આજ થોડીક કહું; એમ કહીને બોલ્યા જે, કહ્યા વિના તો જ્ઞાન થાય જ નહિ, ને જ્ઞાન થયા વિના મોહ પણ ટળે નહિ. અને જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય; તેમાં શાનો મોહ થાય ? તે એવું તો સર્વનિવાસાનંદ સ્વામીને થઈ ગયું, જે પ્રકૃતિપુરુષનું કાર્ય તેમાં વૃત્તિ રહી જ નહિ. તે એક દહાડો મારી પાસે કહ્યું જે, ''મહારાજની પૂજા સેવા શા વતે કરું ?'' ત્યારે મેં કહ્યું જે, ''મૂર્તિ સામું જોઈ રહો.'' ત્યારે સર્વનિવાસાનંદ સ્વામીએ કહ્યું જે, ''કરીએ છીએ તો એમ જ, પણ જો આવી વાત કોઈકને કહીએ તો આ મારો ખાટલો લઈને વંડામાં નાખી આવે એવું કઠણ પડે. પણ મહારાજની મૂર્તિ વિના તો ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે; પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ.'' એવી મોટાની સમજણ છે. **॥૬૪॥**

સ્વામીએ એક હરિજનને બોલાવીને કહ્યું જે દર્શન કર, ને આ દેહ તો તારા સારુ રહ્યો છે; કેમ જે કાળ તો આંટા ખાતો રહે છે. એમ કહીને બોલ્યા જે, **આવા સાધુથી નોખા પડીએ ત્યારે નરકમાં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ, ને એવું દુઃખ નથી થાતું ત્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો છે ક્યાં ?** ને જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી

---

૧. **ગય રાજા** : મહાભારતના સમયમાં થયેલો ભગવાનનો અંશ કહેવાતો ધર્મપરાયણ રાજવી. તે ૧૦૦ વર્ષ સુધી યજ્ઞશિષ્ટ અન્ન જમતો અને પ્રતિદિન પૂજન-યજન કરતો અને પ્રજાનું પુત્રની જેમ પાલન કરનારો ધર્મિષ્ઠ રાજવી હતો.

INDEX

ત્યાં સુધી લોક, ભોગ ને દેહ; તે રૂપ થઈ જવાય છે. એમ કહીને બોલ્યા જે, "અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે, પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વીસરાય તો તાળવું ફાટી જાય. ત્યારે પૂછ્યું જે, "હજારો ક્રિયા કરાવો ને તેલધારાની પેઠે[૧] ભગવાનને અખંડ રાખો એમ તે કેમ રહે?" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે તમારો દેહ વિસારો છો?" ત્યારે કહ્યું જે, 'ના મહારાજ.' પછી સ્વામી બોલ્યા જે, 'જો તમે તમારો દેહ વિસારો તો હું મહારાજની મૂર્તિ વિસારું;' કેમજે જેમ માછલું છે તે જળમાં હાલેચાલે ને ક્રીડા કરે છે, તેમ અમે બોલીએ, ચાલીએ ને ક્રિયા કરીએ; પણ ભગવાને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ. ને જેને એવું ન જણાય તે તો મોટાને વિષે પણ દોષ પરઠે છે; તે પોતે હેરાન થાય છે ને બીજાને હેરાન કરે છે. તે દોષનો પરઠનારો તે કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી; એ સિદ્ધાંત વાત છે."**॥૬૫॥**

સ્વામીએ વાત કરી જે, આ જીવને માખીમાંથી સૂર્ય કરવો છે તે કર્યા વિના થાય જ નહિ. ત્યારે પૂછ્યું જે, "માખીમાંથી કેમ સૂર્ય થાય?" પછી સ્વામી બોલ્યા જે, "આ સૂર્ય કોઈક કાળે માખીમાંથી થયો છે, તે પુરુષોત્તમની ઉપાસનાને બળે કરીને થયો છે. અને તે પુરુષોત્તમની ઉપાસનાએ કરીને તો ઈશ્વરકોટિમાં, પુરુષકોટિમાં ને બ્રહ્મકોટિમાં ભળાય છે. અને તે ઉપાસના અને મહિમા વતે તો પોતાને વિષે પરિપૂર્ણપણું અને કૃતાર્થપણું મનાય છે. અને તે વિના તો પોતાને વિષે અપૂર્ણપણું ને કલ્પના એ બે રહે." તે ઉપર ગંગાજળિયા કૂવાનું વચનામૃત (ગ.મ. ૬૭) વંચાવીને બોલ્યા જે, જેવા મહારાજને જાણે તેવો પોતે થાય છે ત્યારે તેને અપૂર્ણપણું ને કલ્પના કેમ રહે? ન જ રહે. ને આવું ભગવાનના સ્વરૂપ સંબંધી જે જ્ઞાન છે તે તો કોઈ દિવસ નાશ થાય એવું નથી. તે જઠરાગ્નિએ કરીને, વીજળીના અગ્નિએ કરીને કે વડવાનળ અગ્નિએ કરીને કે પ્રલયકાળના અગ્નિએ કરીને કે મહાતેજના અગ્નિએ કરીને પણ આ

૧. તેલધારાની પેઠે : ચીકણા પદાર્થની ધારા જેમ એકધારી અતૂટ હોય તેમ.

જ્ઞાન નાશ થાય તેવું નથી; તે જ્ઞાન તો અખંડ ને અવિનાશી છે. તે જેમ પુરુષોત્તમ, અક્ષરધામ ને તેના મુક્ત સનાતન છે; તેમ પુરુષોત્તમનું જ્ઞાન પણ સનાતન છે. એટલી વાત કરી ત્યાં 'વાસુદેવ હરે' થયું તે જમવા પધાર્યા. ॥૬૬॥

સ્વામીએ કારિયાણીનું આઠમું વચનામૃત વંચાવીને વાત કરી જે, ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં કોઈને આવડ્યું નથી; કેમ જે, એ તો અતર્ક્ય વાતો છે; તે કોઈના તર્કમાં આવે નહિ. અને પૂર્વે આચાર્ય થઈ ગયા છે. તેણે ભગવાનના સ્વરૂપનું નિરૂપણ તો કર્યું છે, પણ જેવું મહારાજને કહેતાં આવડે છે તેવું તો કોઈને આવડતું જ નથી. એમ કહીને કહ્યું જે ફરી વાંચો. ત્યારે ફરી વાંચ્યું, પછી સ્વામી બોલ્યા જે, સગુણ-નિર્ગુણપણું તો મહારાજે આ મૂર્તિનું ઐશ્વર્ય કહ્યું છે. અને એ બે સ્વરૂપનું ધરનારું મૂળ સ્વરૂપ તો આ પ્રત્યક્ષ બોલે છે તે જ છે. એમ કહીને બોલ્યા જે, દશ શાસ્ત્રી વડોદરાના, દશ શાસ્ત્રી સુરતના, દશ શાસ્ત્રી અમદાવાદના ને દશ શાસ્ત્રી કાશીના; એવા હજારો શાસ્ત્રી ભેગા થાય, ત્યારે આ વાતનો પ્રસંગ નીસરે કે નહિ ? ત્યારે રૂપશંકરે કહ્યું જે 'ના મહારાજ ! આવો પ્રસંગ શાસ્ત્રીથી નીસરે નહિ.' ત્યારે સ્વામી બોલ્યા જે, "છે તો એમ જ, પણ લોકમાં શાસ્ત્રીનું પ્રમાણ બહુ કહેવાય. પણ ભગવાનના સ્વરૂપનું નિરૂપણ કરતાં તો મહારાજને આવડે, કાં ગોપાળાનંદ સ્વામી જેવા સાધુને આવડે, પણ બીજા કોઈને કરતાં આવડે નહિ. અને આ વાત તો કરોડો ધ્યાન કરતાં પણ અધિક છે. કેમજે શુકજી ધ્યાનમાંથી નીસરીને ભગવાનના સ્વરૂપનું નિરુપણ કરતા હતા. એટલી વાત કરી ત્યાં આરતીનો ડંકો થયો તે દર્શને પધાર્યા.॥૬૭॥

સ્વામીએ વાત કરી જે હજાર વર્ષનો ખીજડો હોય છે, તેને સાંગરિયું[૧] થાય છે, ને પાંચ વર્ષનો આંબો હોય તેને કેરીઓ થાય છે. તે તો દૃષ્ટાંત ને એનું સિદ્ધાંત તો એ છે જે, **ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે**

૧. ખીજડાના ફળનું નામ છે.

તેવો પુરાણી હોય, પણ જો પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે; તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ. અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કુળ પણ ઊંચુ ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને એવા સાધુની જેને ઓળખાણ થઈ તો તે આંબા જેવા છે, ને તેને સંગે તો ટાઢું થઈ ને સુખિયો થઈ જાય છે. માટે જે ખીજડા જેવા હોય તેનો સંગ ન કરવો, ને જે આંબા જેવા હોય તેનો સંગ કરવો. તે ઉપર શ્લોક[1] બોલાવીને કહ્યું જે **બાર ગુણે યુક્ત બ્રાહ્મણ** હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય, તો તે કરતાં તો ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે. તે માટે ભગવાનના ભક્તને ઓળખીને તેનો સંગ કરવો, જેથી છેલ્લો જન્મ થઈ જાય; ને એવા ન મળે તો અનંત જન્મ ઉત્પન્ન કરે એવો કુસંગ છે.**॥૬૮॥**

સ્વામીએ વાત કરી જે, ગરીબને કલપાવશે તે ભગવાન ખમી નહિ શકે. કેમ જે ગર્વગંજન ભગવાન છે તે ગમે તે દ્વારે પ્રગટ થઈને ગર્વને ટાળશે. એ વાત વિસ્તારે કરીને બોલ્યા જે, આપણે તો પ્રભુ ભજી લેવા; કાંઈ ચિંતા રાખવી નહિ. અને જે ધીરજવાન પુરુષ છે તેને ॥ **दुर्जनः किं करिष्यति** ॥ એમ કહીને વળી બોલ્યા જે, કોઈ દિવસ લંબકર્ણનો જય થયો નથી ને થશે પણ નહિ; કેમ જે કામ ક્રોધાદિકે મારી મૂક્યા છે માટે

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે;
જેને જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે ॥૪૨॥

બીજા તો જેમ મોર કળા પૂરે ને પૂછડું ઉઘાડું થાય એવા છે, ને એવાનો સંગ તો જેમ આંબેથી ઊઠીને બાવળિયે બેસવું તેવો છે,

---

૧. विप्राद्विषट्गुणयुतादरविन्दनाभापादारविन्द विमुखाच्छ्वपचं वरिष्ठम् ।
मन्ये तदर्पितमनोवचनेहितार्थप्राणं पुनाति सकुलं न तु भूरिमानः ॥ भा.
धर्मश्च सत्यं च दमस्तपश्च ह्यमात्सर्यंतितिक्षानसूया ।
यज्ञश्चदानं च धृतिः श्रुतं च महाव्रता द्वादश ब्राह्मणस्य ॥

INDEX

'કાંઉ કણ ખૂટે વાંદરા બીડ ખાઓ'[૧] **॥૪૩॥** એવા પુરુષ છે માટેઃ

દેખી ઉપરનો આટાટોપ, રખે મને મોટા માનો રે;
એ તો ફોગટ ફૂલ્યો છે ફોફ, સમજો એ સંત શાનો રે ?''॥૪૪॥

એમ કહીને બોલ્યા જે, આજ તો આપણને અલભ્ય લાભ મળ્યો છે એમ જાણવું. માટે જેને મરીને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે; પણ મરીને પામવું એમ નથી.

તે મહારાજે કહ્યું છે જે, દેહ ધર્યાનું નિમિત્ત તો નથી પણ કોઈક કારણ ઉત્પન્ન કરી આ સંતના મધ્યમાં જન્મ ધરવો એમ જ ઇચ્છીએ છીએ. તે એ તો આપણને શીખવ્યું છે, પણ એવો દેહ તો આપણે જ ધર્યો છે. માટે સમાગમ કરી લેજો.**॥૬૯॥**

સ્વામીએ વણથળી[૨] જાતાં વાત કરી જે, હવે તો સર્વે કામ થઈ રહ્યું છે. કેમ જે, સુખપાલમાં[૩] બેસીને પ્રભુ ભજી લ્યો એમ કરી મૂક્યું છે. ને હવે તો ખોતરીને દુઃખ ઊભાં કરો તો છે. જેમ એક વાંદરાનું આળુ[૪] જોઈને બીજાં વાંદરા ખોતરીને દુઃખ કરે છે તેમ તમે પણ ભેગા થઈને ખોતરીને દુઃખ ઊભાં કરો તો છે. એમ કહીને બોલ્યા જે, જુઓને સર્વોપરી મહારાજ, ને સર્વોપરી આવા સાધુ,ને સર્વોપરી આ સ્થાન તેને વિષે દુઃખ રહેશે, ત્યારે કિયે ઠેકાણે દુઃખ ટળશે ? નહિ જ ટળે. માટે જેને સુખિયા

---

૧. **વાંદરા બીડ ખાઓ** : કચ્છી ઉક્તિ છે. ગોચરની જમીનને બીડ કહેવાય છે. ઘણી જગ્યાએ ચારથી દશ ઈંચ ઊંચુ ચમકતું ઢોરનું પ્રિય વાંદરિયું ઘાસ થાય છે. ભરવાડ ગાયોને કહે છે.'' તમે પેટ ભરીને ખાઓ, તમારા સદ્નસીબે આ =ઘાસ ક્યારેય ખૂટવાનું નથી.'' એમ સ્વામીના જ્ઞાનનો ખજાનો વાંદરીયા ઘાસના બીડ જેવો છે. મુમુક્ષુઓ લૂંટી લૂંટીને થાકી જાય તોપણ ખૂટે તેમ નથી. એવો ભાવાર્થ છે.

૨. વંથલી ગામ.

૩. સિગરામ જેવું જૂના સમયનું વાહન, એક જાતની પાલખી.

૪. વાગેલ ઘા.

થાવું હોય તેને આ બરોબર કોઈ નથી. એમ કહી બોલ્યા જે, જ્યારે જ્યારે આ માર્ગે ચાલીએ છીએ ત્યારે ત્યારે ભગવાન સાંભરી આવે છે; કેમ જે મોટા મોટા સાધુ ને મહારાજ બહુ ચાલ્યા છે. ત્યારે કાશીરામે પૂછ્યું જે, "જેને મહારાજનાં દર્શન થયાં હોય તેને તો સાંભરે, પણ જેને મહારાજનાં દર્શન ન થયા હોય તેને શું સાંભરે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "આપણે ક્યાં પરોક્ષ છે ? આપણે તો મૂર્તિ દ્વારે ને સંત દ્વારે પ્રત્યક્ષ છે; તે દર્શન દે છે, વાતો કરે છે, એવી રીતે બહુ સુખ આપે છે. પણ જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી સમજાય નહિ; એ સિદ્ધાંત વાત છે." **॥૭૦॥**

સ્વામીએ મતપંથવાળે લાખ લાખ યોજનના કૂવા ગાળ્યા છે તે નીકળાય જ નહિ. તે શું તો જુઓને કૂડામાર્ગીવાળે વટલવું ને વ્યભિચાર તેણે કરીને જ મોક્ષ માન્યો છે ! તે શું શાસ્ત્રનો મત છે ? ને વેદાંતીએ તો ભગવાનના આકારનું ખંડન કરીને વિધિનિષેધને ખોટા કરી નાખ્યા ! એ પણ શાસ્ત્રનો મત નહિ. ને શક્તિપંથવાળે તો માંસ ને મદિરા તેણે કરીને મુક્તિ માની છે તે શું તો :

पीत्वा पीत्वा पुनः पीत्वा पीत्वा पतति भूतले ।
उत्थाय च पुनः पीत्वा पुनर्जन्म न विद्यते[૧]॥૪૫॥"

એ શ્લોક બોલીને કહ્યું જે, "એ શાસ્ત્રનો સનાતન મત નહિ; ને નાસ્તિક મતવાળાને મતે તો ભગવાન નથી ને કર્મે કરીને જ કલ્યાણ માન્યું છે; પણ ભગવાન વતે કલ્યાણ નથી માન્યું. તે તો જેમ છોકરાનું નાળ કરતાં ગળું કાપી નાખ્યું તેમ થયું. ને તેને તો જેમ એકડા વિનાનાં મીંડા ને પુત્ર વિનાનું પારણું ને જીવ વિનાની કાયા ને મણમાં આઠ પાંચશેરીની ભૂલ[૨] એમ છે. અને આ જગતમાં મોટા મોટા ગુરુ કહેવાય

૧. **અર્થ** : જ્યાં સુધી પૃથ્વી પર પડી જવાય ત્યાં સુધી મદ્યપાન કરીને પૃથ્વી પર પડે અને ઊઠીને પણ ફરી પીનારો ફરી જન્મ પામતો નથી. (ચાર્વાક)

૨. ૪૦ શેરીનું એક મણ; એક મણમાંથી આઠ પાંચશેરી બાદ કરતા કંઈ જ ન વધે, તેમ નાસ્તિકના મતે કલ્યાણ છે જ નહિ.
આ વાત સ્વામીએ કલ્યાણભાઈના દીકરા ડાહ્યાભાઈને ઉદ્દેશીને કહેલ છે.

INDEX

છે, પણ તેનાં પાપ તો મુખ થકી કહેવાય નહિ; અને ભક્તિનો તો ઉપર આડંબર ને પાપની તો બીક જ નહિ ! તે શું તો મા, બેન ને દીકરી તેની ગમ જ નહિ. એવા પશુના ધર્મ પાળે છે. એમ કહીને વળી બોલ્યા જે, મત માત્ર આજ હમણાં જ બગડ્યા છે એમ નથી; એ તો મૂળમાંથી જ બગડેલા છે.'' એમ કહીને કહ્યું જે, ''આ મળદ્વાર[૧] છે તે નાનો હોય ત્યારે કાંઈ ચોખ્ખો હશે ?'' ત્યારે રૂપશંકરે કહ્યું જે, ''ના મહારાજ ! એ તો મૂળમાંથી જ બગડેલો છે.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''વાત તો નિરંતર કરીએ છીએ, પણ આજ તો ટીકા કરી છે.'' ત્યારે સૌએ કહ્યું ''જે આવું તો સમજાતું જ નહોતું.'' **॥૭૧॥**

પછી સ્વામીએ કલ્યાણભાઈ આગળ વાત કરી જે, ''આજ સત્સંગનો મહિમા તો મુખ થકી કહેવાય નહિ; ને જો કહીએ તો માન્યામાં આવે નહિ.'' ત્યારે કલ્યાણભાઈએ કહ્યું જે, ''સત્સંગનો મહિમા તો બહુ છે.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે તે કરતાં તો આ સત્સંગીના સમાધિનિષ્ઠ છોકરાં સામુ જોઈએ છીએ ત્યાં તો મહારાજને પ્રતાપે કરીને કરોડ કરોડગણું અધિક દૈવત જણાય છે. તો મોટા મોટા હરિભક્તો ને કરોડ મોટા મોટા સાધુ ને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ? તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, ''હું મારા મહિમાના પારને પામતો નથી તો બીજા તો પામશે જ કેમ ?'' એમ કહી બોલ્યા જે :

मद्भयाद्वाति[૨] वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥४६॥

એ શ્લોક બોલીને કહ્યું જે, બળ તો બહુ દેખાડ્યું પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે. એમ જાણતા એ શ્લોક કોઈના બળનો

---

૧. ગુદા.

૨. આ વાયુ મારા ભયથી વાય છે; મારા ભયથી સૂર્ય તપે છે; મારા ભયથી જ મેઘ વર્ષે છે; અગ્નિ બાળે છે અને મૃત્યુ ફરે છે. ભા. તૃ

જણાય છે પણ પોતાના બળનો નહિ. એમ કહીને વળી બોલ્યા જે, આજ તો સત્સંગમાં ડોશીઓ હશે તે પણ હજારો જીવનું કલ્યાણ કરશે, તો બીજાની તો શી વાત જ કહેવી ? '' એવી રીતે બહુ વાત કરીને નાહવા ઊઠ્યા. ॥૭૨॥

સ્વામીએ એક ભક્ત સામુ જોઈને વાત કરી જે, ભગવાન ને મોટા સાધુ જ્યારે ઉદાસી થાય, ત્યારે એમ જાણવું જે હવે મુમુક્ષુનાં કર્મ ફૂટ્યાં ! એમ કહીને બોલ્યા જે, ''આપણે તો બહુ ભેગા રહ્યા ને બહુ સમાગમ કર્યો ને હવે તો દેશકાળે કરીને ભેગું રહેવાય કે નોય રહેવાય; પણ હવે **તો અક્ષરધામમાં રહેવાય એવા સ્વભાવ કરતા શીખો તો એક** પળમાત્ર નોખા જ નથી એમ જાણવું. એમ કહીને વળી બોલ્યા; જે, અક્ષરધામનો મુક્ત હોય ને સ્વાધીન થકો આંહી આવ્યો હોય, ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય અને કુસંગ કરતો હોય તો જડ સંજ્ઞાને પામી જાય છે. અને જો એ સત્પુરુષનો સંગ થાય તો પૂર્વનું જ્ઞાન છે તે પ્રગટ થઈ આવે છે, નીકર તો જેમ આ દેશના વાણિયા પરદેશમાં જાય છે, ત્યાં કાફરીઓ[૧] રાખીને રહી જાય છે; તેમ અક્ષરધામના મુક્ત હોય, તે પણ આ લોકમાં બંધાઈ જાય છે. વિજ્ઞાનદાસજીને અક્ષરધામની તો સમાધિ થાતી ને મહારાજને ત્રણે અવસ્થામાં નિરંતર દેખતા; તો યે ત્રણ ઘર કર્યાં ![૨] પણ પોતાની મેળે નીકળાણું નહિ; પણ જ્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું ત્યારે નીકળાણું; એવો આ લોક છે. તે સારુ તો મહારાજ અક્ષરધામ ને અનંત મુક્તે સહિત જ પધાર્યા છે માટે સમાગમ કરી લેવો; જેથી મહારાજની સેવામાં

૧. હબસી સ્ત્રીઓ.

૨. **ત્રણ ઘર કર્યાં** : ભાદરા નિવાસી રત્ના ભગત શ્રીહરિના પ્રતાપે સમાધિદશાને પામેલા; પણ કારણ દેહમાં સ્ત્રીની વાસના ભરેલી તે એક સ્ત્રી મૃત્યુ પામી તો બીજી, અને બીજી મૃત્યુ પામી તો ત્રીજી પરણ્યા. આમ ત્રણવાર પરણેલા. પછી ગોપાળાનંદ સ્વામીના ઉપદેશે ગૃહત્યાગ કરીને સાધુ થયા ને વિજ્ઞાનદાસજી બન્યા.

INDEX

રહેવાય. નીકર તો ઘરોઘર કાફરીઓ છે. તેની સેવામાં રહેવાશે. એમ કહીને બોલ્યા જે –

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચરૂપ,
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ.
ખરે મને જે જન ખાવશે રે, આવું જે ઔષધ,
જીરણ રોગ તેનો જાવશે રે, સુખી થાશે સદ્ય ॥૪૭॥

એટલી વાત કરીને ધર્મશાળામાં આસને પધાર્યા. ॥૭૩॥

સ્વામીએ વાત કરી જે, એક દિવસ મહારાજે મને કહ્યું જે, "કહો તો કાળ પાડીએ ને કહો તો ટુંટિયું લાવીએ[૧] ત્યારે મેં કહ્યું જે, "કાળ પાડશોમાં ને ટુંટિયું લાવજો." ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, "બેયની ના પાડીએ નહિ !" ત્યારે મેં કહ્યું જે, "મહારાજની મરજી પ્રમાણે જ કહેવાય. પણ મરજી વિના તો કહેવાય જ નહિ." ને વળી બોલ્યા જે, એક દિવસ મેં મહારાજને કહ્યું જે, તમારા ઘરમાં અંધારુ કેમ છે ? જે ખેડુ કામી કામીને[૨] મરી જાય છે તેને ખાવા મળતું નથી; ને વેપારીને પરસેવો વળતો નથી તો પણ તેને ખાવા મળે છે, ને ખેડુ ભૂખે મરે છે ! તે દિવસથી મહારાજની દૃષ્ટિ થઈ ગઈ છે, જે ખેડુના ઘરમાં હોય ત્યારે મોંઘું ને વેપારીના ઘરમાં જાય ત્યારે સોંઘું થાય છે; ને તે દિવસથી ખાવા મળે છે. તે જુઓને રૂના ડૂચા લઈ જાય છે ને બે કરોડ સોનાના રાળ[૩] સાબરમતીને આ કાંઠે નાખી દે છે એવું કર્યું છે; પણ પ્રભુ ભજવા નવરા થાતા નથી. અરે ! આપણે આવું ક્યાં હતું ! ને હજી રાત્રીપ્રલય સુધી થાશે; પણ રઘુવીરજી મહારાજે ચાર મહિના સાધુને રાખીને કથા કરાવી ને વાતો જ કરાવી એમ કોઈ કરશે નહિ ને કરાવશે પણ નહિ. એવો માયાનો મોહ છે. એમ કહીને વળી બોલ્યા જે, અમોએ સાધુને રાખીને બે મહિના સુધી

---

૧. એક પ્રકારનો રોગ.
૨. કમાઈ કમાઈને.
૩. જૂના સમયમાં આઠ રૂપિયાની કિંમતનો સિક્કો

વાતો ને પ્રશ્ન-ઉત્તર કરાવ્યા, પણ કેટલાકને તો ગમ જ નહિ જે સ્વામી શું કહે છે ને શું થાય છે ? ને આપણે તો સોપો જ પડતો નથી. એમ કહીને બોલ્યા જે :–

કિયાં બાળપણાની રમત, કિયાં પામવો સિધ્ધુનો મત ૪૮

એ વાતની ખબર જ નથી જે શું કરવા આવ્યા છીએ ને શું થાય છે ? એટલી વાત કરીને ડાબે પડખે પડખાભર થયા ને સર્વે કીર્તન ગાવા લાગ્યા. ૭૪.

ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી વાતોમાં ભગવાનનો સર્વોપરી નિશ્ચય તથા માહાત્મ્યનું મુખ્યપણું કહ્યું એ નામે બીજું પ્રકરણ સમાપ્ત. ૨.

બીજું પ્રકરણ સમાપ્ત.

●●●



ૐ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

પ્રકરણ ત્રીજું

સંતસમાગમનું મુખ્યપણું

એક દિવસ સ્વામીએ વાત કરી જે, **સર્વે સાધન કરતાં સંગ બળવાન છે.** કેમ જે સંગ થકી જ સર્વ વાત થાય છે; પણ સંગ વિના તો કોઈ કામ થાતું નથી; માટે સર્વમાં પ્રથમ સંગ મુખ્ય છે. મોક્ષનો માર્ગ પણ સંગ થકી સમજાય છે ને વ્યવહારમાર્ગ પણ સંગ થકી જ સમજાય છે ને આવડે છે; માટે સંગની બરોબર કોઈ સાધન નથી. ને દેશકાળાદિક આઠ[૧] કહેવાય છે તેમાં પણ સંગને મુખ્ય કહે છે. તથા નવ પ્રકારની ભક્તિમાં પણ શ્રવણ ભક્તિને મુખ્ય કહી છે, તે પણ સંગ થકી આવે છે. ને શિક્ષાપત્રીમાં પણ "નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો" એમ કહ્યું છે ને વચનામૃતમાં પણ સંગનું અધિકપણું બહુ ઠેકાણે કહ્યું છે. માટે સર્વ શાસ્ત્ર સત્પુરુષનો સંગ કરવાનું પ્રતિપાદન કરે છે. તે સંગ કરવો તેમાં પણ **જેવા પુરુષનો સંગ થાય તે થકી તેવો સમાસ થાય છે.** ને સર્વદેશી પુરુષનો સંગ થાય તો તે થકી સર્વદેશી જ્ઞાન પ્રાપ્ત થાય છે. ને એકદેશી સંગ થકી સર્વ પ્રકારનું જ્ઞાન પમાય નહિ; કેમ જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિકમાંથી જેને જે અંગ મુખ્ય હોય તેના સંગ થકી તે વાત સમજાય અને સર્વે અંગે સંપૂર્ણ હોય તેના સંગથી સર્વે વાત સમજાય છે. માટે સર્વદેશી સંગ મળવો બહુ દુર્લભ છે. ને સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. તેની વિક્તિ જે એક તો તેનું પંડનું[૨] વર્તન હોય તેનો તપાસ કરવો. બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું, ને ત્રીજું તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા. એમ તપાસ કરવી. **॥૧॥**

---

૧. દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા ને ધ્યાન.

૨. પોતાનું.

સર્વ કરતાં ઉપાસના સમજવી એ મોટું સાધન છે, ને **સર્વમાં ઉપાસના મુખ્ય બળવાન છે.** તે સર્વોપરી, સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ મહારાજને સમજવા; એક તો એમ જ સમજવાનું છે. ને બીજું ભગવાનનું સ્વરૂપ સર્વ પ્રકારે નિર્દોષ સમજવું; ને સ્વરૂપનિર્ણયમાં[૧] કહ્યું છે એવી રીતે ભગવાનનું સ્વરૂપ સમજવું. તે એ બે વાત મુખ્યપણે અવશ્ય સમજવાની છે, ને એ બે વાત મુખ્ય રાખવાની છે. બાકી ભગવાનનો મહિમા સમજવો તે તો સર્વમાં મુખ્ય છે, પણ મહિમા તો ઉપાસના તથા સ્વરૂપ સમજવામાં આવી જાય છે. ને મહિમા વતે સર્વ સાધન થાય છે ને મહિમા સર્વ કરતાં બળવાન છે. તે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે, એમ સમજીને પોતાને બ્રહ્મરૂપ માનીને સ્મૃતિ રાખવી એ કરવાનું છે. ને ઉપાસનાની વિક્તિ જે, **જેવા મહારાજને સમજે તેવો પોતે થાય.** મહારાજને શ્રીકૃષ્ણ જેવા સમજે તો ગોલોકને પામે, રામચંદ્રજી જેવા સમજે તો વૈકુંઠને પામે, વાસુદેવ જેવા જાણે તો શ્વેતદ્વીપને પામે ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમને પામે. તે જેવા જાણે તેવો થાય, ને તેટલું ઐશ્વર્ય ને તેટલા સામર્થ્ય પામે. ને શ્રીજી મહારાજને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ સમજે તો અક્ષરધામને પામે. તે મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, **''જેવા ભગવાનને સમજે તેવો પોતે થાય છે ને ભગવાન તો અપાર ને અપાર રહે છે'' ॥૨॥**

આ જીવને પાંચ વાના[૨] અવશ્ય જોઈએ પણ તે વિના ન ચાલે. ને બાકી તો સર્વ વિના ચાલે; તેની વિક્તિઃ જે, અન્ન, જળ, વસ્ત્ર, નિદ્રા ને સ્વાદ મધ્યે મીઠું; ને તે વિના તો બીજું તો સર્વે ફેલ છે. **॥૩॥**

---

૧. ઉત્તમાનંદ સ્વામી લિખિત સાંપ્રદાયિક ગ્રંથ.

૨. પાંચ વસ્તુ.

અને જેમ ગાય છે તે વાછરું સારું પારસો[૧] મૂકે છે; તેમ જે શિષ્ય હોય તે ગુરુને મન સોંપે તો અંતઃકરણનું અજ્ઞાન ટાળી નાખે; પણ તે વિના તો ટળે નહિ. ॥૪॥

અને મોટાઈઓ તો ઘણા પ્રકારની છે, તેમાં પ્રભુને ભજવા તે માર્ગ જુદો છે. ને એકથી લાખ રૂપિયા ખરચે તો પણ **સમાગમ વિના અજ્ઞાન તો ટળે નહિ,** ને જે વાવરે[૨] તેનું તો ફળ થાય ને ઐશ્વર્યને પામે. ॥૫॥

અને **ચાર વાતમાં સુખ છેઃ તેમાં એક સુખ તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ,ને ત્રીજું સદ્વિચાર; એ ત્રણ વાતમાં જ છે.** ને ચોથું જીવે વિષયનું સુખ માન્યું છે એ તો દુઃખરૂપ છે, ને સુખ તો ત્રણ વાતમાં જ છે. ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી. ને આત્મારૂપે વર્તવું એ તો દેશ જ નોખો છે તેમાં કામાદિક દોષ જ નથી; જેમ ગુજરાત દેશમાં પૃથ્વી ખોદે તેમાં પાણો જ ન મળે તેમ. ॥૬॥

મોટા મોટાના શબ્દોની હારો[૩] કરીને તપાસ કરવો જે, એમનો શું મત છે, ને એ શું કરવાનું કહે છે ને એ કેમ વર્તે છે ? એમ તપાસીને પછી તે માર્ગે ચાલવું. ॥૭॥

સારા ભગવદી સાથે જીવ બાંધવો એ જ સત્સંગમાં રહ્યાનો હેતુ છે, પણ એકલી ભક્તિ સત્સંગમાં રહ્યાનો હેતુ નથી; ને **જ્ઞાન વિના તો સર્વે કાચું છે.** સારા ભગવદી સાથે જીવ બાંધ્યો હતો તો કરસનદાસ[૪] ને મહાવીર્યાનંદને સત્સંગમાં રાખ્યા ને તે વિના તો

૧. દૂધ છોડે.

૨. વાપરે.

૩. વિષયવાર શ્રેણી, યાદી.

૪. **કરસનદાસ** : દાસપંક્તિના સંત હતા. તેનું નામ કૃષ્ણદાસ સ્વામી હતું. સારા સંત સાથે હેતભાવના પ્રતાપે સંસારમાં પાછા ફરતા ખચકાતા હતા, છતાં તેનો ત્યાગ પાર ન પડ્યો અને ધોળકામાં વાણિયા મહાજન થઈને રહેલા.

રાધેશ્વરાનંદ ને હિરણ્યગર્ભાનંદ[૧] ગયા; અને હમીરે[૨] પણ ઘણીક ભક્તિ કરી હતી તોપણ તે ગયો ! એ વાતો વિસ્તારે કરીને કહી. ॥૮॥

અને પ્રતિલોમ[૩] કરવામાં ચાર વિઘ્ન છે તેની વિક્તિઃ સ્ત્રી, દ્રવ્ય, આ લોકની મોટાઈ ને ક્રિયા. ॥૯॥

અને જેવો સાંઢ હોય તેવું વાછરું આવે, અને જેવો ઘોડો હોય તેવું વછેરું આવે, તેમ જ **જેવા ગુરુ મળે એવું શિષ્યમાં દૈવત આવે.** ॥૧૦॥

આ લોકમાં પદાર્થને ને મનુષ્યાદિકને કેવી દૃષ્ટિમાં જોવાં ? જે એ સર્વે વિઘ્ન કરનારા છે અને એક તો કોઈ પ્રકારે સત્સંગમાંથી જાય એવો ન હોય તે પણ જાય, ને એક તો કોઈ રીતે સત્સંગમાં રહે એવો ન હોય તે પણ રહે; એમ સંગમાં રહ્યું છે. ને ભણનારા કરતાં પણ ભણાવનારાને વધારે દાખડો પડે છે, તેમ જ્ઞાન દેવામાં શિષ્ય કરતાં ગુરુ વધારે દાખડો કરે ત્યારે જ્ઞાન થાય છે; તે વિના જ્ઞાન થાતું નથી. ને અમૃતનું ફળ ઝેર

---

૧. **રાધેશ્વરાનંદ અને હિરણ્યગર્ભાનંદ** :- આ બન્ને સદ્‌ગુરુઓ હતા. તેઓ તથા વૈરાગ્યાનંદ, હરિહર્યાનંદ, અદ્વૈતાનંદ વિગેરે ૧૨ જેટલા ગુરુઓની મંડળી હતી; પણ વૈરાગ્યના અભાવે કે રાગના પ્રભાવે નિયમ-ધર્મમાં શિથિલતા આવી અને માયા ફાવી ગઈ. ધીરે ધીરે બારેય સત્સંગમાંથી જતા રહ્યા ને ત્યાગી મટીને રાગી કહેવાયા. એમ જાણવા મળે છે.

૨. **હમીર** :- જુનાગઢ મંદિરમાં પાર્ષદ તરીકે રહીને સેવા કરતો, પણ સ્વભાવને કાબુમાં ન કરી શક્યો. તે એક સાંખ્યયોગી સાથે બેઠક-ઉઠક રાખતો તેમાંથી વાસના ઉદય થઈ તે બન્ને જણાં ગીરમાં અરીડિયા ગામે રહેવા જતા રહ્યા. ઉનાં જતા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તે ગામને પાદર નીકળ્યા ત્યારે હમીર મોઢામાં ઘાસ લઈને દંડવત કરવા દોડ્યોને માફી માંગી; પણ નિત્યાનંદ સ્વામીએ તેને હડધૂત કર્યો ત્યારે ગોપાળાનંદ સ્વામીએ "પૂર્વ અવતારના ભક્ત જેવો તો તેને માનો" એમ કહીને માફી આપી અને પુનઃ વર્તમાન ધરાવીને સત્સંગમાં પાછો સ્વીકાર્યો.

૩. અંતર્દૃષ્ટિ, અંતર્વૃત્તિ.

છે તે શું ? જે વિષય ભોગવવા સારા લાગે છે, પણ તેનું દુઃખ છે. ને સારા વિષય ને નરસા વિષય એ બેય નાશવંત તો છે; પણ નરસામાં દુઃખ છે ને દોષ નથી; ને સારામાં દુઃખ ને દોષ બેય છે. ॥૧૧॥

અને એકલું જ્ઞાન કહેવું ને સાંભળવું તે કાંઈ કઠણ નથી; માટે બે ઘડી વૃત્તિઓ પાછી વાળીને ભગવાન સંભારવા ને ધ્યાન ન થાય તો ભજન કરવું; પણ રસોઈ કરીને જમવું નહિ તે શા કામનું ? **ને એકલું જ્ઞાન કરવાથી વિષય ઓછા થાવાના નથી; ને એ તો ભગવાન સંભારશું ત્યારે થાશે.** ને ભગવાનને સંભારવા માંડે, તો તેના ઉપર ભગવાનની ને મોટા સાધુની દૃષ્ટિ થાય; પણ એ માર્ગે તો ચાલે નહિ, ત્યારે તેના ઉપર શેની દૃષ્ટિ થાય ? માટે એ તો ભગવાનનો વિશ્વાસ રાખીને મંડવું. ને જેવો સંગ થાય તેવું થવાય છે, પણ જેમાં જે ગુણ નહિ હોય તેને સંગે તે ગુણ ક્યાંથી આવશે ? ને જે જે ભગવાનમાં વળગ્યા હશે ને જેના જે જે વિષય ઓછા થયા હશે તેના સંગમાંથી તે ગુણ આવશે. એ વાતમાં સંશય નથી. ને જેનું જે અંગ હોય તે વાતનું મુખ્ય પ્રતિપાદન કરે, એ વાત સમજી રાખવી. ને ધર્મ, જ્ઞાન, અને વૈરાગ્ય એ ત્રણે હોય તો તે જીવના સુખને અર્થે થાય છે. ને ભગવાન સંભારવા તે પણ છે તો જીવના સુખ સારુ, પણ તેને મહારાજ પોતાને અર્થે કર્યું એમ માની લે છે. ॥૧૨॥

ઇન્દ્રિયારામ અને અર્થારામની જોડે આસન કરે તો ગમે તેવો હોય તેનું પણ ઠેકાણું ન રહે. વૈરાગ્યનું તો છેટું છે કેમ જે વિષયમાં રાગ છે; ને આત્મજ્ઞાનનું પણ છેટું છે; કેમજે જીવ દેહમાં જડાઈ ગયો છે. માટે હવે તો **એક ધર્મને વિષે ને બીજી ભગવાનના સ્વરૂપને વિષે નિષ્ઠા, એ બે વાત મુખ્ય રાખવી.॥૧૩॥**

અને હવે તો ગૃહસ્થ ઘરમાં બંધાશે ને ત્યાગી ક્રિયામાં બંધાશે. ને કામી હોય તે જેમ સ્ત્રીઓને જોયા કરે છે, તેમ ભગવાન તો જીવ સામું જોઈ રહ્યા છે, જે મને કોઈ સંભારે છે ? પણ જીવ તો એવો અવળો છે જે બીજાં પદાર્થ સામું જુએ, પણ ભગવાન સામું ન જુવે. ॥૧૪॥

અને સંગનું રૂપ કહ્યું જે, ભેગા રહે પણ સંગ ન કરે; તેમાં ઊનાના શેઠિયાનું[૧] દૃષ્ટાંત દીધું જે, સાંઠ માણસ ભેગા રહેતાં પણ તેમાં સંગ તો પુરુષ, સ્ત્રી ને છોકરો એ ત્રણનો હતો; ને ભગવાનની સ્મૃતિ વિના જે જે થાય છે તે ખડ ખવાય[૨] છે. ને સત્સંગી પણ સ્મૃતિ ન કરાવે તો કુસંગી ભુલાવે એમાં શું કહેવું ? **ને કામમાંથી પરવારીને પ્રભુ ભજવા એવી તો કોઈએ આશા જ રાખવી નહિ.** કેમજે કોઈનું કામ પૂરું થયું નથી ને થાશે પણ નહિ. ને આ જીવને વૃક્ષનો દેહ આવે તેમાં આવરદા તો ઘણી લાંબી, પણ તેમાં પ્રભુ ભજાય નહિ, ને પશુ, પક્ષી, આદિકના દેહ આવે તેમાં પણ ન ભજાય. ને મનુષ્ય દેહમાં ભજાય, તેમાં પણ મોટે ઠેકાણે ન ભજાય; ખાવા ન મળે તો ન ભજાય; ને રોગ થાય તો પણ ન ભજાય; ઇત્યાદિક વિઘ્ન છે. આ તો સર્વ વાતે સાનુકૂળ છે તેમાં પણ પ્રભુ નહિ ભજે તો પછી કિયે દહાડે ભજાશે ? **॥૧૫॥**

શ્રીજી મહારાજ ગમે એટલી પ્રવૃત્તિ કરાવતા તો પણ એક પડખે[૩] પુસ્તક નિરંતર રાખતા, ને હરે ! હરે ! કરતાં; તે આપણને શીખવતા. અને શ્રીજી મહારાજે કહ્યું હતું જે, "કેટલાક મોટા મોટાને તો પ્રવૃત્તિમાં ન ભળવું, કેમજે પૂર્વે ઋષિ પ્રવૃત્તિમાં ભળ્યા તે આહ્નિક[૪] ભૂલી ગયા હતા, પછી વળી કોઈ વૃદ્ધ પાસેથી શીખ્યા, ને તે પછી શાસ્ત્ર કર્યાં." **॥૧૬॥**

શ્રીજી મહારાજ કહેતા જે, "ભેંસો, ગાયો, બકરાં આદિકના ટોળામાં એક ચારનારો હોય; તે પોતે એમ સમજે જે, આ સર્વે પશુ છે ને હું મનુષ્ય છું. એમ ભગવાનના ભક્તને સમજવું જે, વિમુખ સર્વે પશુ છે ને હું ભગવાનનો ભક્ત મનુષ્ય છું." **॥૧૭॥**

---

૧. કલ્યાણજી શેઠ સંપીલુ, બહોળુ કુટુંબ હોવા છતાં જીવમાં સત્સંગ હતો. (૩/૧૫)
૨. મૂર્ખાઈ કરે છે.
૩. એક બાજુ.
૪. દૈનિક ધાર્મિક વિધિ.

અને ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા, તો તે અવગુણ ટળી જાય. જેમ પાંચ લડવા આવ્યા હોય તે સામા પચાસ આવે, તો તેને હઠાવી દે; તેમ ગુણ તો ઘણાયે હોય તે વિચારવા; તો દોષ થોડા હોય તે ટળી જાય. ને જો દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રહેવાય નહિ. ને **જીવને બળ પામવાનો હેતુ તો સત્સંગ જ છે,** તે જેમ રખાય તેમ બળિયો થાય. તેમાં એક તો આ બધાયે મંદિર કરે ને સત્સંગમાં ન રહે, ને એકે તો એક ઈંટ પણ ન લીધી હોય ને સત્સંગમાં રહે; એમ સમજણમાં રહ્યું છે. ને ઊતરતાને સંગે ઊતરતો ઊતરતો ઊતરી જાય. જેમ બ્રાહ્મણ હતો તે ઢેઢડી સારુ ઢેઢ[૧] થઈ ગયો તેમ થાય. **॥૧૮॥**

આ મેડીઓ[૨] મળી છે ને સારું સારું ખાવા મળે છે કે માન મળે છે ઇત્યાદિક મનુષ્યદેહનું ફળ નથી, તે તો વિમુખને પણ મળે છે. માટે **મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ ને સ્વભાવ ટળે એટલું જ છે. ॥૧૯॥**

અને એક કામમાં જીવ થાકી જાય માટે ફરતું ફરતું કરવું. તે શું ? જે કથાવાર્તા સાંભળવી, વાંચવું, ધ્યાન કરવું, નામ રટણ કરવું; એ આદિકમાં થાક લાગે, ત્યારે બીજું કરવું નીકર મૂંઝવણ થાય, **ને મન જીવને મૂંઝવે એવું છે. ॥૨૦॥**

અને સંતનો મહિમા કહ્યો જે, આવા સાધુનાં દર્શન કર્યે ભગવાનનાં દર્શનનું ફળ થાય છે, ને તેની સેવા કર્યે ભગવાનની સેવા કર્યાનું ફળ થાય છે. ને આપણે તેવા સાથે હેત થયું છે માટે આપણા પુણ્યનો પાર ન કહેવાય. **॥૨૧॥**

અને કેટલાક રસોઈ કરે છે, પાણી ભરે છે, ને કેટલાક લખે છે ને ભણે છે, કેટલાક ખડ વાઢવા જાય છે, ને કેટલાક ઢોર ચારવા જાય છે, ઇત્યાદિક ક્રિયાઓ કરે છે; તે તો એમ જાણવું જે એ સર્વે દેહનો વ્યવહાર

૧. એક બ્રાહ્મણને વાસના ઉદય થવાથી નીચી જાતિની સ્ત્રી સાથે પરણ્યો.
૨. માળવાળા મકાન.

INDEX

છે તે કર્યું જોઈએ; **પણ કરવાનું તો બીજું છે. તે શું ? જે મહારાજની મૂર્તિની સ્મૃતિ રાખવી, ને ઉપાસના ને જ્ઞાન શીખવું, ને સત્સંગ-કુસંગ ઓળખવો, ને સત્સંગમાં રહેવાય એવો દૃઢ પાયો કરવો;** ઇત્યાદિક કરવાનું છે તે કરવું. ને મનુષ્યને જે જે ક્રિયા કરવાનું કહીએ તે તે કરવાને સૌ તૈયાર છે, પણ જે કરવાનું છે તે કહીએ તો તેમાં અટકે છે; પણ જ્ઞાન વિના સર્વે કાચું છે. ને **અંતરમાં ખોટા ઘાટ[૧] થાય તે પણ જ્ઞાનની કસર છે.** અને શ્રીજી મહારાજ પૂછતા જે, "એને કિયા સાધુ સાથે હેત છે ને કિયા સાધુ પાસે બેઠક-ઊઠક છે ?" એમ તપાસ કરવાનું કહેતા. **॥૨૨॥**

અને બકરાં, ગાયો, ભેંસો, ને ઊંટ; એ સર્વે વાડામાં રહે, પણ વાઘ હોય તે વાડામાં પૂરાય નહિ, તેમ **મુમુક્ષુ હોય તે કોઈ મતમાં કે વિષયમાં બંધાઈ રહે નહિ.** એમ મહારાજ કહેતા. ને શ્રીજી મહારાજ વિરાજતા ત્યારે પણ જેણે સમાગમ કર્યો નથી, ને આજ પણ જે મોટા સંતનો સમાગમ નથી કરતા તેને શું વધુ બુદ્ધિવાળા સમજવા ? માટે **બુદ્ધિ તો એટલી જ જે મોટા સાધુથી શીખે ને મોક્ષના કામમાં આવે; બાકી બુદ્ધિ નહિ.** ને મહારાજ કહેતા જે, "નાથ ભક્ત[૨] બુદ્ધિવાળા છે ને દીવાનજી મૂર્ખ છે. ને વ્યવહાર છે તે તો તારતખાના[૩] જેવા છે; તે તો સુધર્યો તો પણ બગડેલો જ છે; તેમાં કાંઈ સાર નથી. તે ઉપર સુરતના ખાડાનું[૪] દૃષ્ટાંત દીધું. **॥૨૩॥**

---

૧. સંકલ્પ-વિકલ્પ,ઈચ્છા

૨. **નાથ ભક્ત** : આ હરિભક્ત ગરીબ હોવાથી શાકબકાલું વેચવાનો ધંધો કરતાં. મૂળ તેઓ કણભા ગામના હતા, પણ વડોદરામાં નિવાસ કરતા. અને મોક્ષને અર્થે જતન કરતા; માટે તે બુદ્ધિશાળી.

૩. સંડાસ, પાયખાનું.

૪. **સુરતના ખાડા** : સુરતના પાયખાનાની પદ્ધતિ ઘૃણાસ્પદ હતી. પતરાંની મળપેટીઓ ભરાતી રહે ને તે પાછી ફરી બદલાતી રહે. એટલે એ ખાડા ક્યારેય સાફ ન થાય અને ગંધ જ માર્યા કરે.

સર્વ ક્રિયા કરવામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું તો દુઃખ ન થાય. ને સત્પુરુષનો રાજીપો જેવો સત્સંગે કરીને થાય છે એવો પદાર્થે કરીને થાતો નથી. ને જે એક ચેલામાં બંધાય તે પાંચ-દશમાં કેમ ન બંધાય ? ને જે ઘણા માણસમાં પણ ન બંધાય એ તો અતિ સમર્થની વાત છે. **॥૨૪॥**

એક જણ એક મંદિરમાં પાંચસે રૂપિયા મૂકીને ચાલ્યો ગયો; પણ એટલા રૂપિયા બેઠા બેઠા ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.**॥૨૫॥**

અને મોટાની આજ્ઞાએ કરીને કરવું તે તો જેમ ગણપતિએ ગાયની પ્રદક્ષિણા[૧] કરી એવું છે; ને મનનું ગમતું કરવું તે તો કાર્તિક સ્વામીની પેઠે પૃથ્વીની પ્રદક્ષિણા કરવા જેવું છે. માટે **આજ્ઞાએ જો થોડું કરે તો પણ ઘણું થાય છે, ને મનગમતું ઝાઝું કરે તો પણ થોડું થાય છે ને** જે આજ્ઞામાં ધર્મને ઘસારો આવતો હોય એવી આજ્ઞામાં તો ઘટે એમ કરવું. **॥૨૬॥**

અને શિવજી, પાર્વતી ને પોઠિયાના[૨] દૃષ્ટાંતે કરીને જગતનું કહ્યું

---

૧. **ગાયની પ્રદક્ષિણા** : ગણપતિ અને કાર્તિકેય બન્નેએ એક જ કન્યાને વિવાહ માટે વરણ કરી ત્યારે કન્યા કહે, "જે પૃથ્વીની પ્રદક્ષિણા કરી પ્રથમ આવે તેને જ હું વરીશ." આ સાંભળી પોતાનું વાહન મોર લઈને કાર્તિકેય તો ચાલી નીકળ્યા. પણ ગણપતિને પોતાના વજન અને ઉંદરની તાકાત પર વિચાર આવ્યો, 'હું શું કરું.' ઉંદર મને લઈને મોર જેટલી ઝડપથી આવી નહિ શકે." તે તત્કાળ માતા પાર્વતીજી પાસે ગયા. તેમણે કહ્યું, "વત્સ ! ગાય પૃથ્વીનું રૂપ છે તેની પ્રદક્ષિણા કરી લે." પછી ગણપતિએ માતાના વચનમાં વિશ્વાસ રાખીને ગાયની જ પ્રદક્ષિણા કરી તોપણ કન્યા તેમને વરી.

૨. **પોઠિયાનું દૃષ્ટાંત** : શંકર-પાર્વતી પોઠિયો લઈને જતા હતા ત્યારે લોકો કહે, "મૂર્ખ છે. આવો સરસ પોઠિયો છે છતાં પગે ચાલે છે." આ સાંભળીને બન્ને પોઠિયા પર બેઠા. આગળ ચાલતાં બીજું ગામ આવ્યું. લોકોએ જોયું. અને બોલ્યા "નિર્દય લાગે છે. થોડું આગળ જઈને પાર્વતીજીએ કહ્યું, "પતિદેવ તમે

INDEX

જે, એમાં કાંઈ પાધરું ન મળે. એ તો ગમે એમ કરે તેમાં પણ ખોટ કાઢે. માટે એ વાત સમજી રાખવી. ॥૨૭॥

અને બહુ ખપવાળો હોય તેનું સમું[1] રહે નીકર બહુ પ્રકારના શબ્દ આવે તે મૂળગો[2] ઘટી જાય. ॥૨૮॥

ભગવાનને સંભારીને જે જે ક્રિયા કરે છે, તોપણ તે નથી કરતો ને તે અકર્તા છે; ને તે વિના તો બેઠો છે તોપણ તે કર્તા છે. ને ભગવાનને સંભારીને ખાય છે, બોલે છે, જુએ છે, સૂએ છે, ચાલે છે ઇત્યાદિક જે જે ક્રિયા કરે છે તો પણ તે કાંઈ કરતો નથી ને તે તો અકર્તા છે. ॥૨૯॥

અને અંતરમાં ભજન કરતા શીખવું, તેણે કરીને વિષયના રાગ ઓછા થાય છે.॥૩૦॥

અને પ્રસાદીનું માહાત્મ્ય સમજતા હોઈએ, તો મોટાના ચરણની રજ લઈને માથે ચડાવવી; પણ રસેયુક્ત જે પ્રસાદી તે તો તેનો ગુણ જણાવે ને વિકાર પણ થાય છે. ॥૩૧॥

અને દ્રવ્ય છે તે તો પાંચે વિષયનું કારણ છે. તે મળે તેમ તેમ વિષયને અર્થે ઉદ્યમ થાય. ॥૩૨॥

જેના હૈયામાં જગત પ્રધાન હોય તે બીજાના હૈયામાંથી જગત શું કાઢશે ? નહિ જ કાઢે. ને તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ પોતાની

બેસો, હું પાછળ ચાલી આવું છું.'' ત્રીજું ગામ આવ્યું. લોકો કહે, ''લટ્ઠા જેવો પોઠિયો પર ચડ્યો ને ફૂલ જેવી બાઈને પગપાળા ચલાવે છે.'' શિવજી શરમાયા. પોતે ઊતરી ગયા અને પાર્વતીજીને બેસાર્યા. ચોથું ગામ આવ્યું. લોકોએ કહ્યું, ''કેવો કળિયુગ આવ્યો છે ! પતિ પગપાળા ચાલે છે અને પત્ની પોઠિયે ચડી બેઠી છે.'' અંતે કંટાળીને બન્નેએ પોતાની અનુકૂળતા પ્રમાણે રહેવાનું નક્કી કર્યું. આમ લોકોની ટીકા- ટીપ્પણી પર વિચાર ન કરવા.

૧. અનુકૂળ, સરખું.

૨. તદ્દન, મૂળમાંથી.

INDEX

સમજણ પ્રમાણે બીજાને સમજાવે. ને સૌને એમ છે જે મારા જેવું સમજે તો ઠીક. ॥૩૩॥

અને સંગ[૧] કરવામાં ને સત્સંગ કરવામાં[૨] પણ બહુ ભેદ છે. કેમ જે મહારાજનો સંગ કેટલાક સાધુએ કર્યો ને ગૃહસ્થે પણ કર્યો, પણ સમજણમાં અનંત ભેદ પડ્યા છે. ને સમાગમ કરવો ને ભેળું રહેવું તેમાં પણ ઘણો ફેર છે, જેમ ગાયના આઉમાં ઈતરડી રહે છે પણ તેને દૂધનો સ્વાદ આવતો નથી; ને વાછરું છે તે છેટે રહે છે તોપણ તેને દૂધનો સ્વાદ આવે છે. ॥૩૪॥

અને નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને[૩] જોવું, જે મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું. ॥૩૫॥

અને સત્સંગ કરવામાં ને સમજણમાં ઘણી કસર રહી જાય છે; કેમજે શ્રીજી મહારાજ વિરાજતા ત્યારે દર્શન થાતાં હોય એટલી વાર દશ-વીશ સાધુ તો ઘડી છેટે જાતા નહિ; ને ગમે એટલો થાક લાગ્યો હોય, પણ રાતે દર્શન થાતા હોય તો આખી રાત દર્શન કરતા; ને કેટલાક સુખે સૂઈ રહેતા. એમ સમજણમાં ઘણા ભેદ છે.॥૩૬॥

મુમુક્ષુને તો નિરતંર હોંકારા કરનારા[૪] જોઈએ; તે હોય તો પ્રભુ ભજાય, નીકર તો જેમ વાડામાંથી વાઘ બકરું ઉપાડી જાય એમ થાય.॥૩૭॥

અને બ્રહ્મર્ષિ[૫] ને રાજર્ષિ[૬] તેમાં બ્રહ્મર્ષિનો માર્ગ ઉત્તમ છે પણ તે કઠણ છે. ને રાજર્ષિનો માર્ગ મુખ્ય છે ને બહુધા એ જ પાર પડે એવો છે.

---

૧. સાથે રહેવું તે.
૨. સમજણ ને મહિમાપૂર્વક સાથે રહેવું તે.
૩. વારંવાર અંતર વિચાર કરીને.
૪. વાતો કરી આગળ વધવા માટે જાગૃત રાખનારા.
૫. તત્વ દ્રષ્ટા, બ્રહ્મવિદ્યા સાધેલ સંત, ઋષિ.
૬. તપ કરીને ઋષિ થયેલ ક્ષત્રિય રાજવંશ કે ક્ષત્રિય કુળનો ઋષિ.

INDEX

ને વિદ્યાઓ તો ઘણી છે પણ **ભણવા જેવી તો બ્રહ્મવિદ્યા છે, ને એમાં જ માલ છે.** ને અંતે એમ કર્યા વિના છૂટકો નથી; પણ જીવ એ માર્ગે ચાલતા નથી. ॥૩૮॥

મોટા સંતનો સમાગમ તો ભગવાન ભેળું રહેવું તે કરતાં પણ અધિક છે. કેમ જે ભગવાન તો મનુષ્યચરિત્ર કરે, તેથી સમજણની કસર હોય તો સંશય થઈ જાય ને અવળું પડે; માટે સાધુનો સમાગમ અધિક છે ને દશ હજાર રૂપિયા ખરચે તે કરતાં મંદિરના રોટલા ખાઈને સાધુનો સમાગમ કરે ને સમજવા માંડે તે અધિક છે; કેમ જે ઓલ્યાને દેશકાળ લાગે, પણ આને ન લાગે. તે મહારાજે પણ કહ્યું છે **જે, ''સત્સંગે કરીને વશ થાઉં છું એવો બીજે સાધને કરીને વશ થાતો નથી'** ને સત્સંગ કરે તો સંસારમાંથી પણ મુકાઈ જાય.॥૩૯॥

અને લખવું, ભણવું તે તો ઠીક છે; ને ભક્તિનું તો કાંઈ સરું[1] આવતું નથી; પણ નિયમ રાખીને બબ્બે ઘડી આત્મા અનાત્માનો વિચાર કરવા માંડે ને બબ્બે ઘડી રટણ કરે ને બબ્બે ઘડી વૃત્તિઓ રૂંધીને બંધ કરે ને બબ્બે ઘડી ભક્તિ કરે; તો એમ જણાય જે જીવ વૃદ્ધિ પામે છે તો ખરો; ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું[2] થાય છે.॥૪૦॥

અને સમાગમ કરવાની રીત કહી જે પ્રથમ તો એકાંતિક સાથે જીવ જોડવો. પછી એ સાધુ તો ભગવાનમાં રહેતા હોય તે ભગવાનના ગુણ સાધુમાં આવે, ને તે સાધુના ગુણ તે સમાગમ કરનારામાં આવે. પણ જીવ સારી પેઠે જોડે નહિ તો તેના ગુણ આવે નહિ અને એ વાત આજ કરો કે ગમે તો હજાર જન્મે કરો; પણ અંતે એમ કર્યા વિના છૂટકો નથી. ॥૪૧॥

અને આમ સમજાય તો આજ્ઞા પળે જે :—

---

૧. પાર, છેડો.

૨. નાની જ પાણીની સેર અખંડ વહેતી હોય તો ઘરો ભરાય, પણ પાણીનો ઘડો બીજે ત્રીજે દિવસે ઢોળી આવવાથી ઘરો ભરાય નહિ. (વચ.ગ.પ્ર. પ્ર. ૨૩)

INDEX

થરથર ધ્રુજત રહે વચનમેં ઇન્દ્ર મુનીંદ્રા,
થરથર ધ્રુજત રહે વચનમેં અવનિ[૧] અહીંદ્રા,[૨]
થરથર ધ્રુજત રહે વચનમેં શશિ અરુ સુરા,[૩]
થરથર ધ્રુજત રહે રૈન[૪] દિન કાળ હજુરા.[૫]
હરિ હર અજ[૬] આદિ સબે, રહત ભક્તિરત જાહિકી,
જન મુકુંદ મોહવશ મૂઢ નર, કરે ન અગ્યા તાહિકી.

એ આદિક મોટા મોટા આજ્ઞામાં વર્તે છે વળી :—

सर्वत्र जन्तोर्व्यसनावगत्या

એમ જીવ કર્મવશ થઈને અનંત દુઃખ ભોગવે છે એમ વિચારે તો પણ આજ્ઞામાં રહેવાય. એમ જ્ઞાનની તો અનેક રીત છે. ને વિષયનો પ્રસંગ રાખીને નિર્વાસનિક થવાની આશા તો ન જ રાખવી; એ વાત એમ જ છે. અને **આજ્ઞા લોપે તેના હૈયામાં સુખ ન રહે.** તે જેમ ચણા ને ઘઉં આદિકમાં હીમ પડે તે ઉપરથી તો હોય એવું દેખાય, પણ માંહીથી બીજ બળી જાય છે, એમ થાય છે. **॥૪૨॥**

અને આ જીવને માથે શાસ્તા[૭] વિના સ્વતંત્રપણે તો જીવ દેહનો જ કીડો થઈ રહે એવો છે. **॥૪૩॥**

અને મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, રોટલા ખાવા મળે છે પણ કદાચને તે ન મળે તો રાંધેલુ અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ; નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ; નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ; અથવા

૧. પૃથ્વી.
૨. શેષનાગ.
૩. સૂર્ય અને ચંદ્ર.
૪. રાત.
૫. સેવામાં હાજર.
૬. વિષ્ણુ, શંકર, બ્રહ્મા.
૭. નિયામક.

INDEX

લીંમડો ખાઈને, નહિ તો વાયુ ભક્ષણ કરીને પણ આ સમાગમ કર્યા જેવો છે. જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો સમાગમ નહિ કરે તો તેને તો બહુ ખોટ જાશે; એમ ઘણીક વાર્તા કરી. ॥૪૪॥

આવા સાધુની વાતોની ગતિ તો કાળના જેવી છે તે દેખાય જ નહિ; પણ અજ્ઞાન ટાળી નાખે. જેમ બાળમાંથી જુવાન થાય છે ને તે વૃદ્ધ થાય છે તે દેખાતું નથી; તેમ બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પે થાય છે તેટલું કામ આંહીં એક દિવસે થાય ને અક્ષરના મુક્તને પણ સમજવામાં કસર રહી ગઈ હોય, તો તેને પણ આંહી ભગવાનની ભેળું કસર ટાળવા આવવું પડે છે. માટે જેને કસર ટાળવી હોય, તેને તો આ બરોબર બીજો કોઈ સારો યોગ નથી. ॥૪૫॥

શ્રીજી મહારાજે આઠ મહિના સુધી સારંગપુર, કારિયાણી લોયા, ને પંચાળા વગેરેમાં સંતને પણ ભેળા રાખીને વાતો કરી ને મંડળ ફરીને આવે તેને પણ પંદર દિવસ મહિનો રાખીને વાતો કરતા. એમ કરે ત્યારે જ્ઞાન થાય છે; પણ તે વિના થાતું નથી. ॥૪૬॥

સંસારમાં સુખ જેવું જણાય છે, પણ તેમાં તો દુઃખ છે.જેમ શેરડીના સાંઠામાં ઈયળ પડે તે સુખ માને છે, પણ ચિચોડામાં[૧] ભૂકા નીસરશે. તે જેમ કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ[૨] ને પછી બંદૂકોની ગોળીઓ ખાવાની છે તેમ. ॥૪૭॥

અને ફિરંગી[૩] નિત્ય કવાયત[૪] કરાવે છે તેથી તેનાં માણસ બહુ ખબરદાર થાય છે તેમ જે કથા, વાર્તા, પ્રશ્ન, ઉત્તર કરવા-સાંભળવાનો

૧. શેરડી પીલવાનું યંત્ર.
૨. વૈદિક પદ્ધતિ અનુસાર ભાદરવા વદ પડવાથી આસો સુદ પડવા સુધી પિતૃઓને ખીર-દૂધપાકનું નૈવેદ્ય કરવામાં આવે છે.
૩. પરદેશી ગોરા.
૪. લશ્કરી તાલીમ.

અભ્યાસ રાખે તેનો જીવ વૃદ્ધિને પામે ને તેમાં બળ આવે, પણ તે વિના બળ ન આવે. પણ જે આળસુ થઈને બેસી રહે તેને શું સમાસ થાય ? ॥૪૮॥

અને મોટા હોય તેણે બીજાને હિંમત દેવાને અર્થે એમ વાત કરવી જે, એક દિવસ મને પણ જીહ્વા ઈંદ્રિયે છેતર્યો ને એક દિવસ નેત્રે છેતર્યો તે રૂપને જોવાઈ ગયું. તેમ જ સર્વે ઈંદ્રિયોનું કહેવું. ॥૪૯॥

અને પોતા થકી થોડું થાય તો થોડું કરવું ને હાથ જોડવા; પણ કપટ ન કરવું; ને આડુંઅવળું તરી જાવું નહિ, અને મોટા આગળ જો જીવ સરલપણે વર્તે તો સહેજે જ મોટા તેની ખબર રાખે તેમાં કાંઈ કહેવું પડે નહિ. ને જગતમાં પણ એમ રીત છે જે, જેનો થઈ રહે તેની ફિકર તેને રાખવી પડે છે. તેમ મોટા ખબર રાખે. ॥૫૦॥

અને અર્ધોઅર્ધ કથાવાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે. અને આ તો મોટાં કારખાનાં થયાં તે કાંઈ ખૂટે એમ તો છે નહિ. ॥૫૧॥

અને મંદવાડ આવે તેમાં જે કાયર થઈ જાય તેણે કરીને દુઃખ તો મટે નહિ; ને તેમાં જે હિંમત રાખતા તે મહારાજને ગમતું. ॥૫૨॥

અને પાંચ પ્રકારે સ્ત્રી ભોગવાય છે તેની વિક્તિ[૧] જેઃ ત્વચાએ, નેત્રે, કાને, જીભે ને મનમાં સંકલ્પે. ॥૫૩॥

સત્સંગમાં બરોબરિયાપણું સમજવું નહિ; ને બરોબરિયા થાવું નહિ; ને બરોબરિયા સમજવા એ જ ખોટ છે. ॥૫૪॥

કોઈ કૂવે પડવા જાતો હોય તેને આડાં હજારો માણસ ફરે, તો પડવા દે નહિ; તેમ સત્પુરુષ ને સત્શાસ્ત્રના બહુ શબ્દ સાંભળ્યા હોય તો વિષયમાર્ગથી રક્ષા કરે. ને ગમે એવું અવળું માણસ હોય તેને પણ વશ કરીએ; એ તો આવડ્યું જોઈએ. તેને નમી દઈએ, તેનું રાખીએ, તેને પૂછીએ, એ અનુસારે વશ કરીએ. એ તો કઠણ નથી. જો આપણે એના થઈ જઈએ તો તે આપણા થઈ જાય.॥૫૫॥

---

૧. વિગત.

INDEX

તપાસીને જુઓ તો **આ જીવ તો કેવળ પ્રકૃતિને જ ભજે છે.** પણ દેહ ગુજરાન ઉપર સુરત રહેતી નથી. ને અવશ્ય હોય એટલું તો કરવું પડે; પણ આ તો પ્રકૃતિને વશ થઈને બોલે છે, સાંભળે છે, જુએ છે, ખાય છે, ફરતો ફરે છે, બેસી રહે છે, સૂઈ રહે છે; ઇત્યાદિક સુવાણ[૧] કરે છે; પણ તેનો તપાસ કરતો નથી. તેને દરવાજાવાળા[૨] દેખે છે, ને બીજાને તો ગમ જ નથી. માટે અવશ્ય ઉપર સૂરત રાખીને પાછું વળવાનો સ્વભાવ રાખે, તો મોટા સાધુની પણ તેના ઉપર દૃષ્ટિ થાય ને પદાર્થના તો દિવસે દિવસે ઢગલા થાય છે, વળી થાશે, તે તો બંધ નહિ થાય; ને બંધ કરવું એ તો પૃથ્વી મઢાવવા જેવું કઠણ છે; ને ન ભોગવવું એ તો જોડા શિવડાવીને પહેરવા જેવું સુગમ છે. એ વિના બીજો ઉપાય નથી. ॥૫૬॥

અને સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મન ધાર્યું કરવું તે કનિષ્ઠ છે. મનગમતું કરતો હોય ને તે ત્યાગ રાખતો હોય ને આખા મંદિરનું કામ એકલો કરતો હોય ને ગમે એટલા માણસને સત્સંગ કરાવતો હોય તોપણ તે ન્યૂન છે. ને તેને **કોઈક દિવસ વિઘ્ન છે. ને જે ત્રણ ટાણાં** ખાતો હોય ને આળસુ હોય ને ઊંઘતો હોય એવી રીતના દોષે યુક્ત હોય,પણ જો તે પોતાનું મનગમતું મૂકીને સંત કહે તેમ કરે તો તે અધિક છે. **ને સંત કહે એમ કરવું એ નિર્ગુણ છે ને મનગમતું કરવું એ સગુણ છે** ને આ ત્યાગી બેઠા છે તેમાં પણ અર્ધા તો મનગમતું કરતા હશે ને ગૃહસ્થ પણ કેટલાક મનનું ધાર્યું કરે છે. ને જેનું દશ જણ પ્રમાણ કરે તે ખરો કહેવાય; પણ એકનું કહ્યું પ્રમાણ નહિ. ॥૫૭॥

સત્સંગમાં સ્ત્રીનો ત્યાગ કરે એવા તો ઘણા, **પણ દ્રવ્યને ખોટું કરાવનાર ને કરનાર એવા તો કોઈક જ હોય.** બાકી એની તો પુષ્ટિ જ થાશે; કેમ જે એમાં સર્વે વિષય રહ્યા છે. ને સત્સંગનો વ્યવહાર

---

૧. સુખ.

૨. જાણપણારૂપ ભગવાનના ધામનો દરવાજો. (ગ. અં પ્ર.૯)

પણ એથી જ ચાલે છે, માટે એને ખોટું કરાવનાર નહિ જ મળે; પણ એને ખોટું કરવું તેમાં નિત્યે એમ વિચાર કરવો જે એ પણ એક દિવસ મૂકવું પડશે. ॥૫૮॥

અને સ્ત્રી એ વીંછીનો કરડ[૧] છે ને દ્રવ્ય એ સર્પનો કરડ[૨] છે. ને શાસ્ત્રમાં વાત તો બીજમાત્ર હોય, પણ તેનું જ્ઞાન તો ગુરુ થકી જ સમજાય છે.॥૫૯॥

અને શાસ્ત્રમાં શ્રદ્ધા કહી છે, પણ તેમાં કેટલાક ભેદ છેઃ રાજસી, તામસી ને સાત્ત્વિકી. તે ગઢ, કોઠા કરાવે છે ઇત્યાદિક અનેક કામ કરે એ પણ શ્રદ્ધા કહેવાય. પણ તે શા કામની ? માટે **શાસ્ત્ર થકી પણ પોતાની જાણે તો સમજાય જ નહિ; માટે સત્પુરુષ અધિક છે.** ॥૬૦॥

જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે તેવો પોતાને સમજવાનો હોય ને **જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો હોય; તો કાંઈ કસર રહે જ નહિ.** ॥૬૧॥

શાસ્ત્રમાં તથા સત્પુરુષના કહ્યામાં એમ છે જે, મોટા રાજી થાય તો સર્વે કામ થાય; તે રાજી થયાના ઉપાય ચાર છે. તેની વિક્તિ જે, એક તો એને કાંઈ પદાર્થ જોતું હોય તે આપવું; બીજું તેના દેહની સેવા કરવી; ત્રીજું તેને આગળ હાથ જોડીને વિનય કરવો; ને **ચોથું એની અનુવૃત્તિ.[૩] તે અનુવૃત્તિમાં તો સર્વે વાત આવી જાય. એ જેવું બીજું નથી.** ॥૬૨॥

આપણે શ્રીજી મહારાજની કોઈ આજ્ઞા તરત રાજી થઈને માની

---

૧. કરડ એટલે ડંખ, વીંછીનો ડંખ બુમરાણ મચાવે. બધેજ જાહેર થાય, તેમ વ્યભિચાર કરનારનું પાપ ઢાંક્યું ન રહે.

૨. સાપ કરડે તો ધીમે ધીમે ઝેર ચડે છે. કોઈને ખ્યાલ ન આવે ને આંખો મીંચાઈ જાય છે. તેમ દ્રવ્યના સંકલ્પ દેખાય નહિ, પણ અનર્થમાત્ર તેનાથી જ થાય છે.

૩. સત્પુરુષ જેમ કહે તેમ સંશય રહિત થઈને કરવું તે.

નથી, કેમ જે આપણને સૂઝે નહિ ને બુદ્ધિ પણ પહોંચે નહિ; ને મહારાજને તો પૂર્વાપર સૂઝતું હોય. તે શી આજ્ઞા ? જે રાંધેલું અન્ન મોરે[૧] માગવાનું કહ્યું, તે કોઈએ માન્યું જ નહિ; તે પ્રથમ પોતે માગીને પછી મગાવ્યું. ને મંદિર કરવાનું કહ્યું તે કોઈ હા પાડે જ નહિ; પછી ભણવાનું કહ્યું તે કોઈ માનતા નહિ; ને પતર રાખવાનું કહ્યું તે પણ માને નહિ, એ આદિક સર્વે વચન પરાણે ઘણો ઘણો આગ્રહ કરીને મનાવ્યાં તે મહારાજ ને મોટા સાધુને તો પૂર્વાપર સૂઝે, પણ તે જીવને મનાય નહિ. ને વચન માનવાં ને ન માનવાં તેમાં પણ વિવેક રાખવો. તેમાં નારાયણદાસની[૨] વાત જે, ત્યાગ રાખતો તેમાં ખાવાનું કહ્યું ત્યારે ખાવા માંડ્યું તેમાં વિચાર નહિ; ને પછી તેમાં સંકોચ કરવાનું કહ્યું ત્યારે અન્ન મૂકી દીધું. વળી જોડા પહેરતો નહિ, તે પહેરવાનું કહ્યું તે જોડા પહેર્યા ત્યારે પગમાં કઠીને[૩] લોહી નીસર્યું પણ કાઢે નહિ ! એ માટે એમ ન કરવું ને વિવેક રાખવો. **॥૬૩॥**

અને મોટા સંતનો નિરંતર પ્રસંગ રાખવો, તેમાંથી કોઈક સમે કેવી વાત થઈ જાય. મનને મારવું, પણ તેનું કહ્યું ન કરવું. જેમ બકરાને મોઢામાં જવ ભરીને મારે છે[૪] તેમ કરવું, એમ મહારાજ કહેતા. ને ભગવાન ને મોટા સંત આગળ નમી દેવું, ને પોતાની સમજણ મૂકી દેવી; ને એ તો બહુ દયાળુ છે તે બહુ રક્ષા કરે. **॥૬૪॥**

ત્રણ પ્રકારના મનુષ્ય સત્સંગમાં છે તેની વિક્તિઃ જે **જ્ઞાન શીખે છે ને સેવા કરે છે તે વધતા જાય છે, ને દેહાભિમાન વધારે છે તે ઘટતો**

---

૧. પહેલા.

૨. નિયમપાલનમાં વિવેકરહિત, જડતાપૂર્વક વળગી રહેનારની.

૩. ખૂંચીને

૪. કસાઈ જાતિના લોકો બકરાને મારતાં પહેલાં તેને જવ ખવરાવે છે.

જાય છે, ને કેટલાક **તો બરાબર રહે છે ને વધતા-ઘટતા નથી** એ ત્રણ પ્રકારના છે, તેને મોટા સાધુ દેખે છે. અને દેહમાં બળ વધે તે ભગવાન તથા સંતને ગમે નહિ ને મુમુક્ષુને પણ તે જોઈને દાઝ થાય. **॥૬૫॥**

આ જીવને જેટલું અંતરે સુખ રહે છે કે અન્ન-વસ્ત્ર મળે છે તે સર્વે મોટા સંતની દૃષ્ટિ વડે છે; પણ જીવ પોતામાં માલ માનીને આચાર્યને તથા મોટા સાધુને ઓશિયાળા કરે છે; પણ પોતે ઓશિયાળો[૧] થાતો નથી, પણ જો મોટા સાધુની દૃષ્ટિ જરાક ફરે, તો ચાંડાળ જેવું અંતઃકરણ થઈ જાય ને સુખ પણ રહે નહિ. **॥૬૬॥**

અને ત્રણ પ્રકારનાં દુઃખ કહેવાય છે તેમાં પણ હમણાં બે દુઃખ નથી, તે **અધિભૂત** જે કોઈ મારતું નથી; ને **અધિદૈવ** જે કાળ પડતો નથી; હવે તો **અધ્યાત્મ** જે મનની પીડા તે રહ્યું છે; તે ટાળવાનો હેતુ તો જ્ઞાન છે તે હોય તો દુઃખ ન થાય; એનો બીજો ઉપાય નથી. **॥૬૭॥**

અને મોટા સમૈયામાં મોટાં મોટાં કેટલાંક શહેરના સામાન આવે તેમાંથી જીવ માંહિથી કેટલું ત્યાગ કરે ! ને સારો હોય તે પણ ભોગવવા મંડે, ને ત્યાગ ન થાય તેનું દુઃખ પણ થાય ને જીવ માંહીથી હાર્યા પણ પામી જાય; માટે જેટલું વિષયથી છેટું રહેશે તેટલું જ સારું રહેશે. ને ત્રણ પ્રકારનો ત્યાગ, તેની વિક્તિ જે, કાંઈક જણસ[૨] વેંચાય તે **આસન બેઠાં આપે તો લે,** ને બીજો તો **ઊઠીને લેવા જાય,** ને ત્રીજો તો પોતાને **ન આવે તો કહેશે જે મુને કેમ આપ્યું નહિ ?** એ ત્રણે ભેદ છે. ને મળે તો તેનો પણ ત્યાગ કરે એ ભેદ ચોથો છે. **ને મોટાનો સંગ હોય ને વિષયનો સંબંધ ન હોય તો જ આ જીવનું સારું રહે,** ને મોટા શહેરની કાચી રસોઈ ને બીજી પાકી રસોઈ એ બેય બરોબર થાય.**॥૬૮॥**

---

૧. ગરજુ.

૨. વસ્તુ, ચીજ.

શિક્ષાપત્રીમાં[૧] કહ્યું છે જે, 'પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થાય તેવું વચન પોતાના ગુરુનું પણ ન માનવું'' એમાં એમ સમજવું જે, સ્ત્રી, દ્રવ્ય, સ્વાદ-સ્નેહ, માન ઈત્યાદિકનો યોગ થાય અથવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિકને ઘસારો આવે એવું વચન માનવું નહિ. ને **સત્સંગની પ્રથામાં તો આજ્ઞા મુખ્ય છે.** તે ઠેકાણે તો એમ સમજવું જે બહુધા તો રુચિ અનુસારે જ પ્રેરે છે ને પ્રેરાય છે. ને સનકાદિકને[૨] જોડીએ તોય ન જોડાય; ને મરીચ્યાદિકને[૩] મુકાવીએ તોપણ મૂકે નહિ, ને ભરતજીને વિઘ્ન થયું તોપણ પાછા સ્મૃતિયે ઝાલ્યા. એમ મોટાના શબ્દ પેઠા હોય તે સહાય કરે છે, તે કોઈ વખત આંખ છેતરે, કોઈ વખત કાન છેતરે. ને જીભ, ત્વચા આદિક છેતરે, પણ પાછા ખબરદાર થાવું; પણ હારી જાવું નહિ. **ને સુખનું ઠેકાણું ને ભાગવાની બારી તો એક જ સારા સાધુનો સમાગમ છે.** પણ તે વિના તો ક્યાંય સુખ શાંતિ કે સમાસ થયાનું ઠેકાણું બીજું નથી. ॥૬૯॥

પ્રેમાનંદ સ્વામીને શ્રીજી મહારાજ રાજી થઈને કહે જે, ''માગો'' ત્યારે તેમણે માગ્યું જે, ''તમારી મૂર્તિ અખંડ રહે'' ત્યારે મહારાજ કહે, ''આતો રાજીપો જુદો છે, તે તો તેનાં સાધન કરો તો થાય તે વિના થાય નહિ.''॥૭૦॥

અને આ લોકમાં બે દુઃખ છે તે **અન્ન-વસ્ત્ર ન મળે કે ન પચે,** ને તે વિનાનું દુઃખ તો અજ્ઞાનનું જ છે.॥૭૧॥

---

૧. શિક્ષાપત્રી શ્લોક ૧૮૦.

૨. બ્રહ્માના ચાર માનસપુત્ર ઋષિઓ : સનક, સનાતન, સનંદન, સનત્કુમાર. તેઓ હંમેશા બાળક જેવા જ દેખાય છે.

૩. યજ્ઞ યજ્ઞાદિ કર્મકાંડના ઋષિઓ : મરીચિ, અત્રિ, અંગિરસ, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ.

અને સ્ત્રી જાતમાત્રનો વિશ્વાસ ન કરવો; તે જાતિમાં મહારાજે બેને વખાણી; ને તેમાં પણ દોષ કહ્યા છે, તે સીતા તેણે લક્ષ્મણજીને વચન માર્યા,[૧] ને દ્રૌપદી તેને વચને[૨] ભારત થયું. **॥૭૨॥**

એકલી ભક્તિએ કરીને દેહ દમાય નહિ ને બળ પણ ઘટે નહિ; એ તો જ્ઞાન ને વિચાર બેય જોઈએ.ને દાખડો તો ખેડુ ઘણા કરે છે તે બળિયા થાતા જાય છે. **॥૭૩॥**

શ્રીજી મહારાજ કહેતા જે, "કાળા ભૂત જેવા ને કોટમાં ઊતરિયું;[૩] ને રૂડા રૂપાળા હોય ને પહેરવા લૂગડું ન મળે ! વળી શૂરવીરના શિંગડાં[૪]ની

---

૧. **લક્ષ્મણજીને વચન માર્યા** :- વનવાસ દરમ્યાન રામજીને સીતાજીથી વિખૂટા પાડવા માટે રાવણની યોજનાનુસાર મારીચ સુવર્ણ મૃગ બનીને આવ્યો. સીતાજીની સુવર્ણ મૃગની માંગણીને પૂરી કરવા રામજી તેની પાછળ પાછળ દૂર જતા રહ્યા અને અને જ્યારે રામે બાણ માર્યુ ત્યારે મારીચ "દોડજે લક્ષ્મણ" એમ રામજીના સ્વરમાં બોલ્યો. તે સાંભળી ને ચોંકી ઊઠેલા સીતાજી લક્ષ્મણને સહાયતા માટે જવા આજ્ઞા કરે છે, છતાં શ્રીરામના પરાક્રમને જાણતાં લક્ષ્મણ જવા તૈયાર ન થતાં સીતાજીએ વાગ્વજ્રનો પ્રહાર કર્યો, "તારા મનમાં એમ હશે કે રામ મરશે તો હું સીતાને વરીશ; પણ યાદ રાખજે. મરી જઈશ પણ હું તને નહિ વરું." આ સાંભળીને લક્ષ્મણ પર્ણકૂટી છોડીને ગયા અને પાછળથી રાવણ સીતાજીને ઉપાડી ગયો અને રામ-રાવણ વચ્ચે ભયંકર યુદ્ધ થયું.

૨. **દ્રોપદી, તેને વચને** :- પાંડવોએ જળમાં સ્થળ અને સ્થળમાં જળ દેખાય એવી અલૌકિક કરામતવાળો "ઈન્દ્રપ્રસ્થ" રાજમહેલ બનાવ્યો હતો. તેને જોવા કૌરવો આવ્યા ત્યારે સ્થળમાં જળ માનીને દુર્યોધન ઊંચા કપડાં કરીને ચાલ્યો અને આગળ સ્થળમાં જળ હતું તેમાં 'ધબ' દઈને પડ્યો ત્યારે દ્રૌપદીએ વચન માર્યા, "અંધના તો અંધ જ હોયને !"

આ વાગ્વજ્ર દુર્યોધનના હૃદયને ચીરીને આરપાર નીકળી ગયું. તેણે પાંડવોને રાજ્યથી દૂર કરવા જુગારનું ષડયંત્ર ગોઠવ્યું. ૧૨ વર્ષના વનવાસના અંતે મહાભારતનું મહાભયંકર ઘમસાણ યુદ્ધ થયું.

૩. સોનાનો દાગીના.

૪. શૂરવીરોમાં/શૂરવીરતામાં

તલવારને મ્યાન ન મળે ! ને ફોશીના રાજા[૧] હોય ને સો રૂપિયાનો મહિનો !'' તે તો સર્વે પ્રારબ્ધ છે. ॥૭૪॥

અને બાપાના હૈયામાં સ્ત્રી છે તે છોકરાને પરણાવે છે; ને સાધુના હૈયામાં ભગવાન છે તે જીવના હૈયામાં ઘાલે છે.॥૭૫॥

અને મહારાજે વચનામૃતમાં પોતાનું રહસ્ય, અભિપ્રાય, રુચિ, સિદ્ધાંત આદિક ઘણા શબ્દ કહ્યા છે, તે ઉપર સુરત[૨] રાખીને ચાલવું એ જ કરવાનું છે. ॥૭૬॥

અને વડોદરાનો ચાંદલો[૩] કોઈકને આવે ત્યારે સર્વે તેનાં મોટાં ભાગ્ય માને; તેમ આપણે તો પુરુષોત્તમ નારાયણનો ચાંદલો આવ્યો છે માટે આપણે તેનો કેફ રાખવો.॥૭૭॥

આ જીવ વિશ્વાભિમાની, તૈજસાભિમાની ને પ્રાજ્ઞાભિમાની એ ત્રણ દેહમાં ત્રણ ગુણમય વર્તે છે; પણ તેથી પર ગુણાતીત વર્તવું. ને બ્રહ્મરૂપ થાવા માંડે તેને સુખ થાતું જાય છે. જેમ તડકામાંથી બળતો આવે ને ઝાડને છાંયે બેસે ને શાંતિ થાવા માંડે, ને વળી જેમ ટાઢ વાતી હોય તે અગ્નિએ તાપે ને સુખ થાય, ને વળી જેમ ભૂખ્યો હોય ને તે ખાવા પીવા માંડે તેમ ભૂખ-તરસ જાયે ને સુખ થાય, તેમ બ્રહ્મરૂપ થાવામાં સુખ રહ્યું છે. ॥૭૮॥

આ જીવને ભગવાન સન્મુખ ચાલવામાં અંતરાયરૂપ આડા ગઢ છે. તેની વિક્તિ જે, આ લોકમાં નાતીલા, કુટુંબી, મા-બાપ, સ્ત્રી, દ્રવ્ય, ઇન્દ્રિયો ને અંતઃકરણ; એ ગઢ છે. ॥૭૯॥

અને બે પ્રકારનાં માણસ મંદિરમાં ને મંડળમાં છે:તેમાં એક તો પોતે જ રહ્યો હોય, ને એકને તો રાખવો પડે એવો હોય; તે બેમાં પોતાનું તપાસવું. ॥૮૦॥

---

૧. અત્યંત ડરપોક.

૨. ધ્યાન, લક્ષ્ય.

૩. વડોદરાના રાજય તરફથી લગ્નનું માગું.

અને આપણે આ લોક ને આ લોકના પદાર્થને કરોડ ગાઉનું છેટું છે, પણ આ સર્વે કારખાનાં કરીએ છીએ, પદાર્થ રાખીએ છીએ તે તો શું કરીએ ? સ્થાન વિના આટલા માણસને ક્યાં રહેવું ? ને મંદિરમાં ચાર પાંચ મોટેરા હોય તેમાં કોઈને રજ હોય, ને કોઈને તમ હોય, તે સૌને પોતાની પ્રકૃતિ પ્રમાણે સૂઝે; બાકી તેમાં મોક્ષભાગી પણ હોય તેને મળવું. ને જેને સત્ત્વગુણ પ્રધાન હોય તેને સારું સૂઝે ને મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો એની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય. ને માણસ રાજાને, સિપાઈને ને જમાદારને એવા અવળાને પણ રાજી કરે છે, **તો આ સાધુ તો તરત રાજી થઈ જાય એવા છે. ॥૮૧॥**

અને ભગવાન તથા મોટા સાધુને જીવ આપી દીધો હોય એવો થયો હોય તેને પણ જ્ઞાન શીખવું; ને તે શીખ્યા વિના તો ન આવડે. **ને મહારાજનો એ જ મત જે જ્ઞાની થાવું;** બાકી બીજું તો થાય છે ને થાશે; પણ એ કરવાનું અવશ્ય છે. ને કોઈ રીતે કોઈ પદાર્થે આ જીવનું પૂરું થાય નહિ, ને જ્ઞાન થાય તો કાંઈ અધૂરું જ ન રહે. **॥૮૨॥**

આ જીવે કરોડો કલ્પ થયાં મનગમતું જ કર્યું છે. તે એટલા કલ્પ પણ કહેવાય તો નહિ. પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું. ને **આજ્ઞામાં યુક્તિ ન કરવી.** ને આવે એટલું ભોગવવું નહિ. ને ત્યાગ કરતા રહેજો એમ સર્વેને કહ્યું. **॥૮૩॥**

મહારાજે ધુધીબાજ[૧] માર્ગ ચલાવ્યો છે, તે શું ? જે મંદિર, મેડીઓ, ઘોડાં, ગાડાં આદિક અનેક વાતો પ્રવર્તાવી છે, પણ પોતાનો સિદ્ધાંત જે કરવાનું છે તે મૂકી દીધું નથી. તે સિદ્ધાંત એ જે, **નિર્વાસનિક થાવું ને ભગવાનમાં જોડાવું.** પછી ગમે તે કામ કરો, ગૃહસ્થાશ્રમમાં રહો કે ત્યાગી થાઓ; **પણ અંતે કરવાનું એ છે. ॥૮૪॥**

અને ભક્તિનું પ્રધાનપણું અંતરમાં રહે છે ને તેના સંકલ્પ જેમ થાય છે તેમ ભગવાનનું પ્રધાનપણું ને તેના સંકલ્પ નથી થાતા; ને

૧. સર્વક્ષેત્રને સ્પર્શતો, સારો અને વખાણવા લાયક.

INDEX

જ્ઞાનના, ઉપાસનાના ને ભગવાનમાં હેત કરવાના પણ નથી થાતા; તે કરવાં. ॥૮૫॥

અને મોઢામાં ખાવામાં હેઠલા દાંત સાંબેલા ને ઉપલા દાંત ખાંડણિયા છે; પણ તેનો તપાસ કર્યા વિના ગમ પડતી નથી. **તેમ જ દેહ તથા આત્મા જુદા છે, પણ વિચાર્યા વિના ગમ પડતી નથી.** અને તપાસી જુએ તો જણાય છે જે, સો વર્ષ મોર નાતમાં કોઈ નહોતું ને વળી સો વર્ષ કેડે કોઈ નહિ રહે. ॥૮૬॥

આ સત્સંગમાં ને મંદિરમાં અનેક પ્રકારનાં મનુષ્ય છે. તેમાં કેટલાંક તો માંહી રહ્યા થકા શત્રુ[૧] છે, ને કેટલાક પિતરાઈ,[૨] ને દાડિયા[૩] જેવા છે, ને સાથી[૪] જેવા છે, મેમાન[૫] જેવા છે, સગાં[૬] જેવા છે, દીકરા[૭] જેવા છે ને કેટલાક તો ધણી[૮] જેવા છે; એટલા ભેદ છે. ॥૮૭॥

અને સૌ કોઈ કાંઈક આધાર વડે સુખી રહે છે, પણ **ભગવાન ને આત્મા એ બે વતે સુખી થાવું.** બાકી અનેક પ્રકારના આધાર મૂકી દેવા. ॥૮૮॥

અને ભગવાનને તો આ લોક કાંઈ ગણતીમાં જ નથી; એ તો સર્વે ધૂળનું જ છે. તેમાં કોઈક પદાર્થ આવ્યું કે ગયું, કે કોઈક વાત સુધરી કે

---

૧. મંદિરનું બગડતું હોય તો બગડવા દે, સુધરતુ હોય તો બગાડે, બીજાને તેમ કરવા પ્રેરે.

૨. મંદિરનું વાપરે, ભાગ પડાવે, હક જમાવે, દાવો માંડે.

૩. મંદિરની ક્રિયા કરે, પણ બાંધેલી મુદતે; સમય પૂરો થાય કે તરત અધૂરું છોડી જતા રહે.

૪. મંદિરમાં લાંબી મુદતે સેવામાં રહે, પણ પોતાનું શરીર પહેલું સાચવે.

૫. મંદિરનું સુધરે કે બગડે, કશો હરખ-શોક ન થાય કે ન એમાં માથું મારે; મોજમાં રહે.

૬. મંદિરનું બગડતું દેખી કચવાય, બીજાને ઠપકો આપે; પણ પોતે સુધારવાનો વિચાર ન કરે કે પ્રવૃત્ત ન થાય.

૭. ઉજાગરો વેઠીને પણ મંદિરના માલિકને મદદ કરે.

૮. પ્રાણના ભોગે મંદિરને અને સત્સંગને સાચવે, પણ શરીરની દરકાર ન કરે.

બગડી, કે કોઈક કામ થયું કે ન થયું, એની કાંઈ પણ ગણતી નથી. એ તો આપણને માલ મનાય છે; પણ જે ડાહ્યો હોય તેને જેમ ધૂળમાં માલ મનાતો નથી તેમ ભગવાનની દૃષ્ટિએ તો આ લોક, ભોગ સર્વે ધૂળ જ છે ને મોટા સંતની પણ એવી જ સમજણ છે. ॥૮૯॥

આગ્રામાં કરોડ રૂપિયાનું કબ્રસ્તાન છે, ને મુંબઈમાં મચ્છીમારના ઘરમાં કરોડો રૂપિયા છે. માટે ઝાઝું દ્રવ્ય થાય એ વાત કાંઈ મોટાની ગણતીમાં નથી; ને એમાં માલ ન માનવો. ॥૯૦॥

અને જો રુચિ સારી બંધાણી હોય ને વિષયમાં પણ તણાતો ન હોય, પણ **તેમાં રુચિનું બળવાનપણું હોય તો કસર ટળાવે. ને વાસના બળવાન હોય તો વિષય આપે** ને અંતે તો મુકાવે; અને મોટા આગળ જે ધર્મમાં શિથિલ હોય તે સર્વે દબાય કે નહિ ? તેનો ઉત્તર કર્યો જે, દૈવી હોય તે દબાય ને આસુરી હોય તે ન દબાય. ॥૯૧॥

અને એકાંતિક **સાધુ વિના બીજા કોઈને જીવનું** સાચું હેત કરતાં આવડે નહિ. ને બીજા તો હેત કરે તે ઈન્દ્રિયોનું પોષણ કરે, તેમાં તો મૂળગું અવળું થાય. ॥૯૨॥

અને લાખનો ત્યાગ કરીને એકને રાખવા. ને મહારાજ પણ એમ કહેતાં જે, ''પાંડવોએ સર્વેનો ત્યાગ કરીને એક શ્રીકૃષ્ણને રાખ્યા;'' એમ છે તે જાણવું.॥૯૩॥

અને મૂર્ખનો સંગ ન કરવો; કેમ જે ''મૂર્ખ ચાકર હતો તેણે રાજાને બાટી આપી'' એમ મહારાજ કહેતા. ॥૯૪॥

અને કલ્યાણનો ખપ કેવો રાખ્યો જોઈએ ? જે ઓગણો તેરા કાળમાં ભીમનાથમાં રાંક માગવા આવતાં ને કરગરતાં, તે ધક્કા મારે પણ જાય નહિ; એવો ખપ રાખવો. ॥૯૫॥

અને ચાર ઘાંટીઓ[૧] છે. તેને ઉલ્લંઘવી એ કરવાનું છે. તેમાં એક તો **ભગવાનની ઉપાસના સમજવી,** બીજું **સાધુ ઓળખવા, ત્રીજું, દેહ-આત્મા જુદા સમજવા.** ને ચોથું **ઉત્તમ ભોગમાંથી રાગ ટાળવો;** તે કરવું. તેમાં સર્વેનું કારણ સાધુ છે. **॥૯૬॥**

અને મહારાજને ગમતી રુચિ કર્યા વિના જો ભગવાનનું સુખ મળશે તો પણ ભોગવાશે નહિ; જેમ માંદાને સારું મળે તો પણ ભોગવાય નહિ તેમ પુરુષોત્તમનું જ્ઞાન થયું છે ને તેને વાસનાએ કરીને વિષય મળશે, તો તેમાંથી બહુ દુઃખ થાશે; પણ તેનું સુખ નહિ આવે. ને આવરદા લાંબી તે મરાય નહિ. **॥૯૭॥**

અને આ લોકનો આ જીવને ફેર ચડી ગયો છે. તે વાત સાંભળે ત્યારે જેમ પાણી ઉપર શેવાળમાં[૨] લાકડી મારે તે નોખું થઈને પાછું ભેળું થઈ જાય છે; તેમ આ લોકમાં પાછું ભળી જવાય છે, એવો આ જીવનો ઢાળો છે. **॥૯૮॥**

અને આજ્ઞા પળે એટલી વાસના બળે. તે આજ્ઞા કઈ જે શિક્ષાપત્રી, નિષ્કામશુદ્ધિ, ધર્મામૃત તે પાળીને વાસના ટાળવી. ને મનના ઘાટ બંધ કરવા એ તો કઠણ છે. પણ સ્થૂળ દેહે વર્તવું ને આજ્ઞા પાળવી એ તો થાય એવું છે; ને તેમાં ફેર પાડે એટલો કુસંગ છે.**॥૯૯॥**

અને કોઈક મરે ત્યારે કાંઈક થડકો[૩] થાય; ને પછી આ લોકમાં પદાર્થ, મનુષ્ય, રૂપિયા એ આદિકને દેખે તે પાછું ભૂલી જાય. ને જે **જ્ઞાની હોય તેને તો નિરંતર એમ વર્તે. ને આજ્ઞા પાળવી, પણ લોપવી નહિ. તે આજ્ઞા મુખ્ય પણે તો ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે વર્તવું.** ને મોટાનો સમાગમ કરવો. ને સેવા કરવાનું કહે છે તે સર્વમાં મુખ્ય સેવા તે શું ? જે **મોટા**

૧. અડચણ, મુશ્કેલી, ગૂંચવણ, ડુંગરાળ રસ્તો.

૨. કૂવા, નદી કે તળાવમાં ઘણા સમયથી ન વપરાયેલા પાણીમાં થતી વનસ્પતિ. ઉ. ડ૨.

એકાંતિકની અનુવૃત્તિ મન, કર્મ વચને રાખવી એવી બીજી કોઈ સેવા નથી.॥૧૦૦॥

અને જ્યાંથી અચાનક ઉચાળા ભરવા[1] તે ઠેકાણે ઉદ્યમ કરે છે, ને જ્યાંથી કોટિ કલ્પે પણ ઉચાળા ન ભરવા તેને અર્થે ઉદ્યમ નહિ; એ જ અજ્ઞાન છે. **॥૧૦૧॥**

અને વ્યવહાર માર્ગતો કાંઈ કઠણ જ નથી; એ તો સૌને આવડે; પણ **જ્ઞાન માર્ગ સમજવો ને એ માર્ગે ચાલવું એ જ કઠણ છે; ને કરવાનું પણ એ જ છે. ॥૧૦૨॥**

અને કપાળમાં ચાંદલો કરીને દર્પણમાં જુએ, ત્યારે સામો પણ દેખાય; તેમ **જેટલું આજ સમજાય તેટલું દેહ મૂક્યા પછી કામમાં આવશે. ॥૧૦૩॥**

અને ઉત્તમ તો **શાસ્ત્રમાંથી સમજી લે;** ને મધ્યમ તો સાધુ થકી વાતે કરીને સમજે; ને કનિષ્ટ તો કાળે કરીને સમજે. અને મુક્ત, મુમુક્ષુ ને વિષયી; એ ત્રણેને ક્રિયા વિષે ભેદ છે; ને કોઈક ક્રિયા કરવામાં પોતાને મૂંઝવણ થાય તો કહેવું જે, "મને કાંઈ બીજું બતાવો," પણ મૂંઝાવું નહિ. **॥૧૦૪॥**

આ જીવને મૂઆ સુધી પણ આ લોકના મનસૂબા છે, પણ તે મૂકવા; ને પરલોકના કરવા; ને **આત્મા ને પરમાત્મા એ બે વાત મુખ્ય રાખવી. એમ મહારાજનો મત છે;** પણ એ વાતની પુષ્ટિના શબ્દ બહુ થોડા આવે, ને ત્યાગના, ભક્તિના ને ધર્મના એ આદિકના હજાર શબ્દ આવે; તેથી પણ એ માર્ગે ચલાતું નથી. પણ સિદ્ધાંત તો એ જ કરવાનું મહારાજ કહે છે. **॥૧૦૫॥**

અને ચોખ્ખું જ્ઞાન થવાનું કહ્યું; જે બે, ચાર, પાંચ જણ એક રુચિવાળા, બે ચાર, પાંચ વર્ષ સુધી એકાંત સ્થળમાં નિરંતર ગોષ્ટિ કરે તો આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય. **॥૧૦૬॥**

---

૧. ઘરબાર ખાલી કરીને બીજે જવું. (મૃત્યું) ?

INDEX

અને કુરૂપવાન સ્ત્રીમાં મન તણાય નહિ ને રૂપવાન સ્ત્રીમાં મન તણાય છે, એવો જીવનો સ્વભાવ છે. ને માલ તો એ બેયમાં એક જ છે, પણ તેમાં રૂપવાન સ્ત્રી જેવી બંધનકારી છે તેવી કુરૂપવાન સ્ત્રી બંધનકારી નથી. તેમજ સારું ઘોડું તેમાં દુઃખ છે એવું ઊતરતામાં નથી; કેમ જે પડીએ તો થોડું વાગે ને બાજરો, ખડ પણ થોડાં જોઈએ, ને તેનું ઝાઝું રક્ષણ પણ કરવું ન પડે. તેમજ સારું ખાવામાં, સારાં લૂગડામાં એ આદિક અનેક વિષય છે. ને સર્વેમાં જેવું સારામાં બંધન છે એવું ઊતરતામાં નથી; પણ જીવને જ્યાં સુધી રાગ છે ને જ્ઞાનની કસર હોય ત્યાં સુધી આ વાત સમજાય નહિ. ને પદાર્થનો વિચાર આદ્ય **અંત્યનો કરવો, પણ મધ્યમાં ન જોવું. મધ્યમાં તો મોહ રહ્યો છે એ અજ્ઞાન છે. ॥૧૦૭॥**

અને ઉપાસના ચોખ્ખી સમજવી, ને મહારાજનું સર્વકારણપણું સમજવું, ને પૂર્વના અવતાર કરતાં આજ તો સાધુ-સત્સંગીમાં ઘણું સામર્થ્ય છે. ને પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભક્તમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિંયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિંયાય ત્યારે તેને લીખ[1] આવે; એમ ભેદ છે. ને વળી જેમ વડનું ઝાડ ને તુવેરનું ઝાડ એમ ભેદ છે. વળી શ્રીજી મહારાજ કહેતા જે, "શ્રીકૃષ્ણે તો અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ એવાં નામ પાડ્યાં; અને અમે તો નિત્યાનંદ, નિર્ગુણાનંદ ને અક્ષરાનંદ એવાં નામ પાડ્યાં." વળી જેમ દિલ્હીના બાદશાહનું નામ શેરખાં ને બીજા કોઈકનું નામ શેરખાં એમ અવતારમાં ભેદ છે. **॥૧૦૮॥**

અને જેમ જેમ વાત સાંભળે તેમ તેમ અંતઃકરણ શુદ્ધ થાય છે, ને જેમ જેમ અંતઃકરણ શુદ્ધ થાય તેમ તેમ વાત સમજાય ને સુખ પણ થાય. **॥૧૦૯॥**

મહારાજે તેરા ગામથી કાગળ લખાવ્યો જે, "વર્ષ દહાડામાં એક મહિનો સર્વે સાધુ-સત્સંગીને મુક્તાનંદ સ્વામીની વાત સાંભળવી,

---

૧. માથામાં મેલમાં થતા જંતુની પ્રથમ અવસ્થા.

INDEX

ને બાઈઓ સૌને મોટી ડોશીઓની વાતો સાંભળવી. ને જે એમ નહિ કરે તેને વિઘ્ન થાશે. ને સંસારનું બંધન થાશે.'' તે શું ? પણ તે કરતાં અનંતગણું બંધન કાપીને સર્વનિવાસાનંદ[૨] સ્વામીએ મોટાનો સમાગમ કર્યો.॥૧૧૦॥

અને સર્વ કરતાં સંત મોટા; તેનો મહિમા કહ્યો. તેની વિક્તિ જે, સર્વ કરતાં પૃથ્વી મોટી ને તેથી જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ, પ્રધાનપુરુષ, ને મૂળ પ્રકૃતિપુરુષ ને અક્ષર સુધી એક બીજાથી મોટા છે. ને તે સર્વેના આધાર ભગવાન છે. એવા મોટા ભગવાન તેને સંત પોતાના હૃદયમાં અખંડ ધારી રહ્યા છે માટે તે સંત મોટા છે. ॥૧૧૧॥

મુમુક્ષુ છે તે નેત્રને ઠેકાણે છે ને સમાગમ છે તે સૂર્યને ઠેકાણે છે; તે સૂર્ય હોય તો નેત્રે દેખાય. ને ગમે એવા સંસ્કાર હોય તો પણ સમાગમ વિના ટળી જાય, ને સમાગમ હોય તો સંસ્કાર ન હોય, તો પણ થાય. માટે **ક્રિયમાણ**[૨] **બળવાન** છે. ॥૧૧૨॥

અને સંસારમાં ચોટ્યા વિના તો રહેવાય જ નહિ, પણ જો સારા સાધુનો નિરંતર સમાગમ રાખે તો ઊખડાય, નીકર ચોટી જવાય. ॥૧૧૩॥

અને વિષયનો સંબંધ થયા મોર તો બકરાની પેઠે બીવું, ને તે સંબંધ થઈ જાય તો ત્યાં સિંહ થાવું. ॥૧૧૪॥

અને જીવનો સ્વભાવ બદ્ધ છે તે ત્યાગીમાં બંધાય ને ગૃહસ્થમાં પણ બંધાય; પદાર્થમાં બંધાય ને દેશમાં ને ગામમાં બંધાય. આસનમાં

---

૧. **સર્વનિવાસાનંદ સ્વામી** :- પ્રથમ અમદાવાદ દેશમાં રહેતા હતા. એકવાર ગોપાળાનંદ સ્વામી ત્યાં પધાર્યા ત્યારે ખૂબ વાતો કરી તે અંતરમાં ટાઢું થઈ ગયું અને તેઓ શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે જવા તૈયાર થયા ત્યારે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું કે, ''અહીં રહો તો ૨૦ જોડી ચરણારવિંદ આપીએ અને મહંત બનાવીએ; અહીં શી ખોટ છે ?'' ત્યારે સ્વામી કહે, ''બધું જ છે, પણ ગોપાળાનંદ સ્વામી નથી.'' એમ કહીને વરતાલ આવ્યા અને ખૂબ સમાગમ કર્યો. (૩/૧૧૦)

૨. વર્તમાનકાળે આચરવામાં આવતા કર્મ.

બંધાય ને જ્યાં એક ઠેકાણે રહે ત્યાં બંધાય; ને નાત જાતમાં બંધાય. એવાં અનંત ઠેકાણાં બંધાવાનાં છે તે સારુ તો ટોપીવાળો કોઈને એક ઠેકાણે રહેવા દેતો નથી.[૧] ॥૧૧૫॥

અને વિષયને માર્ગે આંધળા થાવું, બહેરા થાવું, લૂલા થાવું; પણ આસક્ત ન થાવું. ॥૧૧૬॥

અને આ બ્રહ્માંડના સર્વ જીવને ખવરાવવું તે કરતાં એક ભગવદીયને જમાડવો એ અધિક છે. ॥૧૧૭॥

અને ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા[૨] તે શું ? જે ટાઢી અગ્નિ એવા વિષય ભૂંડા છે. ॥૧૧૮॥

અને મહારાજ કહેતા જે,"હરિભક્ત કોઈ રીતે સુખિયા થાતા નથી.તે જો રૂપિયા આપીએ તો દર્શન કરવા નવરા થાતા નથી, ને ગરીબ રાખીએ તો કહેશે જે ભાતું ન મળે ને શું દર્શને જઈએ ? માટે બેય વાતે જીવ ભગવાનને ભજતા નથી. તે સારું ચાર ઉપાય કરીએ છીએ. તે **''સામ''** જે વાતું કરીએ છીએ; ને **''દામ''** જે ભગવાન આપીએ છીએ, ને **''ભેદ''** જે સર્વે ખોટું કહીએ છીએ; ને **''દંડ''** જે જમપુરીનાં દુઃખ દેખાડીએ છીએ; એમ કરીએ છીએ.''॥૧૧૯॥

સત્સંગમાં કેટલાક મુક્ત છે, તેમાં કેટલાક ભેદ છે. તેમાં કેટલાક મુક્ત તો મંદિર, મેડીઓ ને ધર્મશાળા કરાવે એવા છે; ને કેટલાક ખેતર,

---

૧. અંગ્રેજી અમલદારોને જુદાં જુદાં સ્થાને મુકવામાં આવે છે તે.

૨. શ્રીજી મહારાજે પરમહંસો માટે કસવા-ઘડવા-અનેક પ્રકરણો ફેરવ્યા હતા તેમાંથી છ રસનો ત્યાગ રખાવીને ખટરસનાં વર્તમાન પળાવ્યાં ત્યારે તીવ્ર મંદ વૈરાગ્યવાળા પણ સો નભતા રહ્યા. અને જ્યારે એ પ્રકરણ બંધ કરાવ્યું અને મિષ્ટાન્ન શરૂ કર્યા ત્યારે ઇન્દ્રિયોનું બળ વધી ગયું તેથી સત્સંગમાંથી ખસી ગયા.
અને જે અતિ વૈરાગ્યવાળા હતા તેને સારાં સારાં ભોજનની અરુચિ હોવાથી સત્સંગ છોડીને જતા રહ્યા એમ પણ કહેવાય છે.પરંતુ પ્રથમ કહ્યું તે વલણ જ ઉચિત જણાય છે.

વાડી, બાગ- બગીચા કરે એવા છે; ને કેટલાક તો દ્રવ્યનું ઉપાર્જન કરે એવા હોય; ને કેટલાક ગામ-ગરાસ કરે એવા હોય. એ સર્વ પ્રકારના મુકત તો ગણાય; પણ આવા મુક્ત થોડા જે **ઉપાસના, આજ્ઞા ને જ્ઞાન** એ ત્રણ વાતો પ્રવર્તાવે પણ માલ તો એ ત્રણ વાતમાં જ છે. ને ધર્મ ને વૈરાગ્ય તો તેના પેટામાં આવી જાય, ને બીજું પણ ઉપાર્જન એ ત્રણ વાતનું મુખ્યપણું રાખે તો સહેજે થાય. ને આ વાત વારેવારે વિચારીને નિરધાર[૧] કર્યો છે તે કહ્યો. **॥૧૨૦॥**

મોટા સાધુ સાથે જીવ બાંધ્યો હોય ને તેને કોઈક દેશકાળ લાગે ને સત્સંગમાંથી જાવું પડે એવું હોય, તો પણ તેનું પ્રાયશ્ચિત કરવાનું એ સંત પોતાને માથે લે, અથવા એને પ્રાયશ્ચિત કરવાનું બળ આપે, અથવા છેલ્લી વારે એને રોગ પ્રેરીને પણ સત્સંગમાં રાખે; પણ એને જાવા દે નહિ. **॥૧૨૧॥**

અને કારખાનાં કરવાની રીતિ મહારાજે કહેલ જે "સાવજ[૨] હોય તે દિવસમાં ત્રણ તલપ[૩] નાખે ને તેમાં આહાર મળે તે ખાય; ને નારડા (વરુ) છે તે તો આખો દિવસ દોડતાં ફરે." તેમ કારખાનું કરવું તે સાવજની પેઠે એક મહિનો કરવું; ને પછી પાછું છ મહિને કે વર્ષદહાડે બીજું કરવું; પણ નારડાની પેઠે નિરંતર બારે માસ ન કરવું એમ કહ્યું હતું. **॥૧૨૨॥**

અને પ્રતિલોમપણે હૃદયમાં સંકલ્પ સામું જોવું, તથા પ્રતિલોમપણે ભગવાનનું ધ્યાન કરવું; ને તેમાં જ સુખ છે. પણ **પ્રતિલોમ[૪] જેવો બીજો સુખનો ઉપાય નથી, માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો; એ સિદ્ધાંત વાત છે.** તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે. ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે; ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી. **॥૧૨૩॥**

---

૧. નિશ્ચય.
૨. સિંહ.
૩. શિકાર માટે કૂદકો.
૪. પાછી વૃત્તિ વાળવી. અંતર્વૃત્તિ કરી તપાસવું.

અને બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે દશ દશ મૂર્તિઓ છે, તેમાં છ સગુણ ને ચાર નિર્ગુણ. તે એવા અનંત કોટિ બ્રહ્માંડ છે, **ને સર્વ બ્રહ્માંડોમાં અનંત કોટાન કોટિ ભગવાનની મૂર્તિઓ છે; એ સર્વના કારણ સ્વામિનારાયણ ભગવાન છે એમ સમજવું. ॥૧૨૪॥**

જ્યાં સુધી દાઢી-મૂછ ન ઊગી હોય ત્યાં સુધી તેમાં સ્ત્રીનો ભાવ કહેવાય; તે સારું એવા સામું દૃષ્ટિ માંડીને જોવું નહિ. ને એવા સામું જોયા કરે તો સ્ત્રી સામું પણ જોવાય; માટે એવામાં હેત ન કરવું. **॥૧૨૫॥**

અને ત્રણ વાત સર્વ કરતાં મુખ્ય રાખવી, બાકી બીજા ગુણ જે ત્યાગ વૈરાગ્યાદિક તે તો કોઈને થોડા હોય ને કોઈને વધુ હોય. તેની વિક્તિઃ એક તો **ઉપાસના,** બીજું **આજ્ઞા,** ને ત્રીજું **ભગવદીય સાથે સુહૃદપણું; એ ત્રણ અવશ્ય રાખવાં.** તે ત્રણે જેમાં હોય તે મોટાને ગમે. **॥૧૨૬॥**

પૂર્વે એક સદ્‌ગુરુ પાસે એક મુમુક્ષુ દ્રવ્ય લઈને ગયો, ને પૂછ્યું જે, "આ દ્રવ્યનું કેમ કરવું છે ?" ત્યારે તે ગુરુ કહે જે, "જો દ્રવ્ય તું રાખે કે હું રાખું કે કોઈને આપીએ તો તે સર્વેનું ભૂંડું કરે એવું છે" એમ કહીને ગંગામાં નખાવ્યું. **॥૧૨૭॥**

અને મોટા પાસે નિષ્કપટ થવામાં બહુ લાભ છે. તે એક જણને રૂપ દેખાઈ ગયું, તેનો આકાર બંધાઈ ગયો પછી તેણે મોટા સંત પાસે કહ્યું; ત્યારે તે સંતે મહારાજની સ્મૃતિએ કરીને ટાળી નાખ્યું. **॥૧૨૮॥**

અને સ્મૃતિ સહિત ને સ્મૃતિ રહિતમાં કેમ ભેદ છે ? જેમ ભર્યું માણસ ને ઠાલું[1] માણસ, ભર્યું ગાડું ને ઠાલું ગાડું; તેમ તેનું ચાલવું, બોલવું, જોવું, સાંભળવું, ખાવું ઇત્યાદિક ક્રિયામાં ભેદ છે. **॥૧૨૯॥**

મોટાનો મહિમા જીવને સમજવો કઠણ છે; કેમ જે બ્રહ્માંડની પણ ગણતી નહિ, ને વળી આ લોકના તુચ્છ પદાર્થની પણ સંભાવના રાખે, તે એ વાત કેમ સમજાય ? **॥૧૩૦॥**

---

૧. ખાલી.

મોટા એકાંતિક ક્રિયા કરાવે ને બીજા કરાવે તેમાં ભેદ છે. કેમ જે મોટા ક્રિયા કરાવે તેમાં બંધાવા દે નહિ ને તેનો ફેર ચડાવી દે નહિ તેનો નિષેધ કર્યા કરે. ને બીજા તો કરાવે એટલું તેના હૈયામાં ભેગું થઈને ખડકાય[૧], ને નવરા રહે તો પણ તેના મનસૂબા કર્યા કરે, ને અંતરમાં ગોટા વળાવે. તે કરનાર કરે એટલા દહાડા તો તેના ઉપર સર્વ હેત બહુ કરે, પણ તેથી જ્ઞાન વિના જો કાંઈક આડું અવળું થઈ જાય તો તેને માથે સંસ્કાર કરાવે. ને **મોટા ક્રિયા કરાવે તે તો જેમ બકરાને ખવરાવીને સાવજ આગળ રાખે; તેમાં તોલ[૨] વધે નહિ એમ કરાવે.** એવી રીતે ભેદ છે. પણ એ વાત સમજાય નહિ. **॥૧૩૧॥**

અને મહારાજ બેઠા બેઠા વાત કરતા હોય ને કેટલાક સૂઈ રહેતા, તેના પશ્ચાત્તાપ સારું તો જે જાગતા હોય તેને મહારાજ કેટલીક વાર મળતા. એમ શ્રદ્ધાવાળાને સુખ આપતા. **॥૧૩૨॥**

અને સેવા તો પોતાની શ્રદ્ધા પ્રમાણે થાય તે કરવી, પણ અસેવા તો ન કરવી. તે અસેવા તે શું ? જે અવગુણ લેવો. **॥૧૩૩॥**

આ જીવને માખીમાંથી સૂર્ય કરવો છે, તે દાખડા વિના થાય નહિ ને તે તો ગુરુ ને શિષ્ય એ બેયને શ્રદ્ધા જોઈએ. **॥૧૩૪॥**

જીવ-પ્રાણીમાત્રના મનને રહેવાનું ઠેકાણું મહારાજે કહ્યું: "પુરુષનું મન સ્ત્રીના અંગમાં છે ને સ્ત્રીનું મન પુરુષના અંગમાં છે." **॥૧૩૫॥**

અને દેહ પોતે નથી તે સાક્ષાત્ દેખાય છે, ને **દેહ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે. ॥૧૩૬॥**

મહારાજની મરજીથી જે અવળાઈ કરે તેને આખા બ્રહ્માંડની ઉપાધિમાં જોડે; ને વધારે વાંકો ચાલે તો તેને અનંત બ્રહ્માંડની ઉપાધિમાં

---

૧. ગોઠવાય, ભરાય.

૨. વજન.

INDEX

જોડશે, પછી તેમાં હેત થાશે. ને ત્યાં તો આજ્ઞા કરે તો કોઈનો ભાર નહિ જે ના પાડી શકે; તે જેમ રાજાનો હુકમ વસ્તીથી ફેરવાય નહિ તેમ છે. ને આંહીં તો મનુષ્યભાવ રહે તેથી મનાય નહિ. **॥૧૩૭॥**

અને ભગવાનમાં મન રાખે એવા થોડા, બાકી તો આખા મંદિરનો વ્યવહાર ચલાવે એવા પણ ખરા. ને કદાપિ ભગવાનમાં મન ન રહે તોપણ નિરંતર કથા-વાર્તા કરવી. ને તે કથા વાર્તામાં મન રાખવું; તે પણ નિરંતર એવો સંગ જોઈએ નીકર તો એવું ન થાય. તે સારુ આ ક્રિયા પ્રવર્તાવી છે. તે જે કરે તેમાં ભગવાનનો સંબંધ એ પણ માર્ગ છે. બાકી **સિદ્ધાંત તો ભગવાનમાં મન રાખવું એ કરવાનું છે.** તે તો મરણિયો થાય ત્યારે એ વાત થાય છે. **॥૧૩૮॥**

અને સોમલખારનું[1] દૃષ્ટાંત જે : ગમે એવો હેતુ હોય, ને તે કહેશે જે બે પૈસાભાર ખાઓ; તોપણ તે મનાય નહિ તેમ **વિષયનું રૂપ છે એવું જણાય તો ભોગવાય નહિ. ॥૧૩૯॥**

જ્યારે ભગવાન રાજી થાય ત્યારે તેને બુદ્ધિ સાથે જોડે છે. કાં મોટા સાધુનો સંગ આપે છે. ને જ્યાં સુધી જે પુરુષને વિષે રજ, તમ રહ્યા છે ને એમાં ધર્માદિક ગુણ જણાય છે, પણ તેની એક સ્થિતિ રહેતી નથી. એમ પંચમ સ્કંધમાં કહ્યું છે. **॥૧૪૦॥**

અને દ્રવ્યનું પ્રધાનપણું ન થાય એવા તો માણસ થોડા જ નીકળે ને જેને શ્રીજી મહારાજ સામી નજર હોય તેને પ્રધાન ન થાય તે કહ્યું છે જેઃ

એવી કોણ વસ્તુ છે આ ભૂમાં[2] તેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં'' એવાને દ્રવ્ય પ્રધાન ન થાય બાકી તો સર્વેને થાય. **॥૧૪૧॥**

---

૧. ઝેરી પદાર્થ.

૨. પૃથ્વીમાં.

અને ચૈતન્યાનંદ સ્વામી[૧] કેવા મોટા ? તેને પણ બાલમુકુંદાનંદ સ્વામી મળ્યા ત્યારે જ સર્વે ખોટ દેખાણી ને પછી મૂકી. તે એવાને પણ રહી જાય, તો બીજાને રહે એમાં શું ? માટે **મોટા પુરુષનો મન, કર્મ વચને સમાગમ થયા વિના ખોટ દેખાય નહિ ને ટળે પણ નહિ; એ સિદ્ધાંત વાર્તા છે.** ને ચૈતન્યાનંદ સ્વામીની પેઠે અક્ષરાનંદ સ્વામી[૨] તથા સર્વનિવાસાનંદ સ્વામીની[૩] પણ વાત છે. **॥૧૪૨॥**

---

૧. **ચૈતન્યાનંદ સ્વામી** :- પરમ ચૈતન્યાનંદ સ્વામી સદ્‌ગુરુ કોટિના એક મોટા સંત હતા. પણ તેમનો માન-મોભો બહુજ ઊંચો હતો. મહારાજની જેમ જ તેમની ઢોલિયો-થાળ વિગેરે વ્યવસ્થા સચવાતી. શ્રીજી મહારાજની બાજુમાં તેમનું આસન થતું; તેમના સ્વભાવને જરા પણ આંચ આવે તો ઉદાસ થઈ જતા. એક વાર ઘેલામાં જળઝીલણીના ઉત્સવમાં કોઈએ તેમને બોલાવ્યા નહિ તેથી ઉદાસ થઈ ગયા. ત્યારે બાલમુકુંદ સ્વામીએ ખૂબ ખૂબ સેવા કરીને તેમને વશ કરીને કહ્યું, "આપણે ક્યાં મોટ્યપ મેળવવા આવ્યા છીએ !" હેતને કારણે તેમને વાત મનાઈ ગઈ. અને પછી ગોપાળાનંદ સ્વામીની પાસે લઈ ગયા. અને ઠાઠમાઠ છોડીને સરળ-સાદા સંત થઈ ગયા અને કહ્યું, "બાર વરસ ગુરુ રહ્યો અને બાર વરસ સદ્‌ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજ થયો."

૨. **અક્ષરાનંદ સ્વામી** :- સતત ૧૨-૧૨ વર્ષ સુધી પર્વતભાઈનું સાંતી હાંકીને મહારાજની આજ્ઞા અક્ષરશઃ પાલન કરનારા ગરાસિયા રાજાભાઈને શ્રીજી મહારાજે વરતાલ ઉત્સવ સમયે દીક્ષા આપી"અક્ષરાનંદ સ્વામી"નામ આપ્યું અને તરત જ વરતાલ મંદિરના મહંત કર્યા ત્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામીને માઠું લાગ્યું કે કાલના આવ્યા તેને મહંત કર્યા ?
પછી જ્યારે શ્રી રઘુવીરજી મહારાજે વરતાલની મહંતાઈ બદલીને ગોપાળાનંદ સ્વામીના શિષ્ય સુપર્ણાનંદ સ્વામીને આપીને સ્વામીને બુધેજ મોકલ્યા ત્યારે મૂંઝવણ થઈ. પછી જ્યારે જુનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીની સાંખ્યની વાતો સાંભળી ત્યારે હૃદયમાં ટાઢક થઈ.

૩. **સર્વનિવાસાનંદ સ્વામી** :- તે વચનામૃતના મહાન જ્ઞાતા હતા; પણ જ્યારે સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ ગઢડા પ્રથમનું ૨૦મું વચનામૃત સમજાવ્યું ત્યારે ખોટ સમજાણી.

અને દેહ પડી ગયો એટલે શું થયું ? પણ જીવ ક્યાં મરે છે ? એ તો **સાધુ થવું ને સાધુતા શીખવી ને સ્વભાવ મૂકવા એ કરવાનું છે.** પણ મરી ગયા એટલે થઈ રહ્યું, ને કરવું બાકી ન રહ્યું એમ ન સમજવું. **॥૧૪૩॥**

આપણામાં ક્રિયાએ કરીને કે પદાર્થે કરીને કે હવેલીઓએ કરીને મોટપ ન સમજવી, **ને આપણામાં તો ધર્માદિકે કરીને મોટપ છે. ॥૧૪૪॥**

કદાપિ માળા ફેરવતાં આવડી તેણે કરીને શું થયું ? પણ જ્ઞાન જેવો તો કોઈ માલ જ નથી; **ને જ્ઞાન વિના તો સર્વે કાચું છે. ॥૧૪૫॥**

આપણા દેહનાં પૂર્વનાં હાડકાં આપણી આગળ પડ્યાં હોય પણ તેની આપણને ખબર ન પડે. **॥૧૪૬॥**

અને દ્રવ્ય ને આ દેહ; એ બે ઉપર સર્વે વ્યવહાર છે; એ બેને ખોટું ખોટું કરીએ છીએ તે ખોટું કેમ થાય ? એમ કહીને વળી કહે જે, છે તો એમ જ, જે દ્રવ્ય ને આ દેહ એ બેય ખોટાં છે. ને વારંવાર એવા શબ્દને સાંભળવા તેણે કરીને અર્ધું તો ખોટું થઈ જાય, પછી તેને ધક્કો ન લાગે. ને ખોટું કહીએ છીએ ને વળી વચમાં આ કામ આવે તે કરતાં જઈએ છીએ તે પણ ખોટું છે. **॥૧૪૭॥**

અને જળ, અગ્નિ, ને વાયુ; એ સર્વેને હાથ પગ છે, પણ તે આપણને દેખાતા નથી. તે જળ તાણે છે ને અગ્નિ બાળે છે ને વાયુ ઠેલે છે. એમ મહારાજે કહ્યું. **॥૧૪૮॥**

માન-અપમાનમાં પોતાને અક્ષર માનવું. જે આપણાથી કોઈ મોટો નથી; માટે કેની પાસે માન-અપમાન માનવું ? **॥૧૪૯॥**

અને ગાય છે તે વાછડાની મા કહેવાય, પણ તેને દૂધનું સુખ તો એક જ ઠેકાણે આંચળમાં આવે પણ બીજા અંગમાં ન આવે. તેમ ભક્તિ તો સર્વે કહેવાય, પણ ખરું **સુખ તો ભગવાનની મૂર્તિમાંથી આવે. એવું બીજેથી ન આવે. ॥૧૫૦॥**

અને ''ગાડે ન બેસવું'' તેવો પ્રબંધ[૧] કરીને મહારાજે સંતને પગે લગાડ્યા હતા. **॥૧૫૧॥**

જીવ કર્મવશ થઈને દુઃખનું સહન કરે, એમ પોતાના કલ્યાણને અર્થે ન કરે. તે જો વીંછી કરડ્યો હોય તો આખી રાત જાગે ને એ અનુસારે[૨] ઘણી વાતો છે. **॥૧૫૨॥**

ગમે એવું ઉત્તમ સ્થાન હોય તેમાં જઈને રહે. તોપણ જીવ વૃદ્ધિ પામે નહિ; એ તો **સારા સંતને સંગે જ સમાસ થાય પણ તે વિના ન થાય.॥૧૫૩॥**

અને આ **લોક, શાસ્ત્ર ને અનુભવ;** એ ત્રણમાં મળતું ને ન મળતું તેની વાત મહારાજે કહી જે, ''પરણીને સ્ત્રી રાખે તે ત્રણેયમાં મળતું, ને વ્યભિચાર કરે તે લોકમાં ન મળે, હૈયામાં ન મળે ને શાસ્ત્રમાં પણ ન મળે; ને હૈયામાં સુખ ન રહે. તેમ જ નાતમાં જમે તે ત્રણેમાં મળતું ને વટલે તે ત્રણેમાં ન મળતું. એમ તપાસ કરવો, એ વેદ પ્રમાણે વાત છે.'' **॥૧૫૪॥**

અને શ્રીજી મહારાજે કહ્યું હતું જે, 'આપત્કાળ આવે તો લીલા ખડને દંડવત્ કરજો, તેમાં રહીને પણ હું સહાય કરીશ.' **॥૧૫૫॥**

શ્રીજી મહારાજે અનેક પ્રકરણ ફેરવીને સાધુને વર્તાવ્યા, ને અનેક પ્રકરણ ફેરવીને પ્રવર્તાવ્યાં તેનો વિચાર કરવો; તેમાંથી મુમુક્ષુને કેટલુંક ગ્રહણ કરવાનું છે. તે ધ્યાન કરવાના પ્રકરણમાં, ધૂન કરવામાં ને કીર્તનમાં થાકવું નહિ. ને મનને ગમતું ન કરવું, ને ન ખાવું એ બહુ આકરું કહેવાય. ને ક્રોધનું ખંડન, દંડવત કરવા, ને ગાડે ન બેસવું એ આદિક પંચવિષયનું ખંડન ને અનેક પ્રકારે ધર્માદિક ગુણનું પ્રતિપાદન, એ સર્વેનો તપાસ કરવો. ને ઉત્થાન ઓળખવાનું[૩] પ્રકરણ એ સર્વે પ્રકરણનો વિચાર કરીને વર્તવું. **॥૧૫૬॥**

---

૧. નિયમ.

૨. પ્રમાણે.

૩. સંકલ્પનું ઉદ્ભવસ્થાન.

અને સત્સંગમાંથી પડાય નહિ તે વાત શ્રીજી મહારાજે કહી હતી જે, 'સર્વે સત્સંગીની સાથે જીવ બાંધે તો ન પડે એમ કહીને ય પછી તો ''ઓછા ઓછા'' કહેતાં છેલ્લી વારે કહે જે **''બે સારા સાધુ તથા ચાર સારા સત્સંગી સાથે જીવ બાંધ્યો હોય તો ન પડે; ને તે વિના તો દેશકાળે પડે ખરો.''॥૧૫૭॥**

અને પાંચ વાતે સાનુકૂળ હોય ત્યારે પ્રભુ ભજાય. તે **સંગ, શાસ્ત્ર, શ્રદ્ધા, રૂડો દેશ ને રૂડો કાળ. ॥૧૫૮॥**

અને આપણે તો બહુ મોટો લાભ થયો છે, ને બહુ મોટી પ્રાપ્તિ થઈ છે; પણ આપણને સમજાતું નથી. તે જેમ પૃથ્વીનો રાજા હોય તેનો છોકરો અલ્પ પદાર્થ સારુ રૂવે; તેમ જ આપણને મહારાજનો ને મોટા સંતનો સંબંધ થયો છે, પણ આ લોકનાં અલ્પ પદાર્થ ન મળે કે નાશ પામે તેનો શોક થાય, કે તે સારુ દિલગીર થવાય, તેને આ વાત સમજાતી નથી. **॥૧૫૯॥**

એક તો આખા દિવસમાં આખો કોટ[1] ચણીને ઊભો કરે, ને એક તો તે કોટમાં એક કાંકરી નાખે તે પડી જાય; એ બેમાં અંતે એ ચણનારો થાકશે; તેનો સિદ્ધાંત જે, આખો દિવસ વ્યવહાર કરે ને એક ઘડી સત્પુરુષની વાત સાંભળે, તો તેથી સર્વે ખોટું થઈ જાય. **॥૧૬૦॥**

અને જ્યાં સુધી પોતાને પુરુષ મનાશે ત્યાં સુધી તેને સ્ત્રી જોઈશે, ને જ્યાં સુધી પોતાને સ્ત્રી મનાશે ત્યાં સુધી તેને પુરુષ જોઈશે. ને ગમે ત્યાં જાશે પણ એમ રહેશે. માટે કહ્યું છે જે, **બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરવી. ॥૧૬૧॥**

અને અક્ષર, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ને આ લોકમાં એકાંતિક પાસે; એ ચાર ઠેકાણે માયા નથી ને કજિયો નથી; બાકી સર્વ ઠેકાણે માયા ને કજિયો છે.**॥૧૬૨॥**

---

૧. રક્ષણ માટેની ઊંચી દીવાલ.

અને સુખમાં દુઃખ દેખવું એ ઝાઝાને સૂઝે નહિ; એ તો સૂક્ષ્મ વાત છે. તે શું ? જે રસોઈઓ તથા બહુ સન્માન આદિક તેમાં તો વૃત્તિઓ ફાટી જાય એવાં છે. ને તેમાં સુખ દેખાય છે; પણ સુખ તો મોટાનો સમાગમ થાય એટલું જ; બાકી નહિ.**॥૧૬૩॥**

અને જ્ઞાન વિના તો સુખ ન થાય. ને ભક્તિ કરે તેને મોટા હોય તે હાર આપે કે થાળ આપે, પણ તેણે કરીને સંકલ્પ ઓછા ન થાય; માટે સમજણ તો જોઈએ ખરી. એમ વાત કરી.**॥૧૬૪॥**

વળી એટલું તો એમ સમજવું જે, જો વિષયમાં સુખ હોય તો તેની આપણને મહારાજ બાંધી[૧] શા સારુ કરે ? માટે એમાં તો સુખ જ નથી. ને એમાં સુખ મનાય છે એ અજ્ઞાન છે. ને મોટા મોટા એ માર્ગે ચાલતા નથી. **॥૧૬૫॥**

સત્સંગમાં અનેક વાતો સમજવાની છે; તેમાં મુખ્ય ઉપાસના, બાકી ધર્મ રાખવો; **ને વચનામૃત આદિક શાસ્ત્રનો અભ્યાસ રાખવો. ॥૧૬૬॥**

અને મૂંઝવણ ટાળ્યાનો ઉપાય જે કાળની ગતિ જાણવી, જન્મ-મૃત્યુનું દુઃખ વિચારવું, ભગવાનનો મહિમા વિચારવો; વળી આપણું કોઈ નથી ને આપણે કોઈના નથી; વળી આત્મા તો ત્રણ દેહથી વિલક્ષણ છે; એમ જ્ઞાનીને તો અનંત લોચન[૨] છે, ને મૂંઝવણ ટાળ્યાના પણ અનેક ઉપાય છે. ને મૂંઝવણ પણ અનેક પ્રકારની છે. **॥૧૬૭॥**

પ્રથમ કાંઈ નહોતું ને આટલાં કારખાનાં થયા ને હજી થાય છે, ને વળી થાશે; એ તો વધતું જ જાશે; પણ મુખ્ય તો **કથા, વાર્તા, ધ્યાન મોટા સંતનો સમાગમ** એ જ કરવાનું છે. **॥૧૬૮॥**

અને અંતરદૃષ્ટિ કરીને હૈયામાં જોવું, ને તે વિના તો ગુણ-દોષ યથાર્થ ન સૂઝે. **ને અંતરદ્રષ્ટિ કરવી એ જ નિર્ગુણપણું છે. ને**

---

૧. નિષેધ.

૨. લોચન એટલે દ્રષ્ટિ, જ્ઞાની સુખદુઃખ માન અપમાન વગેરેમાં સ્થિરતા ધારી શકે છે.

INDEX

બાહ્યદ્રષ્ટિમાં સગુણપણું છે. વળી બાહ્યદૃષ્ટિ દૈત્યની કહી છે. ને અંતરદૃષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય; જેમ ચકમક ખરે તે ખેરતાં[૧] દેવતા કળીમાં[૨] લાગી જાય છે. એમ કોઈ દિવસ પ્રકાશ થઈ જાય એ સિદ્ધાંત વાત છે.**॥૧૬૯॥**

વરતાલમાં કથા થઈ તે ફેરે ઘણા દિવસ સુધી પ્રતિલોમ કરવાની વાતો કરી ને કરાવી. એવી રીતનો અભ્યાસ-કરવા, સાંભળવાનો-નિરંતર રાખે, ત્યારે તે વાત સમજાય ને તે માર્ગે ચલાય; પણ તે વિના થાય નહિ.**॥૧૭૦॥**

અને ઉપાસના સમજવી જે કોટાનકોટિ ભગવાનના અવતાર જે શ્રીકૃષ્ણ, રામચંદ્ર, વાસુદેવ, નરનારાયણ ઇત્યાદિક સર્વેના કારણ મહારાજ છે. ને પૂર્વે અવતાર થઈ ગયા એવા તો આજ સત્સંગી ને સાધુ છે; પણ આપણને મહિમા પૂરો સમજાતો નથી. ને શ્રીકૃષ્ણે કેટલુંય જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ! ને આજ તો વીશ વીશ વર્ષના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈ ત્યાગી થઈ સાંભળી નથી, ને આજ તો હજારો બાઈઓ ત્યાગી થાય છે ! ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા તે શાસ્ત્રમાં લખ્યું છે; ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે ! ને બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે; ને પુરુષોત્તમ તો ચિંતામણિ છે. **॥૧૭૧॥**

અને ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને મોટા મોટા એકાંતિક સાધુને પણ એમ સમજવા; તે બરોબર કોઈ સાધન નથી. તે વચનામૃતમાં કહ્યું છે એમ ચાર શાસ્ત્રે કરીને સમજવું. તથા સ્વરૂપનિર્ણયમાં[૩] કહ્યું છે એમ સર્વ પ્રકારે નિર્બન્ધપણે ને નિર્દોષપણે સમજવું તે આત્યંતિક પ્રલય

---

૧. ખેરવતા.

૨. રૂની પુણી

૩. ગ.પ્ર.૫૨માં સ્વરૂપનિર્ણયની વાત છે. સદ્‌ગુરુ ઉત્તમાનંદ સ્વામી વિરચિત સ્વરૂપનિર્ણય ગ્રંથ.

INDEX

જે જ્ઞાનપ્રલય કરવાનો છે ત્યાં સુધી સમજવાનું છે. તે જેને આત્યંતિક પ્રલય થયો હોય તે સાથે જોડાય ત્યારે તેથી થાય. ॥૧૭૨॥

અને ગમે એવા હોય તેને પણ સેવાએ કરીને કે પદાર્થે કરીને રાજી કરીએ. ને પદાર્થે કરીને રાજી ન થાય એવા તો કૃપાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી; એ કોઈ રીતે ન જીતાય. કેમ જે એને તો સેવા કે કોઈ પદાર્થ જોઈએ નહિ; પણ તે એક ઉપાયે જીતાય, જે એના આગળ દીન[૧] થાવું ને હાથ જોડવા એવો બીજો ઉપાય નથી. ॥૧૭૩॥

અને ક્રિયાનું પ્રધાનપણું થઈ ગયું છે. તેથી જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, મહિમા ને ઉપાસના તેની વાત કરે છે કોણ ? ને સાંભળે છે કોણ ? પણ કથાવાર્તા કરતાં કરતાં થાય તે કરવું ને તે કરતાં થયું તે થયું ને બાકી ન થાય તે રહ્યું. પણ મુખ્ય તો એ જ કરવું; ને બાકી તો ફેર ચડી જાય છે. ને આ તો ગમે એટલું કરો પણ રાત્રિપ્રલયમાં સર્વનાશ પામી જાશે. ॥૧૭૪॥

અને સભાની વાત બહુધા[૨] લાગે નહિ; એ તો એકાંતમાં પૂછવું, સાંભળવું ત્યારે સમાસ થાય છે. **ને સમાગમ કરે તેનો સંગ લાગે ત્યારે તે સમાગમ કર્યો કહેવાય.** તે જેમ પાણી લાગે છે[૩] એમ જ્યારે સંગ લાગે ત્યારે તેના તો અવયવ ફરી જાય.[૪] ને સંગ તો કેવો છે ? તો એને લોભાદિક દોષ ન મૂકવા હોય તો પણ મુકાઈ જાય. ને જો દોષ મૂકવા હોય તો પણ જો ઊતરતો સંગ થઈ જાય, તો મૂળગા દોષ વધી જાય; એમ સંગમાં રહ્યું છે. ॥૧૭૫॥

અને આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી પણ વિષયસુખ. એમાં તે શું અધિક છે ? સર્વનું આવું ને આવું છે. અને બ્રહ્મચર્ય તો ક્યાંય નથી તે આ

---

૧. ગરીબ, નમ્ર.

૨. ઘણું કરીને.

૩. ગીરનું પથ્થરિયું પાણી પીનારને લાંબે ગાળે પેટ ગોળા જેવું અને હાથ-પગ પાતળા લાકડી જેવા થઈ જાય છે. જેથી તે કંઈ જ ક્રિયા કરી શકતો નથી. તેમ.

૪. જીવમાં રૂપાંતર થાય.

લોકમાં, દેવતામાં, ઋષિના લોકમાં કે બીજા લોકમાં પણ નથી. એ તો અક્ષર, શ્વેતદ્વીપ, બદરિકાશ્રમ ને આંહીં સંતમાં એ ચાર ઠેકાણે બ્રહ્મચર્ય છે. **॥૧૭૬॥**

અને ભક્તિમાં સ્વભાવ વધે ને ધ્યાનમાં દેહાભિમાન વધે; એ બે ગુણમાં બે દોષ જાણવા ને તે ટાળવા. **॥૧૭૭॥**

અને મોટાનો રાજીપો હોય તેના અંતરમાં સુખ વર્ત્યા કરે. ને દેહમાં તો સુખ-દુઃખ આવે તેનો તો નિરધાર નહિ. બાકી તેને દિન દિન પ્રત્યે શ્રદ્ધા વૃદ્ધિ પામતી જાય ને દહાડે દહાડે વધતો જાય; એમ વર્તે ત્યારે એમ જાણવું જે મોટા રાજી છે. ને જેણે સ્વભાવ મૂક્યા હોય ને મૂકતો હોય ને મૂકવાનો આદર હોય તે સર્વે ઉપર મોટાની દૃષ્ટિ રહ્યા કરે. ને એક તો સો જન્મે એકાંતિક થાવાનો હોય તે આ જન્મે થાય; ને આ જન્મે એકાંતિક થાવાનો હોય તેને ઊતરતાનો સંગ થાય તો સો જન્મ ધરવા પડે. તેમાં દૃષ્ટાંત જે, જેમ દશ મણ પાણા સાથે એક મણ લાકડું બાંધે તે લાકડાંને બુડાડે, ને દશ મણ લાકડાં સાથે એક મણ પાણો બાંધે તે પાણાને તારે. એમ સંગમાં ભેદ રહ્યો છે.**॥૧૭૮॥**

આ તો નિયમે કેટલુંયે વર્તાય છે, પણ સર્વ વાતની છૂટી મૂકે જે, 'જેમ જેને ફાવે એમ વર્તવું' એવી આજ્ઞા થાય ત્યારે કેટલું વર્તાય ? એમ પોતાનો તપાસ કરવો. **॥૧૭૯॥**

નાના ખાતરાનું[1] પાણી મોટી નદીમાં ભળે ને તે નદી સમુદ્રમાં ભળે. તેનો સિદ્ધાંત જે, અલ્પ જેવો જીવ હોય તે પણ મોટામાં જોડાય તો તે પણ ભગવાનને પામે એવો મોટાનો પ્રતાપ છે. **॥૧૮૦॥**

અને ત્યાગીએ એક વખત ખાવું, પછી બીજું જે મળે તે ત્યાગ કરવું; તે તો સ્ત્રી ભેળું નિષ્કામી રહેવું એવું કઠણ છે. **॥૧૮૧॥**

---

૧. નાની નદી, વહેળો.

INDEX

અને ટોપીવાળો[૧] મૂંઝાય ત્યારે બંગલામાં જતો રહે ને ત્યાં જઈને વિચાર કરે. એમ **પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ પામીને પ્રતિલોમદ્રષ્ટિ કરીને વિચાર કરવો.॥૧૮૨॥**

ઉત્તમ પુરુષને સેવ્યા હોય ને તેને કસર રહી હોય ને તેનો દેહ પડે, તે પછી એવો જોગ ન રહે તો પણ તેની ગમે તે પ્રકારે સહાય કરે. કેમ જે, એ તો સમર્થ છે તે રક્ષા કરે. જેમ વ્યાસજીએ કીડાને કર્યું એમ કરે.[૨] **॥૧૮૩॥**

લક્ષ્મીજી એક કીડીને ડાબલીમાં ઘાલીને કહે, "વિષ્ણુ આનું કેમ પોષણ કરશે ?" પછી ત્રીજે દહાડે તપાસી જોયું ત્યાં તો એ ડાબલીમાં લક્ષ્મીના ચાંદલાનો ચોખો પડી ગયેલ તે કીડીએ ખાધેલ; એમ ભગવાન તો પોષણ કરે. **॥૧૮૪॥**

અને ભગવાન તો કેવા છે ? તો જે જીવ પોતાના સન્મુખ ચાલે તે સારુ તો બ્રહ્માંડ ફેરવી નાખે. તે જુઓને પ્રહ્લાદનો દેહ જ જીવ જેવો કરી મૂક્યો. ॥૧૮૫॥

જેને સત્સંગ થાય તેને તો દુઃખ રહે નહિ ને દુઃખ રહે છે એટલી સત્સંગ કરવામાં કસર છે. અને સત્સંગ કરે છે તેને કેટલાક પ્રકારના નાના ને મોટા મોસલ[૩] ઊઠે છે. તેની વિક્તિ જે, તમાકુ ખાવી, પીવી ને સુંઘવી; ને ડાકલાં જૂગટું, ભવાયા, બજાણિયાં; ને ગરીબ વર્ણનો માણસ

૧. અંગ્રેજ અમલદાર.

૨. **વ્યાસજીએ કીડાને કર્યું એમ કરે** : નારદજીએ વ્યાસજીને "સત્સંગસ્ય કિં ફલમ્" સત્સંગનું શું ફળ છે આવો પ્રશ્ન કર્યો ત્યારે વ્યાસજીએ તેમને છાણના કીડાને આ પ્રશ્ન પૂછવા કહ્યું. નારદજી કીડા પાસે પહોંચ્યા અને કીડાને નારદના દર્શન થયા એટલામાં જ તે ઊર્ધ્વગતિને પામ્યો. એ છાણનો કીડો પોપટનું બચ્ચું, ગાયનો વાછડો, રાજાનો કુંવર અને પવિત્ર બ્રાહ્મણ થયો અને અંતે જન્મ મરણથી મુકાયો એમ થાય.

૩. લેણું ઉઘરાવવા દેણદારને ઘેર બેસાડવામાં આવેલ માણસ, તે લેણું વસુલ થતાં સુધી તેનો પીછો છોડતો નથી.

INDEX

ઘોડું રાખતો હોય; એ આદિક નાના મોસલ. ને વ્યભિચાર, ચોરી, દારૂ, માંસ, અફીણ એ આદિક મોટા મોસલ તે સર્વ પ્રકારનું ખર્ચ ન થાય; તથા કોઈ પ્રકારનો દંડ ભરવો ન પડે. ને બાકી કેટલોક વિવેક આવે તેથી વ્યવહાર કરતાં આવડે જે કમાવું, ખર્ચવું તે સર્વેને વિચારીને કરે. ॥૧૮૬॥

પ્રથમના કરતાં આજ કેટલુંક દેશકાળનું સાનુકૂળ છે ને મોરે તો કટક[૧] આવતાં, હિમ પડતાં, કાળ પડતા, તીડ આવતાં, ને ચોર ને ધાડાં પડતાં, ને ટૂંટિયું[૨] એ સર્વે ઈતિઓ[૩] કહેવાય. ॥૧૮૭॥

નાના ગામમાં લાખ રૂપિયાની હૂંડી[૪] લખનાર ન મળે; તે તો શહેરમાં મળે. ને કરોડ રૂપિયાની હુંડી તો કોઈક બહુ મોટા શહેરમાં મળે; તેમ અતિ ઉત્તમનો સંગ ઝાઝે ઠેકાણે મળે નહિ; ને તે મળ્યા વિના અતિ ઉત્તમ જ્ઞાન થાય નહિ. ને મોટાની દૃષ્ટિએ આ લોકનો વ્યવહાર તો કીડીઓ ને પશુ-પક્ષીના જેવો છે. ॥૧૮૮॥

અને પરલોકમાં જાવું છે એવો તો કોઈ મનસૂબો કરતા જ નથી; પણ આંહીં તો નહિ જ રહેવાય.ને આ લોકમાં તો જાણીએ આવ્યા જ નથી એવું કરી નાખવું; ને છેલ્લો જન્મ કરી નાખવો. તે છેલ્લો જન્મ તે શું ? જે ક્યાંયે વાસના રહેવા દેવી નહિ. ને આ લોકની સ્થિતિ બાંધવાનું તાન છે, પણ એ તો નહિ રહે. ગમે એટલાં કામ કરશું તો પણ સર્વે એક દિવસ મૂકીને સ્વભાવ પણ મૂકવા છે ને સાધુ થાવું છે; તે સારુ કથા, વાર્તા, સ્મૃતિ કરવી, ગુણ ઓળખવા એ કરવાનું છે. ॥૧૮૯॥

ભગવાનની મૂર્તિ, ભગવાનના સાધુ ને ભગવાનની આજ્ઞા; એ ત્રણ વાતમાં જ માલ છે; એવો બીજી કોઈ વાતમાં માલ નથી. ને જ્ઞાન,

---

૧. સૈન્યના હુમલા.

૨. પ્લેગ.

૩. આપત્તિઓ, આફતો, દૈવકોપ. ઈતિઓ છ પ્રકારની છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર, પક્ષીઓની અધિકતા, રાજાની ચઢાઈ.

૪. નાણાની આપ-લે કરવા માટેની શાહુકારી ચિઠ્ઠી.

વૈરાગ્ય, ધર્મ; તે તો જેમ કોદાળી, પાવડા ને દાતરડાં તેને ઠેકાણે છે; મોટાની તો એમ સમજણ છે. ને અમે તો એક ભગવાન રાખ્યા છે, ને બીજું રાખ્યું નથી. ॥૧૯૦॥

અને ગુણમાં દોષ રહ્યા છે તે શું ? જે પોતે ત્યાગ રાખે ને બીજાનો દોષ આવે, ને પોતે ન સૂએ ને જે સૂએ તેનો અવગુણ લે; ઇત્યાદિક બહુ વાત છે, તે અવશ્ય સમજવાની છે.॥૧૯૧॥

અને સ્વભાવનું બળ સર્વ કરતાં અધિક છે તે કેમ ? જે વિષયના સંકલ્પ થાય એ તો વાસના કહેવાય; પણ ભગવાનની સ્મૃતિ કરતાં જે સંકલ્પ થાય તે સર્વ સ્વભાવ કહેવાય. ॥૧૯૨॥

ઇતિશ્રી સહજાનંદ સ્વામી શિષ્ય ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી વાતોમાં સંત સમાગમનું મુખ્યપણું કહ્યું એ નામે

ત્રીજું પ્રકરણ સમાપ્ત.

●●●



ૐ

॥ વૃત્તાલયે સ ભગવાન્ જયતીહ સાક્ષાત્ ॥

પ્રકરણ ચોથું

શ્રી પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનાં ઐશ્વર્ય તથા સામર્થ્યનું મુખ્યપણું

માણાવદરમાં મયારામ ભટ્ટને ઘેર રામાનંદ સ્વામીને પઠાણે પૂછ્યું જે, "તમને આ લોક સર્વે અલ્લા કહે છે તે તમે અલ્લા છો ?" ત્યારે રામાનંદ સ્વામી તે પઠાણ પ્રત્યે બોલ્યા જે, "અમે તો ફકીર છીએ; પણ અલ્લાની આજ્ઞાએ કરી અલ્લાની ગાદીએ બેઠા છીએ."એમ રામાનંદ સ્વામીએ કહ્યું. ત્યારે મહારાજે પોતાની દૃષ્ટિમાત્રે કરીને તે પઠાણને સમાધિ કરાવી; ને તે સમાધિને વિષે પોતાની સ્તુતિ કરતા જે સર્વે પેગંબર તથા રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર એ સર્વેના દર્શન અક્ષરધામને વિષે કરાવ્યાં; અને તે સર્વેને પોતાની મૂર્તિને વિષે લીન કરી દેખાડ્યા. પછી શ્રીજી મહારાજે પોતાની દૃષ્ટિમાત્રે કરીને તે પઠાણને જગાડ્યો. પછી તે પઠાણ રામાનંદ સ્વામી પ્રત્યે બોલ્યો જે, "તમારા હિન્દુમાં એવો અન્યાય કેમ છે ? જે મોટા છે તે હેઠા બેઠા છે, ને છોટા છે તે ઊંચા બેઠા છો ?" ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું જે, "અમારે હિંદુમાં એવો ધારો[1] છે જે, રામચંદ્રજી હેઠા બેસતા, ને રામચંદ્રજીની આજ્ઞાએ કરીને વસિષ્ઠ ઊંચા બેસતા. તેમ અમે પણ આ નીલકંઠ બ્રહ્મચારીની આજ્ઞાએ કરીને ઊંચા બેઠા છીએ, પણ મોટા તો એ છે." એવી રીતે રામાનંદ સ્વામીએ મર્મે કરીને ઉત્તર કર્યો. ॥૧॥

જેતપુરમાં ઉનડ રાજાને ઘેર રામાનંદ સ્વામીએ પોતાના ધર્મધુરંધરપણાની શ્રી સહજાનંદ સ્વામીને સોંપણી કરી, ત્યારે કોઈને સંશય થયો જે "મોટા મોટા સાધુ છે તેને કેમ સોંપણી ન કરી ?" ત્યારે

---

૧. રિવાજ

રામાનંદ સ્વામીએ કહ્યું જે, 'આ નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક, એ સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય ને પૂજવા યોગ્ય છે; ને અમે પણ એના મૂક્યા આવ્યા છીએ; ને એ તો અનેક જીવનાં કલ્યાણ કરતાં કરતાં અહીં આવે છે; ને આ તો સર્વોપરી રામકૃષ્ણાદિક અવતારના અવતારી તે હરિપ્રસાદ[૧] નામે વિપ્રને ઘેર પ્રગટ થયા છે. માટે એ તો સર્વેને માનવા યોગ્ય, ભજવા યોગ્ય ને પામવા યોગ્ય છે. પૃથ્વીને વિષે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ ચિત્ર-વિચિત્ર અનંત પ્રકારનાં છે; તેમ સર્વે અવતાર થકી, સર્વ વિભૂતિ થકી, સર્વ શક્તિ થકી, અક્ષરના મુક્ત થકી ને અક્ષરધામ એ સર્વે થકી અતિ સર્વોપરી, અક્ષરાતીત, સર્વસુખમય, આનંદમય, સર્વજ્ઞ, સર્વત્રપૂર્ણ, દિવ્યમૂર્તિ, સર્વોત્તમ કારણ, સર્વકર્મફળપ્રદાતા, સર્વાધાર, સર્વ શિક્ષક, સર્વવ્યાપક, સર્વોપાસ્યમૂર્તિ, સર્વચિંતનીય, સર્વ રસમય, સર્વ ઈચ્છામય, પરિપૂર્ણમૂર્તિ, નિર્દોષમૂર્તિ, અખંડમૂર્તિ, સર્વભજનીય, સર્વઐશ્વર્યભાજન[૨], સર્વશક્તિભાજન, સર્વવિભૂતિભાજન, સર્વસુંદરતાભાજન, સર્વલાવણ્યભાજન, સર્વકરૂણાભાજન, અનંત કલ્યાણકારી દિવ્ય ગુણભાજન, તરેહ તરેહના ચિત્ર-વિચિત્ર, મહાઆશ્ચર્યકારી, અનવધિકાતિશય[૩], અજહત[૪] સ્વરૂપ, સ્વભાવ, ગુણ; તેના મહોદધિ એવા શ્રી સહજાનંદ સ્વામી પુરુષોત્તમ સર્વોપાસ્ય રાજાધિરાજ છે; ને સર્વ અવતારના અવતારી છે. માટે નીલકંઠ બ્રહ્મચારીના જે ગુણ છે તેને કહેવા-જાણવાને અર્થે તો અક્ષર પર્યંત કોઈ સમર્થ નથી; ને હું પણ કહેવા જાણવાને અર્થે ક્યાંથી સમર્થ થાઉં ? તે માટે આ તો અગણિત જીવનાં કલ્યાણ કરવાને અર્થે અક્ષરધામમાંથી આંહીં પધાર્યા છે. તે માટે અમે

---

૧. ધર્મદેવ.

૨. સઘળા ઐશ્વર્યને ધારનાર.

૩. અવધિ કે અંત જેનો અંત નથી તે. અંતરહિત અને વિરાટ.

૪. ગ્રહણ કરવા યોગ્ય,સ્વીકારવા લાયક સ્વરૂપ,સ્વભાવ અને ગુણોનો મહાસાગર.

INDEX

તો એમની આજ્ઞાએ કરીને જીવનાં કલ્યાણ કરતાં; પણ હવે તો સાક્ષાત પોતે પુરુષોત્તમ પધાર્યા છે એટલે જેવો પોતાનો પ્રતાપ છે ને મહિમા છે, તેવાં જ જીવનાં કલ્યાણ કરશે. માટે આ તો અક્ષરધામના પતિ, સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પધાર્યા છે. ને તે પૂર્વે ભગવાનના અવતાર થયા તેણે જીવોનાં જે કલ્યાણ કર્યાં છે તેવાં કલ્યાણ તો પોતાના ભક્ત દ્વારા સહેજમાં કરશે. એવાં જે નારાયણમુનિ તેનાં પ્રતાપ ને ઐશ્વર્ય છે તે તમોને આગળ જણાશે. એવી રીતે રામાનંદ સ્વામીએ પોતાના આશ્રિત જે પરમહંસ તથા સત્સંગી તેમની આગળ આ નીલકંઠ બ્રહ્મચારીના પ્રતાપની બહુ વાત કરી. ॥૨॥

અને ગામ ફરેણીમાં મંદિરની જગ્યા છે ત્યાં હાલ બેઠક છે. ત્યાં રામાનંદ સ્વામી દેહત્યાગ કરીને ધામમાં ગયા; ત્યાર પછી શ્રી સહજાનંદ સ્વામી જે તે પોતાના ગુરુની દેહક્રિયા કરીને તેની ધર્મધુરપણાને ઉપાડી લેતા હતા, ને તે સ્વામીના જે આશ્રિત તેમની સત્‌શાસ્ત્રના ઉપદેશે કરીને સંભાવના કરતા હવા ને તેમને પોતાના અલૌકિક પ્રતાપ દેખાડીને પોતાને વિષે તેમનાં ચિત્તને તાણી લેતા હતા, ને કેટલાક મનુષ્યને સમાધિ કરાવતા હતા. પછી લોજમાં તે પ્રતાપને જોઈને વ્યાપકાનંદ સ્વામીને શ્રીજી મહારાજનાં સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય નહોતો થાતો. પછી તે વ્યાપકાનંદ સ્વામીને પણ સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત કોટિ મુક્તે સહિત પોતાનું દર્શન કરાવ્યું, તો પણ નિશ્ચય ન થયો; ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, "આ સર્વે મુક્તની એક્કાલાવચ્છિન્ન[1] પૂજા કરો ને તમારે વિષે લીન કરો." ત્યારે વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ? એમ કેમ થાય ?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "તમે એમ સંકલ્પ કરો જે આ રામાનંદ સ્વામી ભગવાન હોય તો તેમના સામર્થ્યે કરીને હું એટલા રૂપે થાઉં." ત્યારે તેમણે એમ સંકલ્પ કર્યો, તો પણ અનંતરૂપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "ચોવીશ અવતારનાં નોખાં

૧. એક સાથે જ.

નોખાં નામ લઈને સંકલ્પ કરો,જે એ પુરુષોત્તમ ભગવાન હોય, તો તેમના સામર્થ્યે કરીને હું અનંતરૂપે થાઉં.''ત્યારે તેમણે એમ કર્યું, તો પણ અનંતરૂપે ન થવાણું. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમારું નામ લઈને સંકલ્પ કરો જે સહજાનંદ સ્વામી સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ ભગવાન હોય, તો હું અનંતરૂપે થાઉં.'' પછી શ્રીજી મહારાજનું નામ લીધું ત્યારે અનંતરૂપે થવાણું ને સર્વ મુક્તની એક્કલાવચ્છિન્ન પૂજા કરીને સર્વે મુક્તને પોતાને વિષે લીન કર્યા. ત્યારે એવા પ્રતાપને જોઈને વ્યાપકાનંદ સ્વામીને શ્રીજી મહારાજને વિષે સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો.

પછી સમાધિમાંથી ઊઠ્યા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,''તમારે સમાધિમાં જેવી રીતે દેખાણું હોય તેવી રીતે આ સર્વને કહો'' ત્યારે વ્યાપકાનંદ સ્વામીએ કહ્યું જે, ''આ શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે. તે માટે રામાનંદ સ્વામી તથા પૂર્વે થયા જે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તે સર્વે શ્રીજી મહારાજની મૂર્તિને વિષે લીન થયા. એમ મેં અક્ષરધામમાં દીઠું, માટે આ શ્રીજી મહારાજ સર્વોપરી ભગવાન છે.'' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામીની વાત સાંભળીને રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા હતા તથા બીજા મતવાળા હતા તેમના માન્યામાં વાત આવી નહિ. ત્યારે તે સર્વેએ શ્રીજી મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, ''હે મહારાજ ! આ વાત અમારે સર્વેને સમજવામાં આવતી નથી, માટે અમને જે રીતે સમજાય તેવી રીતે કૃપા કરીને કહો.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે ''તમે ધ્યાનમાં બેસો ને પોતપોતાના ઇષ્ટદેવને સંભારો, તો એ વાત તમોને જેમ છે તેમ જણાશે.'' ત્યારે એ સર્વે ધ્યાનમાં બેઠા ત્યારે તેમને શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને તે સર્વેને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત મુક્તે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું સાક્ષાત્ દર્શન કરાવતા હતા. તથા રામાનંદ સ્વામી તથા સર્વે અવતાર તે પોતાની સેવામાં દેખાડતા હતા. પછી પોતાની મૂર્તિમાં

સર્વ અવતારને લીન કરી દેખાડતા હતા. તેમાં કેટલાક મનુષ્યને શ્રીજી મહારાજનો અડગ નિશ્ચય થયો. પછી તે ભક્તને શ્રીજી મહારાજ સમાધિમાંથી જગાડતા હતા.

પછી તે ભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! તમે તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન છો માટે તમારા પ્રગટ પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો." ત્યારે તે પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ પુરુષોત્તમ ભગવાન તો ક્યારેય આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશે પણ નહિ. માટે આ તો સર્વોપરી મૂર્તિ છે. તે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહિ." એમ શ્રીજી મહારાજ તેમના ઉત્સાહને અર્થે ને તેમની બુદ્ધિની દૃઢતાને અર્થે, પોતાનું જે નાના પ્રકારનું ઐશ્વર્ય તે સમાધિએ કરીને દેખાડતા હતા. તેમાં કેટલાક મનુષ્યને તો અક્ષરધામને વિષે અનંત મુક્તે સેવ્યા થકા પોતાની અલૌકિક મૂર્તિનું દર્શન દેતા હતા; ને કેટલાંક મનુષ્યને તો ગોલોકને વિષે લક્ષ્મી, રાધિકા ને શ્રીદામાદિક પાર્ષદે સહિત તે રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને વૈકુંઠ લોકને વિષે લક્ષ્મી ને નંદસુનંદાદિક પાર્ષદે સહિત વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને શ્વેતદ્વીપને વિષે નિરન્નમુક્તે સહિત મહાપુરુષ રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો અવ્યાકૃત ધામને વિષે લક્ષ્મી આદિક શક્તિઓ અને પાર્ષદે સહિત ભૂમાપુરુષ રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો બદરિકાશ્રમને વિષે મુનિઓએ સહિત નરનારાયણ રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો ક્ષીરસમુદ્રને વિષે લક્ષ્મી ને શેષનાગે સહિત યોગેશ્વર રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો સૂર્યના મંડળને વિષે હિરણ્યમય પુરુષ રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો અગ્નિમંડળને વિષે યજ્ઞપુરુષ રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો પ્રણવના જે નાદ તે તત્કાળ સંભળાવતા હતા; ને કેટલાંકને તો કોટિ કોટિ સૂર્ય સરખું જે પોતાનું તેજ તેને દેખાડતા હતા; ને કેટલાંકને તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું ને

INDEX

દૃષ્ટા છે નામ જેનું એવું જે બ્રહ્મતેજ તે રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસૂક્તને વિષે કહ્યા એવા જે વૈરાટપુરુષ તે રૂપે પોતાનું દર્શન દેતા હતા; ને કેટલાંકને તો ભૂગોળ-ખગોળને વિષે રહ્યાં જે દેવતાનાં સ્થાનક ને ઐશ્વર્ય તેને દેખાડતા હવા; ને કેટલાંકને તો આધારાદિક છ ચક્રને[1] વિષે રહ્યા એવા જે ગણેશ આદિક દેવતાના સ્થાનક તેને પૃથક દેખાડતા હતા; ને ક્યારેક તો સોએ સો ગાઉને છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષ પ્રમાણ પોતાનું દર્શન દેતા હતા; ને ક્યારેક તો છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમણે પોતાના ઘરને વિષે શ્રીજી મહારાજની પ્રતિમાની આગળ ધર્યું જે નૈવેદ્ય તેને પોતપોતાના ભક્તને વિસ્મય પમાડતા થકા જમતા હતા; ને ક્યારેક તો દેહત્યાગને કરતા એવા જે પોતાના ભક્તજન તેમને પોતાના ધામ પ્રત્યે લઈ જાવાને ઇચ્છતા થકા ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિષે રહ્યા એવા જે બીજા ભક્ત તથા અભક્ત તેમને પણ પોતાનું સાક્ષાત દર્શન દેતા હતા. એવી રીતે મુમુક્ષુ અથવા મુમુક્ષુ નહિ એવા જે જન, તેમને પોતાનાં અલૌકિક ઐશ્વર્ય દેખાડતા એવા જે શ્રી સહજાનંદ સ્વામી મહારાજ તેમને જોઈને અતિશય વિસ્મયને પામ્યાં એવાં જે હજારો મનુષ્યો તે પોતપોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને શ્રીજી મહારાજનું પ્રગટ પ્રમાણ ભજન કરતા હતા.

પછી તે પ્રતાપને જોઈને ઘણાક જે મતવાદી તે શ્રીજી મહારાજ સંગાથે વિવાદ કરવા આવ્યા, પણ વાદે કરીને શ્રીજી મહારાજને જીતવાને કાજે કોઈ સમર્થ ન થયા. ને પછી તે સર્વે મતવાદી જે તે શ્રીજી મહારાજનાં અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપ દેખીને નમસ્કાર કરીને બોલ્યા જે, "હે મહારાજ? તમે તો પરમેશ્વર છો માટે અમારા જે જે ઇષ્ટદેવ છે તેનાં

૧. છ ચક્ર = મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા; આ ષટ્ચક્રો ગુદા, લિંગ, નાભિ, હૃદય, કંઠ, ભ્રકુટિનો મધ્યભાગ, એ છ સ્થાનમાં અનુક્રમે રહેલાં છે.

INDEX

દર્શન અમને કૃપા કરીને કરાવો'' એવી રીતે તેમનું પ્રાર્થનાવચન તેને સાંભળીને તે સર્વેને ધ્યાનમાં બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવતા હતા. પછી તે સર્વે જે તે શ્રીજી મહારાજનાં દર્શનમાત્રે કરીને ખેંચાઈ ગયાં છે નાડીપ્રાણ જેમનાં એવા થકા પોતપોતાના હૃદયને વિષે પોતપોતાના ઈષ્ટદેવ રૂપે શ્રીજી મહારાજને દેખતા હતા. તેમાં જે વલ્લભકુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા, તે તથા માધ્વ સંપ્રદાયના હતા એ બે તો ગોપીના ગણે વીંટાણા ને વૃંદાવનને વિષે રહ્યા એવા ને બાળલીલાએ કરીને મનોહર મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે રૂપે દેખતા હતા. ને જે રામાનુજ સંપ્રદાયના હતા તે તો નંદ, સુનંદ ને વિશ્વકસેન અને ગરુડાદિક પાર્ષદે સહિત લક્ષ્મીનારાયણ રૂપે દેખતા હતા. ને જે રામાનંદી હતા તે તો સીતા, લક્ષ્મણ ને હનુમાને યુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રી રામચંદ્રજી તે રૂપે દેખતા હતા. ને જે શંકરાચાર્યના મતવાળા હતા તે તો બ્રહ્મજ્યોતિ રૂપે દેખતા હતા. ને જે શૈવી હતા તે તો પાર્વતી ને પ્રથમ ગણે[1] સહિત જે શિવજી તે રૂપે દેખતા હતા. ને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળને વિષે રહ્યા જે હિરણ્યમય પુરુષ તે રૂપે દેખતા હતા. ને જે ગણપતિના ઉપાસક હતા તે તો મહાગણપતિ રૂપે દેખતા હતા. ને જે દેવીના ઉપાસક હતા તે તો દેવી રૂપે દેખતા હતા. ને જે જૈન હતા તે તીર્થંકર રૂપે દેખતા હતા. ને જે યવન હતા તે તો પેગંબર રૂપે દેખતા હતા. એવી રીતે સમાધિએ કરીને પોત પોતાના ઈષ્ટદેવ રૂપે શ્રીજી મહારાજને જોઈને સર્વ અવતારના કારણ જાણીને, પોતપોતાના મતનો ત્યાગ કરીને, શ્રીજી મહારાજનો દૃઢ આશ્રય કરતા હતા; ને પ્રગટપ્રમાણ ભજન કરતા હતા. એવી રીતે શ્રી સહજાનંદજી મહારાજ જે તે પોતાના પ્રતાપે કરીને જીવનું જે મૂળ અજ્ઞાન તેનો નાશ કરતા થકા, પૃથ્વીને વિષે નાશ પામ્યો જે એકાંતિક ધર્મ તેનું રૂડી રીતે સ્થાપન કરતા હતા. ॥૩॥

---

૧. ભગવાન શંકરના અનુચરો

શ્રીજી મહારાજને લોજમાં સમાધિવાળા મૂળજી ભક્તે કહ્યું જે, ''પુરુષોત્તમના બીજા અનંત અવતાર થયા ને બીજા થાશે ને બીજાં ધામમાં જે સર્વે મૂર્તિઓ છે તે સર્વેનું મને દયા કરીને દર્શન કરાવો.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ''બીજા સર્વે અવતાર તેમનાં નામ લઈને સંકલ્પ કરો જે એ જો સર્વેના કારણ હોય તો તેમને પ્રતાપે કરીને મારે એ સર્વેનું દર્શન થાઓ.'' ત્યારે તે ભક્તે બીજા સર્વે અવતારનું નામ લઈને સંકલ્પ કર્યો, પણ તે સર્વેના દર્શન થયાં નહિ. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તે સર્વેના કારણ પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ આ શ્રીજી મહારાજ હોય, તો તે સર્વેનું દર્શન મને થાઓ'' પછી એમ સંકલ્પ કર્યો કે તત્કાળ એ સર્વે રૂપનાં દર્શન થયાં; ને તે સર્વે અવતાર તે શ્રીજી મહારાજની સ્તુતિ કરતા થકા શ્રીજી મહારાજની મૂર્તિને વિષે સર્વે લીન થયા. એવી રીતે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડીને પોતાના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય મૂળજી ભક્તને કરાવ્યો. ॥૪॥

અને દીવ ગામનો વાણિયો સંઘ કાઢીને દ્વારકાની જાત્રા કરવા જતો હતો. તેને લોજપુરમાં શ્રી રામાનંદ સ્વામી મળ્યા, તેણે ચમત્કાર દેખાડ્યો; તેણે કરીને તેમને ભગવાનપણાનો રામાનંદ સ્વામીને વિષે નિશ્ચય થયો. પછી તે ભક્ત પાછો દીવ ગયો ને પછી ઘણા દિવસે પાછો દર્શને આવ્યો ત્યારે રામાનંદ સ્વામી તો દેહ મૂકીને ધામમાં ગયેલા. પછી તે ભક્ત શ્રીજી મહારાજ પાસે આવીને બેઠો, ત્યારે મહારાજ બોલ્યા જે, ''તમારે કાંઈ સંશય હોય તો આ બાળક લખમણ સમાધિવાળા છે તેને પૂછો.''ત્યારે તેમણે જે પ્રશ્ન પૂછ્યા તે પ્રશ્નના ઉત્તર સમાધિવાળા બાળક તેમણે કર્યા. એક બાળક દ્વારા રામાનંદ સ્વામીના જેવો શ્રીજી મહારાજે ચમત્કાર જણાવ્યો ત્યારે તે ભક્તે શ્રીજી મહારાજ પ્રત્યે કહ્યું જે, ''હે મહારાજ ! હું પ્રથમ રામાનંદ સ્વામીને ભગવાન જાણતો હતો, પણ તે રામાનંદ સ્વામીના જેવો આ બાળકને વિષે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાયો; ત્યારે તમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તેમનો

પ્રતાપ તો ઘણો હશે; ને તમારી મૂર્તિનો જે પ્રતાપ ને મહિમા તે તો બહુ અધિક જ હશે; માટે તમારા સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ મને જ્ઞાન થાય, તેમ કૃપા કરીને મને કહો.'' ત્યારે શ્રીજી મહારાજે તે ભક્તને કહ્યું જે, ''અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનપણાનો નિશ્ચય થાય છે, તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવની વાર્તા જાણે એવા છે; માટે પૂર્વે થયા જે અવતાર તેમના જેવું ઐશ્વર્ય તે તો અમારા સાધુ-સત્સંગીમાં જણાય છે ને અમે તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ નારાયણ છીએ; તે અગણિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ.'' તે વાર્તાને સાંભળીને તે ભક્તને શ્રીજી મહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થયો.

પછી તે ભક્તે શ્રીજી મહારાજના પ્રગટ પુરુષોત્તમપણાની વાર્તા તે રામાનંદ સ્વામીના બીજા જૂના હરિભક્ત હતા તેમની આગળ કહી, પણ તે વાત તેમના માન્યામાં ન આવી. પછી તે રામાનંદ સ્વામીના નિશ્ચયવાળા હરિભક્ત હતા, તેમણે શ્રીજી મહારાજની પાસે આવીને તે નિશ્ચયની વાત પૂછી; ત્યારે તેને શ્રીજી મહારાજે કહ્યું જે,''તમે ધ્યાનમાં બેસો તો જેમ છે તેમ જણાશે.'' ત્યારે તે હરિભક્ત ધ્યાનમાં બેઠા; તેમને શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને સમાધિ કરાવતા હતા. તે અક્ષરધામને વિષે અનંત પાર્ષદે સહિત પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવ્યું, તથા રામાનંદસ્વામી તથા બીજા સર્વે અવતાર તે શ્રીજી મહારાજની સેવામાં દીઠા ને પછી તે સર્વે અવતાર શ્રીજી મહારાજને વિષે લીન થયા. એમ દીઠું. પછી તે સર્વે ભક્તને શ્રીજી મહારાજનો સર્વોપરી પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો. પછી તે સર્વ ભક્તને મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હતા. પછી સર્વે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ! તમે તો સર્વોપરી પુરુષોત્તમ છો તે અગણિત જીવોના કલ્યાણને અર્થે કૃપા કરીને આંહી પધાર્યા છો.'' પછી શ્રીજી મહારાજ તે ભક્ત પ્રત્યે બોલ્યા જે, ''આ પુરુષોત્તમ ભગવાન તે આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી

ને આવે પણ નહિ; માટે આ તો સર્વોપરિ મૂર્તિ છે, તેમાં કિંચિત્માત્ર સંશય નથી.'' ॥૫॥

અગત્રાઈમાં હાલ મંદિર છે ત્યાં શ્રીજી મહારાજે ભાઈ રામદાસજીને કહ્યું જે, ''તમારું અંગ કહો; પછી અમે અમારું અંગ છે તે કહેશું.'' પછી રામદાસભાઈએ પોતાનું અંગ કહ્યું જે, ''ત્રણ અવસ્થામાં જીવાત્માને વિષે તમારી મૂર્તિને તેજે સહિત અખંડ દેખું છું; એવું તમારી કૃપા થકી અખંડ વર્તે છે.'' પછી શ્રીજી મહારાજે પોતાનું અંગ કહ્યું જે, ''અક્ષરાદિક મુક્ત તથા પુરુષ, કાળ, માયા, પ્રધાનપુરુષ તથા અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર, તથા સર્વે વિભૂતિઓ, તથા સર્વે જીવ એ સર્વેનો નિયંતા ને એ સર્વેનો કર્મફળપ્રદાતા તે હું એક જ છું. ને તે સર્વેના સ્વરૂપ, સ્વભાવ ને ગુણ; તેને અખંડ અમે દેખીએ; જાણીએ છીએ; પણ એ સર્વે જે અક્ષરાદિક તે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ દેખવા-જાણવા સમર્થ નથી. ને હું પણ મારી મૂર્તિના મહિમાના અંતને નથી પામતો. ને એ સર્વે સામર્થ્ય તે મારી મૂર્તિના એક રોમના કોટિમા ભાગની બરોબર પણ નથી આવતું. એવી અનવધિકાતિશય, મહા આશ્ચર્યમય ને સર્વોપરી આ મૂર્તિ છે; એમાં કિંચિત્ માત્ર સંશય નથી, એ અમારું અંગ છે તે કહ્યું.'' ॥૬॥

નાગડકામાં[૧] સ્વરૂપાનંદ સ્વામી દેશમાંથી ફરીને આવ્યા, તેને લીમડા હેઠે શ્રીજી મહારાજે પૂછ્યું જે, ''કેટલા જીવનાં કલ્યાણ કર્યાં?'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજે મનુષ્ય તો લીમડે કે નીચે દેખા હૈ.'' ત્યારે સર્વે સંતે મહારાજને પૂછ્યું જે, ''સ્વામીએ મનુષ્ય દેખ્યાં નહિ ત્યારે કલ્યાણ કેનાં કર્યાં હશે? ત્યારે શ્રીજી મહારાજ સંત પ્રત્યે બોલ્યા જે, ''બીજા તો નિયમ ધરાવીને વર્તમાન પળાવે ત્યારે કલ્યાણ થાય, ને સ્વરૂપાનંદ સ્વામીનાં તો દર્શને કરીને જીવનાં કલ્યાણ થાય છે.'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''હે ગુરુ

૧. લોયાધામ પાસે આ ગામ આવેલું છે.

સાહેબ ! આજ સત્સંગીકા કેસા કલ્યાન હોતા હૈ ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જેસા કલ્યાન બડે બડે અવતારકા હોતા હે તેસા કલ્યાન આજ સત્સંગીકા હોતા હૈ.'' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, ''ગુરુ સાહેબ ! તબ તો બોત બડા કલ્યાન હોતા હૈ.''

ત્યારે સંતે શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! આજ આવું મોટું કલ્યાણ થાય છે તેનું શું કારણ છે ?'' ત્યારે શ્રીજી મહારાજ સંત પ્રત્યે બોલ્યા જે, ''જ્યારે જૂ વિયાય ત્યારે લીખ આવે, ને હાથણી વિયાય ત્યારે ભેંશ જેવડું બચ્ચું આવે. તેમ પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે ને બીજા ધામને વિષે જે મૂર્તિઓ છે તે સર્વેનું કારણ ને સર્વ થકી પર જે શ્રી પુરુષોત્તમ નારાયણ તે અમે છીએ, તે માટે એવું મોટું કલ્યાણ કરીએ છીએ; તે જો એમાં ખોટું કહેતાં હોઈએ તો અમને આ સર્વે પરમહંસના સમ છે ને આ પ્રગટ પુરુષોત્તમના સ્વરૂપને સમજ્યામાં ખામી રહી જાશે, તો કલ્યાણમાં બહુ ફેર પડી જાશે; પછી દેહ મૂક્યા કેડે તે ખામી ભાંગશે નહિ. માટે જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામ છે, ને જેમ ગોલોકવાસીને રહેવાનું ગોલોક ધામ છે એમ અમારે રહેવાનું અક્ષરધામ છે. ને અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ તેનો જેને નિશ્ચય થયો છે, તે જો સર્વેના કારણ જે મૂળ પુરુષ તેથી પર અક્ષર રૂપે પોતાના આત્માને નથી માનતો, તેને તે પ્રગટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી ને જેને મહિમાએ સહિત પ્રગટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થયો છે તે તો મૂળપુરુષ ને અક્ષર જેવાં અનંત કોટિ મુક્તે સેવ્યા જે અક્ષરાતીત પ્રગટ પુરુષોત્તમ તેની ઉપાસના તથા ભક્તિ કરતો થકો પોતાને પૂર્ણકામ માને છે. તેને જ મહિમાએ સહિત નિશ્ચય છે. ને આ વાર્તા યથાર્થ તો ભગવાનના એકાંતિક ભક્ત હોય, તેને પ્રસંગે કરી સમજાય છે; પણ પોતાના બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી.'' એવી રીતે શ્રીજી મહારાજે સંત આગળ પોતાના પ્રગટ પુરુષોત્તમપણાની વાત કરી. ॥૭॥

અગત્રાઈમાં પર્વતભાઈને શ્રીજી મહારાજની મૂર્તિ તો ત્રણે અવસ્થામાં અખંડ દેખાતી હતી. તો પણ એમ સંકલ્પ થયો જે "ભગવાનના બીજા અવતારનાં સ્વરૂપ કેવાં હશે ?" ત્યારે તે સંકલ્પમાત્રે તે ભગવાનની ચોવીશ મૂર્તિઓ પર્વતભાઈ આગળ આવીને ઊભી રહી; ને પછી પર્વતભાઈએ દર્શન કર્યા. પછી તે ચોવીશ અવતારનાં સ્વરૂપ શ્રીજી મહારાજની સ્તુતિ કરતે સતે શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન થતાં હતાં. એવી રીતે શ્રીજી મહારાજ પર્વતભાઈને પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડતા હતા. **॥૮॥**

અમદાવાદમાં સંતને દુષ્ટે કષ્ટ દીધું ત્યારે શ્રીજી મહારાજ કાંકરિયે તળાવે વિરાજમાન હતા. ત્યાં સંત આવ્યા. તે સંતને જોઈને શ્રીજી મહારાજ એમ બોલ્યા જે, "મારા પરમહંસની મોટા બ્રહ્માદિક દેવ, અક્ષરાદિક મુક્ત ને સર્વે અવતાર તે પ્રાર્થના કરે છે, ને તેમનાં દર્શનને ઇચ્છે છે; ને એક કીડી જેવા જીવને પણ દૂભે નહિ એવા જે સંત તેને દુઃખ દીધું !" એમ કહીને ઉત્તરમુખે ઉદાસ થઈને બેઠા. તેટલામાં બ્રહ્માદિક દેવે જાણ્યું જે આજ તો સર્વે બ્રહ્માંડનો નાશ થઈ જાશે. એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે મહારાજ ! તમે જે આજ્ઞા કરો તે અમે તત્કાળ કરીએ ને અમે તમારા સેવક છીએ; તે તમારા સંતને કષ્ટ દેનારો કોણ છે ? તેનો ક્ષણમાત્રમાં નાશ કરી નાખીએ." એમ તે મહાકાળાદિક બોલ્યા. તે પછી દિવ્ય ચક્ષુવાળા સંત હતા તેમણે શ્રીજી મહારાજની પ્રાર્થના કરીને કહ્યું "હે મહારાજ ! હે સ્વામિન્ ! હે પ્રભો ! આજ તમે અગણિત જીવોના આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયાએ કરીને અક્ષરધામમાંથી આંહી પૃથ્વી ઉપર પધાર્યા છો; તે જીવોના અપરાધ ક્ષમા કરીને આત્યંતિક કલ્યાણ કરો." એવી સંતે પ્રાર્થના કરી.

પછી શ્રીજી મહારાજ સંત પ્રત્યે એમ બોલ્યા જે, "અનંત કોટિ બ્રહ્માંડમાં સર્વે આપણું કર્યું થાય છે, ને જુઓને સર્વે અવતાર અમારે વિષે

INDEX

લીન થાય છે; ને આ સંતની સભાને અમે અક્ષરધામને વિષે દેખીએ છીએ; ને આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે; ને જે નથી માનતા તે નરકમાં જાય છે. ને અમારા શરીરમાં કાંઈ કસર જેવું થયું, ત્યારે જગતમાં અનેક જીવનો નાશ થઈ ગયો;[૧] ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યાં ને તાટ પહેર્યાં, ત્યારે જગતમાં કોઈને અન્નવસ્ત્ર મળ્યું નહિ; ને સર્વે હેરાન થઈ ગયા. માટે સર્વે આપણું કર્યું થાય છે, પણ બીજા કોઈનું કર્યું કાંઈ થાતું નથી ને તમારા શરીરમાંથી કોટિ કોટિ સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નીસરે છે; ને અતિ સામર્થ્યે યુક્ત છો; ને તમારે માથે કાળ, કર્મ, માયાનો હુકમ નથી એમ હું તમને દેખું છું.'' એમ શ્રીજી મહારાજ બોલ્યા.

ત્યારે સર્વે સંત બોલ્યા જે,''હે મહારાજ ! તમે તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ પૂર્ણ પુરુષોત્તમ છો માટે તમે દેખો એમાં શું કહેવું ? ને તમે તો દિવ્ય એવું જે અક્ષરધામ ને દિવ્ય એવા જે પાર્ષદ, ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય તેણે યુક્ત એવા અનાદિ, નિત્યસિદ્ધ, સર્વોપરિ પૂર્ણ, અનવધિકાતિશય કલ્યાણકારી અનેક ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે ને અગણિત જીવોનાં કલ્યાણ કરવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદજીને ઘેર પ્રગટ્યા છો. ને તમારી કૃપા થકી અમે પણ પરાવરને[૨] હસ્તામળ દેખીએ છીએ, ને ધર્મ, જ્ઞાનાદિક અનંત ગુણે યુક્ત થયા છીએ; માટે કોઈનો ભાર ગણતા નથી. ને તમારી મરજી ને રાજીપો હશે તેમ કરશું અને અમારે આ લોકમા ને પરલોકમાં તમ વિના બીજું કાંઈ વહાલું નથી. તમે તો અમારા જીવનપ્રાણ છો; ને તમને પ્રસન્ન કરવાને અર્થે તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભૂંડા સ્વભાવનો ત્યાગ કરી દઈએ; માટે હે સ્વામિન્ ! તમો અમારે દુઃખે કરીને ઉદાસી

૧. દુષ્કાળ પડ્યો, કોઈને ખાવા ધાન ન રહ્યું.

૨. સર્વે પરાઃ અવરાઃ યસ્માત્ સઃ = પરાવર. પર એવા જે અક્ષરાદિક સર્વે જેના થકી અવર (નીચા) છે એવા પુરુષોત્તમ નારાયણને.

થાશોમા; અમારે કશું દુઃખ નથી. ને કોટિ સૂર્યના તેજ થકી કોટિ ગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે; ને તેથી કોટિ ગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે; ને તેથી અનંત કોટિ ગણું તેજ તે અક્ષરના મુક્તના એક રોમને વિષે છે; ને તેથી અનંતગણું તેજ તે અક્ષરધામની ભૂમિ તેમાં સોપારી રહે એટલા દેશના તેજમાં લીન થાય છે; ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ સર્વેને ભેળો કરીએ તો સર્વે અવતારના અવતારી જે હરિકૃષ્ણ પુરુષોત્તમ તેના એક રોમના કોટિમા ભાગના પાશંગની[૧] બરોબર નથી આવતાં; એવાં દિવ્ય તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્ય ગુણે યુક્ત મૂર્તિ છો; તો પણ કૃપા કરીને જીવનાં કલ્યાણ કરવાને અર્થે મનુષ્યાકૃતિ જણાઓ છો.'' એવી રીતે સર્વે સંતે શ્રીજી મહારાજની પ્રાર્થના કરી. ॥૯॥

એક સમે શ્રીજી મહારાજે વ્યાપકાનંદ સ્વામીને ગઢડામાં અક્ષર ઓરડીમાં કહ્યું જે, ''ઈંદ્રલોકમાં જઈ આવો.'' ત્યારે તે કહે, ''જઈ આવ્યો.''ત્યારે મહારાજે કહ્યું જે,''ગોલોક તથા બ્રહ્મધામને વિષે જઈ આવો.''ત્યારે સ્વામીએ કહ્યું જે, ''જઈ આવ્યો''. ત્યાર પછી ફરી આજ્ઞા કરી જે, ''ભૂમાપુરુષ પાસે જઈ આવો'' ત્યારે તે વ્યાપકાનંદ સ્વામી કહે જે, ''હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે પણ તેવું રૂપ ધરીને તેને જીતીને જાઓ.'' પછી તેમ કર્યું. પછી ફરીને સ્વામીએ કહ્યું જે, ''બીજો દશ હજાર માથાનો દૈત્ય આગળ છે.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ''તમે પણ તેથી મોટું રૂપ ધરીને તેને જીતીને જાઓ.'' પછી તે તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે તે ભૂમાપુરુષે વ્યાપકાનંદ સ્વામીને કહ્યું જે, ''પુરુષોત્તમનું પ્રગટપણું પૃથ્વીને વિષે થયું ?'' ત્યારે તે કહે જે, 'થયું.' એ વાર્તા સાંભળીને ભૂમાપુરુષ અતિશે ગદ્‌ગદ્ કંઠ થઈને રાજી થઈ જતા હતા. ને સંતને પોતાના સિંહાસન ઉપર બેસારીને અતિશે સુગંધીમાન પુષ્પ-ચંદનાદિકે કરીને તેની

૧. બંને ત્રાજવા સમતોલ રાખવા માટે એક તરફ રખાતું વજન.

આરતી પૂજા કરતા હતા; ને અતિશે આનંદથી શ્રીજી મહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે, "મને પ્રથમ શ્રીજી મહારાજે કહ્યું હતું જે અમો જ્યારે બ્રહ્માંડમાં પધારશું, ત્યારે તમ પાસે સંત મોકલશું તે આજ સત્ય કર્યું." એવી રીતે પરસ્પર બે જણે શ્રીજી મહારાજના મહિમાની વાર્તા સારી પેઠે કરી. તે પછી તે લોકમાં ચાર ભુજાવાળા મનુષ્ય હતાં, તેમને વ્યાપકાનંદ સ્વામીએ શ્રીજી મહારાજના મહિમાની વાર્તા કરીને નિશ્ચય કરાવીને તે સર્વે મુક્તને બ્રહ્મપુરને વિષે મોકલી દીધા. પછી સમાધિમાંથી પાછા આવીને શ્રીજી મહારાજને જેમ થયું તેમ વાત કરી દેખાડી.

તે વાતને સાંભળી શ્રીજી મહારાજે વિચાર કર્યો; જે "જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંદીવાનમાત્રને છોડી મૂકે છે, તેમ અમારે પણ અગણિત જીવના કલ્યાણ કરવાં છે."એમ વિચારીને સ્વરૂપાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, 'તમે જાઓ તે સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજ રૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો' ત્યારે તે સંતે તેમજ કર્યું, પછી તે સંત પાછા આવ્યા, ત્યારે તે સંત પ્રત્યે શ્રીજી મહારાજ બોલ્યા જે, "હે સંતો ! અમો કોઈ દિવસ અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં આવ્યા નથી ને આવશું પણ નહિ. માટે આજ તો અમારે અગણિત જીવનાં કલ્યાણ કરવાં છે તે માટે અમો તથા અક્ષરધામ તથા અક્ષરના મુક્ત તથા બીજાં ધામના ભગવાન તથા બીજા ઈશ્વરકોટિ તેણે સહિત અમે આંહી પધાર્યા છીએ; માટે તે સર્વેને અક્ષરધામમાં લઈ જાવા છે" એવી રીતે સંત આગળ મહારાજે પોતાના મહિમાની વાત કરી. **॥૧૦॥**

ભાદરામાં શ્રીજી મહારાજ પાસે એક પંડિત આવીને શ્લોક બોલ્યો. પછી રતના ભક્તને તથા ડોસા ભક્તને સમાધિ થઈ. પછી મહારાજે પંડિતને કહ્યું જે, "તમે શ્લોક બોલ્યા તેમાં ભગવાનનો મહિમા બહુ છે, તે માટે સમાધિ થઈ ?" પછી પંડિત બોલ્યો જે, "હે મહારાજ ! હું તો કથા કરી કરીને મરી ગયો, પણ કોઈને સમાધિ થાતી નથી." પછી તે

સમે ભૂજનો એક જમાદાર બેઠો હતો તેને પણ સમાધિ થઈ. પછી શ્રીજી મહારાજે તેની વાત કરી જે, "આ જમાદાર એક લાખ ને એંશી હજાર પેગંબરે સ્તુતિને કર્યા એવા ત્રણે અવસ્થામાં અમને દેખે છે." પછી શ્રીજી મહારાજ તે સમાધિવાળાને પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હતા. પછી તે સમાધિવાળાને પંડિતે પૂછ્યું જે, "બીજા ભગવાનના અવતારે આવી સમાધિ કરાવી નહોતી; આ તો કાંઈક જાદુ છે કે મંત્ર-તંત્ર છે ?" ત્યારે તે જમાદારે પંડિતને કહ્યું જે, "આ તો અવતાર નહિ, આ તો સર્વે અવતારના અવતારી ને અક્ષરધામના પતિ છે, તે જ આજે કૃપા કરીને જીવનાં કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છે. ને ભગવાનના બીજા અવતાર પૂર્વે થઈ ગયા, તે તો આ ભગવાનની સર્વે સ્તુતિ ને પ્રાર્થના કરે છે એમ હું સમાધિને વિષે દેખું છું." એવી રીતે શ્રીજી મહારાજે પોતાનો પ્રતાપ સહેજે જણાવ્યો.

પછી સુતાર વશરામ એવી રીતે શ્રીજી મહારાજનો પ્રતાપ જોઈને અતિશે આનંદ પામીને ખેતરમાં ગયા. ત્યાં લાખો કીડીઓ પૃથ્વીમાંથી નીકળી તેને જોઈને દયા આવી જે, 'આ જીવને ક્યારે ભગવાનનો સંબંધ થાશે ?' એમ અંતરમાં વિચાર થયો, પછી પોતાને સંકલ્પે કરીને તે લાખો કીડીઓને ચતુર્ભુજ રૂપ ધરાવીને વિમાનમાં બેસારીને ધામમાં મોકલી. એવી રીતે શ્રીજી મહારાજે ભક્ત દ્વારે પોતાનું ઐશ્વર્ય જણાવ્યું, તે વાત તે ભક્તે આવીને શ્રીજી મહારાજ પાસે કરી.

ત્યારે ડોસે ભક્તે શ્રીજી મહારાજને પૂછ્યું જે, "એ કીડીઓએ શું પુણ્ય કર્યાં હશે ? જે પુણ્યે કરીને ધામમાં ગઈ ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જ્યારે પુરુષોત્તમ ભગવાન અસંખ્ય જીવનાં કલ્યાણ કરવાનો સંકલ્પ ધારીને અક્ષરધામમાંથી આંહી પધાર્યા હોય, ત્યારે તો પોતાના સંકલ્પમાત્રે કરીને અસંખ્ય જીવનાં કલ્યાણ તત્કાળ કરે, અથવા પોતાના ભક્તના સંકલ્પમાત્રે કરીને અનંત જીવોનાં કલ્યાણ કરે. તે માટે અવતાર-અવતારીના સંકલ્પમાં ન્યૂનાધિકપણું છે, તે શું તો જે અવતારીને તો

સંકલ્પમાત્રે જે તે ક્રિયા સિદ્ધ થઈ જાય છે; ને જે અવતાર છે તે તો સંકલ્પ ધારીને તે ક્રિયામાં પોતે ભળે, ત્યારે તે ક્રિયા સિદ્ધ થાય છે.' એવી રીતે શ્રીજી મહારાજે અવતાર-અવતારી એવો ભેદ દેખાડ્યો.**॥૧૧॥**

એક પઠાણ ઝીંઝાવદરની સીમમાં આવ્યો ત્યારે તેના મનના સંકલ્પ સર્વે બંધ થઈ ગયા ! ને અંતરમાં ટાઢું થઈ ગયું ! તેથી જાણ્યું જે, 'આ ગામમાં કોઈ મોટા પુરુષ છે.' પછી તેણે ગામમાં આવીને અલૈયા ખાચરને પૂછ્યું જે, ''આ ગામમાં કોઈ મોટા પુરુષ છે ? તેનાં દર્શન મને કરાવો; કેમ જે તે મોટા પુરુષે મારું મન ખેંચી લીધું છે.''ત્યારે તે પઠાણને શ્રીજી મહારાજનાં દર્શન કરાવ્યાં; તે દર્શનમાત્રે કરીને તે પઠાણને સમાધિ થઈ ગઈ. ને અક્ષરધામને વિષે અનંત મુક્તે સેવાતા એવા શ્રીજી મહારાજનું દર્શન થાતું હતું. પછી મહારાજ તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હતા. પછી તે પઠાણે શ્રીજી મહારાજને પૂછ્યું જે, ''હે મહારાજ ! તમે તો સર્વોપરી ભગવાન છો, માટે તમારા સ્વરૂપનું જ્ઞાન બીજા કોઈકને કહું ?' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ''તમ જેવા હોય તેને કહેજો'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાનો અલૌકિક પ્રતાપ દેખાડ્યો. **॥૧૨॥**

ગામ વાંઢિયામાં પરોક્ષ અવતારના ઉપાસક દેવજી ભક્ત હતા. તેને ઘેર શ્રીજી મહારાજ પધાર્યા ત્યારે તેણે પૂછ્યું જે, ''હે મહારાજ ? તમે કેના સંત છો ?''ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,''અમે તો સ્વામિનારાયણના પરમહંસ છીએ.'' પછી તે ભક્ત શ્રીજી મહારાજને પગે લાગીને બેઠા. પછી તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને સમાધિ કરાવીને અક્ષરધામને વિષે અનંત મુક્ત, અનંત અવતાર ને અનંત ઐશ્વર્ય તેણે સહિત પોતાની મૂર્તિનું દર્શન કરાવતા હતા; ને પોતાની મૂર્તિને વિષે લીન કરાવીને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવતા હતા. પછી મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! આ ભક્તે શું પુણ્ય કર્યા હશે ? જે અનંત કોટિ બ્રહ્માંડના પતિ એવા જે તમે તે સાક્ષાત દયા કરીને તેને ઘેર પધાર્યા, ને મોટા યોગીને પણ દુર્લભ એવી જે અક્ષરધામની સમાધિ

તે તમે દયા કરીને આ ભક્તને કરાવી ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આ ભક્ત તો સો જન્મથી નિષ્કામી વર્તમાન દૃઢ રાખીને ભગવાનને પામવાને અર્થે દાખડો કરતો હતો ત્યારે અમે તેને ઘેર પધાર્યા છીએ.'' પછી તે ભક્તને શ્રીજી મહારાજ પોતાની દૃષ્ટિમાત્રે કરીને જગાડતા હતા. પછી તે ભક્તે કહ્યું જે, ''હે મહારાજ ! તમે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર જે અક્ષર તેના પતિ છો, ને સર્વ અવતારના અવતારીને સર્વ કારણના કારણ સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છો; તે દયા કરીને મારે ઘેર પધાર્યા છો. માટે હે મહારાજ ! તમારા સ્વરૂપના નિશ્ચયમાં ખામી રહે નહિ, એવું કૃપા કરીને કહો.'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમે તો આ બ્રહ્માંડને વિષે આવ્યા નથી ને આવશું પણ નહિ. માટે આજે તમને નિશ્ચય થયો છે તે ફરવા દેવો નહિ.'' એવી રીતે શ્રીજી મહારાજે દેવજી ભક્તને પોતાનું દિવ્ય ઐશ્વર્ય દયા કરીને દેખાડ્યું. **॥૧૩॥**

દામોદરે નથુ ભટ્ટને શ્રીજી મહારાજના નિશ્ચયની વાત કરી જે, ''શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી છે ને રામાનંદ સ્વામી, તે પણ ઉદ્ધવનો અવતાર છે.''તે વાત સાંભળીને તે નથુ ભટ્ટ અતિશે આકળા થઈ ગયા. પછી તે બે જણ વરતાલે શ્રીજી મહારાજ પાસે આવ્યા, ને કહ્યું જે, 'હે મહારાજ ! આ દામોદર રામાનંદ સ્વામીને ઉદ્ધવ કેમ કહે છે ?'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તમે રામાનંદ સ્વામીનું ધ્યાન કરો, એટલે જેમ છે તેમ તમને જણાશે.'' પછી તે ભટ્ટ ધ્યાનમાં બેઠા, એટલે તેમને તરત સમાધિ થઈ; તે સમાધિને વિષે અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્ય ને રામાનંદ સ્વામી; તેમણે સહિત અક્ષરધામને વિષે પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવીને તે સર્વ અવતાર અને રામાનંદ સ્વામી પોતાની સેવામાં દેખાડ્યા; ને પોતાનો સર્વોપરી નિશ્ચય તે ભટ્ટને કરાવ્યો. પછી તે ભટ્ટને સમાધિમાંથી જગાડ્યા ત્યારે તે નથુ ભટ્ટ ઊઠીને દામોદરને સાષ્ટાંગ દંડવત્ કરીને પછી બોલ્યા જે, ''હે મહારાજ ! મને તો આ દામોદરે તમારા સ્વરૂપના નિશ્ચયની વાત કરી ન હોત, તો મારા કલ્યાણમાં

બહુ જ ફેર રહેત; તે માટે હવેથી કોઈ રીતે તમારા સ્વરૂપના નિશ્ચયમાં કસર રહે નહિ એવી કૃપા કરીને વાત કરો,'' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અમે તો અક્ષરધામ થકી અગણિત જીવોનું આત્યંતિક કલ્યાણ કરવાને અમારું જે અક્ષરધામ ને અનંત કોટિ પાર્ષદ ને બીજા ધામના ઈશ્વર તેણે સહિત પધાર્યા છીએ.'' તેવી રીતે શ્રીજી મહારાજે નથુ ભટ્ટને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું. **॥૧૪॥**

ગઢડામાં શ્રીજી મહારાજે એક ભક્તને કહ્યું જે, ''તમે અક્ષરધામમાં જઈ આવો.'' ત્યારે તે ભક્ત સમાધિ કરીને પ્રથમ બદરિકાશ્રમમાં ગયો. ત્યાં આપણા સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિભક્ત તેને દીઠા. ત્યારે તેને પૂછ્યું જે, 'શ્રીજી મહારાજ ક્યાં છે ?'' ત્યારે એ સર્વ બોલ્યા જે, ''આ નરનારાયણ છે તે જ મહારાજ છે.'' ત્યારે હરિભક્તે કહ્યું જે, ''હું મહારાજને ઓળખું છું.'' પછી ત્યાંથી દર્શન કરીને શ્વેતદ્વીપમાં ગયો ત્યાં પણ આપણા સાધુ-બ્રહ્મચારી હતા. તેને કહ્યું જે ''શ્રીજી મહારાજ ક્યાં છે ?'' ત્યારે તે બોલ્યા જે, ''આ વાસુદેવ છે તે જ મહારાજ છે.'' ત્યારે તેણે કહ્યું જે, ''હું મહારાજને ઓળખું છું.'' પછી ત્યાંથી વૈકુંઠમાં ગયો. ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિક દીઠા; ત્યારે તેને કહ્યું જે, ''શ્રીજી મહારાજ ક્યાં છે ?'' ત્યારે તેમણે કહ્યું જે, ''આ લક્ષ્મીનારાયણ છે તે જ મહારાજ છે.'' ત્યારે તેણે કહ્યું જે, ('હું મહારાજને ઓળખું છું.' પછી ત્યાંથી તે ભક્ત ગોલોકમાં ગયો, ત્યારે ત્યાં પણ આપણા સાધુ આદિકને દીઠા. ત્યારે તેમને પૂછ્યું જે, 'મહારાજ ક્યાં છે ?' ત્યારે તેઓ બોલ્યા જે, ''આ શ્રીકૃષ્ણ છે તે જ મહારાજ છે.'' ત્યારે તેણે કહ્યું જે, 'મહારાજને હું ઓળખું છું. માટે આ શ્રીજી મહારાજ નહિ.) ત્યાર પછી તે ભક્ત અક્ષરધામમાં ગયો, ને ત્યાં અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યા એવા જે શ્રીજી મહારાજ તેમને દીઠા. ને ત્યાં આપણા સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તે સર્વેને શ્રીજી મહારાજની સેવામાં દીઠા.

ત્યાર પછી તે ભક્તને શ્રીજી મહારાજે પૂછ્યું જે, "કયા કયા ધામ જોતા આવ્યા?" ત્યારે તે ભક્તે કહ્યું જે,"હે મહારાજ !' આપણા બ્રહ્મચારી,સાધુ,પાળા અને સત્સંગી તે બદરિકાશ્રમમાં, શ્વેતદ્વીપમાં, વૈકુંઠમાં તથા ગોલોકમાં ઘણા દીઠા તે પણ આંહી કેમ ન આવ્યા ? ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે,"અમને તે તે ધામના પતિ જાણ્યા, તે માટે ત્યાં જઈને રહ્યા છે. ને આ સર્વેએ અમને સર્વ અવતારના અવતારી જાણ્યા ને સર્વ ધામ થકી પર જે બ્રહ્મમહોલ તેના પતિ અમને જાણ્યા તે માટે એમને અમે અક્ષર જેવા કર્યા છે. અને પૂર્વના અવતાર જેવા અમને જાણ્યા તે માટે એમને તે તે અવતાર જેટલું ઐશ્વર્ય આપ્યું છે. ને તે તે ધામના પતિ અમને જાણીને તે તે ધામમાં રહ્યા છે. ને તે જો અમે પંડે જઈને કહીએ તોપણ ન માને એવો એનો નિશ્ચય છે."પછી તે ભક્તને સમાધિમાંથી શ્રીજી મહારાજ જગાડતા હતા. પછી શ્રીજી મહારાજે તે ભક્તને કહ્યું જે,"તમે સર્વે જેમ દીઠું હતું તેમ સંતમંડળ આગળ કહો."ત્યારે તે ભક્તે જેમ દીઠું હતું તેમ સંતમંડળ આગળ કહ્યું.

પછી સર્વે પરમહંસે કહ્યું જે,"હે મહારાજ ! તમે કૃપા કરીને તમારા સ્વરૂપનો જેમ અમને સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કહો." પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "અક્ષરાતીત એવા જે આ પ્રગટ પુરુષોત્તમ ભગવાન તે અનંત અક્ષરમુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિષે સદાય વિરાજમાન છે. તેમણે સૃષ્ટિ સમે અક્ષર સામું જોયું ત્યારે તે મુક્તોમાંથી એક પુરુષ ઊભો થયો. પછી તે પુરુષે માયા સામે જોયું; પછી માયામાંથી અનંત પ્રધાનપુરુષાદિક થયા; તે અક્ષરપુરુષ અનેક રૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે, અનેક રૂપે કરીને સર્વેની રક્ષા કરે છે; અનંત પાર્ષદ, શક્તિઓ, ઐશ્વર્યે સેવ્યા થકા પોતાના ધામને વિષે જ રહે છે; ને બીજે રૂપે કરીને પુરુષોત્તમની સેવા કરે છે. એ પ્રકારે એને વિષે અનેક કળા રહી છે. એવા જે મહાપુરુષ તેનો મોટા કવિ પણ પાર પામતા નથી. ને આધુનિક સમજણવાળાની તો એટલે સુધી ગતિ છે. ને એવા અનંત

અક્ષરમુક્તે સેવ્યા એવા જે પ્રગટ પુરુષોત્તમ તેની તમારે સાક્ષાત્ પ્રાપ્તિ છે. ને એવા જે પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ તે બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વે અવતાર તેના કારણ છે; ને અનંત મુક્તના સ્વામી છે; ને અપરિમિત,[૧] સર્વોપરી, નિરંકુશ ઐશ્વર્યાદિક કરીને સંપૂર્ણ છે. એવા જે પ્રગટ પુરુષોત્તમ તેમની જેમ તમને ઉપાસના છે તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે છે; પણ બીજા તો કોટિ સાધન કરે તો પણ ન પામે.

અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વૈતમૂર્તિ એવા જે પ્રગટ પુરુષોત્તમ તેને વિષે ને બીજા વિભૂતિ અવતારને[૨] વિષે કેમ ભેદ છે ? તો જેમ તીર ને તીરનો નાખનારો,તથા ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે; ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે; ને જેમ ચંદ્રમાં ને તારામાં ભેદ છે; તેમ આ પ્રગટ પુરુષોત્તમમાં ને બીજા રામકૃષ્ણાદિક અવતારમાં ભેદ છે. એવી રીતે આ પ્રગટ પુરુષોત્તમને સર્વોપરી જાણવા, એ સર્વે સત્પુરુષ ને સર્વ શાસ્ત્રનો પરમ રહસ્ય અભિપ્રાય છે. એવા જે પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેની દૃઢ ઉપાસના કરવી એ અવશ્ય કરવાનું છે. ને અનંત એવું જે અક્ષરધામ ને અનંત કોટિ અક્ષર મુક્ત ને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભૂતિઓ ને અનંત માયાસબલિત[૩] બ્રહ્મ એ સર્વે પુરુષોત્તમનું શરીર છે. તેના મહિમાનો પાર ન આવે; તો એ સર્વેના શરીરી ને કારણ, એ સર્વેને વિષે અન્વય થકા વ્યતિરેક, ને સર્વેથી નિર્લેપ, નિર્વિકારી એવા જે આ પરબ્રહ્મ હરિકૃષ્ણ પ્રગટ પુરુષોત્તમ તેના મહિમાનો તો પાર આવે જ કેમ ? એ તો અનંત અપાર છે.

ને જેવા આ પ્રગટ મૂર્તિ અમે બેઠા છીએ તેવા ને તેવા જ અક્ષરધામને વિષે પણ રહ્યા છીએ; અને તમે પણ સર્વે ત્યાં બેઠા છો એમ હું દેખું છું.

૧. અમાપ.

૨. વિભવ અવતાર.

૩. પ્રકૃતિપુરુષ.

ને જે આ સત્સંગમાં યોગ સમાધિવાળા છે તે પણ દેખે છે; પણ આ વાત તમારા સમજવામાં પરિપૂર્ણ આવતી નથી. ને જ્યારે એ વાર્તા પરિપૂર્ણ સમજવામાં આવશે, ત્યારે પંચવિષય કે કામક્રોધાદિક જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જીતાય જાશે. ને બ્રહ્માદિકને પણ દુર્લભ એવી આ સભા છે; ને ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમઃ તેને વિષે સભા છે તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું, અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં પણ જો લગારે મિથ્યા કહેતા હોઈએ તો **આ સંતસભાના સમ છે.** તે સમ શા સારુ ખાવા પડે છે ? જે આ તમારે સર્વેને અલૌકિક ને પરિપૂર્ણપણું સમજાતું નથી ને દેખવામાં પણ આવતું નથી; તે સારુ સમ ખાવા પડે છે.'' એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા, ત્યાં શ્રીજી મહારાજે કૃપા કરીને પોતાના પુરુષોત્તમપણાની વાત કરી. **॥૧૫॥**

જેતલપુરના મહોલમાં મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસને શ્રીજી મહારાજે પૂછ્યું જે, ''અમે જે જે ધામમાં જઈએ છીએ તે તે ધામમાં તમારાં વખાણ થાય છે. ને જે જે શાસ્ત્ર સાંભળીએ છીએ તે તે શાસ્ત્રમાં પણ તમારાં વખાણ થાય છે; તે તમારામાં એવી શી મોટપ છે જે, સર્વે ઠેકાણે તમારાં વખાણ કરે છે ?'' એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે, ''તૂંબડી ફૂટી જાય, તો તમને સાજી કરતાં આવડે ?'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''ના મહારાજ''. પછી મહારાજે કહ્યું જે, ''તમે તમારી મોટપને જાણતા નથી.'' એમ કહીને બોલ્યા જે, ''લો અમે તમારી મોટપને કહીએ છીએ જે, આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે, તેથી દશગણું જળ છે, તેથી દશગણું તેજ છે, તેથી દશગણો વાયુ છે, તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણું મહત્તત્ત્વ છે, તેથી અનંતગણી પ્રકૃતિ ને પુરુષ છે તેથી અનંતગણું અક્ષરધામ છે. તે ધામમાંથી લાખ મણ લોઢાનો ગોળો પડતો મૂકીએ તે વાયુને લેરખે ઘસાતો ઘસાતો પૃથ્વી ઉપર આવે, ત્યારે રજ ભેળો રજ થઈ જાય; એટલે છેટે અક્ષરધામ

INDEX

છે. પણ જો આંહી અલ્પ જેવો જીવ હોય ને તમે એમ ધારો જે,'આ જીવ અષ્ટ આવરણ પાર જે અક્ષરધામ તેમાં જાય' તો તત્કાળ જાય ! એવું તમારા સંકલ્પમાં બળ છે. જેમ જતરડામાં[1] ઘાલીને પાણો ફગાવી નાખે, તેમ તમે પણ જે જીવને આંહીથી અક્ષરધામમાં ફગાવો, તેને ત્યાં જાતાં વચમાં કાળ, માયાદિક કોઈ આડું આવી શકે નહિ; એવું તમારાં કાંડામાં બળ છે, પણ તમે તમારી મોટપને જાણતા નથી.

ને વળી **તમ જેવા જે સંત તેને કોઈ ભાવે કરીને જમાડે તેને કોટિ યજ્ઞનું પુણ્ય થાય છે ને તેનો મોક્ષ થાય છે. ને તમારા ચરણનો કોઈ સ્પર્શ કરે છે, તેનાં કોટિ જન્મનાં પાપ નાશ પામે છે. ને તમને ભાવે કરીને જે વસ્ત્ર ઓઢાડે છે તેનું પરમ કલ્યાણ થાય છે. ને તમે જે જે નદી, તળાવ, કૂવા તેને વિષે નહાઓ છો તે સર્વે તીર્થરૂપ થાય છે.** ને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે જે વૃક્ષનું ફળ જમ્યા હો તે સર્વેનું રૂડું થાય છે. ને તમારાં કોઈ ભાવે કરીને દર્શન કરે છે ને કોઈ તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તે તે સર્વેનાં પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો ને કોઈને નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઇત્યાદિક જે સર્વ તમારી ક્રિયા છે તે નિર્ગુણ છે; ને જીવના કલ્યાણને અર્થે છે.

ને આવો જે તમારો મહિમા તે શેણે કરીને છે ? તો સર્વ થકી પર જે અક્ષરધામ તેના પતિ એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેની તમો સર્વને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે; ને તે પુરુષોત્તમનો તમારે દૃઢ આશરો થયો છે; ને તે પુરુષોત્તમ આ તમારી સભામાં આવીને બેઠા છે; ને તમોને પોતાની મૂર્તિનું પ્રત્યક્ષ સુખ આપે છે. માટે હવે તમારે કાંઈ કરવું રહ્યું નથી; ને જેવી અક્ષરધામના મુક્તને પુરુષોત્તમ ભગવાનના સુખની પ્રાપ્તિ છે, તેવી તમારે પણ આ પ્રત્યક્ષ પુરુષોત્તમના સુખની પ્રાપ્તિ થઈ છે. તે પુરુષોત્તમના સંબંધે કરીને તમારી આવી મોટપ છે.

---

૧. મોટું જતરડું, જંતરડો.

ને વળી **અનંત કોટિ બ્રહ્માંડમાં અમારું કર્યું થાય છે ને અમારે પ્રતાપે કરીને તમારું પણ અનંત કોટિ બ્રહ્માંડમાં કર્યું થાય છે;** પણ તેને તમો જાણતા નથી. તે આવા અસમર્થ રાખ્યા તેનું શું કારણ છે ? તો આ પ્રત્યક્ષ ભગવાનના સુખને અર્થે તમારું સામર્થ્ય રૂંધી રાખ્યું છે; ને જેવું તમારું સામર્થ્ય છે તેવું જો હું દેખાડું, તો તમારે આ લોકમાં કોઈની ગણતી જ આવે નહિ. તેણે કરીને કોઈ જીવનું કલ્યાણ પણ થાય નહિ. માટે નિર્ભય થઈને પ્રત્યક્ષ પુરુષોત્તમનું સ્મરણ કરજો; પણ આ લોકના દુઃખે કરીને દુઃખ પામશો નહિ.'' **॥૧૬॥**

ગઢડામાં શ્રીજી મહારાજે આનંદ સ્વામી તથા મુક્તાનંદ સ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું જે, ''અમે તમને જે જે આજ્ઞા કરીએ જે, આ પ્રવૃત્તિની ક્રિયા છે તેને તમે કરો; ત્યારે તે ક્રિયા તમે કેમ કરો ?'' ત્યારે પ્રથમ આનંદ સ્વામીએ કહ્યું જે, ''જેમ તમે કહો તેમ કરીએ.'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હું તો ક્રિયા કરવા સારુ હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢી હોય તો તે વૃત્તિ એક હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.''પછી સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું જે, ''હું તો જે જે ક્રિયા કરવા જાઉં તે તે ક્રિયા દેખાય નહિ ને એક તમારી મૂર્તિ જ દેખાય.'' પછી મહારાજે સ્વરૂપાનંદ સ્વામીને કહ્યું જે, ''પદાર્થ દેખાય નહિ ને એક મૂર્તિ દેખાય તે વાત સર્વેના સમજ્યામાં આવતી નથી '' ત્યારે સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, ''જેમ તીરની અણીએ લીંબુ ખોસ્યું હોય, તે તીરને જેમની કોર કરીએ તેમની કોર અણીમાં લીંબુ દેખાય છે; તેમ વૃત્તિમાં ભગવાનની મૂર્તિ રહી છે, તે વૃત્તિ જેમની કોર કરીએ તેમની કોર ભગવાનની મૂર્તિ દેખાય છે.'' ત્યાર પછી શ્રીજી મહારાજે કહ્યું જે, ''ત્રણેનાં અંગ જુદાં જુદાં છે, માટે આનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો; અને મુક્તાનંદ સ્વામીને સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો. એમ સમાગમ કરે, તો એકબીજાની કસર ટળે. એમ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ મુક્તમાં ભેદ છે. **॥૧૭॥**

એક સમે ગઢડામાં[1] બ્રહ્માનંદ સ્વામી દેશમાંથી ફરીને આવ્યા ત્યારે તેને શ્રીજી મહારાજે પૂછ્યું જે, "દેશમાં સત્સંગ કેવો થયો છે ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ? સત્સંગ તો બહુ થયો છે." ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, "તમે સત્સંગી કેવા થયા છો ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે,"અમે તો તમારા ખરેખરા સત્સંગી થયા છીએ."ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, 'તમે તો હજી ગુણબુદ્ધિવાળા સત્સંગી થયા છો. ને જો ખરેખરા સત્સંગી થયા હો તો કહો જે, અમે ક્યાં હતા ને ત્યાં અમો શું કરતા તે વાત કહો ?" ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એવા સત્સંગી તો અમે નથી થયા." ત્યાર પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એવા ખરેખરા સત્સંગી તો પર્વતભાઈ તથા ગોવરધનભાઈ આદિક હરિભક્ત છે. તે તો અમારી મૂર્તિને ત્રણે અવસ્થામાં દેખે છે' પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એવા સત્સંગી કેમ થવાય ?" પછી શ્રીજી મહારાજે કહ્યું જે, "પુરુષપ્રયત્ને કરીને જો માયિક ભાવને ટાળીને, પોતાના આત્માને અક્ષરરૂપ માનીને, મારી મૂર્તિનું ચિંતવન કરો તો એવા સત્સંગી થવાય.'

ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! કૃપા કરો તો એવા સત્સંગી થવાય." ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "જુઓને આ બ્રહ્માંડ છે તે પણ અક્ષરને વિષે અણુ જેટલું જણાય છે, માટે તે બ્રહ્માંડ અક્ષરની આગળ ગણતીમાં નથી. એવા અનંત કોટિ બ્રહ્માંડ તે જેના એક રોમના છિદ્રને વિષે ઊડતાં ફરે છે, એવું મહત્ત્વપણું અક્ષરને વિષે છે. ને હું તો એ થકી પર છું. ને એવા જે અમે તે અક્ષરધામમાંથી આંહી આવ્યા; તે વચ્ચે પ્રકૃતિપુરુષના લોકમાં ન રહ્યા, તથા પ્રધાનપુરુષના લોકમાં ન રહ્યા, તથા અનંત ધામ તથા અનંત બીજાં સ્થાનક તેમાં ક્યાંય ન રહ્યા. ને મારી આગળ આ બ્રહ્માંડને વિષે જે જીવ તે શી ગણતીમાં છે ? કાંઈ ગણતીમાં નથી. એવા જે અમે તે કૃપા કરીને તમારી ભેગા આવીને રહ્યા

૧. આ પ્રસંગ મેવાસા ગામની છાપરવડી (ચાંપરવડી) નદી કાંઠાનો છે.

છીએ; ને તમારી આગળ વાત કરીએ છીએ; ને ભાઈબંધાઈ કરીએ છીએ; તથા નિત્યે દર્શન દઈએ છીએ. તથા જમાડીએ છીએ; તથા નામ લઈને બોલાવીએ છીએ; ઇત્યાદિક અનેક પ્રકારે કરીને તમારી સાથે પ્રીતિ કરીએ છીએ; તથા ઓળખાણ કરીએ છીએ. ને વળી કાંઈક આડુંઅવળું કરતા હશો, તેનું પણ સંબંધીની પેઠે સહન કરતા હશું; તોપણ કહો છો જે ,'કૃપા કરો', પણ હવે તે કેટલી કૃપા કરીએ ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, ''હે મહારાજ ! તમે કૃપા તો બહુ કરી છે, પણ અમારે માયાનું આવરણ તેણે કરીને સમજાય નહિ.'' ત્યારે શ્રીજી મહારાજ બેઠા હતા તે ઊભા થઈને પછેડી ઓઢી હતી, તે હેઠી મૂકીને બોલ્યા જે, ''હવે માયાનું આવરણ કાંઈ છે ? કરો દર્શન ?'' ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, ''આવી કૃપા તો અમે નહોતા સમજ્યા.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના મહિમાની બહુ વાત કરી.[૧] **॥૧૮॥**

વરતાલે આંબા હેઠે પરમહંસે સહિત શ્રીજી મહારાજ સભા કરીને બિરાજમાન હતા, ને સર્વે પરમહંસ શ્રીજી મહારાજના ચરણકમળ સામું ચકોરપક્ષીની પેઠે જોઈ રહ્યા હતા. પછી ચાર પાટીદાર શ્રીજી મહારાજ પાસે આવ્યા, ને ત્યાર પછી શ્રીજી મહારાજે ચરણારવિંદ લાંબા કર્યા તે ચરણારવિંદ સામું જોઈને તે બોલ્યા જે, ''હે મહારાજ ! તમારા ચરણારવિંદ સામું જોઈએ છીએ ત્યારે તો તમે પુરુષોત્તમ ભગવાન જણાઓ છો, ને તમારા શરીર સામું જોઈએ છીએ ત્યારે તો તમે મનુષ્ય જેવા જણાઓ છો. ને અમોએ ઘણે ઠેકાણે સભા દીઠી છે, પણ આમ એક નજરે તમ સામું સર્વે મનુષ્ય જોઈ રહ્યા છે; તેમ કોઈ ઠેકાણે આવી મનુષ્યની સભા અમોએ દીઠી નથી. માટે અમોને આ વાત જેમ સમજાય તેમ કૃપા કરીને કહો.'' ત્યાર પછી શ્રીજી મહારાજે કહ્યું જે,''વૈરાટ બ્રહ્મા છે, તેણે આ ચરણારવિંદ પૃથ્વી ઉપર આવે તેને અર્થે પોતાનાં પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી સ્તુતિ કરી, ત્યારે આ ચરણારવિંદ

૧. શ્રીહરિલીલામૃત કળશ-૬, વિશ્રામ-૧૫.

પૃથ્વી ઉપર આવ્યા છે; પણ તમે તો હવે સૂઝે એમ સમજો. ને વળી હું અક્ષરધામમાંથી સદ્‌ગુરુરૂપી સૂર્ય પ્રગટ થયો છું; ને આ સર્વે સંત છે તે સૂર્યમુખી કમળ ખીલ્યાં છે, તે સર્વે મારા મુખકમળ સામું જોઈ રહ્યા છે.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની બહુ વાત કરી તેને સાંભળીને તેમને શ્રીજી મહારાજના સ્વરૂપનો નિશ્ચય થયો. ॥૧૯॥

ભાદર નદીને કાંઠે આત્માનંદ સ્વામીએ શ્રીજી મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! સત્સંગ તો બહુ થયો.'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ''હજી સત્સંગ ક્યાં થયો છે ?''એમ કહીને બોલ્યા જે, ''**એક એક એકાંતિક સાધુ વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે ત્યારે જાણીએ જે સત્સંગ થયો.અને વળી બ્રહ્માંડ આખાના જીવ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરશે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.**'' એમ કહીને વળી બોલ્યા જે, ''કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે; તે સારું અમે અક્ષરધામમાંથી અમારા પાર્ષદે સહિત આંહીં પધાર્યા છીએ. ત્યારે તેટલા જીવનું કલ્યાણ શી રીતે થાય ? પછી અમે વિચાર કર્યો જે જે, જીવ અમારું દર્શન કરે તેનું કલ્યાણ થાય. પછી વળી એમ વિચાર કર્યો જે, અમારા દર્શન પણ કેટલાક જીવને થાશે ? માટે અમારા સાધુનાં દર્શન કરે તેનું તથા તેનો ગુણ લે તેનું પણ કલ્યાણ થાય. પછી વળી વિચાર કર્યો જે, અમારા સાધુનાં પણ દર્શન કેટલાક જીવને થાશે ? માટે અમારા સત્સંગીનાં દર્શન કરે તથા સત્સંગીને જમાડે તથા સત્સંગીને પાણી પાય તથા સત્સંગીનું પાણી પીએ તથા સત્સંગીનો ગુણ લે; એ સર્વેનું અમારે કલ્યાણ કરવું છે. એવી રીતે સો કરોડ મનવારો લાવ્યા છીએ તે ભરવી છે.

પણ તે કલ્યાણમાં અનંત પ્રકારના ભેદ છે, તે દૃષ્ટાંતે કરીને કહીએ છીએ તેમાં પ્રથમ તો તે મનવારોમાં ચિંતામણિઓ ભરશું. પછી પારસમણિઓ ભરશું; પછી હીરા, પછી મોતી, પછી દાગીના, પછી

સોનામહોરો, પછી રાળ,[૧] પછી રૂપિયા, પછી કોરીઓ[૨] ને પછી બીજા પદાર્થ ભરશું. ને તેમ કરતાં છેલ્લી બાકી ખાલી રહેશે, તો ગારો ભરશું. એ પ્રકારે પૂર્ણ કરીને મનવારો ભરવી છે, એવી રીતે ભક્તના અનંત પ્રકારના ભેદ છે. માટે **જેટલો જીવને ભગવાનનો નિશ્ચય ને સંબંધ થાય છે તેવું જીવનું કલ્યાણ થાય છે.**''એવી રીતે પોતાના મહિમાની બહુ વાત[૩] કરી. **॥૨૦॥**

વરતાલે ઉગમણા બંગલાને વિષે શ્રીજી મહારાજને ઝવેર ભક્તે પૂછ્યું જે, ''હે મહારાજ ! અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિ કેવી હશે ?''ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''આ પ્રત્યક્ષ અમે બેઠા છીએ તેવી જ અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિ છે''. ત્યાર પછી તે ભક્તે ફરીને પૂછ્યું જે, ''હે મહારાજ ! કૃપા કરીને જેવી અક્ષરધામને વિષે મૂર્તિ છે તેવી દેખાડો.'' ત્યારે તે ભક્તને શ્રીજી મહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિષે પોતાની મૂર્તિનું પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરાવ્યું; ને અનંત કોટિ મુક્ત તથા અનંત ઐશ્વર્ય તથા અનંત શક્તિઓ તેનું દર્શન કરાવીને પોતાના સ્વરૂપનો પ્રત્યક્ષપણે સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એવી રીતે શ્રીજી મહારાજે ઝવેર ભક્તને પોતાનું ઐશ્વર્ય દેખાડ્યું. **॥૨૧॥**

શ્રીજી મહારાજ પરમહંસે સહિત નર્મદાને કાંઠે ધ્યાન કરવા બેઠા. પછી ઘણી વાર થઈ ત્યારે મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને બે-ત્રણ વાર કહ્યું જે, ''હે મહારાજ ! તમે જમો તો ઠીક. એટલે સર્વે સંત પણ ટીમણ કરે.'' પછી ઘણી વારે ધ્યાનમાંથી ઊઠીને બોલ્યા જે, ''ટીમણ તો સર્વેને કરવાં છે,પણ અમારે તો તમને સહુને વાત કરવી છે.'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! તમે વાત કરો.'' પછી શ્રીજી મહારાજ

---

૧. જૂના સમયમાં નાણા તરીકે વપરાતો સિક્કો.

૨. જામનગર, પોરબંદર, જૂનાગઢ અને કચ્છનાં જૂનાં રજવાડાઓનું રૂપિયાના લગભગ ચોથા કે પાંચમા ભાગની કિંમતનું ચાંદીનું નાણું ને સિક્કો.

૩. આ વાત ધોરાજીમાં લાલ વડ હેઠે કરેલી છે.(જુઓ પ્રકરણ-૨,વાત-૧)

બોલ્યા જે, ‘‘આ પચાસ કોટિ યોજન પૃથ્વી છે; તેથી દશગણું જળ છે. તેથી દશગણું તેજ છે, તેથી દશગણો વાયુ છે, તેથી દશગણો આકાશ છે, તેથી દશગણો અહંકાર છે, તેથી દશગણાં પ્રધાનપુરુષ છે, તેથી અનંતગણાં પ્રકૃતિપુરુષ છે, ને તેથી અનંતગણું પર અક્ષરધામ છે. તે ધામને વિષે રહ્યા જે અનંત કોટિ મુક્ત તેમને પુરુષોત્તમનો સંબંધ છે; પણ બીજા કોઈ ધામને વિષે પુરૂષોત્તમનો સંબંધ નથી. કેટલાકને તો ઇન્દ્રાદિકનો સંબંધ છે, કેટલાકને બ્રહ્માદિકનો સંબંધ છે, કેટલાકને તો વૈરાટાદિકનો સંબંધ છે, કેટલાકને પ્રધાનપુરુષનો સંબંધ છે, ને કેટલાકને પ્રકૃતિપુરુષાદિકનો સંબંધ છે; પણ પુરુષોત્તમ ભગવાનનો સંબંધ કોઈને નથી.’’ ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ‘‘હે મહારાજ ! આંહીં કોઈકને પુરુષોત્તમનો સંબંધ હોય તો કેમ ?’’ ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, ‘‘એટલી જ વાત સમજવાની છે. કેમ જે, અક્ષરધામના મુક્તને સાક્ષાત્ પુરુષોત્તમનો સંબંધ છે તે જ પુરુષોત્તમનો તમારે આંહીં સાક્ષાત સંબંધ થયો છે; પણ બીજા કોઈ ધામના મુક્તને આ પુરુષોત્તમનો સંબંધ નથી.’’ એટલી વાત કરી. પછી પોતાની આગળ પકવાન્નનો થાળ બ્રહ્મચારી લાવ્યા હતા, તે થાળ પડતો મૂકીને પોતે સાથવો ને મીઠું જમ્યા; ને પછી ત્યાંથી ચાલ્યા. **॥૨૨॥**

જાળિયામાં હીરાભાઈને ઘેર શ્રીજી મહારાજે શરીરે મંદવાડ જણાવ્યો; ને પછી મુક્તાનંદ સ્વામી આદિક પરમહંસ ત્યાં આવ્યા. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ‘‘હે મહારાજ તમારે શરીરે કસર થઈ હતી ?’’ ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા, ‘‘અમારે શરીરે કસર નહોતી થઈ, પણ અમો તો તમોએ બહુ તપ કર્યું તે તમારા સારું ધામ જોવા ગયા હતા; એટલે આ લોકની વિસ્મૃતિ થઈ હતી તેણે કરીને શરીરે કસર જેવું જણાણું. તે પ્રથમ તો અમે બદરિકાશ્રમમાં ગયા, ત્યારે તે આશ્રમના વાસી નરનારાયણ બોલ્યા જે, ‘હે મહારાજ ! તમે દયા કરીને ભલે અમારા આશ્રમમાં પધાર્યા.’ પછી તે સર્વેએ અમારી પૂજા, આરતી, સ્તુતિ કરી ને બેઠા. પછી તેને અમે કહ્યું જે ‘અમારા સાધુએ બહુ તપ કર્યું તે

સારુ ધામ જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે માટે આંહી સાધુને રાખો.' પછી અમને એમ વિચાર થયો જે આંહીના જેવું તો ત્યાં પણ તપ કરે છે. પછી ત્યાંથી શ્વેતદ્વીપમાં ગયા, ત્યારે ત્યાંના વાસી જે વાસુદેવ તેણે અમને પધરાવીને પૂજા, આરતી, સ્તુતિ કરી ને બેઠા. પછી તે બોલ્યા જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને અમને દર્શન દીધાં.' ત્યારે તેને અમે કહ્યું જે, ''અમે તો અમારા સાધુએ બહુ જ તપ કર્યું તેના સારું ધામ જોવા આવ્યા છીએ; પછી તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું જ છે માટે આંહી સાધુને રાખો.' પણ અમને એમ જણાણુ જે, આ સ્થાન તો તપ કરવાને બહુ સારું છે, પણ પ્રભુ ભજવાનું સુખ બરાબર જણાણું નહિ; શા માટે જે ક્ષીર સમુદ્ર એક કોર હડૂડ્યા કરે છે.

પછી ત્યાંથી અમે વૈકુંઠલોકમાં ગયા. ત્યારે તે વૈકુંઠવાસી જે રામચંદ્રજી તેમણે અમને પધરાવીને અમારી પૂજા, આરતી, સ્તુતિ કરી ને બેઠા. પછી તેમણે અમને કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં.' ત્યારે તેને અમે કહ્યું જે, અમારા સાધુએ બહુ તપ કર્યું તેને અર્થે અમે ધામ જોવા આવ્યા છીએ. ત્યારે તેણે કહ્યું જે, 'હે મહારાજ ! આ ધામ તમારું છે, માટે આંહી સાધુને રાખો.' પણ અમને એમાં કાંઈ પ્રભુ ભજવાનું સુખ જણાણું નહિ; શા માટે જે ચાર ભુજા ને સ્ત્રીઓનો પ્રસંગ તે ઠીક નહિ. પછી અમે ત્યાંથી ગોલોકમાં ગયા. ત્યારે ત્યાંના વાસી જે શ્રીકૃષ્ણ તેમણે અમને સિંહાસન ઉપર પધરાવીને અમારી પૂજા, આરતી, સ્તુતિ કરી ને બેઠા. પછી અમને કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને અમને દર્શન દીધા.' ત્યારે તેને અમે કહ્યું જે, 'અમારા સાધુએ બહુ તપ કર્યું તેને અર્થે ધામ જોવા આવ્યા છીએ.' ત્યારે તેમણે કહ્યું જે 'હે મહારાજ ! આ ધામ તમારું છે, માટે આંહી સાધુને રાખો' પણ અમને એમાં કાંઈ સુખે પ્રભુ ભજાય એવું જણાણું નહિ; કેમ જે ગોપ, ગોપીઓ, ગાયો, વાછરડાં, છાસુ; આદિક કેટલીક જાતના વિક્ષેપ, તેથી

પ્રભુ ભજાય નહિ. પછી ત્યાંથી અમે પ્રકૃતિપુરુષના લોકમાં ગયા, ત્યારે પુરુષ અને પ્રકૃતિ તેમણે અમારી પૂજા, આરતિ, સ્તુતિ કરી ને બેઠા. પછી તેણે કહ્યું જે, 'હે મહારાજ ! બહુ દયા કરીને દર્શન દીધાં' ત્યારે અમોએ તેને કહ્યું જે, 'અમે દર્શન દેવા નથી આવ્યા. અમે તો અમારા સાધુએ બહુ જ તપ કર્યું, તેને અર્થે ધામ જોવા આવ્યા છીએ; પછી તેમણે કહ્યું જે, 'આ ધામ તમારું છે માટે આંહી સાધુને રાખો.' પછી અમને વિચાર થયો જે આ પુરુષ કાળો કેમ હશે ? તેથી અમે પ્રકૃતિને પૂછ્યું ત્યારે તે પ્રકૃતિએ કહ્યું જે 'પુરુષ મારી સાથે જોડાણો, તેણે કરીને મારી શ્યામતા હતી તે પુરુષમાં ગઈ ને પુરુષનો પ્રકાશ હતો તે મારામાં આવ્યો.' પછી અમને વિચાર થયો જે આંહી સાધુને રાખવા તે પણ ઠીક નહિ કેમ જે માયા કાળા કરી નાખે.

પછી ત્યાંથી અમે અક્ષરધામમાં ગયા. પછી તે અક્ષરધામના મુક્તે અમારી બહુ પ્રકારના ઉપચારે કરીને પૂજા કરી, તથા સ્તુતિ કરી ને બેઠા. પછી તે મુક્તને અમોએ કહ્યું જે, અમે મૃત્યુલોકને વિષે પધાર્યા હતા. ત્યારે ત્યાંના મનુષ્ય તથા સંતે બહુ જ તપ કરીને અમને રાજી કર્યા છે; તે માટે તેમના અર્થે અમે ધામ જોવા ગયા હતા; કે જે ધામમાં બહુ સુખ હોય તે ધામમાં તેને રાખીએ. તેથી અમે બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપ તથા વૈકુંઠ, ગોલોક એ આદિક ધામ જોયાં; પણ ધામને વિષે ઉપાધિએ રહિત એવું ભગવાનને ભજ્યાનું સંપૂર્ણ સુખ દીઠું નહિ; તેથી અમે આંહી પધાર્યા છીએ. ત્યારે તે મુક્તે કહ્યું જે 'આ ધામ તમારું છે ને અમો પણ તમારા છીએ; માટે તે સાધુને અહીં લાવીને તમારી મૂર્તિનું સુખ આપો.' એમ અક્ષરધામના મુક્ત બોલ્યા. ત્યાર પછી અમે અક્ષરધામમાંથી આંહી આવ્યા અને સર્વે સંતને કહ્યું જે, 'તમારે અર્થે અક્ષરધામ જોઈને આંહીં આવ્યા છીએ. તે માટે આપણા પરમહંસ તથા સત્સંગી, એ સર્વેને તો એમ નિશ્ચય કરવો જે, આપણે તો એ અક્ષરરૂપ મુક્તિની પંક્તિમાં ભળવું છે ને અક્ષરધામમાં જઈને અખંડ

ભગવાનની સેવામાં હજૂર રહેવું છે; પણ નાશવંત ને તુચ્છ એવું જે માયિક સુખ તેને ઇચ્છવું નથી; ને એમાં કોઈ ઠેકાણે લોભાવું નથી. એવો દૃઢ નિશ્ચય રાખીને સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ શ્રી પુરુષોત્તમ ભગવાન તે તમોને પ્રત્યક્ષ મળ્યા છે, માટે તે પુરુષોત્તમ ભગવાનની એકાંતિકી ભક્તિ નિરંતર કરવી.''

ત્યાર પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, ''હે મહારાજ ! ભગવાનનું અક્ષરધામ કેવું છે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,''તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, ને સચ્ચિદાનંદરૂપ છે. અને એ ભગવાનનું જેવું ધામ છે તેવું સ્થાનક અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈ નથી; જે જેની ઉપમા એને દઈએ. તથા ઇન્દ્ર, વરુણ, કુબેર તથા શિવ, બ્રહ્મા, વૈરાટ તથા પ્રધાનપુરુષ પ્રકૃતિપુરુષાદિક તેમનાં જે સ્થાનક તથા બીજાં ઘણાક ભગવાનનાં સ્થાનક છે, પણ એ માંહીલું એકે એવું સ્થાનક નથી જે, જેને ભગવાનના અક્ષરધામની ઉપમા દઈએ. અને એ ભગવાનના અક્ષરધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તેને જેવું સુખ છે, તેવું અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈને સુખ છે જ નહિ; જે જેની એને ઉપમા દઈએ. ને એ ભગવાનનો જેવો આકાર છે તેવો અનંત કોટિ બ્રહ્માંડમાં કોઈનો આકાર છે નહિ, જે જેની ઉપમા એને દઈએ. કેમ જે પુરુષપ્રકૃતિ થકી ઉત્પન્ન થયા જે આકાર તે સર્વે માયિક છે ને ભગવાન છે તે અમાયિક છે; ને દિવ્ય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે સદાય વિરાજમાન છે ને તે અક્ષરધામને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ જે, જેમ પર્વત, વૃક્ષ, પશુ, પક્ષી, મનુષ્યાદિક જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે બિલોરી[1] કાચની હોય ને આકાશને વિષે જે સમગ્ર તારા છે તે સર્વે સૂર્ય હોય, પછી તેને તેજે કરીને સમગ્ર આકૃતિએ સહિત બિલોરી કાચની પૃથ્વી જેવી પ્રકાશમાન થાય છે ને શોભે છે, તેવી શોભાએ યુક્ત અક્ષરધામ છે. એવું જે ભગવાનનું અક્ષરધામ છે તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે.

---

૧. એક પ્રકારનો ઉત્તમ કાચ.

ને તે અક્ષરધામને વિષે સદાય ભગવાનની મૂર્તિ બિરાજમાન છે. તે મૂર્તિનું જ્યારે સમાધિને વિષે ભક્તને દર્શન થાય છે તે દર્શને કરીને એવું સુખ જણાય છે, જે, મેં હજાર વર્ષ પર્યંત સમાધિને વિષે સુખ ભોગવ્યું છે.એવી રીતે ભગવાનના સ્વરૂપ સંબંધી સુખ તે સમાધિને વિષે અપાર જણાય છે. ને વળી તે ભગવાનની મૂર્તિનું જે એક નિમેષમાત્રનું જે દર્શન તે ઉપર અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે સર્વેને વારી ફેરીને નાખી દઈએ; ને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો અનંત કોટિ બ્રહ્માંડનાં વિષયસુખ ભેળાં કરીએ તોપણ તેના કોટિમા ભાગની પણ બરોબર થાય નહિ, એવું અક્ષરધામને વિષે ભગવાનની મૂર્તિનું ભગવાનના ભક્તને અખંડ સુખ આવે છે. ને વળી અષ્ટ આવરણ થકી પર જે અક્ષરધામ ને તે અક્ષરધામના અનંત તેજને લીન કરી નાખે એવું એ પુરુષોત્તમના એક રોમનું તેજ છે; ને એ જે સાક્ષાત્કાર પુરુષોત્તમ, તેની હે પરમહંસો ! આજ તમને સર્વેને સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ છે. ને તમોને દેહ ત્યાગ કર્યા કેડે એ ધામને હું મારા બળે કરીને સર્વેને પમાડીશ; પણ સાધને કરીને એ ધામ પમાતું નથી.

ને બીજું એ ધામને વિષે જે મુક્ત રહ્યા છે તેના દેહનો આકાર કેવો છે ? તો આ બ્રહ્માંડને વિષે જે સ્ત્રી ને પુરુષ તેનો જે આકાર છે તેના બે લિંગથી વિજાતીય તે મુક્તનો આકાર છે; પણ સ્ત્રીના જેવો કે પુરુષના જેવો આકાર નથી; એ બેય આકારે વર્જિત બ્રહ્મમય તનુ મુક્તનો આકાર છે; ને તે મુક્તને એક પુરુષોત્તમના બે ચરણારવિંદની ઉપાસના છે; ને તે સાથે જ રમણ છે. ને બીજાં ધામોને વિષે તો ચાર ચરણારવિંદની ઉપાસના છે, ને તે સાથે રમણ છે. ને સ્ત્રી છે તે પોતાના પુરુષ સાથે પણ રમણ કરે છે; ને જે પુરુષોત્તમની જે મૂર્તિ છે તે સાથે પણ રમણ કરે છે; ને જે પુરુષ છે તે પણ પોતાની સ્ત્રીના ચરણારવિંદની સેવા તત્પર થઈને કરે છે; ને નવધા ભક્તિએ કરીને પુરુષોત્તમની સેવા પણ કરે છે. એવી જાતની જે ઉપાસના ને ભક્તિ તે અક્ષરધામને વિષે

નથી; બીજાં ધામોને વિષે છે. ને તે અક્ષરધામ મારું છે. અને મુક્ત તે પણ જ્યાં લગી સ્ત્રીને સુખે કરીને યુક્ત વર્તે છે, ત્યાં લગી તે મુક્તને પણ અક્ષરધામને વિષે પરમેશ્વર રાખતા નથી ને તે મુક્તથી પણ અક્ષરધામને વિષે રહેવાતું નથી.''

પછી પરમહંસે પૂછ્યું જે, ''હે મહારાજ ! કેવા ભક્ત હોય તે કેવા ધામને પામે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''અક્ષરરૂપ પોતાના આત્માને માનીને પુરુષોત્તમ ભગવાનની મૂર્તિને અખંડ તેલધારાની પેઠે સંભારતા હોય, એવા જે એકાંતિક ભક્ત તે તો અક્ષરરૂપ થઈને પુરુષોત્તમ નારાયણની સેવામાં હજૂર રહે છે. ને તે ભક્તને ભગવાન કેવું સુખ આપે છે ? તો જેવું ભગવાનને પોતાની મૂર્તિનું સુખ છે, તેવું તે ભક્તને પણ ભગવાન સુખ આપે છે. **ને સાચી ઉપાસના ને એકાંતિક ધર્મ એ બે સંપૂર્ણ હોય તો તે અક્ષરને પામે છે.** ને એકાંતિક ધર્મને વિષે કસર હોય તો મૂળપુરુષને પામે છે.ને ઉપાસનામાં તથા નિર્વાસનિકપણામાં કસર હોય; તો ભગવાનના ગોલોકાદિક ધામને પામે છે. ને બહુ સવાસનિક હોય, તો પ્રધાનપુરુષ તથા વૈરાટાદિકને પામે છે. ને ઉપાસના ને એકાંતિક ધર્મ; એ બેમાં કસર હોય તો બ્રહ્માદિક જેવા થાય છે. ને ગુણબુદ્ધિવાળા હોય ને સાધુની સેવાચાકરી કરતા હોય, તો ઇન્દ્ર જેવા થાય છે. ને થોડી સેવાચાકરી કરતા હોય, તો દેવતા થાય છે. ને સંતનો ગુણ જ લે તો તેને જમપુરી આળસે.[૧] એવી રીતે સમજણમાં ભેદે કરીને પ્રાપ્તિમાં પણ બહુ જ ફેર રહે છે.'' એવી રીતે શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની બહુ પ્રકારની વાર્તા કરી. **॥૨૩॥**

કારિયાણીમાં શ્રીજી મહારાજ સર્વ પરમહંસ સહિત સભા કરીને મંદિરમાં કૂવાના કાંઠા ઉપર વિરાજમાન હતા. પછી તે પરમહંસને શ્રીજી મહારાજે પોતાના સર્વોપરી ઐશ્વર્ય દેખાડ્યાં.ત્યાર પછી પરમહંસ નોખા નોખા બોલ્યા. તેમાં કેટલાક સંત તે તો કહે જે,''હે મહારાજ ! આ સભા લઈને અક્ષરધામમાં જાઉં''.અને વળી એક સંત કહે જે, ''હે મહારાજ !

૧. ટળી જાય.

INDEX

મારે તો એક બ્રહ્માંડની ક્રિયા હસ્તામળ દેખાય છે.'' ત્યારે વ્યાપકાનંદ સ્વામી બોલ્યા જે, ''તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે. ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંત ઐશ્વર્ય યુક્ત એવા જે અનંત કોટિ બ્રહ્માંડના ઈશ્વર તથા ગોલોક ને વૈકુંઠાદિક ધામ તે હસ્તામળ[૧] દેખાય છે ! એ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી એવા જે આ શ્રી સહજાનંદ પ્રગટ પુરુષોત્તમની મૂર્તિના ધામનો પ્રતાપ છે.'' ત્યાર પછી સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા જે, ''અક્ષરધામના પતિ જે આ પુરુષોત્તમ ભગવાન તે પોતાની દયાયે કરીને અગણિત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પોતાનું જે સમગ્ર ઐશ્વર્ય અને પોતાના સર્વે પાર્ષદ તથા પોતાનું જે અક્ષરધામ તથા મહાપુરુષાદિક[૨] સર્વે ઈશ્વરકોટિ તથા ગોલોક, વૈકુંઠાદિક ધામના પતિ તેણે સહિત આ પૃથ્વી ઉપર પધાર્યા છે. ને આ સર્વે છે તે આ પ્રગટ પુરુષોત્તમની સભામાં બેઠા છે તેને હું દેખું છું. એવો આ શ્રીજી મહારાજની મૂર્તિનો પ્રતાપ છે.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાની દૃષ્ટિમાત્રે કરીને પોતાનું ઐશ્વર્ય દેખાડીને પછી પોતાને પ્રતાપે કરીને તે સર્વે સંતનું ઐશ્વર્ય તાણી લેતા હતા. ત્યાર પછી શ્રીજી મહારાજે સંત પ્રત્યે કહ્યું જે, ''અમોએ તમારા સુખને અર્થે તમારું ઐશ્વર્ય દેખાડ્યું તો બ્રહ્માંડ પણ ગણતરીમાં આવે નહિ. તો જીવની શી ગણતી !'' એવી રીતે શ્રીજી મહારાજ પરમહંસને પોતાનું ઐશ્વર્ય દેખાડતા હતા. **॥૨૪॥**

અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, તે સમે શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામી આદિક સંત આગળ એમ બોલ્યા જે, ''આ ભરતખંડના રાજા શ્રી નરનારાયણ છે, તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે કરી; ને જે સાક્ષાત મૂર્તિમાન શ્રી નરનારાયણ દેવ શ્રી બદરિકાશ્રમવાસી છે તથા વૈકુંઠવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ આદિક સર્વે તે પ્રગટ

---

૧. હથેળીમાં રાખેલા આંબળાની જેમ.

૨. અહીં મહાપુરુષ શબ્દથી પ્રધાનપુરુષ સમજવો. કારણકે ઈશ્વર કોટિનો પ્રારંભ પ્રધાનપુરુષથી જ થાય છે. (વચ.ગ.મ. ૩૧,સત્સંગિજીવન- ૧।૧૨।૩૨)

પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ ભગવાન તેમની ઉપાસના તથા સેવા કરે છે.'' એમ શ્રીજી મહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાત કરી. તે વાત સાંભળીને જે એકાંતિક જ્ઞાનવાન સંત હતા તે એમ સમજ્યા જે, આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજી મહારાજ તે જ સર્વ અવતારના અવતારી ને અક્ષરધામના પતિ પ્રગટ પુરુષોત્તમ છે. એમ શ્રીજી મહારાજની મૂર્તિને વિષે નિશ્ચય કરતા હતા.**॥૨૫॥**

વરતાલમાં શ્રીજી મહારાજે પરમહંસ આગળ પોતાના પુરુષોત્તમપણાના મહિમાની વાત પાંચ-છ દિવસ કરી. ને પછી શ્રીજી મહારાજે સંતને કહ્યું જે, ''અમારી વાતનું રહસ્ય તો આ નિત્યાનંદ સ્વામી સમજે છે.'' પછી સર્વે સંતે કહ્યું જે, ''હે મહારાજ ! એ કેમ સમજે છે ?'' ત્યારે કહ્યું જે, ''તમે પૂછો,'' ત્યારે સર્વે સંતે પૂછ્યું. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, ''તમે પુરુષોત્તમ કહ્યા તે તો મહાપુરુષ છે, ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર ને રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી ને સર્વ કારણના કારણ આ પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજી મહારાજ છે.'' ત્યાર પછી સર્વે સંતે શ્રીજી મહારાજને કહ્યું જે, ''હે મહારાજ ! તમારા સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થાય તેવી રીતે કૃપા કરીને કહો.'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, ''જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે, ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભરમાઈ જાય છે; પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય; તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દ સાંભળીને મતિ ભ્રમવા દેવી નહિ. ને પુરુષોત્તમ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી પ્રત્યક્ષ હરિકૃષ્ણ અમે છીએ; એમાં કિંચિત્માત્ર[1] સંશય નથી.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની સંત આગળ વાત કરી. **॥૨૬॥**

ધર્મપુરમાં કુશળકુંવરબાઈએ શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યું જે, ''અનિર્દેશથી લિખીતંગ સ્વામી શ્રી સહજાનંદજી મહારાજ એમ તમોએ

૧. થોડો પણ.

કાગળમાં લખ્યું હતું; તે અનિર્દેશ તે તમારું ક્યાં ગામ છે ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે,''તમારો દેશ છે તે નિર્દેશ છે ને આ તમારું શહેર છે તે અનિર્દેશ છે; ને આ તમારું શહેર છે તે નિર્દેશ છે ને તમારો દરબારગઢ તે અનિર્દેશ છે; ને તમારો રાજગઢ તે નિર્દેશ છે ને તમારો રહેવાનો જે મહોલ તે અનિર્દેશ છે. તેમ આ પૃથ્વી નિર્દેશ છે; ને જળ તે અનિર્દેશ છે; ને જળ નિર્દેશ છે ને તેજ અનિર્દેશ છે; ને તેજ નિર્દેશ છે ને વાયુ અનિર્દેશ છે; ને તે વાયુ નિર્દેશ છે ને આકાશ અનિર્દેશ છે; ને તે આકાશ નિર્દેશ છે ને અહંકાર અનિર્દેશ છે; ને અહંકાર નિર્દેશ છે ને મહત્તત્ત્વ છે તે અનિર્દેશ છે; ને તે મહત્તત્ત્વ નિર્દેશ છે ને પ્રધાનપુરુષ અનિર્દેશ છે; ને તે પ્રધાનપુરુષ નિર્દેશ છે ને પ્રકૃતિપુરુષ છે તે અનિર્દેશ છે ને તે પ્રકૃતિપુરુષ તે નિર્દેશ છે ને થકી પર અક્ષરરૂપી જે અમારો બ્રહ્મમહોલ તે અનિર્દેશ છે. ને અમે ત્યાં મુક્તે સહિત અખંડ રહીએ છીએ; ને અમે આંહી બેઠા છીએ, તોપણ ત્યાં જ બેઠા છીએ; અને ત્યાં જ બેઠા છીએ; તો પણ આંહી બેઠા છીએ. ને તે મૂર્તિ ને આ મૂર્તિ તે એક જ છે. તે માટે અમે ત્યાં રહીને પણ કાગળ લખીએ છીએ, ને ત્યાં બ્રહ્મમહોલમાં રહ્યા થકા જે ભક્તને દર્શન દેવું ઘટે તેને દર્શન દઈએ છીએ; જે ભક્ત સાથે બોલવું ઘટે તે સાથે બોલીએ છીએ; પણ અમે નિરંતર અક્ષરધામ રૂપી તખ્તમાં રહ્યા છીએ.'' એવી રીતે કુશળકુંવરબાઈને મહારાજે પોતાના મહિમાની વાત કરી. ॥૨૭॥

વરતાલમાં સત્સંગિજીવન લખવાનો આરંભ કર્યો, તેમાં ઉપાસનાનો પ્રસંગ નીકળ્યો; તેમાં સંતને સાત-આઠ દિવસ સુધી વાદવિવાદ થયો. તે પછી તેમાં કેટલાક સંત કહે જે, ''શ્રીકૃષ્ણ જેવા મહારાજને કહો.'' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે,''બીજા અવતાર જેવા મહારાજને કેમ કહેવાય ? ને બીજા અવતારે ક્યારે પોતાને વિષે ચોવીશ અવતાર તથા ભૂમાપુરુષાદિક અનંતને પોતાને વિષે લીન કરી દેખાડ્યા ? તથા સર્વેને પોતાની પૂજા કરતાં દેખાડ્યા ? શ્રીજીએ તો પોતાના સ્વરૂપનો સર્વોપરી

INDEX

નિશ્ચય કરાવવા સારું વ્યાપકાનંદ સ્વામી દેખતાં પોતાને વિષે ચોવીશ અવતાર લીન કરાવી દીધા તથા પર્વતભાઈને સાંતી હાંકતા પોતાની મૂર્તિને વિષે ચોવીશ અવતાર લીન થાતા દેખાડ્યા. ને વળી શ્રીજી મહારાજ માંગરોળ આદિક જે જે ગામમાં પધાર્યા ત્યારે જે જે અવતારના ઉપાસક હતા તે શ્રીજી મહારાજને દર્શને આવતા; ને તે સર્વેને ધ્યાનમાં બેસારીને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા હતા. અને તે તે પોતાના ઈષ્ટદેવ તે પોતપોતાના ભક્તને કહેતા હતા જે, "આ સહજાનંદ સ્વામી તો સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ છે; ને અમે તો એમના દાસ છીએ.' એવી રીતે અનંત ઐશ્વર્ય જણાવ્યાં. એ આદિક અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યા. એવા જે અક્ષરાતીત શ્રી સહજાનંદ સ્વામી તે તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય? ને બીજા અવતાર જેવા મહારાજને કહીએ તો અનંત મહા અદ્‌ભુત શ્રીજી મહારાજનાં ઐશ્વર્ય ખોટાં પડે."

ત્યાર પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એ ઠીક કહે છે ને ઠીક સમજે છે. ને જે ઉપાસક હોય તે તો આવા જ હોય. ને તમે સર્વે અમ ભેગા ફરી ગયા,[૧] પણ અમે તો કેમ કહેતા હશું ને કેમ જાણતા હશું !" એમ કહીને એ સાધુને રાજી થઈને હાર આપ્યો. ને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "આ બ્રહ્માંડનાં આવરણ પાર ને ચિદાકાશ પર્યંત અવતાર ને અનંત અવતારનાં સ્થાનક ને અનંત મુક્ત તે કોઈ અક્ષરધામને પામતા

---

૧. **સર્વે અમ ભેગા ફરી ગયા :** સત્સંગિજીવન ગ્રંથ રચના સમયે શ્રીજી મહારાજને કોના જેવા લખવા એ વિવાદમાં સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીની પરીક્ષા લેવા મહારાજે કહ્યું કે,"અમે શ્રીકૃષ્ણ જેવા જ છીએ, અમારી વાત ન માને તે વિમુખ." છતાં સતત સાત દિવસ નિત્યાનંદ સ્વામી મક્કમ રહ્યા અને અન્ય સંતોએ "મહારાજ જેમ કહે તેમ બરાબર" માની કહ્યું કે, "મહારાજ શ્રીકૃષ્ણ જેવા જ છે." "ત્યારે મહારાજે શ્રી નિત્યાનંદ સ્વામી પર પ્રસન્ન થઈને હાર પહેરાવ્યો અને કહ્યું કે, "ઉપાસક હોય તો આવા હોય. ધન્ય છે નિત્યાનંદ સ્વામીને ! તમે બધા જ અમ સાથે ફરી ગયા પણ સ્વામી અડગ રહ્યા."

INDEX

નથી; ને જેને આ પ્રગટ પુરૂષોત્તમ નારાયણનો સંબંધ થાય છે તે જ અક્ષરધામને પામે છે; ને બીજા પુરુષ તો કોટિ સાધન કરે તો પણ પામે નહિ.'' એવી રીતે શ્રીજી મહારાજે પોતાના પુરુષોત્તમપણાની વાર્તા સર્વે સંત આગળ કરી. **॥૨૮॥**

શ્રીજી મહારાજે સંતદાસજીને દલુજી પાસે મોકલ્યા પછી દલુજીએ શ્રીજી મહારાજના પ્રતાપના સમાચાર પૂછ્યા; ને વળી એમ બોલ્યા જે, ''શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણવો ? ને ત્યાં જીવોનાં કલ્યાણ કેવા કરે છે ?'' ત્યારે સંતદાસજીએ કહ્યું જે, ''આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ ! તે અક્ષરધામ થકી જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે દયા કરીને પધાર્યા છે. ને આ તો સર્વોપરી મૂર્તિ છે. તે માટે જીવોનાં સર્વોપરી કલ્યાણ કરે છે. ને શ્રીજી મહારાજ તો કોઈ દિવસ આ બ્રહ્માંડમાં પધાર્યા નથી ને પધારશે પણ નહિ; ને એવા તો એ એક જ છે. ને હું પણ વૈકુંઠ તથા બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપાદિક ધામ પ્રત્યે જાઉં છું, ત્યારે તે સર્વે ધામના પતિ એમ કહે છે જે, 'સહજાનંદ સ્વામી પ્રગટ પ્રમાણ પુરુષોત્તમ તો અક્ષરધામના પતિ ને સર્વ અવતારના અવતારી છે; તે જ આ દયા કરીને જીવોના કલ્યાણ કરવાને અર્થે પૃથ્વી ઉપર પધાર્યા છે; તે માટે જીવોના સર્વોપરિ કલ્યાણ કરે છે.' એમ એ સર્વે ધામના વાસી કહે છે.'' ત્યાર પછી સંતદાસજીએ દલુજીને કહ્યું જે, ''તમે શ્રીજી મહારાજનો અવતાર કેવો જાણો છે ?'' ત્યારે દલુજી બોલ્યા જે, ''શ્રીજી મહારાજ તો સર્વ અવતારના અવતારી ને અક્ષરધામ, કાળ, માયા, પુરુષ ને વાસુદેવાદિક ચતુર્વ્યૂહ[૧] તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ;[૨]

૧. વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન.

૨. **કેશવાદિક ચોવીસ મૂર્તિઓ** : કેશવ, નારાયણ, માધવ, ગોવિંદ, વિષ્ણુ, મધુસૂદન, ત્રિવિક્રમ, વામન, શ્રીધર, ઋષિકેશ, પદ્મનાભ, દામોદર, સંકર્ષણ, વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, પુરુષોત્તમ, અધોક્ષજ, નૃસિંહ, અચ્યુત, જનાર્દન, ક્ષપેન્દ્ર, હરિ, કૃષ્ણ. (સત્સંગિજીવન - ૩।૩૫)

એ સર્વેના કારણ પુરુષોત્તમ છે; હું પણ શ્રીજી મહારાજની કૃપા થકી જાણું છું.'' એવી રીતે શ્રીજી મહારાજનો મહિમા એ બેઉ જણાએ પરસ્પર ઘણોક કહ્યો. **॥૨૯॥**

શ્રીજી મહારાજે સંતને પોતાનો રહસ્ય અભિપ્રાય કહ્યો જે, ''કોટિ સૂર્યના તેજથી કોટિગણું તેજ વૈકુંઠના મુક્તમાં છે; ને તેથી કોટિગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે; ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામના મુક્તના રોમને વિષે છે; ને તેથી અનંત કોટિગણું તેજ તે અક્ષરધામની જે ભૂમિ તેમાં એક સોપારી રહે એટલા દેશમાં લીન થાય છે ને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વેને ભેળો કરીએ, તો સર્વ અવતારના અવતારી જે શ્રી હરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ તેના એક રોમના કોટિમાં ભાગની બરોબર નથી આવતો; એવી દિવ્ય મૂર્તિ તેનું તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બળ, કીર્તિ; એવા અનેક દિવ્ય ગુણે યુક્ત સ્વરાટ ને સત્યસંકલ્પ છે ને દિવ્ય કર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્યઅલુપ્તશક્તિ, મહામનોહરશક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજીતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ, સુંદરશક્તિ એ આદિક અનંત દિવ્ય શક્તિઓ ને અનેક મહા આશ્ચર્યકારી ગુણે યુક્ત દિવ્યમાં દિવ્ય મૂર્તિ પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે.

ને જન્મ ધરતા થકા સદાય અજન્મા, અચ્યુત, અખંડ મૂર્તિ છે. ને **દિવ્યાકૃતિ થકા મનુષ્યાકૃતિ છે ને મનુષ્યાકૃતિ થકા દિવ્ય મૂર્તિ છે. ને અક્ષરધામમાં છે તો પણ આંહી છે; ને આંહી છે તોપણ અક્ષરધામમાં જ છે. ને એ જ્યાં છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.** ને ઔદાર્ય, ગાંભીર્ય, માધુર્ય, વાત્સલ્ય, સૌશીલ્ય, જ્ઞાન, બળ, તેજ, રસ, ગંધ; એ આદિક મહા આશ્ચર્યકારી દિવ્ય ગુણે યુક્ત સર્વોત્તમ શ્રી સહજાનંદ સ્વામી પુરુષોત્તમ છે. તે પોતાના અક્ષરધામને વિષે અનેક

મુક્ત ને અનેક શક્તિઓ; તેમણે સેવ્યા થકા સદાય વિરાજમાન છે. ને પોતે પોતાના સુખે કરીને સુખિયા છે; ને અક્ષરાદિક સર્વે ઉપર દયા કરીને એમની સેવાને અંગીકાર કરે છે ને પોતે તો સર્વ પ્રકારે નિર્દોષ છે ને પૂર્ણકામ છે; ને અનંત અક્ષરાદિક મુક્ત ને એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય ને નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રી ધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ જેમનો એવા જે સ્વામિનારાયણ તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ છે. તેમાંથી સર્વ અવતાર પ્રગટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે. તે માટે **દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય ને અનુવૃત્તિ; એ અધિક અધિક સમજાય એવો શાંતપણે ઉપાય કરવો.** ને તેવો જ સંગ ને શાસ્ત્ર રાખવા'' ! એ સર્વે મોટા સંત ને શ્રીજી મહારાજનો પરમ રહસ્ય અભિપ્રાય છે તે કહ્યો. **॥૩૦॥**

એવા જે અક્ષરાતીત પ્રત્યક્ષ પુરુષોત્તમ સહજાનંદજી મહારાજ તે સર્વે ઉપાસકને ઉપાસ્ય મૂર્તિ છે; સર્વને આનંદ રૂપ છે; સર્વ સારના સાર રૂપ છે; સર્વ તત્વના તત્વરૂપ છે; સર્વ દૈવતમાં દૈવતકારી છે; સર્વ મંગળમાં મંગળકારી છે; સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ છે; સર્વ આધારના આધાર છે; સર્વ પાવનમાં પાવનકારી છે; સર્વ ગુહ્યમાં ગુહ્યરૂપ છે; સર્વ ગુણીના ગુણી છે; સર્વ ધામના ધામી છે; સર્વ કારણના કારણ છે. સર્વ અવતારના અવતારી છે; ને સર્વ નામના નામી છે. **॥૩૧॥**

એવા જે પ્રત્યક્ષ શ્રી સહજાનંદ સ્વામી પરબ્રહ્મ પરમ કારુણિક, તેમની મૂર્તિનાં બે ચરણારવિંદથી લઈને મસ્તક સુધી સર્વ અંગને પૃથક્ પૃથક્ ધારીને એકાંત સ્થળને વિષે બેસીને ઈન્દ્રિયો, મન, પ્રાણ તેનો પ્રત્યાહાર[૧] કરીને પૂર્વાપર[૨] રાત્રિને વિષે અતિ દૃઢ મતિએ કરીને, અતિ દૃઢ ચિત્તે કરીને, અતિશે સ્થિર થઈને યોગી, તેણે શ્રીહરિનું ધ્યાન કરવું.

૧. ઈન્દ્રિયોની વૃત્તિને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળીને.
૨. મધરાત પછીની રાત્રિ, વહેલા અઢી-ત્રણ વાગ્યે.

તે કામાર્ત,[૧] તસ્કર,[૨] નટ, વ્યસની ને દ્વેષી; એ સર્વે પોતપોતાના વિષયને વિષે જેમ તત્પર થઈને મંડ્યા છે; તેમ મુનિ જે તે શ્રીહરિની મૂર્તિ ધારવાને વિષે અતિ હર્ષેયુક્ત છે મન જેનું એવો થકો તત્પર થઈને મંડે. ને સાધ્વી,[૩] ચકોર, શલભ,[૪] મચ્છ,[૫] ચકવાચકવી ને બપૈયા એ જેમ પોતપોતાના વિષયમાં નિમગ્ન છે, તેમ યોગી જે તે શ્રીહરિની મૂર્તિમાં અતિશે આનંદે થકો નિમગ્ન રહે. ને સમુદ્રમંથન કરવાને સમે જેમ દેવ દાનવ મનમાં વિશ્વાસ રાખીને મંડ્યા હતા, તેમ યોગીએ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિ ધારવાનો નિત્ય નવો અભ્યાસ[૬] રાખવો. ને રસાસ્વાદ, નિદ્રા, હિંસા ને વિક્ષેપ; એ ધ્યાનમાં વિરોધી છે, તેનો ત્યાગ કરે ત્યારે ધ્યાન થાય; નહિ તો ન થાય. **॥૩૨॥**

પાંચ ઇન્દ્રિયો ને છઠું મન; તેને જીતીને વશ કરીને પિંડ, બ્રહ્માંડ અને પંચ વિષય તેમને જડ, દુઃખરૂપ, તુચ્છ, નાશવંત ને વિષ્ટારૂપ જાણીને ત્યાગ કરીને સત્-ચિત્ત-આનંદ, સૂક્ષ્મ ને નિર્ગુણ એવું જે પોતાના જીવાત્માનું સ્વરૂપ તેને જાણીને, ને તે જીવાત્મારૂપ થઈને મુનિ થકા શ્રીહરિનું ધ્યાન કરવું. ને જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ; તેનું જે માન તેનો ત્યાગ કરીને સમગ્ર સાધુ, સત્સંગી તેના દાસના દાસ થઈને રહે છે; તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને **શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે, પણ સર્વ ક્રિયાને વિષે અખંડ નામ-રટન ને મૂર્તિની અખંડ સ્મૃતિ રહે નહિ.** ને અનંત કોટિ બ્રહ્માંડનાં વિષય સુખ ભેળાં કરીએ તો પણ શ્રીહરિની મૂર્તિના એક રોમના સુખની કોટિમા ભાગની બરોબર આવે નહિ. ને જે મહાપાતકી હોય, ને તે જો

૧. કામી.
૨. ચોર.
૩. પતિવ્રતા.
૪. પતંગિયું.
૫. માછલી.
૬. નિરંતર ધ્યાન, લક્ષ્ય.

INDEX

શ્રીહરિનું ભજન કરે તો તેના સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય; એવો અતિ અલૌકિક મહિમા છે. ને સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર છે એમનું તત્ત્વ તો એક શ્રીહરિની મૂર્તિ છે. એવી જેની અચળ મતિ હોય એવો વિચક્ષણ તેને શ્રી હરિનું ધ્યાન થાય છે. ને સંપૂર્ણ ગુણ, સુખ ને સામર્થ્ય તો એક ભગવાનની મૂર્તિમાં જ છે; ને બીજે ઠેકાણે તો કિંચિત છે. ને અનંત કોટિ બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે ભેળાં કરીએ, તો શ્રીહરિનું નિમેષમાત્રનું ધ્યાન કે દર્શન કર્યું હોય તેના કોટિમાં ભાગની બરોબર આવે નહિ. ને સાધુ, સત્સંગી ને અક્ષરાદિક એ સર્વેનું તત્ત્વ તો શ્રીહરિની મૂર્તિ છે. એવી આસ્તિક મતિએ સહિત જેની સમજણ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે.

ને **અક્ષિવિદ્યા, દહરવિદ્યા ને અક્ષરવિદ્યા** એ આદિક સર્વે બ્રહ્મવિદ્યા; તેમણે કરીને જાણવા યોગ્ય તો અક્ષરાદિક સર્વેના શરીરી ને કારણ પરબ્રહ્મ પ્રગટ હરિકૃષ્ણ છે એવી જેની અચળ મતિ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ને જેમ પાંચ મોઢાવાળી ચામડાની મશક[૧] હોય તેમાંથી એક મોઢું મોકળું મેલે, તો સર્વે જળ સ્રવી જાય છે; તેમ પંચ ઇન્દ્રિયો ને છઠું મન; તેમાંથી જો એક મોકળું મૂકે, તો સર્વે ધ્યાન સ્રવી થઈ જાય છે. તે માટે સર્વેને નિયમમાં રાખે તો ધ્યાન થાય; નહિ તો ન થાય.ને સ્વસ્તિક આસને કરીને નાસિકાગ્ર વૃત્તિ રાખીને ને દેહને સમ રાખીને ને નેત્રને મીંચીને યુક્ત છે આહાર વિહારાદિક જેના એવો થકો શુદ્ધ જીવરૂપ થઈને અતિશે રોમાંચિતે કરીને, અતિ ગદ્‌ગદ્ કંઠે કરીને ને અતિ હર્ષાયમાન થકો, અતિ ત્વરાએ કરીને, અતિશે દાંત[૨] થકો, અતિશે શાંત[૩] થકો ને અતિશે સમાહિત[૪] થકો શ્રીહરિનું ધ્યાન કરે, ને શ્રીહરિનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ તેમજ સદાય નિર્દોષ, સર્વોત્તમ, અનાદિ,

૧. પાણી ભરવાની ચામડાની થેલી કે કોથળી.
૨. ઇન્દ્રિયોનું દમન કરનાર
૩. અંતઃકરણનું શમન કરનાર
૪. સાવધાન.

નિત્યસિદ્ધ, સદા શુદ્ધ સમજે ને સર્વ કાળને વિષે દિવ્યવિગ્રહ, સત્યસ્વરૂપ, ને કાળ, કર્મ, માયા ને પુરુષ તેના કર્તા, પ્રેરક ને નિયંતા તો એક શ્રીહરિ જ છે; એવી જેને અચળ મતિ છે તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. ॥૩૩॥

અનંત અપાર ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તો પણ શ્રીહરિના એક રોમના સુખની બરોબર ન આવે એવો દ્રઢ જ્ઞાની છે તેને શ્રીહરિનું ધ્યાન થાય છે. ને આલોક-પરલોકને વિષે દુર્લભ તે શું છે ? તો શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશરો, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ; એ અચળ થાય એ જ દુર્લભ ને સારમાં સાર છે. ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, એ આદિક સાધુ ને સત્સંગી અનેક શ્રીહરિની ઉપાસનાએ કરીને પરમપદને પામી ગયા. પ્રથમ ઉત્પત્તિકાળ સમે અનંત કોટિ બ્રહ્માંડના જે બ્રહ્માઓ તે જે તે મહા ઉગ્ર એવું જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરીને પોતાનો મનોરથ સિદ્ધ કરે છે. તેમ શ્રી હરિનો જે મનુષ્યભાવ, દિવ્યભાવ, નિર્ગુણ-સગુણપણું, સાકાર-નિરાકારપણું, કર્તા-અકર્તાપણું, અન્વય-વ્યતિરેકપણું, સ્વભાવ, ગુણ ને નામ તે જેમ છે તેમ નિર્દોષપણે જાણીને તથા એમનું જે સ્વરૂપ છે તે પણ શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર વડે જેમ છે તેમ યથાર્થ જાણીને દ્રઢ આશરો કરવો તે રૂપી જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરવા. ॥૩૪॥

સત્શાસ્ત્રનો જેના ઉપર અધિકાર હોય તેને મનુષ્ય કહીએ. ને એવા હજારો મનુષ્ય ભેળા કરીએ ત્યારે તેમાં એક ધર્મવાન જડે; ને તેવા ધર્મવાન હજારો ભેળા કરીએ ત્યારે તેમાં એક સિદ્ધિને અર્થે યત્નને કરતો હોય એવો જડે; ને સિદ્ધિવાળા હજારો ભેગા કરીએ તો તે મધ્યે એક ભગવાનને અર્થે યત્નને કરતો હોય એવો મળે; ને ભગવાને જાણીને યત્નને કરતા હોય એવા હજારો ભેગા કરીએ તો તે મધ્યે કોઈક જ્ઞાની ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ઐશ્વર્ય તે અંતે રહિત છે તેને તત્ત્વે કરીને યથારથ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે કંઈક જાણે છે; પણ તે

જેમ છે તેમ તો અંતને નથી પામતો. ને ભગવાન પોતે પોતનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય; તેના મહિમાના અંતને નથી પામતા; તો બીજો તો પામે જ કેમ ? એવા સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે અનેક કોટિ બ્રહ્માંડનાં ને બ્રહ્મપુરાદિક ધામનાં જે સમગ્ર ઐશ્વર્ય, તે પોતાની મૂર્તિને આધીન છે તે સમાધિએ કરીને દેખાડ્યાં; તથા સહુના ઇષ્ટદેવરૂપે પોતે પોતાનું દર્શન દઈને અનંત જીવને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એવી રીતનું બીજું પણ જે અપરિમિત, સર્વોપરી, દિવ્ય, ઐશ્વર્ય તેને દેખાડીને પોતાના સર્વોપરી ઐશ્વર્યને વિષે અક્ષરાદિક સર્વેનાં ઐશ્વર્ય લીન કરીને પોતે સર્વોત્કૃષ્ટપણે જયકારી પ્રવર્તે છે. એવા જે બ્રહ્મધામના અધિપતિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમને ધર્મદેવ ને મરીચ્યાદિક ઋષિ તેમણે વૃંદાવનને વિષે જ્ઞાનયજ્ઞે કરીને રાજી કરીને મનવાંછિત વર પામ્યા. તેમ યોગીએ હરિકૃષ્ણની મૂર્તિનાં જ્ઞાન, ધ્યાન ને વિષે તત્પર થઈને મંડવું. ॥૩૫॥

એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે અક્ષર થકી અન્ય છે ને અતિશે સ્વરાટ્ છે; ને અતિશે શેષના શેષી છે, ને અતિશે કર્તું અકર્તું, અન્યથાકર્તું સમર્થ છે. ને અનંત દિવ્ય કલ્યાણકારી ગુણના સમુદ્ર છે; ને અતિશે મહા મનોહર મૂર્તિ છે; ને સદા સાકાર મૂર્તિ છે; ને અતિશે પ્રકાશક છે. ને અનાદિ, અપરિમિત, નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય સંપન્ન છે. ને અનંત દિવ્ય સુખના સમુદ્ર છે; ને અતિશે મહાજ્ઞાનમૂર્તિ છે. ને સર્વના નિયંતા છે; ને અદ્વિતીય મૂર્તિ છે; ને સદા અખંડિત છે; ને વિજ્ઞાન, જ્ઞાન, ઐશ્વર્યમય છે મૂર્તિ જેમની એવા છે. ને અનેક વિભૂતિઓ ને અનેક અક્ષરાદિક મુક્ત ને અનેક કાળ, માયા, પુરુષાદિક શક્તિઓ એ સર્વેના કારણ છે ને વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેના ધરનારા છે; ને ઉત્પત્તિ, સ્થિતિ, ને પ્રલય; એ સર્વ કાળને વિષે સદાય દિવ્યવિગ્રહ ને અજીત **મૂર્તિ છે. ને એક થકા અનેક રૂપ છે; ને અનેકરૂપ થકા એક છે.** ને અનેકના અગ્રજ છે;

પરમાત્મા છે; પરમેશ્વર છે; પરમ કારુણિક છે; પુરુષોત્તમ છે; પૂર્ણકામ છે; પરાત્પર છે; પરબ્રહ્મ છે. ને સ્વરુપ, સ્વભાવ, ગુણ, ઐશ્વર્ય તેણે કરીને જેની કોઈને ઉપમા દેવાતી નથી એવા સર્વોપરી પ્રસિદ્ધ છે. ને અત્યંત નિર્વિશેષ જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય; ઇત્યાદિક પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમનો અપરિમિત મહિમા છે. તેને યથાર્થ કહેવા, જાણવા, દેખવા, સાંભળવા ને પામવાને કોણ સમર્થ છે ? કોઈ નથી. **॥૩૬॥**

હે નાથ ! હે દયાસિંધો ! હે કૃપાસિંધો ! હે કલિદોષ નિવારક ! હે ભક્તિધર્માત્મજ ! હે યોગકલાપ્રવર્તક ! હે વર્ણિવેષદર્શક ! હે શાલગ્રામ-તૃષાહર ! હે બ્રહ્મવિદ્યાપ્રવર્તક ! હે અધમોદ્ધારણ ! હે પતિતપાવન ! હે અશરણશરણ ! હે શુદ્ધ એકાંતિકધર્મપ્રવર્તક ! હે હરિજનવલ્લભ ! હે નિષ્કામભક્તવલ્લભ ! હે નૈષ્ઠિકાગ્રણિન ! હે એકાંતિકધર્મપ્રવર્તક ! હે ભક્તવલ્લભ ! હે સ્વામિનારાયણ ! હે નીલકંઠ ! હે હરિકૃષ્ણ ! હે હરે ! હે નારાયણ ! હે ધર્મધુરંધર ! હે સર્વજનરક્ષક ! હે સહજાનંદસ્વામિન્ ! તમે મારી ઉપર રાજી થઈને મને પોતાનો એકાંતિક દાસ જાણીને મારા હૃદયને વિષે નિવાસ કરીને નિત્ય રહેજો. આવી રીતે નિત્ય વહેલા ઊઠીને મુમુક્ષુએ શ્રી પુરુષોત્તમ ભગવાનની પ્રાર્થના કરવી. ને આવી રીતે જે મુમુક્ષુ નિત્યે પ્રાર્થના કરે, તો તેના હૃદયમાં સાક્ષાત શ્રી પુરુષોત્તમ ભગવાન નિવાસ કરીને અખંડ રહે છે. **॥૩૭॥**

આવી રીતે શ્રી પુરુષોત્તમ ભગવાન તેમણે અગણિત જીવનું કલ્યાણ કરવાને અર્થે પોતાનું જે સમગ્ર ઐશ્વર્ય, પ્રતાપ તે સર્વે જીવને સહેજમાં દેખાડતા હતા તે ઐશ્વર્ય, પ્રતાપ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પોતે દીઠેલું તેમાંથી આ તો સંક્ષેપમાત્ર લખાવેલ છે. **॥૩૮॥**

ઇતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી વાતોમાં પુરુષોત્તમ ભગવાનનું ઐશ્વર્ય તથા પ્રતાપ બતાવ્યાં તે નામે

ચોથું પ્રકરણ સમાપ્ત.

ૐ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

પ્રકરણ પાંચમું

સર્વદેશી સમજણનું મુખ્યપણું

સ્વામીએ એક દિવસ વાત કરી જે, જ્યારે હું પૂર્વાશ્રમમાં હતો, ત્યારે મને ખંભે એક મોટું ગૂમડું થયું હતું તેની પીડા ઘણી થઈ. તે વખતે જાગ્રતમાં અર્ધ રાત્રીને સમે મહારાજ પધાર્યા ને મને દર્શન દીધાં, તે પીળું પીતાંબર પહેર્યું હતું; ને બીજું રાતું પીતાંબર ઓઢ્યું હતું; ને મસ્તક ઉપર દક્ષિણી પાઘ ધારી હતી; ને લલાટને વિષે કેસરચંદનની અર્ચા સહિત કુંકુમનો ચાંદલો શોભી રહ્યો હતો; ને ચાખડીઓ ઉપર ચડ્યા હતા; એવી શોભાને જોઈને મારી વૃત્તિ તો તે મૂર્તિમાં પરોવાઈ ગઈ ! ને પછી ગૂમડું ફૂટી ગયું ને પીડા પણ ટળી ગઈ. પછી મહારાજ પણ હસીને અદૃશ્ય થઈ ગયા. પછી તે દહાડેથી તે મૂર્તિ અખંડ દેખાતી. પછી જ્યારે અલૈયેમોડે[1] મહારાજનાં મેં પ્રથમ દર્શન કર્યા; ત્યારે હૃદયમાં દેખાતી જે મૂર્તિ ને આ મૂર્તિ તે બેય એક થઈ ગઈ ! એવું જોઈને મહારાજને સર્વ કારણના કારણ ને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ સમજીને મેં મહારાજનો સર્વોત્કૃષ્ટ નિશ્ચય કર્યો. ॥૧॥

પછી વળી સ્વામીએ એમ વાત કરી જે, અમે નાના હતા ત્યારે એક માર્ગી સાધુનો મહંત સભા કરીને બેઠેલ ત્યાં જઈને પાધરી (સીધી) ડોશીઓને ખેસવીને તે મહંતને પ્રશ્ન પૂછ્યું જે, "કાર્ય શું ને કારણ શું ?" ત્યારે તે કહે જે, "અમને એવું આવડે નહિ, ને મને તો કોઈએ શીખવેલ નથી." પછી અમને કહે જે, "તમે ઉત્તર કરો." ત્યારે મેં કહ્યું જે, "ભગવાન કારણ ને આ સર્વ સૃષ્ટિ તે કાર્ય". ત્યાં તો સૌ ભોંઠા પડી ગયા ! એમ સભા જીતી. ॥૨॥

---

૧. અલૈયા (માડા) ગામ

અને બાજરો ભેળો કરીને ભગવાન ભજવા, બીજું કાંઈ ડોળ[૧] કર્યે પાર નહિ પડે. અને રૂપિયા હશે તે મરી જાશું ત્યારે પડ્યા રહેશે, એ કંઈ ઝાઝા કામના નહિ; જેટલા અવશ્ય જોઈએ તેટલા ભેળા કરીને ભજન કરવું; ને ઝાઝા હશે તો ક્યાંયના ક્યાંય ઊડી જશે; ને મૂળગી વાસના રહેશે. ॥૩॥

અને આ નિયમ છે એ બહુ મોટી વાત છે. ને જે દિવસ ધર્મમાં ફેર પડશે, તે દિવસ તો કોઈ વાત ઊભી નહિ રહે. માટે નિયમ ખબરદાર થઈને પાળવા. ને એ વિષે ઘણીક વાત કરી. ॥૪॥

એક હરિજન પાસે કીર્તન[૨] બોલાવીને કહ્યું જે, આજના કીર્તન તો ચાર વેદ, ષટ્ શાસ્ત્ર ને અઢાર પુરાણ આવી જાય એવાં ચમત્કારી છે. ॥૫॥

ધોલેરામાં એક બાવે તેલ કકડાવીને માંહી શાલગ્રામને નાખ્યા તે વાત અમે સાંભળી તે ઘડી રૂંવાડાં ઊભાં થયાં ને જીવમાં બળવા લાગ્યું ! તે જુઓને જગતમાં એવા ભેખ પણ છે ! ॥૬॥

અને શુદ્ધ સ્વરૂપનિષ્ઠા રાખવી; નીકર વાંધો ભાંગશે નહિ એમ મહારાજે પણ કહ્યું છે. તે માટે આ પ્રગટ પુરુષોત્તમ શ્રીજી મહારાજ સહજાનંદ સ્વામી તે સર્વે શ્રીકૃષ્ણાદિક જે અવતાર તેમના અવતારી ને સર્વેના કારણ ને સર્વેના નિયંતા છે; એમાં લેશમાત્ર ફેર નથી એમ જાણીને કોઈ દેવદેવલાંનો ભાર પડવા દેવો નહિ; ને પતિવ્રતાની રીત રાખવી તો ઠેઠ અક્ષરધામમાં પુગાશે. ॥૭॥

આ સત્સંગનો મહિમા તો અપાર છે; કેમ જે, બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે શ્રીકૃષ્ણાદિકની મૂર્તિઓ છે તેવા તો અનંત અવતાર થયા; ને આપણને તો મહારાજ પુરુષોત્તમ મળ્યા છે. ને બીજા અવતાર જેવા તો આ સત્સંગમાં ઘણાક છે; એવો સત્સંગનો મહિમા સમજીને દૃઢ ઉપાસના

૧. આડંબર, દેખાવ.

૨. સંત જન સોય સદા મોય ભાવે.

INDEX

કરવી. અને એવા જે પુરુષોત્તમ તે તો આ એક જ છે તેણે શુદ્ધ રીત પ્રવર્તાવી ને બીજાએ તો ભેળું ને ભેળું બાઈ-ભાઈનું રાખેલ; પણ જુદારો ન પાડેલ; એવી રીતે પુરુષોત્તમપણાની ઘણીક વાત કરી. ॥૮॥

અને પદાર્થ ઝાઝાં ભેળાં ન કરવાં, નીકર ઘણી મૂંઝવણ થવાની ને વાસના રહેશે. ને દેહ સારું પદાર્થ છે ને દેહને તો વેરી જ કહ્યો છે, તે ભજન કરવા ન દે; વાંચવા ન દે તેવો છે. **ને દેહાભિમાન મૂક્યે સર્વે દોષ જાય છે,** એ વાત કરીને તે ઉપર વચનામૃત વંચાવીને કહ્યું જે, મુક્તાનંદ સ્વામી જેવા હોય તે પણ પદાર્થનો જોગ થયે ઊતરતા જેવા રહે કે ન રહે ! બીજું સોળ સાધનનું વચામૃત (છેલ્લાનું ૨૪) વંચાવ્યુ ને કહ્યું જે, તેણે કરીને અક્ષરધામ પમાય છે. ॥૯॥

વળી કહ્યું જે, અમારો વાંક કાઢશો મા; અમે કહી છૂટીએ છીએ; કેમ જે વૃદ્ધ થયા તે હવે નહિ રહેવાય માટે કહીએ છીએ જે, સમજીને શુદ્ધ વર્તજો; નીકર ઝાઝો ફેર પડશે. આ ઘડી જો હાથધોણું, આંકડી[૧] કે વાળો;[૨] એવો રોગ થયો હોય, તો રાત બધી જાગે; પણ અમથું એક ઘડી પણ ધ્યાનમાં ન બેસાય ને રાત બધી ઊંઘી રહેવાય; એમ અષાડ વદી છઠ્ઠને દિવસે વાત કરી. ને દેહ જ વેરી છે, તે પોતાનું કરાવે, તે વિષ્ટા પર્યંત ધોવરાવે છે; પણ ધ્યાન કરવા ન દે એવો છે. ॥૧૦॥

અને બ્રહ્મચારીને ત્યાં વાતો કરી જે, **વિષયથી બંધાણો તે બદ્ધ ને મુકાણો તે મુક્ત છે.** તે માટે આપણે મુકાવું ને આ જુઓને આંહી વિષયનો જોગ નથી તેણે કરીને ઠીક રહે છે; પણ જો બરફીના ભરેલા સો પડિયા રોજ આવે, તો ખાધા વગર ન રહેવાય. એવો જીવનો સ્વભાવ છે; માટે એ તો ન આવે તો જ સારું છે. ॥૧૧॥

---

૧. આંતરડામાં વાયુને લીધે થતી ચૂંક, વીંટ, આમળો (૨) મરતી વખતના ડચકા.
૨. શરીરમાં ચામડી પર ફોલ્લો થઈ એમાંથી નીકળતું તાર જેવું જંતુ.
(આ એક રોગ છે.)

આ સત્સંગમાં તો સુખ છે ને ધર્મ, ભક્તિ, જ્ઞાન ને વૈરાગ્ય; જે જે સુકૃત[1] છે તે સર્વ સત્સંગમાં છે; ને બીજે બધે સળગી ઊઠ્યું છે ને કોઈક તો પશુ જેવા છે તે બોલતાં પણ આવડતું નથી; ને વિવેક પણ કાંઈ નથી. માટે કુસંગનો જોગ થાય તો સત્સંગને ઘસારો આવી જાય; તે સારુ કુસંગ ન જ કરવો. ॥૧૨॥

અને દેશકાળાદિક આઠ શુભ છે ને અશુભ છે તે ઓળખવા; તે જ્યાં સંત રહેતા હોય તેટલો દેશ શુભ, ને બાકી તો અશુભ અરબસ્તાન ને મકરાણા[2] એ આદિક ઘણાય છે. હવે કાળ શુભ તો ભગવાન ભજાય અને સુખિયા રહેવાય છે. ને મૃત્યુ પણ જેમ કાળ હોય તેમ થાય, તે જુઓને આ વહાણ બૂડે છે ત્યારે તેમાં બસે માણસ બૂડી મરે છે. ને સુરત બળ્યું ત્યારે કેટલાંક માણસ બળી મૂઆં; તે શું બધાયનું મૃત્યુ ભેળું જ હશે ? એ ઠેકાણે તો અશુભ કાળ લેવો. ॥૧૩॥

અને કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા ને દેહાભિમાન; એ સર્વે મૂકશે ત્યારે ભગવાન ને ભગવાનના સાધુ રાજી થાશે. ॥૧૪॥

અને આ ગંગાજી પર્વત ફાડીને સમુદ્રને મળ્યાં, તે તો મળે; કેમ જે પાણી ઝાઝું થાય ત્યારે એમ થાય; પણ આ જે પંચ વિષય તે તો એથી આકરા છે; કેમ જે **બ્રહ્મા, શિવ સરખાને ભૂલાવ્યા; ને ઇન્દ્રને હજાર ભગ થયાં, ને ચંદ્રમાંને કલંક લાગ્યું; એવા મોટા મોટાને તથા રાવણાદિકને દુઃખ થયું; ને સૌભરીને છેતર્યા; ને પરાશર ને એકલશૃંગી એ આદિકને લૂંટ્યા, તે માટે તેનો જોગ જ ન કરવો.** ને આ તો મહારાજે પ્રગટ થઈને રાખ્યું છે. આવું તો કોઈએ બાંધેલ નહિ ને મોટા મોટા અવતારે પણ કજિયા કર્યા છે; પણ આવો માર્ગ તો કોઈએ પ્રવર્તાવ્યો જ નથી. તે મહારાજે વેદરસમાં કહ્યું છે જે, "હે પરમહંસો ! આ સ્ત્રીરૂપી તરવારની જે તીખી ધારા તેણે જે પુરુષ નથી હણાણો તે તો

૧. પુણ્ય કર્મ.
૨. સિંધની વાયવ્યે આવેલો દેશ. (૫/૧૩)

INDEX

દેવનો પણ દેવ છે. માટે એ ધારા કાંઈ થોડી નથી. એ ધારા તો બહુ જ આકરી છે, માટે તેનો જોગ જ ન થાવા દેવો.'' **॥૧૫॥**

અને આ દેહ ધર્યો છે તેણે કરીને તો ભગવાન ભજી લેવા ને આ ભરતખંડમાં મનુષ્ય દેહ કાંઈ થોડા પુણ્યે આવતો નથી. તે દેવતા પણ કહે છે જે :—

અહો અમીષાં કિમકારિ શોભનં પ્રસન્ન એષાં સ્વિદુત સ્વયં હરિઃ ।
યૈર્જન્મ લબ્ધં નૃષુ ભારતાજીરે મુકુંદ સેવૌપયિકં સ્પૃહા હિ નઃ[૧]

એ શ્લોક બોલીને કહે જે, એમ દેવતા પણ ઇચ્છે છે તે મળ્યો. ને વળી ભગવાન ને ભગવાનના સંત મળ્યા, એ કાંઈ થોડી પ્રાપ્તિ નહિ. જુઓને દશ કે વીશ લાખ રૂપિયા હશે, તે કાંઈ ભેળા નહિ આવે; ને રૂપિયાવાળાને પણ એક શેર ઉપરાંત ખવાતું નથી; ને જેને રૂપિયા ન હોય તેને પણ તેટલું જ ખવાય. માટે જોઈએ તેટલું ને કામ આવે તેટલું પેદા કરવું એ ઠીક છે. **॥૧૬॥**

અને આપણને જે અલભ્ય લાભ મળ્યો છે. એ તો કાંઈ કહેવાય નહિ, માટે હવે તે જાળવી રાખવો. **॥૧૭॥**

અને સતયુગ, દ્વાપર, ત્રેતા ને કળિ એ ચાર યુગની એક ચોકડી; એવી એકોતેર ચોકડી એક ઇન્દ્ર રાજ કરે; એવા ચૌદ ઇન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટનો થાય, ને એવા ત્રીશ દિવસનો એક માસ, ને એવા બાર માસનું એક વર્ષ, એવાં સો વર્ષ થાય ત્યારે તે વૈરાટ પડે ત્યારે પ્રધાન પુરુષનો એક દિવસ થાય ને એવાં સો વર્ષ થાય ત્યારે પ્રકૃતિપુરૂષનો એક દિવસ થાય; ને એવાં સો વર્ષ પ્રકૃતિપુરુષ જીવે, તો પણ એક દિવસ કાળ તેનો નાશ કરી નાખે છે. ત્યારે કહો તેની આગળ આપણું શું આયુષ ?

---

૧. અર્થ :જે જન્મ લેવા અમો (દેવતાઓ) પણ ઇચ્છીએ છીએ તે ભગવાનની સેવામાં ઉપયોગી લાગે એવો મનુષ્ય જન્મ ભરતખંડ જેવા આર્ય પ્રદેશમાં જેમણે મેળવેલો છે તેઓનાં એવાં શાં પુણ્ય હશે ? કે શું સાક્ષાત પરમાત્મા જ તેમના પર પ્રસન્ન થયા હશે ? (ભાગવત. પા૧૯।૨૧)

એટલા સારુ જીવ શું મારું મારું કરતા હશે ! માટે કંઈ છે જ નહિ. માટે થોડાકમાં કામ સાધી લેવું; ને એવું મંડવું કે 'अर्थं साधयामि' કે 'देहं पातयामि' ॥ ॥૧૮॥

એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યું જે, આ વચનામૃતના ચોપડામાં તો ચાર વેદ, ષટ્શાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે. તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે. તેનો અભ્યાસ કરવો. અહો ! આ તો કાંઈ આપણને લાભ થયો છે ! જુઓને ભગવાન કેટલે છેટેથી દયા કરીને આપણા સારું આવ્યા છે ! પણ આ જીવને તો કાંઈ ગરજ નથી. ને આ તો ઠેઠ અક્ષરધામથી આવ્યા છે. અને આ તો ઓલી સતીને જેમ લોંઠાયે[1] સતી કરી, તેમ આ જીવને પણ લોંઠાયે ભગવાન ભજાવીએ છીએ. અને શાસ્ત્રમાં પણ ધર્મ, અર્થ ને કામ પર છે; ને મોક્ષ પર તો માંહી કોઈક શ્લોક છે. તે માટે મોક્ષના કામમાં આવે તેનું ગ્રહણ કરવું. ને બીજાં સર્વે મંદિરોમાં પણ પાપ છે; ચારે કોરે પાપ છે; ને એક સત્સંગમાં જ કલ્યાણ છે; પણ બીજે ક્યાંય કલ્યાણ છે નહિ. ॥૧૯॥

હું જ્યારે આઠ વર્ષનો હતો ત્યારે પ્રથમ ગોસાઈની કંઠી બાંધી; તેમાં તો વ્યભિચાર ભાળ્યો. પછી ત્યાંથી પ્રણામીમાં ગયો; તો ત્યાં પણ એનું એ ભાળ્યું. પછી જ્યારે સત્સંગ મળ્યો; ત્યારે શાંતિ થઈ. એમ પોતાને મિષે[2] કરીને બીજા બધાય મતમાં દોષ દેખાડી દીધા. ને પોતે તો સર્વે જાણતા જ હતા. ॥૨૦॥

સર્વે અવતારના કારણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી છે, તેની ઉપાસનાએ કરીને તો ઠેઠ અક્ષરધામમાં જાય; ને બીજા અવતારની ઉપાસનાએ કરીને તો તેના ધામમાં જાય. જેમ હરિવર્ષખંડમાં પ્રહલાદ છે, તે વાત ભાગવતમાં કહી છે. જો રામચંદ્રજી જેવા મહારાજને જાણશે,

---

૧. ધ્યેય સિદ્ધ કરુ અથવા ધ્યેય સુધી પહોંચતા દેહ પાડી નાખું.
૨. નિમિત્તે.

INDEX

તો તે વૈકુંઠમાં જાશે; તેમાં ચાર હાથ તે મહાકૂટ્ય,[૧] એમાં શું ? એ તો કાંઈ ઠીક નહિ. ને શ્રીકૃષ્ણ જેવા જાણશે તો ગોલોકમાં જાશે ત્યાં ગાયો, વાછરડાં ને ગોપ, ગોપીઓ છે; તેમાં પણ શું ? માટે ક્યાંય અક્ષરધામના જેવું સુખ નથી. તે માટે મહારાજને પુરુષોત્તમ જાણવા. તે વચનામૃતમાં પણ કહ્યું છે જે, **''જેવો મને જાણશે તેવો હું તેને કરીશ''** તે પુરુષોત્તમ જાણવે કરીને અક્ષરધામમાં પૂગાય, તે પાછો નાશ ન થાય; ને બીજે તો પ્રકૃતિપુરુષ લગી કાળ ખાઈ જાય છે. ત્યારે એક જણે કહ્યું જે, 'જ્યાં ભગવાન રાખે ત્યાં રહેવું ને ભગવાનનાં ધામ તો બધાંય સરખાં છે; અમથા શું કૂટો છે ?'' ત્યારે સ્વામી કહે,''તારા ને ચંદ્રમા તે કાંઈ એક કહેવાય નહિ. મહારાજે પણ કહ્યું જે, ''અવતાર અવતારીમાં ભેદ એમ સમજવો જે, રાજા ને રાજાનો ઉમરાવ,[૨] ને તીર ને તીરનો નાખનારો એમ ભેદ છે.' ઓલ્યો ઉમરાવ ઘણો ભારે હોય ને હુકમ ચલાવે એવો મોટો હોય, તોપણ રાજા પાસે જાય ત્યારે કેટલીક સલામ ભરે ત્યારે બેસાય; ને રાજાનો એની ઉપર હુકમ ચાલે છે; એમ છે.'' તે ઉપર વચનામૃત વંચાવીને કહ્યું જે, **બીજાં ધામને ને અક્ષરધામને તથા બીજા અવતારને ને મહારાજને એક સરખા કહે, તેને પંચ મહાપાપથી પણ વધુ પાપી જાણવો; ને એનો સંગ ન કરવો.** એ વંચાવીને તેને પાછો પાડ્યો.**॥૨૧॥**

વળી કહ્યું જે મધ્યના વચનામૃત નવમાં કહ્યું છે જે, ''બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કહેવાય.'' ને બદરિકાશ્રમ, ને શ્વેતદ્વીપ એ તો રાત્રીપ્રલયમાં નાશ થઈ જાય છે; ને ત્યાંનાં મુક્ત વૈકુંઠમાં જાય છે; ને બીજાં પણ નાશ થાય છે. ને મહારાજે બીજા અવતારનાં જેટલાં કામ તો હરિભક્ત તથા સાધુ દ્વારે કરાવ્યાં છે ને હજી કરાવે છે. તે સમાધિ તથા કલ્યાણ ઇત્યાદિક મોટાં મોટાં કાર્ય ભક્ત દ્વારે કર્યાં છે; તે માટે ભગવાન

---

૧. મોટો કૂટારો,કષ્ટદાયી.

૨. રાજાનો ઊંચી પદવીનો અમલદાર.

જેવા તો એ છે. અને બીજાએ તો રાસ કરાવ્યા ને આ તોડાવે છે; ને સ્ત્રીનો ને ધનનો ઘાટ પણ નથી થાતો, એવાય કેટલાક છે. તે ઉપર પાળાનાં તથા સાધુના નામ કહી દેખાડ્યાં, ત્યારે ઓલ્યાથી એ સરસ થયા ને બીજા ભગવાન તો કેવા છે ? તો તેનું દૃષ્ટાંત દીધું જે, દિલ્હીના બાદશાહનું નામ શેરખાં તે બીજાથી નામ ન પડે; તે એક ગામનો સિપાઈ, નામ શેરખાં દિલ્હી ગયો તે બાદશાહે પૂછ્યું જે, "કેમ તમારું નામ શેરખાં છે ?" ત્યારે કહે જે, "હું તો શેરખાં કેવો ? તો નામ માત્રે કરીને શેરખાં છું." તે જેવાં પગરખાં, ચબરખાં ને લબરખાં એવો છું એમ ભેદ છે; એવી રીતે સમજવું તે સમજણ ઠીક છે. એવી સમજણ જો ન હોય, તો બહુ કાચપ રહે. તે માટે **આ શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી છે, તેને જ સર્વોપરી ભગવાન જાણવા.**એમ સભામાં બોલ્યા પછી શૃંગાર આરતી થઈ ને દર્શને પધાર્યા.**॥૨૨॥**

અને આત્મા છે તે મહા તેજોમય છે ને આ જે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ; એ ત્રણ દેહ તે થકી જુદો માનીને એમ ધારવું જે, 'હું અક્ષર છું, ને મારે વિષે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે સદાય બિરાજમાન છે.' તે વિશલ્યકરણીના વચનામૃતમાં[1] સર્વે વાત છે. ને થોડી થોડી વાત તો સર્વે વચનામૃતમાં છે ને કોઈક બાકી હશે. એ આત્માનો મનન દ્વારાએ સંગ કર્યા કરવો જે, હું આત્મા છું, અક્ષર છું. એમ જો નિરંતર કર્યા કરે, તો એ અક્ષરભાવને પામી જાય છે તે ઉપર દૃષ્ટાંત દીધું જે, 'મહારાજે એક ઢેઢનો છોકરો હતો તેને કહ્યું જે, "તું કોણ છો ?" ત્યારે તે કહે જે, "હું ઢેઢ છું." તો કહે, "તું દશ વાર એમ કહે જે, 'હું આત્મા છું." પછી તેણે દશ વાર એમ કહ્યું. વળી પૂછ્યું જે, "તું કોણ છો ?" તો કહે જે, "ઢેઢ છું." વળી કહે જે, "તું સો વાર કહે જે, "હું આત્મા છું." ત્યારે તેણે સો વાર એમ કહ્યું. પછી પૂછ્યું જે,"તું કોણ છો?" તો કહે જે, "ઢેઢ છું."ત્યારે મહારાજ કહે "જુઓને દેહ સાથે કેવો જડાઈ ગયો છે !" એમ કહીને કહે

૧. વચ.ગ.અં.પ્ર.૩૯મું.

INDEX

જે, **જો આત્માનો મનન દ્વારે સંગ કર્યા કરે, તો અક્ષરરૂપ થઈ જાય છે.'** તે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે જે, ''निजात्मानं ब्रह्मास्मं'' એ શ્લોક બોલ્યા, અને પુરુષોત્તમપત્રીમાં પણ કહ્યું છે જે, **''આત્માને અક્ષરરૂપ માને છે તે જ સત્સંગી છે.''** માટે એ વાત કર્યે છૂટકો છે, એમ અધી રાતને સમે વાત કરી. **॥૨૩॥**

એક જણે પ્રશ્ન પૂછયો જે ''મોટા સાધુને તો જીવને ભગવાનમાં અખંડ જોડવા છે. પણ કોઈકને અધિક આગ્રહ કરીને જોડે છે ને કોઈકને તો સાધારણ વાતચીત કરે છે; તે એ જીવને શ્રદ્ધા મંદ છે કે કેમ છે ?'' ત્યારે સ્વામી કહે, ''ઓલ્યાને પૂર્વના સંસ્કાર ભારે છે; તેથી એમને અતિ આગ્રહ કરે છે તે મોટા સંતમાં ભગવાન પ્રેરક થઈને એને કરાવે છે. ને ઓલ્યાને સંસ્કાર પણ થોડો ને શ્રદ્ધા પણ થોડી.' ત્યારે કહ્યું જે, ''કેમ શ્રદ્ધા વધુ થાય ?'' એટલે સ્વામી કહે,એને એમ જણાય જે, મોટા સંત બોલે છે તે કાંઈ માણસ નથી બોલતા. એ તો એમ જાણે જે, ઈશ્વર બોલે છે; ને એને વિષે દેવબુદ્ધિ હોય; ને તેની પાછી સેવા-ભક્તિ કરે ને વિનય કરે તેણે કરીને શ્રદ્ધા થાય છે; પછી ભગવાનમાં જોડાય છે.''**॥૨૪॥**

અને જીવને ચાર ઘાંટી મેં વિચારી રાખી છે. તેમાં એક તો પુરુષોત્તમ જાણવા, બીજી સાધુ ઓળખવા, ત્રીજી પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી ને ચોથી આ જીવ અને દેહ એક થઈ ગયાં છે તેનાથી આત્મા નોખો સમજવો તે. એ ચારે ઘાંટી જબરી છે. તેમાં બેનું કામ ભારે છેઃ એક તો **પંચવિષયમાંથી પ્રીતિ ઉખેડવી;** ને બીજી **દેહથી જીવ નોખો જાણવો એ. ॥૨૫॥**

અને જડભરતને વખાણ્યા કે, અહો ! જડભરતને તરવાર કાઢીને મારવા માંડ્યા પણ બીના નહિ, ને કહ્યું જે, ''પાપ જાશે મારશે તો.'' ને અંબરીષને એથી વધુ વખાણ્યા એવી જ્યારે આત્મનિષ્ઠા થાય ત્યારે જાણે ઠીક. ને આ તો વખત આવે ત્યારે સમજણ ચૂંથાઈ જાય છે, તે

ચૂંથાવા ન દેવી. ને પદાર્થ સારુ ને પુસ્તક સારુ કજીયા કરે છે, પણ એ ઠીક નહી. ॥૨૬॥

અને એમ વાત કરીઃ જે, ભગવાનના અવતાર તો અસંખ્ય છે; પણ આ સમે મહારાજ પ્રગટ થયા તે ભેળા ભગવાનના હજાર અવતાર થયા; ને પોતે તો એક માંહી અવતારી થયા, એમ ચોખ્ખું સમજવું. ॥૨૭॥

એક જણે પ્રશ્ન પૂછ્યું જે, "ઠેઠ મહારાજ પાસે ને તમારી પાસે કેમ અવાય ?" ત્યારે સ્વામી કહે જે, "મહારાજને પુરુષોત્તમ જાણે ને ભગવાનની આજ્ઞા પાળે તો અવાય." ॥૨૮॥

કોઈ **ઐશ્વર્યને ભલા થઈને ઇચ્છશો મા.** ને જો આવે તો આપણે કંઈક કરી નાખીએ એમ છીએ; માટે એમાં કાંઈ માલ નથી. દેશકાળે સ્થિતિ રાખવી; તે શું ? તો દ્રવ્ય ગયું કે દીકરો દેહ મૂકી ગયો, કે ખાવા અન્ન ન મળ્યું તો તેમાં સમજણ કામ આવે છે. તે એક વાણિયે પરદેશમાં જઈને સોનાનાં કરોડ રાળ[૧] ભેળાં કર્યાં ને વહાણ ભરીને આવ્યો. તેણે કાંઠે ઊતરવા પાટિયા ઉપર પગ દીધો, કે વહાણ બૂડ્યું ત્યારે વાણિયો કહે "અહો ! થયું ને માથે !" પણ પછી કહે, **"જન્મ્યા ત્યારે એ ક્યાં હતાં ?"** તેમ જ એક ફકીરને રસ્તામાં ચાલતાં દોરડું મળ્યું; તે તેણે ખંભે નાખ્યું હતું, પણ તે પાછું પડી ગયું. પછી થોડે ચાલ્યો ત્યારે ખબર પડી; ત્યારે કહે જે, **"કાંઈ નહિ મુજકું રસા[૨] પાયા જ નહોતા !"** એમ વિચારીને આનંદમાં રહેવું. વળી કાકાભાઈના વચનામૃતમાં (પ્રથમ પ્ર. ૭૦) પણ કહ્યું છે જે, "ઘરમાં દશ માણસ હોઈએ ને તે સર્વે મરવાનાં હોય, તેમાંથી એક બચે તો શું થોડા છે ?" માટે એમ સમજવું. ॥૨૯॥

અને વરતાલથી પધાર્યા તે દિવસ સ્વામીએ વાત કરી જે —

આકુતિ ચિતિ ચાપલ્ય રહિતા નિષ્પરિગ્રહાઃ ।
બોધને નિપુણા આત્મનિષ્ઠાઃ સર્વોપકારિણઃ ॥

---

૧. અગાઉના વખતમાં સોનામહોર જેવું ચલણી નાણું, એક સિક્કો. પોર્ટુગીજના સમયમાં આ સિક્કાની પ્રતિષ્ઠા ઊંચી હતી.

૨. દોરડું.

INDEX

એવાં ચોસઠ લક્ષણ[૧] સાધુનાં હોય ત્યારે સાધુ થવાય. તે મહાપ્રલય સુધી ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી જેવા સાધુનો અહોરાત્રી નિરંતર સમાગમ કરે, ત્યારે પૂરા સાધુ થવાય. ને **સાધુતા વગર સુખ આવે નહિ ને આત્યંતિક મોક્ષ પણ થાય નહિ.** તે જેટલી કસર રહેશે તેટલી કસર ટાળવી પડશે. **॥૩૦॥**

અને વિધાત્રાનંદ સ્વામીવાળી પત્રી વંચાવીને બોલ્યા જે, આ વાત યથાર્થ જાણ્યા પછી કાંઈ કરવું બાકી રહે નહિ. આ પત્રી ઉપર અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે ગ્રંથ[૨] આખો કરાવ્યો છે. તેમાં સંપૂર્ણ વાત આવી ગઈ છે. અહો ! હમણાં ઘણી પ્રાપ્તિ છે, આવા સાધુ તો ભગવાન જેવા કહેવાય. ''પોતાનાં વખાણ પોતાને ન કરવાં'' એમ શિક્ષાપત્રીમાં કહ્યું છે; પણ કહ્યા વિના સમજાય નહિ. પછી બહુ ખોટ જાશે. **॥૩૧॥**

આત્મનિષ્ઠા આવે તેણે કરીને સર્વ વાત થાય તે ઉપર કહ્યું જે :-

મરને આતસકા[૩] વરસે મેહ રે, તોય નવ દાઝે મેરા દેહ રે,
મરને બારે મેઘ આવી ઝુમે રે, તોય નવ ભીંજે મેરો રુમે[૪] રે ॥

એવી નિષ્ઠા જોઈએ. પ્રથમનું છવ્વીસમું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, આ પણ એક નિર્ગુણ ભાવને પમાડે એવું છે. **''ઉદ્યો ! સોઈ સાચે મમ દાસ હે''** આ ચાર કીર્તન પ્રમાણે રહે તો સાચો ભક્ત કહેવાય. **॥૩૨॥**

મહારાજે પ્રથમ નિત્યાનંદ સ્વામીને પોતાનું પુરુષોત્તમપણું કહેલું. તે જ્યારે સત્સંગિજીવન ગ્રંથ કર્યો ત્યારે ઉપાસનાનો પ્રસંગ નાખ્યો; તેમાં શ્રીકૃષ્ણની ઉપમા દેવા માંડી. ત્યારે સ્વામી કહે જે, ''બાદશાહને કાંઈ ચાકરની ઉપમા દેવાય ? ન દેવાય.'' એવી રીતે સાત દિવસ લગી કજિયો

---

૧. ચોસઠ લક્ષણ જુઓ, ગુણાતીતાનંદ સ્વામીની વાતો (પ્ર-૫ વાત-૧૨૩)
૨. હરિલીલાકલ્પતરૂ
૩. અગ્નિનો વરસાદ.
૪. રૂંવાડું

ચાલ્યો. ત્યારે મહારાજ કહે જે, "એમ જ લખાય, તમે શું જાણો ?" ને કેટલુંક ખીજ્યા, તોપણ ન માન્યું ને કહ્યું જે, "ચરિત્ર મેળવો, જે મહારાજે કીધાં[1] છે તે તેણે કીધાં છે ?" એમ કેટલુંક થયું; ને એકલા કાઢ્યા. ને મહારાજ પણ બીજા સાધુ ભેળા ભળી ગયા; તોપણ ન માન્યું. પછી મહારાજે કહ્યું જે, "અમારું રહસ્ય આ સાધુ જાણે છે." એમ કહીને નિત્યાનંદ સ્વામીને હાર આપ્યો. અને સ્વપ્નમાં ગોપાળાનંદ સ્વામીને મહારાજે કહ્યું જે, "અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો, તો આને આ દેહમાં હજાર વર્ષ સુધી રાખશું." પછી સ્વામી કહે : મને પણ મહારાજે કહ્યું હતું. ને ખરડામાંથી પણ જાણ્યું; ને મોર્યથી પણ જાણતા હતા. તે મેં ઉઘાડી વાત સભામાં કરવા માંડી, ત્યારે સાધુ સૌ કહે, "તુંને કોણે કહ્યું છે જે તું કહે છે ?" ત્યારે મેં કહ્યું જે, "સ્વામિનારાયણે કહ્યું છે, બીજો કોણ કહેશે ?" ને મહારાજે મધ્યના નવમા વચનામૃતમાં, સાંખ્યાદિકનામાં,(ગ.અં. ૩૮ મું) તેજનામાં (મધ્ય. પ્ર. ૧૩) ને લોયાના ચૌદમાંમાં એ આદિક ઘણાકમાં કહ્યું છે. ॥૩૩॥

અને એક વાર કહે જે, અવતાર-અવતારીનો ભેદ કેમ સમજવો ? ત્યારે એક જણે કહ્યું જે, "ભવાયો ને વેષ." ત્યારે પોતે કહ્યું જે, "અવતાર-અવતારીનો ભેદ એમ નહિ; રાજા ને રાજાનો ઉમરાવ, તીર ને તીરનો નાખનારો, ને તારા ને ચંદ્રમા; એમ ભેદ જાણવો." ॥૩૪॥

વાદી પણ ત્રણ પ્રકારના થાય છે; તેમાં સાધારણ વાદી તો સર્પ પકડાય તો પકડે, ને ફૂલવાદી તો સર્પને પકડવા જાય ને ન પકડાય તો ચીંથરે કરીને ચીરી નાખે; ને ગારુડી તો મોટા મણિધર સરખાને પણ પકડીને આગળ નચાવે; એમ ભેદ છે તેમ આ ગારુડીની પેઠે નચાવે એવો છે. ॥૩૫॥

એકવાર વરતાલમાં આચાર્ય બે ભેગા થયા, ત્યારે પુરુષોત્તમપણાનો વિવાદ થયો. ત્યારે સ્વામી કહે, મેં કહ્યું જે," ખજાનો

૧. કહ્યા છે.

INDEX

કેને દેખાડ્યો છે ? ઘણું બીજા સાથે હેત હોય તેને પણ દેખાડ્યો છે ? નથી દેખાડ્યો. અને અમને તો સ્વામિનારાયણે કાનમાં મંત્ર મૂક્યો છે જે, 'અમે તો સર્વોપરી ભગવાન છીએ.' માટે તેને બીજા અવતાર જેવા કેમ કહીએ ?'' પછી તો રાજી થઈને ઊઠી નીકળ્યા. ॥૩૬॥

''મહારાજે એમ કહ્યું જે, જ્યારે ઈન્દ્ર કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય દેવતા જેવા થાય; અને બ્રહ્મા કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય ઈન્દ્ર જેવા થાય; અને વૈરાટ આવે ત્યારે એના શિષ્ય બ્રહ્મા જેવા થાય; ને પ્રધાન પુરુષ જ્યારે કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય વૈરાટ જેવા થાય, ને પુરુષ જ્યારે કલ્યાણ કરવા આવે ત્યારે એના શિષ્ય પ્રધાનપુરુષ જેવા થાય, ને અક્ષર આવે ત્યારે તેના શિષ્ય પુરુષ જેવા થાય; ને પુરુષોત્તમ કલ્યાણ કરવા આવે, ત્યારે એના શિષ્ય અક્ષર જેવા થાય.'' માટે અક્ષર આગળ તો કોઈ અવતારાદિકનું સમર્થપણું હોતું નથી. એમ કહ્યું. ॥૩૭॥

સર્વોપરી પુરુષોત્તમપણું સમજવું તે હમણાં અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે અમે ગ્રંથ (હરિલીલા કલ્પતરુ) કરાવ્યો, તેમાં સંપૂર્ણ પુરુષોત્તમપણું નાખ્યું છે. અને એક જણે રામકથા વાંચી તે શું સાત કાંડમાં ક્યાંય સ્વામિનારાયણનો મોવાળો પણ છે ? એમાં શું વાંચવું ? એનો તો સૌને નિશ્ચય છે જ; પણ આ પુરુષોત્તમનો જ કરવો. એ વાત કઠણ છે. એકવાર સમૈયામાં ભગવદ્ગીતાની કથા કરી, તેની પણ રાતના બાર વાગે કરી ને કહ્યું જે, એમાં શું વાંચે છે ? એમાં મહારાજનું કાંઈ આવે છે ? એ તો શું કરીએ ? સૌને એ વાતની તાણ, તે કરે છે. ॥૩૮॥

મહારાજે વરતાલમાં સર્વે હરિજન આગળ સભામાં કહ્યું જે, ''આ ચરણારવિંદની વૈરાટ પુરુષે પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ સુધી સ્તુતિ કરી; ત્યારે આ બ્રહ્માંડમાં પધાર્યા છે.'' એવી ઘણી વાતો કરી તે ત્યાંના હોય તે જાણે, પણ બીજા ન જાણે. ॥૩૯॥

નાગડકામાં સ્વરૂપાનંદ સ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'ગુરુ સાહેબ! આજ સત્સંગીકા કલ્યાણ કેસા હોતા હૈ ?'' ત્યારે મહારાજ કહે, ''જેસા કપિલદેવકા, જેસા દત્તાત્રેયકા, જેસા ઋષભદેવકા એસા હોતા હૈ.'' ત્યારે સ્વામી કહે, ''અહો ! તબ તો બોત બડા કલ્યાણ હોતા હૈ !'' **॥૪૦॥**

સમૈયો હતો ત્યારે સત્સંગી સર્વે આવેલા, તેણે કહ્યું જે, ''અહો મહારાજ ! જેવી ગોપી-ગોવાળને પ્રાપ્તિ થઈ હતી તેવી અમને થઈ છે,'' ત્યારે મહારાજ કહે, ''ના ના, ગોપી ગોવાળને જે મળ્યા હતા તેના ભક્તને તો આ ભગવાનનાં હજી દર્શન પણ નથી થયાં, તમારે તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે.'' **॥૪૧॥**

ભક્તિએ કરીને મહારાજ રાજી થાય છે, ને એની આજ્ઞા છે એટલા સારુ કરીએ છીએ; પણ એ સ્થૂળ માર્ગ છે, તેણે કરીને તો મોટાં લોકાંતરને પામશે; પછી મોટાના મોટા વૈભવ ને મોટાં પાપ. તે જુઓને આ ખંડેરાવ[૧] એક દિવસમાં જેટલું પાપ કરતાં હશે, એટલું ગરીબ આખા ભવમાં પણ ન કરે. માટે આને આ દેહે કરીને ભક્તિ પણ કરતાં જાવું; ને તે કરતાં થકા પણ અનુવૃત્તિ આત્માને વિષે રાખે જાવી. ને આત્મનિષ્ઠા જેવી કોઈ વાત નથી તે મનન દ્વારાએ **હું અક્ષર છું અને પુરુષોત્તમ મારે વિષે બેઠા છો એમ કરતા જાવું;** એમ ઘણે ઠેકાણે મહારાજે કહ્યું છે. **એ સૂક્ષ્મ ભક્તિ છે; તેણે કરીને આત્યંતિક મોક્ષને પામશે.** પણ મોરે કહી જે ભક્તિ તે રૂપ સ્થૂળ માર્ગ તેણે કરીને આત્યંતિકા મુક્તિર્ન મૃત્યુહ્રાસઃ એવી મુક્તિ ન થાય. અને એવી ભક્તિ તો ચાર માણસ કરે એટલી પોતે એકલો માને કરીને કરે છે. તે સેવા કરે, પાણા ઉપાડે, રોટલા કરે, એ સર્વે ભક્તિમાં માન મળે છે તેણે કરીને થાય છે; ને કરે છે; પણ એણે કરી સિદ્ધ ન થાય. ક્યાં બાળપણાની રમત; ક્યાં પામવો સિદ્ધનો મત[૨] ! માટે જે દી' તે દી' આ વાત કરશે ત્યારે છૂટકો છે. **॥૪૨॥**

---

૧. મરાઠા કાળનો એક રાજા જે વડોદરામાં સયાજીરાવ બીજા પછી ગાદીએ આવેલ.
૨. સિદ્ધોનો (ભ.ચિ. ૪૧।૨૯)

દૈવની માયાએ જુઓને મોહ પમાડ્યા છે ! જે ગાડી, પુસ્તક, ચેલો ને હવેલી; એને વિષે માલ મનાણો છે; પણ તેણે કરીને શું થાશે ? બંધન થાશે; માટે એમાં કાંઈ માલ નથી.

રાજ ભયો કહા કાજ સર્યો મહારાજ ભયો કહા લાજ બઢાઈ,
સાહ ભયો કહા બાત બઢી પતસાહ[૧] ભયો કહા આન ફિરાઈ,
દેવ ભયો તોઉ કાહ ભયો અહમવે બઢ્યો તૃષ્ણા અધિકાઈ,
બ્રહ્મમુનિ સત્સંગ બિના સબ ઓર ભયો તો કહા ભયો ભાઈ ?

ત્યારે શું ભરતજી રાજ મૂકીને મૃગલામાં બંધાણા એ કાંઈ સાધુનો માર્ગ છે ! અને આસન સારુ, પથારી સારુ, ચેલા સારુ, ગાડી સારુ ને એવા તુચ્છ પદાર્થ સારુ કરીને મોટી ખોટ ખાવી નહિ. ને સર્વ દોષરહિત થઈને રૂડા સાધુને સેવીને સાધુતા શીખવી એમાં જ માલ છે. નીકર તો મોટપ ને માન સારુ કરીને ગાડી કે ઘોડું ન મળે કે દુઃખી થવું પડે એમાં શું ? એમ કહીને બોલ્યા જે—

મોટા થાવાનું મનમાં રે, દલમાં ઘણો ડોડ;
તેવા ગુણ નથી તનમાં રે, કાં કરે તું કોડ ?
ભૂંડા ઘાટ ઊઠે છે ભીતરે રે, જે ન કહેવાય બા'ર,
એહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર.

એવું છે, માટે જ્ઞાન શીખવું; તેણે કરીને કોઈ વાતની અપેક્ષા ન રહે. જો જ્ઞાન ન હોય તો તો મૂર્ખાઈએ કરીને અસદ્ યુક્તિઓ ઉઠાવે છે. તે અમે સૌ ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી એ આદિક મોટા મોટા સાધુ, પછી નિવૃત્તિ ન આવે તે સારુ સવારના પહોરમાં નાહ્યા વગર કામ-ક્રોધાદિકને ખોદીને ગોષ્ઠી કરીએ, ત્યારે એક જણ કહે જે, "જુઓને મસાણિયા[૨] બેઠા છે તે શું કરે છે ? તે ઝાંપડાને[૩] સંભારે છે ! ને શિક્ષાપત્રી

૧. બાદશાહ.
૨. સ્મશાનમાં રહેનારા.
૩. ભંગી.

તો પાળતા નથી; ને ॥ **બ્રાહ્મે મુહૂર્તે શયનં વિહાય** ॥ અને નાહ્યાધોહ્યા વગર સવારના પહોરામાં લઈ બેઠા છે !'' ત્યારે બીજા નવા જાણે જે, ''વાત ખરી છે. આજ્ઞા લોપતલ[૧] તો આ સર્વ છે.'' ને અમે સર્વે આત્મનિષ્ઠા ને ઉપાસનાની વાતો કરીએ તે તો સૂક્ષ્મ ભક્તિ છે; ને સ્થૂળ ભક્તિમાં તો ગૌણતા આવે. તે સારુ બીજા કહેશે જે, ''આ પત્રી લોપતલ છે, ને શાસ્ત્રોને ખોટા કરીને અવગુણ ઘાલે છે.'' ત્યારે જુઓને એ તે કેમ સમજવું? જે રાત લઈને ભગાય છે ! એવું હોય એ વાતનું એને કાંઈ નથી એમ મૂર્ખને કાંઈ ગતિ નથી. પણ આપણે શું ભક્તિ નથી કરતા ? ને ખોટી વાર્તા કરીએ છીએ ? માટે **સો મૂર્ખનો ત્યાગ કરીને એક વિવેકીને ગ્રહણ કરવો.**

'ગિરિસે ગિરિયે ધાય, જઈ સમુદ્રમાં બૂડીએ;
મરીએ મહા વિખ ખાય, પણ મૂરખ મિત્ર ન કીજિયે.''॥૪૩॥

મહારાજે કીડીયારાના રોગનું (પ્ર.પ્ર.૧૮) પણ કહ્યું છે; માટે તેનો ત્યાગ કરીને વિવેક દશમો નિધિ[૨] કહ્યો છે તેનું ગ્રહણ કરશો તો સુખ થાશે. અહો ! જીવમાં અજ્ઞાનનો પાર નથી ! કારખાનામાં, રાજામાં ને પધરામણીમાં મંડ્યા છે; તે શું શું કહીએ ? ઓલ્યા જગતની પેઠે સાંજે કથામાં બે વચનામૃત માંડ માંડ વંચાવે ને વળી પાછું તેનું તે; પણ તેણે કરીને ભગવાન રાજી ન થાય. માટે વિચારીને વર્તવું.**॥૪૪॥**

આ તો ॥ **શ્રેયાંસિ બહુવિઘ્નાનિ** ॥ અને લોકમાં પણ કહે છે જે, 'સારા કામમાં સો વિઘ્ન.' તે કાં તો ભક્તિ રૂપે માયાને પ્રેરે ને એકાંતમાં ધ્યાન કરાવે. એમ કરતે કરતે પાડી નાખે છે ! તે માટે વિચારવું. અને જીવમાં ખોટ શું શું કહેવાય ? એમ મમત્વ બધાય છે. **॥૪૫॥**

---

૧. લોપનારા.

૨. કુબેરના નવ રત્ન : કચ્છપ, મુકુન્દ, નંદ અથવા કુંદ, મકર, નીલ, શાંખ, પદમ, મહાપદમ, વિવેક એ દશમું રત્ન ગણાય છે.

જો ગરાશિયો મોટેરો હોય તો **પૃથ્વી જ ભેળી કરે;**[૧] ને વાણિયો મોટેરો હોય તો દ્રવ્ય ભેળું કરે, ને બ્રાહ્મણ મોટેરો હોય તો પુસ્તક ભેળાં કરે, ને રબારી મોટેરો હોય તો ઢોરાં ભેળાં કરે; પણ કોઈ એકાંતિક સાધુ ન થાય. માટે એમાં કાંઈ માલ નથી. તે સારુ આવા સાધુનો સમાગમ કરી લેવો ને સાધુ થાવું. ને રૂપિયા પડ્યા રહેશે; બીજા પદાર્થ પણ પડ્યા રહેશે, ચાલ્યું જવાશે. ને **જે ભક્તિ કરે કે રાતમાં ધ્યાન કરે તે મનમાં જો એમ જાણે જે, 'જો આ સર્વ ખાઈ ખાઈને સૂઈ રહ્યા છે; હું એક કરું છું' તો બધુંય બળી ગયું !** ને મોટપ પામીને ચેલો ચેલો કરે, તે ચેલો બીજું તો શું કહીએ ? તુંબડી તો એની એ પણ સાકર માંહી નાખીને છાની પાય; એમ ચોરીઓ કરે ! અને ચેલો એમ યુક્તિઓ કરતે કરતે જન્મ ખોઈ નાખે. એવી યુક્તિમાં બેયને સમું, ચેલાને ભેળું પણ કામ થાય. તે ઉપર :—

છોટા છોટા શિષ્ય રાખશે રે, ચાકરી કરવા બે ચાર;
મોટાની મો'બત મૂકશે રે, જેને કેનો ન રહ્યો ભાર.

શ્રીજી પધાર્યા સ્વધામમાં રે. ॥૪૬॥ એ બોલ્યા.

અને કહ્યું : 'ચેતના મુખી તે સદા સુખી.' એવી રીતે કેટલાંક કહીએ ? એ કહ્યાં તેથી ઘણાં ઝાડ હેયામાં ઊગ્યાં હોય પછી શું ધ્યાન-ભજન થાય ? બીજાનું જોઈને બેસે, પણ થાય નહિ. તે એક બાવો ગુલાબગર હતો, તે સૌનું જોઈને માથે ઓઢીને બેઠો ત્યાં તો રૂપિયા, ઢોરાં ને ઉઘરાણી તે સ્ફૂર્યાં, એટલે આકળો થઈને ઊઠી ગયો ! ને કહે, "ઊઠો ઊઠો શું બેઠા છો ? આટલું આ કરવું છે તે કરીએ." એમ થાય છે, માટે **ટીખળ**[૨] **ઘાલવાં નહિ.** ॥૪૭॥

વળી મહારાજે તો "પંપાળીને રાખે તેની પાસે રહેવું નહિ." એમ કહ્યું છે; પછી સૂઝે તેમ કરો. અમે તો આત્માનંદ સ્વામી બહુ ટોકતા તેની ભેળો રહ્યા ને બ્રહ્માનંદ સ્વામી ભેળો રહેતા તે નીકળ્યા. ને તે કહ્યા વિના

૧. જમીન ખરીદ ખરીદ કરે. (૫/૪૬)
૧. ફેલ, બિનજરૂરી ટેવ, વિચારાદિ.

ખોટ જાય નહિ. ને જ્યાં સારી સારી રસોઈ મળે ત્યાં વારે વારે જાય; પણ કેવળાત્માનંદ સ્વામી તો જો કોઈ પાકી રસોઈનું કહે તો તેને કહે છે જે,"જૂનાગઢથી સ્વામીનો કાગળ મંગાવ્યો છે, તે આજ્ઞા આવશે ત્યારે લેશું." એમ બહાના કાઢીને ચોખ્ખી ના કહેવી ને દાળ રોટલા લેવા. ને પછી બે દિવસ રહીને ભાગી નીસરવું. પણ ગળ્યાં, ચીકણાં, ચોપડ્યાં, વઘાર્યાં, ધુંગાર્યાં[1] તે ખૂબ તડૂસીને[2] સૂતા, તેણે કરીને વધશે કામ ને ક્રોધ **ને આપણે તો ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ ને શિક્ષાપત્રી; એ ત્રણ ગ્રંથ પ્રમાણે રહેવું.** એમ મહારાજે કહ્યું છે તે મહારાજની રુચિ પ્રમાણે રહેવું. **બ્રહ્માનંદ રહેનો ભલો રૂખમેં** એમ કહ્યું છે. તે ત્રણ ગ્રંથથી વધુ લૂગડું કે પદાર્થ રહેશે કે ખવાશે તો બંધન થાશે. ને એનો તો આગળ જવાબ લેવાશે. **॥૪૮॥**

પછી રુચિનું વચનામૃત વંચાવીને કહે જે, આ તો ખપવાળાને કહ્યું છે; અને જેને ખપ નથી તે તો લાગ આવે ત્યારે જોઈ લે ને સ્વાદ કરી લે. એને તો એમ જ ભજન થાય, જે ક્યારે લાગ આવે ! એવાને તો મહારાજે વચનામૃતમાં લબાડ જેવો ને કૂતરા જેવો કહ્યો છે. તે હેત હોય તેને આ વાત સારી લાગે. નીકર મરને લાખો વાતો કરીએ, પણ એમ ન થાય ને ન મનાય. **॥૪૯॥**

આ લોકનું હેત તો કેવું છે ? એમ કહીને એક પટેલનું દૃષ્ટાંત વિસ્તારીને કહ્યું જે, એના કુટુંબને એના ઉપરથી મરે એવું હેત હતું તો પણ સાધુના કહેવાથી માંદો પડ્યો, ને તેના ઉપરથી સાધુયે દૂધ ઉતાર્યું, તે કોઈએ ન પીધું; એમ સાધુએ દેખાડ્યું અને :—

કાંણે જાય[3] તે અધિકું રડે, આંગણે જઈને ભૂસ પડે;
તે સારું લાગે તે માટે, હેત હોય તો પડે નહિ વાટે !

---

૧. ધુમાડા નીકળે તેવા ગરમ કર્યા.

૨. ખૂબ ખાઈને.

૩. મૃત વ્યક્તિની પાછળ રડવા-કૂટવા તેને ગામ જવું તે.

એવાં ખોટાં હેત છે. અને ગૃહસ્થનો છોકરો ન માને કે દુઃખિયો થાય, પણ તે તો સૌ સૌના ડહાપણ પ્રમાણે કરશે. માટે વૃદ્ધ થયા તેને તો ગામોગામ મંદિર કર્યાં છે તેમાં બેસીને ભજન કરવું. ને બે ટાણાં જઈને રોટલા ખાઈ આવવું. તે મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે તે કાંઈ ખોટું નથી :–

જૈસે બૂઢે બેલકું,[૧] ખેડૂ ન દેવત ખાન;
મુક્ત કહે યું વૃદ્ધકો, સબહિ કરત અપમાન.

જેને સુખે રહેવું હોય તેને તો મોર્યનું માન છે તે મૂકી દેવું; નીકર પૂજા[૨] થાય. તે ઉપર કહ્યું જે ગુરુ-ચેલો, બાપ-દીકરો ને સાસુ-વહુ એમ રહેવું ને :

દાસના દુશ્મન હરિ કદી હોય નહિ
જેમ કરશે તેમ સુખ થાશે.

કોણ જાણે આપણે વાસના હશે તેને ટાળવા એમ થાતું હશે તો ? એમ જાણવું ને સુખે રહેવું. **॥૫૦॥**

વળી ધૂળ જેટલો પણ જે માણસમાં માલ નથી, તેની આગળ પણ અમારે હાથ જોડવા પડે છે, તેને મંદિરમાં રાખવાનો ખપ છે; વ્યવહાર ઠર્યો એટલે શું કરવું ? નીકર તો ઘણાય ન કરીએ; પણ મહારાજને રાજી કરવા છે. **॥૫૧॥**

વળી જેને સુખિયા થાવું હોય તેને તો સોળ વર્ષનો છોકરો થાય કે તુળસીને પાંદડે કરકાને (સ્ત્રીને) અર્પણ કરવો એટલે થયું. અને એક પાંતીયે[૩] જીવને ક્યાં સમું છે ? મરે તો તે દુઃખિયો થાય. તે ઓલ્યા બ્રાહ્મણનો છોકરો મરી ગયો ત્યારે પોકે પોકે રૂએ, ને બીજા પણ રોવરાવે જે, 'બહુ ડાહ્યો હતો ને આ કરતો' એમ હજારો કહે ! ત્યારે ભટ્ટજી

---

૧. બળદને.
૨. માર પડે.
૩. પક્ષે, બાજુએ, બાબતે.

ખરખરે ગયા; તે વળતે દિવસે નહાવા ગયા, ને કહ્યું કે, "તું તો ખાતોપીતો નથી તે શું છે ? આ તારો દીકરો મરી ગયો તે શું કાંઈ ઉદેપુરની ગાદી ખાલી થઈ ? આ એક બ્રાહ્મણ મૂઓ તો એક ખડિયો[૧] ઓછો; એમાં તે શું !" પછી તો ઓલ્યે વિચાર્યું, ત્યાં તો કહે, "ખરું." પછી કહે, "હું તો પંદર દિવસમાં મરત, તે તમે જીવતો રાખ્યો." એમ છે. કાંઈ ખેડુ મલકમાં[૨] થોડા છે ? વાણિયા, સઈ, નાગર, સોની, લુવાર, કડિયા એ આદિકની કાંઈ ખોટ છે ? એમ જ્ઞાન શીખવું. **ખજૂરાનો પગ ભાંગ્યો તો પણ શું ને સાજો તોપણ શું ?**[૩] કૂકડા વિના વા'ણું નહિ વાય ? એમાં શું ? એમ વિચારીને સુખે ભગવાનનું ભજન કરવું. ॥૫૨॥

આણંદજી સંઘાડિયાને ત્યાં મહારાજ બેઠા હતા તે કહે, "માયાનું રૂપ કહીએ ?" તો કહે, "કહો" પછી કહે કે "શાહુકારનો દીકરો મરે તો તમારે કેમ ?" તો કહે, "બહુ ભૂંડું કહેવાય." પછી કહે કે, 'આ રાજાનો દીકરો મરે તો ? તો કહે કે, 'હું બહુ ખરખરો કરું.' પછી કહે કે 'આ તમારો મરે તો ?' 'ત્યારે તો તે ઘડીએ સંઘેડો[૪] બંધ રહી જાય ને ભૂંડું થાય.' એમ છે. પછી મહારાજ કહે, "હવે મોહનું રૂપ કહીએ છીએ જે, બ્રહ્માથી લઈને સહુને લોહીમાં મોહ થાય છે; એકલું કરકું હોય કે પત્ત ઝરતું[૫] હોય તો ન થાય. જીવમાત્રને કરકે[૬] નજર છે ! **"જોઈ મારણને મન મારે રે, અન્ય જોવા આંખ્ય મીચી છે."** જેમ સુખડ ઘસીને ભગવાનને ચડાવે છે, તેમ દેહને ઘસીને કરકાને ચડાવે છે ! અને આ જીવ ચામડિયો છે. ને ચમારને ઘેર અવતર્યો હોય, તો ત્યાં પણ આનંદ

---

૧. ભિક્ષા માગવા માટેની ઝોળી.

૨. દેશમાં.

૩. કહેવત છે, ઘણું હોય તેમાંથી નજીવું નુકસાન થવું. કાનખજુરાને અનેક પગ હોય છે તેમને એક પક્ષ તૂટે તોપણ તેને ચાલવામાં વાંધો આવતો નથી.

૪. લાકડાનાં ઘાટ ઉતારવાનું યંત્ર.

૫. તેના હાથ-પગનાં આંગળાં પાક્યા હોય અને એમાંથી પસ-પાણી નીકળતા હોય.

૬. સ્ત્રીમાં.

INDEX

છે ! ને ત્યાં કુંડ રાતદિવસ ગંધાય. એમ આ દેહ પણ ચમારના કુંડ જેવો છે; તેમાં જીવ આનંદ કરીને બેઠો છે. પણ ગીંગાની ઘોડયે (જેમ) ગુલાબની સુગંધી લે નહિ. આ દેહમાં તો હાડકાં, પરુ, પાચ, લાળ ને લીંટ ભર્યા છે; નવદ્વારે[1] નરક ઝરે છે; કેવળ નરકની કોથળી છે; ઉપર ચર્મ મઢ્યું છે ને ક્ષણભંગુર કહ્યો છે; માટે કાંઈ જ માલ નથી. તેમાંથી હેત તોડીને આત્મામાં કરવું. જેમ ઓલી સમળીએ માંસનો લોચો રાખ્યો હતો ત્યાં લગી એ બેયને બીજીએ ચાંચ મારીને કરકોલી;[2] પણ મૂકી દીધો તે ભળી સૌ ગઈ ! એમ આ દેહ રૂપી લોચો મૂકીને સત્તામાત્ર થાવું તેમાં સુખ છે; ને **દેહે કરીને તો પ્રભુ ભજી લેવાય એટલો તેમાં માલ છે. ॥૫૩॥**

વળી જીવનો તો અવળો સ્વભાવ છે; તે ખાવું, રૂપિયા ને વિષય તેમાં જ મંડ્યો છે. જો રૂપિયા હોય તો તો ભાંગીને ઘઉં લેવા, ને તે ખાઈને પ્રભુ ભજવા. સો ઉપાય કરીને બાજરો ભેળો કરવો; તે ખેતીવાડી કરીને, ચાકરી કરીને કે સાથી રહીને પણ તે એકવાર તો ભેળો કરવો; પછી હાયવોય ન કરવી ને ભગવાન ભજવા. અને તે ન કરો તો આ મંદિરમાં બાજરો ઘણો સળી જાય છે, તે ચાર મહિના રહીને પણ ભગવાન ભજવા આવજો; પછી આવો સમાગમ નહિ મળે. ને ઉત્તમ વક્તા છે ત્યાં સમાગમ કરી લેજો. ને પછી તો ચીજો ખાધી હોય તે સંભારવી, ધારવી ને વિચારવી. તે મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે; ને વચનામૃતમાં પણ કહ્યું છે **જે સમાગમ વિના જ્ઞાન ન આવે ને દેશકાળાદિક આઠમાં સંગને અધિક કહ્યો છે.** તે ઓલ્યાં સાત ભૂંડાં હોય ને એક સંગ સારો હોય તો મોટા પુરુષ સારાં કરી દે; માટે વારંવાર સંગ કરવો. તેમાં સર્વે વાત આવી જાય. **॥૫૪॥**

---

૧. બે કાન, બે આંખ, બે નસકોરા, મોઢું - શિશ્ન, ગુદા એ શરીરનાં નવ છિદ્ર છે.
૨. ખોતરવું.

જેને જે વહાલું હોય તે શિષ્યને દે છે. ને બાપને સ્ત્રી હૈયામાં છે તો તે છોકરાને હૈયે ઘાલી દે છે. એમ સાધુને વહાલા ભગવાન તે જીવના હૈયામાં ઘાલી દે છે. જેમ ખાધા વિના ભૂખ જાય નહિ; ને તાપ્યા વિના ટાઢ નહિ, ને સૂર્ય વિના અંધકાર જાય નહિ; **તેમ સમાગમ વિના અજ્ઞાન જાય નહિ.** ભણેલો હોય તે ભણાવે; પણ અભણ શું ભણાવે ? કેમ જે એને મૂળમાંથી વિદ્યા નથી તે આપે ક્યાંથી ?

ગુરુ બિન જ્ઞાન નહિ ગુરુ બિન ધ્યાન નહિ,
ગુરુ બિન આત્મવિચાર ન લહત હૈ.

તેમ સદ્ગુરુ વિના કાંઈ નથી થાતું :—

તીન તાપકી ઝાલ જ્યોં, પ્રાની કોઈ આવે.

એ સવૈયો બોલીને કહે કે એવા સાધુનો સમાગમ કર્યે છૂટકો છે; તે કરવો, તે પણ ''અર્થં સાધયામિ વા દેહં પાતયામિ'' એમ કરવો. ત્યારે રાજી થાય છે. તે સમાગમમાં તો એટલો ફેર પડે ! જેમ કાર્તિક સ્વામીએ પૃથ્વીની પ્રદક્ષિણા કરી ને ગણપતિએ પાર્વતીના કહ્યાથી ગાયની કરી; તે પણ પૃથ્વીની થઈ ! જુઓ કેટલો ફેર પડ્યો ! **ને કરોડ જન્મ સુધી અંતરદૃષ્ટિ કરે ને ન થાય, તેટલું એક મહિનામાં થાય એવું આ સમાગમમાં બળ છે,** માટે અમારો તો એ સિદ્ધાંત છે. ને મહારાજે પણ કહ્યું છે જે, ''કોઈક મિષ લઈને આવા સાધુ ભેળો જન્મ ધરવો એમ ઇચ્છીએ છીએ'' એ તો આપણને કહ્યું છે.**॥૫૫॥**

અને બીજી વાત શી ? તો કહે જે ભગવાન બહુ મોટા પ્રગટ થયા; તે બીજા અવતાર જેવા તો એના સાધુ ને સત્સંગી દ્વારે ચમત્કાર જણાવ્યા છે. ને પોતે જે નરનારાયણનું લખ્યું છે તે તો જેમ કોઈને અજાણે ગામ જાવું હોય તે ભોમિયો લે તેમ પોતે કોઈવાર આવેલ નહિ ને એનો ભરતખંડ કહેવાય, માટે એને ભોમિયા લીધા છે. એ મનુષ્યપણાનો ભાવ છે એમ જાણવું. એમ મહારાજે પણ કહ્યું છે જે આ તો વાત બધી નવીન છે સાધુ નવીન, નિયમ નવીન. તે મહારાજ કહે કે, 'આ નિયમ ને સાધુ એ બે અમે અક્ષરધામમાંથી લાવ્યા છઈએ.'**॥૫૬॥**

વળી જે સ્વામીએ ભોગવવાના પદાર્થ તે સેવક ન ભોગવે. તે જ્યારે રામચંદ્રજી ધરતી ઉપર સૂતા ત્યારે ભરતજી એક હાથ ધરતી ખોદીને સૂએ, ને શિવજી પણ ભગવાનને ભોગવવાનાં પદાર્થ પોતે નથી ભોગવતા. ને સંગનો ભેદ કહ્યો જે એક ઉખેડે[૧] ને એક ચોટાડે. ॥૫૭॥

આ સત્સંગમાં ત્રણ પ્રકાર છે જે સત્સંગી હોય તેને કુસંગી કરી નાખે; ને અંતરદૃષ્ટિ કરતો હોય તો બાહ્યદૃષ્ટિ કરાવે, ને વ્યવહારમાંથી ઉદાસ હોય તો તેમાં ચોંટાડે. એવા પણ મંદિરમાં છે. માટે એને ઓળખીને ત્યાગ કરવો. એક તો ઇન્દ્રિયારામ[૨] ને એક અર્થારામ[૩] એવા છે. ને જો તે બેની વચ્ચે કોઈ પથારી કરે, તો છ મહિના થાય ત્યાં વિમુખ કરી નાખે; તેને પણ ઓળખીને તેનો સંગ ન કરવો ને ગરાસિયાની ઘોડયે[૪] અંતર મળવા દેવું નહિ. ને અર્થારામ સાથે અંતર મળ્યું કે ભૂંડું થયું. એ બેયને મૂકીને આપણે તો **આત્મારામ થાવું.** ॥૫૮॥

વળી ખાધાનું, પથારી, ચેલા ને પદાર્થ; તેને અર્થે જે ઉદ્યમ એ કાંઈ સાધુનો માર્ગ નહિ. એ માર્ગ ચૂક્યા ને વેળ વળી ગઈ[૫] તે માટે જ્ઞાન શીખવું; તે વિના બીજું કાંઈ રાત્રી પ્રલયમાં નહિ રહે. ને જ્ઞાન તો મહાપ્રલયમાં પણ જાવાનું નહિ; ને તે જ્ઞાન તો આપણે છે. આ આમાં આટલું રહ્યા છીએ ખરા, પણ વનમાં રહીએ તો પણ સુખ રહે, ને એક ટાણું રોટલો જોઈએ; ને એક ગોદડી હોય તો બીજું વસ્ત્ર ન જોઈએ. ને વનમાં રહેતા ત્યારે આ ગોદડીભર રહેતા; તેમાં ટાઢ હરે, તડકો હરે, ને વરસાદ પણ બે પછેડીવા હરે; પછી શું જોઈએ ? એવા સ્વભાવ પાડ્યા હોય ત્યારે થાય; નીકર તો જેમ **'આસનથી ઉઠાડતાં જાણે જગાડ્યો મણિધરજી'** નાગને છેડે તેમ થાય. માટે જ્ઞાન શીખવું. ॥૫૯॥

---

૧. સંસારથી અને વિષયથી મૂકાવે.
૨. દેહના પાલનપોષણ ને ટાપટીપમાં જ રાચનાર.
૩. ભૌતિક પદાર્થે કરીને સુખ માનનાર.
૪. જેમ.
૫. સમય વીતી ગયો.

જેમ ભગવાન કરે તેમ થાય. આ અમને કઠોદર થયું હતું, તે કોઈને ન મટે ને તે મટ્યું; ને આવરદા પણ પચવીશ વર્ષ થયાં નથી. ને આ બે વર્ષ થયાં એટલે સંવત ૧૯૧૮માં મૃત્યુ આવીને પાછું ગયું; તે જેમ ભગવાનને ગમતું હશે તેમ થાશે. ॥૬૦॥

જેને આ સત્સંગ મળ્યો તેના પુણ્યનો પારાવાર નથી. ને આ સમાગમનું ફળ તો આગળ અવિનાશી મળશે. ને અજ્ઞાને કરીને તો એમ થાય, તે શું જે ખટરસમાં રહ્યા ને જલેબીમાં ગયા ! પણ આજ્ઞા કરે તેમ રહેવું તે :

થરથર ધ્રુજત રહત, વચનમેં શશી અરુ સુરા;
થરથર ધ્રુજત રહત, વચનમેં કાળ હજૂરા.

માટે આજ્ઞામાં સુખ છે, ને કર્મવશે કરવું પડે છે તે કરતાં જો આજ્ઞાએ કરે તો એના જીવમાં સુખ થાય. ॥૬૧॥

આ ભગવાન તો જેમ-કિયાં કીડી કરિ મેળાપ,ભેળું થાવા ભારે ભેદ છે રે;

કિયાં પૂર્ણ પુરૂષોત્તમ આપ; કિયાં જીવ જેને બહુ કેદ છે રે.

એવા મળ્યા છે. માટે **સો વાતનું ગમતું મૂકીને આજ્ઞા પ્રમાણે વર્તવું. 'સો માથાં જાતાં રે સોંઘા છોગોળા.'** બીજું **'એક શિરકે વાસ્તે ક્યું ડરત હે ગમારા ?'** હવે તો ખરેખરું મંડવું. **'સતી મટી કૂતી કાવે'** એ કીર્તન બોલીને કહે કે, એમ પાછા પગ ભર્યે શું થાય ? તે સારુ સન્મુખના લેવા. ॥૬૨॥

શાસ્ત્રમાં મુખ્ય અહિંસા ને બ્રહ્મચર્ય; એ બે ધર્મ કહ્યા છે. તે અહિંસા તે શું તો ? કોઈક પદાર્થ જોતું હોય ને ગૃહસ્થ પાસે માગીએ ને તેનાથી ન અપાય તો હિંસા થઈ. ને કોઈ પદાર્થ ન જોઈએ ત્યારે અહિંસા પળે, ને કોઈએ ન કચવાય; ને **અહિંસા ને બ્રહ્મચર્ય તો નેત્ર, કાન, નાક, હાથ, પગ, આદિક અંગ સાચવીએ ત્યારે પળે.** ને

હાથ, પગ આદિક ઈન્દ્રિયોએ સહિત આવો દેહ ક્યાંથી મળે ! આ તો ભગવાનને ભજ્યાનો સાજ છે, તે વૃથા ખોઈ નાખવો નહિ. લેખે લગાડે તેને ડાહ્યા કહ્યા છે, નીકર તો પશુ જેવો જાણવો. અને આ દેહ તો હમણાં પડ્યો જાણવો ! ને જેમ આ ઘડિયાળના ડંકા વાગે છે તેમ કાળ આવરદાને ખાઈ જાય છે, પણ આ જીવ તો ભૂલી ગયો છે. તે ઉપર **''ગર્ભવાસમાં તું શું કહીને આવ્યો રે''** એ કીર્તન બોલાવીને કહે કે શું પછી લાકડી લઈને મારે ? ને જીવ તો જાણે છે જે, આ બધું કોઈકને માથે છે, પણ એમ નથી જાણતો જે મારે માથે છે. ને ગર્ભવાસ, જન્મ, મરણ, ચોરાશી એ તો ઊભાં છે. માટે આવો સમાગમ કરીને એને ટાળી નાખવાં; ત્યારે નિર્ભય થાય. **॥૬૩॥**

મહારાજ કહે જે, ''અમને બુદ્ધિવાળો ગમે છે, કેમ જે એને સત્ય-અસત્યનો વિવેક આવડે; ને કાર્યાકાર્ય, ભયાભય, બંધમોક્ષ, એને જાણે; જે આ તે કરવું ને આ ન કરવું; ને આમાંથી બંધન થાશે ને આમાંથી મોક્ષ થાશે.'' તે કૃપાનંદ સ્વામી સરખા તો ચિકિત્સા કરે જે આમાંથી આ થાશે. **॥૬૪॥**

વળી બીજુ એ જે, કોઈ મોટાનો અવગુણ લે તેનું બહુ ભૂંડું થાય. ને પોતામાં તો અનેક અવગુણ હોય. તે એક સાધુ રોજ શાક વઘારે, ને એક દિવસ આત્માનંદ સ્વામી માંદા હતા, તેણે કહ્યું કે, 'શાક કરો.' ત્યારે ઓલ્યે સૌ આગળ હોહો કર્યું ! તે વાત મહારાજ પાસે ગઈ એટલે કહે, 'ઓહો ! એણે એના જીવનું બહું ભૂંડું કર્યું જે મોટા સાધુમાં અવગુણ પરઠ્યો !'' ને મુક્તાનંદ સ્વામી જમતા હતા, તે એક જણે એમ ચિંતવ્યું જે 'આવા મોટા સાધુ આમ કેમ જમે છે ?' પછી એ જે અન્ન દેખે તે કીડા થઈ જાય ! તે પંદર દિવસ લગી એમ થયું. પછી દાંતે તરણાં લઈને પગે લાગ્યો ત્યારે સમું થયું. તે માટે કોઈ સાધુનો અવગુણ ન લેવો. અરે ! કેટલાક તો 'ગોપાળાનંદ સ્વામીની વાત ખોટી' એમ કહેતા તે ગયા; તે પણ દીઠા. **॥૬૫॥**

કરોડો રૂપિયા હશે તે કાંઈ કામ નહિ આવે; તે જ્યાં હશે ત્યાં એમ થાશે ને એમ જાશે. ને **આગ્રામાં અઢાર કરોડ રૂપિયાનું કબ્રસ્તાન[૧] કર્યું છે, પણ એટલા રૂપિયાના ઘઉં લઈને ભગવાન ભજ્યા હોય ને કથા કરી હોય તો કેટલી થાય ?** ઘણા સાંતી[૨] તો સો વધારીએ પણ એણે શું થાય ? દુઃખ થાય. એ સાધુનો માર્ગ નહિ; ને કથાએ તો કેટલો સમાસ થાય ! જે ઓલી છાવણીમાં[૩] કેટલી નોખી રસોઈઓ નીકળી ગઈ ! નોખા આસન નીકળી ગયાં ! એમ પડઘા પડે, અને દ્રવ્ય તો ભેળું કર્યું કે આપ્યું તે રહેતું નથી; નસીબમાં હોય તો રહે. માટે નિષ્કામી થાવું, નિર્લોભી થાવું; નિસ્વાદી થાવું ત્યારે ભગવાન રાજી થાય. **॥૬૬॥**

આ સમાગમ મળ્યો છે તે કોઈક પૂર્વનો સંસ્કાર ભારે છે. તે સમાગમ કરવા સારું આવ્યા છો; ને જે નથી આવતા તેને ભારે પાપ છે. આનું ફળ તો આજ, કાલ, મહિને કે વર્ષે પણ મળશે. ને સમાસ ઘણો કરશે. ને કોઈ જાણતા હશે જે કરીએ છીએ, ને કેમ કાંઈ થાતું નથી ? પણ આ તો મેળવણ નાખીએ છઈએ, તે દહીં થઈને ઘી તો વલોવ્યા પછી નીકળશે. ને આ વાત તો બહુ દુર્લભ છે. ને આ સત્સંગ તો ઘણો થયો છે, ને પૃથ્વીના સર્વે માણસ કરશે, પણ આવા કહેનારા ક્યાંથી મળશે ? ને રૂપિયા તો ગાડે ગાડે આવશે; ને હવેલીઓ પણ થાશે; પણ આ નહિ મળે. ને હવે તો કોઈ વાતની કલ્પના રાખવી નહિ. ને આ જીવ સમજવા મંડ્યો તે દિવસથી આજ સુધી ખેડ કરી, વેપાર કર્યો, તોપણ રોટલા ને દાળ મળે છે, પણ રૂપિયાનો ઢગલો ભળાણો નહિ; માટે શા સારું ઝાઝું કરીએ ? અને કેદીક ઢગલો મળે તો શું થાય ? દુઃખ થાય. તે **માટે આપણને જે ભગવાન મળ્યા છે તે કરશે તે થાશે. ને દાળ, રોટલા**

---

૧. તાજમહેલ.

૨. ખેતર ખેડવાનું સાધન.

૩. જ્ઞાનસત્ર.

INDEX

ને વસ્ત્ર તો ગળામાં લીધાં છે તે દેશે. ને મોરે તો કટક, ધાડાં, મિયાણા ને માળિયાના હાટી એવા કૈક લૂંટી લેતા; ને ખાવા અન્ન મળતું નહિ; ને કાળ પડતા; ને કાં તો ટીડડાં[૧], ઉંદર ને રોગ એ પણ કૈક આવતાં. એવાં મહા દુઃખ આવતાં ને આવું સાનુકૂળ તો કોઈ દિવસ આવ્યું નહોતું એમ જણાય છે. માટે ભગવાન ભજ્યાનો લાગ તો આજ જ છે. અરે ! અમે બાવીશ વર્ષ વનમાં રહ્યા. તે ત્રણ દિવસે અન્ન મળે; ને ઝાડ તળે ટાઢ, તડકો વરસાદ ને હિમમાં પડ્યા રહેતા; ને ઓઘામાં[૨] રહેતા; એક ગોદડીભર રહેતા એવાં દુઃખ સહન કર્યાં છે. અને અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રિવિધ તાપનું રૂપ કહ્યું. અધ્યાત્મ તો એ જે આ દેહમાં રોગ આવે; અધિભૂત જે સર્પ, સાવજ આદિક પરથી દુઃખ થાય; ને અધિદૈવ જે ટીડ, ઉંદર આદિ દેવતા સંબંધી દુઃખ થાય તે એ ભગવાન ભજે તો મટે. ને ખરેખરું ભજે તો આમ આપણા સામું જોઈ રહે એવા ભગવાન દયાળુ છે. તે ઉપર વાત કરી જે શ્રીકૃષ્ણે તો કહ્યું છે જે, "છપ્પન કોટિ યાદવ, લક્ષ્મી આદિક પટરાણીઓ ને આ મારો દેહ, જેવો વહાલો નથી તેવા ઉદ્ધવજી પ્રિય છે." એમ દયા કરે છે. માટે એવું થાવું. **॥૬૭॥**

ગાડી સારુ જે આશા રાખે છે તેમાં શું છે ? તેણે ભજન તો થાતું નથી અને અકળાય છે જેમ "બાવરો[૩] બેસાડ્યો વળી વ્હાણેરે" એમ ન કરવું. એનું તો મોટા સાધુને પૂછવું જે, "મને આમ થાય છે તે મારા જીવનું સારું થાય તેમ કહો." 'હું બલહારિ એ વૈરાગ્યને' અહો ! હું કોણ ? એમ વિચારવું, એવો ઠરાવ કરવો તે ખરો કહેવાય. **॥૬૮॥**

વળી આ શરીર તો માટીનો ઢગલો છે તે સાજું હોય ત્યાં સુધી કીર્તન કે ભજન થાય. ને ॥ शनैः शनैः पंथाः ॥ જેમ રાજાના દીકરાને એક દિવસે ઝાઝું ખવરાવે તેમાં મોટો ન થાય; ને રોજ ભૂખ પ્રમાણે

૧. પાક ખાઈ જનાર ઘાસની જાતનું એક જંતુ. ટીડ.
૨. ખેડૂતે ખેતરમાં ગોઠવેલ સૂકા ઘાસના થપ્પામાં.
૩. બહાવરો, અર્ધઘેલો, વિહ્વળ.

INDEX

ખવરાવે તો વધે. એમ જ્ઞાન પણ ધીરે ધીરે સમાગમે થાય છે. ને જોગ વિના રસોઈ થાય નહિ, એમ જોગ વિના પ્રભુ ભજાય નહિ. ને જે વાતો સાંભળે તે વૃદ્ધિ પામે, નીકર તો ઝાઝું ખાય તો ઊંઘ ઝાઝી આવે. ને શું કાંઈ ખાઈ ખાઈને સૂઈ રહેવાને ભેળા થયા છીએ? તે આજ, કાલ, મહિને કે છ મહિને સાધુનો સમાગમ કર્યે છૂટકો છે. ॥૬૯॥

ગુજરાતમાં તળ સુધી ખોદીએ તોપણ તેમાં પાણો નહિ; ને આ દેશમાં પે'લે ઘાએ જ પાણો ! એમ આત્મનિષ્ઠાનો માર્ગ તે પાણા વિનાનો છે, ને બીજા માર્ગમાં તો પાણા છે. ને આપણે તો આત્મા મોઢેથી શીખીને કથનમાત્ર થયા છીએ; તે આ ઘડી જો ચીભડાનું, કેરીનું કે તૂંબડાનું ગાડું આવે તો આત્માપણું રહે નહિ ને તે ટાણે રહે એ ખરો. ને જ્ઞાન કરીને એમ થાવું. જે જડ, દુઃખરૂપ ને મિથ્યા એવો જે દેહ તે હું નહિ ને હું તો સચ્ચિદાનંદ છું, આત્માનંદ છું, ને અખંડાનંદ છું એમ બોલ્યા. ને કહે જે રજોગુણ,તમોગુણ ભેળું જાવું નહિ; નિર્ગુણ થાવું. એ ઉપર

परिनिष्ठितोऽपिनैर्गुण्ये उत्तमश्लोकलीलया ।
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥

એ શ્લોક બોલીને કહ્યું જે આગળથી તો એ વાતો કરે, ને જ્યારે આવો જોગ આવે ત્યારે આસન સારુ કે ખાધા સારુ બખેડો[1] થાય; તે ઠીક નહિ. ॥૭૦॥

ગૃહસ્થને તો આમ સમજવું જે કોઈ વાતની ચિંતા ન રાખવી; જે આમ થાય તો ઠીક, એમ ન કરવું. અને સહેજે જોઈએ તેટલું દ્રવ્ય પેદા કરવું; પણ ઝાઝું થાય તેમાં તો કાંઈ સુખ નહિ. તે ચાર જણ હતા, તે રોજ 'દ્રવ્ય થાઓ, દ્રવ્ય થાઓ' એમ રટણ કરે. ત્યારે આકાશવાણી થઈ જે ભાઈ, 'દ્રવ્ય તો ઘણું મળશે પણ દુઃખ થાશે.' ત્યારે કહે કે, 'બ્રહ્માંડમાં જેટલું દુઃખ હોય એટલું અમને થાઓ, પણ દ્રવ્ય મળો.' ત્યારે કહે 'ઠીક.'

---

૧. ઝઘડો.

INDEX

પછી ચાર મણ સોનું રસ્તામાંથી મળ્યું, તેમાં બબ્બે જણ સંપ્યા જે, ''ઓલ્યા બેને મારી નાખીએ, તો બબ્બે મણ આવે.'' પછી ઓલ્યા બેને ગામમાં મોકલ્યા ને કહે. ''જે તમે લાડવા કરીને લાવો તો એ જમીએ.'' પછી એમ ધાર્યું જે ''એ બન્ને આવે ત્યારે પાણી ભરવા વાવમાં મોકલીને પાણા નાખીને મારી નાખશું.'' અને જે લાડવા લેવા ગયા, તે બે જણ સંપ્યા જે, ''ઓલ્યા બેને ઝેરના લાડવા ખવરાવીને મારી નાખીએ તો આપણે બબ્બે મણ સોનું રહે.'' પછી ઝેરના લાડવા ઘીમાં ચૂચવતા[૧] કરાવ્યા ને પોતા સારુ સાધારણ કરાવ્યા. તે લઈને ગયા, એટલે ઓલ્યા કહે, ''વાવમાંથી પાણી ભરી આવો પછી જમીએ.'' ત્યારે તે બે જણા વાવમાં પાણી ભરવા ગયા. તેને પાણા નાખીને મારી નાખ્યા. પછી ઓલ્યા બે જણ ખાવા બેઠા; લાડવા તપાસે ત્યાં તો બે જાતના દીઠા ! તે કહે,''જો ! પોતા સારુ સારા કર્યા છે ! હવે તે આપણે ખાઈએ.'' પછી ખાધા એટલે તે પણ ખાઈને મરી ગયા ને સોનું પડ્યું રહ્યું. જુઓને સુખ ! આ એમ થાય છે; માટે એ વસ્તુ જ ભૂંડી છે; તે જ્યાં જાય ત્યાં ભૂંડું કરે.**॥૭૧॥**

અમદાવાદમાં એક એંશી વર્ષના વાણિયાને છોકરો થયો તે ગાંડો થઈ ગયો ! એમ કેટલાકને થઈ જાય છે. માટે ભગવાન ભજવા તેમાં સો સો વિચાર કરવો જોઈએ. ને વેપાર કરે તેમાં ખોટ પણ જાય, વૃદ્ધિ પણ થાય, વિવાહ પણ થાય, ને કાયટું[૨] પણ થાય; તે બધું વિચાર્યું જોઈએ. ને જે થાય તેનો હર્ષ પણ ન કરવો ને શોક પણ ન કરવો. ને શોક કરે તો જ્ઞાન સ્રવી જાય ને સત્સંગમાંથી પાછું પડી જવાય; બુદ્ધિમાં જડતા આવી જાય ને તમો ગુણ વૃદ્ધિ પામી જાય. ક્લેશે કરીને તો ગોળાનું પાણી સુકાઈ જાય છે. તે માટે જે જે ધંધો કરો તેમાં એમ કહેવું જે, આપણે આંહી રહેવું નથી; એટલે એ નાશ થઈ જાય. અરે ! દ્રવ્ય સારુ તો ઓલ્યો શ્લોક છે :

---

૧. ઘીમાં લચપચતા. પ્ર. ૨।૧૨ ની ટીપ્પણીમાં અર્થ આપ્યો છે.

૨. એકદશાદિક શ્રાદ્ધ.

भूमिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छतु,
शीलं शैलतटात्पतत्वभिजन संदह्यतां वह्निना ।
शोर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलं,
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे[૧] ॥

પૃથ્વી રસાતળ જાઓ પણ દ્રવ્ય મળો; એમ ન કરવું. ॥૭૨॥

બજારમાં ને પડોશમાં વિષયના ઢોલ વાગે છે તે સાચવવું; નીકર નાક કપાઈ જાશે. ઓલ્યા કેશોદવાળાને સાઠ હજાર દંડ ભરવો પડ્યો ! તેની સાઠ બાયડી થઈ ! તે કરી હોત, તો ધર્મ ન લોપાત. માટે ધર્મ લોપ્યે આમ થાય છે માટે ધર્મ રાખીને પ્રભુ ભજવા. અને મોટો અન્નકૂટ કર્યો, ત્યારે ભક્તિમાતાએ પ્રત્યક્ષ દર્શન આપ્યાં; ત્યારે બાઈઓ કહે "મહારાજ ! આ ભક્તિમાતા આવ્યાં છે." ત્યારે કહે "રાખો, ને જાઓ, કહો જે રહેશો ?" પછી એમ કહ્યું, એટલે કહે, 'હું તો પતિવ્રતા છું, તે જો ધર્મ રાખો તો હું રહું." પછી મહારાજ કે જો "ધર્મ રાખશો તો ભક્તિ રહેશે." માટે આપણે પણ સૌ ત્યાગી, ગૃહસ્થ જો ધર્મ રાખશું તો ભક્તિ રહેશે, એમ સિદ્ધાંત છે.॥૭૩॥

એકલિયાની[૨] પણ કાળાખરિયું[૩] ચાલી આવી છે ! તે સારું ભલે વ્યવહાર થોડો થાય પણ એકલિયા ઝાઝા કરવા નહિ. ને આ અમારે તો એક છે તો પણ થરથર બીએ છીએ; જે કાંઈ કફાદ[૪] ઊઠશે. અને ॥ **अर्थी दोषो न पश्यति** ॥ એમ છે. બબ્બે ત્રણ વર્ષ સુધી ફરવા કાઢે છે તેમાં પણ તેનાં અંતર ફરી જાય છે, તેની ફીકર રાખવી. ને વારંવાર ભેળા

૧. **અર્થ**:ભૂમિ રસાતાલમાં જાઓ, ગુણનો સમૂહ તેથી પણ નીચે જાઓ, શીલ પર્વત પરથી પડો, કુલીનપણું અગ્નિ વડે બળી જાઓ અને વૈરી શૂરતા ઉપર તત્કાળ વજ્ર પડો; પણ અમારે તો પૈસો જ પ્રાપ્ત થાઓ; કેમકે પૈસા વગરના સર્વ સુખો ઘાસના ટૂકડા જેવા છે.

૨. જોડ વગર ફરવાની છૂટવાળા ત્યાગીની.

૩. મરણના સમાચાર

૪. મૂળ શબ્દ કફાત. કજિયો, ટંટો.

કરીને વાતો કરીએ ત્યારે ઠીક રહે છે; તે પણ જાણ્યું જોઈએ. ગૃહસ્થને બાયડી, છોકરો, રૂપિયા ને ખાવું એ બંધનકારી; ને ત્યાગીને દેહ, ઈન્દ્રિયો, ચેલો ને ખાવું એ બંધનકારી; માટે એમાં લેવાવું નહિ. ॥૭૪॥

વારંવાર અંતરદૃષ્ટિ કરવી જે, "આ તે હું શું કરવા આવ્યો ને શું થાય છે?" ને દેહ ઉન્મત્ત છે, ઈન્દ્રિયો ઉન્મત્ત છે તે સારુ પ્રથમ ભક્તિ કરવી; કેમ જે મહારાજ ભક્તિવાળા ઉપર બહુ રાજી થાતા ને થાળ આપતા. અને ભક્તિએ કરીને, વ્રત ઉપવાસે કરીને, તપ કરીને **નિર્દય થકા ઇન્દ્રિયોને ને દેહને દંડ દેવો; ત્યારે ભગવાન ભજવા દે છે; ને ભગવાન રાજી થાય છે.** ને પ્રકૃતિપુરુષ સુધી પંચવિષયરૂપી હોળી લાગી છે તે ફૂટે છે. મહારાજ કહે, "પંચવિષયરૂપી પાતાળ ફાટયાં છે, તે પાણીએ ભરવા માંડે પણ ભરાય નહિ." **'વેરી ઘર માંહિ તેરે જાનત સ્નેહી મેરે'** માટે ધૂળ જેવાં માયિક પંચવિષય તેનો ત્યાગ કરી દેવો, ને આને આ દેહે ખોટા કરી નાખવા; ને મળવત્ કરીને સર્વને નાશવંત ને તુચ્છ જાણવા. એવી રીતે દેહ, લોક, ભોગ, દેવતાના લોક એ સર્વનો નિષેધ કરવો; તેણે કરીને વૈરાગ્યને પમાય છે. ને તેને પામીને અંતરદૃષ્ટિ કરવી. આ લોકમાં શો માલ છે ? ને આ વાડી લીધી છે તે શું પાણા ને કાંટા છે ! અમને તો કાંઈ માલ જણાણો નહિ; પણ આ બજારના કાંટા[1] કરતાં એ સારા છે અને શહેર સેવવે કરીને પણ બહુ જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ને શહેર કરતાં ગામડું સારું, કેમ જે ગામડામાં એક વાર હોળી, ને શહેરમાં બારે માસ હોળી ને બારેમાસ દીવાળી ને ગામડામાં વિવાહ હોય ત્યારે વિવાહ ને શહેરમાં બારે માસ વિવાહ; પણ એમાં કાંઈ માલ નથી. ॥૭૫॥

વળી ભગવાન ભજવામાં સુખ છે ને જે જે થાય છે તે સંસ્કારે થાય છે. તે શિવલાલને પહોર દોઢ પહોર ધ્યાનમાં બેસાય; ને અભેસંગને બે પહોરનું ધ્યાન. તે ચાય તે કામ આવે, પણ બેસે; એવો નિયમ. ત્યારે એ

૧. શબ્દ, રૂપ આદિ વિષયોનાં આકર્ષણો.

બધું સંસ્કાર ને કોઈક મોટા સાધુની દૃષ્ટિ. એમ મર્મમાં પોતાનું સામર્થ્ય કહ્યું. ॥૭૬॥

વળી ગોપાળાનંદ સ્વામીની વાતમાં એમ છે જે, "મુમુક્ષુ વિના સાધુ ન ઓળખાય." ! તે અમદાવાદના એક સાધુ આગળ કહ્યું ને પછી બોલ્યા, "જે, "સંસ્કાર વિના કાંઈ થાય નહીં." તે જુઓને આપણે પણ સંસ્કારે ભેળા થયા છીએ. ને મેં એક કણબી વાડીમાં હતો તેને કહ્યું જે, "પટેલ ભગવાન ભજશો ?" ત્યારે કહે 'હા.' ત્યારે કહ્યું જે, "ચાલોને આંહી નદીએ અમારા મોટા સાધુ કૃપાનંદ સ્વામી આવ્યા છે." પછી ત્યાં જઈને વર્તમાન ધરાવ્યા, તે સાધુ થઈને મણિ જેવા થયા.[૧] તે એમ સંસ્કારે વાત થાય છે. એમ કહીને કીર્તન 'સંત સમાગમ કીજે' એ બોલાવ્યાં. ॥૭૭॥

વળી સત્સંગીજીવનના સાર માટે મહારાજે શ્રીવાસુદેવવિમલામૃત ધામવાસં ॥ એ સ્તોત્ર કાઢ્યું છે. ને તેનો સાર છેલ્લો શ્લોક છે.

धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्ति
दिव्याकारे विधेया सितधनमहसि ब्रह्मणैक्यं निजस्य ।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं सम्परित्यज्य सन्तस्
तन्माहात्म्याय सेव्या इति वदति निजान्धार्मिको नीलकण्ठ ॥

તે પ્રમાણે રહે તો બહુ સારો થાય, ને આશરો દૃઢ રાખવો; વ્યભિચારિણી ભક્તિ કરવી નહિ; ને નિષ્કામ ભક્ત થાવું. ઉત્તમ

૧. **મણિ જેવા થયા** :- કૃપાનંદ સ્વામી ગામડે ફરતા હતા. એક વાડીમાં ખેડૂત ખેતી કરતા હતા ત્યાં સંતો ગયા. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, "પટેલ ! ભગવાન ભજશો ?" તો કહે, "હા" પછી નજીકમાં નદીએ કૃપાનંદ સ્વામી હતા ત્યાં લઈ ગયા અને તેમની પાસે વર્તમાન ધરાવ્યા. પછી પટેલ વાડીમાં કામ કરવા લાગ્યા. પણ વિચાર આવ્યો કે, ભગવાન ભજવા ને વાડી કરવી, આ બે સાથે કેમ થાય ? એમ વિચારીને બળદને ઘેર હાંકી મૂક્યા અને દોડતાં દોડતાં સંતો પાસે આવ્યા ને કહ્યું: "મને તમારી સાથે ભગવાન ભજવા રાખો". એમ મોટાનો પ્રતાપ પણ મોટો હોય છે.

INDEX

પતિવ્રતાના લક્ષણ તો કેને કહીએ ? જે કોઈ દેવ, દેવી કે ઈશ્વરાદિકનો લગારે ભાર પડે નહિ એવા ભક્ત મહારાજ કહે, ''અમને બહુ ગમે છે.''**॥૭૮॥**

વળી આ દેહે ભગવાનને ભજી લેવા. ને દેહ તો હમણાં પડશે, માટે આ તો વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું છે. તેમ થોડાકમાં કામ કાઢી લેવું ને કોઈ વાતનો મમત[૧] કે પક્ષપાત ન રાખવો; કાં જે એમાં બહુ ભૂંડું થાય છે. **॥૭૯॥**

વળી દેશ કાંઈ કોઈના બાપના નથી; એ તો ॥ **મહાજનો યેન ગત સ પંથા**[૨] ॥ જે એણે લેખ કરી આપ્યા છે તેમાં જોઈને તે પ્રમાણે વર્તવું ને તેથી અધિક સારુ કરીને અરજીઓ પડે, તો વધુ વધે ને લાજ જાય ને ત્રીજાનું ફાવે. માટે ધર્મવેરો, નામવેરો લાવીને ભજન કરવું; પણ હજારો રૂપિયા ખરાબ ન મેળવવા. **તે કવલી**[૩]**ને દોહીને કૂતરીને પાવું** એમાં શું માલ છે ? ને એમ કરતાં જો રહેવાય નહિ તો પંચાતિયા[૪] કરવા; તે લેખ જોઈને તે પ્રમાણે કરે. ત્યારે કોઈકે પૂછ્યું જે, ''વધુઘટું કરે તો'' ? ત્યારે સ્વામી કહે, ''તેને પાપ લાગે.'' તે જો આની કોર વધુ કરે તોપણ પાપ લાગે, ને ઓલી કોર વધુ કરે તોય પણ પાપ લાગે. તે કર્મવિપાક ગ્રંથમાં કહ્યું છે જે, **'પંચ જો અવળી પંચાત કરે, તો તેને ક્ષય રોગ થાય.'** માટે એમ વિચારવું જે, કોઈક ગામ આમ રહ્યું કે આમ ગયું તો શું ? ઝાઝા રૂપિયા હશે એ ક્યાં રહે એવા છે ? તે કોઈ ક્યાંય ને કોઈ ક્યાંય એ તો જનારા જ, એ તો ચપળ માયા તે રહેજ નહિ. તે ઝાઝા ભેળા કર્યે સુખ રહે નહિ. અને આ લોક કજીયારૂપ છે, તે થયા વગર રહે કેમ ? તે કોઈકને ઘરમાં બાપ-દીકરાને, મા-દીકરાને, સ્ત્રી-પુરુષને; તેમ આપણે પણ વ્યવહાર છે

---

૧. મમત્વ.

૨. **તર્કોઽપ્રતિષ્ઠઃ શ્રુતયો વિભિન્ના નૈકો ઋષિર્યસ્ય મતં પ્રમાણમ્ । ધર્મસ્ય તત્વં નિહિતં ગૃહાયાં મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ॥** મોટા પુરૂષો જે રસ્તે ચાલ્યા હોય તે રસ્તે ચાલવું.

૩. ગાય

૪. તકરારનો નીવડો લાવવા નીમેલા પંચના માણસો.

તે થાય. ને વ્યવહારવાળાને પણ જાણવું જે સ્ત્રી સાથે વિવાદ ન કરવો, નીકર ઝેર દેશે. તેમ રાજા સંગાથે કે બીજા કોઈ સાથે પણ ન કરવો. તે શિક્ષાપત્રીમાં ॥ न विवाद स्त्रिया कार्यः ॥ (૩૪) એ લખ્યું છે. માટે તે પણ જાણ્યું જોઈએ, નીકર પછી દુઃખ આવે, માટે તેમ ન કરવું. એ આદિક ઘણી વાતો ઓલીકોરના સાધુ આગળ કરી.[૧] **॥૮૦॥**

વળી, સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ[૨] તે પણ જાણવું. તે નિયમ ધર્યા તે દિવસથી સંચિત જે પૂર્વે કર્યાં પાપ તે બળી જાય; ને ક્રિયમાણ કરવું[૩]

---

૧. કોઈએ પણ સ્વધર્મ તજવો નહિ. શ્વેત અને ગાઢ પ્રકાશમાં દિવ્ય સાકારરૂપે રહેલા ભગવાનની ભક્તિ કરવી; પોતાને બ્રહ્મરૂપ માની ભગવાન સિવાયની વસ્તુમાત્રમાં જરા પણ પ્રીતિ ન રાખવી; અને ભગવાનનો મહિમા જાણવા માટે સત્પુરુષો સેવવા. એ પ્રમાણે શ્રીજી મહારાજ પોતાના ભક્તોને ઉપદેશ કરે છે.

૨. **પ્રારબ્ધ, ક્રિયમાણ અને સંચિત;**
આ ત્રણ કર્મના પ્રકાર છે. ચોરાશી લાખ યોનિઓમાં ભ્રમણ કરતા જીવે જે અનેકવિધ કર્મો કર્યા છે તે શુભાશુભ કર્મસમૂહને "સંચિત કર્મ" કહે છે. આ સંચિત કર્મોમાં જીવ સાથે એકરસ થઈને વળગી રહે છે.
વર્તમાનમાં જે જે કર્મ થઈ રહ્યા છે તેને ક્રિયમાણ કર્મ કહે છે.
અને સંચિત કર્મમાંથી જેટલા કર્મફળને ભોગવવા માટે આ દેહ બંધાયો હોય તેને પ્રારબ્ધ કહેવાય છે. જેટલું પ્રારબ્ધ બંધાયું હોય એટલા શુભાશુભ કર્મ સંચિતમાંથી ઓછા થાય છે અને આ દેહને અંતે જે કંઈ ક્રિયમાણ થયા હોય તે તમામ સંચિતમાં મળે છે.
પરંતુ, જે શ્રીહરિનો શરણાગત થાય છે તેના સંચિત કર્મ નાશ પામે છે. ભગવદર્પણભાવે નિષ્કામભાવે અને મૂર્તિ ધારીને ક્રિયા કરે એટલે ક્રિયમાણ કર્મ પણ લાગતા નથી. છતાં દેહ પ્રારબ્ધકર્મનો જ બંધાયેલો હોવાથી નાનું-મોટું સુખ-દુઃખ આવે તેથી મૂંઝાઈ જવું નહિ. છતે દેહે મુક્ત જેવી સ્થિતિ પામે તોપણ તેને પ્રારબ્ધ ભોગવવું પડે છે. છતાં ભગવાન તેના પ્રારબ્ધનું નિયંત્રણ કરવા સમર્થ છે. એટલે એની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ કહેવાય.
(શિક્ષાપત્રી શ્લોક ૩૪)

૨. વર્તમાન ધરાવ્યા પછી નિયમ લોપવા નહીં; બાકી નિત્ય, નૈમિત્તિક કર્મ તો કરવાનું કહે છે.

નહિ; ને પ્રારબ્ધ ભોગવવુ પડે, તેમાં મૂંઝાવું નહિં. ને જો તે પ્રારબ્ધ ન ભોગવાવે તો દેહ છૂટી જાય; કેમજે પ્રારબ્ધે કરીને તો દેહ બંધાણો છે, માટે ભોગવવા. તે શૂળીનું કષ્ટ કાંટે ઉગારે. પછી સાધુ સર્વે તથા હરિભક્ત સર્વેએ કહ્યું જે, "ઓહો ! બહુ વાતો થાય છે ! આ પ્રમાણે રહે તો કાંઈ દુઃખ જ આવે નહિ;" પછી સ્વામી કહે જે 'હું એકેય ધારતો નથી, આફૂરી (સહેજે) માંહેથી કહેવાય છે." ત્યારે સાધુ કહે "ભગવાન પ્રવેશ કરીને બોલાવે છે." તો કહે 'હા એમ જ.' તે જુઓને એમ જ થાય છે. તેમાંથી મોટા હરિજનો ને મોટા સાધુનો, આચાર્યનો ને મહારાજનો પણ અવગુણ આવે; પછી તેમાંથી મોડો વહેલો મરવા ટાણા સુધી પણ વિમુખ થઈ જાય; માટે એ ન જ કરવું." **॥૮૧॥**

વળી આત્મનિષ્ઠ થાવું તે કાંઈ જોઈએ જ નહિ. એ માર્ગમાં દુઃખ ન મળે. તે ઉપર ગુજરાતનાં પાણાનું કહ્યું. માટે એ માર્ગ જ નિર્વિઘ્ન છે; તે પાર પડે છે. **॥૮૨॥**

આપણને ભગવાન ભજવામાં વિઘ્ન કરનારની વિક્તિ જે એક તો લોક, બીજાં સગાં, બાયડી, છોકરાં, માબાપ, રૂપિયા ને દેહ એ સર્વે છે. તે જો બળિયો મુમુક્ષુ હોય તો ન ગણે; પણ આ અંતઃકરણ ઈન્દ્રિયોરૂપી જે માયા છે તે બહુ કઠણ છે; તે અનંત ભાતે કરીને ફેર પડાવી નાખે.માટે તેને ન માનીને તેનો નિષેધ કરીને આત્મનિષ્ઠ થાય, ત્યારે સુખે ભજન કરવા દે છે. નીકરતો વાસના રહી જાય; તે સો વર્ષે કે હજાર વર્ષે બાયડી જોઈએ. તે ઉપર સૌભરિ આદિકનાં દૃષ્ટાંત દીધાં. તે વાસના હોય તો ભગવાન તેડી તો જાય; પણ ઈલાવ્રત[1] ખંડમાં મૂકે છે. તે ઉપર લેવાનું દૃષ્ટાંત કહ્યું જે, મહારાજ તેડવા આવ્યા ત્યારે કહ્યું જે, "હમણાં તો મેં કરકું (સ્ત્રી) કર્યું છે, તે નહિ આવું." એમ થાય છે. માટે એ વાત જ એવી

---

૧. પૃથ્વીથી ભિન્ન ખંડ, જ્યાં માત્ર વાયુ ભક્ષણનું વ્રત હોય છે.

છે, તેનો કોઈ પ્રકારે વિશ્વાસ કરવો નહિ. કેમ જે **મસાણના લાડવામાં**[1] **એલચીની વાસ** હોય જ નહિ; એ તો સ્થાનક જ એવાં છે.

રહો તો રાજા રસોઈ કરું, જમતા જાઓ જોગીરાજજી,
ખીર રે નિપજાવું ક્ષણ એકમાં, તે તો ભિક્ષાને કાજજી. જંગલ૦

એણે એમ વિચાર્યું. જે ''ખીર ખવરાવું તે હજાર બાયડી હૈયામાં ભરાઈ જાય.'' એનો એવો ઠરાવ ને ઓલ્યાનો એમ જે **'આહાર કારણે ઊભો રહે, કરી એકની આશજી; તે જોગી નહિ, ભોગી જાણવો, અંતે થાશે વિનાશજી-જંગલ૦'** માટે એનું કોઈ વાતે ન માનવું. એ વાતનો કતોહળ[2] પ્રકૃતિપુરુષ સુધી છે. ને બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપ એ બેમાં નહિ. ને બાકી વૈકુંઠ લોકમાં કામક્રોધ છે એમ કહેવાય; ને ન પણ કહેવાય. ક્રોધે રાધિકાજી પડી ગયાં ને આપણા અંતર સામું જુઓ, તો પંચવિષયના જ સંકલ્પ હશે. તે તો જ્યારે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, ને સ્વરૂપાનંદ સ્વામી, એ ચાર સાધુ ભેળા રાત્રિ-પ્રલય સુધી રહીએ, ત્યારે સત્સંગી થવાય. ॥૮૩॥

વળી જ્ઞાનના શબ્દ પાડવા; કેમજે શબ્દે કરીને તો દેહ બંધાય છે. તે કાટવી ! એમ કહે, ત્યાં ઓલ્યું બકરું બોલે એમ થાય; ને ગાયનો વાઘ કરી દે એવાં માણસો હોય. તે ઉપર વાત કરી જે, ચાર ચોરે શણગારેલી ગાય દીઠી, તે લઈ લેવા ધાર્યું. પછી એ બ્રાહ્મણને કહે, ''તુંને તો એણે બાપ મર્યા કેડે વાઘ દીધો ! ત્યારે તે બ્રાહ્મણ કહે : 'આ તો ગાય છે ને શું ?' પછી આઘે જતાં વળી બીજાએ કહ્યું 'અરે ! આ વાઘ લઈને ક્યાં જાય છે ?' ત્યારે તેને ભ્રાંતિ પડી ! પછી ત્યાંથી આઘે જતાં ત્રીજાએ પણ એમ કહ્યું ત્યારે તો ઘણી જ ભ્રાંતિ પડી ! ને છેટે છેટે ચાલવા લાગ્યો. પછી આઘે જતાં ચોથે જણે કહ્યું. ત્યારે કહે : 'હા ભાઈ ! સૌ કહે છે તે

૧. મૃત્યુ પામેલા વ્યક્તિની નનામીની પાછળ એક ડાઘું ટોપલો લઈને ચાલે છે ને કુતરાને લાડુ ખવરાવતો હોય છે. તે લાડુ કુતરા માટે હોવાથી તેમાં એલચીની સુગંધ હોતી નથી.

૨. કુતૂહલના આકર્ષણ.

INDEX

એ વાઘ જ હશે.' પછી મૂકી દીધી ! એમ આપણામાં કેંક કહેશે જે, તમારું આમ વાકું બોલે છે; તે જ્યાં મહિનો એમ કહે, ત્યાં ખરું મનાઈ જાય. માટે શબ્દ તો આકાશનો ભાગ છે તે આકાશમાં લીન થઈ જાય છે; એમ સમજવું ને આત્મનિષ્ઠ થાવું પછી તેને લાગે જ નહિ. એમ ડાહ્યા માણસને વિવેક જોઈએ ને આપણને કોઈક સનકાદિક જેવા કહે, તો શું તેવા થઈ ગયા ? ને કોઈક લંબકર્ણ[1] જેવા કહે, તો શું તેવા થઈ ગયા ? એમાં શું એ તો જીવનો સ્વભાવ તે ગમે તેમ કહે. જો એમ જ મનાશે, તો યોગીના લિંગનો ભંગ કેમ[2] કહેવાશે ? માટે આ ત્રણ દેહથી નોખું વર્તવું ને જીવમાં ભજન કરવું તેથી કારણ દેહ બળે છે. ને આ તો કારખાના પણ ઊભાં છે; વ્યવહાર, બીજાં, ત્રીજા, બધાં ઊભા છે; તે ગૌણપણે રાખવાં ને મુખ્યપણે તો જ્ઞાન રાખવું. ॥૮૪॥

અને ભગવાન રાખવામાં બે દુઃખ છે જે ખાવા ન મળે ને માર પડે ! તે તો અમારી વારીમાં હતું; ને હવે તો અવિદ્યા હતી તે તો નાશ થઈ ગઈ છે. ને મારતા તે પગે લાગે છે; ને કેટલાક કુળે સહિત નાશ થઈ ગયા ! હવે તો ક્યાંય જાયગા નથી; **એટલે સત્સંગમાં અવિદ્યા આવી છે. તે માંહોમાંહી વેર કરે છે.** ને મળે તે પણ ગરાશિયાની પેઠે મળે છે; ને કોઠારી તથા ભંડારી એ બે સાથે વેર તે કાંઈ સાધુનો માર્ગ નહી; સાધુનો માર્ગતો ॥ **ક્ષમાશીલાધીરજશાલી, બોધને નિપુણાઃ** ॥ એ સર્વે છે; નો **આકૃતિ ચિતિ ચાપલ્ય રહિત નિષ્પરિગ્રહાઃ**[3] ॥ એ છે; માટે મોક્ષને માર્ગે ચાલ્યા છીએ તે ॥ **શ્રેયાંસિ બહુવિઘ્નાની** ॥ તે સો સો વાતો સાચવીને ભગવાન ભજવા.

---

૧. લાંબા કાન જેને છે તે ગધેડો.

૨. વાસના લિંગ જો કે કારણ દેહનો નાશ.

૩. શ્રીહરિ ભક્તિમાતાને કહે છે, 'હે માતે ! જે કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોની ચંચળતા રહિત હોય, આત્મશ્રેય વિરોધી સંગ્રહને ન કરતા હોય, આત્મજ્ઞાન આપવામાં નિપુણ હોય, આત્મનિષ્ઠ અને સર્વ પર કરુણા કરનારા હોય, એવા સંતનો સમાગમ મુમુક્ષુએ કરવો. સ.જી. ૧।૩૨।૨૮.

शिरापुरी खाय बने रहे पट्ठिये,[1]
आवत मांहोमांही के लट्ठा[2] **लट्ठीए,**
પણ એમ ન કરવું. ॥૮૫॥

અને વળી મોટા સાધુનો સિદ્ધાંત એ છે; જે **ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત એક રે'ણીએ મરવું;** પણ—

क्षणे स्रष्टा क्षणे तुष्टा, स्रष्टा तुष्टा क्षणे क्षणे[3]

એમ ન કરવું. જુઓ પૂરું કોઈનું થયું છે ? સૌને ચેલા બરોબર નથી થયા; લૂગડાં બરોબર નથી થયા; ધાબળી, ખાવું, હવેલી, ગાડી, ઘોડું એ કોઈને પૂરાં નથી થયાં. ને ત્રિલોકમાં કોઈને સવારના પહોરમાં ભગવાન ભજવા કે કથા કરવી એમ ન મળે; ને બીજું સર્વ કરે પણ કથા ન કરે. ને રૂપિયા, હવેલી, વિવાહ, ખાવું, મજૂરી એમાં સવારમાંથી મંડે છે. અને આ તો અમે જેમ ફિરંગી કવાયત કરે છે તેમ કરીએ છીએ; ને કેટલાક કામ મરડીને આ કરીએ છીએ. નીકર થાય તેવું ક્યાં છે ? જે ઘડીએ થઈ રહે છે તે ઘડીએ માણસ મંડી પડે છે; આ તો વૃત્તિને રોકીને કરીએ છીએ. કરવાનું તો એ જ છે, ને એ કર્યે જીવ વૃદ્ધિ પામતો જાય છે. ॥૮૬॥

અને નિર્મળ અંતઃકરણે કરીને એમ જોવું : જે જે વાત થાય છે તે તે આ સાધુથી જ થાય છે. તે આ સત્સંગ ઓળખાણોને ભગવાન તથા સાધુ ઓળખાણા એ જ મોક્ષનું દ્વાર કહ્યું છે :—

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

એ શ્લોક બોલીને કહ્યું જે, દ્વાર વિના ભીંતમાં માથું ભેરવો જોઈએ ! જવાય નહિ. માટે તેવા સાધુ સાથે જીવ જોડવો. ને યોગ વિના

---

૧. પટ્ઠો, પહેલવાન, તગડો.

૨. મારામારી કે લડાઈ.

૩. **અર્થ** : જેનું ચિત્ત અવ્યસ્થિત છે તે કૃપા કરે તોપણ તે દુઃખદાયી અને ભયંકર હોય છે. કારણ કે તે પોતે જ ક્ષણે ક્ષણે રોષ અને અસંતોષનો અનુભવ કરતો હોય છે.

ભેળા ન થવાય ને યોગવાળો ભગવાન અખંડ ધારે; પણ જો આવો યોગ હોય તો ઠીક, ને તે ન હોય ત્યારે સાંખ્યનું કામ પડે છેઃ ને પ્રકૃતિ સુધી તેના રૂપને જાણી મૂકે ત્યારે નિર્વિઘ્ન રહેવાય. તે ઉપર યોગ ને સાંખ્યનું (મધ્યનું ૨૪મું) વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે તે સારુ એ શીખી રાખવું. ત્યારે કોઈકે પૂછ્યું જે, "એવા શબ્દ પડે છે પણ રહેતું કેમ નથી ?" એટલે સ્વામી કહે, "અનંત કાળ થયા ગોટા ને ગોટા વાળ્યા છે, ને હમણાં પણ ઘણુંખરું એ જ થાય છે. ને આ તો પા આનો કોઈકે કર્યું છે, તે ધીરે ધીરે બહુ શબ્દે થાશે. ॥ **सर्वत्र जंतोर्व्यसनावगत्या** ॥ સર્વ જોવું જે, કેટલાકને દાણા નથી મળતા; **ને ભગંદર[૧], જળોદર[૨], કઠોદર[૩] એવા** અનંત રોગ થાય છે; ને **વણથળીના બળદનું, મારવાડાના ઊંટનું ને પિશોરીના[૪] ગધેડાનું** એ સર્વેના દુઃખ જોવા. ને ઢોરને ઉનાળામાં ચાર મહિના ચાંદ્રાયણ[૫] થાય છે, એવાં એવાં જન્મ, મરણ, ગર્ભવાસ, ચોરાશી, જમપુરી એવા હજારો દુઃખ છે તે –

॥ जन्म मृत्यु जरा व्याधि दुःखदोषानुदर्शनम् ॥

એમ જોઈને વિચારવું; જે હમણાં સારો દેહ છે, માટે થોડાકમાં કામ કાઢી લેવું. **॥૮૭॥**

---

૧. એક રોગનું નામ.

૨. પેટમાં પાણી ભરાવાનો રોગ.

૩. જળોદરનો રોગ.

૪. પેશાવર.

૫. **ચાંદ્રાયણ** : સત્સંગિજીવન પંચમ પ્રકરણના ૪૭માં અધ્યાયમાં ચાંદ્રાયણનો વિધિ કહ્યો છે. ચાંદ્રાયણના ઘણા પ્રકારો છે. તેમાં ૩૦ દિવસ સુધી સવાર-સાંજ ચાર-ચાર કોળિયા લેવાય તેને શિશુ ચાંદ્રાયણ કહેવાય છે. રોજ ફક્ત ત્રણ ત્રણ કોળિયા લેવાય તેને ઋષિ ચાંદ્રાયણ કહેવાય છે. રોજ એક જ સમય બપોરે ૮ કોળિયા લેવાય તેને યતિ ચાંદ્રાયણ કહેવાય છે. બીજા યવ-પિપિલિકા વિગેરે ઘણા પ્રકારો છે તે સત્સંગિજીવનમાંથી જાણવા.

અને સાંખ્યવાળા રામદાસજી તે પોતે સુખિયા રહેતા ને આગલ્યાને વાતે કરીને સુખિયા રાખતા. ને બીજા તો જેમ લોક માંહોમાંહી વઢે એમ આંહી માંહોમાંહી કજિયા કરે છે. તે પોતે લઘુશંકા[1] જેવા પણ ન હોય; જેમ કૂતરાને હડકારી કાઢી મૂકીએ એવા હોય; પણ એમ કરે. તે માટે એમ ન કરવું; નીકર ભૂંડું થઈ જશે. ॥૮૮॥

વળી કથામાં સભા ટાણે કેટલાક રહેતા નથી; ને બબ્બે આસન રાખે છે તે શું જાણતા હશે ? આવા કહેનારા નહિ મળે. તે ગોપાળાનંદ સ્વામી હતા ત્યારે પણ એની મંડળીના સાધુ પણ કોઈ ન રહેતા; ને બીજા બેઠા હોય. એમ છે ! તે જ્યાં સુધી ત્રણ પેઢી હોય ત્યાં સુધી ખરેખરુ રહે; તે થઈ રહ્યું. હવે ત્રણ થઈ ત્યાં તો માણસ મંડી પડ્યું છે ! પણ સાધુતા રાખવી; એમ ન કરવું. ને મોટા સાધુ છે ત્યાં સુધી ઠીક છે; ને પછી તો ગૃહસ્થને બાયડી, છોકરા, રૂપિયા, ને ખાવું; ને ત્યાગીને દેહ, ચેલો ને ખાવું એ ત્રણ; ને બેનો તો જોગ જ નથી એમાં શું ?

તુલસી સો નર ચતુર હે, રામચરન લેલીન;
પરધન પરમન હરનકું, વેશ્યા બોત પ્રવીન.

સુખતો ભગવાનની મૂર્તિ, આજ્ઞા ને એકાંતિક સાધુમાં છે.

સંસારમાં સરસો રહે, ને મન મારે પાસ;
સંસાર જેને લોપ નહિ, તે જાણ હરિનો દાસ.

એ ખોટું છે. એ તો ''અનેકચિત વિભ્રાંત'' એમ થયું. બે ઘોડે એક જણથી ન બેસાય.

ચિત્તકી વૃત્તિ એક હે, ભાવે તહાં લગાઓ;
ચાહે તો હરિકી ભક્તિ કરો, ચાહે તો વિષ કમાઓ.

બે બે વાત ન બને જે ''**લોટ ખાવો ને ભસવું**'' એમ છે. ને ઓલ્યા કાઠીવાળું ન કરવું જે ''આસે તોળો બગડતો ને ઓંસે તાળો

---

૧. પેશાબ.

INDEX

બગડતો''[૧] એમ નહિ, ઓલ્યું તો બગડેલું જ છે. મંદિરમાં મોટા સાધુ પાસે શાંતિ રહે તેવી ઘરે પણ ન રહે; એમ સૌને છે પણ ઉનાળામાં ટાઢું કે ચોમાસામાં હોય એ કહો ? ને હવે આપણે સૌ ભેળાં થયા છીએ તે મનમાં એમ છે જે, કસર ટાળીને ભગવાનના ચરણારવિંદમાં જોડાવું છે. તે જેવો વેપારમાં, વાડીમાં, ખેતીમાં આગ્રહ છે તેવો કરશું ત્યારે મહારાજ પાસે જવાશે; અને ખેતીવાડીમાં બંધન થાય; એમાં તો કાંઈ માલ નથી. ત્યારે શું ન કરવું ? પણ **દેહનો વ્યવહાર ચાલે તેટલું કરવું.** દોઢ પહોર રાતે, અડધી રાતે, પાછલી રાતે ઊઠી ઊઠીને જ્યારે વિચારશું ને ભગવાનને ધારશું ત્યારે સાધુ થવાશે; પછી ભગવાન પાસે જવાશે. વારાવાળો, ભણવાવાળો ને રોટલાવાળો જાગે છે, તેમ જાગવું. **॥૮૯॥**

અને નિશ્ચય છે, પણ ઋષભદેવ નરકમાં[૨] પડ્યા રહ્યા એવા ચરિત્ર કરે, તો સંશય થાય. માટે યોગ્ય-અયોગ્ય ચરિત્રમાં ઉદ્ધવજીની પેઠે સંશય ન થાય ત્યારે ઠીક; તે તો ॥ **'कामादिभिर्विहिना ये सात्वताः क्षीणवासनाः'** ॥ તે માટે સાત્વિક સેવવા. જે જે વાત જ્ઞાને કરીને થાય તે ઠીક; કેમ જે ગીતામાં જ્ઞાનીને જ આત્મા કહ્યો છે. **મોટાનું જોઈને કોઈ કાંઈ વાદ કરશો મા તે કહે તેમ કરજો.** જેમ અગ્નિ તે જળે ઓલાય; ને વીજળીનો અગ્નિ ને વડવાનળનો અગ્નિ તે જળમાં રહ્યો થકો પણ ન ઓલાય. તે કૃપાનંદ સ્વામીએ વાત કરી જે, ''જળકૂકડી પાણીમાં રહે; તો પણ પાંખ ન ભીંજાય, ને બીજા જનાવરને પાણી પાંખમાં ભરાઈ જાય ને ઊડી શકે નહિ. ને જળકાતરણી માછલું જાળમાં આવે નહિ, ને સામું જાળ કાપીને બીજાને કાઢતું જાય.'' એમ કૃપાનંદ સ્વામી જેવાને થાય.**॥૯૦॥**

ઓહો ! એમ **સમર્થ થકા જરણા**[૩] **કરવા** એ બહુ મોટી વાત છે. કેમ જે, કાંઈ ન હોય તેને કહે તો તો ઠીક, પણ સર્વ વાત હોય ને કહેશે

૧. આંહીં તારું બગડે ને ત્યાંય તારું બગડે.
૨. પોતાના મળ-મૂત્રાદિકમાં.
૩. સહન કરવું.

જે તમને કાંઈ આવડતું નથી. એ તો ભગવાન ને એના સાધુથી જ જરણા થાય પણ બીજાથી ન થાય. માટે આપણને કાંઈ નથી આવડતું એમ કહે તો પણ શું ? ને સર્વ વાત તમમાં જ છે એમ કહે, તો પણ શું ? આમ કહ્યે જાતું નહિ રહે, ને આમ કહ્યે આવી નહિ જાય. મરને થોડું કરવું, પણ હુંહાટો[૧] ન કરવો. અને ઝાઝું કરે તો મહિનો ધારણાં-પારણાં કરે, પછી જ્યારે જ્ઞાનવોણું[૨] ખાવા માંડે, ત્યારે ત્રણ ત્રણ ટાણા ખાય ! એ વાતમાં માલ નહિ. બારે માસ એમને એમ જમવું, નીકર **એક કોળિયો ઓછું જમવું; તે સત્વગુણી તપ છે.** ને એક મહિનો ઓલ્યું કરે તેમાં પારણાને દિવસ ધરાઈ રહ્યા પછી આઠ કોળિયા વધુ ભરવા, એ તમોગુણી તપ છે. માટે ॥ 'अति सर्वत्र वर्जयेत्' ॥ તે અતિ ઊંઘવું નહિ, અતિ ખાવું નહિ, અતિ ભક્તિ કરવી નહિ; **સર્વે સાધારણ જ્ઞાને કરીને કરવું** તો ઝાઝું માને છે. ત્રણ જણ જળમાં બેસી રહેતા, તે લોહી નીકળતું તેને પણ મહારાજ કહેતા જે, ગાંડા શા સારુ કાઢો છો[૩] ?'' એમ મહારાજ વઢતા. માટે હુંહાટો મહારાજને નથી ગમતો એમ કહ્યું.**॥૯૧॥**

બીજુ એ જે, સારા સાથે જીવ બાંધવો. કેમ જે કહેનારા કોઈ ન મળે ત્યારે એ કરવું ને સુખિયા રહેવું. ને પોતાની ખોટ કહેવી; ને જે ન સૂઝતી હોય તે તેઓને કહેવું જે, ''હુંમાં જે જે વાતની ખોટ હોય તે દયા કરીને તમે કહેશો?'' એમ રોજ કહેવું. કાં આઠ દિવસે, કાં મહિને તો જરૂર કહેવું. કાં જે મહિને તો જરૂર કોઈક ભેગો થઈ જાય તે ઉપર નામાના વચનામૃતનું (પ્રથમ પ્ર.નું ૩૮મું) કહ્યું જે, મહિને ન ચૂકવે તો ભેળું થઈ જાય. આમ ભગવાનને ગમે છે તે ગમતું તમને કહ્યું. **॥૯૨॥**

---

૧. દેખાવ

૨. જ્ઞાન વિનાનું.

૩. નાજા જોગિયા વિગેરે ઘેલાના ઠંડા પાણીમાં બેસીને તપ કરતાં. પછી શરીર ઠંડીથી થીજી જાય, પગમાં ચીરા પડે ને લોહી નીસરે ત્યારે ઘોડે બેસવા માટે યુક્તિ પ્રયુક્તિ કરતાં. તે માટે સ્વામી કહે છે.

બીજું સાધારણ ભક્તનું તો ઠીક છે; ને જેને **ઉત્તમ થાવું હોય તેને કોઈ પદાર્થમાં જીવ બંધાવા દેવો નહિ** ને હેત ન રાખવું; તો નિર્વિઘ્ન ભગવાનના ધામમાં પહોંચાય. અને આ સભા તો અક્ષરધામની છે. અને ગોલોક, વૈકુંઠના મુક્ત કસર ટાળવા આંહી આવે છે; ને અક્ષરધામના મુક્ત પણ આંહી ભગવાન ભેળા આવે છે; ત્યારે કસર ટળે છે. માટે આ તો પુરુષોત્તમ ભગવાન છે ને તેના સાધુ છે. ત્યાં ખબરદાર થઈને મંડવું; કેમ જે તે વાત પછી નહિ મળે. ॥૯૩॥

વળી મહારાજ કહેતા જે, "ઇન્દ્રે બ્રાહ્મણ માર્યો, તે વાંસે ચાર બ્રહ્મહત્યા વળગી." પછી નારદજીને પૂછ્યું, ત્યારે કહે, "તારા ભાઈ વામનજીને તું ભગવાન જાણીને ભજ તો છૂટશે." પછી ભજ્યા એટલે છૂટી. એમ આ સ્થૂળ દેહનો તો નાશ થાય છે. પણ સૂક્ષ્મ ને કારણ; એ બે તો બ્રહ્મહત્યા વળગી છે; તે સાધુને પૂછીને તથા આત્મવિચાર શીખીને મનન કરે તો નાશ થઈ જાય છે; નીકર જ્યાં જાય ત્યાં ભેળી રહે છે. અને આ **મહારાજનો અવતાર તો મૂળ અજ્ઞાનનો નાશ કરીને બ્રહ્મરૂપ કરવા થયો છે,**ને બીજે તો બધું ડોળી નાખ્યું છે. ॥૯૪॥

એકોતેર ચોકડી રાજ કરીને એક ઇન્દ્ર પડે, એવા ચૌદ ઇન્દ્ર પડે ત્યારે વૈરાટ બ્રહ્માનો એક દિવસ થયો. તેમાં ક્ષુદ્ર વૈરાટ બ્રહ્મા, વિષ્ણુ ને શિવ; એ ત્રણ નાશ થાય, તે બ્રહ્માંડ બ્રહ્માંડ પ્રત્યે એક શ્રીકૃષ્ણનારાયણ, એક લક્ષ્મીનારાયણ, એક નરનારાયણ ને એક વાસુદેવનારાયણ એ છે. એવા અનંત કોટિ બ્રહ્માંડ છે, એમ સમજવું. હવે એવા ત્રીશ દિવસનો મહિનો ને બાર મહિનાનું વર્ષ, એવાં સો વર્ષ વૈરાટ જીવે; ને પ્રધાનપુરુષને રૂંવાડે રૂંવાડે ક્ષીરસાગર છે. એટલે સાડા ત્રણ કરોડ શેષશાયી થયા ! માટે એ સર્વેથી તો પ્રધાનપુરુષ મોટા થયા. ને તે પ્રધાનપુરુષના એક દિવસમાં વૈરાટ પડે, તેવા સો વર્ષ પ્રધાનપુરુષ જીવે; ને તે પાછો પ્રકૃતિપુરુષના એક દિવસમાં નાશ થાય. એવાં સો વર્ષ પ્રકૃતિપુરુષ જીવે છે. એમ ત્યાં સુધી કાળ પૂગે છે. ત્યારે બીજું શું કાળ થકી મૂકાવે ? માટે

તેને વિષે અરુચિ કરીને એક અક્ષરધામના ધામી જે પુરુષોત્તમ ભગવાન મળ્યા છે, તેનું માહાત્મ્ય સમજીને તેનો જ બ્રહ્મરૂપે કરીને આશરો કરવો, ને ત્યાં પૂગવાની રુચિ રાખવી. ને એના સાધુને વિષે જીવ બાંધવો. જોને ! બીજાએ રાસ કર્યો ને આવા સાધુએ તોડાવ્યો. ત્યારે એથી અધિક તો સાધુમાં સામર્થ્ય છે. ત્યારે પુરુષોત્તમની તો વાત જ શી ! આ સિદ્ધાંત વાર્તા કહી છે. તે જો નહિ સમજાય તો ખોટ રહી જાશે; ને વાંસેથી પસ્તાવો થાશે ને દેહ રહે કે ન રહે તોપણ કસર કાઢી નાખવી. ॥૯૫॥

અને સ્ત્રીનો સંગ કરવો ને કામ ઓછો થાશે ? વધશે. ખાશું ને સ્વાદ ઓછો થાશે ? વધશે. ને હથિયાર બાંધશું ને ક્રોધ ઓછો થાશે ? વધશે. તે માટે એનો યોગ ન રાખે તો રહેવાશે. ને શેરડી ઊભી હોય તે જાણીએ થોર ઊભો છે, ત્યારે રહેવાય; નીકર મન તો ચાહે તેમ કરાવે :

કડે[૧] મન મંકોડી થિયે ને કડે કેશરી સિંહ[૨]

એ એમ એકલે ઉપરથી રાખ્યે શું થયું ? એ તો બૂડ ઠુંઠાં[૩] અંતરમાંથી પણ કાઢવાં તે ઉપર બોલ્યા જે, **જેમ ઉપરથી મોડતાં વૃક્ષ લાગે પત્ર તેને બીજાં લક્ષ'**[૪] એ કહ્યું.॥૯૬॥

અને મોરે (આગળ) તો જેમ તીરમાંથી બાણ નીસરે એમ સાધુએ દાખડા કર્યા છે. હવે કાંઈ કરવું નથી, ને હવે તો એનું ફળ દેવું છે. ને વૈરાગ્ય, ધર્મ, આત્મનિષ્ઠા અને ઉપાસના; એ સર્વે જેમ છે તેમ કહેવું છે, ને જ્ઞાન આપવું છે. કેમ જે દેહ ન રહે તો પછી શું થાય ? ને આ કઠોદર થયું હતું, તથા સંવત્ ૧૯૧૯માં મંદવાડ પણ આવ્યો હતો; એ ત્રણે વાર

---

૧. ક્યારેક.

૨. ક્યારેક મન મકોડી જેવું થઈ જાય છે તો ક્યારેક કેસરી સિંહ જેવું.

૩. ખેતરમાં બોરડીને ખેડૂતો કોદાળીથી ખોદી નાખે છે. ખોદ્યા પછી જો મૂળ જમીનમાં રહી જાય તો ખેતી કરતા બળદને આંચકો લાગે, અને કયારેક વધારે પડતા બળ પડવાથી બળદ ત્યાં તૂટી જાય અથવા મરે આ મૂળીયાને ખેડૂતો બૂડઠૂંઠા કહે છે.

૪. કોઈપણ વૃક્ષની મુખ્ય શાખા કે ડાળીઓ કાપતા બીજા નવા લાખો પાંદડા ફૂટે છે તે.

INDEX

દેહ રહે એવું નહોતું; ને સંવત ૧૮૯૬ની સાલમાં કઠોદર થયું હતું તે દિવસની આવરદા તો છે નહિ, ચિરંજીવી જેવું થયું છે, માટે જેમ મહારાજે છેલ્લી વાર આઠ મહિના રાખી ને જ્ઞાન આપ્યું, એમ અમારે બાર મહિના રાખીને કથા કરાવવી છે. તે અચિંત્યાનંદ બ્રહ્મચારીવાળા[૧] ગ્રંથની કરાવીને ઓણે જ્ઞાન આપવું છે. ॥૯૭॥

વળી મંદિરમાં બીજા માણસ ભલે હોય **પણ માણસને ઉદ્વેગ કરે ને ધન, સ્ત્રીનો પ્રસંગ રાખે તેને તો ન જાય તો પણ કાઢી મૂકવો.** અને મહારાજને, એક રહેણીએ[૨] રહીને જે મરે તે બહુ ગમે; કેમ જે ભાવ ફરી જાય. માટે સાધુને વિષેથી ને ભગવાનને વિષેથી તે ભાવ ફરવા ન દેવો; મરને થોડું કરવું. ॥૯૮॥

અને આત્મરૂપ થાવું તેમાં ઉત્તમ ભોગને વિષે રાગ છે એ પણ વિઘ્ન છે. **વૈરાગ્ય, ધર્મ, માહાત્મ્યે સહિત ભક્તિ ને આત્મનિષ્ઠા એ સમજે જ છૂટકો છે.** અને મહારાજ કહે, **'નાહી-ધોઈને પૂજા કરવી; પણ મળ-મૂત્ર ભર્યા ન કરવી.''** પણ આપણને એમ સમજાતું નથી. તે ઉપર અમદાવાદનું બીજું વચનામૃત વંચાવ્યું ને કહ્યું જે, તે પ્રમાણે કરવું ને બધા વચનામૃતમાં કહેતા તો ગયા છે જે, સાધુ, પુરુષોત્તમ ને આત્મનિષ્ઠા જેમ સોય વાંસે દોરો સોંસરો ચાલ્યો આવે તેમ રહસ્ય કહેતા આવ્યા છે તે પ્રમાણે સમજવું. ને ઉપરથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવું. તે કંઠમાં કરવું, હૃદયમાં કરવું ને જીવમાં કરવું. જ્યાં થાય ત્યાં કરવું ને જોતે જોતે ભગવાન સામું જોઈ રહેવું તે દેખાશે. જેમ ચકમક પાડે ત્યારે માંહે અગ્નિ છે, તે ઓલ્યા સૂતરમાં આવે છે, એમ દૃષ્ટાંત દીધું.[૩] ॥૯૯॥

૧. હરિલીલાકલ્પતરુ

૨. રહેણી કરેણી, રહેવાની રીત.

૩. જુના સમયમાં દિવાસળીની જગ્યાએ ચકમક પથ્થર સામસામા ટકરાવવામાં આવતાં તેમાંથી અગ્નિ ઝરતો તેથી તે કપાસને લાગી જાય તો બધો કપાસ સળગી જતો.

અહો ! આ સાધુ સાથે સૌને હેત છે ને આપણને એનો જોગ છે, ત્યાં ખોટ નથી ટળતી. ત્યારે, પછી તો ખાવું, ખાટલો ને ખાડો.[૧] એ ત્રણ વાત થાશે ને બીજી વાતો થાશે, પણ આવી વાતો નહિ થાય; માટે પછી પસ્તાવો થાશે. ને સ્ત્રી, દ્રવ્યનો જોગ કરવો નહિ, કેમ જે જોગ થયે ઠા રહેતો નથી[૨] તે ઉપર ગોર[૩] ને જજમાનની દીકરીની વાત કરી દેખાડી. ને ભટ્ટજીએ ઘોડી બેસવા આપી[૪] તે બીજી વૃદ્ધ બાઈએ કહ્યું જે, 'જુવાનને દીધી પણ ઘરડાંને કોણ દે ? પછી ભેળું ચાલવાના હરામના સમ ખાધા.**॥૧૦૦॥**

અને હાટ માંડવું હતું, તેનું લેખું કરવા બેઠા; ત્યાં તો સવાર થઈ ગયું ! પછી તો જળ મૂક્યું જે, હજી હાટ[૫] માંડ્યું નથી ત્યાં જ નિદ્રા ગઈ, તો માંડશું ત્યારે શું થાશે ? માટે એ તો દીર્ઘદર્શી એટલે વિચારીને એ માર્ગે ન જ ચાલ્યા. ને આપણે તો એકાંતમાં સ્ત્રી ભેળું રહેવું નહિ, ને

---

૧. જાજરૂ

૨. સોનાના દોરા જેવી એક સ્થિતિ રહેતી નથી.

૩. **દ્રષ્ટાંત** : એક ગોર યજમાનની દીકરીને તેને ઘેર મૂકવા જતો હતો. બાઈ પાસે છોકરું હતું. તેથી ઘરેણાંની પોટલી તેણે ગોરને ઉપાડવા આપી. રસ્તે ચાલતાં ગોરની બુદ્ધિ ઘરેણાં પચાવી પાડવાની થઈ. તેથી નજીકને કૂવે બાઈને પાણી ભરવા મોકલી. બાઈ છોકરાને થાળામાં બેસારી પાણી સીંચવા લાગી. તેવામાં ગોરે આવી પાછળથી ધક્કો માર્યો. બાઈ કૂવામાં પડી, પણ ત્યાં ઝાડના એક મૂળને વળગી રહી; તેથી ગોરનું ધાર્યું થયું નહિ; એટલે એક મોટો પથ્થર માથે નાખવો ધારી ઉપાડવા ગયો, તેવામાં નીચેથી એક સર્પ કરડ્યો ! એથી ગોર મૃત્યુ પામ્યો. બાઈ પોતાને કૂવામાંથી કાઢવા માટે બૂમો નાખતી હતી. તેથી થાળામાં બેઠેલું બાળક કૂવા તરફ જાય, પણ પેલો સર્પ સામો ફુફાડો મારી તેને જવા દેતો ન હતો! તેવામાં કોઈ એક સવાર આવ્યો, તેણે તે બાઈને બહાર કાઢી અને ઘરેણાં સાથે તેને ઘેર પહોંચાડી.

૪. મયારામ ભટ્ટ સંઘ કાઢીને ગઢડે જતા હતા. ત્યાં રસ્તામાં એક યુવાન બાઈ થાકી તેને પોતાની ઘોડી ભટ્ટજીએ બેસવા આપી હતી.

૫. દુકાન.

INDEX

એકલી સ્ત્રી હોય ત્યાં ઉઘરાણીએ ન જાવું; ને ભારો ન ચડાવવો.[૧] કેમ જે એ સર્વમાં કલંક લાગે છે ને કાળાખરિયા આવે છે. તે ઉપર વચનામૃત જે, મુક્તાનંદ સ્વામી જેવો હોય ને તેને જોગ થાય, તો ઊતરતા જેવો રહે કે ન રહે, એમાં પણ સંશય છે એ વંચાવીને બોલ્યા જે, ત્યારે આપણો શો ભાર ?

જેહિ મારુત ગિરિ મેરુ ઉડાઈ, કહો તુલ કહા લેખા માંઈ;
હો મન-હરનાં ત્રિય બનમેં નહિ ચરનાં.[૨]

એમ બોલ્યા. આ દેશકાળની વાત કરી તે વિચારીને પગ ભરજો; મોટા સાધુ હોય ત્યાં તો તે કહે પછી આ વિચારજો; નીકર ઠા નહિ રહે. ને અમારે તો છેલ્લી વારે હવે દીવાળી સુધી સાધુને રાખીને વાતો જ કહેવી છે. પછી દેહ રહો કે ન રહો; પણ ભગવાનના સ્વરૂપ સંબંધી જ્ઞાન આપીને સુખિયા કરવા છે. ત્યાગ કરે એ ત્યાગી કહેવાય ને જે જે પદાર્થ રાખે તે મોટાના છિદ્ર પણ ઉઘાડાં થયાં; ને રૂપિયા નીકળ્યા તે માટે ધર્મામૃત, શિક્ષાપત્રી ને નિષ્કામશુદ્ધિ; એ ત્રણ ગ્રંથ પ્રમાણે રહેવું ને પાળવું. આ તો કોણ જાણે કેમ રહેવાણું છે ! તે તો સારો જોગ છે, ને વળી જે પદાર્થ જોઈએ તે પદાર્થ કોઠારેથી અપાવીએ છીએ તેણે કરીને રહે છે. માટે ત્યાગ પાળવો એ કાંઈ મીઠો નથી. કડવો છે મહારાજ પાસે જાવું હોય તો વચનમાં રહેવું. તે એક સાધુએ સ્વપ્નનો ઉપવાસ ન કર્યો ત્યારે મહારાજે ઠોંટ મારીને કહ્યું જે, 'આ કર્યું તે તો મારી જીભ ઉપર પગ દીધો. ને આ તો તું મારો છે તેથી તને આમ કહું છું, પણ બીજાને ન

---

૧. ગામડામાં ખેડૂત સ્ત્રીઓ ઘાસ લેવા ખેતરે જાય છે. તે ઘાસને પોતાના માથે મૂકવાની શક્તિ ન હોય તેથી ભારો માથે ચડાવવા વટેમાર્ગુને બોલાવે છે. ત્યાં એકાંતમાં કલંકિત થવાનો ભય છે.

૨. **અર્થ** : પ્રલયકાળનો પવન ફૂંકાય ત્યારે મેરુ પર્વત જેવો પર્વત પણ મૂળમાંથી ઊખડી ફેંકાઈ જાય તો ઘાસની શું ગણતરી શું લેખામાં ? માટે હે મનરૂપી હરણ ! તું સ્ત્રીરૂપી વનમાં ચરવા જઈશ નહિ; નહિ તો ઊડી જઈશ.

કહું.'' પછી તાવ આવ્યો તે ત્રીશ ઉપવાસ થયા ! અને એક જણે જાગરણ ન કર્યું, ને વળતે દિવસે સાંજે વીંછીએ ફટકાવ્યો, તે રાત આખી જાગવું પડ્યું ! એમ વચનનું છે.**॥૧૦૧॥**

અને મોલનું[૧] બળ ત્યાં લગી, જ્યાં લગી નથી ખવાણો ખડજમાં;[૨] તેમ હરિજનનું બળ ત્યાં લગી જ્યાં લગી નથી આવ્યો વિમુખની વડજમાં.[૩] એમ બોલ્યા જે, દેશકાળ વિચારજો. આ લોકમાં પોતાનું સુધારતાં કોઈને આવડતું નથી. ને જો કાળ પડે તો માણસ માણસને ને છોકરાને કરડી ખાય. તે ઓગણોતેરામાં નજરે દીઠા. તે હવેલી કે રૂપિયા કોઈને કામ નથી આવતાં. દાણા સંઘરવા, તે આંતરવસુ[૪] (એકાંતરે) રાખવા. તે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે તે પ્રમાણે રહેવું. તો મોક્ષમાં વિઘ્ન ન આવે, એમ ઉપાય કરવો. કેમ જે રોટલા વગર દેહ રહે નહિ એટલે ભગવાન ભજાય નહિ. **॥૧૦૨॥**

અને સંકલ્પ થાય છે તે માંહી રાગ છે તે થાય છે; ને જોયા છે તે આગળ આવીને નડે છે. ને કલકત્તા નથી જોયું તો સ્વપ્નમાં પણ નથી આવતું. ઝેર ખાધાના કે અફીણ પીધાના સંકલ્પ થાય છે ? ભટ્ટજીને કહે, ''હવેલી બળ્યાના ને છોકરો મર્યાના સંકલ્પ ક્યાં થાય છે ?'' માટે નિયમમાં રહીને ખાવું, જોવું ને મોટા સાધુને વિનય ને દંડવત કરીને કહેવું તો ધીરે ધીરે ટળશે.**॥૧૦૩॥**

આ સત્સંગમાંથી પડવાનો ઉપાયઃ **મંદિરનો, આચાર્યનો, સાધુનો, સત્સંગીનો; એ ચારનો જેને દ્રોહ થાય તેનાં મૂળ કપાણાં જાણવા.** તે ઉપર ઘણી વાતો કરી. **॥૧૦૪॥**

---

૧. ખેતરમાં વાવેલા પાકનું.
૨. વગર કામના ઘાસમાં.
૩. સંબંધમાં, સોબતમાં.
૪. બે ઋતુ વચ્ચે.

INDEX

અને જેમ **'સુતારનું મન બાવળીએ'**[૧] ને જેમ **'દૂબળા વાણિયાને અજમે હાથ'**[૨] એમ ભગવાનને રાજી કરવા કરવું. ને હવે તો ક્રિયાને ગૌણ રાખવીને ભગવાનને પ્રધાન રાખવા. ને કથાને ને ક્રિયાને વેર છે, માટે બેય ભેળું તો થાય જ નહિ; ને કરે તો વૃત્તિ સ્થિર રહે જ નહિ. **॥૧૦૫॥**

સંવત ૧૯૧૯ના આસો માસમાં સાંખડાવદરને પાદર વાત કરી **જે, લોક, ભોગ, દેહ ને પક્ષ; એ ચાર તો જીવનું ભૂંડું કરે** ને મહારાજ, આચાર્ય, સાધુ ને સત્સંગી; એ ચારનો તો ગુણ જ લેવો; એ તર્યાનો ઉપાય છે. **ને જો દ્રોહ કરે તો જીવનો નાશ થઈ જાય છે. ॥૧૦૬॥**

આ દેહમાંથી તો નવ દ્વારે ગંધ ઊઠે છે. તે દેહ સારુ કેટલીક વાતો થાય છે ને બખેડા થાય છે.[૩] તે સારુ **મહારાજના સિદ્ધાંત પ્રમાણે ચાલવું.** તે ઉપર શ્લોક બોલ્યા જે ॥ निजात्मानं ब्रह्मस्थं ॥ તથા ब्रह्मभूतःप्रसन्नात्मा ॥ તથા ॥ परिनिष्ठितोऽपिनैर्गुण्ये ॥ તથા आत्मारामश्च मुनयो ॥ એ આદિક ઘણા શ્લોક બોલ્યા. ને પછી કહ્યું કે તે માટે લોચો મૂકીને કેવળ આત્મારૂપ થાવું.**॥૧૦૭॥**

વળી જુઓને કેટલાંક છે તે ક્રિયા નામે એકેય કરવું નહિ, ને પાણી પણ ભરવું નહિ. ત્યારે એ શું ? શાળગ્રામને કારસો[૪] આવે ! એ તો શું જાણતો હશે? મને તો એને જોઈને દાંત આવે છે જે દૈવની માયા તો જો! શું ઘરે સૂઈ રહેતા હશે ? પણ તે અજ્ઞાન. ત્યારે શું ધ્યાન કરે છે ? ઊંઘ લે છે. આ અમને તો આમ જોઈએ ત્યાં ભગવાન દેખાય છે, એ પણ મૂકીને સાધુની સેવા કરાવીએ છીએ; તે બેય કરવું છે; પણ મૂર્ખને શું સમજાય ! **॥૧૦૮॥**

---

૧. બાવળીયા જેવું હલકું લાકડું જોઈને પણ સુતાર મનમાં વિધવિધના ઘાટ ઘડે છે.

૨. દવાનો ખર્ચ કરવા અશક્ત ગરીબ વાણિયો કોઈપણ જાતની બીમારીમાં રામબાણ ઈલાજ માનીને અજમાને જ દવા તરીકે વાપરે છે તે માટે કહ્યું છે.

૩. ઝઘડો, કંકાસ, કજિયો.

૪. વિષ્ણુ સ્વરૂપ મનાતા શાલીગ્રામની જેમ પોતાના દેહનું જતન કરતો દેહાભિમાનની વ્યક્તિ શરીરને જરા પણ કારસો(કષ્ટ) પડવા દેતો નથી.

અને ઝાઝી આવરદા એ પણ બહુ ભૂંડું છે. તે મોરે તો હજાર વર્ષનો ખાટલો ને સો વર્ષનાં ડચકાં ! આ તો ભગવાને અનુગ્રહ કર્યો છે; એ થોડા કાળમાં મોટું કામ સાધી લેવું ને ભગવાનના ધામમાં પુગાય તેમ કરવું. જ્યાં અખાત્રીજના વા જોવા નહિ; પાંચમની વીજળી[1] જોવી નહિ; એક ભગવાનનું જ સુખ છે. ॥૧૦૯॥

સંવત ૧૯૧૯ના આસો વદી દશમે વાત કરી જે, સહુ સાંભળો વાત કરું. રઘુવીરજી મહારાજે છાવણી કરી, એમ મેં તમને અઢી મહિના સુધી વાતો કરી; ને જે વરતાલ આવે છે, એને તો મારો સાડા ત્રણ મહિના જોગ થાય છે. માટે હમણાં પણ અતિશે વાતો કરી છે. તે કોઈ મંદિરમાં રાખીને વાતો ન કરે; આ તો મેં કરી. **મન શત્રુ છે, ઇન્દ્રિયો શત્રુ છે, ને દેહ શત્રુ છે;** જો ભગવાન ન ભજાય તો. તે માટે આજે વાતો કરી તે અંતરમાં રાખજો ને તે પ્રમાણે રહેજો. જુઓને આવો જોગ ક્યાંથી થાય ? હવે જોગ નહિ રહે. સાધુ મળવા કઠણ છે માટે જોગ કરી લેજો એ સિદ્ધાંત છે. ॥૧૧૦॥

અને આ સહુને પર સ્થિતિ થઈ જાય એમ કરી દઉ ! પણ ઘેલું થઈ જવાય એવું કામ છે. ઓલ્યા લુહાણાને થઈ ગયું ! કેમ જે પાત્ર નહિ, તેણે કરીને એમ થયું. એમ આશરે સાડાત્રણસો માણસની સભા હતી તેને કહ્યું. ॥૧૧૧॥

અને આચાર્ય આદિક ચારનો અવગુણ આવે એ મોટું પાપ છે. બીજા તો અનેક સ્વભાવ હોય, પણ એ પાપનું મૂળ છે. તે પાપને વિષે પુણ્યની બુદ્ધિ થાય, ને સાધુને વિષે અસાધુની બુદ્ધિ થાય, પછી દ્રોહ થાય, પછી તેનો જીવ નાશ થાય; એવું એ છે, માટે વારંવાર કહેવાનું

---

૧. **પાંચમની વીજળી** : અખાત્રીજના પવનની દિશા જોઈને ખેડૂત આગામી વર્ષનો નિરધાર કરે છે અને અષાઢ સુદ પંચમીની વીજળી જોઈને વર્ષા કેવી થશે તેનો નિરધાર કરે છે. તેના તારણ પરથી સ્વામી કહે છે કે અક્ષરધામમાં રહેલા મુક્તને આ બધું દેખવાનું હોતું નથી.

તાત્પર્ય શું છે ? તો એક વાત હૈયામાં રાખી ને કોઈ દિવસ એ માર્ગે ચડવું નહિ. ને એની સેવા થાય તો કરવી નીકર હાથ જોડવા; પણ અવગુણ તો ન જ લેવો. એ અમારો સિદ્ધાંત હતો તે કહ્યો.

પીપા પાપ ન કીજિયે, ધર્મ કિયા સો વાર;
જો કિસિકા લિયા નહિ, તો દિયા વાર હજાર.

સાધુની, મંદિરની, આચાર્યની ને સત્સંગીની સેવા કરવી તો વૃદ્ધિ પમાય ને દ્રોહ થાય તો જીવનો નાશ થાય. તે સેવા તે શું ? તો ॥ ભક્ત્યાનુવૃત્ત્યા ॥ **અનુવૃત્તિ એ જ સેવા છે** માટે તે પ્રમાણે રહેવું. **॥૧૧૨॥**

એક ભગવાનની મૂર્તિમાં જ સુખ છે. ને ક્યાંય મોક્ષ નથી, પણ આવા સાધુના સમાગમમાં મોક્ષ છે. બે સાધન તો થઈ રહ્યા, જે પુરુષોત્તમ જાણ્યા ને સાધુ ઓળખાણા. ને એક ઓલ્યા ચારનો ગુણ લેવો, ને દ્રોહ ન થાય એ કરવું રહ્યું. **॥૧૧૩॥**

આજ્ઞા પળે એટલી વાસના બળે. ને આજ્ઞા ને ઉપાસના બે મુખ્ય જોઈએ. તે કૃપાનંદ સ્વામીનો એમ ઠરાવ જે, કોશ ઊની કરીને ગળામાં ઘાલે, એ જેટલું દુઃખ થાય ! તો પણ આજ્ઞા ભંગ ન કરવી. ને છાનું ખાતા હશે, પદાર્થ રાખતા હશે, પથારી ઝાઝી કરતા હશે; તે ઓલ્યા સ્વામિનારાયણ નથી જાણતા ?

હરિ કે આગે કહા દૂરાઈ, મન અપનેકી ઘાત;
હરિ તો સબ જાનત હે, રોમ રોમકી બાત.

બધુંયે જાણે છે; આ રાજ કાંઈ ભોળું નથી. **તે લોપશે તેનું જાણજો જે મોત આડું આવશે.** આપણે કાંઈ છોકરો છે તે મરે ? આ તો દેહ એ જ છોકરો છે. ને ગૃહસ્થને છોકરો હોય. માટે દેહને તો એવો રોગ થાશે, તે શિયાળિયાના ચૂસ્યામાં રસ હોય જ નહિ. લાકડી જેવાં કરશે ફિકર રાખશોમાં. ને જો એમાં ફેર હોય તો આ ઠેકાણું સંભારજો, એમ જૂની ધર્મશાળામાં પોતાને આસને બેસીને કહ્યું.**॥૧૧૪॥**

અને પંચવિષય સારુ તો ચાળા ચૂંથતા ફરે છે ! માટે એમાં શું ? એ તો પશુને પણ છે. માનનું ડીંડું થઈને ફેરા ખાય છે તે હવે તો પારખાં જોવા પંચવિષય વચ્ચે નાખ્યા છે તે જે કરીએ તે થાય એમ છે; પણ ભૂંડું થાશે એની ખબર છે ? પછી છોકરાઓ સ્પર્શ કરે છે ને વાંદરા જેવા થાય છે. માટે આજ્ઞા મુખ્ય રાખવી; એમાં પાછો પગ ભરવો નહિ. જેને ખપ હોય તેની સારુ આ વાત છે :—

કઠણ વચન કહું છું રે, કડવાં કાંકચ રૂપ;
દરદીને ગોળી દઉ છું રે, સુખ થવા અનુપ.

એમ છે. બીજાને શું ? એ તો પશુ જેવા છે. ખરેખરો ગરાસિયો હોય તો પાછો ન ફરે; તે **''ખાડા ખસે પણ હાડા ન હઠે''**[૧] **''ભાગતાં ભલકું વાગશે**[૨] **રે''** એમાં શો માલ ? સામા ઘા લે તે ખરો. એવી ઘણીક વાતો કહી.**॥૧૧૫॥**

અને ભજન કરવું તે રાતમાં ઊઠી ઊઠીને મંડે ત્યારે સાચું. **''આ સાહેબ તારો પણ મન રાખ્યો''** એમ મન રાખ્યે કાંઈ થાય નહિ. એ તો ઠીક વાહ ! વાહ ! અરે કેટલાક તો લઘુ કરવા જાય, તે પૂરી આંખ પણ ઉઘાડે નહિ; જાણે રખે ઊંઘ ઊડી જાશે! ને માલ વહી જાશે ! ને આખી રાત ચસચસાવે,[૩] ને દિવસે તો ગપાટામાંથી નવરા જ શેના થાય ? તેણે શું કાંઈ ભગવાન રાજી થાય છે ? ને જાણે મોટા થઈ ગયા ! પણ અંબરીષ જેવુંય ક્યાં થવાણું છે ? ને ખાઈ ખાઈને ઊંઘી રહ્યા, ત્યારે જાણે થઈ રહ્યું ! આ તો ફરવા જઈને સૂઈ રહે. એમ કહીને **''કરજો સત્સંગની સહાયરે વાલા''** એ કીર્તન બોલ્યા.**॥૧૧૬॥**

---

૧. શૂરવીર ક્ષત્રિયોની જાતિ વિશેષ.

૨. યુદ્ધ મેદાનમાં યુદ્ધ લડતો ક્ષત્રિય પાછો પગ ભરે તો બીજા ક્ષત્રિય તેને ભાલાથી મારી નાખે છે. કારણ કે તેણે ક્ષત્રિયપણું લજવ્યું.

૩. બરાબર ખેંચે.

INDEX

અને કહે જે આવા પ્રગટ સાધુ છે તેની મને, વચને ને દેહે કરીને સેવા કરવી કે વિનય કરવો એ તો નહિ; પણ ચાર ભેળા થઈને કહે : આ આવો છે ને આ આવો છે. એમાં શું પાક્યું ? પણ ॥ વ્યર્થં કાલો ન નેતવ્યો ભક્તિં ભગવતો[૧] વિના ॥ એ ક્યાં પળે છે ? **॥૧૧૭॥**

અને તે પછી નારીનિંદાના શ્લોક, કીર્તન બોલ્યા ને કહે : ઓલ્યો વાણિયો નાત સાથે ઘેલો થયો છે, પણ મૂળ હાથ રાખ્યું છે. તે ગુજરાતમાં કહે છે જે **''છોડીનું નામ વખોત, કાંજે એનો ઘણી ભૂવો ને વળી ભગોત''** એવું છે, એના ભગત છે. **॥૧૧૮॥**

અને પાપીની સોબતમાં તો ભગવાન ભૂલી જવાય છે. તે જેમ સૂર્ય આગળ વાલખિલ્ય ઋષિ પાછે પગે ચાલ્યા જાય છે;[૨] એમ મને ભગવાન અખંડ દેખાતા; પણ એક પ્રતિપક્ષીને પાછા પાડવા સારુ વાત કરી તે બહાર મૂર્તિ ભૂલી ગયા; પછી પાછી માંહી દેખાણી. એમ સંગ ઓળખાવીને અખંડ દેખાણાનો મર્મ કહ્યો. **॥૧૧૯॥**

વળી એક દિવસ વાત કરી જે, હું પ્રતિલોમ કરું કે આમ ભગવાન દેખાય છે ! ને આ લોકમાં ભગવાન તથા મોટા સાધુ મનુષ્ય જેવા ગણાય, તે જેને સમજતાં આવડે તેને ઓળખાય. તે મહારાજ કહે, ''અમને બુદ્ધિવાળો ગમે'' કેમ જે ઓલ્યો બુદ્ધિવાળો વધુ જાણે, પણ બીજો ન જાણે. **॥૧૨૦॥**

અને મોરે ઝાઝા માણસ મંદિરમાં નહિ, એટલે હું બાજરો જેટલો કહે તેટલો ઘોડા સારુ આપવા ગયો; ત્યારે એક જણે કહ્યું જે, ''સાધુને લોભ તો જો ! પોતાના હાથે બાજરો દે છે પણ કોઈને આપવા દેતા નથી.'' ત્યારે જો એને કંઈ ખબર છે ? એમ ગમ પડતી નથી. **॥૧૨૧॥**

---

૧. શિક્ષાપત્રી શ્લોક ૧૯૩.

૨. અંગૂઠા જેવડો આકાર ધરાવતા સાઠ હજાર ઋષિઓનો સમુહ. આ ઋષિઓ પ્રજાપતિના વાળમાંથી ઉદ્ભવ થયા હતા. તેઓ સૂર્યના અનન્ય ભક્ત હોવાથી સૂર્યલોકમાં નિવાસ કરે છે. સૂર્યના રથની આગળ આગળ પાછલા પગે ચાલી સૂર્યકિરણોનું પાન કરે છે.

અને એકથી પચાસ માળા સુધી જો એકાગ્ર દૃષ્ટિ રાખે તો સુખે ધ્યાન થાય; નીકર તો સંકલ્પ થયા કરે. **॥૧૨૨॥**

અને આવા સાધુનો ગુણ લે તે બીજનાં ચંદ્રની પેઠે વૃદ્ધિ પામે ને અવગુણ લે તે ઘટી જાય; ને જડ થઈ જાય. ને મહારાજ કહે : "ચોસઠ લક્ષણો[1] યુક્ત એવા સાધુ તેનાં દર્શન અમે પણ કરવા ઇચ્છીએ." ત્યારે

---

૧. ૧. દયાળુ, ૨. ક્ષમાવાળા, ૩. સર્વજીવનું હિત ઇચ્છનારા, ૪. ટાઢ-તડકા આદિકનું સહન કરનારા, ૫. કોઈના પણ ગુણમાં દોષ નહિ જોનારા, ૬. શાંત, ૭. જેનો કોઈ શત્રુ નથી એવા, ૮. અદેખાઈ તથા વેર રહિત, ૯.માન તથા મત્સર રહિત, ૧૦. બીજાને માન આપનારા, ૧૧. પ્રિય અને સત્ય બોલનારા, ૧૨. કામ, ક્રોધ, લોભ તથા મદ રહિત. ૧૩. અહંમમત્વ રહિત, ૧૪. સ્વધર્મમાં દૃઢ રહેનારા, ૧૫. દંભ રહિત, ૧૬. અંદર અને બહાર પવિત્ર રહેનારા, ૧૭. દેહ તથા ઇન્દ્રિયોને દમનારા, ૧૮. સરલ સ્વભાવવાળા, ૧૯. ઘટિત બોલનારા, ૨૦. જીતેન્દ્રિય તથા પ્રમાદ રહિત, ૨૧. સુખદુઃખાદિકે રહિત, ૨૨. ધીરજવાળા, ૨૩. કર્મેન્દ્રિય તથા જ્ઞાનેન્દ્રિયોની ચપળતા રહિત, ૨૪. પદાર્થના સંગ્રહે રહિત, ૨૫. બોધ કરવામાં નિપુણ, ૨૬. આત્મનિષ્ઠાવાળા, ૨૭. સર્વને ઉપકાર કરવાવાળા, ૨૮. કોઈ પણ પ્રકારની આશા રહિત, ૩૦. વ્યસન રહિત, ૩૧. શ્રદ્ધાવાળા, ૩૨. ઉદાર, ૩૩. તપસ્વી, ૩૪. પાપ રહિત, ૩૫. ગ્રામ્યકથા ને વાર્તા નહિ સાંભળનારા, ૩૬. સત્શાસ્ત્રના નિરંતર અભ્યાસવાળા, ૩૭. માયિક પંચવિષય રહિત, ૩૮. આસ્તિક બુદ્ધિવાળા, ૩૯. સત્-અસત્ના વિવેકવાળા, ૪૦. મદ્યમાંસાદિના સંસર્ગે રહિત, ૪૧. દૃઢ વ્રતવાળા, ૪૨. કોઈની ચાડીચુગલી નહિ કરનારા, ૪૩. કપટ રહિત, ૪૪. કોઈની છાની વાતને પ્રગટ નહિ કરનારા, ૪૫. નિદ્રાજીત, ૪૬. આહારજીત, ૪૭. સંતોષવાળા, ૪૮. સ્થિર બુદ્ધિવાળા, ૪૯. હિંસા રહિત વૃત્તિવાળા, ૫૦. તૃષ્ણા રહિત, ૫૧. સુખદુઃખમાં સમભાવવાળા, ૫૨. અકાર્ય કરવામાં લાજવાળા, ૫૩. પોતાનાં વખાણ નહિ કરનારા, ૫૪. બીજાની નિંદા નહિ કરનારા, ૫૫. યથાર્થ બ્રહ્મચર્ય પાળનારા, ૫૬. યમ તથા નિયમવાળા, ૫૭. આસનજીત, ૫૮. પ્રાણજીત, ૫૯. ભગવાનના દૃઢ આશ્રયવાળા, ૬૦. ભગવદ્ ભક્તિપરાયણ, ૬૧. ભગવાન અર્થે જ સર્વ ક્રિયા કરનારા, ૬૨. ભગવાનના ચરિત્રનું પ્રેમથી નિરંતર શ્રવણ તથા કીર્તન કરનારા, ૬૩. ભગવાનની મૂર્તિના ધ્યાન પરાયણ રહેનારા. ૬૪. ભગવાનની ભક્તિ વિના એક ક્ષણ પણ વ્યર્થ નહિ જવા દેનારા. (હરિ ગીતા. ૧-૨૫ થી ૩૭.)

જો ભગવાન પણ તેનાં દર્શન કરવા ઇચ્છે તો બીજાની શી વાત કહેવી ? તેવા સાધુ આપણને મળ્યા, ઓહોહો નથી થાતું !

સાચે સંત મીલે કમી કાહુ રહી,
સાચી શીખવે રામકી રીતકુંજી

એવા અને –

તિન તાપકી ઝાલ જર્યો પ્રાણી કોઈ આવે,
તાકું શીતલ કરત તુરત દિલ દાહ બુઝાવે

એવા ને । સાધવો હૃદયં મમ । એમ કહ્યું છે.

એવા સાધુનો સમાગમ કરવો. હવે એવા સાધુ ને મહારાજ એ તો ઓળખાણા પણ **વિષયમાં રાગ રહી જાય છે એ વાતની ખોટ છે.** તે ભગવાન પોતાના ધામમાં લઈ તો જાય, પણ એ વાસના રહેવા દેશે નહિ. હજાર કલ્પ સુધી રહીને પણ પાછું પડાશે; પછી પાછા ગર્ભવાસ, ચોરાશી, તાવ એ દુઃખ એનાં એ જ, માટે હમણાં જ ચોખ્ખું કરવું. જેમ હજાર કૂતરાં, મીંદડાં, ઊંટિયાં; એ સડી ગયેલ પડ્યાં હોય, તે જેવા ભૂંડાં લાગે તેવા વિષય લાગે, ત્યારે થાય. તે સારુ આત્મનિષ્ઠા શીખવી.**॥૧૨૩॥**

અને મહારાજ કહે, "વહાણનાં લાકડાં કેટલાંક તો લીધાં છે ને કેટલાંક ઘડાય છે; ને કેટલાંક વહાણ તૈયાર થયાં છે; ને કેટલાંકમાં માલ ભરાણો છે; ને કેટલાંક અધવચાળે પૂગ્યાં છે; ને કેટલાંક તો પાર ઊતર્યા છે." એમ આપણા સત્સંગમાં માણસનું છે.**॥૧૨૪॥**

ઓહોહો ! ભગવાન સંગાથે આમ કરવું તે અમારો તો આવો ઠરાવ જે –

નેણકુરંગા નાગરી,[૧] વરું તો વ્રજરાજ, નીકર રહું કુંવારી
સો માથાં જાતાં રે સોંઘા છોગાળા

---

૧. હરણી જેવી નયનવાળી રુક્મિણી.

INDEX

એક શિરકે વાસ્તે ક્યું ડરત હે ગમારા
ડોલરિયા ઘોળ્યો રે કે તમ ઉપર દેહડો

એવા ઠેરાવ કરવા, ત્યારે ભગવાન રાજી થાય. ''अर्थं साधयामि'' કે ''देहं पातयामि'' ત્યારે એ કામ સિદ્ધ થાય છે. **॥૧૨૫॥**

અને આવા સાધુને કાંઈ મનુષ્ય કે દેવ જેવા ન જાણવા. આ તો મહામોટા છે. માટે સમાગમ કરવો. એ વાત રહી જાશે તો પછી શું કામ આવશે ? ઘોળ્યું, મંદિરના રોટલા ખાઈને પણ આનો જોગ કરી લેવો. ઘણોય બાજરો છે, તે આવો તો હું આપીશ. એમ દયા કરીને કેવળજ્ઞાન દેવું એ જ આગ્રહ ! ને વળી બોલ્યા જે, તમે સાકરની રસોઈ દેશો તેમાં શું ? આગળ એક મણની હજાર મણ દેશું, પણ તેણે કાંઈ કામાદિક શત્રુ ઓછા થાય નહિ. મૂળગા વધે તો ખરા ! તે માટે સમાગમ કરી લેવો એ જ સિદ્ધાંત છે. **॥૧૨૬॥**

આ તો તમને ઘડી ઘડી પોરો[1] દઉં છું, નીકર રાત ને દિવસ એમને એમ કથાવાર્તા કર્યા કરું. પણ બીજાને મૂંઝવણ પડે તે સારું ઘડીક ભક્તિ, ઘડીક કીર્તન, કથા, વાતો, ધ્યાન એ બધું ફરતું ફરતું કરવું; તેથી મૂંઝવણ થાય નહિ. **॥૧૨૭॥**

અને સ્તુતિનિંદાના (લોયાના ૧૭મા) વચનામૃતમાં કહ્યું છે જે, ''જેને ભગવાનનું માહાત્મ્ય સમજાણું હોય તેને સારા વિષય મળે તો તેમાં મૂંઝાઈ જાય.'' ત્યારે એક સાધુએ પૂછ્યું જે, ''સારામાં મૂળગો કેમ મૂંઝાય ?'' એટલે સ્વામી કહે, ઓલ્યા બીજા જેમ નરસામાં મૂંઝાય, તેમ એ સાધુ સારામાં મૂંઝાય. કેમ જે, એણે આગળથી જ રાખ કરી મૂક્યું હોય પછી શું કઠણ પડે ? ને અમારે આટલું આસન નહોતું રાખવું, પણ સાધુએ કહ્યું એટલે રાખ્યું; પણ ગમે નહિ. ને સહુ આસન જેટલું નાખે છે એટલું નાખ્યું તે ગઢપણ સારુ. તે વગર પણ ચાલે, ધરતી જેવું તો સુખ જ નહિ; ને વાહને પણ ઝાઝું ન ચલાય. તે સારું જેવું તેવું હોય તે ઉપર

૧. આરામ.

INDEX

બેસીએ તેમાં વળી તાલ શા ? ને આ મહોલાત, ધર્મશાળા પણ ન ગમે; ને આ તો આજ્ઞા એટલે શું કરવું ? નીકર આમાં શું માલ છે ? સેવા થાય એટલો માલ; નીકર તો વન બહુ ગમે. **॥૧૨૮॥**

અને કોઈક મોટો માણસ ઘોડાં લઈને આવે તે ન ગમે, તે જાણું જે ક્યારે જાય ? તે મરને મોતિયા લાવ્યા હોય તેમાં શું ? કૂતરાનું નામ પણ મોતિયો હોય છે ! આવા ગરીબ હરિજન ગમે. અને વનમાં પણ પચીશ પચાશ સાધુ તો જોઈએ; ને માંદો થાઉં ત્યારે પણ ઘીવાળી લાપશી ન ભાવે. માટે :–

यद्यदाचरति श्रेष्ठ स्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते[૧]**॥** ગી. અ. ૩-૨

મોટેરો હોય તે ચાલે તે માર્ગે ચાલવું. મોટેરો હોય તે કરે તેમ થાય. ઘીની હાંડલી હું રાખું તો સહુ રાખે, ને હું જેમ ચડાવી દઉં તેમ ચડી જાય; પણ મારે તો કેવળ પ્રભુ સાંભરે એટલું જ કરવું છે. એમ પોતાનું વર્તન તથા રીત કહી દેખાડ્યા. **॥૧૨૯॥**

અને મહારાજ કહે, "જડભરત ને શુકજીના જેવો વૈરાગ્ય, ગોપીઓના જેવો પ્રેમ, ઉદ્ધવ ને હનુમાનના જેવું દાસત્વપણું એવો થાય ત્યારે ખરો ભક્ત; નીકર કાચપ કહેવાય." તે વિચારીને જોવું જે એમાં કેટલી કસર છે.**॥૧૩૦॥**

અને સાધુ થઈને ભજન કરવું; સાધુ જેવી કોઈ વાત નથી ને મહારાજ પણ સાધુના સમ ખાય છે. તે જુઓને અંબરીષ સાધુ થયા, ત્યાં તો કાંઈ દુઃખ ન આવ્યું. ॥ साधवो दीनवत्सलाः ॥ માટે એ થયે છૂટકો છે. ને ભગવાનનું કામ સાધુ વતે થાય; પછી એ સાધુ ભેળા જ ભગવાનનાં દર્શન થાય છે; એવા મળે પછી શું બાકી રહ્યું ? એવા મળ્યા ને કસર રહી

---

૧. **અર્થ** : શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ અન્ય લોકો કરે છે. તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે.

જાય છે, એ તો **'વૂઠે મેએ કાળ.'**[1] આવા ભગવાન ને સાધુ મળ્યા છે ને કસર ટાળતા નથી ! **''પથ્થર કી જાતિ હીરા ચિંતામણિ પારસહુ, મોતી પુખરાજ લાલ શાલ ફેર ડારિયે ॥'** એ બોલીને કહ્યું જે, એવા સાધુને પગે લાગી અનુવૃત્તિમાં રહીને ખોટ ટાળી નાખવી. **॥૧૩૧॥**

અને જે સમે જેવી ભગવાનની મરજી હોય તે સમો વિચારવો ને તે પ્રમાણે ચાલવું. ને આ સમે જીવ ઉપર દયા કરી તે હવેલીઓ, ગાડાં ને બળદ એવી રીતે છે. તે ભગવાનને બહુ જીવનું કલ્યાણ કરવું છે તે સારુ કરીએ છીએ, નીકર વગડામાં પચીશ વર્ષ રહ્યા; એક ગોદડીભર રહેવું ને માંગી ખાવું એમ રહીએ. જે તે પ્રકારે રાજી કરવા છે, માટે સમો વિચારવો. જેમ કહે તેમ કરવું. **॥૧૩૨॥**

અને અંતરનો કુસંગ, બહારનો કુસંગ ને સત્સંગમાં કુસંગ એને ઓળખીને તેનો ત્યાગ કરવો. તે અંતરનો કુસંગ જે મનમાં ભૂંડો ઘાટ થાય; ને સત્સંગમાં કુસંગ જે લોક, ભોગ ને પક્ષ; તે પક્ષે કરીને આચાર્યનું, મંદિરનું, કોઠારનું ને મોટા સાધુનું ઘસાતું બોલે. ત્યારે કોઈકે પ્રશ્ન પૂછ્યું જે,'એ થઈ ગયું હોય તે કેમ ટળે ?'' એટલે સ્વામી કહે, ''એ તો મોટા સાધુનો વિશ્વાસ હોય જે, 'એ ભગવાન જેવા છે ને ભગવાનની પેઠે અંતર્યામી છે, તે જાણે છે પણ કહેતા નથી.' એમ જાણે તો ટળે.'' **॥૧૩૩॥**

અને એક સાધુએ પ્રસાદી ખાધી તે સારુ પંક્તિ બહાર કાઢેલ. પછી એક હરિભક્તે મહારાજ આગળ કહ્યું કે, ''કુરાનમાં લખ્યું છે જે, ખુદા સવારના પહોરમાં સાદ પડાવે છે, જે કોઈ ગુન્હેગાર છે ? તો છોડી મૂકીએ.'' એમ કહ્યું ત્યારે મહારાજ કહે, ''એ વાત સાચી છે.'' પછી હાથ જોડીને ઓલ્યા સાધુ દીન થઈ ગયા એટલે તે ઉપર રાજી થઈ ગયા ! તેમ છે. દીન થાવું, તો એ તો સારું કરવા જ ઊભા છે. પછી ઓલ્યો કહે, ''તેયે માફ કરજો ને કહેશો એમ કરવું છે, ને તમને રાજી કરવા છે; તે રૂડું થાય તેમ મુને કહેજો.'' પછી કહે કે ઠીક ભજન કરવા માંડો.

૧. ઘણો વરસાદ થવા છતાં દુષ્કાળ પડે તેના જેવું.

INDEX

જુઓને મારે ચેલા છે; પગ દાબે એમ છે, ઢોલિયા છે; ગાદલાં ને ખાધાનું છે; ને જે હું કહું તે તરત કરી દીએ એમ છે; પણ હું જો તે કરું અને કોઈને ન કરવાનું કહું તો મનાય નહિ ને સહુ કરે. તે લખ્યું છે જે **'ઋષભદેવ ભગવાન શિક્ષાને અર્થે સિદ્ધિઓને ન ગ્રહણ કરતા હતા'**[૧] એમ આપણે રહેવું. **॥૧૩૪॥**

અને પક્ષ ને સ્નેહ તો જનાવર સુધી છે. તે પોતાનાં બચ્ચાંને જ સેવે ને ધવરાવે છે. એક કણબી ભેંશનું પાડું લઈને આગળ ચાલ્યો જતો હતો, તે ભેંશ એક ગાઉ સાવજ આવ્યો ત્યાં સુધી પાછે પગે ચાલી ગઈ ! એમ છે. માટે આપણે તો એ ત્યાગ કરીને ત્રણ ગ્રંથ પ્રમાણે રહેવું; એમાં મહારાજનો રાજીપો છે, માટે એમ વર્તવું. **॥૧૩૫॥**

અને તમો કહો છો જે, "કહેજો." તે હું તો કહું જ. તે સભામાં કહું નીકર છેલ્લી બાકી ઈતિહાસ કથા કહું; પણ જીવમાંથી ડંખ કાઢી નાખું. માટે સાધુને સેવવા; ને એનું ઘસાતું ન બોલવું. તે પર મધ્યના અઠ્યાવીશમા[૨] વચનામૃતની વાત વિસ્તારીને કરી. **॥૧૩૬॥**

અને બહાર ભજન કર્યે બહાર વૃત્તિ ફેલાય. તે જો રજોગુણ, તમોગુણ વર્તતા હોય તો કરવું; પણ સત્ત્વમાં તો અંતરમાં જ કરવું. જેણે કરીને ભગવાન સાંભરે છે. ને ઊંડા ઊતરી જાવું ને ભજન કરવું. તે પ્રથમ તો ઘણા હરિજનની વાત કહી દેખાડી. **॥૧૩૭॥**

અને પછી કહ્યું જે, બીજું જે કહે તે થાય પણ હરિભક્ત ન થવાય; તે કોઈક થાય; પણ તેથી સાધુ ભેળું ન રહેવાય; ને કોઈક રહે, પણ વિષય ત્યાગ ન થાય; તે કોઈક કરે, પણ એથી ભગવાનમાં ન જોડાવાય. એ તો બહુ જ આકરું છે. **॥૧૩૮॥**

---

૧. સંતોને ત્યાગની આદર્શ શિક્ષા માટે ઋષભદેવે આકાશગમન, મનોવેગે ગમન કરવું, અંતર્ધાન, પરશરીર પ્રવેશ, દુરદર્શન, દુરશ્રવણ વગેરે સિદ્ધિઓ ઈચ્છા ન હોવા છતાં આવી તોપણ તેનો ત્યાગ કર્યો તેને ન સ્વીકારી.

૨. એકધારું ચાલતું સત્કર્મ અલ્પ હોય તો પણ સમય જતાં ઘણું વધી જાય છે.

અને બીજું તપ, ધારણાં-પારાણાં બે મહિનાનાં કહો તો કરે; પણ ઓલ્યું જે સૂક્ષ્મ તપ એ તો ન જ થાય. ॥૧૩૯॥

અને વળી એક આ કામ પણ કઠણ છે; તે શું? તો જે સવારથી બપોર સુધી આંખો મીચીને ન બેસી રહેવાય ને બધો જન્મારો બાહ્ય દૃષ્ટિએ બેસાય ને બાહ્ય દૃષ્ટિએ જો માળા ફેરવે, તો બીજે મન ભમે; ને આંખો મીચીને ફેરવે તો ભગવાન સાંભરે. તે આમ દિવસ આખો ફેરવાય; પણ ભગવાન સંભારીને તો પાંચ પણ ન ફેરવાય; એ પાંચ જુદી રીતની થાય. માટે **ધીરે ધીરે નિત્યે ભગવાનમાં જોડાવું. તે ન થાય તો સાધુમાં પ્રથમ જોડાવું; તો પછી ભગવાનમાં સહેજે જોડાવાય.** ॥૧૪૦॥

અને એક સાધુને રામદાસજી ભાઈની મૂર્તિ ધરાઈ ગઈ તેથી બળતરા થઈ ને રોયા. પછી અમે તેને કહ્યું જે પહેલાં સાધુ દેખાય ને પછી ભગવાન દેખાય. તે પછી ત્રણ દિવસે ભગવાન દેખાણા; એમ થાય. તે મુક્તાનંદ સ્વામીના કીર્તનમાં પણ છે જે, **''સાધુ ભેળા ભગવાન.''** તે માટે એમ કરવું. એટલે એક સાધુએ કહ્યું જે, ''એમ તો ભગવાનની કૃપાએ થાય.'' ત્યારે સ્વામી કહે જે, ''આપણે કયે દિવસ કરવા બેઠા ને ન થયું?'' એ ભગવાન ને મોટા સાધુ તેને તો એમ જ કરાવવું છે ને આ તે જીવની ખોટ છે; નીકર એની તો કૃપા જ છે. ને નિત્યે ભગવાનમાં જોડાવાનો આગ્રહ રાખવો. ''નિત્ય બળિયું.''[૧] એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે થાશે; એ કર્યા વિના છૂટકો નથી. ॥૧૪૧॥

અને એક કણબી હતો તે બે પહોર જ રળે;[૨] કાં જે થોડા કાળમાં મરી જાવું છે તે શીદ દિવસ બધો કૂટીએ? એમ કુસંગીને પણ થયું, ત્યારે આપણે તો સત્સંગી થયા તે ઢગ[૩] દિવસ રળ્યા. ને હવે તો આવા સાધુનો જોગ કરી લેવો. એ દુર્લભ છે. પણ મેમણના તરેલાની પેઠે તાણ્યા જ ન કરવું. ॥૧૪૨॥

---

૧. કમાય.

૨. ઘણા સમય સુધી.

૩. પથારીમાં.

અને સ્વામી કહે, બેઠકે ઓળખાય છે, તે મહારાજ પણ પૂછતા કે, ''આ સાધુ કોણ પાસે બેસે છે ? ને આ કોણ પાસે બેસે છે ?'' એમ નામ લઈને પૂછે. પછી જે જેની પાસે બેસતા હોય તેનાં નામ લઈ દેખાડે ત્યારે તેવો કોઈકનો સંગ ન કરવા યોગ્ય હોય ને સારો સાધુ એની પાસે બેસે છે એમ જાણે ત્યારે કહેશે જે, **''પંડે તો સારા છે, પણ સાધુ ઓળખતાં આવડતા નથી.''** એમ કહેતા માટે આ સંગમાં ભેદ દેખાડ્યો; અને **ઉત્તમ સંગ કરવો ને નરસાની તો સોબત જ ન કરવી. ॥૧૪૩॥**

અને જો રોટલા મળતા હોય, તો આઘો પાછો પગ જ ન ભરવો; ને જો ભરે તો દુઃખી થાય. ને રોટલા તો સૂતા રહે તો પણ મહારાજ સોડમાં[૧] દઈ જાય; નીકર દીધા હોય તે લઈ જાય. માટે દાળ-રોટલા ખાઈને ભજન કરી લેવું. **લોકના ફિતૂરમાં ને વ્યસન જેટલામાં તો આપણા રોટલા છે;** એમ જાણવું ને ડોળ ન કરવો. **॥૧૪૪॥**

નૃસિંહાનંદ સ્વામીને મહારાજે ભણાવવા માંડ્યા તે પંચસંધિ[૧] મહિના એકમાં કંઠે કરી; પણ મૂર્તિ દેખાતી તે ન દેખાણી. પછી રોયા ! તે મહારાજ કહે, ''ભણવું મૂકી દિયો.'' પછી મૂર્તિ અખંડ રાખ્યામાં દાખડો બહુ પડશે; કેમ જે આ જીવે પાપ ઘણાં કર્યા છે. તે પાપના કરોડ કોઠાર ભર્યા છે તેમાંથી ભગવાને એક કોઠાર ફાડીને અર્ધાના ઈન્દ્રિયો, દેહ આદિ સમસ્ત કર્યું; ને અર્ધામાંથી તેનાં ભોગનાં સ્થાનક કર્યાં, માટે એ બધુંય પાપ છે. **કોઈ ઇન્દ્રિય, અંતઃકરણ ભગવાન ભજવા દે એવાં નથી; ને જીવ તો એકલો છે, તે જો બળિયો થાય તો ભગવાન ભજાય;** નીકર ભજવા દે એવાં નથી. પણ જે દી' તે દી' આ કર્યે છૂટકો છે. એ સિદ્ધાંત છે. ને અંતરદૃષ્ટિ કરવી તે ધીરે ધીરે કરવા માંડ્યે થાય; તે એક કર્યા વિના છૂટકો નથી. **॥૧૪૫॥**

અને એક કડિયે મહારાજની મૂર્તિ કરી, તે સૌ કહે, ''ભારે કલમ છે.'' ત્યારે સ્વામી કહે, ''હા, એ તો બહુ સારું પણ મેં તો બધુંય જોયું

૧. સંસ્કૃત વ્યાકરણનો એક ભાગ.

તેમાં **નિષ્કામીપણાની કલમ સૌથી ભારે જણાણી;** તે કોઈથી ન રહે, માટે એ રાખવી.'' **॥૧૪૬॥**

આ નેત્રને આ સાધુનાં દર્શન થાય, ત્વચાને સ્પર્શ થાય, નાસિકાએ તેને ચડ્યાં હોય એ પુષ્પનો ગંધ લેવાય, ને રસનાએ તેનો વિનય થાય એટલો જ લાભ છે. **॥૧૪૭॥**

મરવું એક દિવસ જરૂર છે; પણ ભૂલી બેઠા છીએ એ પૂરું અજ્ઞાન છે. આત્મા દેખાણે ન વળ્યું. ધ્યાનપરાયણે ન થયું. ॥ **आकृतिचितिचापल्यरहितानिष्परिग्रहाः** ॥ એ પ્રમાણે રહે ત્યારે સાધુ થાય તે પૂરો સાધુ કહેવાય. ॥ **कोटिकल्पश्तैरपि** ॥ ત્યારે અંત આવે છે. **॥૧૪૮॥**

અમે વાડી કરી છે તે ત્યાં જાવું બહુ ગમે છે; કેમ જે વન, પર્વત, ઝાડી ગમે એ રુચિ. ને આ આટલું બ્રહ્માંડનું કામ કરીએ તે તો આજ્ઞાએ, પણ અનુસંધાને ઓલ્યું. ને આ તો મોટું રાજ છે, તે કોટિક તો સંકલ્પ કરવા પડે; પણ અંતરમાં કાંઈ નહિ, એવો મારો સ્વભાવ છે. માટે સૌને એમ કરવાની રુચિ રાખવી. કરવા માંડે તો થાય. જેમ ભણવા મંડ્યે ભણાય છે; એ આદિક સર્વે ક્રિયા કરે છે તો થાય. આ ગિરનાર જેવડા તરંગ હૈયામાં ઊઠે, તેથી મોટા ડુંગર જેવડા ઊઠે; તે માટે જરા જરા બંધ રાખીને ભગવાન સંભારવા. **॥૧૪૯॥**

અને એક જણ તો કોઠારીને મારવાનું ધારતો હતો; તે ભગવાનનો કોપ થયો. તેથી દોઢ વર્ષ સુધી માંદો રહ્યો ! પછી મારી આગળ રોયો ને દીન થયો; ત્યારે મને દયા આવી એટલે મટ્યું. માટે એવા સ્વભાવ ન રાખવા. **॥૧૫૦॥**

અને મેડે મંડળી ભેળી થઈને મલકની નિંદા કરે છે, તે જો કરશે તો કાઢી મૂકશું. ને જે ધર્મામૃત આપણી ઉપર જ કર્યું છે તે લોપીને ચોરીઓ કરે છે, ને લૂગડાં વધુ રાખે છે તે ઠીક નહિ પડે. જેમ ટિટોડી ઊંચા પગ કરે તેણે કરીને આકાશ નહિ ઝીલાય. તે સારું કાંઈ અટક્યું નહિ રહે, કાઢી જ મૂકશું.

INDEX

કાંઉ ઝાઝા કાગોલિયાં, ને કાંઉ ઝાઝા કપૂત;[૧]
હકડી તો મહિડી ભલી, ને હકડો ભલો સપૂત.

તે જે રાખતો હોય તે આ ઘડી ચાલવા માંડો; **અમારે તો ધર્મ રાખતા જે થાશે તે કરવું છે; એવો ઠરાવ છે.॥૧૫૧॥**

અમારે તો કાંઈ વસ્ત્ર જ ન જોઈએ. એક ધાબળી પણ નથી ને આ ખાધાનું તો કોઈકના સારાને અર્થે છે. બાકી દાળ રોટલા જોઈએ. ને બીજામાં મહારાજને પ્રતાપે સહેજે અરુચિ જ રહે છે. તે માટે **ભૂંડા સ્વભાવનો ત્યાગ કરીને ભગવાન ભજવા. ॥૧૫૨॥**

અને બ્રહ્મચર્ય રાખવાના તો છ ઉપાયો છેઃ તેમાં આંખ, કાન, નાક ને મન; એ ચાર ચોરી કરી જાય છે, તેની સુરત રાખીને સાચવવા. તેમાં આંખને તો બીડી લેવી તેથી ઊપજે જ નહિ, એ મૂળ છે. ને ખાવું ઝાઝું નહિ ને ઊંઘવુ ઝાઝું નહિ એ પણ મૂળ છે. તેમાં ખાવું ને ઊંઘવુ તેમાં તો વિષય જ રહ્યા છે, તે માટે ॥ **असंकल्पाज्जयेत्कामं** ॥ ધીરે ધીરે સંકલ્પ બંધ કરવા માંડીને ભજન કરવું ને મનનો વિશ્વાસ ન કરવો તે ઉપર—

न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते[૨] ।
यद्विश्रम्भाच्चिराच्चिर्णं चस्कंदतप ऐश्वरम् ॥
नित्यं ददाति कामस्य छिद्रं तमनुयेऽरयः ।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥

---

૧. દાદા મેકણ દ્વારા લિખિત દોહા આ પ્રમાણે છે.
કાંતુ ઝાસ કાગળીયા, કાંક ઝાઝા કપૂત
હંસો તો હેક જ ભલો, હક્કો ભલો સપુતા ઝાઝા કાગડા કે ઝાઝા કુપુત્રો શું કામના ? એક હંસ હોય અને એક સુપુત્ર હોય તો ઘણો કામ લાગે.

૨. **અર્થ** : ચંચળ મન સાથે કદી મિત્રતા કરશો નહિ જેના વિશ્વાસથી સૌભરિ જેવાનાં પણ તપ નષ્ટ થઈ ગયાં છે. કુલટા સ્ત્રી પતિને જેમ કંઈક ખૂટે છે. તેમ તે મન પોતા સાથે મિત્રતા કરનાર યોગીના કામને છિદ્ર આપે છે; જેની પાછળ સઘળા શત્રુઓ દાખલ થઈ શકે છે. ભા. પં. ૩-૬.

એ શ્લોક બોલીને કહે, આ સર્વ વાત ખપવાળાને કામની છે. જેને કલ્યાણ જોતું હોય તેને આંહી બીજું શું છે ? બાકી તો અમે બેઠા છીએ ત્યાં જ ધર્મામૃત લોપાય છે; પછી વાંસેથી તો શું થાશે ? વ્યવહાર કર્યા વિના તો ચાલે નહિ; પણ પાછું વળવું. એમ મહારાજનો ને મોટો સાધુનો સિદ્ધાંત છે. **॥૧૫૩॥**

અને મહારાજની વાંસે કચેરી એકાંતિકની હતી તે તો ઊઠી ગઈ છે ને જાય છે : ને આ તો જ્યાં સુધી આવા સંત ને દશ-વીશ હજાર સારા હરિજન છે ત્યાં સુધી વચનામૃતનાં વચન, ધર્મામૃતનાં વચન એ બે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ; એ ચાર એકાંતિક ધર્મ રહેશે ને પછી તો શિક્ષાપત્રી પળશે. માટે આપણે તો હમણાં જ સાધી લેવું. ને બ્રાહ્મણને લોટ માગીને, બાટી શેકીને પણ આ સમાગમ કરવા વાંસે ફરવું; ને ક્ષત્રિયને પાકું માંગીને પણ આ કરી લેવાનું છે. **॥૧૫૪॥**

હવે નવરા થયા તે ભૂતના વાંસડાની પેઠે મનને સેવામાં જોડી દેવું ને વિષયમાં સંકોચ કરવો. પણ જો એમ નહિ થાય તો નિયમ નહિ રહે ને શેર એક ખાવું, સુધ્ધા તો દોઢ શેર ખાવું; પણ બશેર લગી તો ન જ પૂગવું. ને ઝાઝું સૂવું નહિ કેમ જે સૂતે સૂતે અન્ન પચી પછી ઇન્દ્રિયો બળવાન થાય, તે માટે સંકોચ રાખવો. **॥૧૫૫॥**

અને સ્વામી કહે એક દિવસ મહારાજે મને કહ્યું હતું જે, "ધર્મકુળમાં રઘુવીરજી જેવા કોઈ નથી." તે વાત સાચી, કેમ જે એની રે'ણી[૧] કે સ્થિતિ તે ક્યાંય ન મળે; ને ત્યાગની છટા પણ મહારાજના જેવી જ હતી. એવા હવે નહિ થાય. કદી મહારાજ મોકલે તેની વાત નહિ. **॥૧૫૬॥**

અને આ જે સ્વામિનારાયણ તેને જે કોઈ કચવાવશે કે રૂખમાં[૨] નહિ રહે તેનું તો બહુ ભૂંડું થાશે ને કાંઈનું કાંઈ નરસું થઈ જાશે; માટે કચવાવવા નહિ. **॥૧૫૭॥**

---

૧. રહેવાની પદ્ધતિ.

૨. મર્યાદામા, અનુવૃત્તિમાં, આજ્ઞામાં, મરજીમાં.

INDEX

એકવાર શ્રીજી મહારાજે ઊભા થઈને કહ્યું હતું જે, "કોઈ નિયમ ભંગ કરશો મા; ને જેને કરવો હોય તો સત્સંગમાં રહેશો મા, ને આ જે સૂર્ય **સરખી અમારી ગોદડીઓ તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા.** ને મને ભગવાન જાણશે ને કુસંગમાં હશે, તો પણ કલ્યાણ થાશે; ને **સત્સંગમાં રહીને નિયમભંગ થાશે તેનું તો ભૂંડું જ થાશે.**" એમ મહારાજે કહ્યું હતું. ને એના સાધુ પણ રોજ કહે છે તે માટે ન રહેવાય તો માગ દેજો. ને ઉંદર ને મીંદડી વહાણમાં બેઠાં, તે મીંદડી કહે, "ધૂળ ઉડાડ મા." ત્યારે ઉંદર કહે, "મારનારી થઈ હો તો આમે જ મારને ! એમ જે જાનારા થયા હો તે જાજો પણ મીંદડીની પેઠે કરશો મા. **॥૧૫૮॥**

ઓ હો ! જુઓને પરદેશથી વાતો સાંભળવા આવે છે, અને આંહીંના મેડે ને બીજે બેઠા હોય છે તે શું સમજ્યા ! ખરેખરો થઈને સાધુમાં વળગે તો કામાદિક શત્રુ બળી જાય ને ભગવાનમાં જોડાય. જેને ખાવા મળતું હોય ને ભગવાનને ન ભજે એ જેવો કોઈ પાપી, અધર્મી, મૂર્ખ કે અણસમજુ નહિ. ઓહો ! આવા મહારાજ મળ્યાને એવી ખોટ રહી જાય છે એ જેવું શું છે ! **॥૧૫૯॥**

આ જીવ તો ઘરમાં, કુટુંબમાં, લોકમાં, ભોગમાં ને દેહમાં ગીરના આંધળા[1] ની પેઠે વળગ્યો છે ! પણ અંતે રહેવું નથી; એ મૂકીને ચાલ્યું જવાશે. **॥૧૬૦॥**

આ દેહ જેવું તો કોઈ વહાલું નથી; તે ખૂણે જઈને સુવાડી મૂકે. પછી કોઈક દ્રવ્ય લઈ જાય, લુગડાં આદિ પદાર્થ લઈ જાય, અરે ! માથું પણ કાપી જાય તો પણ ખબર પડતી નથી ! એમ દેહ સારુ થાય છે. તે દેહનું જે પોષણ કરે તેમાં ને જે દેહની સુશ્રુષા કરે તેમાં હેત થયા વગર રહે જ કેમ ? ને દેહ તો કાલ પડી જશે. માટે એથી નોખું પડવું. પછી :

---

૧. સર્પના આકારનું એક જાતનું પ્રાણી, જે અજગરની જેમ ભરડો લઈને ખોરાક મેળવે છે.

INDEX

જેનું રે મન વન વાંછતું, અતિ રે'તા ઉદાસજી;
તો થાક્યા વસ્તીએ વસવા, બાંધી સહુ સંગે આશજી-જેનું
જેને રે ગમતી જીરણ કંથા,[૧] જેવું તેવું જળઠામજી;
તેણે રે રંગ્યા રૂડાં તૂંબડાં, ગમતાં માગે વસ્ત્ર ગામોગામજી-જેનું

એ બોલ્યા ને બીજું શિષ્યનું પણ એવું છે.

પોતાનો પરિવાર પરહરિ, ચાલ્યો એકિલો આપજી;
તેણે રે સ્નેહ કીધો શિષ્ય શું, લીધો પરનો સંતાપજી.

એ બોલ્યા. તે શિષ્ય સારુ વાંસે જાય છે. તે શિષ્ય જાય તો એવું થાય છે; માટે જ્ઞાન શીખવું. **॥૧૬૧॥**

નાગર ગવૈયા પાસે **'બતિયાં[૨] તેરી શ્યામ સોહાવનિયાંવે'** એ કીર્તન બોલાવીને વાતો કરી ને કહે જે, આ કલાક લેખે લાગી, બાકી બધી ખાલી ગઈ. તે ઉપર દૃષ્ટાંત દીધું જે એક ગામને પાદર પાવળિયામાં[૩] આયુષ્ય લખેલ, તે કેનુંક મહિનો, કેનુંક બે મહિના, કેનુંક છ મહિના, ને કોઈકનું વર્ષ તે એ ગામમાં એક બ્રાહ્મણ રહેવા જતો હતો, તે એ વાંચીને પાછો વળ્યો. ત્યારે માણસે કહ્યું જે, "એમ નથી; આ તો જેણે આ ગામમાં જેટલી ઘડી ભગવાન ભજેલ, ને ભગવાનની કથા વાર્તા સાંભળેલ, તે બધી ઘડી કરીને જેટલી થઈ તેટલી જ આવરદા પાવળિયામાં માંડી છે; કેમ જે બાકીની તો એળે ગઈ છે !" એમ આપણે પણ એવું છે જે, જેટલી ઘડી ભગવાન સંબંધી થયું એટલી જ ઘડી સાચી છે. ને **કામમાં, ક્રોધમાં, લોભાદિકમાં જેમાં જેટલી કસર આંહી રહેશે, તેટલી ક્યાંક ટાળ્યા પછી ધામમાં જવાશે.॥૧૬૨॥**

આ જીવને આજીવિકા હોય, તે તૂટે એ કેવું લાગે ? એમ આ દેહને વિષે પંચવિષયની આજીવિકા સત્સંગ કર્યા પછી તૂટી જાય છે. તે નેત્રને

---

૧. જૂની ગોદડી.
૨. વાતો.
૩. પાળિયો, મૃતાત્માની સ્મૃતિમાં. ઊભો કરેલો પથ્થર.

રૂપની, રસનાને રસની, નાસિકાને ગંધની, ત્વચાને સ્પર્શની, એ બધાયની આજીવિકા તૂટી જાય છે; પછી કેમ સુખ રહે ? એમ ચાર-પાંચ વાર કહીને બોલ્યા જે, આવી વાત કોઈ દિવસ કરી નથી. ॥૧૬૩॥

આ જીવ તો ઝાડ, પથરા, ધૂળ ને બલા[1] એ જુએ છે, તેમાં શો માલ છે? અને મૂળ શાસ્ત્રમાં કહ્યું છે જે, નેત્ર આગળ આવે તે જોવું, પણ બહુ લાંબી દૃષ્ટિ ન કરવી. એમ સાધુનો માર્ગ છે. પણ વારે વારે વખાણ કરે જે, 'આવું હતું ને આમ થાશે ?' ને શાસ્ત્રમાં કહ્યું છે **જે, નિયમ પ્રમાણે જમે તે સદા ઉપવાસી ને વસ્ત્ર પણ નિયમ પ્રમાણે રાખે તે ત્યાગી.** માટે નિયમમાં રહેવું. ॥૧૬૪॥

અને જે દી' તે દી' સાધુથી જ મોક્ષ થાય છે ને જ્ઞાન આવે છે. ને જે દી' તે દી' કાંઈક થયું હશે તે પણ તેથી જ થયું છે, ને થાશે તે પણ તેથી જ થાશે; માટે મોક્ષના દ્વાર જ આ સંત છે. તે આ ચૈતન્યાનંદ સ્વામી ઢોલિયો, વસ્ત્ર ને ખાધાનાં પદાર્થ પારવોણાં (પાર વગરના) રાખતાં; તેનું કોઈથી કહેવાણું નહિ. મહારાજે એક વાર કહ્યું હતું તે સારુ મરવા તૈયાર થયા હતા ! ને શ્રીજી મહારાજ આગળ કોઈને પદાર્થ મૂકવું હોય, તો તે આગળથી પોતા પાસે આવે, ત્યાર પછી શ્રીજી મહારાજ પાસે મૂકવા જવાય એવું હતું ! પણ બાળમુકુંદાનંદ સ્વામીએ વાતો કરી ત્યારે સર્વેનો ત્યાગ કરીને પંક્તિમાં રોટલા ખાય, ને હાથ જોડીને બોલે ! એવું સાધુ વતે થયું. તે સભામાં બોલ્યા જે, **''બાર વર્ષ ગુરુ ને બાર વર્ષ સદ્ગુરુ રહ્યો; પણ સત્સંગી તો આજ થયો''** ને ઘનશ્યામદાસને તો મેં એવી વાતો કરી જે સ્વભાવ માત્ર કાઢી નાખ્યા. તે મહારાજ ભેળા પણ ઘોડા વગર ન ચાલતાં; ને લૂગડાં આદિક પદાર્થનું પણ તેમ જ હતું; તે હવે સાધુ થઈ ગયા. એમ થાય છે, માટે સાધુ સાથે જીવ બાંધવો. ॥૧૬૫॥

અને કેટલાંક ઢોર સાથે જીવ જોડે છે ને સંભારે છે; તે ઢોર એને વશ થઈ રહે છે ને વાંસે ફરે છે. એમ ભગવાન સામું જોઈ રહે ને જીવ

૧. નકારી વસ્તુ, સ્ત્રી.

જોડે, તો એ વશ થયા વિના કેમ રહે ? એ તો પછી એની વાંસે જ ફરે છે; ને સામું જોઈ રહે; કેમ જે ભક્તવત્સલ છે. તે માટે ભગવાન સામું જોઈ રહેવું, ને બીજું ઝાડ આદિકમાં કાંઈ જોવું નહિ; ને દેહને ઘસારો લગાડવો હોય તો રાત્રીમાં બે બે ઘડી ભજનમાં બેસવા માંડે. ॥૧૬૬॥

અને ઊંઘ ને આહાર તો વધાર્યા વધે ને ઘટાડ્યાં ઘટે. ઊંઘ તો બે પહોર સુધી કરવી, ને ખાવું તે દોઢ શેર સુધી ખાવું.॥૧૬૭॥

અને મુંબઈ જાય તો સત્સંગ થોડો ઘાસે[૧] ને તેથી મુસંબી જાય તો વધુ ઘાસે; ને તેથી કાપકુરાન[૨] જાય તો સાબદો[૩] ઘાસી જાય ! માટે ઘેર બેઠાં રોટલા મળે તો વધુ સારું આઘું જાવું નહિ, ને શહેર પાટણ સેવવાં નહિ. ને સુખ તો સત્સંગમાં જ છે. ત્યારે કોઈકે કહ્યું જે, "તમારી આજ્ઞામાં રહે તો ?" એટલે સ્વામી કહે, "હા, આજ્ઞામાં રહે તો સુખી થાય, ને આજ્ઞા બહાર પગ દે તો દુઃખી થાય. **આજ્ઞા ને વચન એ બેમાં જ સુખ છે.** ને તેમાં મોક્ષ પણ રહ્યો છે. જુઓને જાનકીજીએ આજ્ઞા બહાર પગ દીધો તો હરાણાં ! ને એક કડિયો કરાંચી ગયો, તે ભારે કમઠાણ[૪] ઉઠાવીને રૂપિયા પંદર હજાર ભેળા થયા. પછી મેં આંહીંથી કાગળ લખ્યો જે ભાગી આવજે, ઝાઝો લોભ કરીશ મા; પણ ન આવ્યો. તેમાંથી શુંયે થયું, તે બધાય ગયા ને પોતે માંડ બાયડી છોકરાં લઈને ભાગ્યો ! એમ પણ થાય છે. ॥૧૬૮॥

અને ભગવાનનાં કથા, કીર્તન થતાં હોય, ત્યારે ધ્યાન મૂકી દેવું. કેમ જે એમાંથી **જ્ઞાન થાય ત્યારે ધ્યાન ટકે.** ॥૧૬૯॥

જીવ પંચવિષય સારુ ખુવાર મરે છે તે એક એક વિષય ગિરનાર જેવડા છે; તે ઊખડતા નથી. ને આ બધો મુલક મંડે તો ગિરનાર પર્વત

---

૧. ઘસાઈ જાય
૨. દક્ષિણ આફ્રિકાનું શહેર.
૩. બિલકુલ, પૂરેપુરો.
૪. કારભાર, અઘરું કાર્ય.

INDEX

પણ ઉખેડી નાખીએ; પણ કામ તો કરોડ ઉપાયે પણ ન ઊખડે. ને બે વાંદરા કામ સારુ લડ્યા, તેમાંથી એક વાંદરો દોડ્યો ને ઝાડને બચકું લીધું ! તે દાંત ખૂંચી ગયા એટલે મરી ગયો. એવું કામ વિષયનું છે ! કામથી ક્રોધનું વધુ :

कामं दहन्ति कृतिनो ननु रोषदृष्ट्या रोषं दहन्तमुत तेन दहन्त्यसह्यम् ।
सोऽयं यदयन्तरमलं प्रविशन्बिभेति कामः कथं नु पुनरस्य मनःश्रयेत ॥८१॥

એ શ્લોક બોલીને કહ્યું જે, **શિવના ગણે તો કામ બાળી નાખ્યો છે, પણ ક્રોધે કરીને પોતાના અરધા અરધા હોઠ કરડી ખાધા છે ! તે માટે બધુંયે જાળવવું.** ને છઠું મન પણ નીલવાંદરા[૧] જેવું છે; જે હળીહળીને દોડે છે. ને એક ક્ષણ સ્થિર થાતું નથી.**॥૧૭૦॥**

માંગરોળમાં મહારાજ મૂળચંદભાઈને ત્યાં જમવા ગયા, તે રસ્તામાં એક કબો વાણિયો વેપારમાં ખોટ ગઈ તે ઘેલો થઈ ગયેલ તે હાટમાં[૨] બેઠો બેઠો ત્રાજવામાં ધૂળ ને છાણ ને પાણા ભરી ભરીને તોળે ! પછી કહે જે, 'લીઓ સાકર, લીઓ એલચી' એમ કહે. પછી મહારાજ કહે, "આ કોણ છે ?" એટલે હરિજને કહ્યું જે, "આ તો કબો ગાંડો છે." ત્યારે મહારાજ કહે, "હું તો જે જીવ ભગવાનને નથી ભજતા, એ બધાય કબા ગાંડા છે એમ જાણું છું." **॥૧૭૧॥**

ઓહો ! ભાદરવે મહિને કાંઈ મે[૪] મોંઘા છે ! તે આમ આવા સંત છે ત્યાં સુધી છે. પણ ત્યાં તો કોઈ સમાગમ કરતું નથી ને પછી ગૃહસ્થને ને ભેખધારી તે સર્વેને પશ્ચાતાપ થાશે. માટે સમજણવાળા ને વગર સમજણવાળા એ બેયને જે તે પ્રકારે ઉદ્યમ કરીને રોટલાનું કરતે કરતે

---

૧. **અર્થ** : યોગીઓ કદાચ રોષદૃષ્ટિથી કામને બાળી શકે છે, પણ પોતાને બાળતો એવો જે અસહ્ય ક્રોધ તેને બાળી શકતા નથી. એવો ક્રોધ જેના હૃદયમાં પ્રવેશ કરતાં ભય પામતો હોય, તેના મનને કામ તો ક્યાંથી અડી શકે ? ભા. દ્વિ. ૭-૭.

૨. જેનુ મુખ કાળુ હોય છે એવો એક જાતનો વાંદરો.

૩. દુકાન

૪. વરસાદ.

આ સાધુ પાસે આવવું; ને એમ રોટલાનું કરવું ને વળી આવવું. એમ કરી લેવું. ને જીવ બીજું તો કરે જ છે, તે તેમાં શું ? કોટિ કલ્પ સુધી તપ કરે પણ આ જોગ ન મળે. તે જે ઉપવાસ કરતા હશે તેને તપની ખબર પડતી હશે. એમ કહીને બ્રહ્મવિલાસનું (ગુરુનું) અંગ બોલાવ્યું. ને કહ્યું જે, આ જોગ બહુ દુર્લભ છે; જીવને શું ખબર પડે ? એમ કહીને પોતાની ગોદડી દેખાડી ને કહ્યું જે, આ ગોદડી ઓઢીને બેસી રહીએ તે ચીથરે વીંટ્યા રતન છે. ॥૧૭૨॥

અને સાધુને કોઈકે પૂછ્યું જે "કેમ સ્વામિનારાયણ પ્રગટ્યા ? તેનો શું અભિપ્રાય છે ?" તે તો મહારાજે કહ્યું છે **જે, જીવોને અજ્ઞાન છે, તેનો નાશ કરીને અક્ષરધામમાં લઈ જવા એ અભિપ્રાય છે.** તે ઉપર દૃષ્ટાંત છે. જે એક ઊંદરિયું વર્ષ થયું, તે ઊંદર ખેતર ખાઈને બળિયા થયા. પછી તેણે વિચાર કર્યો જે, આપણા શત્રુ મીંદડાં છે તેને મારી નાખીએ. પછી તો થોડાક કહે અમે પેટ ખાશું, થોડાક કહે અમે પગ, થોડાક કહે અમે પૂછડું, પણ કોઈએ મોઢાનું ન કહ્યું. એમ છે પણ કોઈ મોઢે ચડીને પૂછતું નથી.

મુવેલ કાંઉ મારશે, દલદાર[૧] દાવલ[૨] પીર;
દાવલથી દેદા[૩] ભલા, જેણે પઢીને કીધા પીર ॥

એ મુવેલ શું પૂછે ? ॥૧૭૩॥

એક હરિભક્ત ખંભાતથી સમાગમ કરવા આવતા હતા તેને વચમાં એક જણે વાર્યા; તે વાત સ્વામી આગળ આંહીં આવીને કહી. પછી સ્વામી કહેઃ તેને કહીએ નહિ જે જૂનેગઢ તોઃ—

---

૧. દળદર.

૨. વ્યર્થ, ફોગટ,નિરર્થક.

૩. જેતપુર કાઠીનું સૈન્ય લાઠી ગામના ધણી દેદમલને હેરાન કરવા ગામમાં આવી બહેન-દીકરીઓને રંજાડતું. તે સૈન્યની સામે લડતાં દેદમલ મૃત્યુ પામ્યો ત્યારથી "અમારા રક્ષણ માટે દેદો મરાયો" એમ માની દેદમણની યાદીમાં દીકરીઓ દેદો કૂટે છે.

INDEX

કામીલ કાબીલ મુરસદ[૧], સબ હુન્નર તેરે હાથ વે

એવા છે. "એમ કહેવું હતું ને ! સુંવાળાં લૂગડાં રાખીને બેસે, તે મોટા મોટાને તો કહેવાશે નહિ, પટારામાં તો હશે ખરાં, માટે સાવચેત રહેજો. હવે તો પટારા, દેહ ને જીવ બધુંય શોધવું છે; તે પાર કેમ આવે ? ॥૧૭૪॥

એક જણે પૂછ્યું જે, "સૌ કરતાં વા'લું શું હશે ?" ત્યારે ઉત્તર કર્યો જે, અમને તો દેહ જણાય છે. તે મહારાજે પણ એક સાધુ આગળ કહ્યું કે, "જીવને કરોડો પાપના કોઠાર ભર્યા છે."એ વાત વિસ્તારે કરીને બોલ્યા જે, તે માટે એ પણ પાપનાં છે; તે ભેળે દેહની એકતા આવી તેમાં જીવ જુદો રહ્યો, તેને બળિયો કરીને ઓની ભેળું રહેવું, પણ ભળવું નહિ; ને કોઈ પદાર્થ કે વિષય રાખવાં નહિ; પછી ત્યાં જઈને ભોં ખોતરવી પડે ! એ કરતાં અહીં જ છૂટકો કરીએ નહિ ! ॥૧૭૫॥

અનંત ક્રિયા થાય પણ ઈન્દ્રિયોને ને મનને રોકાય નહિ. ને નેત્રે કરીને ગધેડું, કૂતરું, મીંદડું આદિ જુએ, એમાં શો માલ છે ? પણ રહેવાય નહિ. **હાલતાં ચાલતાં, ખાતાં, પીતાં, સર્વે ક્રિયાને વિષે ભગવાન જ સંભારવા. ॥૧૭૬॥**

આ દેહને તો જેમ કોઈ પદાર્થ ઉપર તુળસી મૂકે છે તે કૃષ્ણાર્પણ થાય છે; એમ કરી મૂકવો. તે વિના મોક્ષ થાય નહિ ને શાંતિ પણ થાય નહિ. એટલે એક જણે કહ્યું, "હા, શાંતિ થાતી નથી." ત્યારે સ્વામી કહે, "ક્યાંથી થાય ? શાંતિ તો આવા સાધુમાં છે; તેને સેવે ત્યારે આવે. જે ભગવાન છે તેણે પોતે આ સાધુને શાંતિ આપી છે. તે માટે આ સાધુનો તો સમાગમ જે કરે તેને શાંતિ આવે." ॥૧૭૭॥

અને માન, કામ, ક્રોધમાં જીવ ભરાઈ રહ્યો છે, તેણે શું ભગવાન ભજાય છે ? ને ગ્રામ્ય વાર્તાનું કહ્યું જે, ગ્રામ્ય વાર્તા ત્રણ જણ હતા તે

---

૧. યોગી, ગુરુ, ધર્મોપદેશક.

કરતા, તેને મહારાજ કહે જે, "આને અમ પાસે આવવા દેશો મા, એ ગ્રામ્ય વાર્તા કરે છે." માટે પ્રયોજન માત્ર વાત કરવી, પણ બીજી રાજાની ને શાહુકારની તે શા સારુ કરવી જોઈએ ? **ભગવાન વિના વાત કરવી ને ભગવાનની સ્મૃતિ વિના ખાવું; એ ધૂળ જેવું છે. માટે સાધુનો સમાગમ કરીને કામ, દેહાભિમાન ને ક્રોધ એ ટાળવાં. ॥૧૭૮॥**

અને દેહને તો શું કરવું ? આમ ને આમ પરપોલા[૧] જેવું કરી નાખે છે, એવું ન રાખવું, ખાસડાં જેવું કરી નાખવું. આ જોને અમારા પગ વજ્ર જેવા છે તે કાંટો વાગે જ નહિ ને ધગે[૨] પણ નહિ. ને એકવાર મહારાજ પાસે જાતા હતા, તે રસ્તામાં શૂળ હતી તે કરડ કરડ બોલતી ગઈ ને અમે ચાલ્યા ગયા, કાંઈયે થયું નહિ ! માટે દેહ જો પરપોલા જેવો રાખ્યો હોય તો જરાક વા ન આવે તો જીવમાંથી આકળો થઈ જાય ! તે માટે એવો દેહ ન રાખવો. **॥૧૭૯॥**

સંવત્ ૧૯૨૦ના ભાદરવા સુદી બીજને દિવસે જૂની ધર્મશાળા ઉખેળીને વાત કરી જે, **જે ક્રિયા કરવી તેમાં માન, ક્રોધ ને ઈર્ષ્યા એ ત્રણ તો આવવા દેવાં જ નહિ** અને ક્રિયામાં તો માણસ જડાઈ જાય છે. તે મોરે એક સાધુ ઉપરથી બેલું નાખતાં હતા તે જાણ્યું જે કોઈના ઉપર પડે છે એમ થાતું હતું, ત્યાં તરત પાધરા બેલા[૩] સોતા જાતે પડ્યા ! પછી ભગવાને રક્ષા કરી. એમ પણ ક્રિયામાં જડાઈ જવાય છે ! માટે મોટું કામ તો ધીરે ધીરે કરવું; ને બીજું તો બધુંયે થાય, પણ **આજ્ઞા ને વર્તમાન જે પાળે તે ઉપર મહારાજની નિરંતર દૃષ્ટિ રહે છે.** તે આજ્ઞા ને નિયમ તે શું ? જે ત્રણ ગ્રંથમાં બધું આવી ગયું. **॥૧૮૦॥**

વરતાલમાં મેડા ઉપર મહારાજે વાત કરી જે, સ્વામી હજી નિશ્ચયમાં ફેર છે કે નથી થયો, જો કોઈક સ્ત્રી ભેળી થઈ હોય તો ડગમગાટ થાય ?

---

૧. સુંવાળું, ઢીલું. દેહનું ખુબ જ જતન કરવાથી તે જેવું બને છે તેવું.
૨. ખુલ્લા પગે ચાલતા જમીન ગરમ ન લાગે.
૩. પથ્થરની પાટ.

જેમ ગોરધનભાઈ તથા તેના પુત્ર તે ભેળા પ્રત્યક્ષ શ્રીજી મહારાજ સૂતા, તે ત્રણ થયા, બીજું ગોકળ ભાટિયાનું[1] કહ્યું જે, નાત બહાર કાઢ્યા, ને એની ડોશીને સર્વ ક્રિયામાં ભગવાન દેખાય ને બહાર જાય ત્યાં જે ક્રિયા કરે તે સર્વમાં મહારાજ દેખાય, પણ સત્સંગી નહોતી ! ત્યારે એવી કોઈક ક્રિયા જોઈને નિશ્ચય રહે નહિ, સંશય થઈ જાય, પણ લીલા ન જણાય. સત્સંગ કરે ને તેમાં જો આ સર્વ કહ્યાં એવાં ચોખ્ખા ન સમજે તો કસર રહી જાય. **॥૧૮૧॥**

અને આ સાધુનું તો દર્શન કર્યે પંચ મહાપાપ બળી જાય. પણ પૂરું માહાત્મ્ય ક્યાં જાણ્યામાં આવ્યું છે ? **॥૧૮૨॥**

હે પરમહંસો ! સ્ત્રી રૂપી તરવારે કરીને કોણ હણાણો નથી ? ને હે પરમહંસો ! દુઃખ દેવાને અર્થે જોબન અવસ્થા તે ચડતું પગથિયું છે. તે માટે તપે, વ્રતે, યોગે ને છેલ્લી વાર આવા સાધુને સંગે કરીને આ જોબન અવસ્થા તરવી; ને ભગવાનમાં જીવ જોડવો. **॥૧૮૩॥**

હે પરમહંસો ! શાંતિ તો એક નારાયણના ચરણારવિંદમાં જ છે. તે માટે તે સામું જોઈ રહેવું. જેમાં નિદ્રા આવવી જોઈએ તેમાં નથી આવતી. આ ટોડાં[2] સારે છે તેમાં નથી આવતી ને જો માળા ફેરવવા બેસે તો બધાયને આવે ! પણ ધીરે ધીરે ભગવાનને સંભારતા જાય ને ટોડાં

---

૧. **ગોકળ ભાટિયાનું કહ્યું** : જુનાગઢના ગોકળ ભાટિયાએ એકવાર શ્રીહરિને જમવા તેડાવ્યા. તેમના માતુશ્રી સત્સંગી ન હતા. શ્રીહરિને કામણગારા-જાદુગરા જાણતા. તેથી 'શ્રીહરિના દર્શન કરીશ તો મને વળગશે' એમ મનમાં ડરીને બારણાં બંધ કરીને બેસી ગઈ. શ્રીહરિ જમીને વિદાય થયા ત્યારે તે ડોશી બહાર આવી. અચાનક મહારાજે પાછું વાળીને જોયું. શ્રીહરિ અને ડોશીમાની નજર એક થઈ અને મૂર્તિ અંતરમાં ઊતરી ગઈ.
ડોશી મૂંઝાઈ ગઈ. મૂર્તિ ભૂલવા અનંત ઉપાય કર્યા છતાં ભુલાણી નહિ. પછી કોઈએ લસણ-ડુંગણીની કેપ્સ્યુલ આપી અને છીંકણીરૂપી પાવડર આપીને મૂર્તિ ભૂલાવી. (હરિલીલામૃત - ૭।૧૪)

૨. પથ્થરની ખાણમાંથી નીકળેલ અણઘડ ખરબચડો પથ્થર.

લાવતા જાય તો એમ જ થાય; મરને એક ટોડું ઓછું આવે. પણ એવા સ્વભાવ પાડેલ નહિ. આવાં તો બ્રહ્માંડમાં એક લાખ કરોડ કારખાનાં ચાલતાં હશે એમાં શું પાક્યું ? આગ્રામાં અઢાર કરોડ રૂપિયાનું એક કબ્રસ્તાન છે, તેણે શું થયું ? માટે ભગવાન ભજ્યામાં સુખ છે. ॥૧૮૪॥

આસો વદી આઠમે વાત કરી જે, ભગવાન નથી ભજતા ને બીજા ડોળમાં ભળે છે તેને લંબકર્ણ જેવા કહ્યા. ને ભજે છે તેનાં લક્ષણ કહ્યાં જે, ''હું બલિહારી એ વૈરાગ્યને'' એ બોલ્યા. ને પછી કહ્યું જે, કોઈને હિંમત આવતી હોય તો આ સમો ભગવાન ભજ્યાનો છે; તે કોઈને હિંમત આવતી હોય તો આ સમે ભગવાન પ્રગટ્યા છે; તે કોઈને હિંમત આવતી હોય તો તે ભેળા એવા સાધુ પણ આવ્યા છે; અને કરવાનું પણ એ જ છે. આ તો જીવને ગરજ ક્યાં છે ? એમ કહીને હસ્યા. જુઓને ! લોંઠાઈએ[1] આ સાધુ માળા ફેરવાવે છે; લોંઠાઈએ નિયમ પળાવે છે, લોંઠાઈએ ભગવાન ભજાવે છે, નીકર જીવને તો ગરજ ક્યાં છે ? તેને તો કાંઈ કરવું જ નથી; તે કરે જ નહિ. ॥૧૮૫॥

સંવત ૧૯૨૧ના કાર્તિક માસમાં વાત કરી જે ક્રિયા કરવી તેમાં ફળનું અનુસંધાન રાખવું; તે કામનું ફળ જોવું, એ શું છે ? તેમજ ક્રોધનું, લોભનું, સ્વાદનું ને સ્નેહનું; એ બધાનું જોવું. તે કહું તે સાંભળો જે, કામમાંથી ઈન્દ્રને હજાર ભગ થયા; ક્રોધમાંથી દુર્વાસાનું ભૂંડું થયું; માનમાંથી દક્ષનું ભૂંડું થયું; લોભમાંથી નંદરાજાને દુઃખ થયું; સ્વાદમાંથી શૃંગી ઋષિનું ને સ્નેહમાંથી સર્પ થાવું પડે છે. એવાં કેટલાક કહીએ ? એ માર્ગ જ ભૂંડો છે. માટે જે તે પ્રકારે દેહનિર્વાહ કરીને સમાગમ કરી લેવો. ને આ લોકમાં તો નહિ જ રહેવાય; એમ ચાર વાર કહ્યું. બધું કરીએ ને સુખ માની બેઠા હોઈએ, પણ ભગવાન છે તે જ્યારે ઘાંટો ઝાલશે, ત્યારે અન્ન કે પાણી નહિ ઊતરે. ॥૧૮૬॥

---

૧. જબરજસ્તીથી.

અને આવા સાધુ છે તે પણ એમ દંડ દે છે; તે જેણે ત્યાગે, તપે આદિક સાધને કરીને વશ કર્યા હોય તેથી થાય. આ જીવનું તો કરવું કેવું છે ? તે મહારાજ કહેતા જે, "એક ગરાસિયો હતો. તે કસુંબા કાઢે, ત્યારે લડાઈની ને ધીંગાણાની વાતો કરે ત્યારે ખરાઈ[૧] આવે તે જ્યારે અફીણ પીએ ત્યારેઃ અને ઊંઘે ત્યારે વળી ઢીલા ઢફ !" અને આપણે પણ જ્યારે વાતો થાય ત્યારે એમ, ને પછી પાછું કાંઈ નહિ. ॥૧૮૭॥

અને વહાણ છે તેનું સુકાન ધ્રુવ સામું મરડે છે[૨], ને તેના ખેવટિયા[૩] ધ્રુવ સામું જોઈ રહે છે; તેમ આપણે ભગવાન સામું જ જોવું. ને બીજે માલ નથી; ને બીજું તો જે જે કરીએ છીએ તેમાં વેઠિયાની પેઠે મંડ્યા છીએ :—

પહેલે પૂજત ગોર જ્યું, પ્રીત કરી મનમાંય,
મુક્ત કહે સ્વારથ સરે; ફિર ડારત ધ્રો માંય[૪].

તે જ્યારે સમાગમ કરશું ત્યારે વ્યવહાર વેઠરૂપ જણાશે. ॥૧૮૮॥

સંવત ૧૯૨૧ના માગશર માસથી મહારાજ પાસે જવાની વૃત્તિ તણાય છે, તે તમને હમણાં તો જણાતું નથી; પણ ભાઈ હવે આવો જોગ નહિ રહે. ને મહારાજ ભેળા રહ્યા છે તે પણ વાંસે રોશે, કાં જે આવી વાત કોણ કરે ? કોઈ કરશે તો સુધી[૫] જન્મ મરણની કરશે; ને આ તો મનના ને ઇન્દ્રિયોના દોષ કહેવા, તે એ કેને એની ખબર હોય ? એના દોષ કોણે જોઈને ત્યાગ કર્યા છે ? માટે આવો જોગ નહિ મળે. ॥૧૮૯॥

---

૧. મંદવાડમાંથી સત્વર સાજા થઈ જવું તે.

૨. વાળે છે

૩. સુકાનીઓ

૪. અર્થઃ કુંવારિકાઓ સુયોગ્ય વરપ્રાપ્તિ માટે ગૌરીવ્રતમાં પાર્વતીની મૂર્તિ બનાવે, પણ વ્રત પૂરુ થયા પછી ક્યારેય તેને યાદ કરતા નથી. જુવારા વાવી તેનું પૂજન કરે, પણ પછી ઘાસમાં ફેંકી દે છે. એમ સ્વાર્થ સિદ્ધ થઈ ગયા પછી કોઈ યાદ કરતું નથી.

૫. એકલી, નકરી, ફકત

અને પુસ્તકોમાં તો વાતો લખી હશે પણ કોઈને તે કામ આવી નથી; કાં જે વચનામૃતની આખી પ્રતો પાસે પડી રહી. ને વળી ભણેલા તે પણ સત્સંગમાંથી ગયા છે. **॥૧૯૦॥**

બાકી ધર્મશાળાનો તાલ લાકડાં ને પાણામાં કાંઈ નથી; એ બધું કહીએ છીએ તો નિંદા જેવું કહેવાય છે; પણ આવી વાતો વિના પરભાવને નહિ પમાય. તે **શુકજીને દેખીને ગોપીઓએ** વસ્ત્ર ન પહેર્યાં; ને વ્યાસજીને દેખીને પહેર્યાં ! કાં જે એને સ્ત્રી પુરુષનો ભાવ નહિ. માટે **સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ; એ ત્રણથી તો વારંવાર નોખું જ પડવું.** અને એને ભાવનાએ કરીને મૂક્યા ત્યારે પ્રકૃતિ પર્યંત આવી ગયું ને તે પર ગુણાતીત એવું સ્વરૂપ થયું; માટે તે વગર કોઈ કાળે છૂટકો નથી–

ત્યજ ધર્મમધર્મં ચ ઉભે સત્યાનૃતે ત્યજ ।
ઉભે સત્યાનૃતે ત્યક્ત્વા યેન ત્યજસિ તત્ત્યજ[૧] ॥

તે કહ્યું છે જે, અસદ્વાસનાનો ત્યાગ ને સદ્વાસનાનો પણ ત્યાગ કર; તે કર્યું થાય. એ કહ્યું તે પ્રમાણે કરવું. **॥૧૯૧॥**

અને જીવને સત્સંગ થાય નહિ; તે તો જેટલા દેહ મૂકીને ગયા જે એકાંતિક સાધુ તેમનો રાત્રિપ્રલય સુધી અહોનિશ જોગ રાખે તો થાય, નીકર પૂરો ન થાય. **॥૧૯૨॥**

ઓહોહો ! આ ભરતખંડમાં આવો જોગ થઈ ગયો ! આ સાધુ, આ વાતો, આ ધર્મ જો ખરેખર ઓળખાય તો ને આ સાધુ ઓળખાય તો કાંઈ કાચું નથી; ને આ વાતો તો કોઈને મળી નથી. **॥૧૯૩॥**

---

૧. **અર્થ** :- જ્યારે મુમુક્ષુ આત્મવિચાર કરવા બેસે ત્યારે તેને આડા જે ધર્મરૂપ અથવા અધર્મરૂપ, સત્યરૂપ અથવા અસત્યરૂપ જે જે સંકલ્પ આવે તેનો ત્યાગ કરીને અને જે વિચારે કરીને એને તજે છે તે વિચારનો પણ ત્યાગ કરીને બ્રહ્મરૂપે રહેવું; પણ દેહે કરીને ધર્મરૂપ નિયમનો ત્યાગ કરવો કહ્યો નથી. (વચ.લો. પ્ર-૧૫)

આ દેહ હાડકાંનો, સ્ત્રીનો દેહ પણ હાડકાંનો ને છોકરાનો પણ હાડકાંનો; એમાં કાંઈયે માલ નથી. ને ચૂનો એ ધોળી ધૂળ ને આ બીજી અમથી ધૂળ; દેહ ધૂળનો, રૂપિયા ધૂળના, કુટુંબી ધૂળના, ખાવું ધૂળનું, ખોરડાં ધૂળનાં, એમ છે. ને માલ માનીને ચોટ્યો છે; પણ કાળ ખાઈ જાશે. માટે ભગવાન ભજી લેવા; બાકી બધું ધૂળનું છે. ॥૧૯૪॥

ઓહો ! માણસ બધાં આ થાંભલાના દર્શન કરે છે; પણ કોઈ સાધુનાં નથી કરતાં. ને કોટિ વાતની એક વાત છે : જે દિવસે ભગવાન અને આવા સાધુને નમશે તે દિવસે જ છૂટકો થવાનો; જે દિવસ અખંડ ભજન કરશે ને જે દિવસ દોષ મૂકશે તે દિવસ જ ભગવાનના ધામમાં રહેવાશે; કરોડ વાતની એ જ એક વાત છે. ॥૧૯૫॥

અને મન નવરું રહેતું નથી, લાખ ઘાટ કરે છે; પણ ઝાઝા રૂપિયા હોય તો કેટલું સુખ આવે ? ॥૧૯૬॥

આ ચાલ્યા, આ દેહમાં કાંઈ રહેવાશે ? આ દેહમાં તો નરક ભર્યું છે. જેને સારું ખવરાવો છો ને જો સંબંધીને આપો તો સારું બોલે, બહેનને પણ જો હમણાં એક રૂપિયો ન આપ્યો હોય, તો હેતની ખબર પડે ! આ બધું સ્વારથિયું છે. એ આદિક ઘણીક વાતો કહી. ॥૧૯૭॥

અને વળી કહ્યું જે, જો તમે આવ્યા તો દર્શન થયાં. કરોડ જન્મ તપ કરીએ તોપણ આટલી વાતોના જેટલો સમાસ ન થાય; જો વિચાર હોય તો. માટે ભગવાન કે ભગવાનના જન પાસે ગયા વિના છૂટકો થાય નહિ ને જ્ઞાન પણ આવે નહિ. ને સો વર્ષ ભગવાન ભેળા રહીએ તોપણ સાધુ પાસે રહ્યા વિના સમજણ ન આવે. **ને કોઈક મહારાજ પાસે આવીને થોડુંક બેસે ત્યાં મહારાજ કહેશે જે, ''મુક્તાનંદ સ્વામી પાસે જાઓ.''** એમ મોકલતા. પછી સ્વામી વાતો કરતા. તે માટે **મોટા સાધુ સેવવા.** પછી ભગવાનની પેઠે સેવવા યોગ્ય સાધુનાં લક્ષણ છેલ્લા પ્રકરણના છવ્વીશમાં વચનામૃતમાં છે તે વાંચો; એમ આજ્ઞા કરીને વંચાવ્યું. ॥૧૯૮॥

સંવત ૧૯૨૧ ના પોષ સુધી પૂનમે પ્રાતઃકાળમાં નવી ધર્મશાળામાં નિવાસ કર્યો. તે દિવસે વાત કરી જે, મહારુદ્રમાં પાટીદારને ભંગ કરવાનું હતું, તે મહારાજે આગળથી એક હાર સાધુની, એક હાર પાળાની, એક હરિભક્તની ને એક હાર કાઠીની, એમ કોટની પેઠે કરીને પેસવા ન દીધા. તેમાં કહેવાનું શું છે ? જે જેમ એ કાઠીઓએ કકડાટી કરીને પેસવા દીધા નહિ, એમ આપણે ભજનની કકડાટી કરીને બીજું કાંઈયે પેસવા દેવું નહિ. ને ભગવાનનું રટણ કરવું તે ભેળું સાધુનું પણ રટણ કરવું; ને એમને એમ કર્યા કરવું. **॥૧૯૯॥**

અને કેટલેક ઠેકાણે ધર્મ કરે છે તેમાં કરોડ મણ દાણા વાવરે છે, પણ એક અધશેર બરોબર ન આવે; ને એક અધશેર પણ એવું છે. જેમ ઋષિએ વનમાં સાથવાની ચાર પત્રાવળી પોતાને સારુ પૂરી હતી; પણ જો ઓલ્યા ઋષિ માગવા આવ્યા તેને દીધી તો તે ટાણે ચારે ખાઈ ગયા ને જ્યારે હાથ ધોયા ત્યારે તેમાં નોળિયો આળોટ્યો ત્યાં સોનાનો થઈ ગયો ! ને પાંડવે યજ્ઞ કર્યો તેમાં ન થયો; કાં જે એનું દ્રવ્ય એવું હતું. શું ? જે એ ધન તે મરુત રાજાનું લૂંટીને લાવ્યા હતા. ને ઓલ્યું થોડો જ સાથવો હતો; પણ મહેનત કરીને ભેળો કરેલ અને વળી શ્રદ્ધાસોતું દીધું તેમ આગળ પાત્ર પણ એવું હતું. માટે પાત્ર જોઈને દાન કરવું. **॥૨૦૦॥**

બીજા તો **સુરા ભક્તના આપાનાં**[1] **પુણ્ય જેવાં** પુણ્ય કરે છે તે આપો[2] કાશીએ રૂપિયા પાંચસે વાણિયાના વ્યાજે કાઢીને ગયા; તે ધોળકામાં સારાં કેળાં ને કેરી આદિક સારું દીઠું એટલે ત્યાં રહ્યા. પછી બધું ખાઈને વર્ષ એક થયું, ત્યારે વાંસ લઈને કાવડ કરી, ને વચ્ચે સાબરમતીથી પાણી ભરીને આવ્યા; ત્યાં તો સહુ સામા ગયા ને ગામમાં આવ્યા. પછી ઓલે વાણિયે ઉઘરાણી કરી ત્યારે કહે જે, "દેશું" પછી ઝાઝા દિવસ ગયા એટલે વાણિયે અકળાઈને કહ્યું જે, "કાં તો રૂપિયા

૧. પિતાજી
૨. પિતાજી

દિયો ને કાં તો ગંગાજીનું પુણ્ય દિયો'' પછી તો આપાના છોકરાં સહુ કહે જે, ''ના પુણ્ય તો નહિ'' ત્યારે આપો કહે, ''દે રે દે ! પુણ્ય તો દીધા જીમો (જેવો) છે'' એમ કહીને કાનમાં ધોળકાનું કહ્યું, પછી પુણ્ય દીધું. ત્યાં તો મર વાણિયાનો છોકરો, પછી બાઈડી ને પછી પોતે ! આ જો, જગતમાં એવા પુણ્ય થાય છે; એમ કહી હસ્યા ! ને પછી કહે મહારાજ એવી વાતો કરાવતા. ॥૨૦૧॥

અને આપણે કાંઈએ કરવું નથી, કાં જે સત્સંગમાં માલ છે તેણે કરીને ઉઘાડી આંખ છે તે જોશું ત્યાં તો આ સાધુ ને ભગવાનનાં દર્શન થાય છે; ને વિચારે ત્યારે પણ આ સાધુ ને ભગવાન દેખાશે. માટે **જીવતે લાખના ને મૂએ[૧] સવા લાખના.** હવે કોઈ વાતે ફિકર નથી. ને **દાસના દુશ્મન હરિ કદી હોય નહિ.** એ જેમ કરશે તેમ ઠીક જ કરશે. ॥૨૦૨॥

અને આ સાધુ પાસે ભગવાન છે તે જે એનો સંગ કરે તેને દિયે છે. માટે આ સાધુના સમાગમમાં માલ છે; માટે એની આગળ દીન આધીન થાવું, એને નમવું અને એનો અભિપ્રાય જાણવો; જે શું એનો સિદ્ધાંત છે ? એમ જાણીને તે પ્રમાણે વર્તવું. ॥૨૦૩॥

આણીકોર દ્વારકાનાથ ને ઓણીકોર વડનગર ને વિસનગર; ને આણીકોર સાબરમતી ને નર્મદા; એ બધેય ભગવાન ફર્યા છે; કાંઈ બાકી રહ્યું નથી. ને આ સાધુ પણ બધે ફર્યા છે એ સંભારવું. ॥૨૦૪॥

અને આ જીવ આમ સંકલ્પ કરે છેઃ જેમ ઓલ્યા સૂતરનો તાણો કરીને લૂંગડું કરે છે, એમ એકરસ આકાશની ઘોડ્યે (પેઠે) કર્યા કરે છે; પણ આંહી રહેવું નથી એ ખબર નથી. એવો જીવનો સ્વભાવ છે. ॥૨૦૫॥

અને પંક્તિમાં બેસીને મેળાવીને લાડુ જમે તે નિઃસ્વાદી કહેવાય ને એકલો નોખો જો કાચો બાજરો ચાવે, તોય પણ તે

૧. દેહ છતે અક્ષરધામ જેવું સુખ અને દેહ મૂક્યા પછી પણ ભગવાનનું સુખ. = એટલે કે બેય વાતે લાભ.

સ્વાદિયો કહેવાય. તે માટે જુદું પડ્યે જ બગડે છે, અને નિઃસ્વાદી કેને કહીએ ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, પંક્તિમાં જે મળે તે મેળાવીને ખાઈ લે, ને બીજું કાંઈએ ઉપાર્જન ન કરે ને ચાળા ચૂંથતો ન ફરે એ નિઃસ્વાદી કહેવાય. ને ત્યારે જ ભગવાન એની ઉપર રાજી થાય છે. તે રાજી કરવાનો ઉપાય સાધુનો સમાગમ ને નિયમ; એ બે છે. **''ગર્ભવાસમાં શું કહીને તું આવ્યો રે''** એ કીર્તન બોલાવીને કહે જે, તરવાર તો ખરી પણ ક્ષત્રિયના હાથમાં હોય ને વાણિયાના હાથમાં હોય; એમ આવાં **વચન પણ બ્રહ્મવેત્તાનાં લાગે, પણ બીજાનાં લાગે નહિ. ॥૨૦૬॥**

ચોવીશ વર્ષ થયાં આવરદા નથી ને આ દેહ વાતો સારુ જ રહ્યો છે; પણ ત્રીશ વર્ષ થયાં ક્રિયા[1] ઉપરા ઉપર આવી છે તે પૂરી વાતો થાતી નથી. આમ જો આગ્રહ રાખીએ તો ધ્યાન થઈ જાય ને સમાધિ થઈ જાય, પણ પૂરી સોદરી (તૃપ્તિ) વળે એવી વાતો કરાતી નથી. મનમાં હામ રહી જાય છે. **॥૨૦૭॥**

અને સાધુ થયા ને ભેખ ન સુધર્યો, ત્યારે શું થયું ? જે કરવા આવ્યા તે તો ન થયું. માટે ધીરે ધીરે સાધુના લક્ષણ કહ્યાં છે તેમ વર્તતા જાવું તે વિના છૂટકો નથી. **॥૨૦૮॥**

અને વૈશાખ વદી એકાદશીએ શંકરપ્રસાદ આ ગામમાં આવતાં માર્ગમાં અધર ટૂટિયું આવ્યું તે મરી ગયો. એ વાત એક હરિજન પાસે કહેવરાવીને કહ્યું જે, મુમુક્ષુને તો સદાય કડકડાટી જ દેખાય, જે આ તો હમણાં ચાલ્યું જવાશે ને મહારાજે પણ કહ્યું છે જે, ''અમને તો એમ જ વર્તે છે જે આ પળમાં ને આ ક્ષણમાં દેહ પડી જાશે.'' માટે ભગવાન ભજી લેવા. **॥૨૦૯॥**

અને ઉપશમ કરે તે મને ગમે ને હું રાજી થાઉં. ને જે જે ક્રિયા અચાલતી (જરૂરની) હોય તે કરવી, પણ પછી ધબ પડી મેલવી; સંકલ્પ

---

૧. (અહીં) મંદિરને લગતા કાર્યો

કર્યા ન કરવા. આ તો મર્કટની[1] ઘોડ્યે છે; તે એક બુઢિયો વાનરો તેને બીજાએ વાંદરી પાસેથી કાઢી મૂક્યો, પછી બોકાસા (ચીસો)[2] નાખે ! એમ આપણને પણ વિષયમાંથી દુઃખ ઊપજે છે; ને બોકાસા નાખીએ છીએ માટે **વિષયથી છેટે રહેવું. ॥૨૧૦॥**

એક ભક્તે પૂછ્યું જે, "આત્મા કેમ દેખાતો નથી ?" પછી સ્વામી કહે, "દેખાય તો છે, પણ માનતો નથી. જ્ઞાન થાશે ત્યારે મનાશે. આ છે એ બ્રહ્મ ને ગયા એ પરબ્રહ્મ; એમ મર્મમાં વાત કરી."**॥૨૧૧॥**

અને આ દેહ છે તે શ્રવણરૂપી કુહાડે કરીન ઘસાઈ જાશે; માટે કથા, કીર્તનાદિક શ્રવણ કર્યા જ કરવાં. શ્રવણ સારુ તો પૃથુ રાજાએ દશ હજાર કાન માગ્યા ! ને પ્રથમનું ચોપનમું વચનામૃત વંચાવીને બોલ્યા જે, ઓહો ! આ વચનામૃત તો દિવસ બધો જાણે સાંભળ્યા કરીએ તોપણ તૃપ્ત ન થઈએ ! જુઓને માંહી મોક્ષનું દ્વાર જ બતાવી દીધું; ને જ્ઞાન પણ બતાવી દીધું છે. એમ કહીને ત્રણ વાર વંચાવ્યું ને કહ્યું જે, જેનાં કર્મ ફૂટ્યાં હોય તેને આ વાત ન સમજાય. તેને તો મૂળ મોટા પુરુષ એ જ શત્રુ જેવા જણાય છે; એ વિપરીત જ્ઞાન કહેવાય. માટે હવે તો સાધુને જ વળગી જાવું. અને આવો સમો આવ્યો છે, તોપણ ભગવાન પાસે કે મોટા સાધુ પાસે રહીને વાતો સાંભળે નહિ એવી જીવની અકળાઈ છે. ને આ ઘડી જો હજાર રૂપિયા ખરચવાનું કહે તો ખરચે; પણ ઓલ્યું ન થાય ને સ્ત્રી, છોકરો, હવેલી ને વેપાર, એ બધાં તેમાં આડ્ય કરે. ને મહારાજ પાસે પણ એક જણે કહ્યું હતું જે, "રૂપિયા ખરચું પણ રહેવાય નહિ," એક હરજી ઠક્કર, તે એને ગામથી આવીને ગઢડે ભગવાન સારુ મહારાજ ભેળા રહ્યા. આજ પણ આ સાધુ પાસે કોઈ રહેતું નથી. પછી એમ બોલ્યા જે—

---

૧. વાંદરો.

૨. બૂમો, ચિચિયારી

INDEX

જા ઘેર હરિકથા નહિ કીર્તન, સંત નહિ મીજમાના;
તા ઘેર જમરા ડેરા દેવે, સાંજ પડ્યે સમસાના.

એમ છે. પછી પસ્તાવો થાશે, માટે ભગવાન ભજી લેવા. **॥૨૧૨॥**

અને માવો ભક્ત કહેતા જે, "કાંઈ ખડખડે કે છોકરું હોય તે પોતાના માવતરને ગળે વળગી જાય! ' એમ આપણે પણ ભગવાનમાં ને સાધુમાં વળગી જાવું એ જ ઉગર્યાનો ઉપાય છે; તે વિના ચારે કોરે ખાઈ જાય છે. **"બ્રહ્માનંદ હરિચરન બિના સબે ચવિના કાલકા"** એમ કહ્યું છે. **॥૨૧૩॥**

આ જીવ કોઈ દી' પ્રભુ ભજવા નવરો થયો નથી ને સર્વે ધૂળનું છે, પણ માંહી ચોટી રહે છે ! ને જ્યારે શબ્દ સંભળાય ત્યારે ઝડપ કાન દે, રસ આવે ત્યાં તરત દોડી પૂગે, રૂપ આવે તો ઝડપ જોઈ લે, સ્પર્શ આવે કે ઝડપ ત્વચા સ્પર્શ કરી લે ને ગંધ આવે કે ઝડપ નાસિકા સૂંઘી લે એમ પંચવિષયમાં ઝડપું નાખે છે ! અને એ બધાય વિષય છે તો વિષ્ટાના. **"ઈન્દ્રાણી ચંદન લગાય અંગ"** એ સવૈયો બોલ્યા. એવા વિષય છે. માટે નિજાત્માનં બ્રહ્માસ્મિ એમ થાવું તે વિના છૂટકો નથી. **॥૨૧૪॥**

અને વારંવાર માનવ દેહ નથી, ને જો આવી તો ચેત ધર થકી
જરાએ જાજરું થાશે અંગ, ને ઈન્દ્રિયો મૂકી દેશે સંગ.
સમજવાનું હોય તે સમજી લે, પછી ફૂટે ઘડે પાણી ન રે,

પુરુષોત્તમપણાનો કજિયો પણ ઘણા વર્ષોથી ચાલ્યો છે; તે પુરુષોત્તમ કહેવામાં માણસને કેટલી શંકા ! ને બીજા પુરુષોત્તમના રૂંવાડા જેવા પણ હોય નહિ, તેને પુરુષોત્તમ કહે છે; એમ સમજણ આવવી તો ઘણી દુર્લભ છે. તેમ સાધુ પણ ન ઓળખાય ને આવી વાતો વિના મોક્ષ ન થાય. ને આવી વાતો કરનારા પણ ક્યાં મળે ? આ તો **'ઘરમાં દેવ ને પાદર તીર્થ'** એનું માહાત્મ્ય જણાય નહિ તેમ આ લોકમાં પણ કહે છે. **॥૨૧૫॥**

અને કાલ રાતે મુદ્દાની વાત કીધી તે ભગવાન મળ્યા એ મુદ્દો હાથ આવ્યો. આવા પુરુષોત્તમ મળ્યા પછી શું બાકી રહ્યું ? તેના મળેલા સાધુ પણ મળ્યા એ મુદ્દો હાથ આવ્યો છે. હવે ચિંતા નથીઃ—

મીલનો મોહામોહકો નીકો;

આછો[૧] નીકો[૨] લાલ હમારો, ઔર સબે રસ ફીકો;

ખાટી છાશ કહા રસ માણે, સુર ખવૈયો ઘીકો. ૮૬.

તે જે આત્મદર્શી છે તે ખાટી છાશના ભોગી છે; ને જે મૂર્તિ છે તે ઘી છે. તે આપણે તો મૂર્તિ વડે જ રહેવું; ખાટી છાશમાં શો માલ છે ? **॥૨૧૬॥**

અને પંચ જ્ઞાનેન્દ્રિયો વશ રાખી હોય, તો એની વાંસે ઓલી પાંચ છે. માટે ઝાઝો પંચવિષયનો જોગ જ થાવા દેવો નહિ ને જોગ થયે પાછું સમું રહે તેવું નથી. માટે જેટલું અવશ્ય હોય તે કરવું, બાકી પડ્યું મૂકવું; ને તેમાં દોષ જોવા એને જ્ઞાની કહ્યો છે. ને કેટલાક તો કાનમાં પૂંમડા ઘાલી મૂકે છે, તે સાંભળવું ઘટે તે ટાણે કાઢી લે ને જોવું ઘટે તે જુએ; પણ પાંચ હાથથી છેટે દૃષ્ટિ જાય નહિ. એમ જ સૂંઘે નહિ. તેમજ ત્વચાને એક ઓછું પાથરી દેવું પણ વધુ નહિ. તે વિના ન ચાલે તો એકલશૃંગીની પેઠે થાશે; માટે બીતા રહેવું ને **પાપ મૂકવા ને પ્રભુ ભજવા એ સિદ્ધાંત રાખવો. ॥૨૧૭॥**

અને છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત વંચાવ્યું તેમાં વાત આવી જે, "તપ, ત્યાગ, યોગ અને યજ્ઞે જેવો વશ નથી થાતો, તેવો સત્સંગે કરીને થાઉં છું." એમ શ્રીકૃષ્ણે ઉદ્ધવ પ્રત્યે કહ્યું છે. એ વાત આવી ત્યારે સ્વામી કહે : આ વાત સાંભળો; હવે જેટલું છે તેટલું આટલી વાતમાં આવે છે. એ વંચાવીને કહ્યું કે, તપ, ત્યાગ, યોગ, યજ્ઞે વશ નથી થાતા તે સત્સંગે કરીને થાય છે; એ સત્સંગ આપણને મળ્યો છે પણ જણાતો

૧. સરસ.

૨. સુંદર.

INDEX

નથી. સાધુ મળવા તો દુર્લભ છે, ને આ સહુ સભા બેઠી છે તેમાં એ વાત તો જે જાણે તે જાણે છે. સહુને સમજાય નહિ. આવો જોગ મળ્યો છે ને પછી બીજાને વળગે છે, તે કાંઈ સમજતા નથી. તે રઘુવીરજી મહારાજ આદિ મોટા મોટા સાધુ કોવૈયાને પાદર બેઠા હતા, તેને મૂકીને ત્રણસો માણસ દરિયો જોવા દોડ્યું ! ત્યારે તો દરિયા જેવાય રઘુવીરજી મહારાજ આદિ નહિ ને ? પણ જ્ઞાન ક્યાં ? આને મૂકીને બીજાને વળગે છે, તેમાં શું પાકશે ? સાધુ મળે એમ ક્યાં છે ? તે કહ્યું છે જે :-

પથ્થરકી જાતિ હીરા ચિંતામનિ પારસ હુ
મોતી પુખરાજ લાલ[૧] શાલ ફેર ડારિયે,
કામધેનુ કલ્પતરુ આદિ દે અનેક નિધિ,
સકલ વિનાશવંત અંતર વિચારિયે
સબહિ જહાનમેં હિં[૨] દુસરો ઉપાય નાહીં
ચરનુમેં શિશ મેલી દીનતા ઉચ્ચારિયે
કહત હે બ્રહ્માનંદ કાય મન બાની કરી
કુન એસિ ભેટ ગુરુરાજ આગે ધરિયે ? ૮૭.

હે તો સો અનંત સબ કહત હે સંત પુનિ,
ભોમિ-રજકન હુકો હોત નિરધાર હે
વનવૃક્ષહુકે પાત કાહુસે તિ ના લખાત,
સો પુનિ કહત જુગ ભારજ્યું અઢાર હે
ઉદધિ અસંખ્ય નીરતાકું કહત જ્યું ધીર, ૮૮.

મેઘબુંદ અગનિત કોઉ ગીનત કરી ડાર હે
કહત હે બ્રહ્માનંદ હમ ઉરમેં વિચાર દેખ્યો,
ઓર સબહિકો પાર, ગુરુગુન સો અપાર હે.

---

૧. માણેક.
૨. સકળ સંસારમાં.

એ તો મભમ[૧] સાધુ કહ્યા પણ કેવા હોય કે :-

''તિન તાપકી ઝાળ જર્યો, પ્રાનિ કોઈ આવે,
તાકું શીતળ કરત તુરત, દિલ દાહ બુઝાવે;
કહી કહી અમૃત બેન, રેન અગ્યાન નિકાસે,
પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાનુ પ્રકાસે;
વૈરાગ્ય ત્યાગ રાજત વિમલ, ભવદુઃખ કાટત જંતકો,
કહે બ્રહ્મમુનિ આ જગતમેં, સંગ અનુપમ સંતકો. ૮૯.

એવા છે. અહો જીવને સાધુ ક્યાં ઓળખતાં આવડે છે ! ભેળા રહે ને ઓળખે નહિ. ને આ જો ખરેખરા ઓળખાય તો ગાંડા થઈ જાય. પણ એમ નથી ઓળખાતા એટલી જ કસર છે. જેમ જ્યાં વરસાદના ઢગલા થાય, ત્યાં કાળનું ક્યાં દુઃખ છે ? એમ જૂનાગઢમાં સાધુના ઢગલા તે વરસ્યા જ વરસ્યા ! પણ વરસાદ નહિ હોય ત્યારે બહુ દુઃખ થાશે. ને આંહી તો છોંતેરાનો મેઘ છે ને વરસાદ વરસ્યા વિના બીજે તો કાળ જેવું છે. તે માટે આંહી માણસ હજાર ગાઉથી તણાઈને આ દર્શન સારુ આવે છે. ને આંહી જૂનાગઢના તળના હરિભક્ત જાણે જે મોડા મોડાથી જાશું: નહિ તો જાણે જે નોકરી છૂટી જાશે તો શું કરશું ? ચાકરી તો પડી રહેશે ને ચાલ્યું જવાશે ! અને કાંઈ આ સાધુ સદા રહેશે ? આ દર્શન તો બહુ દુર્લભ છે. પછી આંસુની ધારા પડશે. આ દર્શન ફરી મળે તેવું નથી. પછી **'ગુરુગુન અપાર હૈ'** એ બોલીને કહે આ આપણા ગુરુમાં અપાર ગુણ છે –

સાધુ ચંદન બાવના, શીતળ છાંય વિશાલ,
મુક્ત કહે તેહિ પરસસેં, નિરવિષ[૨] હોત વિષવ્યાલ.[૩]

---

૧. જણાય ન તેવું, સંદિગ્ધ.
૨. ઝેર રહિત.
૩. ઝેરી સર્પ.

એવા છે. **''રાજ મિલ્યો કહા કાજ સર્યો''** એ સવૈયો બોલીને કહે : એ સંગ તને મળ્યો છે તે કરવો હોય તે કરજો. **''સાચે સંત મિલે કમી કાહુ રહી, સાચી શીખવે રામકી રીતકુંજી; પરાપાર સોહી પરિબ્રહ્મ હૈ, તામે ઠહરાવે જીવકે ચિત્તકુંજી.''** એવા છે. તે કેટલુંક કહીએ ? આવા સાધુના સમાગમ વિના મોક્ષ નહિ થાય. અને મધ્યના ૨૧માં વચનામૃતમાં કહ્યું છે એટલી વાત કરવાની છે ને જાણવાની છે. ને આવા સાધુ મળ્યા એ તો એક મુદ્દો હાથ આવ્યો છે ને જેને પૂર્વસંસ્કાર થયા છે. તે આ સાધુને જોગે. માટે જોગ કરી લેવો. બ્રહ્માંડમાં આવા સાધુ ખોળી લાવો ક્યાં મળશે ? ને આમ બેસારી બેસારીને વાતો કોણ કરશે ? સાધુ વિના કોઈ કહે નહિ. **॥૨૧૮॥**

પછી ચૈતન્યાનંદ સ્વામીની વિસ્તારે વાત કરીને કહ્યું જે, એવો રજોગુણ હતો, તે બાળમુકુંદાનંદ સ્વામીએ ધીરે ધીરે પુરુષોત્તમપણાની વાતો કરીને સાધુનું માહાત્મ્ય કહીને બધુંયે કઢાવી નાખ્યું ! તે એક આસન ઉપર સૂવું ને ઠાકોરજી આગળ ઊભા રહીને સ્તુતિ કરે જે, ''તમારા સાધુ ઓળખાતા નથી તે ઓળખાવો.'' એવા કરી દીધા ! તે સાધુથી થાય. **॥૨૧૯॥**

એક જણે પ્રશ્ન પૂછ્યું જે, ''જીવમાં કાચપ તો ઘણી છે તેથી આત્યંતિક મોક્ષ તો નહિ થાય; તે જ્યારે કસર ટળશે ત્યારે થાશે. તે કસર ટાળવા ક્યાં રાખશે ? ને જો કોઈક લોકાંતરમાં ભગવાન મેલે તો તો આંહીનાથી ત્યાં વધુ વિષયભોગ છે; ત્યાં રહીને કેમ નિર્બાધ રહેવાય ? એમાં તો રહેવાય એવું જણાતું નથી. તે હમણાં આવા સાધુનો જોગ મળ્યો છે ત્યાં જ કસર મંદ શ્રદ્ધાથી નથી ટળતી; પણ દેહ મૂક્યા પછી આવા સાધુનો જોગ મળે તો કસર ટળે. માટે એવાનો જોગ મેળવશે કે નહિ, કેમ કરશે ?'' પછી સ્વામીએ ઉત્તર કર્યો જે, ''જ્યાં આવા સાધુ હશે, ત્યાં જ રાખીને કસર ટાળશે. હમણાં જણાતું નથી, પણ આ દેહ મૂકીને જીવ બહુ બળિયો થાશે તેના ભગવાન ફળપ્રદાતા છે તે એવો

જોગ મેળવી દેશે; આપણે કાંઈ કરવું રહ્યું નથી. આવા સાધુની ઓળખાણે થઈ રહ્યું. ॥૨૨૦॥

આ તે કંઈ વાતો છે ! આ તો અમૃત છે તે દેવલોકમાં અમૃત પીવા જીવ જાય છે; પણ આંહી પીવા નવરો નહિ ! આ તો પ્રાપ્તિનોય પાર નહિ ને જીવમાં ખોટનોય પાર નહિ ! ઓહો ! આ શ્રીજી મહારાજ પુરુષોત્તમ ને આ સાધુ એ કોઈ દિવસ આવ્યા નથી ને આવશે પણ નહિ. ને એ પુરુષોત્તમનું દીધું ઐશ્વર્ય બીજા અનંત અવતારાદિક પામ્યા છે; એમાં બધુંય આવી ગયું. ॥૨૨૧॥

સંવત ૧૯૨૨ના કાર્તિક સુદી પૂનમથી આ સંતમાં જીવ તણાય છે તે તો ॥ 'शब्दे परे च निष्णाता ब्रह्मण्युपशमाशयाः' ॥ એવા ગુરુ છે એટલે તણાય છે; નીકર ન તણાય. એમ કહીને ગુરુના અંગના સવૈયા બોલાવ્યા જે :

માન મદ માર વેકિ કર્મનકું જારવેકિ,
અધમ ઉધારવેકિ ટેક જીને ઠાને હે.[૧]
ગહન અગાધ ગતિ પૂરન પ્રતાપ અતિ,
મતિ બળ કાહુસેંતિ જાત ન પિછાને હે.
શરનાગત બંધ છેદ જગકો કિયો નિષેધ,
વેદ રુ વેદાંત હુકે ભેદ સબ જાને હે.
કહત હે બ્રહ્માનંદ કાય મન બાની કરી,
એસે ગુરુરાજ હમે ઇશ કરી માને હે.

એ બોલાવીને કહ્યું જે, એવા ગુરુ છે ત્યારે જ જીવ તણાય છે. એમ વાતમાં મર્મ કહ્યો. ॥૨૨૨॥

પછી વળી સ્વામી કહે મારે ને મહારાજને પાંચ વર્ષનું છેટું છે. તે મહારાજનો જન્મ સંવત ૧૮૩૭માં ને મારો જન્મ સંવત ૧૮૪૧માં

૧. જેણે નક્કી કર્યું છે કે, માન, મદ આદિ દોષો નાશ કરવા, કર્મને બાળવા અને અધમનો ઉદ્ધાર કરવો એ વ્યક્તિ.

શરદ પૂનમ તે આસો સુદી પૂનમ તે આ હમણાં ગઈ શરદ પૂનમ ત્યારે ૮૨ વર્ષ પૂરાં થયાં. ને ત્યાશીમું બેઠું. એમ બોલ્યા તે સ્મૃતિ સારું લખ્યું છે. ॥૨૨૩॥

માગશર માસમાં સ્વામીએ વાત કરી જે, અમે મહારાજની આજ્ઞા કોઈ દિવસ લોપી નથી. ને લોપવીયે નથી. આ જૂનાગઢ પાંચસે સાધુમાંથી કોઈ આવતું નહોતું; પછી મને કહ્યું ત્યારે હું આવ્યો. તે મને શું થઈ ગયું ? કાંઈ કોઈ દુઃખ આવ્યું નહિ. ને આ જૂનાગઢના તો મહારાજ જમાન[1] થયા છે; તે જુઓને આવી વાતોચીતોનો જોગ ક્યાંય છે ? પૂછો આ પરદેશી હરિજનને. ત્યારે તેણે કહ્યું જે, "ના મહારાજ! આવો જોગ તો આંહી જ છે." પછી સ્વામી બોલ્યાં જે, આંહી તો સંત ભેગા પ્રગટ સહજાનંદ સ્વામી પોતે બિરાજે છે તેણે એમ છે; નીકર આમ કેમ રહે ? ॥૨૨૪॥

અને મહારાજ કહે, "વિષયનો સ્પર્શ કરવો જ નહિ એટલે મન પણ ઇન્દ્રિયો લગણ આવે નહિ." માટે વિષયથી છેટે રહેવું. ને ભગવાન પણ મળવા હતા એવા મળ્યા છે. હવે આવા જોગમાં જો વિષયની આસક્તિ રહી, તો બહુ ખોટ જાશે ! ને મોટા મોટાનો પણ વિષયથી છેટે રહેવાનો જ મત છે. ત્યારે કોઈકે કહ્યું જે, "વિષય જણાતા નથી." ત્યારે સ્વામી બોલ્યા જે, "ગળ્યું, ખાટું, ખારું, સારું જણાય છે કે નહિ ? એ તો જણાય; પણ જીવને મૂકવું નથી. અરે ! ગરજ જ ક્યાં છે ? જોને ગરજે તો ગધેડાને પણ બાપ કહે છે. તે આ જીવે હાડકાં, માંસ ને નરક તેમાં જ માલ માન્યો છે ! તે રહેશે નહિ." ॥૨૨૫॥

આ લોક તો દુઃખરૂપ છે, અને જ્યાં કોઈ દુઃખ છે જ નહિ ત્યાં આવતાંક દુઃખ ભરાય છે ! મારે કેટલીક જાતનાં દુઃખ આવી પડે છે તે કહેવાય નહિ; પણ શું કરીએ ? આ લોક જ એવો છે. ને વિષયમાં તો કેવળ દુઃખ જ છે.॥૨૨૬॥

---

૧. જામીન.

INDEX

પાંચાળ દેશમાં એક ગામ છે, તેમાં એક ચારણ હતો તે માનને લીધે તેલનો ડગલો પહેરી હોકો પીતે પીતે ઊભો ઊભો બળી મુઓ ! તે સહુ કહેઃ "પગે ડામણી[1] દિયો ભાગી જાય નહિ!' એટલે કહેઃ "અરે ભાગે શું ? હાઉં !" એમ ને એમ બળી મૂઓ ! કહો, હવે એમાં થોડું દુઃખ થયું હશે ? એનું જેને દેખાય તેને તો વિષયમાં દુઃખ છે. તે જો વિષય આજ મૂકીએ તો મુકાય એમ છે. ને મહિને બે મહિને, વર્ષે સો વર્ષે ને સો જન્મે પણ જે દિવસ મૂકીએ તે દિવસ મુકાય એમ છે; ને મૂક્યા વિના અંતે છૂટકો નથી. માટે કલમ મૂકી છે જે ॥ **વિષયાન્ વિષવત્ ત્યજ** ॥ તે માટે ખબરદાર થઈ જાવું.**॥૨૨૭॥**

પોષ વદી એકમે વાત કરી જે, આંહી તો સંત ભેગા સહજાનંદ સ્વામી પોતે વિરાજે છે, પણ કોઈને ખપ નથી.

સદગુરૂ શબ્દાતીત પરમ પ્રકાશ હે,
જાકે શરણ જાય અવિદ્યા નાશ હે
દેહ ગેહ મન દામ ઇસિકું દીજિયે
હરહાં શ્રીરંગસબ મત સબ જગ જોય સોય ગુરુ કીજિયે.

એ આદિક સાખીઓ બોલીને કહ્યું જે, એવા સદ્ગુરુને સેવે ત્યારે જીવ ચોખ્ખો થાય. તે મળ્યા તો છે. પણ જીવ કોઈ સોંપતું નથી; ને જીવ સોંપ્યા વિના પણ એકાંતિક ભાવને ક્યાંથી પમાય ? જીવ સોંપ્યો છે તેટલું થયું છે; ને નથી સોંપ્યું તેટલું નથી થયું. ને જ્યારે સોંપાશે ત્યારે થાશે. ને જેણે જેટલો જીવ સોંપ્યો છે તેટલો જણાય છે જે આટલો આણે સોંપ્યો છે ને આટલો આણે નથી સોંપ્યો.**॥૨૨૮॥**

એક જણાના મનમાં જે ધાર્યું હતું તે મેં જોઈને કહ્યું ત્યારે સૌએ કહ્યું, "તમે તો અંતરજામી છો." તેનું નામ લીધું જે ઘનશ્યામદાસજી. તેમ સહુના અંતરનું જણાય છે, એમ મર્મે બોલ્યા.**॥૨૨૯॥**

---

૧. બેડી.

આ વાત સારુ તો પછી રોશો. ઓહો ! આવા ક્યાંથી મળે ? **વિષયમાં જોડે એવા તો મળે, પણ તોડે એવા ક્યાંથી મળે ?** ને હુંમાં સહુને હેત થાય છે તે શેણે ? તો કહે હું તો જે જેમ કહે તેમ કરું, આ કહે આમ, તો હું કહું હા એમ, આ કહે આમ, તો હા એ એમ. કોઈનું મરડું જ નહિ ત્યારે હેત રહે છે; પણ જીવનું ધાર્યું ફેરવે ને હેત રહે ત્યારે ઠીક. ને બીજું તો મરડું નહિ; પણ હા ! એક ધર્મની કોરનું મરડું. એમાં તો શુદ્ધ વર્તાવું. એક હરિભક્તનું નામ લઈને કહ્યું જે, એ બહુ સારો હતો; પણ એક કુસંગનો પાસ લાગી ગયો હતો; તે મેં આંહી લાવી રાખીને, બ્રહ્મરૂપ કરીને ધામમાં મોકલી દીધો. **॥૨૩૦॥**

ઓહો ! અમે નાના હતા ત્યારે કૂવામાં મોટા પાણા નાખતા હતા, પછી ઓલી લીલ જે હોય તે ખસીને ચોખ્ખું પાણી થઈ જાય પણ પાછી લીલ ભેળી થઈ જાય. તેમ આ વાતો કરીએ છીએ ત્યારે માયારૂપી લીલ ખસી જાય છે ને જીવ ક્રિયા કરવામાં ઊઠે કે તરત પાછો લીલની પેઠે ભળી જવાય એવો જીવનો સ્વભાવ છે. **॥૨૩૧॥**

અને જેવા ભગવાન અક્ષરધામમાં છે તેવા જ આંહી આવીને બેઠા હોય ને પછી તે મનુષ્યચરિત્ર કરે ત્યારે ભાવ ફરી જાય; પણ તે ભાવ ફરવા દેવો નહિ. જુઓને સુંદરજી સુતારની દીકરી મોટી થઈ, એટલે એના ભાઈને કહે જે, ''આને મહારાજને પરણાવશું ?'' ત્યારે કહે, 'અરે ! બોલમા બોલમા.'' ત્યારે ઓલ્યો કહે, ''કાં, સુતારથી તો આ ભગવાન છે ને ? જો એમ ભક્તમાં ભેદ છે. નીકર તો ભગવાન બેઉ જાણતા હતા. અરે ! આપણે પણ જો કોઈકની બેન દીકરીને ભગવાન લઈ જાય, તો નિશ્ચય ન રહે. એવી હજારો વાતો છે. કેટલીક કહીએ ? એવે સમે ધીરજ રહે ને જાણે અહો બહુ લીલા કરી ! તે ખરો. એ તો બ્રહ્માને પણ મોહ થઈ ગયો કે **''નો'ય નો'ય પરબ્રહ્મ ગોવાળિયો''** એમ કહ્યું. ને શ્રીકૃષ્ણ અવતર્યા ટાણે સ્તુતિ પણ પોતે જ કરી ગયા હતા; પણ ચરિત્ર જોઈને એવું ન રહ્યું ! **॥૨૩૨॥**

વળી બીજી વાત જુઓ. ઓલ્યો કજિયો થયો ત્યારે મહારાજ ડોશીના લૂગડાં પહેરીને દરબારમાંથી ભાગ્યા ને બીજે ઠેકાણે કહ્યું જે, "મને ભારામાં બાંધીને કાઢો." એમ કહ્યું, ત્યારે શું થયું ? શ્રીકૃષ્ણ જરાસંધ આગળ ભાગ્યા હતા ને ? એ તો શૂરતા, કાયરતા, હારવું, જીતવું, પારકું, પોતાનું, ભૂખ, તરસ, પક્ષપાત એવા ચરિત્ર એને વિષે રહ્યાં છે. **॥૨૩૩॥**

અને વડોદરામાં દીવાનજી હાર્યે (સાથે) એટલું વેર ! ને તેના મનમાં એમ જે, જો કાંઈક સ્વામિનારાયણ વાંકમાં આવે, તો એને લાજહીણ કરીએ. તે સારુ તો ત્યાં આવ્યા હતા. પછી સભા થઈ ત્યારે બોલ્યા જે, "તમે તો કાઠીનું ખાઓ છો માટે વટલ્યા તે ઠીક નહિ." પછી મહારાજ કહે, "અમે એ નથી કર્યું; નીકર પણ અમે તો યજ્ઞાદિકે કરીને પણ શુદ્ધ થાશું; પણ તું તો બ્રહ્મબીજ જ નથી; તો શું યજ્ઞાદિકે કરીને પણ બ્રાહ્મણ થવાશે ?" એમ શિયાજી[૧] મહારાજ પગ દાબે ને ના કહે, તો પણ કહ્યું ! **॥૨૩૪॥**

ભુજમાં સુંદરજી સુતારને કહે, "અમને સંતાડી મૂકો નીકર તમને દુઃખ થાશે." એમ કહીને સંતાઈ રહ્યા. ને જ્યારે ફોજ એના ઘર ઉપર આવી ને તોપું માંડીને પૂછ્યું જે, "આંહી સ્વામિનારાયણ છે ?" તો કહે, "ના."ત્યાં તો મહારાજ બહાર નીકળ્યા ! જુઓ, હવે ત્યારે એ તે શું ભગવાન નહોતા જાણતા જે એમ કહ્યું ? પછી તો ઓલ્યાને લાખો માણસ દેખાઈ ગયાં એટલે ફોજ પાછી ભાગી ગઈ. ત્યારે જુઓ, ઓલ્યું મનુષ્ય ચરિત્ર જે સંતાઈ ગયા; અને પાછા દેખાણા ને ભય દેખાડ્યો એ દિવ્ય ચરિત્ર ! એમ છે. જો ધીરજ રાખીએ તો જે જ્ઞાન હોય તે ડગી ન જાય; નીકર ડગી જાય. **॥૨૩૫॥**

એક સાધુ રાઘવાનંદ તે પણ ભાગવત તાડપત્રમાં લખેલ વાંચતાં આંખમાંથી આંસુ પડતાં; ને માહાત્મય પણ બહુ જાણતો; પણ મહારાજે એક ચોંટિયો લીધો એટલે વિમુખ થઈને ભાગી ગયો ! જુઓ એ ! ત્યારે

૧. મહારાજા સયાજીરાવ ગાયકવાડ.

INDEX

એને કોઈ વાર ચીપટી નહિ આવી હોય ? ને માવતરે ચોંટિયો નહિ ભર્યો હોય ? પણ જ્ઞાન નહિ તેણે[1] એમ થયું. માટે દિવ્યને વિષે તો સંશય ન જ થાય, પણ મનુષ્યચરિત્ર જે સગુણ ચરિત્ર તેને વિષે પણ દિવ્ય ભાવ જણાય ત્યારે ખરો ભક્ત કહેવાય. કાં જે એ તો કર્તા, અકર્તા ને અન્યથા કર્તા છે; એના ઉપર વળી શંકા શી ? આમ સમજે ત્યારે ચોખ્ખી સ્વરૂપનિષ્ઠા કહેવાય. ને બીજી કસર હોય તો ટળે, પણ આ ખામી ભાંગે નહિ. ને મધ્યના તેરમાં વચનામૃતમાં કહ્યું છે તેમ સમજે ત્યારે છૂટકો છે. ને બીજું તો હાથ પગ કહેવાય, ને આ તો માથું કહેવાય. માટે આ કહ્યું છે તેમ સમજવું. તે સારુ એવી રુચિવાળા ગુરુ કરવા ને એવાં જ શાસ્ત્ર વાંચવા; એમ કરીને સિદ્ધ કરવું. **॥૨૩૬॥**

આ જીવને આ લોક ને નાતજાતનું જેટલું દૃઢ થઈ ગયું છે એટલું ભગવાનની કોરનું દૃઢ નથી થાતું; તે તો જો પાકો વિચાર કરે તો થાય. તે ઉપર એક સાધુએ પૂછ્યું જે, "એવો વિચાર ક્યારે થાશે ?" તો કહે જો એવો ખપ હોય ને કરવા માંડે તો થાય. તે ઉપર વાત કરી જે, એક દી' મહારાજ કહે, "ભાઈ ! કોઈ દી આખો ને એક રાત આખી જો અખંડ ભજન કરે તો તેને ભગવાન દેખાય." પછી એક ભક્તે દી' આખો ભજન કર્યું ને રાતે કરવા માંડ્યું. તે નિદ્રા આવવાની થઈ એટલે ઘંટીએ દળીને પણ આખી રાત ભજન કર્યું પછી તેને ભગવાન દેખાણા ! **॥૨૩૭॥**

એક વાર સમૈયેથી આવ્યા, ને મારે વણથળી કાગળ મોકલવો હતો; પણ થોડાં માણસ તે જનાર કોઈ નહિ. પછી રામદાસજીને કહ્યું જે તમે જાઓ ને કાગળ કલ્યાણભાઈને દઈને આવજો; ને જતા ને આવતા અખંડ ભજન કરજો. પછી એણે એમ કર્યું, એટલે એને પછી મૂર્તિએ

---

૧. તેથી

૨. **અર્થ** : શિક્ષાપત્રીના સાતમા શ્લોકમાં શ્રીહરિ એકાગ્ર થવાનુ કહે છે. તેમ સ્વામી પણ એકાગ્રતાથી ભજન કરવાના નિર્દેશ માટે આ શ્લોક કહે છે.

INDEX

સહિત અખંડ ભજન થાવા માંડ્યું ! એમ થાય છે. તે ॥ **एकाग्रेणैव मनसा पत्रिलेखः सहेतुकः**[૨] ॥ એ કહ્યું. આ જો અમે એકલા નથી કહેતા ! માંહી ભગવાન અખંડ રહ્યા છે તે પણ કહે છે. કોઈ જાણે એકલા કહેતા હશે, એમ મર્મ કર્યો. **॥૨૩૮॥**

એકાગ્ર થયા વિના કાંઈ સિદ્ધ થાય નહિ. **રોટલો ખાવા મળે ને પેટમાં પચે ને ભજન ન કરે તે ભગવાનનો ગુન્હેગાર કહેવાય.** ને ન મળે ત્યારે તો શું ભજન કરે ? પણ જ્યારે મળે ને ન કરે તે તો પરમેશ્વરના ગુન્હેગાર છે.**॥૨૩૯॥**

અને આજ્ઞા લોપાય કે દુઃખ આવે છે. તે તાવ આવે ત્યારે દેહ બળે, ને આજ્ઞા લોપાય ત્યારે તો દેહ ને જીવ બેય બળે. એ તો માવાભાઈએ ખોળી કાઢ્યું. ભગવાન ને સાધુ તો આડા તે આડા જ :-

વંકા આગે વંકડા, તરવંકા આગે ચોવંક;
શીળા[૧] આગે પાધરા[૨], ને રંક આગે રંક.

પછી એમ બોલ્યા જે, આજ્ઞામાં જેટલો ફેર પડે છે તેટલી એ વાંકાઈ માટે દુઃખ દેખે. **॥૨૪૦॥**

અને મહા વદીમાં વાત કરી જે, અમારી પોર,[૩] આ દહાડાની અરજી ભગવાન પાસે છે જે, એક ગય રાજા જેવો રાજા ને રઘુવીરજી જેવા બે આચાર્ય મોકલો; નીકર આ લોકમાં બે કરોડ માણસ ભજે છે તેને સુખ નહિ આવે. તે પાપી નહિ આવવા દે. **॥૨૪૧॥**

અને સો વર્ષ સુધી આવા સાધુ ભેળા અખંડ રહીએ ત્યારે તે સારી રુચિ થાય. પછી રુચિનું વચનામૃત વંચાવ્યુ ને બોલ્યા જે, હમણાં તો

---

૧. સરળ.
૨. સીધા.
૩. ગયું વર્ષ.

રુચિ ખાધાની, માનની ને પંચવિષયની છે. જ્યારે મોટા સાધુ હોય ત્યારે પાપી તેની મોટાઈ ખમી શકે નહિ, પછી દ્રોહ કરે ને પોતાનું ભૂંડું કરે :—

સંત સંતાપે જાત હે, રાજ ધર્મ અરુ વંશ;
તુલસી ત્રણે ટીલે ન દીઠાં, રાવણ કૌરવ ને કંસ.[૧]

તે કેંક મારી નજર આગળ ગયા. આ વણથળીથી એક બાઈ ભાગીને ગઢડે સાંખ્યયોગી થઈને રહી; તે સારુ દાદાખાચરને બસે રૂપિયા મોસલાઈ[૨] ભરવી પડી ! ને કેટલીક ઉપાધિ થઈ. પછી વડોદરામાં એ ફરવા ગઈ, ત્યાં ગૃહસ્થને ત્યાં જમવાનું કહેલ ને ગોપાળાનંદ સ્વામી પણ ત્યાં હતા, તેને પણ જમવાનું કહેલ. પછી સ્વામી કહે : "સાંખ્યયોગી થઈને લાડવા ખાય છે તે કેમ ઠીક રહેશે ?" એટલું કહેવરાવી મૂક્યું. ત્યારે ઓલી કહેઃ "તમે સાધુ થઈને કેમ ખાઓ છો ? એમ બોલી તેનો દોષ લાગ્યો તે સત્સંગમાંથી ભાગીને વિશાજીને લઈને રહી ! એમ અભાવે થયું. અને કેટલાકને અલ્પ સમજણે કરીને ગોપાળાનંદ સ્વામીનો પણ સત્સંગમાં અભાવ હતો. તે જુઓ તો ખબર પડે. તે ઓલીકોરના કેટલાકને ને આણીકોરના કેટલાકને સ્વામીનો અવગુણ તે એકવાર ઓલીકોરનાને સભા કરવી હતી ને અપમાન કરવું હતું તે સારુ આવેલ. પછી તો મેં જાણ્યું જે આ ભૂંડું કહેવાય. તો બીજું તો કાંઈ નહિ, પણ રાંકના હાંડલા ફૂટી જશે ! જો સ્વામી કચવાશે, તો મહારાજ તેડી જાશે ! પછી હું ત્યાં ગયો ને સહુને સમજાવ્યા. ને ભગવદાનંદ સ્વામીને મેં કહ્યું જે, આ ઠાઠ રચ્યો છે તે આંહી તો તમે મોટેરા છો, પણ ત્યાં તો હું મોટેરો છું. માટે આ તોફાન રહેવા દ્યો. હું તો એમ જ બોલ્યો ! પછી તો બધું શમી ગયું

---

૧. **અર્થ** : ગામને ભાગોળે મરેલી વ્યક્તિઓના સ્મરણો માટે પાળીયા હોય છે. તેમાં ક્યાંય રાવણ, કંસ, કૌરવોના અવશેષો દેખાતા નથી કારણ કે તેઓ સંતના દ્રોહી હતા.

૨. ઉઘરાણી બાકી રહેતા ચડતો દંડ.

INDEX

ને પાછા જાતા રહ્યા. માટે હમણાં પણ કોઈથી ખમાતું નથી ને મોટાનો અવગુણ લે છે, પછી એનું ભૂંડું થાય. ॥૨૪૨॥

જુઓને વિષય તો એવા બળિયા છે. તે લોયાના ૧૭માં વચનામૃતમાં કહ્યું છે જે, ''**વિષયખંડન કરે તો મુક્તાનંદ સ્વામી સરખાનું પણ શસ્ત્રે કરીને માથું મુકાવી દે.**'' એવી વાત છે તે માટે ભલા થઈને સ્તુતિ તો રહી, પણ જો નિંદા ન થાય. તો જાણે સ્તુતિ જ છે. તે ઉપર સ્તુતિ-નિંદાનું[૧] વચનામૃત વંચાવીને કહ્યું કે, આમ છે. માટે રોટલા ખાઈને પ્રભુ ભજી લેવા એમાં માલ છે.

અધર્મ સર્ગ જબ કરત પ્રવેશા,
સુરનર મુનિમહીં નહિ સુખ લેશા. ॥૨૪૩॥

અને મોટા સાધુ હોય તેની આ દેહે કરીને સેવા કરવી. ને ચકચૂર કરી દે તો રાજી થઈ જાય. તે ચકચૂર કરે, તે પણ ''મરતી મરતી કાન હલાવે'' એમ નહિ. ॥૨૪૪॥

અને છેલ્લા પ્રકરણનું બીજું વચનામૃત વંચાવ્યું. તેમાં ''સત્સંગે કરીને વશ થાઉં છું.'' એ વાત આવી, એટલે બોલ્યા જે, 'સત્સંગ તે કિયો ? જે એકાંતિક સાધુમાં હેત. તે સાધુ કેવા ? તો ઉદ્ધવ જેવા, પ્રહલાદ જેવા. એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા બરોબર ફળ થાય, ને દૂવે[૨] તો ભગવાનને દૂવ્યા જેટલું પાપ લાગે !' એમ મર્મમાં વાત કરી. ॥૨૪૫॥

સંવત ૧૯૨૨ના પ્રથમ જેષ્ઠ વદી છઠ્ઠને દિવસ સ્વામી વરતાલથી પધાર્યા તે પછી વાત કરી જે, સાધુ જેવો ક્યાંય માલ નથી. તે મહારાજે પણ હરિગીતામાં[૩] માતાને સાધુ બતાવ્યા. ને સમ પણ સાધુના ખાય છે; ને શિક્ષાપત્રીમાં પણ સાધુ બતાવ્યા. તે ગેરુએ લૂગડાં રંગ્યા એમ સાધુ નહિ ! એમ તો રામપરામાં બધાં માણસનાં રાતાં લૂંગડાં છે, તેણે શું

૧. વચ.લોયા. પ્ર-૧૭
૨. દુઃખવે, દૂભવે
૩. સત્સંગીજીવન ગ્રંથમાં પ્રકરણ ૧માં ૩૨ થી ૩૬ અધ્યાય (પંચાધ્યાયી)

થયું ? એ તો **જ્યારે ચોસઠ લક્ષણ**[૧] **કહ્યાં છે એવો થાય, ત્યારે સાધુ કહેવાય.** એવા તો આ આપણને મળ્યા છે.**॥૨૪૬॥**

અમે તો સૌને લખ્યું છે કે, બાર મહિને એક મહિનો સાધુનો જોગ કરવો; તે વિના કસર નહિ મટે. ને ભાઈ ! રૂપિયા તો મળશે, પણ આ વાતો ક્યાં મળશે ? તે માટે વાતો સાંભળી લેવી. કોઈક કહેશે ખરચીને વારંવાર વાવરીએ. તો પણ શું ? એક રાળ ખરચે તો ચાર હજાર દઈએ, પણ આ જ્ઞાન સાંભળ્યા વિના કસર ન મટે; પણ કોઈ રહે નહિ. અરે ભાઈ ! કોઈ રહેતા હો, ને તમારે રળ્યામાં ખોટ આવતી હોય, તો એક મહિનો તો ધર્મવેરામાંથી[૨] કાપી લેજો અરે, જો રહો તો અમે આંહીથી દશ રૂપિયાનો મહિનો દઈએ. હવે ઠીક કેટલાક રહેશો ? સુધા તો ચારસે જણ રહેશો. તોપણ રૂપિયા તો ખૂટનારા નથી; પણ જ્ઞાન કેટલું થાશે ! અરે ! તમને જણાતું નથી પણ સોનાની મેડી હોય તો બાળીને આ વાતો સાંભળીએ. પછી આ વાતો દુર્લભ છે. ને દશોંદ વિશોંદ[૩] તો મહારાજે પણ કહી છે; ને ન માનો તો અમે કહી છૂટીએ છીએ. લાખ રૂપિયા ખરચે તેથી મને તો આ મંદિરના રોટલા ખાઈને વાતો સાંભળે એ અધિક જણાય છે. આ વાતો ક્યાંથી મળે ? જે મરીને પામવા હતા, તે તો જીવતે જ સાધુ ને ભગવાન મળ્યા છે. **॥૨૪૭॥**

અમે નાના હતા ત્યારે છેતાળાની સાલમાં હિમ બહુ પડ્યું; તે ગોળામાં પાણી લેવા જાય ત્યાં માંહી પાણી ઠરી ગયેલ એવું પડેલ ! તે માણસ વાત કહેતા જે, "ચીર[૪] બાળીને તાપીને દેહ રાખ્યો." તેમ સોનાનાં ખોરડાં બાળીને આ વાતો સાંભળવી.**॥૨૪૮॥**

---

૧. જુઓ : ગુણાતીતાનંદ સ્વામીની વાતો પ્ર-૫, વાત-૧૨૩.

૨. ધર્માદામાંથી.

૩. આવકનો દશમો ભાગ અને આવકનો વીશમો ભાવ.

૪. વસ્ત્ર

INDEX

જુઓને શાસ્ત્રમાં પણ કહ્યું છે : અંબરીષ, નહુષ[૪], ભરતજી ને ચિત્રકેતુ એમણે ભગવાનને ભજવા સારુ ચક્રવર્તી રાજ્ય ને સહુનો ત્યાગ કર્યો ! ખપવાળાની વાત એમ છે. બાજરો મળે તો તો પ્રભુ ભજવા ને ધીરે ધીરે વ્યવહાર છે, તે ગૌણ કરી દેવો; ને ભગવાન મુખ્ય કરી દેવા. આ તો વ્યવહાર પ્રધાન થઈ ગયો છે, તે પ્રભુ શું સાંભરે ? ॥૨૪૯॥

છેલ્લા પ્રકરણના ત્રીશમાં વચનામૃતમાં કહ્યું છે જે, "આ ક્ષણમાં ને આ પળમાં મરી જવાશે, એમ અમારે નિરંતર અનુસંધાન રહે છે." એ વંચાવીને સ્વામી કહે જે, એને શું કરવું છે ? એ તો પોતાનું મિષ લઈને આપણને શીખવે છે. પણ કેટલાક તો જાણે છે જે, ભાઈ ! એ તો વાત મહારાજની. પછી એક જણે કહ્યું જે, "મહારાજને શું કરવું છે ? એટલું લઈએ તો લેવાય, જે સર્વના અંતરમાં રહીને જોઉં છું." તે પણ સ્વામી કહે, 'મોટા સાધુ પણ અંતરનું જાણે છે, તે કેટલાકને કહી પણ દીધું છે ને વળી કહે છે; પણ વિશ્વાસ હોય તેને આ બધી વાતો મનાય. ને બીજા તો કહેશે, માન વધારવા સારુ કહે છે." ॥૨૫૦॥

---

૪. **નહુષ** = એક પ્રસિદ્ધ રાજા હતો. તેણે જ્યારે ચ્યવન ઋષિને માછીમારોના હાથમાંથી છોડાવ્યા ત્યારે ઋષિએ આશીર્વાદ આપ્યા કે, તું જેની સામે જઈશ તેનું તેજ-બળ હરાઈ જશે. ઘણા સમય પછી એકવાર ઈન્દ્ર સામું જોયું તેથી ઈન્દ્રનું તેજ, બળ અને ઈન્દ્રપદ તેને મળ્યું. ઈન્દ્રપદ મળ્યા પછી ઈન્દ્રાણીનો સંગ કરવા ગયો ત્યારે તેણે કહ્યું કે, "સપ્તઋષિ પાલખી ઉપાડે ને તેમાં બેસીને તમે આવો." એવી શરત કરી. નહુષે ઋષિઓ સામું જોઈને તેનું તેજ લઈ લીધું, પણ અગત્સ્યની જટામાં રહેલા ભૃગુ પર નજર ન પડી. ઋષિઓ તેને પાલખીમાં લઈને જતા હતા પણ તેને ધીરજ ન રહી. "સર્પ સર્પ જલ્દી ચાલો... જલ્દી ચાલો..." એમ વારંવાર કહ્યું ત્યારે ભૃગુ ઋષિએ, "સર્પ થા" એવો શાપ આપ્યો. સર્પ સર્પ કહેતા સર્પ થયો. એમ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે. ૧ હજાર વર્ષ સર્પના દેહમાં રહ્યો ત્યાર પછી યુધિષ્ઠિરે તેને સર્પના દેહમાંથી મુક્તિ અપાવી. પણ પછી તેને રાજભોગથી વિરાગ થઈ ગયેલો. તે યતિ,યયાતિ,સંપત્તિ,રક્ષાયતિ,અશ્વક, વિપત્તિ ને મેવજાતિ આ સાત પુત્રોને રાજ્યનો કારભાર સોંપીને જંગલમાં ભગવદ્ ભજન કરવા જતો રહ્યો.

આ પંચવિષયરૂપી અઘાસુરે જીવને ગળી લીધા છે. મહારાજ કહે, ''જો બધાયે પ્રભુ ભજે તો બપોરે મોતૈયાનો વરસાદ વરસાવીએ. તે જે દી' કહે તે દી' ગોળના, ખાંડના જે કહે તે વરસાવીએ; પણ જીવ માળા લઈને બેસી શકે નહિ.'' **॥૨૫૧॥**

પછી વળી એક વાત કરી જે, એકવાર અમે ધોરાજીને પાદર બેઠેલ, ત્યાં ખાતરના ઢગલા પડેલ. પછી એક ખૂંટિયો[૧] હતો તે ધોડી ધોડીને માંહી માથું ખોસીને એક સૂંડલા જેટલી ધૂળ પોતાને માથે નાખે. એમ જીવ પ્રાણીમાત્ર ધૂળ ચૂંથ્યા વિના રહી શકતા નથી ! **॥૨૫૨॥**

અને સાધુ થવું એટલે થઈ રહ્યું, તે થયો એટલે ભગવાનના ખોળામાં બેઠો. તે કહ્યું છે જે ॥ **साधवो मह्यं हृदे**[૨] ॥ ભગવાનને રહેવાનું ઠેકાણું સાધુ. આ તો હળદરનો ગાંઠિયો એક આવ્યો એટલે ગાંધી થઈ બેઠો ! તેણે શું ? **॥૨૫૩॥**

પછી વળી લીલાની વાત કરી તેમાં કહ્યું જે, 'મહારાજ આની ઉપર રાજી થયા. એમ પણ રાજી કહેવાય, પણ એ જુદી રીતનું. ને જે સિદ્ધાંતનો રાજીપો તે તો પહેલા પ્રકરણના ઓગણીશમાં વચનામૃત પ્રમાણે તે **આજ્ઞા ઉપાસના ને મૂર્તિમાં જોડાવું.** તે આજ કરો કે લાખ જન્મે કરો, જ્યારે કરશો ત્યારે મહારાજ પાસે રહેવાશે. ને મહારાજ પણ બીજી જે જે વાત કહે તે પણ ત્યાં જાતી ઊભી[૩] રાખે. એ સિદ્ધાંત છે. **॥૨૫૪॥**

શ્રાવણ વદી નવમીને સોમવારે બ્રહ્મચારીને ત્યાં વાત કરી જે, જે કરવા માંડે તે થાય. ધ્યાન કરવું, ભજન કરવું, તે માણસ જાણે આફડું (એની મેળે) થાય; પણ આફડું તે કેમ થાય ? એ તો ભગવાનને સંભારે ને ભૂલે, વળી ધ્યાન કરે; વળી ભૂલીને સંભારે ને ભજન કરે; તો થાય.

---

૧. આખલો.

૨. મારા ભક્તો એ જ મારું હૃદય છે. અને હું ભક્તોનું હૃદય છું. તે મારા સિવાય બીજું કાઈ જાણતા નથી અને હું પણ તેમના સિવાય કંઈ જાણતો નથી.

૩. રહસ્ય સુધી લઈ જાય.

આ ''ભણે તે ભૂલે'' પણ હાથમાં જેણે મૂળગું પાનું જ ઝાલ્યું નથી તે શું ભૂલે ? **॥૨૫૫॥**

ત્યાં એક વેદીએ આવીને સ્વામીને રાખડી બાંધી. તે પછી વળી વાતો કરી જે, સગુણ-નિર્ગુણપણું હરિભક્તને જાણ્યું જોઈએ, નીકર તો ગોથાં ખાય. તે ઉપર કારિયાણીનું આઠમું વચનામૃત વંચાવીને કહ્યું જે, માતા જશોદાજીને મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું, ને અક્રૂરને શેષશાયી રૂપે દર્શન દીધું, ને અર્જુનને વિશ્વરૂપે દર્શન દીધું. એ બધું તો એનું કાર્ય; ને કારણ તો શ્રીકૃષ્ણ પોતે એમ કહ્યું.**॥૨૫૬॥**

અને પુરુષરૂપે પ્રકૃતિમાં આવ્યા, ત્યાંથી વૈરાટમાં આવ્યા, એમ પુરુષોત્તમનો પ્રવેશ થાતો ગયો. તે પ્રવેશ શું ? જે, 'પુરુષોત્તમ પોતે આવ્યા ત્યારે શું ધામમાં નહોતા ? ધામમાં પણ એમને એમ હતા. ને ઓલ્યું તો એના ઐશ્વર્ય વતે થાતું ગયું. એમ તો પેલા ગણેશને પ્રભુ કહે છે, બ્રહ્મા, વિષ્ણુ ને શિવને કહે છે; અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહે છે; ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે, 'જીવની કોટિઓ, બ્રહ્માની પણ કોટિઓ ને કોટિઓ,[૧] એમ સૌના કારણ તો મહારાજ પોતે. એમ સમજે ત્યારે મજકૂર[૨] મળ્યું કહેવાય. ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત; એ સર્વના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે, ત્યારે જ્ઞાન થઈ રહ્યું. **॥૨૫૭॥**

શ્રાવણ વદી છઠ્ઠને દિવસે વાત કરી જે, બીજું બધું ભગવાન કરે, પણ જે ભજન ને નિયમ પાળવા એ બે તો કોઈને ન કરી આપે; એ તો પોતાને જ કરવું; તે જો કરે તો થાય.**॥૨૫૮॥**

વળી ભગવાન, સાધુ, શ્રદ્ધા ને સતશાસ્ત્ર; એ ચાર વાના હોય તો પ્રભુ ભજાય. એમાં શ્રદ્ધા નથી, બાકી બધું છે. **॥૨૫૯॥**

---

૧. સમુહ, જુથ.
૨. પૂર્વાપર સંબંધ

અને આપણામાંય ખોટ્યું કેટલીક હોય તે જો કહેવા માંડીએ તો ખબર પડે. સૂઝે તેમ આમ તેમ કરીએ, પણ અંતે એમ કરાવવું છે, તે વાતોમાં કહેતા જઈએ છીએ, અને અમારે એક બળદિયો છે, તેને હમણાં તો સૌ ખવરાવીએ છીએ, પણ ગાડું એના કાંધ ઉપર મૂક્વું છે. અંતે સૂઝે તેમ ફોસલાવી કરાવીને પણ માખીમાંથી સૂર્ય કરવો છે. **॥૨૬૦॥**

એક વાર મહારાજે આનંદ સ્વામીને પૂછ્યું જે, "તમને કોઈક ક્રિયામાં પ્રેરીએ તો કેમ થાય ?" ત્યારે કહે જે, "તમે કહો તે પ્રમાણે કરું." પછી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, "તમે કેમ કરો ?" ત્યારે તે કહે જે, "હું તો એક હાથ વૃત્તિ બહાર કાઢું ને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય." ને પછી સ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે, "તમારે કેમ ?" તો તે કહે જે, "હું તો જે જે ક્રિયા કરું તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ જ દેખાય." ત્યારે મહારાજ કહેઃ "એ તો અમને સમજાતું નથી." ત્યારે તે કહે જે, "જેમ તીરમાં લીંબુ પ્રોયું[1] હોય, ને તે તીર જ્યાં માંડે ત્યાં લીંબુ દેખાય છે, પણ નિશાન ન દેખાય એમ તમારી મૂર્તિ દેખાય છે." ત્યારે જુઓ ! એ પણ સ્થિતિ. માટે મૂર્તિ દેખાય તેવી સ્થિતિ કરવી. તે ॥ **નિજાત્માનં બ્રહ્માસ્મિ** ॥ એ શ્લોક પ્રમાણે કરવી. **॥૨૬૧॥**

અને ભાદરવા સુદી સાતમને દિવસે વાત કરી જે, મહારાજ તો બળબળતા ડામવાળા પ્રથમના ૪૪માં વચનામૃતમાં ને બીજે બધે સાધુ જ બતાવે છે.**॥૨૬૨॥**

અને એક સાધુને તો પંડે સ્વપ્નમાં ઠોંટ[2] મારીને કહ્યું જે, "તું જૂનેગઢ જા". આ સાધુનાં તો દર્શન કર્યે પંચ મહાપાપ બળે એવા છે; પછી તે નહિ મળે. ને પછી કરોડ રૂપિયા ખરચશો તોપણ નહિ મળે; માટે જો બાજરો મળે તો તો જોગ કરી લેવાનો લાગ આવ્યો છે. પછી પસ્તાવો થાશે; માટે ચોખ્ખું કહીએ છીએ. **॥૨૬૩॥**

---

૧. પરોવ્યું

૨. થપાટ, થપ્પડ, લપાટ.

INDEX

ગૃહસ્થ માણસ બીજું ઘર કરે તે પણ ખુવાર[૧] થાય છે.**॥૨૬૪॥**

સહું કહે છે જે દશોંદ-વિશોંદ[૨] કાઢવાની વાત કરો; તો પણ અમે કોઈ દિવસ નથી કરી. પણ આજ કહું છું જે દશોંદ-વિશોંદ કાઢશો તેને ખાવા મળશે ને નહિ કાઢે તે દુબળા રહેશે. એમ કહીને દાજીભાઈને કહ્યું, જે, હવે મોટા થયા તે ધર્મવેરો કાઢવા માંડો. **॥૨૬૫॥**

સંવત ૧૯૨૩ના અષાડ સુદમાં વાત કરી જે, નિષ્કામી વર્તમાનમાં ઘસારો લાગે તે વાત મહારાજને ન ગમે; કાં જે એ જ દૃઢ કરાવવા સારું પોતાનો અવતાર છે; તે પોતે પરણ્યા નહિ ને ત્યાગીના ધર્મ પાળ્યા. માટે **મોટેરો જે રીતે ચાલે તે વાંસે બધાં માણસ ચાલે.** તે ગીતામાં કહ્યું છે જેઃ ॥ यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ॥ માટે ખબરદાર થઈને શુદ્ધ વર્તવું ને નિષ્કામી વર્તમાનમાં જેને કસર રહેશે તેનાથી ભગવાનના ધામમાં નહિ જવાય ને નહિ રહેવાય; ને મહારાજનો કુરાજીપો બહુ થાશે. તે ઉપર દૃષ્ટાંત જે, એક પાદશાહનું લશ્કર લાખો માણસનું. તે લડવા ગયું ત્યારે જે ભાગેડું[૩] હતા તેણે તો એમ વિચાર કર્યો જે, "જે આટલા માણસમાં પાદશાહ કેને ઓળખે છે ? ને ક્યાં જાણે છે ?" એમ કહીને પાછળ રહ્યા ને શત્રુ સામા લડ્યા નહિ. ને કેટલાક હતા તે આગળ થઈને શત્રુને હઠાવીને જીત્યા પછી પાદશાહે વજીરને પૂછ્યું કે, "આમાં હવે પરીક્ષા લેવી જે કોણે જીત કરી ?" ત્યારે કહે "ઠીક, ભરો કચેરી." પછી કહે : "પોશાક આપવો છે તે સૌ આવજો" એમ કહીને તેડાવ્યા. ને કહે જે, "એનું તો એમ પારખું થાશે જે, આ લડ્યો છે ને આ નથી લડ્યો તે જે લડ્યો હશે એ પાધરો આગળ થઈને કચેરીમાં સન્મુખ થાશે, ને ઓલ્યો પાધરો[૪] પાદશાહની સામું જ નહિ જોઈ શકે ને નીચું ઘાલશે. તેમ

---

૧. અતિદુઃખી, ગરીબ, દરિદ્ર. (૫/૨૬૪)
૨. મંદિરમાં ધર્માદા પેટે કમાણીમાંથી અપાતો દશમો કે વિશમો ભાગ.
૩. ડરપોક, કાયર.
૪. સીધો.

જો આપણે પાંચ ઇન્દ્રિયો રૂપ શત્રુ સામા થઈને નહિ લડીએ, તો ભગવાન સામું નહિ જોવાય; ને ત્યાં જાશું તે પછી નીચું જોવું પડશે ! માટે એ ભલા થઈને કરશો મા. ॥૨૬૬॥

પછી સ્વામી કહે, જેના ગુરુ અક્ષર હોય તે અક્ષરધામમાં લઈ જાય ને પુરુષોત્તમને મેળવે. ॥૨૬૭॥

આગળ આ બે વાતને ઘસારો લાગશે તેમાં એક તો સુહૃદપણું નહિ રહે; ને બીજું ઘર, સ્ત્રી, પુત્ર ને ધન એમાં આસક્તિ વધશે. ॥૨૬૮॥

ભગવાન તો એક જીવ ભજે તે સારુ બ્રહ્માંડ બોળી નાખે. તેની એક વાત છે જે એક ચકલી હતી, તે ઊંચી પર્વત ઉપર બેસીને ભજન કરતી હતી. તે કહે જે, "મને આંહી બેઠે બેઠે પાણી પાય તો પીઉં." પછી બ્રહ્માંડ બોળીને ત્યાં લગી પાણી ભરી દીધું, એટલે પીધું ! ॥૨૬૯॥

અમે તો વિચારીને જોયું, ત્યાં જીવનો વાંક નથી, ગુરુનો જ વાંક છે. તે જેવા ગુરુ હોય તેવો પોતે થાય. ॥૨૭૦॥

જુઓને આ બીજા મતવાદીઓએ[૧] વાડા કરીને જીવને ચડાવી દીધા છે, તેવા થયા છે. ને કોઈ જાણે બીજા મત આગળ સારા હશે ! તે એ તો અમે વિચાર્યું જે, આ પાછલો દરવાજો[૨] બાળપણામાં સારો હશે ? એ તો મૂળથી જ બગડેલો છે. એમ એ પ્રથમથી જ બગડેલા છે માટે ઉદ્ધવમત વિના કોઈમાં માલ નથી. ॥૨૭૧॥

એક વાર વરસાદ બહુ ભારે થયો, તે હરણિયાં આકળાં થઈને દોડ્યાં, તે બાંટવામાં પેસી ગયાં ! હવે એ ત્યાંથી નીકળનારાં છે ? એમ જીવ માત્ર બાંટવાનાં[૩] હરણિયાં જેવા છે; તે વિષયમાં ભરાઈ ગયા.॥૨૭૨॥

---

૧. વામમાર્ગીઓ અને નિરાકારવાદિઓ.

૨. ગુદા, મળદ્વાર

૩. કાંટાવાળા જાળામાં.

આ જીવને પંચવિષય, છઠું દેહાભિમાન ને સાતમો પક્ષ એ કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ છે. ને એનો અભિનિવેશ થયો છે તે જીવનું ભૂંડું કરે છે; માટે તે ન રાખવાં. **॥૨૭૩॥**

આ તો કરોડ મણ સૂતરની આંટીઓ ઘૂંચાઈ ગઈ છે તે કેમ ઊખળે ? કોઈ દાખડો કરે તોપણ ન ઊખેળે; પણ જો આ બ્રહ્માંડ જેવડો ફાળકો કરે તો સહેજે ઊખળે.એમ જીવ ઘૂંચાઈ ગયો છે,પણ ભગવાન ભજે તો ઊખળે.**॥૨૭૪॥**

જેમ ગુજરાતમાં પાછલી પહોર રાતથી મહુડાં[1] ટપટપ ખરવા માંડે છે, તે પહોર દી' સુધી ખરે છે; તેમ જીવને પહોર રાત પાછલીથી તે પાછી પહોર રાત જ્યાં ત્યાં સુધી સંકલ્પ થયા જ કરે છે; પણ ભગવાનનો એકે નથી થાતો. **॥૨૭૫॥**

આ વાતો સાંભળીને ગાંડુ ક્યાં થવાય છે ?અરે ! ગાંડા તો આ બધાયને કરી મૂકીએ, પણ દોરનારા જોઈએને ? **॥૨૭૬॥**

ઉદ્ધવ મત વિના નિષ્કામી વર્તમાન ક્યાં છે ? ક્યાંય ન મળે. ને ઉદ્ધવ મતનું પણ જ્યાં સુધી મોટા સાધુ છે ત્યાં સુધી પાધરું રહેશે. પછી ભગવાનની આજ્ઞા રાખશે તો રહેશે. **॥૨૭૭॥**

શ્રાવણીસુદી પાંચમને દિવસ વાત કરી જે, આટલા દિવસ મંદિર કરતા, ને હવે હમણાં વિચાર્યું જે, સર્વે દોષમાત્ર એક ન હોય તો ટળે; તે શું ? જે **એક દેહાભિમાન ટળે તો બધા દોષમાત્ર એની વાંસે ટળે.** ને એક ગુણ આવે તો બધા ગુણ આવે એ કયો ગુણ ? તો **આત્મનિષ્ઠા હોય તો ગુણમાત્ર આવે.** જો થોડું જ જ્ઞાન હોય, પણ સારધાર દેહપર્યંત રહે તો સારું. **॥૨૭૮॥**

ભગવાન છેટા છે તો છેટા જ. નીકર તો આ ઘરમાં આવીને બેઠા. એવું ક્યાં સમજાય છે ? આ ભેટભેટાં થયા છીએ. **॥૨૭૯॥**

---

૧. મહુડા નામના વૃક્ષના ફળ

કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારાં ઘણાં, તેને ઓળખી રાખવાં. ॥૨૮૦॥

દશોંદ-વિશોંદ કહી છે, તે જો ભગવાન રૂપિયા આપે તો કાઢવી. એ તો ઠીક છે, પણ ભેળી આ સાધુની વાતો ભેળા રહીને સાંભળવી; એ પણ દશોંદ વિશોંદ કાઢવી. તે વિના તે જ્ઞાન થાય નહિ. ॥૨૮૧॥

સ્ત્રીવાળો મહિનો-બે મહિના, ને જેને ન હોય તેને તો ઘરમાં રહેવાય જ નહિ; કાં ? જે એમાંથી તો જરૂર કફાત થાય.[1] ॥૨૮૨॥

માટે ગાંઠના રોટલા ખાઈને નીકર મંદિરના રોટલા ખાઈને પણ આ વાતો સાંભળવી ને અજ્ઞાન ટાળવું. ને મંદિરના રોટલા ખાય તેમાં શું ? ઘેર કરતો હોય તે આંહી સેવા કરે. અરે ! અમે તો સેવા પણ જે પૈસા લઈને કરતો હશે તેની પાસે કરાવીશું; પણ જો કોઈ ભગવાન ભજતા હોય તો મંદિરના રોટલા આપીએ. ને હજાર રૂપિયા ખર્ચે તેણે કાંઈ અજ્ઞાન જાય ? તેને પાછા એકથી સોગણા આપે. તે એક જણે પાંચસે રૂપિયા નરનારાયણ આગળ મૂક્યા, તેને સો લાખ આપશું. પણ કાંઈ વાતો સાંભળ્યા વિના અજ્ઞાન ગયું ? ॥૨૮૩॥

સ્વામીએ વાત કરી જે, જેને માથે મોટા શત્રુ હોય તેણે ઊંઘવું નહિ ને જેણે આતતાઈ કર્મ કર્યું હોય તેને પણ ઊંઘ આવે નહિ. તેમ કામ, ક્રોધ ને લોભાદિક શત્રુ માથે છે ત્યાં સુધી ઊંઘવું નહિ. ને જે જે વચન કહ્યાં છે તેને વિસારી દેવાં નહિ, તે જો એકાંતે બેસીને વિચારે તો સાંભર્યા કરે. ॥૨૮૪॥

એક ગરીબ બાવાનો છોકરો આવ્યો, તે કહે જે, "સ્વામિનારાયણ તમે ભગવાન કહેવાઓ છો, તે મને રોટલો આપો." પછી રોટલો આપ્યો. ને મહારાજ કહે જે, "છોકરા ! આ નાના ભક્ત છે તેની સાથે પ્રશ્ન-ઉત્તર કર." ત્યારે તે કહે જે, "મુને આવડે નહિ. એ મારા ગુરુએ મને શીખવ્યું નથી." એટલે નાના ભક્ત રાઠોડ[2] કાઠી થયેલ હતા, તેણે કહ્યું જે, "લે

૧. હાનિ, કજીયો.

૨. રાઠોડ નામના કાઠી હરિભક્ત.

INDEX

હું પૂછું. ભક્તિનો મહિમા કેટલો ?'' એટલે આને તો ઉત્તર ન આવડ્યો. પછી મહારાજે એ પ્રશ્ન સર્વ સાધુને પૂછ્યું પણ કોઈને ઉત્તર સૂઝ્યો નહિ ! પછી મહારાજ કહે,'' ભાગવતમાં આ વાત છે.'' પછી સ્કંધ તથા અધ્યાયનું નામ લીધું, તોપણ કોઈને ઉત્તર ન આવડ્યો. પછી મહારાજ કહે ''લો અમે એનો ઉત્તર કરીએ જે, તૃતીય સ્કંધમાં કહ્યું છે જે, નારદજી જ્યારે વૈકુંઠમાં ગયા ત્યારે વૈકુંઠનાથને પૂછ્યુ જે, ''આ વિમાન છાઈ રહ્યાં છે, તે શા પુણ્યે મળ્યા છે ને તે પાછાં હેઠાં પડશે કે કેમ ?'' પછી કહ્યું કે, ''એક વાર પ્રગટના સાધુને પગે લાગ્યા છે, તેણે કરીને એને મળ્યાં છે ને પછી એ ભગવાનના ધામમાં જાશે.'' એવો ભક્તિનો મહિમા છે. તે ઉપર શ્લોક બોલ્યા : જે–

एकोपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्यः ।
दशाश्वमेधी पुनरेति जन्मं कृष्णप्रणामी न पुनर्भवाय ॥
(મહાભારત-શાંતિપર્વ ૪૭૯૨)

પછી વાતો કરી ને કહ્યું કે, 'આ સહુનાથી નિયમ સરસ પાળીએ તો માણસ છક[1] ખાય છે. પણ ભગવાનનો મહિમા તો કહ્યો એવો મોટો છે.' **॥૨૮૫॥**

અને સ્વામીએ શ્રાવણ વદી બારસે વાત કરી જે, મહારાજે મંડળ બાંધ્યાં, ત્યારે સારા મોટા ભેળા કોઈ સાધુ બેઠા નહિ; ને બીજા ભેળા વીશ-પચીશ થયા! તે મહારાજ કહે, ''ઓલ્યા હિંદુસ્તાનમાં લઈ જાશે તેના ભેળા થઈ ગયા, ને આ સત્સંગમાં રાખે એવા ભેળા કોઈ નથી.'' પછી સ્વામી કહે, ''એમ એકાંતિકનું ને સાધારણ સાધુનું નોખું છે; તે ઓળખ્યા જોઈએ. **॥૨૮૬॥**

કાલ ઓલ્યામાં આવ્યું જે, ''વૈરાટના હાથ પગ તો દેખ્યામાં નથી આવતા, ને પેટમાં આ બ્રહ્માંડ છે.'' તે વિચારીએ તો વૈરાટની કેવડી મોટપ થઈ ! ત્યારે આ અક્ષરને તો રૂંવાડે રૂંવાડે કોટિ કોટિ બ્રહ્માંડ ઊડતાં

---

૧. આશ્ચર્ય પામવું.

ફરે છે; એ તો જો નવું ! પહેલ વહેલું સાંભળ્યું હોય, તો તો જાણીએ જે આ તે વાત કે શું ? પણ કેવડી મોટપ થઈ ! આ તો બહુ વાર સાંભળ્યું એટલે મહિમા નથી. ॥૨૮૭॥

ત્યાગીને તો બાર ઉપર એક વાગે જમવાનું કહ્યું છે. ને આ તો બબે ત્રણ ત્રણ વાર ઝૂડે છે; તે ઉપવાસ પડે એટલે ધારણાં પારણાં પણ કરે, એમ ભેળું લીધે જાય; ને ઓલ્યું યે થાય. ને જો એક વાગ્યે ખાય તો અન્નનો જે રસ તે બળી જાય; ને ઓલ્યું તો અજીરણ થાય ને તેનું પાછું વીર્ય થાય તે પછી ઉપવાસ પડે ! ॥૨૮૮॥

ગોંડલમાં વાણિયે હવેલી કરી તે નળિયાં ચડાવ્યાં, ત્યાં ચાળીશ હજાર કોરી થઈ; ને ઘરમાં પણ એટલી હતી. પછી એમ ને એમ નવી હવેલી ઘરેણે મૂકી તે હજી છૂટી નથી; ને ખાવા મળ્યું નથી. તેમ આપણે પણ ગોંડલના વાણિયાના જેવું છે તે આ દેહ ઘરેણે મૂક્યો છે તે પ્રભુ ભજતા નથી. ॥૨૮૯॥

સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ એ ત્રિલોકી લઘુશંકા ચૂંથે છે, તે મોટા સાધુ તો જાણે જે આ તે શું કરે છે, કોઈ પ્રભુ ભજતા નથી ! ને માણસને વસમું લાગે એટલે કહેતા નથી. ને સત્સંગ થયો છે પણ બાળકની પેઠે લઘુ ચૂંથે છે. ને ત્રિલોકીમાંથી એવો એક તો ખોળીને મારી આગળ લાવો જે મૂતર ન ચૂંથતો હોય ? ॥૨૯૦॥

જેટલું આ જગત પ્રધાન છે, જેટલી સ્ત્રી પ્રધાન છે, ને જેટલો છોકરો પ્રધાન છે તેટલો સાધુ સમાગમ નથી; ને સમાગમની કસર રહે છે એટલે એ પ્રધાનપણે રહે છે. ॥૨૯૧॥

આ જગતનું સુખ તો એવું છે જે, અક્ષરધામમાંથી મચ્છરિયું મૂતર્યું તે પ્રકૃતિના લોકમાં ટીપું પડ્યું, ને તેમાંથી વળી પાછું થોડુંક ટીપું પ્રધાનપુરૂષના લોકમાં પડ્યું; ને તેમાંથી પાછું એમ ને એમ બીજા લોકમાં

પડતે પડતે કાંઈક ઝણ્ય[૧] આ બ્રહ્માંડમાં પડી, એ તે શું કેટલુંક કહેવાય ! તે માટે સર્વોપરી સુખ તો અક્ષરમાં છે ત્યાં જાવું. **॥૨૯૨॥**

સ્વામી કહે, વાંચો રુચિનું[૨] વચનામૃત; તે રુચિ સારી થયા વિના ભગવાન પાસે રહેવાય નહિ. **રુચિ સારી થયે સારું થાય ને ભૂંડી થયે ભૂંડું થાય.** તે જુઓને જેની રુચિ મળતી હોય તે તેની ભેળા બેસે છે ને સુવાણ[૩] પણ તો જ થાય છે. તે અફીણિયા હોય તે અફીણી ભેળા બેસે; એમ રુચિની વાત છે.**॥૨૯૩॥**

એક જણે સ્વામીને પૂછ્યું જે, "વચનામૃતમાં ક્યાંક આશરાનું બળ કહ્યું છે, ક્યાંક ધર્મનું, ક્યાંક વૈરાગ્યનું, ક્યાંક આત્મનિષ્ઠાનું ને ક્યાંક પાછી તે આત્મનિષ્ઠા ઉડાડી નાખી છે.એવાં કેંક ઠેકાણે અનંત સાધન કહ્યાં છે; તેમાં એકને વિષે સર્વે આવી જાય ને ઉત્તમ મોક્ષ થાય એવું એક કહો"? એટલે સ્વામી કહે જે, **"ઉપાસના હોય ને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય હોય તો બધાં આવે.** તેનું એમ થાય જે ઉદ્ધવના જેવી દાસત્વ ભક્તિ ને ગોપીઓના જેવો પ્રેમ ને શુકજી ને જડભરતના જેવો વૈરાગ્ય એ છ હોય તેને પછી ઉપાસના સિદ્ધ થાય છે."**॥૨૯૪॥**

વળી પૂછ્યું જે, ઉપાસના છે એમ કેમ જણાય ? એટલે કહે :-

त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठ स्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि स वैष्णवाग्र्यः ॥

એ શ્લોક પ્રમાણે તો વિષયની કોરનું હોય, એવા ત્રણ શ્લોક બીજા બોલ્યા ને કહ્યું જે, 'એ પ્રમાણે રહે એવા ગુણ હોય તેને ઉપાસના છે, એમ જાણવું.' **॥૨૯૫॥**

પૃથ્વી ગંધને મૂકે; પણ ભીષ્મનું બ્રહ્મચર્ય ન જાય. એમ અડગ ભગવાનને સમજે. વળી મહારાજે કરોડ કરોડ સાધન કહ્યાં છે, પણ તેમાં

---

૧. પાણીના ટીપાં અને સૂક્ષ્માતીસૂક્ષ્મ
૨. લોયા-૧૪મું.
૩. સોબતનો આનંદ.

ત્રણ મુખ્ય છેઃ તેમાં **એક ભગવાન, બીજું તેમના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને ત્રીજી આજ્ઞા; એ ત્રણે જો બરાબર સમજે તો બધુંયે થયું.** ને આજ્ઞામાં ધર્મ પણ આવી ગયો ને આમાં સર્વે સાધન પણ આવી ગયાં અને આપણે મહારાજની આજ્ઞા, ઉપાસના તથા એકાંતિક સંત સાથે હેત છે. માટે જે જે કરવાનું છે તે આપણે થઈ રહ્યું છે; હવે કાંઈ કરવું રહ્યું નથી. **॥૨૯૬॥**

સંવત ૧૯૨૩ના ભાદરવા માસ પર્યંત સ્વામીએ વાતો તો ઘણી કરી છે, પણ આ તો સંક્ષેપમાત્ર લખાણી છે. ને વળી આ વાતો તો સ્વામીએ પોતે જૂનાગઢના મંદિરમાં પોતાને આસને બાળમુકુંદદાસજી પાસે બ્રહ્મચારી અચિંત્યાનંદજી વગેરે સર્વે સંતમંડળ સાંભળતે વંચાવી; ને પછી સ્વામી બોલ્યા જે "આ વાતો તો બહુ સારી છે અને શ્રીજી મહારાજની કરેલી પણ વાતો આમાં ઘણી છે." ત્યારે બ્રહ્મચારીએ તે વાતો સાંભળીને કહ્યું જે, "તમે કહો છો તેમ જ છે."

અને આ જે સ્વામીની વાતો છે તેને જે કોઈ વાંચે, સાંભળે, વિચારે તેણે તેટલો સ્વામીનો સમાગમ કર્યો કહેવાય. કેમ જે, સ્વામીએ પોતે એમ કહ્યું છે જે, "જેનું કરેલું શાસ્ત્ર વાંચે, સાંભળે તેટલો તેનો સમાગમ કર્યો કહેવાય છે."

ઈતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય ગુણાતીતાનંદ સ્વામીની કરેલી વાતોમાં સર્વદેશી સમજણનું મુખ્યપણું કહ્યું એ નામે પાંચમું પ્રકરણ સમાપ્ત.૫

પાંચમુ પ્રકરણ સમાપ્ત.

સમાપ્ત

જય શ્રી સ્વામિનારાયણ



ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં આવતા શ્લોકો

૧. महाध्यानाभ्यासं विदधतमजस्त्रं भगवतः,
पवित्रे संप्राप्तं स्थितिमतिवरैकांतिकवृषे ।
सदानंदं सारं परमहरिवार्ताव्यसनिनं
गुणातीतानंदं मुनिवरमहं नौमि सततम् । (१/१)

૨. निजाश्रितानां सकलातिर्हन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमंगलंनः ॥
(शिक्षापत्री. २१२) (१/३३४)

૩. श्रेयांसि बहुविघ्नानि (१/३३७) (५/४५)

૪. यो वेत्ति युगपत्सर्वं प्रत्येक्षण सदा स्वतः २/१५

૫. अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥ (२/२९) गीता- ९/११

૬. प्रसंगमजरंपाशमात्मनःकवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ (ભાગવત-૩/૨૫/૨૦) (२/४२)

૭. सर्वोपनिषदो गावो, दोग्धा गोपालनन्दनः ।
पार्थो वत्सः सुधिर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥२८॥
गीतामाहात्म्य-६ (२/४५)

૮. संगं न कुर्यात्प्रमदासु जातु योगस्य पार परमारुरुक्षुः ।
मत्सेवया प्रतिलब्धात्मलाभो वदन्ति या निरयद्वारमस्य ॥ (२/५१)
(ભાગવત-૩/૬૧/૩૯)

૯. कामादिभिर्विहीना ये सात्त्वताः क्षीणवासनाः ।
तेषां तु बुद्धिभेदाय क्वापि कालो न शक्नुते ॥ वासुदेवमा ८/९ (२/५१)

૧૦. श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति ॥
(गीता- ४/३९) (२/६०)

૧૧. प्रयत्नाद्यतमानस्तु योगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम् ॥
(गीता-६/४५) (२/६०)

૧૨. पीत्वा पीत्वा पुनः पीत्वा पीत्वा पतति भूतले ।
उत्थाय च पुनः पीत्वा पुनर्जन्म न विद्यते ॥ चार्वाक (૨/૭૧)

૧૩. मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥
(ભાગવત ૩/૨૫/૪૨) (૨/૭૨)

૧૪. अहो अमीषां किमकारि शोभनं प्रसन्न एषां स्विदुत स्वयं हरिः ।
यैर्जन्म लब्धं नृषु भारताजीरे मुकुंदसेवौपयिकं स्पृहा हि नः ॥
ભાગવત-૫/૧૯/૨૧ (૫/૧૬

૧૫. आकुतिचितिचापल्यरहिता निष्परिग्रहाः । (૫/૩૦)
बोधने निपुणा आत्मनिष्ठाः सर्वोपकारिणः ॥ – सत्संगि

૧૬. परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया । (૨/૧૨)
गृहीतचेता राजर्षे आख्यानं यदधीतवान् ॥ ભાગવત-૨/૧/૯

૧૭. भूमिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छतु,
शीलं शैलतटात्पतत्वभिजनः संदह्यतां वह्निना ।
शोर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलं, (૫/૭૨)
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥

૧૮. धर्मस्त्याज्यो न कैश्चित् स्वनिगमविहितो वासुदेवे च भक्ति
दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणैक्यं निजस्य ।
निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं सम्परित्यज्य सन्त
स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान्धार्मिको नीलकण्ठः ॥ (૫/૭૮)
સ.જી. ૫/૫૫/૨૮

૧૯. ॥ महाजनो येन गतःस पन्थाः ॥ महाभा२त-૩૧૩/૧૭ (૫/૮૦)

૨૦. क्षमाशीलाधीरजशाली, बोधने निपुणाः (૫/૮૫)

૨૧. आकृति चिति चापल्य रहिता निष्परिग्रहाः ॥ (૫/૮૫)

૨૨. क्षणे स्ष्टा क्षणे तुष्टा, स्ष्टा तुष्टा क्षणे क्षणे (૫/૮૬)

૨૩. ॥ जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ॥ (૫/૮૭)

૨૪. यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः । (૫/૧૨૯)
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥ (गी. अ. ३-२)

૨૫. न कुर्यात्कर्हिचित्सख्यं मनसि ह्यनवस्थिते ।
यद्विश्रम्भाच्चिराच्चिर्णं चस्कंदतप-ऐश्वरम् ॥
नित्यं ददाति कामस्य छिद्रं तमनुयेऽरयः ।
योगिनः कृतमैत्रस्य पत्युर्जायेव पुंश्चली ॥ (५/१५३)
(ભાગવત-૫/૬/૩-૪)

૨૬. कामं दहन्ति कृतिनो ननु रोषदृष्टया रोषं दहन्तमुत तेन दहन्त्यसह्यम् ।
सोऽयं यदन्तरमलं प्रविशन्बिभेति कामः कथं नु पुनरस्य मनःश्रयेत ॥ (५/१७०)
– ભા-૨/૯/૯

૨૭. शब्दे परे च निष्णाता ब्रह्मण्युपशमाश्रयाः (५/२२२)

૨૮. विषयान् विषवत् त्यज (५/२२७)

૨૯. ॥ एकाग्रेणैव मनसा पत्रीलेखः सहेतुकः ॥ शिक्षापत्री-૯ (५/२३८)

૩૦. एकोपि कृष्णस्य कृतः प्रणामो दशाश्वमेधावभृथेन तुल्य ।
दशाश्वमेधी पुनरेति जन्म कृष्णप्रणामी न पुनर्भवाय ॥ (५/२८५)
(महाभारत-शांतिपर्व ४७।९२)

૩૧. त्रिभुवनविभवहेतवेऽप्यकुण्ठस्मृतिरजितात्मसुरादिभिर्विमृग्यात् ।
न चलति भगवत्पदारविन्दाल्लवनिमिषार्धमपि स वैष्णवाग्यः ॥ (५/२९५)

૩૨. निजात्मानं ब्रह्मरुपं देहत्रय विलक्षणम्
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥
(शि.प.११६) (२/१२)

૩૩. आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः ॥
(लिंग पुराण ७/११/२) (१/३४)

૩૪. ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
स मः सर्वेषु भूतेषु मद्भक्ति लभते पराम् ॥ गीता-१८/१७/५४ (२/१२)

૩૫. आत्मारामाश्चमुनयो निर्ग्रन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः ॥ ભાગ-૧/૭/૧૦ (२/१२)

૩૬. ''अर्थं साधयामि वा देहं पातयामि'' (५/५५)

૩૭. त्यज धर्ममधर्मं च उभे सत्यानृते त्यज ।
उभे सत्यानृते त्यक्त्वा येन त्यजसि तत्त्यज ॥ (५/१९१)
महाभारत-शांतिपर्व-૩૧૬/૪૦



૧. ગુરુદેવકો અંગ

આધ્યાત્મિક ઉન્નતિ અને મુક્તિ માટે ગુરુનો મહિમા અતિઆવશ્યક મનાય છે. તેમની સેવા-પૂજા એ ભગવાનની સેવા-પૂજા કર્યા બરાબર ગણાય છે. સત્સંગી જીવનમાં દર્શાવ્યા મુજબ દશ શ્રોતીઓથી એક આચાર્ય અને દશ આચાર્યોથી એક ઉપાધ્યાય અધિક ગણાય છે. દશ ઉપાધ્યાયથી એક પિતા અને દસ પિતાથી એક માતા ઉત્તમ ગણાય છે. જ્યારે દશ માતા-પિતા કરતાં એક ગુરુ શ્રેષ્ઠ મનાય છે. માતા-પિતા શરીરને ઉત્પન્ન કરે છે જ્યારે ગુરુ સત્યજ્ઞાનથી દેહને બંધનમાંથી મુક્ત કરે છે.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી પ્રસ્તુત કાવ્યમાં પોતાના ગુરુનો મહિમા વર્ણવે છે. તે ગુરુ કોઈ સામાન્ય ગુરુ નથી, અનન્ત કોટિ બ્રહ્માંડના અધિપતિ, સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ છે. ૨૪ કડી અને ૧૪૮ પંક્તિનું આ દીર્ઘ કાવ્ય સવૈયા અને મનહર છંદમાં વિભાજિત છે. ગુરુમહિમા અને ગુરુભક્તિના વિલાસની સાથે સાથે વિલાસી ગુરુની વાત પ્રસ્તુત રચનામાં વર્ણવાંમાં આવેલ છે તે હવે આપણે જોઈએ.

સવૈયા

મંગલરૂપ અનૂપ ગુરુ મોય, મોજ કરિ નિજ તત્વ લખાયા;
દે ઉપદેશ ક્લેશ નિવારકેં, અંતર તાપ રુ પાપ મિટાયા.
જ્યું તમ લેશ દિનેશ વિનાશત, ત્યું ઉર અંદ સંબંધ નસાયા;
પ્રાણપતિ બ્રહ્માનંદ કહે, સહજાનંદ અંતર બીચ સોહાયા...૧
અંતર બ્રહ્મ વિચાર અખંડિત, કામ કુબુદ્ધિ અહં-મદ ટારે;
સુંદરતા ઉરમે સમતા મમતા, મદ મચ્છર માન નિવારે.
શીલ સંતોષ નિરંતર શોભિત, અંતરતેં જગા મૂર ઉખારે;
ઈષ્ટ સદા બ્રહ્માનંદ કહે, સહજાનંદ સો ગુરુ દેવ હમારે...૨

ઈન્દ્રિય જીત અતિ ઉર ધીરજ, શૂર સદા ભ્રમ દૂર અંદેસા;
માયિક પાસ વિનાશ કીયે શુદ્ધ, જ્ઞાન પ્રકાશ દિવાકર જેસા.
મત્સર માન ગુમાન નહિ નિત, દાન અભયપદ દાયક વેસા
ઈષ્ટ ગુરુ બ્રહ્માનંદ કહે, સહજાનંદ હે સુખસાગર એસા...૩
સંશય શૂલ નમૂલ ભયે ભ્રમ, ભૂલ નિકાસ અમૂલ કિયોરી;
દોષ કલંક હિ દૂર કરે ભવ-પૂરહુસે ગૃહિ કાઢી લિયોરી.
જઠરક ઝાલ કરાલહુસેં પ્રતિપાલ દયાલ લહી સુધ મોરી;
શ્યામ સદા બ્રહ્માનંદ કહે, સહજાનંદ સુંદર જીવન દોરી...૪
કાહુકે ઈષ્ટ ભવાનિ રુ ભૈરવ, કાહુકે ઈષ્ટ રાનેશ શુંડારા;
કાહુકે ઈષ્ટ મહેશ ઉમાપતિ, કાહુકે ઈષ્ટ વિરંચિ હિ પ્યારા.
કાહુકે ઈષ્ટ હુતાશ પ્રકાશક, કાહુકે ઈષ્ટ રવિ શશી તારા;
પ્રાણપતિ બ્રહ્માનંદ કહે, સહજાનંદ હે ગુરુ ઈષ્ટ હમારા...૫
જાહિકે તેજ પ્રતાપ હુંસે દુઃખ, મૂર સંસાર વિકાર વિસારું;
જાહિકે તેજ પ્રતાપહુંસે ઉર, કામ કુબુદ્ધિ અહંમદ ટારું.
જાહિકે તેજ પ્રતાપહુંસે સબ, ઈંદ્રિનકું રસ ભોજતેં વારું;
પ્રાણપતિ બ્રહ્માનંદ કહે, સહજાનંદ અંધ્રિ સદા ઉર ધારું...૬
જ્યું ઘનનાદ સુને અતિ સ્વાદ, ઉપાસિત મોર સો જોર હુલાસી;
જેસિહિ ચંદ ચકોર ઉપાસિત, તાહિતે ખાત હુતાશ અધ્યાસી.
ચાતક સ્વાંતકી બુંદ ઉપાસિત, તા બીન નીર નહિ મુખ જાસી;
કાય ગિરા બ્રહ્માનંદ ત્યું સહજાનંદ અંધ્રિ સરોજ ઉપાસી...૭
કોઉક શીશ જટા નખ દીરઘ, ડોલત અંગ બાધંઘર ધારે;
કેશ લુંચા અરૂ કાનફટા કોઉ, ઘંટ બજાવત જંગમ ન્યારે.
એસે વીરકે વાદુ કહાવત, કોઉક દાદુ હિ દાદુ પોકારે;
ઓ બ્રહ્માનંદ ભૂલ ગયે સહજાનંદ અંધ્રિ વિના ભ્રમ સારે...૮
ન્યાસિ અરૂ વનવાસી કહે ગુરુ, ઓર ઉદાસિ ગુરુ મુખ ગાવે;
કાનફટા બહુ શ્વેતપટા નિત, ખાલકટા ગુરુ ઘોષ સુનાવે.

ભક્ત રૂ ભેખ ગુરુ ગુરુ બોલત, જક્ત માહીં ગુરુ બહુત કહાવે;
સાચી કહી બ્રહ્માનંદસો ગુરુ, દેવ જોઈ જીતને ભ્રમ જાવે...૯
રાજતહે રવિ જ્યું જગમેં, નિત પ્રૌઢ પરતાપ છપે ન છપાયા;
શીતલ શુદ્ધ વિચાર મહાબલ, કોમલતા કરિકેં ઉર છાયા.
રીત સુનીત અલૌકિક ઉજ્વલ, જીત ઈંદ્રી જગ મીત સોહાયા;
અંતર શુદ્ધિ કરે બ્રહ્માનંદ, વા ગુરુ પેં કુરબાન હે કાયા...૧૦
જેસેહિ હેમ હુતાશમેં ડારકેં, ધોય વિકાર સોનાર તપાવે;
વ્યોતત જ્યું દરજી પટ ફારકે, કાષ્ઠકું બાઢ સુતાર બનાવે.
પાત્ર કુલાલ શીલાકર પાહન, લોહ લોહાર સુધારહિ લાવે;
યું શિષ્યકું ગુરુદેવ સુધારત, સો બ્રહ્માનંદ આનંદ પાવે...૧૧

શાબ્દાર્થ : નિજ તત્ત્વ લખાયા=પોતાના ભગવાનપણાની સ્પષ્ટતા કરી; રૂ=અને મૂર=મૂળ;-સંદેહ-વ્હેમ; સંશય શૂલ=સંશય રૂપ કંટક; નમૂલ=મૂળ રહિત; જઠર ઝાલા=માતાના ઉદરમાં ગર્ભાસ્થાન જાળ, કરાલ=ભયંકર; શુડારા=સૂંઢાળા ગણેશ; વિરંચી=બ્રહ્મા; ભોજ=ભોગવતી; ઉપાસિત=ધ્યાન ધરવું; અંધ્રિ=ચરણ કમળ; કેશ લૂંચા=કેશ ખેંચી મૂંડીયા થનાર; ન્યાસી=ંન્યાસી; મિત=મિત્ર; વ્યોતત=સિવવું; કુલાલ=કુંભાર; બાઢ=કાપી.

સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે મારા ગુરુ શ્રી સહજાનંદ સ્વામી સદા મંગલમય અને અનુપમ છે, કારણકે પોતે જ પ્રસન્નતાથી ભગવાન હોવાનું સ્પષ્ટ કરે છે. આથી ભ્રમણા અને સંશય નષ્ટ થાય છે. તેમના ઉપદેશમાત્રથી કામ, ક્રોધ, કુબુદ્ધિ, વ્યામોહ, માયા, મત્સર અને સવિશેષ, ગર્વ કે ગુમાન દૂર થાય છે, અંતરના તાપ અને પાપ ટળે છે અજ્ઞાનતા દૂર થતા જ્ઞાનનો ઉજાસ ફેલાય છે. શીલ, સંતોષ, સમતા અને સુંદરતા પ્રગટે છે. જીવન સંયમતિ બને છે. ધૈર્યવાન બનાય છે. માયિક બંધનો મૂળમાંથી કપાય છે. જઠર જાલ અર્થાત્ માતાના ગર્ભમાં ભયંકર એવી એ જાળમાંથી ગુરુ રૂપી પ્રભુ જ મુક્તિ અપાવે છે. ગુરુ જ અવનત જીવનને

ઉચ્ચતમ અને સુંદરતમ તરફ લઈ જવા શક્તિમાન છે. તો પછી ભૈરવ-ભવાની, ગણેશ, મહેશ, ઈત્યાદિ દેવો; કે પછી પ્રકાશ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, ઈત્યાદિ પ્રકૃતિના તત્ત્વોને શા માટે ભજવા જોઈએ ? જેમ મોર મેઘનું, ચકોર ચંદ્રનું, ચાતક સ્વાતિબુંદનું ધ્યાન કરે છે તેમ શિષ્ય કે આશ્રિતે ગુરુ સ્વરૂપ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના ચરણકમળનું જ ધ્યાન ધરવું જોઈએ.

પ્રસ્તુત કાવ્યમાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી બ્રહ્મ વિલાસીને બદલે ભ્રમ વિલાસી ઢોંગી ગુરુઓ પ્રતિ અંગુલીનિર્દેશ કરે છે. દીર્ઘ નખ અને મોટી જટાવાળા, કેશ ચૂંટીને મૂંડિયા બનેલા, કાનફટ્ટા અને શ્વેત પટ્ટા, સંન્યાસી, ઉદાસી, વનવાસી તેમજ વિભિન્ન મતવાદીઓનો વેશ ધારણ કરનારાથી સાવધાન રહેવું આવશ્યક છે. જેઓ સ્વય પાખંડી અને ઢોંગી છે, તે શિષ્યનો શી રીતે ઉદ્ધાર કરી શકે ? ગુરુ તો સૂર્યની જેમ સ્વપ્રકાશિત અને શુદ્ધ મતના પ્રચારક-પ્રસારક હોવા જોઈએ. સોની જેમ કનકને, દરજી જેમ કપડાને, સુથાર જેમ કાષ્ટને, કુંભાર જેમ પાત્રને, લુહાર જેમ લોખંડને અને શિલ્પકાર જેમ પથ્થરને ઘાટ આપે તેમ ગુરુ શિષ્યના જીવનના સાચા ઘડવૈયા હોવા જોઈએ.

મનહર

દેહકે અધ્યાસો મિટાત નિજ દાસહુકે,
શત્રુ અરૂ મિત્ર નાંહિ મેરા તેરા હે;
આતમાકિ ગતિ સાધી ઓર ના ઉપાધી કછુ,
સુખહુકે વારિધિમેં કિયા નિત ડેરા હે;
રિદ્ધિ રહે હાથ જોર દેખત ન તાકી ઓર,
કામ ક્રોધ લોભ મોહ મૂરતે ખેરા હે;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાનિ કરિ,
એસેં ગુરુકું પ્રણામ કોટિ મેરા હે...૧(૧૨)

અગમ અગાધ બોધ ગહે સબ સાર શોધ,
મન અવિરોધ જોધ જ્ઞાન કરિ માર હે;
સમતા સ્વભાવ શીલ મમતા ના માયીકકી,
પાપ હરી લિને જીવ કિને ભવ પાર હે;
અહંતા અનંગકે પ્રસંગ સબ કિયે નાશ,
વૈતનકે રંગ નિજ સંગિન સુધાર હે;
કહત હે બ્રહ્માનંદ કાયમન બાની કરી,
એસે ગુરુરાજ સો હમારે કિરતાર હે...૨(૧૩)
માન મદ મારવેક કર્મનકું જારવેકિ,
અધમ ઉધારવેકિ ટેક જિન ઠાને હે;
ગહન અગાધ ગતિ પૂરન પ્રતાપ અતિ,
મતિ બલ કાહુસેતિ જાત ન પિછાને હે;
શરનાગત બંધ છેદ જગકો કિયો નિષેદ,
વેદ રૂ વેદાંતહુકે ભેદ સબ જાને હે;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાની કરિ,
એસો ગુરુરાજ હમે ઈશ કરિ માને હે...૩(૧૪)
મોક્ષ દાન લીયો હાથ કાહુસેં ન પક્ષાપાત,
વાતતેં બતાય દેત અલખ અભેવ હે;
અતિસે ઉદાર જીવ કીને બહુ ભવ પાર,
આતમ વિચાર ઉર નાંહિ અહમેવ હે;
ધીરજ ધર્મહુકે વર્મ બન રહે આપ,
તાપ કાપ દાસનકે પાપ હર લેવહે;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાનિ કરિ,
એસો ગુરુરાજ સો તો દેવનકો દેવ હે...૪(૧૫)
પારસ પલકમાંહિ લોહકું સુધાર લેત,
પારસ ભયે તેં છિનમાંહિ હેમ હોઈ હે;

આક ઢાક વૃક્ષનકું ચંદન સુધાર લેત,
આપકે સમાન કીન શીતલ ખસબોઈ હે;
જેસે ભ્રંગ કીટકું સુધારકે ફીરાત અંગ,
ભ્રંગ સંગ ભ્રૂરંગ હોય કીટ જાતી ખોઈ હે;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાની કરિ,
તતકાલ શિષ્યકું સુધારે ગુરુ સોઈ હે...૫(૧૬)
જ્ઞાન ધ્યાન ગુરુ બિન મિલે નાહિં કાહુ ઠોર,
ગુરુ બિન આતમ વિચાર કીત પાવહિ;
અંતર પ્રકાશ ભ્રમ નાશ નાહિ ગુરુ બિન,
ગુરુ બિન કુન સત્ય બાતકું સુનાવ હિ;
પ્રેમ નિમ શીલ રૂ સંતોષ નાહિ ગુરુ બીન,
ગુરુ બિન મનહુંકું ઠોર કોન લાવ હિ;
કહત હે બ્રહ્માનંદ અંતર વિચાર દેખો,
ગુરુ બિન કુંન ભવ સંકટ મિટાવ હિ...૬(૧૭)
પંડિત પ્રસંગ નાહિ અછર ન આવે એક,
અછરકે આએ બિન વેદ કયું બંચાત હે;
નંદકિ પરીછા કેસી જાહેરકે સંગ બિન,
હાત હીરો લિયે ડોલે સંશય ન જાત હે;
ઔષધકો મર્મ કોઉ વૈદ પાસ શીખ્યો નાહિ,
બિન સિખે મર્મ વાકી ઔષધ સો ધાત હે;
કહત હે બ્રહ્માનંદ ગુરુ બિન જ્ઞાન એસે,
જેસે આંધરે કે હસ્ત દર્પન દેખાત હે...૭(૧૮)
ટારે જિન તીન તાપ પાપહુ પ્રજારે સબ,
અંતર કૃપાલુ અતિ પર ઉપકારિ હે;
ભવ વારિધકે પૂર બહ જાતે કાઢે ગ્રહિ,
તુરત ઉતારે તીર પીર સબ જારિ હેં;

કાલ વ્યાલ મુખસેં કાઢિ સિયે કરૂના કરી,
હરિકું લખાયકે સહાય ભયે ભારી હે;
કહત હે બ્રહ્માનંદ હમ તો વિચારી દેખ્યો,
જગમેં ન કોઉ ગુરુ જેસો હિતકારી હેં...૮(૧૯)
ગુરુદેવ જનની જનક રૂ સંબંધિ બઠધૂ,
પૂરન અત્યંત સુર ગુરુહુંસેં પાયો હે;
નાસિકા વંદન બેન દિને ગુરુ દીવ્ય નેન,
શોભિત શ્રવન દેકેં, શબ્દ સુનાયો હે;
દિયે ગુરુ કર પાવ શીતલતા શિષ્ય ભાવ,
ગુરુરાય પિંડહુમેં પ્રાણ ઠહરાયો હે;
કહત હે બ્રહ્માનંદ કંદ સુખ દયા સિંધુ,
ગુરુદેવ મેરો ઘાટ દુસરો બનાયો હે...૯(૨૦)
કોઉ દેત બાજ સાજ કોઉ દેત ગજ રાજ,
કોઉ દેત રાજ સુખ હેમ નંગ હાર હે;
કોઉ દેત ખાન પાન કોઉ દેત વિદ્યા દાન,
કોઉ દેત ખેત પશુ પુત્ર પરિવાર હે;
કોઉ દેત ગઢ ગ્રામ હોઉ દેત ધન ધામ,
કોઉ દેત શ્યામ પીત અંબર અપાર હે;
કહે બ્રહ્માનંદ જિન દિયો હરિ નામ દાન,
જગમાંહિ ગુરુ જેસો કોઉ ન ઉદાર હે...૧૦(૨૧)
હે તો સો અનંત સબ કહત હે સંત પુનિ,
ભોમિ રજકનહુકો હોત નિરધાર હે;
વન વૃક્ષહુકે પાત કાહુસેતિ ન લિખાત,
સો પુનિ કહાત જુગભાર જયું અઢાર હે;
ઉદધિ અસંખ્ય નીર તાહુકું કહે ધીર,
મેઘબુંદ અગણ્ય ગનિતિ કરિ ડાર હે;

INDEX

કહે બ્રહ્માનંદ હમ ઉરમેં વિચાર દેખ્યો,
ઓર હીકો પાર ગુરુ ગુનસો અપાર હે...૧૧(૨૨)
પથ્થરકી જાતિ હીરા ચિન્તામનિ પારસહુ,
મોતી પુખરાજ લાલ શાલ ફેર ડારિયેં;
કામધેન કલ્પતરુ આદિ દે અનેક નિધિ,
સકલ વિનાશવંત અંતરવિચારિયેં;
સબ હિ જહાનમેહિ દુસરો ઉપાય નાહિં,
ચરનુમેં શીશ મેલી દીનતા ઉચ્ચારિયેં;
કહત હે બ્રહ્માનંદ કાય મન બાનિ કરિ,
કુંન એસી ભેટ ગુરુરાજ આગે ધારિયેં...૧૨(૨૩)
ગુરુ રાજ દીન બંધુ સબ સાર દયાસિંધુ,
પુરન પ્રતાપ આપ પાપ સબ પીશ હે;
પ્રાનીનકે પ્રાણ સદા દેત નિત મોક્ષ દાન,
જિનહુકે આશ્રે રહે લછન બતીસ હે;
શ્વેતદ્વીપવાસી સુખ રાશિ નિત્ય શોભિતહિં,
આશ્રતકું દેત નિજ ધામ બકશિષ હે;
કહત હે બ્રહ્માનંદ અંતર સિદ્ધાંત એહી,
દેવનકે દેવ ગુરુ ઈશનકે ઈશ હે...૧૩(૨૪)

શબ્દાર્થ :- વારિધિ=દરિયો; આગમ=શાસ્ત્રો, વેદો, અનંગ=કામદેવ, જારવકે=જાળવવું; વર્મ=કવચ; છનમાંહિ=ક્ષણવારમાં, ખસલોઈ સુગંધિત, કીટ=જીવડું; અછર=અક્ષર, પીર=પીડા; વ્યાલ=ંપર્ક; અંબર=વસ્ત્ર; જુગ ભાર જ્યું અપાર હે=અઢાર ભાર વનસ્પતિ; લછન-લક્ષણ.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે જે ગુરુ દેહાભ્યાસ અને સર્વ ઉપાધિઓ મટાડે; શત્રુ-મિત્ર અને મારા-તારાનો ભેદ ટાળે; કામ, ક્રોધ, લોભ, અને મોહને વિદારે; અધમને ઉદ્ધારે, શરણાગતને ઉગારે, આત્માની ઉન્નતિ

કરે, મનને મારે, શાસ્ત્રોનો સાર સમજાવે, અલખનું અભેદપણું દર્શાવે, વેદ-વેદાંતનો ભેદ જાણે તેમજ ભેદભાવ રહિત મોક્ષના દાતા બને તેવા ગુરુ પ્રભુ સમાન, દેવના દેવ છે અને એવા ગુરુને કોટિ વંદન છે.

ગુરુ વિના જ્ઞાન-ધ્યાન, પ્રેમ-નિયમ, અને શીલ-સંતોષ શક્ય બનતા નથી. ગુરુ વિના ભ્રમણાનો નાશ અને ભીતર પ્રકાશ પણ શક્ય બનતો નથી, ગુરુ વિના મનની સ્થિરતા આવતી નથી. સત્યપથ અને શાસ્ત્રનો મર્મ ગુરુ વિના કોણ બતાવી શકે ? ગુરુ વિનાનું જ્ઞાન અંધના હસ્તમાં દર્પણ સમાન હોય છે.

જગતમાં ગુરુ જ પરમ હિતકારી છે. તેઓ પાપ અને આધિ, વ્યાધિ તેમજ ઉપાધિના તાપને ટાળે છે. આપણી પાંચે ઈન્દ્રિયોને સન્માર્ગે વાળે છે. આ દુનિયામાં જે કંઈ ગણો તે એકમાત્ર ગુરુ જ છે. ગુરુ વિના જ્ઞાન, ભાન, શાન હોઈ શકે નહીં. અનેક પ્રકારની ભૌતિક સંપત્તિ આપનાર વ્યક્તિઓ દુનિયામાં મળી રહે છે. પરંતુ એથી તો જગબંધન વધે છે. જ્યારે 'હરિનામ' આપનાર તો માત્ર ગુરુ જ હોય છે, જે નામથી ભવબંધન તૂટે છે. જગતના સર્વ પદાર્થો નાશવંત છે. પછી ભલેને કામધેનુ કે કલ્પવૃક્ષ કેમ ન હોય ! ગુરુએ આપેલ હરિનામને તોલે કોઈ વસ્તુ આવી શકે નહીં. આથી જ ગુરુની ઋણમુક્તિ માટે તેમના ચરણકમળમાં આપણું શિશ જ શોભે. ગુરુ દીનબંધુ અને દયાસિંધુ છે. તે જ દેવાધિદેવ છે.

●●●



સ્વામીની વાતોમાં આવતા સંતો-ભક્તોની નામાવલિ.

પ્ર.૧

- રવજી સુથાર - ૧/૪૪,
- હિરજી - ૧/૫૧,
- નિરંજનાનંદ સ્વામી - ૧/૭૯,
- સુરા ખાચર - ૧/૮૦,
- મુક્તાનંદ સ્વામી - ૧/૧૫૧/૧૯૯/૨૦૭/૨૧૦/૨૨૯/૨૭૫/૩૨૩, - ૨/૨/૩/૭/૯/૨૫/૩૧/૪૧/૪૫/, - ૩/૩૪/૧૧૦/૧૦૩, - ૪/૧૭/૧૮/૨૨/૨૩/૨૫/૩૪, ૫-૯/૩૦/૫૦/૬૫/૮૩/૧૦૧/૧૪૧/૧૯૮/૨૪૩/૨૬૧
- બ્રહ્માનંદ સ્વામી
- વિજ્ઞાનદાસજી સ્વામી - ૧/૮૧,
- નંદરાજા - ૧/૮૬,
- ચિત્રકેતુ - ૧/૮૬/૧૯૩/૨૪૯,
- અક્ષરાનંદ સ્વામી - ૧/૯૩/૧૪૨,
- સુલભા - ૧/૧૦૮,
- પ્રિયવ્રત - ૧/૧૧૪/૧૬૩
- જનક - ૧/૧૧૪/૩૩૯,
- ગોવરધનભાઈ - ૪/૧૮,
- પર્વતભાઈ - ૧/૧૮/૨૨૯, - ૨/૯/૨૬, - ૩/૮/૧૮/૨૮
- નરનારાયણાનંદ સ્વામી - ૧/૫૬,
- અજામીલ - ૧/૧૮૨
- સ્વરૂપાનંદ સ્વામી - ૧/૧૯૧/૧૯૨/૨૮૨, - ૨/૭/૮/૧૦/૧૪/૪૧, - ૩/૭/૧૦/૧૭/૨૪/૩૦/૪૦/૮૩/૨૬૧
- જડભરત - ૧/૩૬/૨૦૮/૩૩૨, - ૨/૧૩૦/૨૯૪
- રહુગણ - ૧/૨૦૮,
- કૃપાનંદ સ્વામી - ૧/૨૨૫/૨૨૯/૩૦૭/૩૩૧, - ૨/૩૧/૫૭, - ૩/૩૦/૪૩/૬૪/૭૭/૮૩/૯૦/૧૧૪
- સચ્ચિદાનંદ સ્વામી - ૧/૨૨૯/૩૩૦, - ૨/૫૭
- સદાશિવભાઈ - ૧/૨૫૫
- ખટવાંગ રાજા - ૧/૨૬૦
- ઝીણાભાઈ - ૧/૨૭૩
- ઈન્દ્ર - ૧/૨૧૪
- વિશ્વરૂપ - ૧/૨૯૩, - ૨/૨૫૬
- નિત્યાનંદ સ્વામી - ૧/૨૬/૩૪, - ૨/૩૪

- માવો ભગત - ૧/૩૦૭
- રણછોડજી - ૧/૩૦૭
- વ્યાપકાનંદ સ્વામી - ૧/૩૨૫, - ૨/૧૪, - ૩/૧૦/૨૪/૨૮
- અંબરિષરાજા - ૨/૨૬
- પ્રહલાદજી - ૧/૩

પ્ર.૨

- આત્માનંદ સ્વામી - ૨/૧/૧૮/૨૦/૪૮/૬૫
- જેસંગભાઈ - ૨/૬
- આનંદાનંદ સ્વામી - ૨/૭
- શિવલાલભાઈ - ૨/૨૧/૨૨
- રાવણ - ૨/૧૬, - ૩/૧૪/૨૪૨
- અંગદ - ૨/૧૬
- ભજનાનંદ સ્વામી - ૨/૧૮
- બાળમુકુંદાનંદ સ્વામી - ૨/૧૮/૧૬૫/૨૧૯
- રઘુવીરજી મહારાજ - ૨/૧૯/ ૨૧/૫૭/૬૩/૭૪/૧૧૦
- અચિંત્યાનંદ બ્રહ્મચારી - ૨/૧૯
- જલો ભગત - ૨/૩૩
- નિરંજનાનંદ સ્વામી - ૧/૭૯, - ૨/૩૪
- રૂપશંકર - ૨/૩૯/૬૭/૭૧
- સિદ્ધાનંદ સ્વામી - ૨/૪૩
- ગોવિંદાનંદ સ્વામી - ૨/૫૨
- મહાપ્રભુ - ૨/૫૨
- પરમહંસાનંદ સ્વામી - ૨/૫૨
- ગયરાજા -
- સર્વનિવાસાનંદ સ્વામી - ૨/૬૪/૧૪૨
- કલ્યાણભાઈ - ૨/૭૨, - ૫/૨૩૮

પ્ર.૩

- કરશનદાસ - ૩/૮
- મહાવીર્યાનંદ સ્વામી - ૩/૮
- રાધેશ્વરાનંદ સ્વામી - ૩/૮
- હિરણ્યગર્ભાનંદ સ્વામી - ૩/૮
- હમીર - ૩/૮
- નાથભક્ત - ૩/૨૩
- દિવાન - ૩/૨૩
- નારણદાસ સ્વામી - ૩/૬૩
- પ્રેમાનંદ સ્વામી - ૩/૭૦
- નિર્ગુણાનંદ સ્વામી
- અક્ષરાનંદ સ્વામી - ૧/૯૩/૧૪૨
- સોમલા ખાચર -
- ચૈતન્યાનંદ સ્વામી - ૧/૧૪૨/૧૬૫/૨૧૯

- વ્યાપકાનંદ સ્વામી - ૧/૩૨૫, - ૨/૧૪/૨૪
- ભાઈ રામદાસ સ્વામી
- રતના ભક્ત - ૨/૧૧
- ડોસા ભક્ત- ૩/૧૧
- વશરામ ભક્ત
- અલૈયા ખાચર - ૨/૫૦, - ૩/૧૨
- દેવજી ભક્ત - ૩/૧૩
- દામોદર - ૩/૧૪
- નથુ ભટ્ટ - ૩/૧૪
- ઝવેર ભક્ત - ૩/૨૧
- હિરાભાઈ
- નરનારાયણાનંદ સ્વામી - ૧/૧૫૬
- દલુજી - ૩/૨૯
- સંતદાસજી સ્વામી

પ્ર.૪

- અભેસંગ - ૩/૭૮
- લવો - ૫/૨૩૮
- રામદાસજી સ્વામી
- ગોરધનભાઈ
- મૂળચંદ
- ઘનશ્યામદાસ સ્વામી
- નૃસિંહાનંદ સ્વામી

પ્ર.૫

- કાકાભાઈ - ૩/૨૯
- વિધાત્રાનંદ સ્વામી
- કેવળઆત્માનંદ સ્વામી
- શંકરપ્રસાદ - ૫/૨૦૯
- પૃથુરાજા - ૫/૨૯૨
- ઠક્કરજી
- ચૈતન્યાનંદ સ્વામી - ૨૧૯
- શિવાજી મહારાજ - ૫/૨૩૪
- રાઘવાનંદ સ્વામી - ૫/૨૩૬
- દાજીભાઈ - ૫/૨૬૫



અ.મૂ.સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામી

જેમનો ક્યારેય જન્મ નથી થયો ને મૃત્યુ પણ નહિ
માત્ર અને માત્ર આ પૃથ્વી પર પરબ્રહ્મની સાથે
આપણને પુરૂષોત્તમની ઓળખાણ કરાવવા અતિથિની જેમ
વિક્રમસંવત્ ૧૮૪૧ આસો સુદ-૧૫ મંગળવાર થી
વિક્રમસંવત્ ૧૯૨૩ આસો સુદ-૧૩ ગુરૂવાર સુધી
આ પૃથ્વીને પાવન કરવા પધાર્યા હતા.

978-81-904548-6-3

:: પ્રકાશક ::
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ "ભક્તિનગર" કંડારી

અ.મૂ. સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી